: જ્યોતિ ગ્રંથમાળા :: પુસ્તક ૫ મું :

# નવયુગનો જૈન

: લેખક :

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

: પ્રકાશક :

જ્યોતિ કાર્યાલય : અમદાવાદ

મૂલ્ય ૧—૦—૦

# જ્યોતિ ગ્રંથમાળા

૧ **નાગકુમાર મકાતી**, બી. એ. એલએલ. બી.
શત્રુંજયોદ્ધારક સમરસિંહ (ઐ૦ નવલકથા) ૦–૧૩–૦

૨* **ધીરજલાલ ટોકરશી શાહ**
જૈનોની શિક્ષણસમસ્યા (નિબંધ) ૦–૨–૦

૩ **ધીરજલાલ ટો. શાહ તથા ધીરજલાલ ધ. શાહ**
સમસ્ત ભારતવર્ષની જૈન શિક્ષણ સંસ્થાઓની
વર્ગીકૃત યાદિ ૦–૩–૦

૪ **મોહનલાલ દલીચંદ દેશાઈ** બી. એ. એલ એલ. બી.
સુજશવેલીભાસ (ટીપ્પણ વિવેચન સાથે) ૦–૩–૦

૫ **મોતીચંદ ગિરધરલાલ કાપડિયા**, સોલીસીટર
નવયુગનો જૈન (નિબંધ) ૧–૦–૦

આ ગ્રંથમાળામાં બીજાં પણ મનનીય પુસ્તકો પ્રગટ થશે.

## બાળગ્રંથાવળી

અત્યંત લોકપ્રિય નિવડેલી જૈન ધર્મના મહાપુરુષોની ૧૨૦ જીવનકથાઓ — શ્રેણી ૧ થી ૬. દરેકની કિંમત રૂા. દોઢ. પાકું પુંઠું રૂા. બે

## જ્યોતિ કાર્યાલય

**શેઠનીપોળ: રતનપોળ: અમદાવાદ**

* આ પુસ્તક ખલાસ થયું છે.

# અમારાં લોકપ્રિય પ્રકાશનો

| | | |
|---|---|---|
| બાળગ્રંથાવલી ૧૨૦ પુસ્તકો | | ૮–૧૨—૦ |
| ,, ,, પાકું પૂઠું | | ૧૧–૦—૦ |
| હિંદી બાળગ્રંથાવલી ૧લી શ્રેણી | | ૧–૧૨—૦ |
| વિદ્યાર્થી વાંચનમાળા શ્રેણી ૧ થી ૪ | દરેકનો | ૧—૮—૦ |
| ,, ,, ૧થી ૧૦ લવાજમ | | ૧૫—૦—૦ |
| ,, ,, ,, પાકું પૂંઠું | | ૧૭—૮—૦ |
| કુદરત અને કળાધામમાં વીસ દિવસ | | ૧—૮—૦ |
| ઇલુરાનાં ગુફામંદિરો | | ૦—૮—૦ |
| અજંતાનો યાત્રી (સચિત્ર કાવ્ય) | | ૦—૮—૦ |
| જળમંદિર પાવાપુરી કાવ્ય | | ૦—૨—૦ |
| ફૂલવાડી કયારો ૧–૨ | દરેકના | ૦—૪—૦ |
| સોરઠી શૂરવીરો | | ૦—૪—૦ |
| સિક્કીમની વીરાંગના | | ૦—૫—૦ |
| નેકીનો રાહ | | ૦—૪—૦ |
| પાવાગઢનો પ્રવાસ | | ૦—૧—૬ |
| અચલરાજ આબુ | | ૦—૧—૬ |
| હિમાલયનો સરઃપ્રદેશ | | ૦—૧—૬ |
| દાર્જિલિંગના સંસ્મરણો | | ૦—૧—૬ |
| સફેદ સાયામાં (ડિટેકટીવ નવલકથા) | | ૨—૦—૦ |

| | |
|---|---|
| ૪૪ પ્રાણવાન વાતો (૯૧૫ પાનાં) | ૨—૦—૦ |
| આદર્શ રામાયણ પાકું પુંઠું (સુશીલ) | ૧—૪—૦ |
| વિમળશાહ | ૦—૬—૦ |
| મહારાજા સયાજીરાવ ગાયકવાડ | ૦—૧—૦ |
| ” ” સુંદર આવૃત્તિ | ૦—૩—૦ |
| વિશ્વવંદ્ય પ્રભુ મહાવીર ૭૫ નકલ | ૧—૦—૦ |
| શ્રી. મ. સયાજીરાવ ગાયકવાડના ભાષણો પુ–૧–૨ જું દરેકના | ૨—૦—૦ |

જ્યોતિ ગ્રંથમાળામાં પ્રગટ થયેલાં ૫ પુસ્તકો જુદાં દર્શાવ્યાં છે.

બીજાં પણ દરેક જાતનાં પુસ્તકો મળશે.

વિસ્તૃત સૂચિપત્ર મંગાવો

## જૈન શિક્ષણપત્રિકા

જૈન સમાજના શિક્ષણને લગતા પ્રશ્નોની ચર્ચા કરતી માસિક પત્રિકા: લવાજમ ફક્ત રૂા. ૧. પરદેશમાં રૂા. દોઢ.

### જ્યોતિ કાર્યાલય

શેઠનીપોળ, રતનપોળ: **અમદાવાદ.**

# જ્યોતિ કાર્યાલય એટલે

## સુંદર છાપકામ કરી આપનાર

અનેક ગૃહસ્થોએ અમારી પાસે જુદી જુદી જાતનું છાપકામ કરાવી સંતોષ જાહેર કર્યો છે. છાપકામના મોટા ઓર્ડરો અને સ્ટેટોના કામ પણ લેવામાં આવે છે. એક જ વખત કામ કરાવી ખાત્રી કરો.

## દીલપસંદ પુસ્તકો પૂરાં પાડનાર

અમારી પાસે ધાર્મિક, સામાજિક, રાજકીય વગેરે તમામ વિષયોનાં પુસ્તકો સારા પ્રમાણમાં સંઘરવામાં આવે છે અને ગ્રાહકોને વ્યાજબી કમિશને પૂરાં પાડવામાં આવે છે. વધારે જાણવા સૂચીપત્ર મંગાવો.

## ચિત્રકાર

આ દિશાનો અમારો અનુભવ વર્ષોનો છે. તમામ જાતનું ચિત્રકામ કિફાયત ભાવે કરી આપવામાં આવે છે. ગૃહસ્થો તથા મુનિરાજોની અમારા હાથે બનેલી અનેક તસ્વીરો વખણાયેલી છે. તીર્થોના પણ સુંદર ફોટાઓ થઇ શકશે.

## પત્રકાર

અમારા તરફથી જૈન જ્યોતિ સાપ્તાહિક તથા જૈન શિક્ષણપત્રિકા માસિક બહાર પડે છે. જેની વિશેષ માહિતી અન્યત્ર આપેલી છે. તમારા ધંધાની જાહેરાત માટે એ સુંદર સાધન છે.

આમાંના કોઇ પણ કામ માટે અમારું નામ નોંધી રાખશો.

જ્યોતિ ગ્રંથમાળા—પુસ્તક ૫ મું

# નવયુગનો જૈન

: લેખક :

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
સોલિસિટર અને નોટરી પબ્લિક

પ્રકાશક: અવધાનકાર ધીરજલાલ ટોકરશી શાહ
માલિક: જ્યોતિ કાર્યાલય
શેઠની પોળ, રતનપોળ, અમદાવાદ.

: પ્રકાશન ક્રમ ૨૪૫ :
પ્રથમ આવૃત્તિ: સં. ૧૯૯૨
મૂલ્ય રૂ. ૧—૦—૦

મુદ્રક: બળવંતરાય કરુણાશંકર ઓઝા
ગાયત્રી મુદ્રણાલય,
ખજુરીની પોળ, અમદાવાદ.

# ઉપોદ્ઘાત.

મારે જે જે હકીકત કહેવાની છે તે ગ્રંથની શરૂઆતની ભૂમિકામાં તથા આખા ઉલ્લેખમાં છૂટી છવાઈ લખી છે. ઉપોદ્ઘાતમાં બહુ થોડી હકીકત રજુ કરવાની રહે છે.

મેં આ લેખમાં જે વિચારો બતાવ્યા છે તે મારૂં વર્તમાન ઇતિહાસના વાંચન અને અવલોકનનું પરિણામ છે. આપણે આપણી આંખોને ઉઘાડી રાખી અવલોકન કરીએ તો દુનિયામાં ઘણું જોવા જાણવાનું મળે છે. આપણે સર્વ અવલોકીએ તે ઇષ્ટ છે કે અનિષ્ટ છે તે તદ્દન જૂદીજ વાત છે. આપણે અવલોકીએ તે લખી શકીએ તો અન્યને દિશાસૂચન થવા સંભવ છે. મને .વર્તમાન ઇતિહાસ વાંચતાં તથા અવલોકતાં જે સમજાયું તે અત્રે આલેખવા પ્રયાસ કર્યો છે. અત્યારની જૈન દુનિયાના પ્રવાહ કયે માર્ગે વહે છે એની તુલના કરવાનાં સાધનો આપણે બને તેટલાં એકઠાં કરવાં એ એનો મુદ્દો છે અને એમ થાય તો ભવિષ્યની માર્ગદોરણી અને દોરવણીમાં ઉપયોગી હકીકતો એકઠી થાય એ એનું ધ્યેય છે. જેઓ ભવિષ્યના નેતા થવાના હોય તેમને આ સાધનો ઉપયોગી થાય તો તેને એકઠાં કરવાનો પ્રયાસ તેટલે અંશે સફળ ગણાય.

જનસ્વભાવનું અવલોકન કરવું એ પણ પોતાનાં દ્રષ્ટિબિન્દુ ઉપર આધાર રાખે છે. આપણું દ્રષ્ટિબિન્દુ વિશાળ હોય કે સંકુચિત હોય તે ઉપર આપણા અવલોકનના પરિણામો આવે છે. મેં અમુક દ્રષ્ટિબિન્દુથી વર્તમાન પરિસ્થિતિને જોઈ છે અને એની ભવિષ્યની દિશા જે લાગી તે અત્ર નોંધી છે. નવયુગમાં જૈન સમાજના પ્રશ્નો ખૂબ સંકીર્ણ થવાનો સંભવ છે અને પ્રત્યેક પરિસ્થિતિ અન્ય પરિસ્થિતિ પર પોતાની છાયા નાખવાની છે, એટલે જે પરિણામો આવવાનાં છે એમ દેખાય છે તેજ આવશે એવો દાવો કરવો તે તો ધૃષ્ટતા કહેવાય, પણ તેટલા ખાતર આપણાં અવલોકનોનો સંગ્રહ ન કરવો એ વાત કાંઈ યોગ્ય ન ગણાય. દાખલા તરીકે રાષ્ટ્રભાવના કે જ્ઞાતિસંસ્થાનું ભવિષ્ય મેં મારી નજરે લખેલ હોય અને તે મારા અવલોકનનું પરિણામ હોય, છતાં નવયુગમાં એ તદ્દન જૂદોજ ઝોક લે, એ તદ્દન બનવા જોગ છે, અને તેમ થાય, તો તેની અસર આપણી અનેક સંસ્થા પર જરુર થાય જ તેમ હોવાથી, અહીં જે વિચારસંગ્રહ કર્યો છે તે સામગ્રી સમીકરણ તરીકે ઉપયોગી થાય તો પણ યુક્તજ છે.

વર્તમાન અવલોકનનાં પરિણામો જેવાં સૂઝયાં તેવાં આળેખ્યાં છે તેની સાથે યોગ્યાયોગ્યતાનો વિચાર કરવાનો રહેતો નથી. આખા સમાજઝોકના પ્રશ્નો આવે ત્યાં એના ગુણદોષ પર વિચાર કરનાર એક વ્યક્તિ કોણ માત્ર? પણ જેવું થશે એમ લાગ્યું તે સંગ્રહીત કરવાનું સકારણ યોગ્ય લાગ્યું છે. સર્વ પ્રશ્નો નવયુગનો નવયુવક વિચારતો હોય તે દ્રષ્ટિએ તેના મુખમાં મૂકેલ છે. એ અવલોકનની જવાબદારી તો લેખકનીજ છે, પણ તેનું દ્રષ્ટિબિન્દુ નવયુવકની વિચારધારાને માર્ગે ચાલતું સતત જોવામાં આવશે.

પ્રેરણા માટે આપણે ભૂતકાળ તરફ ભલે નજર કરીએ, પણ પરિણામ માટે તો ભવિષ્યકાળ તરફજ નજર રાખવી રહી. એમ કરવામાં જે સમાજ બેદરકાર રહે છે તેની પ્રગતિ કાં તો સંકુચિત

થાય છે અથવા અટકી પડે છે. શાસ્ત્રકારે ગીતાર્થના હાથમાં દોરી એટલા માટેજ મૂકી છે કે એ સો વર્ષ પછી થવાની સ્થિતિ પોતાની દ્રષ્ટિથી કલ્પી તેનો આગળથી વિચાર કરી ઉપાય કરી રાખે. દોડતાં દોડતાં જવું અને ભીંત આવે ત્યારે અફળાઇને માથું ચંચ-વાળવું એ ગીતાર્થને ન પાલવે. એવા અવગત ગીતાર્થોને વિચાર-સામગ્રી પૂરી પાડવા, જેવું દેખાયું તેવું, ભવિષ્યને નજરમાં રાખી સંગ્રહ્યું છે. એમાં કોઈ પ્રકારનો ક્ષોભ નથી અને કોઇને કરાવવાનો ઈરાદો નથી.

બનતા સુધી યાદ આવ્યા તે સર્વ જૈન પ્રશ્નોને ચર્ચવા વિચાર હતો, પણ જ્યારે આ લેખ લખ્યો ત્યારે મારી પાસે જૈનનું એક છાપું નહોતું કે સમાજ વિચારણાનું પુસ્તક નહોતું. મારી સાથે કેદખાનામાં થોડા જૈન બંધુઓ હતા તેમાંના પણ ઘણા ખરા ચાલ્યા ગયા પછી આ લેખ લખવા વિચાર થયો. એ જૈન મિત્રો હતા તેની સાથે કોઇ વાર ચર્ચા કરતો, પણ આ લેખ લખવા પહેલાં એક વર્ષથી મેં જૈન છાપું કે સમાચાર વાંચ્યા કે જાણ્યા ન હોવાથી કોઇ બાબત રહી ગઇ હોય તે બનવા જોગ છે.

મેં આ લેખનો આરંભ સને ૧૯૩૨ની આખરે નાસીક સેંટ્રલ જેલમાં કર્યો હતો અને લગભગ બે માસ તેની પછવાડે લગાડયા હતા. દરમ્યાન બીજા ઉલ્લેખો, અભ્યાસ, વાંચન અને ફરજીઆત કામ ચાલુ હતા. જેવું લખ્યું હતું તેવુંજ છાપ્યું છે. માત્ર શબ્દવાક્યરચનામાં કાંઈક ફેરફાર અને શીર્ષક તથા પ્રકરણ પાડવા ઉપરાંત વિશેષ વધારો સુધારો અસલ ઉલ્લેખમાં પ્રાયઃ કર્યો નથી.

આપણા સમાજને અનેક દ્રષ્ટિબિન્દુથી વિચારવા જેવો છે, આપણી જવાબદારીઓ સમજવા જેવી છે, સમસ્ત હિંદ સમાજમાં આપણું સ્થાન કયાં આવે તે અવલોકવા યોગ્ય છે અને ખૂબ વિશા-

જાતાથી સમાજના પ્રશ્નો પર ઉહાપોહ કરવા યોગ્ય છે. આ કાંઈ ઉપન્યાસ કે કાદંબરીનું પુસ્તક નથી કે એમાં ગમે તેવા ધોરણના વિચારોનો સંગ્રહ થાય. અહીં તો માત્ર અવલોકનનું પરિણામ જ બતાવવું રહ્યું અને તે સફળ રીતે થયું હોય તો મારો પ્રયાસ યોગ્ય થયો છે એમ હું માનીશ. કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને જરા પણ દુઃખ લગાડવાનો આ ઉલ્લેખમાં હેતુ નહોતો, છતાં વિચારભેદ કે દ્રષ્ટિબિન્દુના તફાવતને લઇને નવયુગના મુખમાં અશિષ્ટ ભાષાપ્રયોગ પણ થઈ ગયો હોય તો તે માટે અંતઃકરણથી દીલગીર છું.

કેટલાક મિત્રોનું એમ માનવું છે કે મેં જૈન સમાજનું ભવિષ્ય વધારે પડતું ઉજ્જવળ બતાવ્યું છે! તેમની નજરે ભવિષ્ય એટલું સુંદર દેખાતું નથી. આ વાતનો ફેંસલો હું ન જ કરી શકું. મારી સમજણ પ્રમાણે મને જે ભાસ્યું તે મેં અત્ર લખ્યું છે અને બનતી રીતે ખૂબ વિચાર કરીને લખ્યું છે, છતાં તેમાં વિચારભેદ થાય તો ક્ષંતવ્ય ગણશો. વિચારભેદ એ સમાજસ્વાસ્થ્યની નિશાની છે એવી મારી માન્યતા હોઈ મને તો એમાં પણ મોજ છે. મારે એક બાબત સ્પષ્ટપણે જણાવવાની છે કે મને જે વિચારો થયા છે અને જેવું ભવિષ્ય નવયુગની નજરે દેખાયું છે તે મેં વગર સંકોચે અને પ્રમાણીકપણે બતાવ્યું છે, એ દ્રષ્ટિએ આના પર ચર્ચાઓ થાય તો મારો ઉદ્દેશ જરુર પાર પડશે એમ હું માનું છું.

મારી ભાવના વર્તમાન યુગને વિચાર કરવાની પ્રેરણા કરવાની છે. મારા અભિપ્રાય સાથે સર્વ સંમત થાય એવી ધૃષ્ટતા તો મારી માન્યતામાં પણ અશક્ય છે, પણ સમજીને વિચારક્રમ અને કાર્યક્રમ ઘડવામાં આવે તો આનંદ છે.

અત્યારે નવયુગ બેઠો નથી, પુરાણયુગ લગભગ પૂરો થયો છે અને આપણે પરિવર્તન કાળમાં, મધ્ય કાળમાં છીએ એ હકીકત આખો લેખ વાંચતા લક્ષ્યમાં રાખશો. આપણા પ્રશ્નો એટલા બધા

છે, અને એ એટલા જટીલ અને સંકીર્ણ છે કે એ સર્વને પરિપૂર્ણ ન્યાય આપવો કે આપવાનો દાવો કરવો મુશ્કેલ છે, પણ સમાજને ચરણે આ નૈવેદ્ય ધર્યું છે. કૃપા કરીને પ્રશ્નોનો પરસ્પર સંબંધ ધ્યાનમાં લેશો તો એકદેશીયતા નહિ થઈ જાય.

એકદેશીયતાને અંગે અહીં ખાસ જણાવવાનું કે નીચેનાં મુખ્ય સૂત્રો ઉપર આ લેખ લખાયો છે, એ સૂત્રો જેને અમાન્ય હોય તેને માટે લેખ નિર્થરક છે.

"જૈન ધર્મનાં ક્રિયાવિભાગને અંગે સ્વાતંત્ર્યને ખૂબ સ્થાન છે. વિધિ અને નિષેધ ભગવાને એકાંતે પ્રરૂપ્યાં નથી.

"દ્રવ્યાનુયોગમાં મતભેદ પાલવે નહિ, ચરણકરણમાં જે માર્ગે પોતાનું શ્રેય સાધી શકાય તે માર્ગે સાધવું. યોગ અસંખ્ય છે અને પોતાને અનુકુળ યોગ માર્ગ શોધી લેવો, એની પસંદગીમાં આત્માને સ્વાતંત્ર્ય છે.

"આખા જૈન શાસનના ચરણકરણાનુયોગની રચના **અહિંસા, સંયમ** અને **તપ** પર થયેલી છે અને એ સાધ્ય લક્ષ્યમાં રાખી મૂળ માર્ગ શોધવાનો છે.

"ક્રિયા માર્ગમાં લાભાકાંક્ષી વ્યાપારી પેઠે આયવ્યયની તુલના કરી જેમાં વધારે લાભ દેખાય તે ક્રિયાનો સ્વીકાર કરવો અને જ્યાં હાનિ દેખાય ત્યાં અટકી જવું. એમાં વ્યક્તિસ્વાતંત્ર્યને પણ સ્થાન છે.

"અમુક હકીકત ચાલી આવે છે માટેજ તે શુદ્ધ છે એમ ધારી લેવું નહિ, પણ તેની કસોટિ કરવી. પુરાણું સર્વ સારૂં છે એમ ધારવું નહિ, તેમજ તે સર્વ ઉખેડી ફેંકી દેવા યોગ્ય છે એવી ધારણાથી પણ ચાલવું નહિ."

આ સૂત્રો માન્ય હોય તોજ આ ઉલ્લેખમાંથી કાંઇ વિચારવા જેવું મળશે.

બાકી ચર્ચા કરવામાં ડરવા જેવું નથી. ચર્ચા વગર વિચાર થાય નહિ અને વિચાર વગર કાર્ય થાય નહિ. પ્રગતિનું મૂળ ચર્ચા છે. અંગત રાગ દ્વેષ છોડી, પૂર્વબદ્ધ વિચારોનો કે અભિપ્રાયોનો આગ્રહ છોડી, સત્યશોધન કરવાની અત્યારે તક સાંપડી છે એ જવા દેવા જેવી નથી. અત્યારે વિચારકોનું કામ છે અને તેને ખરો અવસર પ્રાપ્ત થયો છે. કાળબળ ખૂબ કામ કરી રહ્યું છે અને જૈન સમાજ તો પ્રત્યેક યુગમાં સમયધર્મ સ્વીકારતોજ આવેલ છે. જ્યારે જ્યારે એ મૂળ મુદ્દો ચૂકી એકાંતનો આશ્રય લીધો છે ત્યારે આપણે માર ખાધો છે અને અત્યારે તો અનેક રીતે પાછા પડી માર ખાઈખાઈને એવી સ્થિતિએ પહોંચી ગયા છીએ કે અત્યારની સ્થિતિ વધારે વખત નભાવી લેવા યોગ્ય નથી. પણ ભાઈ બાપુ કરીને દલપત્ત શૈલીએ સુધારા કરવા પાલવે તેમ નથી, પણ નર્મદ શૈલીએ યાહોમ કરી આગળ ધપવાનો સમય આવી લાગ્યો છે. ફત્તેહ માટે શંકા નથી; પણ પ્રથમ પગલાં ભરનારને કદાચ થોડો વખત સહન કરવું પડે તો તેથી ડરવા જેવું નથી. આ સર્વ હકીકતો લેખમાં એક અથવા બીજા આકારે આવશે.

આ લેખનું નિર્માણ કરતી વખતે અંગત આકાર ન લઈ લે તે માટે 'મહામંદિરના ભિખ્ખુ'ના નામથી એને બહાર પાડવાનો વિચાર હતો. એનો હેતુ તદ્દન શુદ્ધ હતો. સમાજને નામ સાથે લેવા દેવા ન હોય, એને તો વિચાર સાથેજ કામ છે, પણ પછી વિચાર-થયો કે નામ છૂપાવવાનું તો કાંઈ કારણ નથી અને એક નિયમ તરીકે લેખકનું નામ ન આપવાથી ગેરસમજુતી થવાનો સંભવ લાગવાથી મારા નામેજ એ લેખ પ્રકટ કર્યો છે. મારા નામ તરફ જોઈ વિચારનિર્ણય ન કરતાં નવયુગને લક્ષ્યમાં રાખી એ પર ચર્ચા કરશો એટલી વિજ્ઞપ્તિ છે. મને નવયુગને અવલોકતાં એ જેવા વિચારો કરશે, જેવું બોલશે, વર્તન કરશે, એમ લાગ્યું છે તે લખ્યું

છે, પણ હું કાંઈ વિશેષજ્ઞ હોવાનો દાવો કરી શકું તેમ તો છે જ નહિ. એટલે મતને મળતાં ન થાય તે શાંતિથી, દીર્ઘદ્રષ્ટિથી, વિચાર-વિશાળતાથી સમાજહિતને નજરમાં રાખી એ પર ચર્ચા કરે એટલી વિજ્ઞપ્તિ કરૂં અને સાથે જણાવી દઉં કે એના પર થતી ચર્ચા હું શાંતિથી વાંચીશ, વિચારીશ અને પચાવીશ, પણ ખાસ કારણ વગર અર્થ વગરની ચર્ચા કે પ્રશ્નોત્તરની પરંપરામાં ઉતરીશ નહિ. એમ કરવાની મને ફુરસદ પણ નથી અને વિષયની મહત્તા જોતાં તેની જરુર પણ નથી. મેં તો મારા વિચાર અને અવલોકનનાં પરિણામો અત્ર રજુ કર્યાં છે, તે નમ્ર ભાવે સમાજને ચરણે ધરૂં છું અને તેનો જે ઉપયોગ તેને યોગ્ય લાગે તે કરે તેટલું જણાવવું અત્ર પ્રાસંગિક છે.

કોઈ કોઈ બાબતોની પુનરાવૃત્તિ લેખમાં થઈ છે તે સકારણ છે એ આગળ પાછળનો સંબંધ જોવાથી માલુમ પડશે. કોઇ વ્યક્તિ, કોઇ સંપ્રદાય કે કોઇ સમષ્ટિ, કોઈ જ્ઞાતિ કે સંઘ કે સ્થાયી હક્કોને દુઃખ લગાડવાનો ઈરાદો ન હોવા છતાં તેમની નજરે તેવું કાંઈ જણાય તો મને ક્ષમા કરે એવી મારી છેવટની વિજ્ઞપ્તિ છે.

પ્રીન્સેસ સ્ટ્રીટ, મનહર બીલ્ડીંગ,<br>મૌન એકાદશી, મુંબઇ.<br>તા. ૬–૧૨–૧૯૩૫.

મો. ગિ. કાપડીઆ.

# પ્રકાશકનું નિવેદન

જૈનજ્યોતિ સાપ્તાહિક પોતાના ગ્રાહકોને દર વર્ષે એક સુંદર પુસ્તકની ભેટ ધરે છે. પ્રથમ વર્ષે શ્રી. નાગકુમાર મકાતી બી. એ. એલએલ. બી.ની રસભરી કલમથી લખાયેલી શત્રુંજ્યોદ્ધારક સમરસિંહ નામની ઐતિહાસિક નવલકથા આપવામાં આવી હતી અને બીજા વર્ષમાં કુદરત અને કલાધામમાં વીસ દિવસ એ નામનું મારું લખેલું દળદાર પુસ્તક ગ્રાહકોને સાદર ભેટ આપવામાં આવ્યું હતું. ત્રીજા વર્ષે જૈનસમાજના અગ્રગણ્ય વિચારક અને વિદ્યાપ્રેમી લેખક શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ ઇ. સ. ૧૯૩૧ની રાષ્ટ્રીય લડત પ્રસંગે મેળવેલા જેલનિવાસ દરમિયાન તૈયાર કરેલું **નવયુગનો જૈન** એ નામનું પુસ્તક ભેટ આપવામાં આવે છે. જૈનજ્યોતિના વાર્ષિક પોણાચાર રૂપિયાના પ્રમાણમાં આવડું મોટું પુસ્તક આપવાનું ભાગ્યે જ પરવડી શકે તેમ છતાં આ પુસ્તકની અંતર્ગત દર્શાવેલા વિચારો જ્યારે હું સાદ્યંત અવલોકી ગયો ત્યારે જૈનજ્યોતિના દરેક ગ્રાહકે આ પુસ્તક મનનપૂર્વક વાંચવું જોઈએ એ ઇચ્છા અત્યંત બલવતી થઈ અને તે કારણ જ આ પુસ્તક ભેટ તરીકે આપવાનો નિર્ણય કર્યો. મને આશા છે કે ગ્રાહકબંધુઓને આ પુસ્તક નવયુગની ગીતા સમું માર્ગદર્શક થઈ પડશે.

શ્રી. મોતીચંદભાઈએ કોઇ પણ જાતના બદલાની આશા રાખ્યા સિવાય આ પુસ્તક પ્રગટ કરવાની અનુમતિ આપી તથા બીજી રીતે પણ પ્રકાશનના કાર્યમાં સરળતા કરી આપી તે માટે આ સ્થળે તેમનો આભાર માનું છું.

—પ્રકાશક

# અનુક્રમણિકા

## પ્રકરણ ૧ લું. (૩-૧૩)

### ભૂમિકા


નવયુગનો જૈન કેવો થશે ? ૩
પ્રમાણિક મતભેદ ભૂષણ છે ૪
આપણાથી અન્ય વિચારક હોઇ શકે ૫
પુસ્તક રચના ક્યાં અને કેમ ? ૬
વર્તમાનયુગની ભિન્નતા ૭
ભિન્નતાના તત્ત્વો-કારણો ૭
સાધનોની વિપુલતા-ઉપલભ્યતા ૮
આદર્શોનો તફાવત ૮
વિચારકોની જવાબદારી ૯
ધર્મસનાતનતા ક્યાં અને ક્યારે ૧૦
સાધન ધર્મોમાં પસંદગીને અવકાશ ૧૧
વિધિનિષેધમાં એકાંતતા ન હોય ૧૩
પ્રાચીન નવીનો વચ્ચે ભેદનો સ્વીકાર ૧૩


## પ્રકરણ ૨ જું (૧૫-૨૨)

### નવયુગના જૈનનો પરિચય


નવયુગનો જૈન કેવો હશે ? ૧૫
એનું ઐતિહાસિક અવલોકન ૧૬
એ સોલંકી સમયને સુવર્ણયુગ માનશે ૧૬
ત્યાર પછીની સાત સદીઓ-ઝઘડા-યુગ ૧૮
માલ વગરના-અર્થ વગરના ઝઘડા ૧૯
મૂળ સિદ્ધાંતમાં મતભેદ પડયો નથી ૧૯
ચરણકરણાનુયોગમાં વિચાર-સંકુચિતતાએ કરેલ નુકસાન ૨૦
સિદ્ધાન્તવાચનમાં પણ સંકોચ ૨૨


## પ્રકરણ ૩ જું (૨૩-૪૬)

### સાતસે વર્ષના ઝઘડાઓ


ચોથ પાંચમનો ઝઘડો ૨૩
દિગંબર શ્વેતાંબરનો ઝઘડો ૨૫

ઇરિયાવહિયાનો ઝઘડો ૨૮
પાંચ-છ કલ્યાણનો ઝઘડો ૩૦
ચોથી થોયનો ઝઘડો ૩૨
વ્યાખ્યાન વખતે મુહપત્તિનો ઝઘડો ૩૪
મૂર્તિપૂજનનો ઝઘડો ૩૭
ઝઘડાને પરિણામે પીછેહઠ ૩૯
બાળદીક્ષાનો વર્તમાન ઝઘડો ૪૧
નાના ઝઘડાઓ પાર વગરના ૪૩
છતાં અનેક બાબતો ફેરવાણી છે ૪૪
સમન્વય શક્ય છતાં ભૂલપરંપરા ૪૬


## પ્રકરણ ૪ થું (૪૭-૫૧)

### સંખ્યાબળ


ધર્મબોધની મહત્તા ૪૭
જૈનમાં જાતિભેદ નથી ૪૮
સ્વધર્મીનું સાચું સગપણ ૪૯
ધર્મીમાં ભરતી ન થવાનાં કારણો ૪૯
સંખ્યા કેટલી ઘટતી ચાલી ૫૦
અનેક કોમોની અવગણના ૫૧


## પ્રકરણ ૫ મું (૫૨-૫૭)

### કેળવણી અને ગૃહો


કેળવણીપ્રશ્નને ખાસ મહત્તા ૫૨
વિદ્યાર્થી ગૃહ-યોજના અને કાર્ય ૫૩
કેળવણીના પ્રશ્નોનાં કેન્દ્રો ૫૫
નવ યુગની સહિંતાની રચના ૫૫
ગૃહના સંચાલકોના આદર્શો ૫૬


# ધર્મ

## પ્રકરણ ૬ ઠું (૫૮-૬૭)

### ચરણકરણાનુયોગ


ધર્મની વ્યાખ્યામાં થયેલો સંકોચ ૫૮
વિવેક અને સ્વતંત્ર વિચારણા ૫૯
મૂળ માર્ગની શોધ ૫૯
જૈનપણાની વર્તમાન વ્યાખ્યાએને અમાન્ય ૬૦
લાભાલાભ-દેશ કાળનાં સૂત્રો ૬૧
ચરણકરણમાં સ્વાતંત્ર્ય ૬૩
ક્રિયા અનુષ્ઠાનની ઉપયોગિતાનો સ્વીકાર ૬૫
એમાં સેવાધર્મને પ્રાધાન્ય ૬૫
ભભકો ઘટશે, ધામધૂમને સ્થાન નહિ રહે ૬૬
ક્રિયા માર્ગને નવો ઝોક ૬૭


## પ્રકરણ ૭ મું (૬૮-૭૨)

### અહિંસા


સમાજરચના અહિંસા ઉપર ૬૮
નવયુગની પાંજરાપોળો ૬૯
મનુષ્ય માટે અહિંસાના પ્રકારો ૬૯
વિચારક્ષેત્રમાં અહિંસાને સ્થાન ૭૦
વૈજ્ઞાનિક પદ્ધતિએ અહિંસા ૭૧
અહિંસાની સાર્વત્રિક સ્થાપના ૭૧
ગેરસમજુતીના ખુલાસા ૭૨

## પ્રકરણ ૮ મું (૭૩-૧૦૪)

### સંયમ


માર્ગાનુસારી ગુણનો સ્વીકાર ૭૩
એના પ્રત્યેક ગુણ તરફ નવીનોનું વલણ ૭૪
એની વ્યાખ્યામાં નવયુગની વિચારણા ૭૫
નવયુગની સાદાઈ-વેશને અંગે ૭૭
એ શ્રોતા વક્તા કેવો હશે? ૭૮
દીન અનાથને અંગે નવયુગ ૮૧
નવયુગનું સ્વામીવાત્સલ્ય ૮૨
નવયુગનો સત્યાગ્રહ ૮૩
ગુણપરીક્ષા અને નવયુગ ૮૪
દેશકાળ—આચારની એની વ્યાખ્યા ૮૫
નવયુગ અને દીર્ઘ દૃષ્ટિ ૮૭
નવયુગનો સેવાભાવ ૮૯
નવયુગની લજ્જાનો પ્રકાર ૯૦
પરોપકારનાં ક્ષેત્રો અને નવયુગ ૯૪
નવયુગનો ઇંદ્રિયસંયમ ૯૬
નવયુગનાં બાર વ્રતો ૯૭
સામ્યવાદ સાથે એ સમન્વય કરશે ૯૯
રાત્રિભોજનમાં શિથિલતા ૧૦૦
નાટક સિનેમા—અનર્થ દંડ ૧૦૨
નવયુગનું અતિથિસંવિભાગવ્રત ૧૦૩


## પ્રકરણ ૯ મું (૧૦૫-૧૦૮)

### તપ


બાહ્યતપનો નવયુગમાં આકાર ૧૦૫
નવયુગમાં સ્વાધ્યાય ૧૦૬
નવયુગનો વૈયાવચ્ચ વિચાર ૧૦૭
નવયુગના પ્રાયશ્ચિત્ત ૧૦૮
એનો યોગ અભ્યંતર તપ ૧૦૮


## પ્રકરણ ૧૦ મું (૧૦૯-૧૨૨)

### સાધુસાધ્વી મધ્યમ કક્ષા


સાધુ સાધ્વીનું ચિત્ર અદ્ભુત છે ૧૦૯
જૈન ત્યાગ અપ્રતિમેય છે ૧૧૦
આદર્શ ત્યાગી–Superman છે ૧૧૧
કઠીનતાને અંગે મધ્યમ માર્ગ ૧૧૧
મધ્યમ કક્ષાની આખી યોજના ૧૧૨
મધ્યમ કક્ષાનું બાહ્ય આંતર જીવન ૧૧૩
જૈન સર્વન્ટસ સોસાયટી ૧૧૪
આદર્શ સાધુનું આદર્શ જીવન ૧૧૫
સાધુઓ અને નવયુગ ૧૧૬
ખટપટી સાધુઓ અને નવયુગ ૧૧૭
નવીનો સાધુઓની પરીક્ષા કરશે ૧૧૮
સાધુના બે પ્રકાર પડશે ૧૧૮
સાધુ સંખ્યા નાની પણ સાધક થશે ૧૨૦
નવયુગની આદર્શ સાધ્વીઓ ૧૨૧


## પ્રકરણ ૧૧ મું (૧૨૩-૧૨૮)

### મંદિરો અને નવયુગ


મંદિરોની પવિત્રતા વધશે ૧૨૩
લીલામખાતાપણું બંધ થશે ૧૨૪
શાંતિ વધશે ધ્યાન વધશે ૧૨૪

તીર્થ સ્થાનનો મહિમા ૧૨૫
તીર્થના ઝઘડાઓ બંધ થશે ૧૨૬
પૂજનનો આદર્શ ફરી જશે ૧૨૭
કારખાનાંને બદલે પ્રભુસ્થાન થશે ૧૨૮


## પ્રકરણુ ૧૨ મું (૧૨૯–૧૩૬)

### જ્ઞાનસત્રો


ઉપાશ્રયોનો નૂતન ઉપયોગ ૧૨૯
નવયુગનાં પુસ્તકાલયો ૧૩૦
ભાષણોમાં અભિનવશૈલી ૧૩૧
ભાષણોમાં મેગેફોન આદિનો ઉપયોગ ૧૩૨
નવયુગનાં જ્ઞાનભંડારો ૧૩૩
પુસ્તકોનો નાશ શાથી થયો છે ? ૧૩૩
ધાર્મિક જ્ઞાન પ્રસારની યોજના ૧૩૫
સંદેશાઓ ઘેર ઘેર પહોંચાડવાની ગોઠવણ ૧૩૬


## પ્રકરણુ ૧૩ મું (૧૩૭–૧૪૬)

### સંગઠન


ફીરકાઓ વચ્ચે સહકાર ૧૩૭
મુદ્દા વગરના ઝઘડા ૧૩૮
તફાવતનો લાક્ષણિક નિકાલ ૧૪૦
કોરટનાં નાટકો બંધ થશે ૧૪૧
સંગઠન કાયમ કરવાના નિયમો ૧૪૨
સંખ્યાબંધ વધારો ૧૪૩
સંઘબળનો ઉપયોગ ૧૪૩
સંઘ બહારની સજા બંધ થવાની ૧૪૫
નિર્વૈર સાહિત્યની રચના ૧૪૫


## પ્રકરણુ ૧૪ મું (૧૪૭–૧૬૦)

### જૈન સંખ્યાબળ


શુદ્ધિ શબ્દના પર્યાયોનો ઉપયોગ ૧૪૭
સંખ્યાબળ વધારવાનાં પગલાંઓ ૧૪૭
સંખ્યાબળ વધારવાના પ્રેરક આંકડા ૧૪૮
ઘટવાનાં કારણોનો તપાસ ૧૪૯
કયાં અને કેવો હ્રાસ થયો છે–દાખલાઓ ૧૫૦
ભૂતકાળની કર્મકથા ૧૫૧
સ્ખલના કયાં થઈ છે, તેનું દિગ્દર્શન ૧૫૨
કન્યા–ભોજન–વ્યવહારનો સંખ્યા સાથે સંબંધ ૧૫૩
જ્ઞાતિમંડળ અને આગેવાનોની અવ્યવસ્થા ૧૫૩
પ્રાચીનોને નવયુગના પ્રશ્નો ૧૫૪
જ્ઞાતિભેદો પ્રાંતિક ભેદો ઉડી જશે ૧૫૬
ગ્રંથવાચન–અભ્યાસનાં દ્વાર ખુલ્લાં ૧૫૭
આકર્ષક સાહિત્ય ઉત્પન્ન કરશે ૧૫૭

ધર્મ સંબંધી ગેરસમજુતી
દૂર કરશે ૧૫૮
મધ્યમ કક્ષાનું સંખ્યાબળને
અંગે કાર્ય ૧૫૯
વિશ્વધર્મ બનાવવાના સીધા
માર્ગો ૧૬૦

## પ્રકરણ ૧૫ મું (૧૬૧-૧૭૦)

### સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા

નવયુગના સાધુના બે પ્રકાર ૧૬૧
યોગી તત્વજ્ઞાની ૧૬૨
સાધ્વીઓમાં મહાન રૂપાંતર ૧૬૩
નવયુગના શ્રાવક—ગૃહસ્થ ૧૬૫
ધર્મ પ્રભાવક અને સાહિત્ય-
રસિક ૧૬૬
અનેક ક્ષેત્રોમાં એનું વર્ચસ્વ ૧૬૮
નવયુગની શ્રાવિકા ૧૬૯
વિધવા તરફ પૂજ્ય બુદ્ધિ ૧૬૯
આદર્શ શ્રાવિકા અને વિધવા-
ક્ષેત્રો ૧૭૦

## પ્રકરણ ૧૬ મું (૧૭૧-૧૮૮)

### દેવ—દ્રવ્ય, સાધારણ—દ્રવ્ય, સાત ક્ષેત્રો

દેવ—દ્રવ્યનો ઇતિહાસ ૧૭૧
દેવ—દ્રવ્યની નવયુગીન
વ્યવસ્થા ૧૭૨
પ્રાચીન અને નવીન માન્યતાનો
સમન્વય ૧૭૩
જિનપ્રતિમા ધામધૂમ
વિચારણા ૧૭૪
આગમ અને મૂળ આદર્શ
અનુસાર દેવસેવા ૧૭૬
તીર્થોના ઝઘડા બંધ કરશે ૧૭૬
મંદિરમાં આવવાની સર્વને
રજા મળશે ૧૭૭
સાત ક્ષેત્રોનો ક્રમ અને વહેંચણી ૧૭૮
જ્ઞાનક્ષેત્રમાં નવયુગ ૧૭૯
અધિકારી યોગ્ય વિશિષ્ટ
સાહિત્ય ૧૮૦
સીદાતાં ક્ષેત્રની ખાસ પોષણા ૧૮૨
સાધારણ—દ્રવ્યને ખૂબ
બહલાવશે ૧૮૩
એના ઉપયોગની નવીન
રીતિઓ ૧૮૪
દ્રવ્યવ્યયમાં મતાધિકાર ૧૮૭
સામાન્ય વ્યવસ્થા માટે કેન્દ્રસ્થ
મંડળ ૧૮૮

# સામાજિક

## પ્રકરણ ૧૭ મું (૧૮૯-૨૧૪)

### સમષ્ટિ-સંઘ

ધર્મનું કેંદ્રસ્થાન રહેશે? ૧૮૯
એને તોળવાનાં કાટલામાં
ફેરફાર ૧૯૦
સંઘોનાં બંધારણ ૧૯૧
એનાં પ્રતિનિધિત્વને સ્થાન ૧૯૨

વર્તમાન પદ્ધતિનું એનું
અવલોકન ૧૯૩
એક અખંડ સમસ્ત હિંદસંઘની
યોજના ૧૯૪
સ્ત્રીઓને સ્થાન, બહુમતિનું
ધોરણ ૧૯૫
શેઠોને બદલે સેવકો ઉત્પન્ન થશે ૧૯૫
હિંદ સંઘ અને સ્થાનિક
સંઘનાં કાર્યક્ષેત્રો ૧૯૬
સમસ્ત પરિષદીય બંધારણ ૧૯૭
પરિષદમાં કેવા પ્રશ્નો વિચારાશે ૧૯૮
પરિષદનું પ્રમુખસ્થાન કોને
આપશે ૨૦૦
જ્ઞાતિ—જૈન ધર્મ અને નવયુગ ૨૦૨
શાસ્ત્ર વિચારણાને તેમાં સ્થાન ૨૦૩
જ્ઞાતિઓનું નવયુગમાં ભવિષ્ય ૨૦૫
નવયુગનાં લગ્નો ૨૦૭
લગ્ન ક્ષેત્રમાં નવીન વિશાળતા ૨૦૮
જૈન ધર્મીને કન્યા આપવાની
છૂટ ૨૧૦
પુત્રીનાં લગ્નને અંગે પ્રશ્નો ૨૧૧
માતપિતા સલાહ દેનારને સ્થાને ૨૧૨
લગ્નવ્યવહારને સંખ્યાબળ સાથે
સંબંધ ૨૧૪

## પ્રકરણ ૧૮ મું (૨૧૫–૨૪૩)

### સામાજિક (ચાલુ)

વિધવાનો પ્રશ્ન ૨૧૫
અત્યારની વિધવાની દશા ૨૧૫
સ્ત્રીસ્વભાવ, સેવાભાવ ૨૧૬
સ્ત્રીઓને તક મળી નથી ૨૧૭
વૈધવ્યનાં કારણો ૨૧૭
કારણનાશે વૈધવ્ય દૂર ૨૧૮
વિધવાશ્રમો ૨૧૮
ભાવી કાર્યક્ષેત્ર ૨૧૯
સ્ત્રી તરફના વર્તનમાં પરિવર્તન ૨૨૦
આપત્તિધર્મ તરિકે વિવાહ ૨૨૨
કન્યાવિક્રય ૨૨૩
વરવિક્રય ૨૨૫
વરકન્યા પસંદગી ૨૨૫
વેવિશાળની પ્રથા ૨૨૬
એથી લાભ નથી, જોખમ
મોટું છે ૨૨૭
એક સ્ત્રીની હયાતીમાં બીજી ૨૨૮
એકપત્નીવ્રત ૨૩૦
વાર્તામાં પરણવાનો ધંધો ૨૩૪
જમણવાર ૨૩૫
નવકારશી—સ્વામી વાત્સલ્ય ૨૩૭
લગ્નવય ૨૩૮
વિધવા માટે સગવડો ૨૩૯
જૈન વિધિએ લગ્ન ૨૪૦
છૂટા છેડા ૨૪૧

## પ્રકરણ ૧૯ મું (૨૪૪–૨૬૦)

### સામાજિક (ચાલુ)

રડવાકૂટવાનો રિવાજ ૨૪૪
ઉત્તર કાર્ય ૨૪૬
લાજ ૨૪૭
ભોજન કન્યાવ્યવહાર ૨૪૮
જૈન સંખ્યાબળ ૨૫૦

જૈન ધંટા દિગંતમાં ૨૫૨
પંચાયત ફંડ ૨૫૨
સેવા અને બદલો ૨૫૩
મિલ્કત (પ્રોપરટી) નો સવાલ ૨૫૫
શ્રમજીવી—સમાજવાદ ૨૫૭
પરિગ્રહપ્રમાણવ્રતનો વિસ્તાર ૨૫૮

## પ્રકરણ ૨૦ મું (૨૬૧–૨૭૨)
### સામાજિક સંસ્થાઓ

પ્રાચીનોમાં સંસ્થાનો અલ્પભાવ ૨૬૧
વિદ્યાર્થીગૃહો ૩૬૧
વિશ્વ વિદ્યાલય ૨૬૩
કેળવણી મંડળ ૨૬૩
બાળાશ્રમ—ગુરુકુળો ૨૬૪
સેવાસંઘો ૨૬૫
અનેક સમિતિ અને સંસ્થાઓ ૨૬૬
વિચારનિર્ણયમાં બહુમતિને સ્થાન ૨૬૭
ચર્ચામાં સ્ત્રીઓને સ્થાન ૨૬૮
ધનવ્યય અને નવયુગ ૨૬૯
એના પ્રકારની વિવિધતા ૨૭૦
વિવિધતામાં વિવેક અને વ્યવસ્થા ૨૭૨

## પ્રકરણ ૨૧ મું (૨૭૩–૨૯૨)
### વ્યાપાર

વ્યાપાર એ વર્તમાન જૈનોનો મુખ્ય વ્યવસાય ૨૭૩
વ્યાપારમાં માત્ર વહેંચણી હાથ આવી ૨૭૪
તેની સામે બે આર્થિક પ્રસંગો ૨૭૪
પરિવર્તનની દિશા ૨૭૫
વહેંચણી ધંધો ખસતાં વાર લાગશે નહિ ૨૭૬
તેના વર્તમાન અનેક દાખલાઓ ૨૭૭
વ્યાપારી કેળવણી ૨૭૮
કેળવણીમાં વિજ્ઞાનને સ્થાન ૨૮૦
વ્યાપારી જ્ઞાનની વિવિધ દિશા ૨૮૧
વ્યાપારનાં ક્ષેત્રો અને પદ્ધતિ ૨૮૨
સાવકારી નાણું રોકાણ આદિ પ્રશ્નો ૨૮૩
સટ્ટો અને નવયુગ ૨૮૪
જુગાર અને નવીનો ૨૮૫
સટ્ટો વ્યાપાર ન કહેવાય ૨૮૭
નાણું વિગેરે આર્થિક પ્રશ્નો ૨૮૮
તદ્દન નવાં ક્ષેત્રો હાથ આવશે —જૂનાં જશે ૨૮૯
ટુંકી નજરે વ્યાપાર પર છીણી ૨૯૦
વ્યાપારી સાહસ અને નવયુગ ૨૯૧

## પ્રકરણ ૨૨ મું (૨૯૩–૩૦૬)
### કેળવણી

એને જૂદા પ્રકરણમાં ચર્ચવાની અગત્ય ૨૯૩
પ્રાથમિક કેળવણી ૨૯૪
માધ્યમિક શિક્ષણ—ઉચ્ચ શિક્ષણ ૨૯૫,
પાઠશાળાનું કાર્ય ૨૯૬

કેળવણીગૃહો ૨૯૭
તેના સંચાલકો તથા નિયામકો ૨૯૮
કેંદ્રસ્થ કેળવણી સંસ્થાઓ ૨૯૯
સાહિત્યને અંગે કર્ત્તવ્ય ૩૦૦
કેળવણીનાં સાધનો ૩૦૧
સિનેમા અને કેળવણી ૩૦૨
ચિત્રો ફોટાઓ આલ્બમો ૩૦૩
વાંચનમાળા ૩૦૪
નવયુગમાં વિચારોનો પૂર્ણ અમલ ૩૦૫
સાહિત્યનાં અનેક સાધનો ૩૦૬

## રાજકીય

### પ્રકરણ ૨૩ મું (૩૦૭-૩૧૬)

#### રાજકારણ

રાજકારણ અને વ્યાપારને સંબંધ ૩૦૭
રાજકારણની કેળવણી ૩૦૮
રાષ્ટ્ર અને સમાજ ૩૦૮
ખાસ પ્રતિનિધિ નવયુગ નહિ માગે ૩૦૯
પસંદગીમાં વિશાળતા ૩૧૦
સેવાનો બદલો (માનવેતન) ૩૧૧
સેવા કરનારને ચિંતા ન રહેવી ઘટે ૩૧૨
રાષ્ટ્રભાવના અને વિચાર પ્રગતિ ૩૧૩
કાર્ય કરનારાઓની પ્રાપ્તિ ૩૧૪
ભવિષ્યના ઇતિહાસનાં મંડાણ ૩૧૬

## સ્ત્રીય

### પ્રકરણ ૨૪ મું (૩૧૭-૩૩૦)

#### નવયુગમાં નારી

એને માટે અલગ ઉલ્લેખની જરૂર ૩૧૭
સ્ત્રીઓને થયેલો અન્યાય ૩૧૮
સર્વ બંધારણમાં સ્ત્રીની દૃષ્ટિનો અભાવ ૩૧૮
એવી સ્થિતિ થવાનાં કારણોનો ઇતિહાસ ૩૧૯
આંખમાંથી આંસુ ખરે તેવાં પરિણામ ૩૧૯
સ્ત્રી શક્તિને ખૂબ કચરી ૩૨૦
તેવામાં એક મહાત્મા જાગી ઉઠયો ૩૨૧
એણે સ્ત્રીઓમાં અદ્‌ભુત ભાવ જોયો ૩૨૧
એને એણે પોકેટીંગનું કામ સોંપ્યું ૩૨૧
નવયુગની નારી કેવી થશે ૩૨૧
સ્ત્રીકૃત સેવાનાં પ્રકાર ૩૨૨
સ્ત્રી તરફના વલણમાં મોટો ફેરફાર પડશે ૩૨૩
ગૃહજીવન ૩૨૫
નવયુગમાં આદર્શ દાંપત્ય ૩૨૬
આખી પદ્ધતિમાં મોટો ફેરકાર ૩૨૭

લાજ, રાજકારણ, સંઘના મેળાવડા ૩૨૮
વિધવાનો પ્રશ્ન નવયુગને નહિ મુંઝવે ૩૨૮
અનેક શક્તિનો સહયોગ થશે ૩૨૯
બે સ્ત્રી ફોજદારી ગુન્હો ગણાશે ૩૩૦

## શારીરિક

### પ્રકરણ ૨૫ મું (૩૩૧-૩૩૯)

#### શરીર

શરીર પ્રત્યે અત્યાર સુધી બેદરકારી ૩૩૧
'એમ એ બનાકે કયું મેરી મિટ્ટી ખરાબ કીયા' ૩૩૨
શરીર સુધારવાનાં પગલાં ૩૩૩
પૂર્વકાળમાં તાલીમના દાખલા. ૩૩૪
તાલીમના લાભો ૩૩૫
નવયુગ અને રમતો ૩૩૬
'સુધારા'થી ગભરાવું નહિ ૩૩૭
થોડા પતિતના દાખલા ધરવા નહિ ૩૩૮
વિચારીને આગળ ધપવું ૩૩૯

## નૈતિક

### પ્રકરણ ૨૬ મું (૩૪૦-૩૪૮)

#### નીતિ

પ્રમાણિકપણું ૩૪૦
સત્ય ૩૪૨
અનેક સદ્ગુણો ૩૪૩
ધર્મ નીતિનો સંબંધ ૩૪૪
તુલનાત્મક ધર્મોમાં ગૂંચવણ ૩૪૫
જીવનરહસ્ય નીતિ ૩૪૬
પ્રકીર્ણ ગુણો ૩૪૭
નીતિમાર્ગ દુર્ધર છતાં સંગીન ૩૪૮

## શોધખોળ

### પ્રકરણ ૨૭ મું (૩૪૯-૩૬૮)

#### પુરાતત્ત્વ

પુરાતન બાબતોની શોધખોળ ૩૪૯
ગ્રંથરત્નોનાં ભાષાંતરો ૩૫૦
સેવાભાવી આજીવન સભ્યો ૩૫૧
એ વર્ગની નવયુગમાં ખાસ જરૂર ૩૫૧
સર્વન્ટસ ઓફ જૈન ઓરડર ૩૫૧
સુસંપ ૩૫૨
પંચાયત ફંડ ૩૫૩

વ્યાપાર—ખેતી ૩૫૩
નવયુગનું બળ સ્ત્રીશક્તિ ૩૫૪
નવયુગમાં સાધુનું સામાન્ય પ્લેટફોર્મ ૩૫૬
જૈનોનું સંખ્યાબળ ૩૫૬
મહાસભા અને રાષ્ટ્રભાવના ૩૫૮
બ્રહ્મચારિણી—કુમારિકાઓ ૩૫૯
ક્રિયા કરતાં ચારિત્ર તરફ નવયુગ ૩૬૦
યુગપ્રધાનનું આવાગમન ૩૬૧
ભસ્મગૃહ ઉતરી ગયો ૩૬૨
ઉદયકાળની સમીપમાં ૩૬૨
સર્વ સામાન્ય પૂજા—પ્રાર્થના ૩૬૩
સ્થાનકવાસીઓ પ્રત્યે ૩૬૩
શ્વેતાંબર મૂર્તિપૂજકો પ્રત્યે ૩૬૩
દિગંબર બંધુઓ પ્રત્યે ૩૬૪
જૈન મહામંદિરના ચણતરમાં સૂત્રો ૩૬૪
પ્રેરણા અને ભાવના ૩૬૬
શાંતિની પ્રાર્થના ૩૬૭
નવયુગ પ્રત્યે અબ્રાહમલિંકન ૩૬૮
શિવાસ્તે પંથાનઃ સંતુ ૩૬૮


સર્વમંગલમાંગલ્યમ્

# નવયુગનો જૈન

## પ્રકરણ ૧ લું

# ભૂમિકા

**કોઈ** પણ પ્રજાને પ્રગતિ કરવી હોય તો તેણે ભવિષ્ય ઉપર નજર નાંખવી જોઈએ. જે પ્રજા માત્ર પોતાની ભૂતકાળની વિશિષ્ટતા ઉપર માન લઈ, તે પર ગૌરવ રાખી બેસી રહે છે તે આ યુગમાં ટકી શકે તેમ નથી. એને ઘસારાનો રોગ લાગે છે અને એનો ક્રમિક વિકાસ અટકી જઈ એ ધીમે ધીમે નાબૂદ થતી જાય છે. આ મુદ્દાથી '**નવયુગનો જૈન કેવો થશે?**' એ સહજ પ્રશ્ન પ્રાપ્ત થાય છે. એ વિચારણા ખૂબ અવલોકનને પરિણામે અનેક દૃષ્ટિબિન્દુઓથી કરવાની છે. એને લઈને આપણે **નવયુગનો જૈન** રીતસર શિક્ષણ લઈ ઇતિહાસના જ્ઞાનથી સુસજ્જ થયેલો, ધર્મના શુદ્ધ તત્ત્વને સ્વીકારનારો, વચ્ચેના વખતમાં દાખલ થઈ ગયેલાં પાંગળાં સાધનોને વિવેકથી સમજનારો, પ્રાગતિક તત્ત્વોને પોષનારો અને અનિષ્ઠ તત્ત્વ સમજાય તેને પૂરતી સ્વતંત્રતાથી ફેંકી દેવાની જાહેર હિંમતવાળો કલ્પીએ. એ કેવો થશે, એની વિચારણામાં એ શું શું કરશે એની ચર્ચા સાથે, એ ભૂતકાળ તરફ કઈ દૃષ્ટિએ નજર નાંખશે તે પણ વિચારવાનું બની આવશે અને અનેક દૃષ્ટિબિન્દુથી આધુનિક જૈન પરિસ્થિતિ તપાસવાના પ્રસંગો તેની દૃષ્ટિએ આ ચર્ચામાં સ્થાન પામશે.

## પ્રમાણિક મતભેદ એ ભૂષણ છે

આ ચર્ચા વિશાળ દૃષ્ટિએ કરવાની છે અને વાચકવર્ગને વિજ્ઞપ્તિ કરવાની છે કે કોઈ દૃષ્ટિબિન્દુ એની નજરમાં ન ઊતરે તો પણ સાદ્યંત એક વાર આખો લેખ તેણે વાંચી જવો. એમાં ગળે ન ઊતરે એવી વાતથી ચિંતા કરવા કરતાં નવયુગની ભાવનાની દિશા સમજવાના અનેક પ્રસંગો જરૂર મળશે અને આખો લેખ વિચાર્યા પછી પોતાના અભિપ્રાયો બીજા વાચન વખતે તપાસી જોવાના પ્રસંગો પણ પ્રાપ્ત થશે. વિશાળ ચર્ચા કરતાં મગજનું સમતોલપણું જળવાઈ રહેવાની ખાસ આવશ્યકતા પર ભાર મૂકવાની ભાગ્યે જ જરૂરિયાત હોય. ભૂમિકા રૂપે જરૂરી ખુલાસા આવશ્યક છે. વર્તમાન કેળવણી જે અનેક નવી ભાવનાઓ આપણને શીખવે છે તેમાં એક મુદ્દાની વાત એ છે કે મતભેદથી જરા પણ ગભરાવું નહિ. પ્રમાણિક મતભેદ એ સમાજશરીરનાં સ્વાસ્થ્યનું અંગ છે, એ ભૂષણ છે, એ દૂષણાભાવ છે. અનેકનાં નવનવાં દૃષ્ટિબિન્દુઓ સમજવાં અને સમજીને તેને ઘટાવવાં એ વિચારવિશાળતાનો લહાવો છે. આપણા દેશમાં વિચારકશક્તિ ઘણી બળવાન હતી એ આપણે ન્યાયના અને દાર્શનિક ગ્રંથો વાંચતાં જરૂર જોઈ શકીએ છીએ, પણ વિચાર-પરિબળ સાથે વિચારસહિષ્ણુતા ઘણી ઓછી જોવામાં આવે છે. અન્યનો મતભેદ ઘણી વાર ખેદકારક અંગત સ્વરૂપ પકડી લેતો અને સેંકડો બાબતોમાં મતઐક્ય હોય, પણ એક બાબતમાં મતફેર થાય તો કલેશનું રૂપ લઈ લેતો હતો. એવા અનેક પ્રસંગો આ ઉલ્લેખમાં પણ જોવામાં આવશે. અહીં પ્રસ્તુત વાત એ છે કે ચર્ચાના સ્વીકૃત ધોરણો સ્વીકારી ચર્ચા જરૂર કરવી, પણ આપણાથી અન્ય વિચારક હોઈ શકે જ નહિ, કે આપણા જ વિચારમાં સત્ય

હોઈ શકે એવા ધોરણે કદિ વિચારણા કરવી નહિ. સત્યની જ ગવેષણા કરવી હોય તો તેનો ઇજારો એક વ્યક્તિ કે એક કોમને નથી હોતો, હોઈ શકે નહિ અને વિચારપ્રમાણિકતા તદ્દન પરસ્પર વિરુદ્ધ લાગતાં પરિણામોમાં હોઈ શકે છે એ ધોરણ સ્વીકારી ચાલવું સ્વપરને હિતાવહ છે અને મતભેદ હોય ત્યાં પણ અપેક્ષા સમજતાં શીખવું એ જૈન તત્ત્વજ્ઞાન સમજવાનું અનિવાર્ય પરિણામ હોવું જોઈએ. જે દર્શને નયપ્રમાણ જ્ઞાનને અતિ મહત્ત્વ આપી તે પર પૃથક્કરણ કરી માનસશાસ્ત્રની અપરિમિત સેવા બજાવી છે, ત્યાં સંકોચ અને સંકડાશ ન હોવી જોઈએ. આ સંબંધમાં અત્યંત દુર્દશા જોવામાં આવે છે તેથી આ મુદ્દો ભૂમિકામાં જ સ્પષ્ટ કરવાની જરૂર જણાઈ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નવયુગની ભાવનાઓ બંધબેસતી ન લાગે તો પણ ઉશ્કેરાઈ ન જતાં એનાં કારણ અને એનો ઇતિહાસ તપાસવા પ્રયત્ન કરવો અને મતભેદને મહત્ત્વ આપવાને બદલે સમન્વય કેમ થાય એની ચાવીઓ શોધવા ઉદ્યુક્ત થવું. એમ ન જ થઈ શકે તો સમભાવે આ પુસ્તક સાદ્યંત એક વાર વાંચી જવાની કૃપા કરવી અને અભિપ્રાય આપવાની ઉતાવળ કરવા પહેલાં સમાજશરીરના અંતરંગમાં—ભીતરમાં પેસવા પ્રયત્ન કરવો.

જે જે પરિસ્થિતિઓ થઇ છે અને તેને નવીન ઝોક મળ્યો છે, અથવા મળવો સંભવિત છે, તેની પછવાડે લાંબો ઇતિહાસ હોય છે તે આવી સામાજિક વિચારણામાં ખૂબ ધ્યાનમાં રાખવું. ઘણી વાર અન્યને તદ્દન સામાન્ય અથવા બીનજરૂરી લાગે તેવી બાબતો સમાજને ઝોક આપી દે છે તે અનેક પ્રસંગે જોવામાં આવશે. બીજી સામાન્ય પ્રાસ્તાવિક સૂચનાઓ અનેક પ્રસંગે વિચારણા દરમ્યાન અને પુસ્તકના અન્તિમ ભાગમાં થશે એ પર ઘટતું ધ્યાન આપવા વિજ્ઞપ્તિ છે.

## પુસ્તકનું નિર્માણ, કેમ ને કેવી રીતે?

આ આખું પુસ્તક નવયુગના તત્ત્વો સમજનાર, વર્તમાન પરિસ્થિતિના અભ્યાસક, ઇતિહાસના જાણકાર, ધાર્મિક પ્રવાહની ઊંચીનીચી ગતિના ગવેષક અને બની શકતી તટસ્થ ભાવનાના પોષક મુમુક્ષુ પુરુષોની સાથે થયેલી ચર્ચાવિચારણાના પરિણામે લખાયેલું છે. એમાં અનેક સ્થાને પ્રચ્છન્ન અને પ્રત્યક્ષ હૃદયવેદના પણ દેખાશે. નવયુગના અનેક પ્રસંગો થવાની શક્યતા સાથે લેખક સમ્મત હોય એમ ધારી લેવાનું કારણ નથી, પણ જેવું દેખાયું તેવું લખી નાંખી કોમની પાસે નૈવેદ્ય ધરવાની ફરજ સમજી આ ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તક લખતી વખતે જૈન કોમને લગતો એક પણ લેખ વર્ષ ઉપરાંત સમયથી વાંચ્યો નથી. અનેક વર્ષોના અનુભવેલા પ્રસંગો પર થયેલ વિચારણા ને અવલોકનો રજૂ કરવાની તક મળી તેનું આ વ્યક્ત પરિણામ છે. આ દૃષ્ટિમાં કાંઈ તટસ્થતા દેખાય તો આવકારદાયક ગણાવી જોઈએ. કોઈ પણ સાધનની ગેરહાજરીમાં એક પછી એક વિચાર આવ્યા કરશે એમ ધારી લઈ આ પુસ્તક લખવા માંડ્યું છે. એની પરિપૂર્ણતાનો દાવો તો કોઈ રીતે શક્ય નથી. લખતી વખતે સાધનની પણ અલ્પતા છે, ચર્ચા કરનારની સંખ્યા નહિવત્ થઈ ગઈ છે અને વાતાવરણ વિચિત્ર છે. આવા સંજોગોમાં એક દિવસ ફરતાં ફરતાં એક મહારાષ્ટ્રીય બંધુના હાથમાં પુસ્તક જોયું. તેનું નામ હતું 'નવયુગચા ધર્મ' એટલા નામાભિધાન પરથી નવયુગના જૈનની કેવી ભાવનાઓ થશે તે પર વિસ્તૃત ઉલ્લેખ કરવા નિર્ણય થયો. આ પ્રમાણે પ્રસ્તુત અપ્રસ્તુત પ્રાસંગિક વાતો કરી ભૂમિકારૂપે લેખકની દૃષ્ટિએ મહત્ત્વની લાગતી સૂચના કરી હવે મુદ્દા પર આવી જઈએ.

આવું આ પુસ્તકનું નામ પાડવાનું કારણ શું? નવયુગ એટલે કયો યુગ? એને જૂના યુગ સાથે સંબંધ ખરો કે નહિ? નવયુગના જૈનને પ્રાચીનોથી જુદો કેમ પડાય? ધર્મસૂત્રની સનાતનતા સ્વીકારનારાને નવીન અને પ્રાચીન એવો ભેદ કેમ હોઈ શકે? જો કોઈ વાત ન હોય તો તે કેમ લાવી શકાય? અને એ રીતે આ પુસ્તકની આખી પદ્ધતિ બીનજરૂરી હોઈ પ્રયાસ અર્થવિહીન છે એવો પ્રશ્ન સહજ છે, તેથી આ પુસ્તકની આવશ્યકતા પ્રથમ સિદ્ધ કરીએ.

## યુગભાવનામાં પરિવર્તન

પ્રાચીન યુગથી આ યુગ ઘણી રીતે જુદો પડે છે. હિંદમાં વંશપરંપરાગત ભાવના, આદર્શ અને વ્યવહાર સૈકાઓ સુધી ચાલતા, વગર ફેરફારે એક યુગથી બીજા યુગને વારસામાં મળતા અને જીવ જેવા ફેરફાર વગર ઉત્તરોત્તર ચાલ્યા આવતા; મોચીનો દીકરો મોચી થાય અને લુહારનો લુહાર થાય. આ આખી ભાવના અને સંવ્યવહારપદ્ધતિમાં આ યુગમાં મહાપરિવર્તન થયું એ પ્રથમ ફેરફાર.

બીજો ફેરફાર અભ્યાસના ધોરણને લઈને થયો. અમુક બ્રાહ્મણો વિદ્યાનિષ્ણાત થવા કાશી જતા અને ત્યાં વૈયાકરણ, નૈયાયિક, જ્યોતિષી આદિ થતા તેનો હિસાબ તેમની અતિ અલ્પસંખ્યાને કારણે ન ગણીએ, તો સામાન્ય જનતાનું કેળવણીને અંગે ધોરણ બહુ સામાન્ય પ્રકારનું હતું. લુહાર, સુતાર, દરજી, સોની, કારીગર, મિસ્ત્રી આદિ વસવાયાનો આખો વર્ગ લગભગ નિરક્ષર હતો. એકંદરે એ વર્ગ ભણવા જતો જ નહિ અને એમને ભણવાની જરૂર છે એવી જરૂરિયાત કોઈ સ્વીકારતું પણ નહિ. આપણને આ લેખમાં સામાન્ય રીતે વણિકવર્ગ સાથે સવિશેષ લાગે વળગે છે. તેનું અભ્યાસનું ધોરણ પણ બહુ સામાન્ય

પ્રકારનું હતું. સોળ આંક, કક્કો, બારાખડી, નામા, સવસ્તીશ્રી (કાગળ લખવાની પદ્ધતિ) અને હિસાબ. ટૂંકામાં અંગ્રેજીમાં જેને ત્રણ આર કહે છે (Reading, Writing, Arithmetic વાચન, લેખન, અંકગણિત) આ સામાન્ય ધોરણ હતું. પંચોપાખ્યાન જેણે વાંચ્યું હોય તે પાંચમાં પૂછવા લાયક ગણાય—ડાહ્યો માણસ ગણાય, સલાહ લેવા લાયક ગણાય અને લવાદ તરીકે તકરાર પતાવવાને લાયક ગણાય. આ ધોરણ હતું. એને અંગે અપવાદો હોવા જોઈએ, પણ તેનો પ્રકાર તદ્દન નિર્જીવ હોઈ ઉપેક્ષાને પાત્ર છે. આ આખું ધોરણ નવયુગમાં તદ્દન ફરી ગયેલું જોઈ શકાય તેવું છે.

## સાધનોની વિપુલતા

વિચાર કરવાનાં સાધનો નવયુગમાં ઘણાં વિસ્તૃત થઈ ગયાં છે. મુદ્રણકળાથી અલભ્ય પુસ્તકો જનતા સુધી પહોંચી શક્યાં છે, રેલવેથી અંતરો ઓછાં થઈ ગયાં છે, વાયુયાનથી તેથી પણ ઓછાં અંતરો થતાં જાય છે અને પાશ્ચાત્ય પ્રજાના અને તેના વિચારોના સંયોગ—સંબંધમાં આવવાથી વિચારક્ષેત્રની મર્યાદા વધી છે. અત્યારે પૂર્વ અને પશ્ચિમના વિચારોનો સંઘર્ષણકાળ છે અને પરિવર્તન ઇચ્છાએ કે અનિચ્છાએ પણ અનિવાર્ય છે. આ યુગે પદ્ધતિસર ઇતિહાસ જાણ્યો, અનેક દેશની પ્રજાઓ શા માટે લડી અને કેવાં પરિણામો અનુભવી શકી એ તેના જાણવામાં આવ્યું, એણે ધર્મ નિમિત્તે થતાં યુદ્ધો અન્ય પ્રજાના સંબંધમાં જાણ્યાં, આ રીતે એને તુલના કરવાનાં પ્રબળ સાધનો સાંપડ્યાં.

## આદર્શોમાં ફેરફાર

અને મોટો ફેરફાર તો **આદર્શો ફરવાનો** થયો. જ્યારે સાહિત્ય મોટા પ્રમાણમાં પ્રાપ્ત થાય, વાઙ્મયપ્રવેશ એ જીવન—

પ્રવેશનાં દ્વારો થાય અને વિચારશક્તિ ખુલવાના અનેક પ્રસંગો અન્ય પ્રજાનાં જીવતાં અને ભૂતકાળનાં જીવનોને અસર કરતાં દેખાય, જ્યારે જીવનવૃત્તાંતો સત્ય સ્વરુપે અનેક આદર્શોને પૂરા પાડે અને સંવ્યવહાર હિંદના ચાર ખૂણાની બહાર સહેલાઈથી થઈ શકે, સમુદ્રપ્રયાણનાં સાધનો સુલભ થાય અને અનેક પ્રાણીઓને અન્ય સંસ્કૃતિઓનો અભ્યાસ કરી તેના ગુણદોષની વિચારણા સાથે પોતાની સંસ્કૃતિની તુલના કરવાનું બની આવે — આ વગેરે અનેક કારણોથી પ્રાચીન આદર્શોમાં મહાન પલટો થઈ જતો જોવાય છે અને છતાં હજુ તો તેની શરૂઆત જ છે, એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે. અત્યારના યુગમાં વર્તતા લોકો તો હજુ પરિવર્તન કાળમાં છે, પૂર્વપશ્ચિમના તરંગો વચ્ચે અથડાય છે, પણ પાશ્ચાત્ય ભાવનાને પચાવનાર નવો યુગ તદ્દન નવીન પ્રકારનો આવવાનો છે તે આ વિચારચર્ચામાં આગળ જોઈ શકાશે, કેટલુંક કલ્પી લેવું પડશે અને બીજું સમય શું કાર્ય કરી શકે છે તેની શક્યતા પારખવાની આવડત ઉપર મુલતવી રાખવું પડશે.

## વિચારકોની વધુ જવાબદારી

આ વગેરે અનેક કારણોથી નવયુગને પ્રાચીનયુગથી જુદો પાડી શકાય તેમ છે. પરિવર્તનયુગ બહુ લાંબો વખત ન ચાલે, પણ તે સમયના વિચારકોની જવાબદારી વધારે જરૂર જ ખરી. તેનામાં દીર્ઘદર્શિતા હોય તો તે નવયુગના આવતા પ્રવાહને ઝોક આપી શકે, અનિષ્ટ સામે તૈયારી કરવાની સૂચનાઓ પણ આપી શકે અને સમન્વય કરવાનાં સાધનો તૈયાર કરી રાખી અનેક પ્રકારે સમાજને ઉપયોગી તત્ત્વોને બહાર લાવી શકે.

નવયુગ અને પ્રાચીનયુગ વચ્ચે આ કારણે તફાવત પડે છે. અત્યારે એક વિચારને સમજતાં, એને વલણ આપતાં અને એનો

સ્વીકાર કરી કરાવી અમલમાં મૂકતાં વર્ષો લાગતાં નથી. વચ્ચે એવો કાળ હતો કે વિચાર અને વાતો ઘણી થતી, પણ અમલી કાર્ય બહુ વખત મુલતવી રાખવામાં આવતું. એ સમય હવે ચાલ્યો ગયો છે. ચાળીશ વર્ષનો છેલ્લો ઇતિહાસ તપાસીએ તો અમુક ફેરફાર થવા જોઈએ, ઇષ્ટ છે—એવી વાતો તો પુષ્કળ થઈ છે, પણ વાતોના પ્રમાણમાં અમલ તદ્દન નિર્જીવ ગણાય. એ પરિસ્થિતિ પરિવર્તનયુગમાં જરૂર થાય તેવી છે, પણ હવે તો પરિવર્તનયુગને પણ છેડે સમાજ લગભગ આવી ગયો હોય તેમ જણાય છે. તેથી નવયુગને અને પ્રાચીનયુગને કાંઈ સંબંધ ખરો કે નહિ એ પ્રશ્નનો નિકાલ થઈ જાય છે. એનો સંબંધ પરિવર્તન-કાળની મારફતે છે અને તે કેટલો રહેશે, કેટલો રહેવો ઇષ્ટ ગણાય અને ક્યાં તૂટી જશે એનો વિચાર કરવો એ આ પુસ્તકનો ઉદ્દેશ છે.

નવયુગના જૈનોને પ્રાચીન જૈનોથી જુદા પાડવા નથી, પણ એ અત્યારે પ્રવર્તતી અનેક પરિસ્થિતિ દ્વારા જરૂર જુદા પડી જવાના છે એ તો આ ઉલ્લેખની ભૂમિકા જ છે. આ લેખનો જેમ વિસ્તાર થતો જશે અને એનાં અભ્યંતર કારણોમાં ઉતરવાનું બનશે, તેમ આ બન્ને યુગો ક્યાં જુદા પડશે તે જોવાના અનેક પ્રસંગો સ્વતઃ પ્રાપ્ત થશે.

## ધર્મસૂત્રની સનાતનતા

અત્રે ધર્મસૂત્રની સનાતનતાનો પ્રશ્ન પ્રાપ્ત થાય છે. કેટલાક એમ માને છે કે ધર્મ એ તો સનાતન સત્ય છે, એમાં પ્રાચીન, અર્વાચીન કે નવીન એવા પ્રકારો હોઈ શકે નહિ અને આ લેખ કે એની અંદરની ચર્ચા વ્યર્થ છે. આ વિચાર ઘણો ગેરસમજુતીથી ભરેલો છે અને પ્રગતિનો રોધક છે. જૈન તત્ત્વજ્ઞાનના અને ક્રિયા-

વિભાગના ઊંડા અભ્યાસ વગર સનાતનતાના બાહુના આશ્રય નીચે કોઈ નવીન વિચારની શક્યતાનો પ્રત્યવાય શક્ય નથી એ અત્રે તો બહુ સંક્ષેપમાં બતાવવું પ્રાસંગિક ગણાય. બાકી એ પર સ્વતંત્ર ઉલ્લેખ કરવા જેવું છે. આપણે એ વિષયની મુદ્દાસરની દલીલોમાં જરા ચંચુપ્રવેશ કરીએ.

જૈનદર્શનના તત્ત્વવિભાગ અને અનુષ્ઠાન વિભાગ એ બે વિષયો મુદ્દાના છે. કથાનુયોગ અને ગણિતાનુયોગ પણ એ દર્શનને અંગે છે, પણ કથા શ્રદ્ધાનો વિષય છે અને ગણિત અભ્યાસનો વિષય છે. એને આપણા ચાલુ વિષય સાથે ખાસ સંબંધ નથી.

## સાધનધર્મોમાં વિશાળતા

તત્ત્વ વિષયમાં છેલ્લો શબ્દ બોલાઈ ચૂકયો છે. આત્માનું અસ્તિત્વ, તત્ત્વોની વ્યવસ્થા, ચેતનનો મોક્ષ, એનો વિકાસક્રમ, કર્મનો સિદ્ધાન્ત, નિગોદનો સિદ્ધાન્ત, સપ્તભંગી, નયપ્રમાણવાદ, સત્‌ની વ્યાખ્યા, કર્મબંધનાં હેતુઓ, પ્રયત્નથી કર્મ સાથેની લડાઈ વગેરે નિર્ણિત થઈ ગયેલાં તત્ત્વો છે. એ સમજવા ચર્ચા થઈ શકે, એના ઉપર તર્કની કોટિઓ ચાલે, પણ અંતે જે આત્માનું અસ્તિત્વ, કર્મનો સંબંધ, આત્માનો મોક્ષ ન માને, પરભવ ન માને તે જૈન રહી શકતો નથી. આ મુદ્દામ બાબતમાં મતભેદ ન હોઈ શકે, ન સંભવે. પણ આત્માનો મોક્ષ સાધવા માટે અનેક સાધનધર્મોની યોજના કરવામાં આવી છે. એને અંગે ચારિત્રના અનેક રૂપો અને અધિકારો છે, સાધનોની ઉચ્ચનીચતા છે, વિશિષ્ટતા સામાન્યતા છે, તરતમતા છે અને એને અંગે અનેક ક્રમો બતાવવામાં આવ્યા છે. પ્રથમ તો સાધુધર્મ અને શ્રાવકધર્મ એવા બે રાજમાર્ગો છે, તેને પ્રાપ્ત કરવા માર્ગાનુસારીનાં ઉપલક્ષણો બતાવ્યાં છે અને યોગપ્રગતિમાં નીચામાં નીચી હદથી

તે ધર્મ—શુકલ ધ્યાનના શૈલેશીકરણ સુધી અનેક માર્ગો બતાવ્યા છે. આ વિષય ઘણો વિશાળ છે અને આકર્ષક છે. સાધનધર્મોનો પાર ન હોવાથી તેમાં અનેક પ્રકારની છૂટ મૂકેલી છે. એક પ્રાણીને જંગલમાં રહીને પોતાની મુક્તિ સાધ્ય થઈ શકે તેવું લાગતું હોય તો તે સમાજ સાથે માત્ર આહારપાણીનો જ સંબંધ રાખે. બીજાને લેખો લખીને, પુસ્તકો બનાવીને, વ્યાખ્યાનો તૈયાર કરીને, ચર્ચાઓ યોજીને, અન્યને માર્ગે લઈ આવવા કરવાનું યોગ્ય લાગે અને તે દ્વારા પોતાની મુક્તિ સાધી શકે તેવું તેને લાગતું હોય તો તેણે તેમ કરવું. એમાં સમાજમાં રહી કામ કરનાર કે સમાજથી દૂર જઈ આત્મશ્રેયસ્ સાધનાર એકબીજાની ટીકા ન કરી શકે.

આવા તો અનેક પ્રસંગો છે, અને પ્રત્યેક યુગે તે પ્રમાણે સાધનધર્મોમાંથી અમુકને મહત્તા અપાણી છે. જ્યારે દેરાસરોની જરૂરિયાત વધારે જણાય ત્યારે એક મંદિર બંધાવનાર તીર્થંકર નામકર્મ બાંધે એ સૂત્રને મુખ્યતા અપાય, અને જ્યારે દેરાસરોની સંખ્યા વધી પડે અને સારસંભાળમાં બેદરકારી કે અલ્પકાળજી દેખાય ત્યારે જિર્ણોદ્ધાર કરાવનારને દેરાસર બંધાવનાર કરતાં આઠ ગણું વધારે પુણ્ય થાય એ સૂત્રને વિશેષતા મળે. આમાં કોઈ જાતનો પ્રપંચ નથી, પણ પ્રત્યેક યુગે એમ થતું જ આવ્યું છે; એ જૈનોનો ઇતિહાસ જાણનાર બરાબર બતાવી શકે એવાં સાધનો તેને હવે ઉપલબ્ધ થયાં છે.

અને જૈનદર્શનનો ઇતિહાસ જોતાં ચૈત્યવાસ થવાના અને રદ થવાનાં કારણોમાં ઉતરીએ, ધોળાંને બદલે પીળાં કપડાં કરવાનો ઇતિહાસ તપાસીએ, ક્રિયાઉદ્ધારનો આખો ઇતિહાસ અને કરેલા અનેક ફેરફારોની તુલના કરીએ તો સાધનધર્મોને અંગે પૂરતી

વિશાળતા બતાવવાનો રસ્તો અનેક વાર વ્યવહારમાં અમલ કરાયલો દેખાય છે. સાધનધર્મોને અંગે આટલી વિશાળતા બતાવવામાં આવી છે તે જ જૈનદર્શનના અનેકાન્ત સ્વરૂપને આગળ કરે છે. **વિધિમાર્ગ અને નિષેધમાર્ગને અંગે જે એકાંત પ્રરૂપણા કરે તે જૈન નથી** એ મહાન વિશાળ સૂત્રને ભૂલી જવાથી વચ્ચેના વખતમાં કેટલી અવદશા થઈ છે તે આ પુસ્તકમાં અનેક પ્રસંગે જોવામાં આવશે.

અત્ર પ્રસ્તુત વાત એ છે કે ક્રિયાવિભાગને અંગે જે વિશાળ દૃષ્ટિ જૈન શાસ્ત્રકારે ઠામ ઠામ બતાવી છે, તેને લઈને સનાતનતાની ગૂંચવણ ઊભી કરી સાચી જરૂરી પ્રગતિ અટકાવવી એ જૈનધર્મની સાચી સેવા ન ગણાય. તેથી નવયુગની સર્વ પ્રવૃત્તિ સાપેક્ષ દૃષ્ટિએ હોય તો તેમાં સનાતનતાની ગૂંચવણે પ્રાચીન અને નવીન વચ્ચે સંયોગ સંબંધ તૂટી જવાના ભયનું કાંઈ પણ કારણ રાખવા જેવું નથી. આ વિષય પર આગળ અનેક વાર ચર્ચા કરવાની છે, પણ શરૂઆતમાં આ પુસ્તકની વ્યર્થતા એ કારણે સિદ્ધ થાય તેમ નથી તેટલું બતાવી આપણે રસ્તો સાફ કરીએ.

## બન્ને વચ્ચે ભેદ છે જ

નવીન અને પ્રાચીનોનો ભેદ છે જ. તે હોવા છતાં, દેખવા છતાં આંખ આડા કાન કરવા અને ભેદ કાંઈ નથી એમ કહેવું એ માત્ર બોલવા જેવું જ છે, વસ્તુતઃ તેમ નથી. પ્રાચીન અને નવીનો વચ્ચે અનેક ભેદ છે. કેટલીક બાબતમાં તો આકરા ભેદ છે અને તે સકારણ છે, પણ સમજવા યોગ્ય છે અને ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. પ્રાચીનનાં શુભ તત્ત્વોનો બરાબર સંગ્રહ કરવો, પ્રગતિને અટકાવવી નહિ, નવયુગની સર્વ પ્રવૃત્તિઓને વિચાર કર્યા વગર ઉચ્છેદી નાખવી નહિ અને બન્નેના સંકર દ્વારા

સબળ જૈનદર્શન દુનિયા પાસે રજૂ કરવાના કોડ છે અને તે નવયુગની ભાવનામાંની એક ભાવના છે. આવી અનેક વાતો કહેવાની છે અને વિચારક વાંચનારે તેની તુલના કરવાની છે. શાંતિથી આ અતિ મહત્ત્વના વિષય પર વિચાર કરવાની વિજ્ઞપ્તિ કરી આ ભૂમિકા અહીં પૂરી કરી દઈએ. પુસ્તકની અંદર પ્રસંગે પ્રસંગે અનેક ખુલાસાઓ આવ્યા જ કરશે. **નવયુગનો જૈન** આપણા પ્રશ્નો પર કઈ દૃષ્ટિએ જોશે, કેવાં સાધનો યોજશે અને કઈ કઈ બાબતમાં જુદો પડશે તે પર સંક્ષિપ્ત દૃષ્ટિપાત કરી જઈએ. નવયુગે શાંતિથી આ પુસ્તક વાંચવું. કોઈના વિચાર પચાવતાં શીખવું અને દૃષ્ટિબિંદુઓ સમજવાં એ તેમને પણ જરૂરી છે. પ્રાચીનો માટે તો એ વિજ્ઞપ્તિ કાયમ જ છે.

## પ્રકરણ ૨ જું

# નવયુગના જૈનનો પરિચય

સમય ઘણો ફરી ગયો છે. દેશ અને કાળ એ વિષયો પૈકી દેશ હતો તે ને તે જ રહ્યો છે, પણ કાળમાં મહા પરિવર્તન થઈ ગયું છે. આપણે જે **નવયુગના જૈનને** સમજવા પ્રયત્ન કરીએ છીએ તેણે નવીન સંસ્કૃતિનો અભ્યાસ કર્યો છે, એ ચર્ચા કરવામાં કુશળ છે, એ અનેક પ્રજાઓના ઇતિહાસના જ્ઞાનથી સંપૂર્ણ રીતે સજ્જ છે, એને ચર્ચા કરવામાં રસ પડે છે, એને પ્રાચીનો માટે માન છે પણ સાર્વત્રિક નહિ. એ પ્રાચીનોની ભૂલોને જોઈ શકે છે, એ સર્વ બાબતોમાં પ્રાચીનો અસાધારણ મનુષ્યો હતા એમ માનતો નથી, એ પ્રાચીનોનાં પ્રત્યેક કાર્યોને ચર્ચાને સરાણે ચડાવે છે, પ્રાચીનોએ અનેક ગ્રંથોનો અને આગમોનો વારસો મહા કષ્ટે જાળવી રાખ્યો તે માટે તે તેનો આભાર માને છે, અને કેટલીક પદ્ધતિ રીતરિવાજો તેમના સમયને ઉપયોગી અથવા જરૂરી હતા એમ અમુક અંશે સ્વીકારે છે, કેટલાકને તે વખોડે છે અને કેટલાકના સંબંધમાં સંભાળભરી ચર્ચા કરે છે. એને મન સર્વ પ્રાચીન છે એટલે સારું જ છે એવો નિર્ણય નથી અને સાથે પ્રાચીનના શુભ તત્ત્વોને સ્વીકારવામાં એને વાંધો પણ નથી.

આવો નવયુગનો જૈન મિલનસાર પ્રવૃત્તિઓવાળો, સત્યનો શોધક, ધર્મના વિશુદ્ધ તત્ત્વને સમજનાર અને સંગ્રહનાર, નવયુગ પ્રમાણે સમાજરચના કરવાની તાલાવેલીમાં વિચારસરણી કેવા પ્રકારની દાખવશે એ પ્રથમ જોઈએ. એના વિચારના જોમને બરાબર તોળવાની આવશ્યકતા એટલા માટે છે કે આખો નવો યુગ આ ઓવારે પાણી પીનાર છે. તેને સમજવા માટે તેનો વિચારપથ જરા જોઈ લઈએ. અને પછી તેની સમાજરચનાની શ્રેણીઓ વિચારી જઈશું.

**નવયુગનો જૈન** પ્રથમ પોતાનું ઘર તપાસશે. સંવત ૧૦૦૦ પછીનો જૈન કોમનો ઇતિહાસ દીવા જેવો એ જોઈ શકશે. એની પૂર્વકાળની સ્થિતિના સંબંધમાં એ શોધખોળ જરૂર કરશે અને અનેક નહિ જણાયલા પ્રસંગો એ જગતને બતાવી આશ્ચર્યથી દિઙ્મૂઢ કરશે. એ ગણિત, સાહિત્ય, ન્યાય, નાટક, કાવ્ય, તર્ક, કોશ, ઇતિહાસ, શિલાલેખો આદિ અનેક વિષયોમાં નહિ જણાયેલાં તત્ત્વો શોધવા પ્રયત્ન કરશે અને અનેક સાધનોને એકઠાં કરી એનું પૃથક્કરણ કરી એ જૈન ધર્મને બહલાવવા પ્રયત્ન કરશે, પણ એ તો જુદો વિષય છે. ખાસ ઐતિહાસિક સમયમાં એ પડશે ત્યારે એની વિચારશ્રેણી કેવી થશે એ પ્રથમ જોઇ જઈએ.

## સુવર્ણ જૈનયુગ

વનરાજ ચાવડાને જૈન ધર્મનો ઉપદેશ કરનાર શિલગુણસૂરિથી માંડીને એ તરત સોલંકી વંશનો ઇતિહાસ વાંચશે; ત્યારે ઐતિહાસિક સમયમાં જૈન કોમનું કેવું ઉચ્ચ સ્થાન હતું એનો એને ખ્યાલ થશે. એ ગુજરાતની સરહદ મુકરર કરશે, એને વિમળ મંત્રી, શાંતુ મંત્રી, મુંજાલ મંત્રી, જગડૂશા, ભામાશા, ઉદયન મંત્રી, વસ્તુપાળ તેજપાળ આદિના કારભાર ખૂબ આનંદ આપશે.

એને શ્રી હેમચંદ્રાચાર્યથી માંડીને અગિયારમા અને બારમા સૈકાની વિશિષ્ટ વિભૂતિઓને વાંચી રોમાંચ થઈ જશે. એ જોશે કે સાહિત્યમાં છેલ્લો શબ્દ અલંકાર ચૂડામણિમાં આવી ગયો છે, અનેક પ્રકારના કોશ કરીને જનતાની મહાન સેવા એ યુગમાં થઈ છે, યોગને બહલાવવામાં આવ્યો છે, કાવ્યને ઉત્કૃષ્ટ શ્રેણી પર સ્થાન અપાયું છે, ચરિત્રો ચમત્કાર ઉપજાવે તેવાં એ બન્ને સૈકાએ તૈયાર કર્યાં છે, આગમો ઉપર સુંદર સરળ ટીકાઓ એ યુગે કરી છે અને વાઙ્મયની સર્વ દિશા અનેક રીતે ખેડી એણે જૈનદર્શનની સામાન્ય જનતાની ભારે સેવા કરી છે. સોલંકી સમય એ ઉપલબ્ધ ઐતિહાસિક સાધનોની દૃષ્ટિએ જોઈએ તો નવયુગની નજરમાં **સુવર્ણ જૈનયુગ** દેખાશે.

એ યુગે જે વ્યવહારપ્રસંગોનો ઉપયોગ કર્યો છે એ એને ખૂબ આકર્ષક લાગશે. શ્રી હેમચંદ્રાચાર્ય જેવા સ્વાનુભવી યોગી સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળની રાજસભામાં જાય, રાજ્યની હકીકતોમાં ભાગ લે, રાજાને સલાહ આપે અને છતાં પોતાનું સાધુપદ અને યોગીત્વ સાચવી રાખી તેને મહત્ત્વ આપે; એ પ્રસંગમાં એને વ્યવહારનિશ્ચયનું સમન્વય દેખાશે. અગિયારમી અને બારમી શતાબ્દિમાં એક બે પ્રસંગો બાદ કરીએ તો એને એ આખો યુગ સાહિત્યવિલાસી, પ્રાગતિક અને સમયજ્ઞ દેખાશે. કુમારપાળના દરબારમાં દિગમ્બરશ્વેતાંબરનો ઝઘડો એને સાલશે, પણ એકંદરે એ આખા યુગની રચના કરવાની શક્તિ, વ્યવહાર-દક્ષતા અને ધર્મસામ્રાજ્યને ખીલવવાની કુશળતા પર એ એકંદરે મોહિત થશે. એ અગિયારમી બારમી સદીના એકેએક કવિ, યોગી અને પ્રતિભાશાળી સાધુ અને શ્રાવકને અનેક પ્રકારે સુંદર આકારમાં જનતા સમક્ષ રજૂ કરશે.

## પછીની સાત સદીઓ

પણ પછીની સાત સદીઓ એ જોશે ત્યારે અહીંતહીં થોડા ચમકારાને બાદ કરતાં એ ધર્મસામ્રાજ્યમાં ધીમો પણ મક્કમ ઘસારો જ જોશે. સાતસેં વર્ષમાં એ નિરર્થક ઝઘડાઓને જોશે ત્યારે એને અત્યંત ખેદ થશે. એ ઝઘડાઓનાં મૂળ તપાસશે ત્યારે એને ઝઘડામાં મહત્ત્વનું રહસ્ય નહિ જણાય. એ પ્રત્યેક ઝઘડાનો ઇતિહાસ જોશે અને એની વ્યવહારૂ તર્કશક્તિ એમાંનો એક પણ ઝઘડો કરવા યોગ્ય નહોતો એમ દાખવશે અને એ સર્વ ઝઘડાનો એ સમન્વય કરી બતાવશે. એ પ્રત્યેક ઝઘડાને ન કરવા યોગ્ય બતાવવામાં એની વિચારશક્તિ, તુલનાશક્તિ અને સમન્વયશક્તિનો ઉપયોગ કરશે. એને લાગશે કે આવી નજીવી બાબતમાં ચર્ચાઓ–તકરારો ઉત્પન્ન કરીને જૈનદર્શનનો પ્રચાર કરવાનું મહાન કાર્ય વિસારી દેવામાં આવ્યું છે અને ઝઘડાને પરિણામે જૈનદર્શન સંખ્યામાં, લાગવગમાં, વિચારબળમાં અને વિશિષ્ટ પ્રગતિમાં પાછું પડયું છે. ઝઘડાને પરિણામે આખા જૈનસિદ્ધાન્તને વિરૂપ દેખાડનાર વર્ણભેદના પ્રસંગો જૈન કોમમાં ઘૂસી ગયા છે અને અંદર અંદરના કલેશને પરિણામે જૈન કોમ પ્રગતિ કરવાને બદલે પ્રત્યેક યુગે પાછી પડતી ચાલી છે. એક સત્તરમી સદીમાં માત્ર તપગચ્છમાં બાવન પંડિતો મહા જબરદસ્ત થઈ ગયા, છતાં તે વખતના ઐતિહાસિક ઝઘડાઓ જોઈએ અને એના રાસો તથા ઉલ્લેખો વાંચીએ તો આપણે શરમાઈએ એવી એ કર્મકથા છે. આ સર્વ સાહિત્ય નવયુગનો જૈન વાંચી, વિચારી, પચાવી જૈન કોમને ચેતવશે, એને વર્તમાન કદાગ્રહમાંથી છોડાવવા દિવ્ય દર્શન કરાવશે અને જૈનનો સાચો માર્ગ કયો હોઈ શકે અને ક્યાંથી ભૂલા પડ્યા છીએ એ સર્વને રજૂ કરવા પોતાના જ્ઞાનનો ઉપયોગ કરશે.

કેટલાક ઝઘડા ઐતિહાસિક થયા છે અને મોટી સંખ્યાનાં વર્ષો તે પછી વીત્યાં પણ એ ઝઘડા પત્યા નથી. વાતમાં કાંઈ માલ ન હોય, જૈનધર્મના મૂળ સિદ્ધાન્તને એની સાથે લાગે-વળગે તેવું ન હોય અને છતાં પૂરતા ઉત્સાહથી એ ઝઘડા ચાલ્યા જ કર્યા છે; અને એનો સમન્વય તે વખતે શક્ય હતો અને મતભેદ કાં તો કાલ્પનિક હતા અથવા મહત્ત્વ વગરના હતા તે બતાવવા એવા મુખ્ય ઝઘડાઓ પૈકી કેટલાકને એ કઈ નજરે જોશે અને એનો સમન્વય કેમ કરશે, એમાંનો એક પણ ઝઘડો જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તને લગતો નથી પણ સાધનધર્મોને લગતા એ સર્વ ઝઘડા હોઈને ન કરવા યોગ્ય હતા તે એ કેવી રીતે બતાવશે તે આપણે પ્રથમ જોઈ જઈએ જેથી નવયુગની વિચારસરણીનો આપણને સહજ ખ્યાલ આવશે.

## સાધનધર્મો અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો તફાવત

આ વિચારણાને અંગે સૂત્ર રૂપે એક વાત કરવાની છે. તેની સૂચના સહજ રૂપે ભૂમિકામાં થઈ ગઈ છે અને તે એ છે કે સાધનધર્મો અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો તફાવત બરાબર લક્ષ્યમાં રાખવો જોઈએ. જૈનદર્શનના મુખ્ય સિદ્ધાંતો આત્માનું વ્યક્તિત્વ, કર્મનો સિદ્ધાન્ત, પ્રયાસથી સિદ્ધ, કર્મથી મુક્તિ, મુક્તિ પછી અજરામરત્વ, નયનિક્ષેપનો સિદ્ધાન્ત, પ્રમાણજ્ઞાનનો સિદ્ધાન્ત, નિગોદનો સિદ્ધાન્ત, સપ્તભંગીનું સ્વરૂપ, તદ્દ્વારા પ્રાપ્ય અનેકાંત વ્યવસ્થા, પરમાણુનો સિદ્ધાંત, પરિણામીત્વવાદ, દ્રવ્યગુણપર્યાયવાદ, ગુણનુ સહભાવિત્વ, પર્યાયનું ક્રમભાવિત્વ, જીવ અને કર્મનો સંબંધ, સંબંધ છતાં વિયોગની શક્યતા અને સર્વ પ્રયાસનું અંતિમ સાધ્ય મોક્ષપ્રાપ્તિ — આ મુદ્દાસરના મૂળ સિદ્ધાન્તો છે. જૈન પરિભાષામાં કહીએ તો સમસ્ત દ્રવ્યાનુયોગનો સમાવેશ પ્રાયઃ મૂળ સિદ્ધાંતમાં આવી જાય છે. એ સંબંધમાં જેની માન્યતા અસ્પષ્ટ હોય એને

સમ્યકત્વ નથી અને જ્યાં સમ્યક્ત્વ ન હોય ત્યાં માર્ગાનુસારીત્વ હોઈ શકે છે, પણ જૈનત્વ ત્યાં રહેતું નથી. સમ્યકત્વ વગર જૈનદર્શન તરફ સન્મુખતા હોઈ શકે છે, પણ તે વગર મુક્તિપ્રયાણ નથી; આ મુદ્દાની વાત છે. આમાં કોઈ પ્રકારનો અપવાદ શક્ય નથી. ચર્ચા, શંકાસમાધાન અને વિજ્ઞાનબુદ્ધિએ એમાં વાદવિવાદને સ્થાન છે, પણ જે આત્મા, પરભવ, મુક્તિ વગેરે ઉપર્યુક્ત બાબતો ન સ્વીકારે તે જૈન રહી શકતો નથી. આ વાત જૈન સિદ્ધાંતોમાં ઠામ ઠામ ભાર મૂકીને કહી છે અને વિચાર કરતાં તે બેસી જાય તેવી સ્પષ્ટ બાબત છે.

એ મુક્તિની સાધના માટે અનેક સાધનો અનુષ્ઠાનો ક્રિયાઓ માર્ગો અને ઉપાયો બતાવવામાં આવ્યાં છે. સમ્યકત્વના સડસઠ લક્ષણથી માંડીને શ્રાદ્ધ જીવનનાં બાર વ્રતો–દ્રવ્યશ્રાવકનાં લક્ષણો, ભાવશ્રાવકનાં લક્ષણો, દ્રવ્યયતિભાવનાં લક્ષણો ભાવસાધુતાને અંગે અનેક સાધનોની યોજના કરી છે. એમાં અઢાર પાપસ્થાનકનો ત્યાગ, આશ્રવનાં દ્વારોને બંધ કરવાના પ્રસંગો, સંવરના અનેક પ્રસંગોનો આદર, નિર્જરાની વિશિષ્ટતા આદિ અનેક બાબતો આવી જાય છે. એમાં આખો નીતિ વિભાગનો વિષય જેને અંગ્રેજીમાં 'એથિકસ' કહે છે તે, તેમજ ક્રિયાના અનેક વિભાગો બતાવવામાં આવ્યા છે. સામાન્ય અધિકારીને દ્રવ્યક્રિયા ભાવ નિમિત્તે બતાવી છે, સામાન્ય વિકાસવાળા માટે અણુવ્રતોની યોજના છે, વિશેષ અધિકારી માટે મહાવ્રતો બતાવ્યા છે, સાધુ ધર્મ બતાવ્યો છે, સાધુ ધર્મમાં પણ સ્થવિરકલ્પ, જિનકલ્પ બતાવ્યા છે, એમાં વળી બાવીશ તીર્થંકરના સમયની અને આદિ તથા અન્તિમ જિનના સમયની ચર્ચામાં ભેદ બતાવ્યો છે. ચોથા પાંચમા આરાને અંગે અનેક અનુષ્ઠાનોમાં ભેદ પડ્યો છે અને આ સર્વ બાબતનો સમાવેશ 'ચરણકરણાનુયોગ'માં કરવામાં આવ્યો છે.

આ ચરણકરણાનુયોગ દેશ, કાળ, પરિસ્થિતિ, સંઘયણ, અધિકારી, ક્ષયોપશમ આદિ અનેક કારણે ફરતો જ રાખવામાં આવ્યો છે. એક એક પ્રસંગ લઈને એમ બતાવી શકાય તેવું છે કે એ વાત આમ જ કરવી જોઈએ એવો નિશ્ચય ક્રિયામાર્ગને અંગે હોઈ શકે જ નહિ. સાધુયોગ્ય અનુષ્ઠાન શ્રાવક કરે તો તે ગૂંચવાઈ જાય છે અને શાંત માર્ગે એકાંતમાં આત્મહિત સાધનાર યોગી તત્ત્વજ્ઞાનીનો માર્ગ સ્વીકારે તો અથડાઈ પડે છે. વિશિષ્ટ જ્ઞાનીઓએ તેટલા માટે ચરણકરણ અનુષ્ઠાન ક્રિયાને અંગે ખૂબ છૂટ રાખી છે. જેને જે માર્ગે પોતાના આત્માનો ઉદ્ધાર દેખાય, જે રસ્તે સાધ્યપ્રાપ્તિ નજીક દેખાય તે માર્ગ તેણે આદરવો. એમાં એથી જુદો માર્ગ લેનાર જૈન નથી એવો શબ્દોચ્ચાર કરવાનો કોઈનો અધિકાર નથી, **મિથ્યાત્વી શબ્દ કોઈને માટે વાપરવાની પરવાનગી પણ નથી** અને મોક્ષમાર્ગનો કે તેનો ઉપદેશ કરવાનો કોઈને સદર પરવાનો આપવામાં આવ્યો નથી.

આ મુદ્દાની વાત છેલ્લા સાતસો વર્ષમાં તદ્દન ભૂલાણી નથી તો ઉપેક્ષાને પાત્ર રહી છે તે ઐતિહાસિક ઝઘડાનાં એક એકનું સ્વરૂપ જોતાં જણાઈ આવશે. આ પ્રથમ સૂત્ર થયું.

## સંકુચિતતાએ કરેલો સંહાર

અને બીજું સૂત્ર એ છે કે સર્વ દર્શનોને પોતામાં સમાવી શકે એવો વિશાળ જૈન ધર્મ તે છેલ્લા સાતસો વર્ષોમાં અતિ સંકુચિત કરી નાંખવામાં આવ્યો છે. એના સર્વગ્રાહી સિદ્ધાન્ત જનતાને પાટલે રજૂ કરવાને બદલે એને ઉપાશ્રયમાં અને પુસ્તકોમાં કેદ કરવામાં આવ્યા છે અને જતા કાળે ખૂદ પરમાત્માની વાણી વાંચવાનો અધિકાર પણ અમુક નાના વર્ગ સિવાય અન્ય જૈન કે જૈનેતરને નથી એવું પ્રતિપાદન કરીને જ્ઞાન અને ચારિત્ર વચ્ચે

મોટો ગોટાળો કરી નાખવામાં આવ્યો છે. ભગવાનના પ્રતિબોધેલા અને ગણધરના ગૂંથેલા સૂત્ર સિદ્ધાન્તો જનતા પચાવી શકે નહિ એ માન્યતા માત્ર સંકુચિત વૃત્તિનું અનિવાર્ય પણ અતિ ભયંકર પરિણામ છે. કોઈ ક્રિશ્ચિયનને બાઇબલ વાંચવાની ના કહેવામાં આવે, કે કોઈ વેદાનુયાયીને ભગવદ્‌ગીતા વાંચવાની ના કહેવામાં આવે કે મુસ્લીમ બંધુને કુરાનેશરીફ વાંચવાની ના કહેવામાં આવે; તેના જેવું એ અતિ વિચિત્ર કાર્ય છે. પણ તે ભલા ભોળા શ્રદ્ધાળુ જૈનોએ ચલાવી લીધું છે તેને પરિણામે આખી કોમ અને લગભગ સમસ્ત જનતા જૈન સિદ્ધાન્તજ્ઞાનથી બેનસીબ રહી છે. આ સંબંધમાં આગળ વિશેષ ઉલ્લેખ વિસ્તારથી કરવાનો છે, પણ અત્ર પ્રસ્તુત વાત એ છે કે જૈન ધર્મમાં અતિ વિશાળપણું હતું તેને બદલે અતિ સંકુચિત વૃત્તિ આ સમયમાં દાખલ થઈ ગઈ અને પરિણામે જૈન કોમમાં વધારો અટકી પડ્યો. જ્ઞાનની મંડાયલી પરબો સૂકાઈ ગઈ અને અનેક કુળો, જાતિઓ અને કોમો ધર્મવિમુખ થઈ ગઈ. આ સંકુચિતતાનાં ભયંકર પરિણામો નવયુગ આગળ ચીતરશે ત્યારે આંખમાં આંસુની ધારા ચાલશે અને શી સ્થિતિ થઈ છે અને કેવી વિચિત્ર પદ્ધતિઓ સ્વીકારાઈ છે એનો ખ્યાલ કરતાં આપણી મૂર્ખતા, અંધતા અને ગતાનુગતિકતા પર શોકોદ્‌ગારોની શ્રેણીઓ નીકળશે.

આ બે મુદ્દા ધ્યાનમાં રાખી આપણે ઐતિહાસિક ઝઘડાઓ અને તેનો સમન્વય શક્ય હતો તે વાત અને તે ઝઘડાઓનાં અલ્પ મૂલ્ય અથવા અકર્તવ્યસ્વરૂપ ઉપર ઉપરથી તપાસી જઈએ. પ્રત્યેક ઝઘડાની વિગતોમાં તો પુસ્તકો ભરાય એવી કરુણકથાઓ છે. એથી આપણે તો માત્ર અંગુલીનિર્દેશ કરી આગળ વધીશું. **નવયુગનો જૈન એ ઝઘડાઓને કઈ નજરે જોશે એ મૂળ મુદ્દો વીસરવાનો નથી** — આ વાત ખાસ લક્ષ્યમાં રહે.

## પ્રકરણ ૩ જું

# સાતસે વર્ષના ઝઘડાઓ

### ૧ ચોથ–પાંચમનો ઝઘડો

સર્વથી લાંબા સમય સુધી ચોથ–પાંચમનો ઝઘડો ચાલ્યો. વાત એવી છે કે વાર્ષિક પર્વ — સંવત્સરી દીન ભાદરવા શુદ ચોથને દિવસે ઉજવવો કે પાંચમને દિવસે એ બાબતમાં ઝઘડા ચાલ્યા. અસલ ભાદ્રપદ પંચમીને દિવસે એ પર્વનું આરાધન સમસ્ત શ્વેતાંબરો કરતા હતા. કોઈ કારણે કાલિકાચાર્યે ચોથને દિવસે એ પ્રતિક્રમણ કર્યું ત્યારથી ચોથની રીતિ શરૂ થઈ. આ મહાન દિવસ જ્યારે આખા વર્ષનાં કૃતકારિત અનુમોદિત દુષ્કૃત્ય માટે વિચારણા કરી ક્ષમા યાચવાની છે અને જે દિવસ સમસ્ત વૈરવિરોધ અંતઃકરણથી ખમાવવાનો છે તે દિવસ ચોથને રોજ ઉજવવો કે પાંચમને રોજ ઉજવવો એની મોટી તકરારો સેંકડો વર્ષથી ઊભી છે. પાંચમનો સ્વીકાર કરનાર ચોથવાળાની નિંદા કરે અને ચોથવાળા પાંચમવાળાની; અને એના ઉપર અનેક ચર્ચાઓ ચાલી છે. પુસ્તકો લખાયાં છે અને પરસ્પર ગર્હાસ્પદ આક્ષેપો થયા છે. ચોથ–પાંચમના તકરારમાં પડેલા પરસ્પર સામા પક્ષને ઉત્સૂત્ર પ્રરૂપક, મિથ્યાત્વી, નરકગામી આદિ અતિ તુચ્છ પરિભાષામાં

આક્ષેપ કરે છે અને એ વૈરનું શમન જુગજૂનું હોઈ વારંવાર પ્રચંડ સ્વરૂપ પકડે છે.

વીતરાગના શાસનમાં આ ઝઘડો હોઈ શકે? સંવત્સરી પર્વ સર્વ શ્વેતાંબરો સ્વીકારે છે. જે દિવસે વૈરવિરોધ ખમાવવાના છે તે દિવસ ક્યારે ઉજવવો તેની ચર્ચામાં ઉકળાટ આક્ષેપ અને સમયક્ષેપ વીતરાગના અનુયાયીને શોભે છે? વૈર શમાવવાના પ્રસંગને વૈર વધારવાનું કેન્દ્ર કરનાર શાસ્ત્ર રહસ્ય અને શમદમની વિભૂતિઓ કઈ રીતે પચાવી શક્યા હશે તે સમજવું પણ અશક્ય છે. જો પર્વ દિવસના કર્ત્તવ્ય-અકર્ત્તવ્યની તકરાર હોત તો વાત સમજી શકાય તેવી છે, પણ સામાન્ય પ્રતિક્રમણ કયે દિવસે કરવું એ સંબંધી જમાના સુધી તકરાર ચાલે અને તેનો નિકાલ જ ન થાય તે વાત નવયુગને ગળે કોઈ રીતે ઉતરે તેવી નથી.

અને સાંવત્સરી પર્વનું કર્ત્તવ્યપણું સ્વીકારનાર એટલી ઉદારતા ન બતાવી શકે કે જેને ચોથે વૈરવિરોધ શમાવવો હોય તે તે દિવસે શમાવે અને પાંચમને દિવસે શમાવવો હોય તે પાંચમે શમાવે? મુદ્દો કયા દિવસે વૈરવિરોધ શમાવવો તે હોઈ શકે નહિ, વૈરવિરોધ માટે મિથ્યા દુષ્કૃત્યનો જ મુદ્દો હોઈ શકે. મૂળ વાત તદ્દન હવામાં ઊડી ગઈ, પરસ્પર પ્રેમથી બન્ને એકબીજાની પ્રશંસા કરે, અંતરથી બોલે કે 'હું સર્વ જીવોને ખમાવું છું, સર્વ જીવો મારા જ્ઞાત અજ્ઞાત અપરાધો ખમો. મારે સર્વ જીવાત્માઓ સાથે મૈત્રી છે અને મારે કોઈ સાથે વૈર નથી.' આવું મહાન આદર્શ સૂત્ર હૃદયથી બોલનાર એના **દિવસ**ની ગડમથલમાં પડી એ પર મોરચાઓ કેમ માંડે? સમન્વય શક્ય હતો, નહિ તો વિકલ્પમાં પણ જીવ જેવો વાંધો જણાતો નથી. આમાં મૂળ સિદ્ધાન્તની કાંઈ બાબત પણ નથી અને પરસ્પર ધર્મપ્રેમ વધારવાના દિવસે

આ ઝઘડો અકલ્પ્ય જણાય છે. સેંકડો વર્ષથી ચાલતા આ ઝઘડાનો મુદ્દો, સાર્થકત્વ, હેતુ કે ઉપન્યાસ નવયુગને માત્ર ખેદ ઉત્પન્ન કરે તેવો છે.

## ૨. દિગમ્બર શ્વેતાંબરનો ઝઘડો

આના કરતાં પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કરનાર ઝઘડો દિગંબર અને શ્વેતાંબર શાખાઓનો છે. એનું મૂળ છેલ્લાં સાતસો વર્ષથી પણ પૂર્વકાળમાં છે, પણ જરા ઊંડા ઉતરતાં એ ઝઘડામાં દમ જેવું લાગશે નહિ. મુદ્દાના તફાવત બન્ને શાખાઓ વચ્ચે એ છે: કેવળીની ભુક્તિ અને સ્ત્રીની મુક્તિ.

દિગંબરો માને છે કે કેવળજ્ઞાન થયા પછી કેવળી ખાય નહિ, શ્વેતાંબરો માને છે કે કેવળી આહાર કરે. દિગંબરો માને છે કે સ્ત્રી સ્ત્રી તરીકે તે ભવમાં મોક્ષ ન જાય, ત્યાર પછી તે એક ભવ કરી પુરુષનો અવતાર લઈ લે ત્યારે એની મુક્તિ શક્ય છે. શ્વેતાંબરો માને છે કે સ્ત્રી તદ્‌ભવમુક્તિગામી થઈ શકે.

આ બન્ને મુદ્દામાં જૈન દર્શનના મૂળ સિદ્ધાન્તનો કોઈ પ્રશ્ન નથી. દિગંબર રચિત અનેક આદર્શ ગ્રંથો પર શ્વેતાંબર આચાર્યોએ ટીકા રચી છે, શ્વેતાંબર તત્ત્વગ્રંથોની પરબે દિગંબરોએ પાણી પીધાં છે અને તત્ત્વનો જરા પણ તફાવત બન્ને શાખામાં નથી. અને ઉપરની બન્ને ગૂંચવણો આ કાળમાં ઊભી થાય તેમ પણ નથી. પાંચમા આરામાં—વર્તમાન યુગમાં કેવળજ્ઞાન કે મુક્તિ આપણા ક્ષેત્રમાંથી શક્ય નથી એમ બન્ને શાખાવાળા માને છે. તો પછી કેવળજ્ઞાન થયા પછી આપણે ખાશું કે નહિ અને આપણો સ્ત્રી વર્ગ મોક્ષે અહીંથી સીધો જઈ શકશે કે નહિ એ પ્રશ્ન સીધી રીતે ઉદ્‌ભવતો નથી. અને કેવળજ્ઞાન થયા પછી ખાવાનું હશે તો ખાશું અને નહિ હોય તો ત્યાગ કરશું. આપણે

ઘણી વાર ખાઈએ છીએ છતાં ખાવા તરફ લક્ષ્ય ન હોય, તેમાં તલ્લીનતા ન હોય તો ખાધું ન ખાધા જેવું જ છે એવા અનેક ખુલાસા શક્ય છે, પણ એવા ખુલાસા હોય કે ન હોય, પણ જે પરિસ્થિતિ હાલ આવવાની નથી અને આવે ત્યારે વીતરાગ દશા અનુભવનાર આત્મા મહાયોગી થાય તેની દશા માટે આપણે ઝઘડા કરવાનું હોય?

અને સ્ત્રીની મુક્તિનો ખુલાસો પણ શક્ય છે, સમન્વય દીવા જેવો છે પણ એ ભાંજગડમાં પડવાની શી જરૂર છે? જ્યારે એ પરિસ્થિતિ આવશે ત્યારે જોયું જશે. આ બન્ને મતભેદના મુદ્દામાં કોઈ મહત્ત્વનો–તત્ત્વનો સવાલ નથી. નવ તત્ત્વ બન્નેને માન્ય છે, તત્ત્વાર્થ સૂત્રનાં ઝરણાં બન્ને પ્રવાહમાં એક રૂપે જ પડ્યાં છે, ત્યારે કલ્પના પર રચાયેલી કૈવલ્ય દશાની બાબતમાં તકરાર કરીએ એ વિશાળ તત્ત્વજ્ઞાન અને નય નિક્ષેપ સમજનારને ન ઘટે. છતાં એ મુદ્દા પર પાર વગરનાં ખંડનમંડનો થયાં છે. દિગંબર શ્વેતાંબર વચ્ચે બીજા નાના મતભેદો પણ છે. એક તીર્થંકરની મુદ્રાની ધ્યાનસ્થ દશા માને છે, શ્વેતાંબરો સમવસરણસ્થ દશામાં મૂર્તિને પૂજે છે. મૂર્તિને પૂજવામાં મતભેદ કોઈને નથી, માત્ર કઈ દશાએ પૂજવી એ પ્રત્યેકની મરજી ઉપર રાખવામાં જૈન ધર્મના મૂળ સિદ્ધાન્તને વાંધો નવયુગની નજરે નહિ દેખાય.

અને જિનબિંબને ચક્ષુ ટીલાં ચઢાવવાં કે નહિ, એને અલંકાર પહેરાવવાં કે નહિ એ તો ભક્તિનો વિષય છે, તદ્દન સાધનધર્મનો સવાલ છે અને જેને જે રીતે અંતર આનંદ થાય તે રીતે કરે એવી છૂટ આપવી ઘટે. કોઈને વીતરાગ દશામાં શોભા કે બાહ્ય અલંકારમાં વિરૂપતા દેખાતી હોય તો તે સાદા રૂપે સાલંબન ધ્યાન કરે. કોઈને અલંકારમાં મજા આવતી હોય તો

તે તે રૂપે પૂજે. એ બાબતમાં મતભેદ તકરારનું રૂપ લે એ વાત કોઈ રીતે નવયુગને ગળે ઉતરશે નહિ. બન્ને પોતપોતાના આદર્શ પ્રમાણે પૂજન ચાલુ રાખે અને અરસપરસ કોઈની ચર્ચા નિંદા ન કરે એ રીતે આ બાબતનો સમન્વય થઈ જશે. જરા વિશાળતાથી જોતાં આવી સામાન્ય બાબત શા માટે તકરારનું રૂપ લઈ બેઠી હશે એ વિચાર જ નવયુગને તદ્દન અકર્તવ્ય લાગશે. એને ભારે ગ્લાનિ થશે કે મહા ઉપકારી તીર્થો સુધી આ ઝઘડા પેસી ગયા છે અને તેને બન્ને શાખાઓએ તદ્દન ગેરવ્યાજબી રીતે અતિ મહત્ત્વ આપ્યું છે. એને સમન્વય દીવા જેવો લાગશે અને તે જરૂર કરી બતાવી સર્વને તે સંપૂર્ણ છૂટ આપશે અને તેને આવા મુદ્દા પર નિંદા ચર્ચા વિસંગત લાગશે.

આ સિવાય નાના નાના મતભેદો બન્ને શાખાઓ વચ્ચે છે તેમાં તત્ત્વનો કે મૂળ મુદ્દાનો સવાલ નથી. દિગંબરો સોળ દેવલોક માને છે, શ્વેતાંબરો બાર માને છે. આમાં કાંઈ મુદ્દો નથી. બન્ને શાખા વચ્ચે નવાણું ટકા સામ્ય છે અને એક ટકો મતભેદનો છે તે સાધનધર્મો ક્રિયાઅનુષ્ઠાન અથવા દૃષ્ટિબિન્દુ સમજવાના પ્રયત્નની ગેરહાજરીને પરિણામે થયેલ છે. એનો સમન્વય શક્ય ન જણાય ત્યાં માન્યતામાં વિકલ્પ આપવાની ઉદારતા અને ક્રિયા-અનુષ્ઠાનમાં બન્નેની રીતિ પોતાપૂરતી માન્ય રાખી ચાલે તેમાં જૈન સિદ્ધાન્તને જરા પણ વાંધો આવે તેવું નથી.

નવયુગને તો નવાઈ લાગશે કે આવા મુદ્દા પર સેંકડો વર્ષ તકરારો ચલાવી તેને બદલે શક્તિ, સમય અને આવડતનો ઉપયોગ પ્રચારકાર્યમાં થયો હોત તો અત્યારની સ્થિતિ થાત નહિ. તદ્દન મુદ્દા વગરના ઝઘડા કરી શક્તિનો દુર્વ્યય થયેલો એ બરાબર જોઈ શકશે અને જ્યાં માલિકી હકની તકરાર ઉઠશે ત્યાં બંધુભાવે

વિશાળ નજરે હજારો લાખોનાં ખર્ચ કર્યા વગર એનો નિકાલ લાવશે.

જૈન અને બૌદ્ધ વચ્ચે મતભેદ મુદ્દાનો છે. જૈન અને વેદાંત વચ્ચે ચર્ચા તલસ્પર્શી છે, પણ શ્વેતાંબર દિગંબર જૈન વચ્ચેની ચર્ચામાં મુદ્દાનો એક પણ સવાલ નથી. આવી રીતે તત્ત્વજ્ઞાન — દ્રવ્યાનુયોગમાં સંપૂર્ણ એકતા હોવા છતાં બન્ને વચ્ચેના વૈમનસ્યે અત્યંત ખેદકારક રૂપ શા માટે સદીઓ સુધી લીધું હશે એ નવયુગને એક મોટો કોયડો લાગશે.

### ૩ 'ઇરિયાવહિયા'નો ઝઘડો

ઇરિયાવહિયામાં હાલતાંચાલતાં, કાંઈ કામ કરતાં, લેતાંમૂકતાં કોઈ સૂક્ષ્મ બાદર જીવને પીડા થાય તેને માટે ક્ષમાપના માગવાની છે. એના મુદ્દામ પાઠનો ભાવ આ પ્રમાણે છે:

'મેં ગમનાગમન આદિ ક્રિયા કરતાં એકથી પાંચ ઇંદ્રિયવાળા કોઈ પણ જીવને (૧) પીડા ઉપજાવી હોય, (૨) આચ્છાદન કર્યા હોય, (૩) પરસ્પર કે જમીન સાથે મસળ્યા હોય, (૪) એકઠા કર્યા હોય, (૫) સ્પર્શ કરીને દુઃખ આપ્યું હોય, (૬) કષ્ટ પહોંચાડયું હોય, (૭) કિલામણા નીપજાવી હોય, (૮) ત્રાસ આપ્યો હોય, (૯) એક સ્થાનકેથી બીજા સ્થાનકે નાંખ્યા હોય અને (૧૦) એના જીવનનો નાશ કર્યો હોય તે પાપ મારે માટે મિથ્યા થાઓ.'

જીવદયાની આ ઉત્કૃષ્ટ ભાવના છે, નાનામાં નાના જીવને માટે ચિંતા છે, જરા પણ વ્યથા થઈ જાય એનું પૃથક્કરણ છે અને ભૂતદયાનો વિશિષ્ટ ચમકાર આ સૂત્રમાં છે.

તપગચ્છ આદિ અનેક ગચ્છો કોઈ પણ ધર્મક્રિયા — સામાયકાદિ શરૂ કરે ત્યારે આ સૂત્રોચ્ચારથી પ્રાયશ્ચિત્ત કરે છે અને ક્રિયા પૂરી કરે ત્યારે પણ બીજી વાર કરે છે.

ખરતરગચ્છના વિશિષ્ટ લેખકોને સવાલ થયો કે ક્રિયા પૂરી કરતી વખત આ આલોચના કરવી તે ઉચિત છે. આવશ્યક સૂત્રમાં 'પચ્છા ઇરિયાવહિયં કુજ્જા' એ પાઠને અનુસારે છે, પણ શરૂઆતમાં શા માટે એ સૂત્રનો ઉચ્ચાર કરો છો? એ ક્ષમાપના કયા પ્રસંગ માટે છે? એમાં અતિવિધિ થાય છે વગેરે.

આ 'ઇરિયાવહિયા' એક વાર બોલવા કે આદિઅંતમાં બે વાર બોલવા એનો ઝઘડો સાતસેં વર્ષથી બન્ને ગચ્છો વચ્ચે ચાલે છે. એ ઉપર ગ્રંથો લખાયા છે અને વીતરાગના શમપ્રધાન દર્શનમાં પરસ્પરને ન દેવા યોગ્ય શબ્દોથી નવાજવામાં આવ્યા છે. તમે મિથ્યાત્વી છો એ ગાળ તો આ સાંપ્રદાયિકોને તદ્દન સાદી લાગે છે, પણ પરસ્પરને ગધેડા, મૂર્ખાનંદો, ધર્મલોપી આદિ પાર વગરની ગાળો આપવાની પરસ્પર હરિફાઈ ચાલી છે, અને હજુ સુધી એ ઝઘડાનો અંત આવ્યો નથી.

નવયુગને આ તદ્દન હસવા જેવી વાત લાગશે. એક વાર બોલવું હોય તે ભલે એક વાર બોલે, બે વાર બોલનારા ભલે આગળ અને પાછળ બે વાર બોલે. એમાં કયું મોક્ષ દૂર ચાલ્યું જાય છે? અને ભગવાનના ધર્મમાં ગાળાગાળી અને આક્ષેપ અને તે પણ ગૃહસ્થના મુખમાં ન છાજે તેવા — અને તે પણ શેને માટે? આમાં કયો મુદ્દાનો સવાલ હતો? અને આમાં મોરચા માંડવા જેવી કઈ મહત્ત્વની બાબત હતી?

મેં મારા ઘાટીને હુકમ આપ્યો હોય કે તેણે બપોરે ચાર વાગ્યે ઝાડુ કાઢી સર્વ સાફ કરવું. તે ચાર વાગે તો જરૂર ઝાડુ કાઢતો હોય, પણ સવારે ઉઠીને પણ કાઢે તો તેમાં શેઠના હુકમને વાંધો આવે? અને સાફ કરવાની ક્રિયા વધારે વખત કરવામાં આવે તો તેમાં આનંદ લેવાનો હોય કે આક્ષેપ કરવાનો હોય? અને

બે વખત સાફ કરનાર એક વખત સાફ કરનારમાં જો ઓજસ્ અને હૃદયંગમતા વધારે જુએ તો તેની પ્રશંસા કરે.

અને આ રસ્તો પ્રાપ્ય ન જણાય તો બન્ને પોતપોતાને રસ્તે ટીકા નિંદા કે ગાળાગાળી કર્યા વગર કામ ચલાવ્યે રાખે. આવાં અનુષ્ઠાનધર્મમાં ઝઘડો શોભે? અને તે યુગો સુધી ચાલે અને તેનો આરો ન દેખાય એ કર્મને જીતી મુક્તિ મેળવનાર માર્ગમાં કેમ હોઈ શકે એમ નવયુગ પ્રશ્ન કરશે. એનો જવાબ હજુ સુધી મળ્યો નથી અને કોઈ આપે એવું લાગતું પણ નથી. આવા વ્યર્થ ઝઘડાઓમાં શક્તિ, સાધન અને અવકાશનો ઉપયોગ કરી મુદ્દામ કાર્ય તરફ કેટલી ઉપેક્ષા બતાવવામાં આવી છે તેના જવાબ નવયુગને આપતાં ક્યાંયે પણ પરસેવો થઈ આવશે.

## ૪ પાંચ–છ કલ્યાણકનો ઝઘડો

તપગચ્છ ખરતર ગચ્છમાં આવા અર્થ વગરના એક બે મતભેદ છે, મુદ્દાનો મતભેદ એક પણ નથી. બન્નેના આચાર્યાદિએ કરાવેલ પ્રતિષ્ઠા પરસ્પર માન્ય છે. તેઓ વચ્ચે ચોથપાંચમનો મતભેદ છે તે નં. ૧માં આવી ગયો. એક ક્ષુલ્લક મતભેદ શ્રી મહાવીર પરમાત્માના છ કલ્યાણક માનવાં કે પાંચ માનવાં એવો છે.

કલ્યાણક એક ભગવાનની પુણ્યતિથિ. એ પ્રત્યેક તીર્થંકરને અંગે પાંચ હોય છે: માતાની કુખે આવે તે પ્રથમ, બીજો જન્મ-દિવસ, ત્રીજો દીક્ષાનો દિવસ, ચોથો કૈવલ્યપ્રાપ્તિનો દિવસ અને પાંચમો નિર્વાણપ્રાપ્તિનો દિવસ.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પ્રથમ દેવાનંદાના ગર્ભમાં આવ્યા, ત્યાં ૮૨ રાત્રી રહ્યા. પછી ક્ષત્રિયને ઘેર ત્રિશલા રાણીના ઉદરમાં ગર્ભસંક્રમણ થયું. આ પ્રસંગ જોકે આશ્ચર્યભૂત છે છતાં

એને પણ કલ્યાણક માનવું જોઈએ એવો ખરતરોનો મત છે અને તપગચ્છાદિ બીજા ગચ્છો પાંચ કલ્યાણક માને છે. આમાં કાંઈ વિચાર કરવા જેવો પણ તફાવત નથી, એમાં કાંઈ મુદ્દો નથી. પાંચ માનનારા પાંચ માને અને કોઈને વધારે માનવા હોય તો ભગવાનને નિશાળે મોકલ્યા એ તિથિને ઉજવે, ભગવાને ચંડકૌશિકને ઉપદેશ આપ્યો તે દિવસ ઉજવે, સંગમદેવ ભયંકર ઉપદ્રવો કરી છ માસની આખરે પાછો સ્વર્ગમાં ગયો તે દિવસ ઉજવે, ગૌતમાદિ ગણધરની સ્થાપના કરી તે દિવસ ઉજવે — આવા તો અનેક પ્રસંગ છે તે ઉજવવા હોય તો વાંધો નથી; ભગવાનના જીવનને જેટલી દિશાએથી બહલાવી શકાય તેટલું તે અભિનંદવા યોગ્ય છે. એને કલ્યાણક કહો, પુણ્યતિથિ કહો કે ગમે તે નામ આપો. આમાં ઝઘડો શો? અર્થ શો? મુદ્દો શો?

બ્હાપ્ટિઝમ એક ઈસાઈ ધર્મની દીક્ષાની ક્રિયા. છ સાત વર્ષનાં બાળકોને તે કરવામાં આવે છે. બ્રાહ્મણો ઉપનયન સંસ્કાર કરે છે તેની સાથે આ ક્રિયાને સરખાવી શકાય. એ ક્રિયા કરતી વખત બે આંગળી ઊંચી કરવી કે ત્રણ આંગળી ઊંચી કરવી તેના ઝઘડામાં લોહીની નદી યુરોપમાં ચાલી હતી. આપણને એ તકરાર મુદ્દા વગરની લાગે છે અને એવા નજીવા કારણ માટે લડનારને મૂર્ખ કહીએ છીએ. આ મૂર્ખાઈને શરમાવે તેવા ઝઘડા જૈન કોમે કર્યા છે અને તેમાં બન્ને પક્ષોએ યાહોમ ઝુકાવ્યું છે. આવો પ્રશ્ન નવયુગ પૂછશે અને તમને બે આંગળી ત્રણ આંગળીના ઉપર વર્ણવેલા ઝઘડાની ટીકા કરવાનો અધિકાર નથી તેને ઉત્તર અપાય તેવો એક પણ મુદ્દો પ્રાચીનોએ રજૂ કરેલો જાણવામાં નથી.

એટલી વિશાળતા કેમ ન રહી કે છ તો શું પણ ભલે કોઈ છત્રીશ કલ્યાણક માને, પણ પાંચ કલ્યાણક માનવામાં તો આપણે

સર્વ એકમત છીએ. એકમતને આગળ કરવાને બદલે નિરર્થક વાતને મોટું રૂપ આપી તે પર શાસ્ત્રોના પાઠો ચર્ચવા, તેના મનગમતા અર્થ લગાવવા અને તેને આધારે પરસ્પર આક્ષેપો કરવા એમાં જરા પણ દીર્ઘનજર, સભ્યતા, વિવેક અને વ્યવસ્થા જળવાઈ હોય એમ સહૃદય જૈનને લાગવું મુશ્કેલ પડશે.

## ૫ ચતુર્થ સ્તુતિનો ઝઘડો

આવો જ એક વિચિત્ર ઝઘડો લગભગ પોણોસો વર્ષથી ચતુર્થસ્તુતિ સંબંધમાં ચાલે છે. એ સમજવા યોગ્ય છે, જોકે એનો સમન્વય તો દીવા જેવો છે.

મોટા દેવવંદનમાં ચાર સ્તુતિ આવે છે. પ્રથમ સ્તુતિમાં એક તીર્થંકરની સ્તુતિ હોય છે, બીજીમાં ચોવીશ તીર્થંકરની, ત્રીજીમાં જ્ઞાનનો મહિમા અને ચોથીમાં દેવ દેવી કે યક્ષની સ્તુતિ આવે છે.

શ્રી રાજેંદ્રસૂરિએ સૂત્રોનો સારો અભ્યાસ કર્યો. રાજેંદ્રકોશ તેમનું પ્રખર જ્ઞાન બતાવે છે. તેમને વિચાર આવ્યો કે દેવ દેવી કે યક્ષ સમકિતધારી હોય તો પણ ચોથા ગુણસ્થાનકે હોય, તેને પાંચમા ગુણસ્થાનકવાળા સાધુઓ શા માટે સ્તવે? માટે ઉપરની ચાર સ્તુતિઓ પૈકી ચોથી સ્તુતિ ન હોવી ઘટે. એ અસ્થાને હોઈ અવિસંગત છે વગેરે.

આના ઉપર ચર્ચાઓ ચાલી, મોરચા મંડાણા અને ગામેગામમાં ત્રણ થોઈવાળા અને ચાર થોઈવાળાના પક્ષો બંધાયા અને હજુ સુધી એ ઝઘડા ચાલ્યા જ કરે છે.

આ ઝઘડો તદ્દન અર્થ વગરનો છે. શાસનાધિષ્ટાયક દેવદેવીને જે રીતે આગમમાં બતાવ્યાં છે તે રીતે તેમનું ચોથું ગુણસ્થાનક ચોક્કસ છે, જ્યારે આપણા શ્રાવકોનું દેશવિરતિધરપણું

અને સાધુનું સાધુપણું વિકલ્પે છે. સમ્યકત્વ એ આત્મગુણ હોઈ બાહ્ય દેખાવ કે વેશ પર એના અસ્તિત્વ કે અભાવનો નિર્ણય ન થઈ શકે. વાત ખરી છે કે દેવનું સ્થાન, દેવીનું સ્થાન અને યક્ષ-યક્ષિણીનાં સ્થાનો ચોથા ગુણસ્થાનકથી આગળ નથી. પણ સવાલ એ ઊભો થાય છે કે આપણાથી નીચી હદના કે ગુણસ્થાનકમાં પાછળ પડેલાને આપણે સ્તવીએ, એમનો ધર્મપ્રેમ, શાસનસંરક્ષણ, શાસનનાં સ્થાનોની રક્ષા આદિ માટે તેમની પ્રશંસા કરીએ તો તેમાં આપણે કાંઈ ખોટું કરતા નથી. અને આપણાથી ઓછી પાયરીવાળો આપણને સામો મળે અને આપણે હાથજોડ કે હસ્તધૂનન તેની સાથે પ્રથમ કરીએ તો તેમાં આપણી લાયકી ઓછી થતી નથી. ઊલટું એ તો નમ્રતા–સભ્યતા–દક્ષતા બતાવે છે. અને આપણી લાયકીનો વિકલ્પ હોય અને સામાની સેવા સ્વીકારાયલી અને ગુણસ્થાન સ્પષ્ટ નિર્ણિત હોય ત્યાં સ્તુતિ કરવામાં વાંધો દેખાતો નથી.

પણ આ તો ભાંજગડની વાત થઈ. કોઈને મનમાં એમ આવે કે એવી રીતે ઉચ્ચ સ્થાનવાળા નીચા સ્થાનવાળાની સ્તુતિ કરે એમાં ગૌરવહાનિ છે તો તે સ્તુતિ ન કરે. ત્રણ સ્તુતિમાં બન્ને એકમત છે. ચોથી સ્તુતિનો પ્રસંગ આવે ત્યારે સિદ્ધાણં બુદ્ધાણંનો પાઠ પૂરો કરી એ બેસી રહે. એને કહેવું કે તમે જરા થોભો, અમે બે મિનિટમાં સાથે થઈ જઈશું. એ બે મિનિટ મનમાં નવકાર ગણો. જેને સ્તુતિ કરવી હોય તે 'વૈયાવચ્ચગરાણં અનત્થ ઉસીસીએણં'નો પાઠ કહી નવકાર ગણી સ્તુતિ કરી લે અને બાકી તો સર્વ સામાન્ય છે.

આવી રીતે એક બાપના દીકરા નવસોને નવાણું બાબતમાં એકમત હોય તે આવા તદ્દન નિર્જીવ સવાલ ઉપર મોરચા માંડે અને ગામેગામ બે પક્ષો પડે એ વાત નિર્ગ્રંથ પ્રવચનમાં કેમ નભી

શકે? મોરચા માંડવા પહેલાં મોરચાને યોગ્ય બાબત તો હોવી જોઈએ ને? નિરર્થક બાબતમાં સામસામી છાવણીઓ ઊભી કરી દેવી અને સેંકડો એકમતની બાબતને મુખ્યતા ન આપતાં, નિર્જીવ મતભેદની બાબતને અગત્ય આપવી અને હજુ તેવી બાબતો પર પુસ્તકો અને પુસ્તિકાઓ પ્રગટ થયા કરે અને જાણે જૈનદર્શનનો મહાન અપકર્ષ આવા મામુલી પ્રશ્ન પર થઈ જતો હોય એવો દેખાવ કરવો એ વાત નવયુગને ગળે કઈ રીતે ઉતરશે? આ ઝઘડામાં જે દીર્ઘદૃષ્ટિ અને તુલનાશક્તિનો અલ્પભાવ કે અભાવ બતાવવામાં આવ્યો છે તે નવયુગને ખરેખર આઘાતક લાગે તેવો છે. શાંતિથી વિચાર કરનાર વસ્તુનું મહત્ત્વ અને ઝઘડાની ખાનાખરાબી જરૂર લક્ષ્યમાં રાખી આ વાતનો ન્યાય—નિર્ણય કરશે એવી આશા રાખી શકાય.

## ૬ મુહપત્તિનો ઝઘડો

આવો જ એક વિવેક—વ્યવસ્થા વગરનો ઝઘડો સોએક વર્ષથી વ્યાખ્યાન વાંચતી વખતે મુહપતિ બાંધીને વાંચવું કે તેને હાથમાં રાખીને વ્યાખ્યાન કરવું તેને અંગે ચાલે છે. તેનો પણ નિકાલ થયો નથી. ધર્મને નામે થતા ઝઘડાના કદિ નિકાલ થતા જ નથી. જેમ જ્ઞાન ઓછું તેમ આવા ઝઘડાનું ઝનૂન વધારે હોય છે એવો દુનિયાનો અનુભવ છે. અને બીજો નિયમ એ છે કે સારામાં સારા મિત્રો જ્યારે વિરુદ્ધ પડે ત્યારે ખરાબમાં ખરાબ દુશ્મન થાય છે. ભાઈઓ લડે ત્યારે અબોલાં તો લે છે પણ એકબીજાના ગોળાનાં પાણી પણ હરામ કરે છે. આ નીચેના ઝઘડામાં એવું જ થયું છે.

વાતમાં કાંઈ માલ નથી. જીવ—નાનાં મગતરાં આદિની જયણા માટે બોલતી વખતે મુખ આગળ વસ્ત્રિકા હોય તો

અનેકનો બચાવ શકય છે; એ ઉચ્ચ જીવદયાના આશયથી મુખ-વસ્ત્રિકા—મુહપતિનો ઉપયોગ સૂચવનાર મહા વિભૂતિઓ જાણશે કે એ વસ્ત્રિકાના નામ પર ભાંડણો થયાં છે ત્યારે તે એ પદ્ધતિ કરનાર માટે શું ધારશે? આ પ્રશ્નની ઉત્પત્તિના મૂળ કારણમાં જરા ઉતરવા જેવું છે જેથી પ્રાચીનોએ કરેલ શક્તિના દુરૂપયોગનો પૂરો ખ્યાલ થાય.

તાડપત્રની પ્રત લગભગ પંદરથી પચીસ ઈંચ લાંબી હોય છે અને પહોળાઈમાં પાનાં ત્રણ ઈંચ લગભગ હોય છે. એમાં વચ્ચે બે કાણાં હોય છે અને તેમાં દોરી પરોવેલી હોય છે, જે આખી પ્રતમાં સોંસરવી જાય છે. એ જ પાનાં ફેરવતાં બન્ને હાથનો ઉપયોગ કરવો જ પડે, નહિ તો જીર્ણ પાનું તરત બટકી જાય. એ પ્રતો સાતસેં વર્ષ પહેલાં લખાયેલી હોય છે. આજ પાંચસો વર્ષથી તો તાડપત્ર પર લખવાની કળા પણ નષ્ટપ્રાય થઈ ગઈ છે. કોઈ ગુરુને વ્યાખ્યાન વાંચતી વખત આ અગવડ જણાઈ હશે. વાંચે ત્યારે એક હાથમાં મુખવસ્ત્રિકા હોય, શ્લોક અડધો એક બાજુ હોય અને અડધો બીજી બાજુ હોય તો મુહુપત્તિ મૂકવી જ પડે. એણે ઉપાય શોધી કાઢ્યો. તે વખતે સર્વ કાન વીંધાવતા હતા. એના કાણામાં એણે મુહુપત્તિ રાખી, એટલે મુખની જયણા જળવાણી હશે અને વ્યાખ્યાનભંગનો પ્રસંગ એ રીતે દૂર કર્યો હશે.

શિષ્યે તો માત્ર એટલું જ જોયેલું કે મારા ગુરુ વ્યાખ્યાન વાંચતી વખતે મુહપત્તિ બાંધે છે. ગુરુને એણે કારણ પૂછ્યું નહિ હોય. શિષ્યે તો ગમે તે કાગળની પ્રત વાંચતાં પણ બાંધવાનું ચાલુ રાખ્યું અને એ રીતે પરંપરા ચાલી હશે.

આ તો કલ્પિત અનુમાન છે. પણ એમાં મુદ્દો શો છે? જેને મુહપત્તિ બાંધવી હોય તે ભલે બાંધે, ન બાંધવી હોય તે

હાથમાં રાખે. આમાં કયો મુદ્દાનો સવાલ છે કે એવા પ્રશ્નને અંગે 'પાસથ્થા' અને 'ઉત્સૂત્રભાષી' શબ્દનો ઉપયોગ કોઈના પણ મુખમાં શોભે! આ મુહપત્તિના સવાલમાં તો ભારે અંધારું ચાલ્યું છે, અને છતાં એ વર્ષ પર એના સંબંધમાં પણ એક નાનું પુસ્તક પ્રગટ થયું છે.

અનેકની સાથે ચર્ચા કરતાં આ ચર્ચાના ભીતરમાં રહસ્ય તરીકે રહેલો કાંઈ મુદ્દો જણાતો નથી. કદાચ કાંઈ હશે એમ માનવામાં આવે તો પણ એમાં જૈનદર્શનનો તો કોઇ મૂળ બાબતનો મુદ્દો નથી જ જણાતો. આવા સવાલ ઉપર વિશાળતા કેમ ન બતાવાય? બાંધવા ન બાંધવાનો વિકલ્પ આપવામાં આવે તો તેમાં કયું શાસન ઊંધું વળી જાય તેમ હતું! કોઇ લેખ છૂટા કાગળમાં લખે, કોઈ બાંધેલ પુસ્તકમાં લખે — પણ બન્નેનું સાધ્ય એક જ હોય તો બાંધેલ પુસ્તક કે છૂટાં પાનાં સંબંધી ઝઘડો કરવો એ સાદી સમજણમાં ઉતરે તેવી વાત નથી અને છતાં એ બાબતની તકરાર સો વર્ષ થવા આવ્યાં પણ હજુ અંત્ય વિરામ પામી નથી. કેટલીક વાર નિરર્થક વાદવિવાદ, ચર્ચા અને ઝઘડા કરવાની વૃત્તિ જ થઈ જાય છે, પછી એમાં વિષયની મહત્તા અને દર્શનને થતી — મૂળ મુદ્દાને થતી ખાનાખરાબીનો ખ્યાલ પણ નીકળી જાય છે, એનો પુરાવો આ મતભેદ છે. અને હજુ પોતાને સમજુ હોવાનો દાવો કરનારા વ્યાખ્યાતા ગમે તેવો વિદ્વાન હોય પણ જો તે મુહપત્તિ ન બાંધે તો તેનું વ્યાખ્યાન સાંભળવાની ના પાડે. તેવી જ રીતે ન બાંધવાના આગ્રહવાળા બાંધનાર વ્યાખ્યાતાને ન સાંભળે! આ તે કાંઇ વાત છે? વિપર્યાસ કઈ હદ સુધી ગયો છે તેનો આ એક અપૂર્વ દાખલો છે. નવયુગ આ પ્રશ્ન કરશે ત્યારે આપણાં શાસનાધિપતિ હોવાનો દાવો કરનારા વડિલો શો જવાબ આપશે તે સાંભળવા ઉદ્યુક્ત રહેશું.

## ૭ મૂર્તિ માનવાનો ઝઘડો

શ્વેતાંબર સંપ્રદાયમાં છેલ્લાં અઢીસો વર્ષમાં સ્થાનકવાસી ભાઇઓ સાથે ઝઘડો ચાલ્યો છે અને વીતરાગના મતમાં એ ઝઘડાએ ઘણું ભયંકર રૂપ પકડ્યું છે અને અનુયાયીઓ બે પક્ષમાં વહેંચાઇ ગયા છે. લગભગ અઢીસો વર્ષ પહેલાં કોઇ અધ્યાત્મ-રૂચિવાળા અભ્યાસીને એક પ્રશ્ન થયો કે 'વીતરાગ જેવી ન ભૂતો ન ભવિષ્યત્ આદર્શ ભાવના, જે ખરેખર ધ્યાન કરવા યોગ્ય છે, જીવવા યોગ્ય છે, આચરવા યોગ્ય છે, તેને પથ્થર કે લાકડા જેવું સ્થૂળ રૂપ આપવું એ એ ભાવનાને ઉચ્ચ સ્થાનકેથી ઉતારી પાડવા જેવું છે.' એમને કદાચ તે વખતના દ્રવ્યપૂજાના પ્રચારમાં પણ અત્યુદ્રેક જણાયો હશે. ગમે તે કારણે મૂર્તિપૂજા ન હોવી જોઈએ એવો મત તેમણે બતાવ્યો અને ઉપદેશ્યો. તેના અનુ-યાયીની મોટી સંખ્યા થઈ.

મૂર્તિ તો માત્ર સાધન છે. ભગવાનની ગેરહાજરીમાં ભગવાનને યાદ કરાવનાર નિમિત્ત છે અને ભાવપૂજાનું કારણ છે. છતાં મૂર્તિ માનનારને એ સંબંધમાં એવો આગ્રહ થયો કે મૂર્તિપૂજા ન સ્વીકારનાર જૈન જ નથી, મિથ્યાત્વીથી પણ ખરાબ છે અને તદ્દન નિંદવા યોગ્ય છે. આ પ્રકારનો ઉપદેશ શરૂ થયો.

અને એક વાર ઘર્ષણ થયું એટલે પછી એનો છેડો ક્યાં આવશે એનો પત્તો જ રહ્યો નહિ. અરસ્પરસ બન્ને વર્ગો ખૂબ લડ્યા. લડ્યા તે એવું લડ્યા કે અનેક સ્થળે તો તોફાનો થયાં. એકબીજાના વરઘોડા તોડી પાડવા, ન છાજે તેવા શબ્દોમાં ટીકા કરવી અને પારાવાર વૈરને પોષવું એ જાણે નિયમિત વાત બની ગઈ અને પદ્ધતિસરના ઉપદેશથી એ વાતને બન્ને વર્ગના ઉપદેશકોએ પોષી, પ્રચારી અને વધારી. મૂર્તિને માનનારા વરઘોડા

કાઢે તો કોઇ કોઇ સ્થળે સ્થાનક પાસે ઊભા રહી કાનમાંથી કીડા ખરે એવું સ્થાનકવાસી માટે ગાય અને તેમ કરવામાં ધર્મ માને. એ ઝઘડાઓ રાજ્યદ્વારે પણ ગયા. ખીલીઓ ઠોકાણી. એ ખીલીઓ વચ્ચે વરઘોડો ઊભો ન રહે એમ રાજ્યે ઠરાવ્યું તો પહેલી ખીલી આગળ અને બીજી ખીલી પાછળ ભયંકર દશ્યો થયાં. એ ઉપરાંત સાંસારિક ઝઘડાઓનો પાર ન રહ્યો. કન્યાવ્યવહારમાં ત્રૂટ પડવા માંડી અને વાત એટલે સુધી વધી પડી કે પૂજ્ય પુરુષોનાં મૃત દેહો ભર બજારમાં બે બે દિવસ રખડવા લાગ્યાં.

આમાં કોઇને વિચાર ન આવ્યો કે આ ઝઘડા શેને માટે? કોને માટે? વીતરાગના ધર્મમાં આ વાત હોય? અને એમાં કયો મુદ્દાનો સવાલ હતો? જેને મૂર્તિપૂજાની ઇચ્છા ન હોય તે તેને ન માને, ન કરે, ન આદરે તો તેમાં અન્યનું શું જાય?

અને સ્થાનકવાસી ભાઈઓ પણ એટલી ઉદારતા ન રાખી શક્યા કે મૂર્તિને આલંબન માનનારા ભલે માને, બાળ જીવોને એ પ્રબળ નિમિત્ત છે અને સમાજનો મોટો ભાગ તો બાળ વર્ગનો જ હોય છે. વયથી બાળ ન હોય તેવા અનેક માણસો આલંબનની બાબતમાં બાળ હોય છે અને વગર આલંબને ધર્મને વિસરી જાય છે. આટલી ઉદારતા તેઓ ન રાખી શક્યા અને બન્ને વર્ગ વચ્ચે આંતરો વધતો જ ગયો અને વધતો જ ગયો.

બન્ને ફીરકામાં તત્ત્વ સંબંધી જરા પણ મતફેર નથી. સર્વ ક્રિયા પણ એક મુદ્દા પર જ રચાયેલી છે, મહાવ્રતો ગુણવ્રતો શિક્ષાવ્રતો અનુવ્રતો પણ એકસરખાં જ છે, બન્ને ચૌદ ગુણ-સ્થાનક જ માને છે, આઠ કર્મો માને છે, એની ઉત્તર પ્રકૃત્તિ ૧૫૮ માને છે, બન્ને વર્ગનું સાધ્ય મોક્ષ છે, મોક્ષની વ્યાખ્યામાં ભેદ નથી, મોક્ષ પ્રાપ્ત કરવાનાં સાધનો પૈકી માત્ર સ્થાપના નિક્ષેપને

એક નકારે છે, બીજો સ્વીકારે છે, પણ એ સિવાય જરા પણ મતભેદ નથી. કથા ચરિત્રો, દેવ–નરક ગતિનાં સ્વરૂપો બન્નેને એક છે. અને મૂર્તિપૂજા સિવાય બીજો કોઈ જીવ જેવો મતભેદ નથી. બન્ને અહિંસાપરમોધર્મને સ્વીકારે છે, શ્રાદ્ધ–શ્રાવકના ગુણો બન્નેના એક જ નામે છે અને બન્નેના મૂળ ગ્રંથો એક છે — આવી આવી સેંકડો હજારો બાબતોમાં એકતા છે, એટલી બધી એકતા છે કે એનું વર્ગીકરણ કરવામાં આવે તો પુસ્તકો ભરાય; છતાં આવું માથું કાપનારું વૈમનસ્ય કોણે પોષ્યું? શા માટે પોષ્યું? કોમને એ કેટલું ભારે પડશે એનો આગામી દીર્ઘ નજરે કોઈએ વિચાર કેમ ન કર્યો? કર્યો હોય તો ક્યારે કર્યો? અને આવા એક સાધનધર્મને અંગે બળતા અંગારા ફેંકવા પડ્યા અને હજુ પણ જેની જ્વાળા પૂરી શાંત થઈ શકી નથી એટલી મહત્તા આપવા જેવો એ પ્રશ્ન હતો?

આવા સવાલો નવયુગ પૂછશે, અનેક આકારમાં પૂછશે, અને પૂછીને પ્રાચીનોને કહેશે કે તમારા આ છેલ્લા ઝઘડાને પરિણામે તમે કેટલાને કંઠી બાંધતા કરી દીધા છે, કેટલાને પરધર્મમાં ધકેલી દીધા છે, કેટલી આખી ને આખી કોમ તમારાથી કંટાળી પરાઙ્મુખ થઇ ગઈ છે તેનો કદિ તમે વિચાર કર્યો હતો? તમે સંખ્યાબળમાં વધારો તો કરવાનો કદિ વિચાર નથી કર્યો, પણ આ રીતે તમારા ઝઘડાઓનું અનિવાર્ય પરિણામ આવ્યું છે એ સ્વીકારવાની સરળતા તો તમે દાખવશો ખરા કે?

આ છેલ્લા ઝઘડાએ જૈન કોમનું સમૂહબળ–જૂથબલ ભારે કાપી નાંખ્યું. એ ઝઘડા ગામેગામ થયા, આડોશીપાડોશી વચ્ચે થયા, ઝનૂની અને ઘેલડાઓ વચ્ચે થયા અને સામાન્ય રીતે સાત્વિક ગણાય એવા માણસો પાસે પણ એવે પ્રસંગે એણે ઝાંઝો

લેવરાવી, ગાળો દેવામાં ધર્મ મનાયો અને મિથ્યાત્વી નરકગામી કહેવામાં ધર્મના રક્ષક હોવાનો એણે દાવો કરાવ્યો. આ આખી વાત એવી બની છે કે એના પર જેમ જેમ વિચાર કરવામાં આવશે તેમ જૈન કોમ કેટલી હદ સુધી ઉતરી ગઈ છે અથવા એને ઉતારી દેવામાં આવી છે અને એનો મૂળ માર્ગ કેટલો ભૂલાઈ ગયો છે એનો ખ્યાલ આવે. જે ધર્મના પ્રવેશદ્વારનાં લક્ષણમાં શમ, સંવેદ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા હોય અને જેના અનુયાયીઓમાં એ પાંચમાંનું એક પણ ન દેખાય અને છતાં પાંચમા ગુણસ્થાનક પર હોવાનો દાવો કરે અને તેના એ દાવાને છઠ્ઠા સાતમા ગુણસ્થાનકનો દાવો કરનારા સ્વીકારે — જ્યાં વાડ જ ચીભડાં ગળવા માંડે ત્યાં ઊભા રહેવાનો રસ્તો પણ ક્યાં રહે? આ સ્થિતિ પંચમકાળમાં થઈ છે કે હાથે કરીને અથવા વગર વિચારે કરી છે એનો નિર્ણય કરવાનું કાર્ય નવયુગ કરશે ત્યારે આપણા વડિલો શો જવાબ આપશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

અને એ જવાબ સીધો અને સરળ જોઈએ. મૂળ મુદ્દાને ઉડાવનારા સરકારી જવાબ જેવા જવાબ આપવાનો યુગ ચાલ્યો ગયો છે. અત્યારે તો નગદનાણું અને સરળ વ્યવહારને જ માન મળે છે અને નવયુગ દંભ, ઢોંગ, ઉપર ઉપરના સ્વાંગનો તિરસ્કાર કરનાર થવાનો છે તે સમજી શકે તેવા જવાબ દેવા એટલી વિજ્ઞપ્તિ છે. નરકનો રસ્તો દેખાડવો કે વ્યવહાર બંધ કરવાની કનિષ્ટ સજા કરાવવી એ જવાબ ન કહેવાય, એ તો દલીલની ગેરહાજરીનો સ્વીકાર કહેવાય. અત્યાર સુધી કોમના વિચારક વર્ગે ઉઠાવેલા સવાલોનો જે ફેજ કરવામાં આવ્યો છે તે સત્તાબળે નભ્યો તેમાં વિશિષ્ટતા મનાણી હોય તો આવતો યુગ જુદી જ જાતનો આવવાનો છે તે ધ્યાનમાં રહે આ મુદ્દા પર આગળ વિશેષ

વક્તવ્ય થવાનું છે. અત્યારે તો જવાબ શબ્દ ઉપર જ માત્ર પ્રાસંગિક ઉલ્લેખ થયો.

## બાલદીક્ષાના ઝઘડાનાં પરિણામ

આવા અનેક ઝઘડાઓ થયા છે, વર્ષો સુધી ચાલ્યા છે અને કોઈ પણ ઝઘડો નીકળતાં શાંતિથી વિચાર કરવાને બદલે તોફાનમાં પડી જવામાં ધર્મ મનાયો છે. કોમનું ઝનૂન ઉશ્કેરવું એમાં સાર્થકતા મનાઈ છે અને આખી કોમને લડાયક જુસ્સામાં રાખવી એ કર્ત્તવ્ય મનાયું છે. છેલ્લાં પાંચ સાત વર્ષથી લઘુ વયના બાળકને દીક્ષા આપવી યોગ્ય ગણાય કે નહિ એ સવાલની ચર્ચા જે રીતે ચલાવવામાં આવી છે, તેને અંગે છાપાંઓમાં જે પરિભાષા વપરાઈ છે, તે કોઈ પણ સુજ્ઞ વ્યક્તિના મનમાં ભાગ્યે જ માન કે આદરની બુદ્ધિ ઉત્પન્ન કરે.

પ્રશ્ન તદ્દન સાદો હતો, વ્યવહારબુદ્ધિથી સંતોષકારક નીવેડો લાવી શકાય તેવો હતો અને ધર્મહિતને વિરોધ ન આવે તેવી રીતે સામાજિક દૃષ્ટિએ તેનો ફેંસલો શક્ય હતો. પણ શાંતિ સુલેહ કે વિચારવિનિમય શું ચીજ છે અને ધર્મનો સંવ્યવહાર કઈ અપેક્ષાઓ માગે છે અને કેવી રીતે અમલ કરતાં વ્યવહારનિશ્ચયનો સમન્વય થઈ શકે એ જાતની વિશાળ શાળામાં અનભ્યાસી, ઔદાર્ય અને સમાજજીવનના સાહચર્ય સાધવાની બીનઆવડતવાળા અને એકહથ્થુ સત્તા અને દોરદમામમાં ઉછરેલા વર્ગે સમાજને એક વધારે ફટકો મારવાનો પ્રયત્ન કર્યો. કરતી વખતે આ દેશકાળ કેવા વર્તે છે તે સમજ્યા નહિ. શાસ્ત્રાજ્ઞાના અર્થ કરવાના વિશાળ સૂત્રોમાં દેશકાળની વાતને વિસરી જઈ એવી ભયાનક સ્થિતિ ઊભી કરી કે અંતે એનો ભોગ પોતે જ થાય છે એ વાત વિસરી ગયા. સમાજ શીર્ણવિશીર્ણ થતો જતો હતો તેમાં ખૂબ વધારો કરી

મૂક્યો અને નવયુગને આખા સાધુવર્ગ તરફ અપ્રીતિ અને ધર્મ તરફ અશ્રદ્ધા થાય તેનાં કારણ બન્યા. જ્યાં પ્રશ્નની મહત્તા હોય અને જોખમ ખેડવાની જરૂર હોય ત્યાં છેલ્લે પેંગડે પણ બેસવું પડે છે, પણ નિકાલ શક્ય હોય તેવી બાબતમાં થોડા અંતેવાસીની અદૂરદર્શી સલાહનો ભોગ થઈ પડનારા એ ગીતાર્થો (?) માત્ર પૂર્વકાળથી ચાલી આવતી ઝનૂની વૃત્તિના પોષક જ થઈ શક્યા, તોડ ઉતારતાં ન આવડ્યો અને ગૂંચવણનો નિકાલ કરવાને બદલે તેમાં પોતે જ ગૂંચવાઈ ગયા, અટવાઈ પડ્યા અને આખા સમાજને નિરર્થક ફટકો આપવા જતાં પોતે તે ચક્કરમાં આવી પડ્યા.

જે પદ્ધતિએ બાળદીક્ષાનો પ્રશ્ન ચર્ચ્યો છે તે જ પદ્ધતિથી ઉપર જણાવેલા બીજા ઝઘડા લડાયા છે, માત્ર તે કાળમાં છાપાં નહોતાં તેથી ઢેડફજેતો અત્યારના યુગ જેવો થતો નહોતો, બાકી પદ્ધતિમાં હજુ જરા પણ ફેરફાર થયો નથી એમ નવયુગ કળકળીને ઇન્સાફ કરશે ત્યારે કોમને ચકરાવે ચઢાવનારા તો ક્યાં વિરાજી ગયા હશે?

વર્તમાનયુગના દીક્ષાના ઝઘડાની વાત લખતાં પણ શરમ થાય તેવું છે. એનો સમન્વય છે, નિકાલ છે અને એ ઝઘડો તદ્દન મામુલી હોઈ કરવા યોગ્ય નહોતો એ બતાવી શકાય તેવું છે. એનો ફેંસલો આવતા યુગ ઉપર રાખી અત્ર તો તેની પદ્ધતિ ઉપર જ ટીકા કરીએ. એમાં ઝનૂન, ઇર્ષ્યા, પ્રસંગને વલણ આપવાની આવડતની ગેરહાજરી, પરિસ્થિતિને પહોંચી વળવાની કમતાકાત અને દીર્ઘદૃષ્ટિનો અભાવ ડગલે ને પગલે દેખાઈ આવશે એટલી જ ટીકા કરી એ વર્તમાનપ્રકરણને બંધ કરીએ.

## નાના ઝઘડાઓની પરંપરા

નાના ઝઘડાઓનો પણ પાર રહ્યો નથી. એ પણ સર્વ સાધનધર્મને અંગેના અને મૂળ માર્ગ સમજ્યા વગરના જ થયા છે. થોડા દાખલા આપી આ આખું ઝઘડા પ્રકરણ સમેટી લઈએ.

કેવળીને ઇરિયાવહિયાની ક્રિયા લાગે કે નહિ એનો ઝઘડો સત્તરમી સદીમા ઉપજ્યો. શ્રી ધર્મસાગર જબરદસ્ત વિદ્વાન હતા, પણ તેમણે તથા તેમના સમકાલીનોએ તેમને માટે જે પરિભાષા વાપરી છે તે વાંચતાં ખેદ થાય તેવું છે. જાણે જૈન આમ્નાયમાં તર્ક કે ચર્ચાને સ્થાન જ ન હોય તેવું વાતાવરણ એ ધર્મસાગરને અંગે સત્તરમી સદીમાં ઊભું થયું. તેમણે પાંચ મોટા પ્રશ્નો ઉઠાવ્યા હતા. દરેક પ્રશ્નો ચર્ચા કરવા જેવા જરૂર હતા, પણ મોરચા માંડવા જેવો એક પણ પ્રશ્ન નહોતો. આને લગતું સાહિત્ય નવયુગ વાંચી પૂછશે કે આ તે શક્તિનો શો અપવ્યય થયો છે? તેનો જવાબ આપવા પડશે.

સવાલની મહત્તા પણ વિચારાણી નથી. એલચી સચિત્ત ગણવી કે અચિત્ત ગણવી એ પ્રશ્ને પણ એક વખત જૈન કોમમાં મોટો ખળભળાટ મચાવ્યો હતો.

સાધુ વસ્ત્ર રંગી શકે કે નહિ એ પણ એવો જ પ્રશ્ન છે. અમુક યુગમાં દેશકાળ જોઈને કોઈ શિથિલ વર્ગથી સંવેગ પક્ષને જુદો પાડવામાં લાભ માનવામાં આવ્યો અને કપડાંને પીળો રંગ આપવાનું તે વખતના આચાર્યોને યોગ્ય લાગ્યું. આવા દેશકાળને અનુસરતા અનેક ફેરફારો પ્રત્યેક યુગે કરવા પડ્યા જ છે. જો કોઈ એમ કહે કે પચીસસો વર્ષમાં એક પણ ફેરફાર થયો જ નથી તો તે વાત ઇતિહાસની નજરે સ્વીકારાય તેવું લાગતું નથી.

ફેરફાર થયા છે એવું જાણવા છતાં કોઈ સ્વીકારવા તૈયાર નથી એ જ કાળબળની ખૂબી છે. છતાં કપડાંને રંગાય કે નહિ તે વાતની ચર્ચા ચાલ્યા કરી છે.

ખૂબીની વાત તો એ છે કે શ્રી સત્યવિજય પંન્યાસે ક્રિયા ઉદ્ધાર કર્યો ત્યારે **૪૮૦ બાબત ફેરવી**, છતાં તેના અનુયાયીવર્ગને પૂછશો તો એક પણ બાબત ફેરવી છે એમ તે સ્વીકારશે નહિ અને પોતે સનાતન જૈન હોવાનો દાવો કરશે. આ ફેરફારની યોગ્યાયોગ્યતા પર નિર્દેશ નથી, પણ મુદ્દો માનસવિદ્યાનો છે. થયેલી વાતનો સ્વીકાર ન કરવો અને જવાબ આપવામાં ગોટા વાળવા એ જ્ઞાનયુગમાં કદી નભી ન શકે એવી વાત છે એવું જાણનારા પણ આ ભ્રમમાં હજુ પૂર્વસંપ્રદાયથી ચાલી આવતી પદ્ધતિને જાળવી રહ્યા છે એ તેમની ચુસ્તતાને અંગે તેમને માન ઘટે કે શું ઘટે તે વિચારવાનું કાર્ય નવયુગ કરશે.

નાના વાદવિવાદો અનેક થયા છે, ચર્ચાઓ પાર વગરની થઈ છે, પણ ઝઘડાઓ પણ ઘણા થયા છે. તત્ત્વવિચારણા કરતાં વાદવિવાદ કરવાની ઉપયોગિતા સમજી શકાય તેવી છે અને યોગ્ય પરિભાષામાં ચર્ચા થાય તેમાં પણ વાંધો ન હોઈ શકે, પણ મુદ્દા વગરના ઝઘડાને પરિણામે જુદાં મંડળો સ્થાપવામાં આવે, નવા ફીરકા કાઢવામાં આવે, ગચ્છમાં ભેદો પડે અને એ તકરારો અંગત રૂપ લે ત્યારે એ ઝઘડો કરવા જેવો હતો કે નહિ, તે ધાર્મિક અને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવાની જરૂર રહે જ. એટલું જ નહિ, પણ ઐક્યપ્રિય સાચા મુમુક્ષુની એ ફરજ જ ગણાય.

આ ઝઘડાનું પ્રકરણ વધારે લંબાયું છે. હજુ ઘણા અર્થ વગરના સાધનધર્મોના ઐતિહાસિક ઝઘડા તપાસવાના બાકી છે તે કોઈ અન્ય પ્રસંગે કરવાનું બાકી રાખી આ પ્રકરણ સમેટતાં એક બે

વાત કરી દેવી જરૂરી છે. ઘણાને 'ઝઘડા' શબ્દ સામે વાંધો લાગશે, પણ એમાં કોઈ વ્યક્તિ કે સમૂહ તરફ આક્ષેપની ઇચ્છા નથી, પણ ઝઘડા શબ્દનો સાદી ગુજરાતીમાં જે અર્થ થાય છે તે રીતે જ એ લડાયા છે તેથી એ શબ્દપ્રયોગ વાસ્તવિક ગણાવાની આશા રાખી શકાય.

આ ઝઘડાના પ્રસંગો ચીતરવામાં અથવા એનો સમન્વય કરવા જતાં જાણે અજાણે કોઈ પક્ષની લાગણી દુહવાઈ ગઈ હોય તો તેઓએ કૃપા કરી ક્ષમા કરવી. કોઈ પક્ષ સાચો કે ખોટો છે એવું લખવાનો આશય નથી. આશય સ્પષ્ટ છે કે ઝઘડા કરવા યોગ્ય નહોતા અને સ્વાભાવિક રીતે જોઈએ તો એક પણ મુદ્દામાં જૈનદર્શનના મૂળ સિદ્ધાંતનો સવાલ અંતર્ગત થતો નથી. છતાં અમુક વાતાવરણમાં ઉછરેલ વ્યક્તિ કદાચ એક બાજુ ઢળી જતી કોઈ પ્રસંગવર્ણનમાં જણાય તો મૂળ મુદ્દા ઉપર ધ્યાન આપવા વિજ્ઞપ્તિ છે. આશય ઐક્ય કરવાનો અને ગતકાળમાં જે ક્ષતિ અનુભવી છે તે દૂર કરવાનો છે અને જૈનદર્શનને એને યોગ્ય સ્થાન પુનઃ પ્રાપ્ત કરવાની તૈયારી કરવાનો છે. આ વાત આ વિચારણામાં ખાસ ધ્યાનમાં રાખવા વિજ્ઞપ્તિ છે.

બીજા નહિ વર્ણવેલા ઝઘડા પૈકી કેટલાયે ઐતિહાસિક છે તેમાં વિધિમાર્ગના મતભેદ, સમન્વયની શક્યતા છતાં બન્ને પક્ષ પોતપોતાના મતમાં ચુસ્ત રહે તેવી સ્થિતિ અને પરિણામે અનેકને જૈન કરવાને બદલે ઘરના હોય તેની પણ ક્ષતિ થઈ છે— આ સ્થિતિ સાર્વત્રિક જોવામાં આવશે. એ દૃષ્ટિએ પ્રત્યેક ઝઘડા તપાસવાની જરૂર છે. હૃદયની વિશાળતા અને દર્શનના મૂળ મુદ્દાઓ ધ્યાનમાં રાખવામાં આવે તો ક્રિયા, અનુષ્ઠાન–વિધિવાદના મતફેરો તંદુરસ્ત ચર્ચા ઉત્પન્ન કરે, પણ કંકાસ વિદ્વેષ કે

વૈરનું રૂપ કદિ ન લે. સામાન્ય વ્યવહારકુશળતાની નજરે, ધર્મના હિતની નજરે, પ્રાણી ઉપર ઉપકાર કરી તેને મોક્ષમાર્ગ તરફ સન્મુખ કરવાની ફરજની નજરે કે સમુચ્ચય લાભાલાભની તુલનાની નજરે અત્યાર સુધી ભીંત ભૂલાણી છે એવો સવાલ નવયુગ રજુ કરે ત્યારે જે પરિસ્થિતિ આવી પડે તેની અત્ર વિચારણા કરવા પ્રયત્ન થયો છે.

હવે આ કલહમય વાતાવરણ વિચારકને પણ ગ્લાનિ કરે તેથી તેને અત્ર રોકી નવયુગના જૈનને વિવિધ દૃષ્ટિએ તપાસીએ. તત્ત્વ દૃષ્ટિમાં પરિપૂર્ણ માન્યતા રાખનાર, ધર્મશાસ્ત્રોને સમજનાર વિવેકી વિચારક હવે એક બીજો સવાલ ઉપસ્થિત કરે છે તે પણ ઇતિહાસની નજરે તપાસવાનો છે.

## પ્રકરણ ૪ થું

# સંખ્યાબળ

જૈનદર્શન મહા વિશાળ છે. એ સર્વ દર્શનોને પોતામાં સમાઈ ગયેલા બતાવે છે. એનો નયવિભાગ અંશ સત્યને સ્વીકારે છે અને એ વિભાગ એને અન્યની પરિસ્થિતિમાં મૂકતાં શીખવે છે. જૈનદર્શન પ્રત્યેક આત્માની મોક્ષ જવાની યોગ્યતા શીખવે છે. અમુક દુર્ભવ્ય અભવ્ય જીવોનો પ્રશ્ન બાજુ પર રાખીએ અને અભવ્યોની સંખ્યા તો એટલી થોડી છે કે એની વાતને ઉપેક્ષીએ તો ચાલે તેવું છે. આવી પ્રત્યેક પ્રાણીની બાહુલ્યતાએ મોક્ષ જવાની યોગ્યતા હોઈ આડા માર્ગે ઉતરી ગયેલાને જૈનદર્શનના વિશિષ્ટ તત્ત્વ બતાવવાની ફરજ પ્રત્યેક જૈન ઉપર સામાન્યતઃ અને ઉપદેશક વર્ગ પર ખાસ ગણવામાં આવી છે. જૈન દર્શનકાર યોગ્ય રીતે બતાવે છે કે એક વ્યક્તિને સદ્ધર્મનો બોધ કરવામાં આવે તો ચૌદ રાજલોકના સર્વ પ્રાણીઓને અભય આપવા જેટલો લાભ થાય છે. આ હકીકત અતિશયોક્તિ વગર સાચી છે.

## જાતિભેદનો અસ્વીકાર

આ એક વાત સાથે બીજી વાત એ છે કે જૈન ધર્મમાં જન્મથી જાતિ છે નહિ, હોઈ શકે નહિ. શ્રી વીરપરમાત્માનું ચરિત્ર વિચારતાં અને તત્ત્વચર્ચાનો આખો દ્રવ્યાનુયોગ જોતાં જૈન-દર્શન જન્મથી જાતિભેદ કદિ સ્વીકારે તે વાત પાલવે તેવી નથી, જચે તેવી નથી અને કર્મના સિદ્ધાંત સાથે અનુરૂપ થાય તેવી નથી. જૈનદર્શનની વિશિષ્ટતા એ જ કે ભગવાનના સમવસરણમાં કોઈ પણ જાતનો પ્રાણી આવે. મનુષ્ય તો શું પણ તિર્યંચ પંચેન્દ્રિયને ત્યાં સ્થાન છે, દેવોને સ્થાન છે, અસુરોને સ્થાન છે, જે ચાલીને આવી શકે તે સર્વને સ્થાન છે. આ વિશાળતા કોઈ દર્શનમાં જોવામાં નહિ આવે. બ્રાહ્મણો જૈન થયા છે, ક્ષત્રિયોએ રાજપાટ છોડ્યાં છે, વૈશ્યો એનાં અંગો બની રહ્યાં છે, સુતાર, લુહાર, કુંભાર, ઘાંચી સર્વ ભગવાનના પ્રાસાદમાં સમકક્ષાએ છે. હરિકેશિ જેવા ચંડાળના કુળમાં જન્મેલાને અને મેતાર્ય જેવા અસ્પૃશ્ય કુળમાં જન્મેલાને એણે એક જ ભૂમિકા પર બેસાડ્યા છે અને પાંચસે પાડાનો નિરંતર વધ કરનાર કાલકસુરિયો કસાઈ પણ એના સમવસરણમાં આવી શકે છે. જન્મથી જાતિ માનવામાં આવે તો જૈનદર્શનનો એક પણ મુદ્દો ટકી શકે નહિ અને તેથી પ્રયાસસિદ્ધ મોક્ષ માનનાર જૈનદર્શને સર્વ પ્રાણીને પોતાના છત્ર નીચે આત્મિક ઉન્નતિ કરવા રજા આપી છે. ભગવાનના સમવસરણમાં ચંડાળ માટે અલગ સ્થાન નહોતું અને હરિકેશિમુનિ ઘરે વહોરવા આવે તો રસોડા સુધી જઈ શકતા હતા. જે દર્શન કમઠ અને ધરણેન્દ્ર ઉપર સમાન મનોવૃત્તિ ઉપદેશે ત્યાં વ્યક્તિગત ભેદ કેમ હોઈ શકે? કોઈ પણ પ્રાણી અમુક ગોત્રમાં જન્મે તેથી ધર્મસ્વીકાર કે ધર્મારાધન માટે નાલાયક થાય છે એવો જૈન ધર્મનો એક પણ સિદ્ધાંત નથી, એવો શબ્દપ્રયોગ પણ નથી અને

આખી જૈન ધર્મની ઈમારતનું રહસ્ય સમજનારને એ વાતમાં શંકાને સ્થાન પણ નથી.

## સાચું સગપણ

આથી પોતાના આત્માની ઉન્નતિ કરવા ઇચ્છનાર કોઈ પણ વ્યક્તિ જૈન ધર્મનો સ્વીકાર કરી શકે છે. અને જૈન ધર્મનો સ્વીકાર કરનાર સ્વધર્મી બંધુ થાય છે, સર્વ પ્રકારે સંવ્યવહારને યોગ્ય થાય છે અને 'સાચું સગપણ જગમાં સામી તણું' એ વાત જે ધર્મ પોકાર કરીને કહે છે ત્યાં બીજી વાતનો સંભવ પણ કેમ હોય? અહીં 'સામી' એટલે સ્વધર્મી સમજવો. જ્યાં જૈને જૈન મળે ત્યાં ખરું સગપણ જામે છે, સાચાં સગાં એ કહેવાય છે અને એ સંબંધને અનેક રીતે બહલાવવા સ્વામી-વાત્સલ્યના પ્રકારો અને બારમા વ્રતનો મોટો ભાગ યોજાયલો છે. આ સર્વ વાત દીવા જેવી છે છતાં નવયુગના જૈનને સવાલ થાય છે કે જૈન ધર્મનો સ્વીકાર કરાવવાની જરૂરિયાત દૃષ્ટાઓએ સ્વીકારી છે અને જાતિભેદને જૈન દર્શનમાં સ્થાન નથી છતાં જૈનોમાં આવક કેમ બંધ થઈ ગઈ? અને હતા તેમાંથી અનેક બહાર કેમ નીકળી ગયા?

## નવા જૈનોની ભરતી કેમ ન થઈ?

દુ:ખની વાત એવી બની છે કે છેલ્લાં પાંચસે વર્ષમાં જૈન બનાવવાનું કામ જ બંધ પડી ગયું છે. અંદર અંદરની તકરારો, ગચ્છના ઝઘડા, પદવીની મારામારીઓ અને બાહ્ય ધમાલ આદિ અનેક કારણે હતું તે ગુમાવ્યું છે અને નવો વધારો બંધ પડી ગયો છે. પાંચમા સૈકા આસપાસ રત્નપ્રભાચાર્યે ઓશવાળ ક્ષત્રિયોની દોઢ લાખ જેટલી સંખ્યાને જૈન બનાવી, હેમચંદ્રાચાર્યે બ્રાહ્મણોને ભોજક બનાવ્યા—એવા અનેક પ્રસંગોને બદલે પૂરી

જૈનોની જાતિઓ — મોઢ, કપોળ કેમ જૈનેતરમાં ગયા? આખી કોમો કેમ બદલાઈ ગઈ? પોરવાડ અને દશાશ્રીમાળીમાં કેમ મોટો ભાગ જૈનમત છોડી ગયો? એમને પડતી અગવડો માટે કાંઈ પૃચ્છા થઈ હતી? એ દૂર કરવા સામાજિક કે વ્યક્તિગત પ્રયત્નો થયા હતા? જૂનાને જાળવી પણ ન રાખી શક્યા અને નવાને મેળવવાની ફુરસદ તો હતી નહિ. ત્યારે એનું પરિણામ બે કરોડ જૈનો અકબરના સમયમાં હતા તે બાર લાખ પર આવી ગયા છે—આને માટે જવાબદારી કોણ લે છે? મહા વિશાળ ધર્મ આ સ્થિતિએ હોય? ઘસારો ક્યારે લાગ્યો? શા માટે લાગ્યો? એ વિચારવા એક સાથે કોમ કદિ મળી હતી? મળવાની જરૂર પણ કદિ લાગી હતી? અને એ ઘસારો ચાલુ રાખવામાં સાધુ અને ગૃહસ્થવર્ગની જોખમદારી કેટલી?

આ સંખ્યાબળના બન્ને પ્રસંગો પર જવાબ આપવા પડશે. ગમે તે જાતિનો જૈન થઈ શકે છે. અને ગામડા શહેર કે નેસડામાં સર્વત્ર મનુષ્યો વસે છે. એને માટે તમે શું કર્યું? શી યોજના વિચારી? એના જવાબ આપવા જ પડશે. અને હતી તે આખી કોમોને, કોમોના મોટા ભાગને અન્યત્ર જવું પડ્યું તેમાં તેમનો વિચિત્ર સ્વભાવ કારણ હતો કે તમારી વ્યવસ્થા આવડત અને દક્ષત્વની ખામી હતી? આ સર્વ બાબતોનો ખુલાસો નવયુગ માગશે.

નવયુગ અત્યંત શોક સાથે જોશે કે છેલ્લાં બસો ત્રણસો વર્ષમાં જૈનોને પડતી અગવડોની સામે આંખમીંચામણાં કરવામાં આવ્યાં છે અને શારીરિક અગવડો વેઠી અગત્યની કે નાની કોમોમાં જૈન ધર્મનો પ્રચાર કરવા માટે લગભગ કાંઈ કરવામાં આવ્યું નથી. આ વાતનો જવાબ ઇતિહાસના આધાર સાથે આપવા વડીલો દરકાર કરશે એવી આશા રખાય. અહીંતહીં

પાંચપચીસ માણસોને જૈન બનાવ્યા હોય તે અપવાદને સ્થાને ગણાય. ચાલુ જમાનામાં લાડવા શ્રીમાળી ભાઈઓને, ભાવસારોને જે રીતનું વર્તન આપ્યું છે તેનાં પરિણામો શું આવે? તમારી અવ્યવસ્થાથી ખેડા નડિયાદ પંથકનો મોટો પાટીદાર જૈનવર્ગ કઇ હાલતમાં આવી પડ્યો છે તે કદિ વિચાર્યું હોય એમ નવયુગને લાગશે નહિ. સમષ્ટિની નજરે આ સવાલો વિચારી જવાબ આપશો એ ખાસ માગણી છે.

જ્ઞાતિબંધન, તેના ધારાધોરણ આદિ અનેક બાબતો નવયુગ વિચારશે. તેનો ચિતાર તે તે સ્થાનકે આવશે. અહીં તો તે વિષયનું નિરૂપણ માત્ર અન્ય કોમને જૈન બનાવવાના પ્રશ્ન પરત્વે જ થયું છે. આ સંબંધમાં આગળ એને પ્રાયોગ્ય સ્થળે નવયુગ આ સંબંધમાં શું વલણ લેશે ત્યાં વિચારદર્શન સ્વતઃ ફરી વખત થઈ આવશે.

## પ્રકરણ ૫ મું

# કેળવણી અને ગૃહો

નવયુગનો જૈન કેવો થશે એ વિચારતાં કેળવણીનો પ્રશ્ન એના અનેક આકારમાં સર્વથી પ્રથમ પ્રાપ્ત થશે. નવયુગ કેળવણીને સર્વથી વધારે વેગ આપવા સદા ઉદ્યુક્ત રહેશે. એ નવયુગનાં મંડાણ જ કેળવણી ઉપર રચશે. કેળવણીની વિરુદ્ધ ગમે તેટલું પ્રચારકાર્ય થશે તેની તે દરકાર ન કરતાં એ આગળ ધપશે.

કેળવણીમાં મગજને કેળવનાર સર્વ બાબતોનો તે સમાવેશ કરે છે. એ પ્રત્યેક બાલક-બાલિકાને સામાન્ય શિક્ષણ તો સર્વ-વ્યાપી ફરજિયાત કરવામાં માનશે. અત્યારે જે વિષયો મેટ્રીક્યુલેશન સુધીમાં શીખવાય છે તેમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ યોગ્ય ફેરફાર કરી માતૃભાષા દ્વારા વિચારશક્તિ બરાબર જામે અને પ્રગતિ થાય તેને માટે તે પ્રયત્નો કરશે. શિક્ષણને ઉતારી પાડવા પદાધિપતિઓ અને સ્થાયી હકવાળા ગૃહસ્થો અવારનવાર પ્રયત્ન કરશે એને નવયુગ હસી કાઢશે અને તે પ્રયત્નોને હતવીર્ય કરી પાછા પાડશે.

અને સામાન્ય શિક્ષણ પછી વિશિષ્ટ શિક્ષણ પ્રત્યેક માણસે લેવું જોઈએ એનો તે આગ્રહ કરશે અને તેનાં સાધનો તે યોજશે.

જેને વકીલ, દાક્તર કે ઈજનેર થવું હોય તેને તે ધંધા માટે તૈયાર થવા તે પ્રેરણા કરશે, યોજના કરશે, સાધનો તૈયાર કરી આપશે. પદાર્થવિજ્ઞાન, ગૃહવિદ્યા, યંત્રવિદ્યા, કળા, કૌશલ્ય, જ્યોતિષ, પ્રાચીન શોધખોળ, ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય, કાવ્ય, રસશાસ્ત્ર, આયુર્વેદ, આદિ અનેક ખાસ વિષયમાં રસ લેનારને તે માટેની જરૂરી જોગવાઈ નવયુગ કરી આપશે.

એ વિદ્યાર્થીમંદિરો યોજશે કે ચલાવશે અને તેમાં રાષ્ટ્રીય ભાવનાની ખૂબ પોષણા કરશે. એના પ્રત્યેક વિદ્યાર્થીને એ સાચો ધર્મસેવક દેશસેવક અને સમાજસેવક રહેતાં શીખવશે. એનામાં દિગંબર સ્થાનકવાસી કે મૂર્તિપૂજકના ભેદ નહિ દેખાય. એ સર્વત્ર અંશ સત્યો, આશયો અને દૃષ્ટિબિંદુઓ મધ્યસ્થ નજરે ઝનૂન કે દ્વેષ વગર જોઈ જાણી સમજી વ્યવહારમાં મૂકી શકશે અને જૈન વિદ્યાર્થીગૃહો એ કોમી સંસ્થા નથી પણ રાષ્ટ્રનાં જરૂરી અંગો છે અને તેમાં રહેનાર રાષ્ટ્રભાવનાના કેંદ્ર બની શકે છે એનો એ સાક્ષાત્કાર કરાવશે. એવી સંસ્થાઓમાં દિગંબર શ્વેતાંબર બન્નેનાં મંદિરો પડખોપડખ રહેશે અને સ્થાનકવાસી ભાઈઓ માટે સામાયિકશાળા પુસ્તકાલય સાથે તે જ સંસ્થામાં રચાશે અને ત્યાં સર્વ જૈનો બંધુભાવે મળી સમયધર્મની ચર્ચા કરશે અને પોતપોતાની માન્યતા વિચારવિનિમય દ્વારા પૃથક્કરણ કરી એકબીજાની સન્મુખ આવશે.

## એ વિદ્યાર્થીગૃહો શું કરશે?

એવાં વિદ્યાર્થીગૃહો વળી વિદ્યાનાં કેંદ્રો બનશે. ત્યાં સરસ્વતી દેવી સાક્ષાત્ પધારશે. ત્યાં જૈન ધર્મની શોધખોળો ચાલશે. અનેક મહાપુરુષોનાં ચરિત્રો ત્યાંથી પ્રગટ થશે. અતિ મહાન સિદ્ધાંતોનો વારસો જૈનદર્શને આપ્યો છે તેને યોગ્ય સ્થાન

અંદર અંદરની ઝુંબેશ અને વિશ્વદૃષ્ટિની પામરતાથી સમાજમાં મળી શક્યું નથી તેને એ નવયુગની પરિભાષામાં અનેક રીતે બતાવી જૈન ધર્મના મહાન સંદેશાઓને એ જગદ્‌વ્યાપી કરશે. એ સંસ્થાઓ શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ અને બીજી અનેક પૂર્વ-કાલીન વિભૂતિઓને બહાર લાવી તેમને યોગ્ય સ્થાન અપાવવાનું મહાન કાર્ય કરશે. જૈનદર્શન જે અત્યારે અપ્રસિદ્ધિ અને અંધ-કારમાં વ્યાપ્ત થયેલ છે તેને તે દુનિયાને ખોળે બેસાડશે અને બુદ્ધના નામ જેટલું જ શ્રી મહાવીર પરમાત્માનું નામ એ ઘરગથ્થુ બનાવી દેશે. એ નય નિક્ષેપ સપ્તભંગી અને જ્ઞાનના સ્વરૂપને વર્તમાન તર્કશાસ્ત્રની ભવ્ય કસોટિમાંથી પસાર કરી એમાંથી દુનિયાએ ઘણું જાણવા સમજવા જેવું છે એ વ્યવહારુ ભાષામાં રજુ કરવાનાં કેંદ્રો અનેક પ્રકારે બનાવશે. રાષ્ટ્રભાવનાને વિરોધ ન આવે, વિશ્વદૃષ્ટિ સતેજ થાય અને જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે તે વાત એવી સુંદર રીતે રજુ કરી શકશે કે દુનિયા આશ્ચર્યચકિત થઈ એ વાતને સમજશે. અનેકાંતદર્શનમાં અસ્પષ્ટતા નથી, વિરોધ નથી, અપ્રમેયત્વ કે નિર્ણયની અશક્તિ નથી, પણ એ જ વસ્તુ-સ્થિતિ છે એ જ્યારે રજુ કરવામાં આવશે અને દૃષ્ટાંત દલીલ અને કોટિથી સાદર કરવામાં આવશે ત્યારે દુનિયામાં અહિંસાનો શાંતિનો, પ્રેમનો વરસાદ વરસશે. આ સર્વ કાર્ય વિદ્યાર્થીગૃહો રાષ્ટ્રને અવિરોધપણે કોમીય ભાવના જગાડ્યા વિના માત્ર જગત-હિતની દૃષ્ટિએ વ્યવહારુ કરી આપશે.

કેળવણી કેમ આપવી, શા માટે આપવી, વર્તમાન ઘટનામાં ક્યા ફેરફાર કરવા યોગ્ય છે, તે સર્વ પ્રશ્નોનો વિકાસ આ વિદ્યાર્થી-ગૃહો વિચાર દ્વારા અને તેનો લાભ લેનારાના અનુપમ જીવંત દૃષ્ટાંતથી આપશે અને જગત તેને વધાવી લેશે.

અને આવાં વિદ્યાર્થીગૃહો ધાર્મિક શિક્ષણ રસપ્રદ રીતે ઐચ્છિક પદ્ધતિએ અને વગર ગોખણપટ્ટીએ તદ્દન અભિનવ પદ્ધતિએ યોજી મહાન દાર્શનિકોને ઉત્પન્ન કરશે. ફતેહમંદ ધાર્મિક શિક્ષણની તદ્દન નવી પ્રણાલિકા યોજી એનો અમલ કરશે અને જ્ઞાનપૂર્વક શ્રદ્ધાવાળા વિશિષ્ઠ જૈનોનો મોટો સમૂહ ઉત્પન્ન કરશે.

કોઈ પણ પ્રકારના કેળવણીના ક્ષેત્રને એ તિરસ્કારશે નહિ, એ નવી દલીલો કે શંકા સ્થાનોથી ગભરાશે નહિ અને જ્ઞાન એ દીવો છે, જ્ઞાન એ પ્રકાશ છે, જ્ઞાન એ અમૂલ્ય રત્ન છે, જ્ઞાન એ મોક્ષમાર્ગનું અપ્રતિહત દ્વાર છે — એ વાતને આ વિદ્યાર્થીગૃહો સાબિત કરશે, સિદ્ધ કરશે, વ્યવહારરૂપે સમાજ સમક્ષ પ્રેમભાવે ધરશે.

આવી સંસ્થા પૈકી કેટલીક અભ્યાસ સંસ્થાઓ પણ થશે અને કેટલીક વિદ્યાર્થીનાં આશ્રમસ્થાન હોઈ માત્ર વાસગૃહો તરીકે રહેશે, છતાં ત્યાં સચ્ચારિત્રની ખીલવણીનાં સાધનો અને વાતાવરણ ખૂબ જામશે, જૈનના સંદેશા દુનિયાને પહોંચાડવાનાં તે કેન્દ્રો બનશે અને પ્રત્યેક ગૃહમાં અર્વાચીન પદ્ધતિએ તદ્દન નૂતનરીત્યા ધાર્મિક શિક્ષણ આપવામાં આવશે અને આખું જૈન વાતાવરણ રાષ્ટ્રહિતની નજરે યોજાશે. એ સંસ્થાઓ દુનિયાને મૈત્રી અને પ્રેમના સંદેશા પહોંચાડશે અને નવયુગની સંહિતાઓ રચશે. એ એક ભારે ખૂબી એ નીપજાવી કમાલ કરશે કે મૂળ સિદ્ધાન્તના અવિરોધપણે આખી શાસનપદ્ધતિમાં મહા પરિવર્તન નીપજાવશે અને તેના સંદેશાઓ જૈન દુનિયા આતુરતાથી તપાસશે અને પ્રેમભાવે સ્વીકારશે. આવી સંસ્થાઓને ભીખ માગવી નહિ પડે, ઊલટું તેઓ પાસે એટલી બક્ષીસો અને રકમો આવશે કે તેમને ના કહેવાનો સમય આવી લાગશે.

## એના સંચાલકો કેવા હશે?

આવી સંસ્થાના સંચાલકો માત્ર કેળવાયલા જ રહેશે. એ સેવાભાવે સંચાલકનું સ્થાન લેશે. એ કેળવણીની પ્રત્યેક દિશાનો અભ્યાસ કરશે. એ કેળવણીનું શાસ્ત્ર વિજ્ઞાન તરીકે કેમ ખીલવાય તેને માટે અહોનિશ ચિંતા કરશે. ધનિક વર્ગમાંથી જે કેળવણીનું શાસ્ત્ર સમજતા હશે તે પણ એવી જ રીતે સંચાલક પદે આવશે.

આવાં વિદ્યાર્થીગૃહોના નિયામક ખૂબ સેવાભાવી રહેશે. એને વિદ્યાર્થીવર્ગ તરફ વાત્સલ્ય રહેશે. એ પ્રેમપૂર્વક સર્વ વ્યવસ્થા કરશે. વિદ્યાર્થી સાથે એનો પિતાપુત્રનો સંબંધ રહેશે. એના તરફ વિદ્યાર્થીવર્ગની મમતા અને માન રહેશે. તેવો સેવાભાવી આત્મા ગૃહસ્થ કરતાં વધારે પૂજ્યભાવ ઉત્પન્ન કરશે. એ મધ્યમ કક્ષામાં પોતાનું સ્થાન લેશે. એ મધ્યમ કક્ષા કેવી થશે તે આગળ જતાં સાધુસંસ્થાની વિચારણાને અંગે આવશે. આ વિદ્યાર્થીગૃહો આ રીતે આવતા યુગમાં ખૂબ અગત્યનું સ્થાન બજાવશે.

એવી સંસ્થામાં સર્વ વર્ગના બાળકો આવશે. ત્યાં ધનવાન ગરીબનો ભેદ ટળી જશે. સમાનભાવે ઉછરેલા બાળકો એ જ સમાનભાવ પોતાના જીવનમાં ઉતારશે. નવયુગના ઉત્સાહ, ધૈર્ય અને દીર્ઘદર્શિતાના વાતાવરણમાં ઉછરી યુગધર્મની વિભૂતિથી વિભૂષિત થઈ એ નવીન વર્ગ નવયુગનો આદર્શ જૈન બનશે. એનામાં ધર્મભાવના ઝળહળશે, એનો ત્યાગ સેવાભાવનું રૂપ લેશે, એની શાંતિ શમનું લક્ષણ બતાવશે, એનો વ્યવહાર એને અનાસક્ત રાખશે અને એનો જૈનધર્મ તરફનો આદર્શ પ્રેમ વિવેકીને ખૂબ આનંદ આપશે. નવયુગના જૈનના જે અનેક પ્રસંગો અત્રે બતાવવા પ્રયત્ન થયો છે તે આ સંસ્થામાંથી નીકળેલા વિદ્યાર્થીઓમાં પ્રથમ આકાર લેશે અને પછી તેનો આજુબાજુ વિસ્તાર થશે.

એ સંસ્થાના આત્મત્યાગી નિયામક આદર્શ રૂપ થશે અને તે કાર્ય માટે સેવાભાવે કામ કરનારા અનેક નરવીરો નીકળી આવશે અને તેઓ ઉપર જણાવ્યું તેમ મધ્યમ કક્ષાના વિભાગમાં ઉચ્ચ સ્થાન લેશે. તેમના કાર્યમાં મદદ કરનાર, અભ્યાસ કરાવનાર, સ્વચ્છતા રખાવનાર, વિશુદ્ધ વાતાવરણ રખાવનાર અનેક અનેક વિષયોના નિષ્ણાત પૃથક્ પૃથક્ કાર્યવાહકો તેમની સાથે મદદગારરૂપે જોડાશે અને આ રીતે એક અભિનવ તંત્ર સબળ લક્ષ્યવેધી અને સેવાભાવને સર્વસ્વ માનનાર ઊભું થશે જેની સરખામણી કરવા યોગ્ય અત્યારે કોઈ સંસ્થા કે વ્યક્તિ નથી.

આવાં ગૃહો ધીમે ધીમે કેળવણી આપનાર સંસ્થાનું રૂપ પણ લેશે, અનેક સંસ્થાઓ મળીને વિશ્વવિદ્યાલય પણ બનાવશે અને શાંતિથી કાર્યસાધક થઈ કેળવણીના પ્રશ્નનો નિકાલ કરશે. એના નિર્ણયોમાં સંકુચિત વૃત્તિને સ્થાન નહિ હોય.

કેળવણી કેવા પ્રકારની આપવામાં આવશે તે આગળ વિચારવાનું છે, પણ એક મુદ્દો ખાસ આગળ કરવામાં આવશે કે જ્ઞાનના માર્ગમાં કોઈ પણ પ્રકારનો અંતરાય કે ઉપઘાત ન થવો જોઈએ. એ આખા કેળવણીના પ્રશ્નને આગળ છણશે ત્યારે એના જુદા જુદા આવિર્ભાવો દેખાઈ આવશે.

નવયુગના જૈનના ધર્મ સંબંધી વિચારો કેવા પ્રકારના થશે એ જાણવાની સર્વથી વધારે ઇચ્છા–જિજ્ઞાસા થાય તે સ્વાભાવિક છે. તેથી આપણે ધર્મક્ષેત્રને પ્રથમ હાથ ધરીએ. આ ધર્મ-ક્ષેત્રની વિચારણા કરતાં નવયુગનાં કેટલાંક મુખ્ય લક્ષણ બરાબર જણાઈ આવશે.

## પ્રકરણ ૬ ઠું

# ચરણકરણાનુયોગ

નવયુગને એમ લાગશે કે છેલ્લા થોડા સૈકાઓથી અત્યાર સુધી **ધર્મ** શબ્દની વ્યાખ્યા ખૂબ સંકોચાઈ ગઈ છે. એને એમ લાગશે કે જે ધર્મ નય–દૃષ્ટિબિન્દુઓના સિદ્ધાન્ત રજૂ કરી શક્યો, જેણે ન્યાયને એના અપૂર્વ સ્વરૂપમાં બતાવ્યો, જેનો પ્રમાણવાદ અકાટ્ય ગણાયો, જેણે જ્ઞાનને અદ્‌ભુત પદ આપ્યું, જેણે ઊંચામાં ઊંચી દશામાં પણ જ્ઞાનને આત્મા બતાવ્યો, જેણે કર્મ નિગોદ નિક્ષેપને અતિ ઉચ્ચ રીતે વર્ણવ્યાં, જેણે વિશ્વવ્યવસ્થાને અનાદિ હોવા છતાં પરિજ્ઞેય સ્વરૂપ આપ્યું, જેણે આત્માની અનંત શક્તિ બતાવી, જેણે બુદ્ધિગ્રાહ્ય વિકાસમાર્ગ સમજાવ્યો અને જેણે જગદ્‌વંદ્ય યતિમાર્ગ અને શ્રાદ્ધમાર્ગની પ્રરૂપણા કરી, જેના ભગવાનના સમવસરણમાં આસ્તિક–નાસ્તિક, ભક્ત–વિરોધી, સેવક–સેવ્ય, ચક્રવર્તી અને ભિક્ષુક, બ્રાહ્મણ અને વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર પોષાણા, જેનો આખો માર્ગ અક્કલથી સમજાય તેવો, વિવેકથી ગળે ઉતરે તેવો, બાહ્યશુદ્ધિ અને અંતરશુદ્ધિને સરખું સ્થાન આપનાર–તેની છેલ્લાં થોડા સૈકાઓમાં શી સ્થિતિ કરવામાં આવી છે? એ ધર્મને મૂળ

સ્વરૂપે આત્મધર્મ સમજવાને બદલે જાણે અમુક ક્રિયા કરનાર ધર્મને અનુસરનારા હોય તેવું સ્વરૂપ અપાઈ ગયું. એ આત્મધર્મને બદલે કુળધર્મ થઈ ગયો. જે ધર્મમાં વ્યક્તિગત આત્માને મોક્ષ જવાની યોગ્યતા હતી, જ્યાં બ્રાહ્મણ, શૂદ્ર કે ગમે તે જાતિની વ્યક્તિ શાંતિ મેળવી આત્મધર્મને અજવાળતી, ત્યાં આ બધા જ્ઞાતિના ભેદ, ક્રિયાની મુખ્યતા, ધામધૂમ, જમણવાર અને ધમાલ ક્યાંથી દાખલ થઈ ગયાં? આવા આવા અનેક પ્રશ્નો તેના મગજમાં ઉઠશે.

## ક્ષીરનીરનો વિવેક

એટલે એ ક્ષીરનીરનો વિવેક કરવા માંડશે. એને એટલી કેળવણી મળી ચૂકી હશે કે એ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય ગ્રંથો વાંચીને બાંધી શકશે અને ઇતિહાસ દ્વારા સર્વ ગૂંચવણો ક્યાંથી ઊભી થઈ અને કોણે ઊભી કરી એની એ સૂક્ષ્મ શોધ કરશે અને શુદ્ધ માર્ગ—મૂળ માર્ગ—સનાતન માર્ગ કયો છે તેનો એ વિવેકપૂર્વક વિચાર કરવા સારૂ શોધખોળ કરશે.

એને શોધખોળનાં સાધનો પ્રાપ્ત થશે. નહિ પ્રાપ્ત થઇ શક્યા હોય તેવાં સાધનો મેળવવા એ પ્રયત્ન કરશે. મોટી સંખ્યાના વિદ્વાનો સનાતન માર્ગ અને વચ્ચેના વખતમાં પેસી ગયેલા રિવાજોની શોધખોળ પ્રેમભાવે શોધકદૃષ્ટિએ જિજ્ઞાસાબળે કરશે.

આ મૂળ માર્ગની શોધમાં એ અનેક લેખો વગેરે સાધનોનો ઉપયોગ કરશે, પણ એનો મુખ્ય આધાર મૂળ ગ્રંથો ઉપર રહેશે. પ્રભુએ કહેલી અને ગણધરોએ ગૂંથેલી તથા ત્યાર પછીના પ્રભાવશાળી પુરુષોએ સંગ્રહી રાખેલી વિશિષ્ટ વાણી કોઈથી વાંચી શકાય નહિ એ વાત તેને ગળે નહિ ઊતરે. જૈન ધર્મના મૂળ સિદ્ધાંત એના અસલ સ્વરૂપમાં જમાનાની અસર વગર સનાતન સ્વરૂપે

ત્યાંથી જ મળી શકે એવો એનો દૃઢ નિર્ણય રહેશે. એની ટીકાઓ વગેરે ઉપર યુગની અસરો ક્યાં ક્યાં થઈ છે તે એ બરાબર જોઈ શકશે. એ દૃષ્ટિવાદ કે ચૌદ પૂર્વ ભૂલાઈ ગયા તે માટે દિલગીર થશે, પણ પૂર્વ કાળની પરા વિદ્યાને એ મૂળ સ્વરૂપે નિહાળવા અસ્ખલિત પ્રયાસ કરી વિશ્વને ચકિત કરે એવાં રહસ્યો નીતારી કાઢશે.

અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલાં આગમોને, એના સંબંધમાં યુરોપના સ્કોલરોની શોધખોળોને, અપ્રસિદ્ધ રહસ્ય ગ્રંથોને, ચરિત્રોને એ ખૂબ ઉથલાવશે અને પ્રત્યેક વિષય પર નવીન પ્રકાશ પાડશે.

એનો ખરો રસ અનેકાંતવાદને એના યથાર્થ સ્વરૂપે રજૂ કરવામાં રહેશે. એ ન્યાયની ઝીણી કોટિઓમાં ઝીણવટથી ઉતરશે અને દુનિયાને શાંતિ અહિંસા અને ખરા સ્વરાજ્ય — આત્મરાજ્યના ઝરણાં ભરી ભરીને પાશે.

એને દેખાશે કે વચ્ચેના વખતમાં જૈન જનતા ખૂબ અંધકારમાં ઉતરી ગઈ છે. એને લાગશે કે ક્રિયા માર્ગ ઉપર અણઘટતો વધારે પડતો ભાર મૂકાયો છે. ક્રિયાનું ઉપયોગીપણું એ જરૂર સ્વીકારશે પણ ક્રિયાને એ સાધનરૂપ છે એમ સમજશે અને એને જૈન દર્શનની ઇતિ કર્તવ્યતાની કક્ષામાં કદી નહિ મૂકે. સાધનધર્મોને એ યથાસ્થિત સ્થાન આપશે, પણ માર્ગભેદ એને ગૂંચવી નહિ દે. એ માર્ગભેદના મતભેદને વધારે પડતું સ્થાન નહિ આપે અને તેમ કરવું તે જ જૈનના મૂળ સિદ્ધાંતને અનુરૂપ છે એમ બતાવવા તે અનેક આધારો રજૂ કરશે. અત્યારે અમુક તિથિએ અમુક પદાર્થ–લીલી વનસ્પતિ વગેરે ન ખાનાર કે જિનપૂજા કરનાર કે રાત્રિભોજન ન કરનાર અથવા કંદમૂળ ન ખાનાર — મુખ્યતયા આ ચાર નિયમ જાળવનાર જૈન છે અને એમ ન કરનાર જૈન

નથી એવી વ્યાખ્યા એને માન્ય નહિ થાય. એ ત્યાગધર્મને ખૂબ પોષણ આપશે. બને તેટલો ત્યાગ કરવો એ જૈન ધર્મનું પરમ રહસ્ય છે એમ તે બતાવશે. એને આખો મૂળ માર્ગ જોતાં ઐતિહાસિક નજરે લાગશે કે જૈન ધર્મના નીતિવિભાગનું આખું ચણતર અહિંસા, સંયમ અને તપ પર થયેલું છે. એને અહિંસાની ખૂબ તાલાવેલી લાગશે. એને જે હાસ્યાસ્પદ રૂપ અપાય છે તેને બદલે એ વૈજ્ઞાનિક રૂપ આપશે. સંયમને ઉચ્ચ આસને બેસાડશે અને તપનાં ગુણ ગાશે, પણ એ જૈન ધર્મનું સર્વસ્વ છે એમ એ કદી નહિ માને. એના તરફ પૂર્ણ પ્રેમ રાખી એને જીવવા એ પ્રયત્ન કરશે, પણ એનું મુખ્ય લક્ષ દ્રવ્યાનુયોગ તરફ રહેશે. એ જૈન ધર્મના પ્રત્યેક નિયમનો અભ્યાસ અને વર્તન કરશે. એને પ્રત્યેક નિયમોનું પૃથક્કરણ કરતાં આવડશે. એ લાભાલાભની તુલના કરશે. એ દેશકાળના સૂત્રોને વ્યવહારુ રીતે લાગુ પાડશે અને એ એમાં અટવાઈ નહિ જાય.

આ દેશકાળના સૂત્રને જરા ખુલાસાની જરૂર છે. એને જૈનદર્શનના ચરણકરણનો અભ્યાસ કરતાં જણાશે કે વિધિ કે નિષેધને જૈન દર્શનમાં સ્થાન નથી. એકાંતની જ જ્યાં પોષણા ન હોય ત્યાં અમુક આમ જ કરવું જોઈએ કે અમુક આમ ન જ કરવું જોઈએ એવો નિશ્ચય ન હોઈ શકે. એને શાસ્ત્રમાં માલૂમ પડશે કે પ્રત્યેક ક્રિયા કરતાં પહેલાં લાભાલાભની તુલના કરવાની હોય છે. જે કાર્યમાં લાભ વિશેષ અને હાનિ ઓછી તે વ્યક્તિગત દૃષ્ટિએ તેને કરવા યોગ્ય. આ એક મુદ્દાનો ચરણકરણનો સિદ્ધાંત.

## દેશકાળની નજરથી વિવેક

બીજો સિદ્ધાન્ત દેશકાળને અનુસરી નિર્ણય કરવો. એ બાબતની પરવાનગી એની નજરે જૈનદર્શન આપે છે એમ તે

માનશે. એ દરેક વસ્તુને એનું યથાયોગ્ય સ્થાન આપશે. કોઈ વાત નહિ બેસે તો તે ચર્ચા કરશે. દાખલા તરીકે એને લાગશે કે માર્ગાનુસારીના છઠ્ઠા ગુણમાં કહ્યું છે કે 'તે (જૈન) કોઈનો અવર્ણવાદ ન બોલે, રાજાદિકોનો ખાસ કરીને.' છતાં એને એમ લાગશે કે પોતાનામાં તાકાત, આવડત અને અભ્યાસ હોય તો રાજાને એના યથાસ્વરૂપમાં બતાવવા જોઈએ. તો આને એ પોતાની ફરજ સમજશે, એ પોતાનો રાષ્ટ્રધર્મ સમજશે અને રાષ્ટ્રધર્મ–સમષ્ટિહિતને ધર્મ સાથે કદી વિરોધ હોઈ શકે નહિ. તેથી એ પ્રસંગ જોઈ આખી રાજાની સંસ્થાને તોડી પાડવા પ્રયત્ન કરશે અને છતાં તેમ કરતાં એ જૈનધર્મના નિયમને તોડે છે એમ તે માનશે નહિ. એ જ ગુણો પૈકી ૨૨મા અદેશ અને અકાળ ચર્યાને તજવાની બાબત બતાવેલી હોવાથી તેના મગજનું સમાધાન થઈ જશે.

તેવી જ રીતે બહાર નીકળવાના અનેક દરવાજાવાળા ઘરને કદાચ એ તજી નહિ દે, તો પણ એ સમજશે કે અમુક સમય એવો હતો કે ઘરને વિશેષ બારીબારણાં રાખવાં એ જાનમાલને અગવડમાં મૂકવા જેવું ધારવામાં આવ્યું હોય; અત્યારના આરોગ્યના નિયમ પ્રમાણે બારીબારણાં વધારે રાખવામાં આવે તો તેથી જૈન મટી જવાશે એવું તેને કદી લાગશે નહિ અને તેમ તે માનશે નહિ. મુસલમાની રાજ્ય વખતની અવ્યવસ્થાના નિયમો આ કાળમાં આવી બાબતમાં લાગુ ન પડે એમ તે માનશે.

એનામાં એટલો વિવેક આવશે ને તે માનશે કે ઇંદ્રિયદમન, અતિથિપૂજન, ગુણપક્ષપાતીત્વ આદિ નિયમો સર્વ કાળમાં લાગે તેવા છે જ્યારે અમુક નિયમો અમુક યુગને માટે જ લાગે તેવા હોય છે. યુગે યુગે સંહિતા બદલાય છે. જૈન દૃષ્ટિએ યુગે યુગે સમાચારી બરાબર બદલી છે એમ તે ઇતિહાસથી જોઈ શકશે

અને દેશકાળ–સમયધર્મ એ જૈન ધર્મનું આવશ્યક અંગ છે એમ તે સમજશે. એટલું જ નહિ પણ એમ ન સમજનાર જૈન ધર્મના સામાન્ય મુદ્દાને કે રહસ્યને સમજી શક્યા નથી એમ તેને લાગશે. એનામાં વળી વિશેષ વિવેક એટલો આવશે કે ચર્ચા કરી સમજવા પ્રયત્ન કરશે, દેશકાળના નિયમને લાભાલાભની તુલનાને કસોટિ ઉપર ચઢાવશે અને પોતાનો અભિપ્રાય ફેરવવા આતુર રહેશે.

## ચરણકરણની સ્વતંત્રતા

ટૂંકામાં કહીએ તો ચરણકરણ — ચારિત્ર અને ક્રિયામાં એ સર્વને છૂટછાટ આપવા ઉદ્યુક્ત રહેશે અને છતાં તે સ્વચ્છંદતાને કદિ નહિ સ્વીકારે. જ્યાં સુધી બને ત્યાં સુધી સનાતન માર્ગના સિદ્ધ માર્ગોને અનુસરવા એ આગ્રહ રાખશે, પણ કોઈને વિચારપૂર્વક અન્ય માર્ગે પોતાની સિદ્ધિ સાધતો તે જોશે તો પણ તેથી સાધનધર્મના સંબંધમાં તેની સાથે તે વિરોધ નહિ કરે અથવા તેને ઉખેડી ફેંકી દેવાનો અજૈનમાર્ગ કદી અખત્યાર નહિ કરે.

એ મુખ્ય આધાર દૃષ્ટિબિંદુ ઉપર જ રાખશે. દાખલા તરીકે એ લજ્જાળુપણાના ગુણોમાં જરૂર માનશે, પણ બૈરી માંદી હોય, દાક્તરને બોલાવવાની જરૂર હોય છતાં માબાપ બેઠા એ કામ તેનાથી થાય નહિ એવી લજ્જામાં તે નહિ માને. એ પાપથી લજ્જા પામશે, પણ એના બાપદાદાના લજ્જા સંબંધીના ખ્યાલો અને તેના ખ્યાલોમાં જમીનઆસમાન જેટલો તફાવત પડી જશે અને છતાં તે જૈન મટી જાય છે એવું તેને લાગશે નહિ અને કોઈ તેને તેમ મનાવવા પ્રયત્ન કરે તો તે વાત ઉપર તે વિચાર જરૂર કરશે, પણ અમુક સ્થાનેથી આવે છે માટે તે આંખો મીંચીને સ્વીકારી લેશે નહિ. દરેક બાબતમાં તે મૂળ આશય

અને વર્તમાન દેશકાળને બરાબર તોળશે અને સમયધર્મને પિછાની તે અનુસાર પોતાનું વર્તન તેની નજરે ધર્મ્ય માર્ગ લાગશે ત્યાં ગોઠવશે.

એ પ્રત્યેક ગુણોની પરસ્પર અસર કેવી થાય છે તેની ખૂબ ચર્ચા કરશે. લજ્જાવાનને દયાળુ રહેવું હોય, દીર્ઘદર્શીને અધિકારી વર્ગની ઉચ્છૃંખલતા ઉઘાડી પાડવી હોય, સૌમ્ય માણસ રાજકારણમાં ભાગ લે ત્યાં રાષ્ટ્રહિત જાળવવામાં કેવા પ્રકારની શાંતિ રાખવી જોઈએ વગેરે આખો નવીન વિચારણામાર્ગ ઊભો કરી એ પ્રાચીન બાબતોને એના વર્તમાન આકારમાં બરાબર ગોઠવશે. ટૂંકામાં કહીએ તો વર્તનના ગુણોને એ તદ્દન નવીન આકાર આપશે અથવા જૈન પરિભાષામાં કહીએ તો મૂળ બાબતોને અનુરૂપ એ આખી સમાચારી નવીન રૂપે ઘડશે. આમાં મૂળ મુદ્દાને વિરોધ ન આવે અને વર્તમાન યુગમાં જૈન પ્રજા પરસ્પર અવિરોધે ત્રણે વર્ગ સાધી શકે એ એનું સાધ્ય અવશ્ય રહેશે, પણ પરિસ્થિતિ એટલો પલટો પામી જશે કે ઉપરચોટિયા સમજનારને એમાં ધર્મ ઉથલાઈ જતો દેખાશે.

આ તો ચારિત્રના શરૂઆતના માર્ગાનુસારીના ગુણોને અંગે વાત થઈ. એની અંદરના વિચારણાનાં સાધનો અને મુદ્દાઓ ધ્યાનમાં રાખીને આગળ એ શ્રદ્ધામાર્ગમાં પણ મોટો ફેરફાર કરી બતાવશે. એ ફેરફારની દિશાઓનું નિરૂપણ આગળ થશે.

ચરણની સાથે કરણની વાત પણ અહીં કરી નાખીએ. કરણ એટલે ક્રિયા—અનુષ્ઠાન. એને અંગે નવયુગનું વલણ કેવા પ્રકારનું રહેશે તે ભારે અગત્યનો સવાલ છે. ભારે અગત્યનો ખરો સવાલ તો દ્રવ્યાનુયોગનો છે જે તરતમાં જ હાથ ધરવાનો છે, પણ ક્રિયાને એટલું મહત્વ અપાયું છે કે આ જમાનાના

માણસોને એ સવાલ વધારે ઉપયોગી લાગે તે બનવાજોગ છે. એ સવાલને પણ સાથે સાથે જ અવલોકી જઈએ.

ક્રિયા અનુષ્ઠાનની ઉપયોગીતા નવયુગ જરૂર સ્વીકારશે. એ દ્રવ્યપૂજન, આવશ્યક, પૌષધ, સામાયિક આદિ સર્વ ક્રિયાઓને યોગ્ય સ્થાન આપશે. જે અધિકારીને એમાં રસ પડે તેને તે કરવા દેશે. પણ એ ક્રિયાને સર્વસ્વ નહિ માને. બાહ્ય ક્રિયા કરે તે જ જૈન રહી શકે એવી તેની માન્યતા નહિ થાય. એ અંતર્વૃત્તિની સુધારણામાં વિશેષ માનશે. દ્રવ્યપૂજામાં ચાર કલાક ગાળી દુકાને જઈ ૭૨ ટકા વ્યાજ લેનારને તે પ્રભુવચનને માનનાર નહિ ગણે. એની ભાવના વધારે સક્રિય સ્વરૂપ ધારણ કરશે.

## કર્મયોગમાં સેવાનું પ્રાધાન્ય

એનો કર્મયોગ સેવાનું સ્વરૂપ લેશે. એ દીન, અનાથ, દુઃખીની સેવા કરવામાં સક્રિય કર્મયોગ માનશે. એ માંદાની માવજત, પ્રસૂતિમાં પીડાતી સ્ત્રીની સુવાવડમાં માનશે. એ સુંદર આરોગ્ય ભવનો, દવાખાનાંઓ, વાચનાલયો, અનાથાલયો, ઉદ્યોગમંદિરો, વિદ્યાર્થીગૃહો, વિધવામંદિરોની સેવા કરવામાં પોતાનું કર્તવ્ય સમજશે. એ પોતાનાં સુખ સગવડ કે આરોગ્યની દરકાર કર્યા વગર જનતાની સેવા બને તેટલી નિઃસ્વાર્થ દષ્ટિએ કરવામાં ક્રિયાયોગ સાધશે. જનતાને જ્યાં જ્યાં સેવાની જરૂર જણાય ત્યાં ત્યાં એ દોડી જશે અને ખડે પગે કાર્ય બજાવશે. એનો ક્રિયામાર્ગ તદ્દન જુદું સ્વરૂપ લેશે. એ બેસી રહેવામાં, આળસુની જિંદગી ગુજારવામાં, કુથલી કરવામાં, આધાર વગરની વાતો કરવામાં નહિ માને, પણ વ્યવહારૂ વિવેકવાળી ક્રિયા કેવી રીતે કરવી તેની સમજણપૂર્વક એ પોતાનું કાર્યક્ષેત્ર શોધી લેશે.

એને ચાલુ ક્રિયા તરફ અરૂચિ કે દ્વેષ નહિ થાય, પણ એ ક્રિયામાં જે બાહ્ય ધામધૂમ અને ખોટો ભભકો દેખાય છે તે એને રૂચશે નહિ. સાદાઈ અને એકાગ્રતાને એ વધારે સ્થાન આપશે. પોતાના કાર્યમાંથી એને અવકાશ મળશે તો એ પૂજન આદિ જરૂર કરશે, પણ એને સેવાભાવમાં એટલી લય લાગશે કે એની સાથે વિરોધ થતો હોય ત્યારે એ સેવાભાવને પ્રાધાન્ય આપશે.

બાહ્ય ક્રિયારૂચિવાળા લોકો મોટા પાયા ઉપર વરઘોડા ચઢાવવામાં ધર્મનો ડંકો વાગતો જોઈ શકે છે તે એને નહિ રૂચે. એને એ બાહ્ય ધામધૂમ વર્તમાનયુગમાં બીનજરૂરી લાગશે. આખી કોમ કચરાઈ જતી હોય અને એક બાજુએ મિષ્ટાન્નમાં હજારો રૂપિયા ખરચાતા હોય અથવા પ્રેમી ભકતો લાખો રૂપિયા ખરચી હીરાજડિત મુકુટકુંડળ ઘડાવતા હોય એમાં એને પ્રત્યક્ષ વિરોધ દેખાશે. જ્યારે દેશમાં ધનધાન્યની સમૃદ્ધિ હતી, જ્યારે દૂધ વેચવું પાપમય ગણાતું હતું, જ્યારે ચાર માસની કૃષિ કે વ્યાપાર એક વર્ષની આજીવિકા આપતા હતા તે વખતે એવી ધામધુમનું સ્થાન કદાચ સમજી શકાય, પણ વર્તમાન પરિસ્થિતિમાં તો રીત-સરના નિર્વાહ માટે મોટો પ્રયાસ કરવો પડે છે ત્યાં એ ધામધૂમને સ્થાન જ ન હોઈ શકે એમ તે માનશે. એના ઇતિહાસના જ્ઞાનથી એ બતાવી આપશે કે હિંદના સુખી દિવસોમાં પણ એ બાહ્ય ધામધૂમો ધર્મનાં મૂળને સડાવી નાખનારી નીવડી હતી એમ તત્કાલીન વિચારકો લખી ગયા છે. તેથી એ પ્રકારની ધામધૂમે જૈનોને આડે રસ્તે ઉતારી જ્ઞાનમાર્ગથી વંચિત રાખ્યા છે; એમ છતાં આ યુગમાં તો કોઈ પણ રીતે બાહ્ય ધામધૂમને સ્થાન કે અવકાશ નથી જ એમ તે ભાર મૂકીને માનશે અને તે વાતનો પ્રચાર પણ એ વગર આશંકાએ અને પરિણામની દરકાર કર્યા વગર કરશે.

ટૂંકામાં કહીએ તો નવયુગનો કર્મયોગ તદ્દન જુદો આકાર લેશે. એનું ધ્યેય સેવા ઉપર રહેશે અને અન્યના ઉદ્ધારમાં એ સ્વપ્રગતિ જોશે. એની વિચારણા પોતાના જીવનને પોતાની અનુકૂળતા પ્રમાણે અન્યને ઉપયોગી કરવા તરફ વિશેષ થશે અને તે તેનું કાર્યક્ષેત્ર બનશે. એની ક્રિયા અને એનું અનુષ્ઠાનકર્મ સેવાના ધોરણ પર તદ્દન નવીન માર્ગે વહેશે. એ અનેક માર્ગો આગળ વિચારવામાં આવનાર છે.

આ પ્રમાણે ચરણકરણાનુયોગ પ્રત્યે નવયુગનું વલણ શું રહેશે તે વિચાર્યું. એ જૈનધર્મના ત્રણ મૂળ અંગોને કેવી રીતે પોષશે તે હવે વિચારી જઈએ.

# પ્રકરણ ૭ મું

## અહિંસા

જૈનધર્મનાં મૂળ અંગો ત્રણ: અહિંસા, સંયમ અને તપ. એ ત્રણેને અંગે નવયુગનું વલણ કેવું રહેશે તે ખાસ વિચારવા જેવું છે. આખી જૈન નીતિ વિષયનો પાયો આ ત્રણ મુદ્દા પર છે. પછી એમાંથી શ્રાદ્ધધર્મ, યતિધર્મ આગળ ચાલે, યોગના માર્ગો જોવાય, અષ્ટાંગયોગ વગેરે આવે અને વ્રત પચ્ચખ્ખાણ સર્વનો સમાવેશ થાય. ટૂંકામાં કહીએ તો જૈન આચારશાસ્ત્ર (Ethics) નો કુલ મુદ્દો આ ત્રણ શબ્દ પર નિર્ભર રહે છે. આ ત્રણ મુદ્દા વિચારવાથી ઘણી અગત્યની બાબતનાં વહેણ વિચારાઈ જશે.

### અહિંસા

નવયુગની આખી સમાજરચના અહિંસાના ધોરણ ઉપર રચાશે. અહિંસા વ્યક્તિગત ધર્મ હોવા ઉપરાંત રાષ્ટ્રધર્મ થશે. મનુષ્ય સંહારનાં સાધનો જેમ બને તેમ ઘટાડતા જવાં, વિ—જ્ઞાનનો ઉપયોગ વધ માટે ન કરતાં સંરક્ષણ માટે કરવો અને પરસ્પર વિરુદ્ધ જતાં સ્વાર્થોનાં સંઘટ્ટનો થાય ત્યારે પતાવટથી લવાદીથી નિકાલ લાવવાનું ધોરણ સ્વીકારાશે. મનુષ્યદયા પૂરતું

તો પ્રાગતિક કાર્ય સમસ્ત વિશ્વ સ્વીકારશે. એ લડાઈથી કંટાળી જશે, લડાઈનાં પરિણામો લડાઈનાં વર્ષોથી પાંચ દશ પંદરગણાં વર્ષ સુધી ચાલે તો પણ પૂરાં થતાં નથી અને જીતનારા પણ હારનારથી વધારે કફોડી સ્થિતિમાં આવે છે, એ જોયા પછી વિશ્વ મહાસંહારક યુદ્ધમાં ઝંપલાવતાં ખૂબ વિચાર કરશે. રાષ્ટ્રભાવના વિશ્વબંધુત્વનું રૂપ લેતી જશે અને તે કાર્યને હિંદનો રાષ્ટ્રવિધાતા ધાર્મિક સાથે વ્યવહારુ સ્વરૂપ આપી જશે.

આ તો મનુષ્યનાશ પૂરતી અહિંસાની ઉપયોગિતા થઈ, પણ નવયુગ એને જનાવર પશુપક્ષીની કોટિ સુધી બરાબર લઈ જશે અને આરોગ્ય સ્વચ્છતાના અભ્યાસ અને વ્યવહારથી નાની જીવાતોની ઉત્પત્તિનાં સ્થાનો ઉપર મોટી અસર કરશે.

એ ખોડાં ઢોર માટે પાંજરાપોળ કરશે તો તદ્દન નવીન ઢબે, અર્વાચીન મુદ્દાઓ ઉપરાંત અર્થશાસ્ત્રની દૃષ્ટિને પણ તેમાં સ્થાન આપશે. પાંજરાપોળમાં આવેલ ઢોર ઉપયોગીપણામાંથી હમેશને માટે બાતલ થાય છે એ વાતને તે નહિ સ્વીકારે, પણ પાંજરાપોળને તદ્દન નવી ઢબે આદર્શ સંસ્થા બનાવશે. ત્યાં સેવાભાવી દાક્તરો, વેટરનરી સર્જનો કામ કરશે, તેમાં મોટી ડેરીઓ ખૂલ્લી કરવામાં આવશે અને અનેક અપંગ અશક્ત માંદા જીવોને પોષવામાં આવશે અને છતાં પાંજરાપોળો પોતાના પગ ઉપર જ ઊભી રહે તેવી તે કરશે.

મનુષ્યદયા માટે માંદાની માવજત, પ્રસૂતિગૃહો, દવાખાનાં, હોસ્પિટલ, આરોગ્યભવનો એ નવયુગનાં મંદિરો બનશે. એમાં કામ કરી સેવા કરવી એમાં પોતાનો ધર્મ સમજશે અને એવાં ગૃહો–સ્થાનો અનેક આકારમાં ખૂબ સંખ્યામાં વધશે અને ત્યાં આદર્શ અહિંસાના જીવતાં સ્વરૂપો નજરે પડશે.

એ ઉપરાંત વિચારક્ષેત્રમાં અહિંસા સક્રિય રૂપ લેશે. કોઈની લાગણી દુઃખાવાય નહિ, અર્થ વગરની જાહેર ટીકા થાય નહિ, નિંદાકુથળીમાં સમય ગળાય નહિ — એવા અનેક વિચારોનો સક્રિય સ્વરૂપે વ્યવહાર થશે. અહિંસાના આખા વિષયને અનેક પ્રકારે ચર્ચવામાં આવશે, સ્વદયા પરદયા વિચારાશે, અનુબંધ દયા અને અંતરના આશયોનું પૃથક્કરણ કરવામાં આવશે. વિશેષ લાભાલાભની તુલના કરવામાં આવશે અને અહિંસાને એના અનેક સ્વરૂપમાં બહલાવી એ જૈનનો માનીતો વારસો ઠરશે અને તેનો સંદેશ જૈન ગૃહોમાં જ નહિ, પણ સાર્વત્રિક થઈ દેશેદેશ અને ગામેગામ પહોંચશે અને તે કાર્ય કરવામાં નવયુગનો જૈન ખૂબ રસ લેશે.

અહિંસા નવયુગમાં સ્થૂલ અને માનસિક બન્ને રૂપ લેશે. એનો અવકાશ વખત જતાં વધતો જ જશે. એના ઉપર ચર્ચાઓ પણ અતિ ઝીણવટથી થશે. એના પૃથક્કરણમાં સ્વરૂપદયા અને અનુબંધદયાને યોગ્ય સ્થાન મળશે. અને એના પ્રત્યેક વિષયમાં મૂળ આશય શાસ્ત્રકારોનો શો હતો તેની શોધખોળો જગત સન્મુખ રજૂ કરવામાં આવશે. 'અહિંસા પરમો ધર્મઃ' ક્યારનો છે, કેટલો જૂનો છે એનો આખો ઇતિહાસ રજૂ કરવામાં આવશે, એમાં જૈનોએ અને બૌદ્ધોએ ભજવેલા ભાગની વિગતો તારવવામાં આવશે અને બૌદ્ધધર્મ ત્યાર પછી અમુક અંશે કેમ ફરી ગયો તેનાં કારણો રજૂ કરવામાં આવશે. વેદમાં અસલ હિંસા નહોતી, ક્યારથી દાખલ થઈ, શા માટે દાખલ થઈ, એને ઠેકાણે લાવવા જૈન અને બૌદ્ધદર્શને કેવા પ્રયાસો કર્યા અને ભોગો આપ્યા તે સપ્રમાણ રજૂ કરી વિનીતભાવે નમ્રતાપૂર્વક દુનિયાને ચકિત કરે તેવી પદ્ધતિએ સુંદર કાર્ય અનેક દિશાએ અહિંસાના પ્રસાર અર્થે થશે અને પ્રાચીન સર્વ દર્શનોને તે સંમત છે એમ બતાવી અહિંસાને મુખ્ય સ્થાને બેસાડવામાં આવશે.

આ સર્વ બાબતોમાં અન્યની લાગણી ન દુઃખાય તેવી પદ્ધતિ સ્વીકારવામાં આવશે. લાગણીના આઘાતને હિંસા માનવામાં આવશે. સમજાવટથી, દલીલથી, યુક્તિથી નિખાલસપણે અહિંસાની વાતને એવી વૈજ્ઞાનિક પદ્ધતિએ રજૂ કરવામાં આવશે કે અત્યારે માંસાહારી પ્રજા છે તેનો મોટો ભાગ સ્વયં પ્રેરણાથી માંસનો ત્યાગ કરી દેશે. અત્યારે જે વાત સ્વપ્ન જેવી ખ્યાલી લાગે છે તેને આવતો યુગ વ્યવહારુ આકારમાં આત્મભોગ, અભ્યાસ અને સમજાવટની કુનેહથી સિદ્ધ કરી બતાવશે. અનેક પ્રયત્નોને પરિણામે અહિંસાને બહુ ઉચ્ચ સ્થાન નવયુગમાં મળશે અને તેના પ્રેરક તરીકે નવયુગના જૈનને પોતાના જીવનનું સાફલ્ય કરવાનું માન મળશે.

નવયુગ ધર્મ સંબંધી આક્ષેપક ચર્ચા કરશે નહિ. એમ કરવામાં એના અહિંસાના ધોરણને ક્ષતિ ઉપજતી લાગશે. એ પરમતસહિષ્ણુતા બરાબર ખીલવશે. છતાં એ સહિષ્ણુતા સાથે અહિંસાનો વિચાર વિશ્વને પારણે બાંધવામાં તેને વિરોધ નહિ લાગે, વાંધો નહિ આવે અને તે પોતાના અહિંસક ભાવને પોષી સર્વદર્શનને યોગ્ય માન આપી અહિંસાને સર્વગ્રાહી અને ઘરગથ્થુ કરી શકશે. અહિંસાના વિષયની અનેક દિશાઓ છે, તેના મુદ્દા અત્રે ચર્ચ્યા છે. વધારે બારીક વિગતો એ મુદ્દા પરથી કલ્પી લેવી.

મુદ્દાની વાત એ છે કે અહિંસા અત્યારે માત્ર જૈનનો જ ધર્મ છે અને અલ્પાંશે અન્યનો પણ ધર્મ છે એવી પરિસ્થિતિ થઈ રહી છે, તેને બદલે અહિંસા સાર્વત્રિક થતી જશે અને તે કરવાની યોજના અને અમલ જૈનને હાથે થશે અને અહિંસાનો પ્રસાર તે જૈન ધર્મનો પ્રસાર છે એમ દુનિયા સ્વીકારશે. આ અતિ વિકટ કાર્ય નવયુગ કરશે. એ અહિંસાના સિદ્ધાંતને

ઉપાશ્રયમાં કે જૈનોનાં ઘરોમાં ગૂંગળાવી નહિ નાંખે પણ એનું વ્યવહારુ સ્વરૂપ રજુ કરી દુનિયાને ગળે ઉતારશે.

અહિંસાને અંગે જૈનોના સંબંધમાં જે ખોટી સમજુતી અન્યત્ર ફેલાવવામાં આવેલી છે, તેમને માંકડ ચાંચડના પોષનારા માનવામાં આવે છે, તેઓને ગંદા ગણવામાં આવે છે તે સર્વ નવયુગનો જૈન દૂર કરશે. એમાં એ ભારે કુનેહ બતાવશે. સમજાવટના પ્રયોગો, સ્વચ્છતાના સિદ્ધાંતો, સુઘડતાના નિયમો વગેરેનો એ આરોગ્યની દષ્ટિએ એવો સુંદર ઉપયોગ કરશે અને સામાન્ય બાબતોને એ નવયુગમાં એવું સુંદર રૂપ આપશે કે અત્યારે ટીકાપાત્ર થતી કોમ અને વગોવાતો ધર્મ વિવેકના ઉચ્ચ સિંહાસન પર બેસશે. અભ્યાસ, સેવાભાવ, આવડત, દક્ષતા અને ચીવટને પરિણામે અહિંસાના માનવંતા આદર્શને માનવજાતિનો આદર્શ બનાવવાનું કાર્ય બહુ સરળતાથી, સીફતથી અને અંતરની ઉર્મિથી કરશે અને જગત તેને યોગ્ય આકારે આનંદપૂર્વક વધાવી લેશે.

# પ્રકરણ ૮ મું

## સંયમ

સંયમનો વિષય વધારે અગત્યનો છે. સંયમની શ્રેણીઓ બંધાશે અને અધિકારી યોગ્યતા પ્રમાણે તેમાં ભાગ લેશે.

સામાન્ય કક્ષાના માણસો — જૈનો પણ માર્ગાનુસારીના ગુણોને દેશકાળ યોગ્ય ફેરફાર સાથે બહુ પ્રેમથી સ્વીકારશે. એનો પ્રથમ ગુણ ન્યાયસંપન્ન વિભવનો છે, એ વાત તરફ ઘણી ઉપેક્ષા થઈ હોય એમ તેને લાગશે. જૈન નામ ધરાવનાર અપ્રમાણિકપણે ધન પેદા કરવાનો સંકલ્પ પણ ન કરે એમ નવયુગનો જૈન માનશે. પોતાનો હક્ક ન હોય તેવા ધનની લાલચને લાત મારતાં તેને આવડશે. જે ધન કમાતાં આત્મા વેચવો પડતો હોય તેને તજવાની શક્તિ તેનામાં અભ્યાસથી ને વિચારણાથી આવશે. એને ખાતરી થશે કે જૈન નામ ધરાવનારથી કદી અનીતિને માર્ગે પેટ ભરાય નહિ, એને મોટો વૈભવ ભોગવવાની લાલસા નહિ થાય, પણ ચાલુ ભરણપોષણ માટે પણ અન્યાયનો માર્ગ એ કદિ નહિ લે. એને એમ લાગશે કે એ ગુણ તો ખાસ હોવો જ જોઈએ. એ કરવામાં કાંઈ વિશેષ કરતો હોય તેવું તેને લાગશે પણ નહિ.

તદ્દન પ્રમાણિક વ્યાપારી જોઈએ તો તે જૈન જ હોય, ઓછા તોલ, ઓછાં માપ, બે ભાવ, નામામાં ગોટાળા, સાચાખોટા હવાલા એ જૈનની પેઢી પર ન હોય. આવી છાપ એ જરૂર પાડશે.

એ ઉપરાંત એની કૃપા, દયા, કૃતજ્ઞતા અને પરગુણ સમજવાની શક્તિ વધતી જ જશે. એને સત્ય માટે અહિંસા જેટલો જ આગ્રહ રહેશે. ભગવાન મહાવીરના શ્રાવકથી અસત્ય બોલાય જ નહિ, અને તેનું પ્રમાણિકપણું હાઈકોર્ટના જજના પ્રમાણિકપણાથી ઓછું તો ન જ હોય, એટલું જ નહિ પણ એ માટે એની પ્રતિષ્ઠા પણ એટલી જ હોય. એ તો જૈન છે એવા શબ્દ સાથે એ સત્ય અને પ્રમાણિકપણાનો આદર્શ છે એવી પ્રતિષ્ઠા જમાવવાનો નવયુગનો આદર્શ રહેશે.

એ પોતાની બુદ્ધિનો ઉપયોગ આ પ્રાથમિક ગુણોને અંગે જરૂર કરશે. આપણે જરા ઉપગુણોને અંગે[1] તેનું વલણ જોઈ લઈએ એટલે આખા સંયમમાર્ગ તરફનું નવયુગનું વલણ જણાઈ આવશે.

## સંયમમાર્ગ તરફ નવયુગનું વલણ

ન્યાય સંપન્ન વિભવ સંબંધી ઉપર ચર્ચા આવી ગઈ. (૧)

શિષ્ટાચારની પ્રશંસા તે ખૂબ કરશે, પણ આચારને અંગે એનું મુખ્ય લક્ષ્ય અંતર્વર્તન તરફ વધારે રહેશે. બાહ્યાચારને એ માત્ર સાધન તરીકે ઉપયોગી ગણશે, પણ એનો મદાર અંતર્ધર્મ ઉપર સવિશેષ રહેશે. (૨)

૧. આ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો છે. એની વ્યાખ્યા શ્રી હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રમાંથી લીધી છે. (૧. ૪૭–૫૬)

લગ્ન કોની સાથે કરવાં, ક્યારે કરવાં તે સંબંધી તેના વિચારો ખૂબ સ્વતંત્ર રહેશે, લગ્નનું આખું પ્રકરણ આગળ વિચારવાનું છે. તે જ્ઞાતિભેદને માનશે નહિ. પ્રેમલગ્નને પસંદગીથી કરવામાં જ માનશે અને એને અંગે કૃત્રિમ બંધનોમાં તે માનશે નહિ. લગ્ન સંબંધી એક સારો જેવો ભાગ તદ્દન બેદરકારી બતાવશે અને કૌમાર્યવ્રત—બ્રહ્મચર્ય પાળવામાં જીવનનું સાર્થક્ય માનશે. આ પ્રસંગ પર આગળ ઘણું વક્તવ્ય થવાનું છે ત્યાં તે જોઈ લેવું. (૩)

પાપભીરૂ તે ખૂબ રહેશે અને ઝીણવટથી પાપને ઓળખશે અને તેનાથી ડરીને નહિ, પણ ફરજ સમજીને તેનાથી દૂર રહેશે. (૪)

પ્રસિદ્ધ દેશાચારના સંબંધમાં એ ખૂબ છૂટ લેશે. અવ્યવસ્થિત આચારને એ માનશે નહિ. એ બાબતને એ સંયમના પેટા નીચે નહિ ગણે. એનો આચારભેદ વિશેષ સ્વચ્છંદતા માટે નહિ હોય, પણ અનેક આચારો આ કાળને પ્રતિકૂળ અથવા બીનજરૂરી તેને લાગશે માટે તેનાં ઉપર પગ મૂકવામાં તે જરા પણ ક્ષોભ નહિ પામે. (૫)

તે કોઈના અવર્ણવાદ નહિ બોલે, પણ રાજ્ય અને અધિકારીવર્ગ સામે એ ખૂબ માથું ઊચકશે. એને રાજસત્તા માત્ર સ્વાર્થી ત્રાસ આપનારી અને સ્વતંત્રતાની વિરોધક લાગશે. રાજ્યસત્તાને તોડી ઉખેડી ફેંકી દેવા ખાતર તે અનેક પ્રકારના ભોગ આપશે અને તેમ કરવામાં તે સંયમમાર્ગની પોષણા સમજશે. અવર્ણવાદમાં જાહેર ટીકા આવી જાય છે એમ ટીકાનો અર્થ વિચારતાં બેસે છે. એ નિંદાની ખાતર ટીકા નહિ કરે પણ જાહેર હિત ખાતર કરશે. (૬)

પોતાને રહેવા માટે કેવું ઘર બાંધવું અથવા પસંદ કરવું અને ત્યાં આરોગ્યના નિયમો કેવી રીતે જાળવવા તે પોતે શોધી લેશે.

એમાં હજાર વર્ષ પહેલાંની પરિસ્થિતિના વિચારો તે વિચારશે ખરો પણ તેને માર્ગદર્શક તરીકે નહિ ગણે. અહીં તે સમય-ધર્મનો પ્રબંધ ગોઠવશે અને દેશકાળના સિદ્ધાન્તોને માન આપશે. (૭)

સદાચારી સાથે એ સંગ કરશે. એને મજા જ એવા પ્રસંગમાં આવશે. માતાપિતાની પૂજા કરનારો એ થશે. (૮)

પણ માતાપિતાની સાથે ચર્ચા કરવામાં તે વડિલનું માનભંગ નહિ માને અને પ્રમાણિક મતભેદ પડશે તો માતપિતાને મૂકી દેશે. એનું લક્ષ્ય એનાં સંયમ, રાષ્ટ્રધર્મ અને આત્મોન્નતિનું જ રહેશે. (૯)

ઉપદ્રવવાળા સ્થાનને એ તજી નહિ દે. એ મરકી કે કોલેરા હોય ત્યાંથી નાસી નહિ જાય. રોગીની સેવા કરવી, એનાં દવાદારૂ કરવાં, એમને ફેરવવા, ઉપાડવા અથવા એમને દુઃખ ઓછું થાય તેમ કરવા તે પોતાનો સર્વ પ્રકારનો ભોગ આપવામાં ઉત્કૃષ્ટ સંયમ માનશે. માંદાની માવજત માટે ઇસ્પિતાલો, આરોગ્યગૃહો એ નવયુગનાં મંદિરો થશે. એને પોતાની કોઈ નિત્યક્રિયા અને માંદાની માવજત વચ્ચે પસંદગી કરવાની હશે તો બીજી વાતને મુખ્ય સ્થાન આપશે. માંદા પાસે બેસવું, તેને ઉપદેશ આપવો, તેની નિઝામણા કરવી, એવાં એવાં કાર્યમાં એ જીવન સાફલ્ય સમજશે અને તે બાબતમાં જૈન શાસ્ત્રકારનો મૂળ મુદ્દો શો હોવો જોઈએ તે ભાવદયાનાં આદર્શ ચિત્રો આળેખી બતાવી આપશે. (૧૦)

નિંદનીય કાર્યમાં તે પ્રવૃત્તિ નહિ કરે. એની નિંદનીક કાર્યની વ્યાખ્યા બહુ વિશાળ થશે અને તેમાં તે બરાબર માનશે. (૧૧)

આવક પ્રમાણે ખરચ રાખવાની તે જરૂર ઇચ્છા કરશે અને બનશે ત્યાં સુધી પોતાની જરૂરિયાતોને તે એટલી સાદી, ઓછી

અને સ્થૂલ બનાવી દેશે કે આવકખરચના સરવાળા બાદબાકી કરવાની તેને ઘણે ભાગે જરૂર જ ઓછી રહેશે. (૧૨)

વેશને વિત્ત–ધનસંપત્તિ પ્રમાણે રાખવો એમ તે નહિ માને. જેમ બને તેમ સાદાઈ વધારે રાખવી એ એનો જીવન આદર્શ થશે. એ ખાદીમાં ખૂબ માનશે, અતિ અલ્પ કપડાંથી નિર્વાહ કરશે અને સ્વચ્છતા સુઘડતા એવી જાળવશે કે એની તળાઈમાં માંકડ થાય નહિ અને વાળમાં જૂ થાય નહિ અને ઘરમાં મચ્છર થાય નહિ. એ ખાતર એ શેરીઓને સાફ કરાવશે–કરશે, પાયખાનાં સાફ રાખતાં જાતે શીખવશે અને આરોગ્યના નિયમો જાળવવા–જળવાવવા પ્રયાસ કરશે. એ ગમે તેટલો ધનવાન હશે તો પણ ભારે મૂલ્યવાન કપડાં પહેરવામાં માનશે નહિ અને એ બાબતનું પ્રચારકાર્ય પણ એ ચાલુ રાખશે. સાદાઈ અને સ્વચ્છતા એના આદર્શ થશે અને ખાદીમાં એ ખાનદાની માનશે. એની દૃષ્ટિ વેશ ધારણ કરતી વખતે પોતાની મિલકત (વિત્ત) પર નહિ રહે, પણ દેશના આર્થિક સંયોગો અને રાષ્ટ્રમાં પોતાનું સ્થાન અને પોતાનો ધર્મ શો છે તેની વિચારણા પર રહેશે. (૧૩)

બુદ્ધિના આઠ ગુણથી યુક્ત — આને ભાગ્યે જ ગુણ કહી શકાય. બુદ્ધિની તરતમતા પોતાની શક્તિ ઉપર આધાર રાખતી નથી. બુદ્ધિવિકાસ માટે નવયુગને સવિશેષ તક મળશે અને તે તકનો તે પૂરતો લાભ લેશે. વિજ્ઞાનાદિ અનેક વિષયોમાં તર્કમાં–ચર્ચામાં ઝીણવટમાં ઉતરવામાં તે બુદ્ધિ શક્તિનો એટલો ઉપયોગ કરશે કે અત્યારે તેની કલ્પના કરવી પણ અશક્ય છે. (૧૪)

ધર્મશ્રવણ — ધર્મનાં વ્યાખ્યાન સાંભળવા. જો વ્યાખ્યાન અર્વાચીન પદ્ધતિએ દલીલની રીતે અપાતાં હશે તો તે હજાર કામ મૂકીને સાંભળવા જશે. બાકી ‘મહાવીર કહેતા હવા’—જેવું

શુષ્ક તરજુમિયા વ્યાખ્યાન સાંભળવા જવાની તે બહુ દરકાર નહિ કરે. એને ધર્મ વિષયનાં રૂચિકર વ્યાખ્યાનો તરફ સહજ પ્રેમ થશે, પણ વ્યાખ્યાતા કોણ છે તે નવયુગનો જૈન જરૂર તપાસશે. ગમે તે વ્યાખ્યાન કરે તે સાંભળવું જ જોઈએ એમ તે નહિ માને. વ્યાખ્યાન કરનાર બાહ્ય ત્યાગી જ હોવા જોઈએ એમ તે નહિ માને. સુંદર વર્તનવાળા, ત્યાગરૂચિવાળા, આત્મઓજસવાળા ગૃહસ્થને પણ રાજીખુશીથી સાંભળશે, પણ તે વક્તા સુંદર દલીલ કરનાર અને પ્રરોચક ભાષામાં સુંદર શબ્દરચના સાથે બોલનાર હોવો જોઈએ. વક્તાનું વક્તૃત્વ માપવાની તેની રીત સખ્ત પણ મુદ્દાસરની, પદ્ધતિસરની અને ઉત્તેજક રહેશે.

તે માત્ર શ્રોતા થઈને નહિ અટકે. તે પોતે પણ વક્તા થશે. તેને ધર્મના પ્રાચીન વિષયો શોધી એને યોગ્ય સ્થાન આપવાનું મન થશે. એ શોધખોળ કરી સનાતન સત્યોને બહાર લાવશે અને તે પર વ્યાખ્યાન પદ્ધતિસર આપશે. તે લેખક પણ થશે અને મૂળ તાત્વિક વિષયોને અર્વાચીન રૂચિકર આકારમાં મૂકશે. એ કથાનુયોગને પણ ખૂબ બહલાવશે, એમાં પણ એ નવીન પદ્ધતિનું અનુકરણ કરશે. અમુક યુગમાં રાસોની જરૂરિયાત હતી ત્યારે પ્રખર વિદ્વાનોએ જેમ શાસ્ત્રનાં રહસ્યો અને કથા પ્રસંગો નવલ આકારમાં કવિતા રૂપે રચ્યાં, તેમ નવયુગનો જૈન શાસ્ત્રનાં સનાતન રહસ્યોને, તત્ત્વની વાતોને, નીતિના નિયમોને અને કથાવાર્તાઓને તદ્દન નવા આકારમાં મૂળ મુદ્દાને વિરોધ ન આવે તે રીતે મૂકશે.

એ વ્યાખ્યાનને અંગે અમુક વર્ગનો જ સુવાંગ હક્ક હોય એમ નહિ માને. આવડતવાળા સર્વનો એ હક્ક સ્વીકારશે અને તેનો અમલ થતો જોઈ એ રાજી થશે. ખાસ કરીને ભગવાનની અને ભગવાનના સમયની મૂળ હકીકત તે વાંચશે, વંચાવશે,

વિસ્તારશે, ફેલાવશે અને તેની પ્રગતિમાં–વિસ્તારમાં–જાહેરાતમાં એ જૈન દર્શનની વૃદ્ધિ જોશે. એની ધર્મ સાંભળવાની રૂચિ પ્રબળતર રહેશે, પણ ઉપરની સર્વ શરતો સાથે તે બાબતનો છેવટનો તેનો નિર્ણય રહેશે. (૧૫)

ત્યાર પછી અજિર્ણ થયું હોય ત્યારે નહિ ખાવાની—ભોજન ત્યાગની વાત સોળમા ગુણમાં આવે છે. એ તો વૈદકનો વિષય છે. એવી બાબતમાં એને વૈદ્ય અથવા ડાકટર સલાહ આપશે તેમ તે કરશે. અજિર્ણ થવા છતાં ભૂખ્યા રહેવાથી નુકસાન થાય, લાંઘણ કરવાથી વાયુનું જોર વધી જાય—એવી એને સલાહ મળે તો તે ખાય પણ ખરો. આ બાબતનો ધર્મ સાથે ખાસ સંબંધ હોય એમ તે નહિ માને. સામાન્ય રીતે એ અજ્ઞાન માણસની પેઠે ખા ખા તો નહિ જ કરે, પણ એ બાબત ધર્મની નજરે ન જોતાં એ આરોગ્યની નજરે જોતો થશે. (૧૬)

સત્તરમો ગુણ પણ ખાવાની બાબતને અંગે છે. ત્યાં જણાવે છે કે વખતસર અને શાંતિથી ભોજન કરવું. જમવાની નિયમિતતાથી ઘણા વ્યાધિ અટકાવી શકાય છે અને જમતી વખતે શાંતિ હોય તો ખાધેલ પદાર્થ સારી રીતે પચે છે. આ સૂત્રો તે બહુ સારી રીતે જાણશે અને તેને અનુસરવા યત્ન કરશે, પણ નવયુગનું સંકીર્ણ જીવન તેને નિયમિત રાખી નહિ શકે તો તેમ કરવામાં સ્વધર્મથી પતન થાય છે એમ તે નહિ માને. એ પોતાનું અનેકવિધ કાર્ય જમાવવામાં ખાસ તત્પર રહેશે અને આહાર-વિહારના અત્રે જણાવેલા ઉપરાંત બીજા અનેક ઉપયોગી નિયમોને એ આરોગ્યબુદ્ધિથી સ્વીકારશે અને પોતાના સંયોગો પ્રમાણે તબિયત જાળવવાની દૃષ્ટિએ એ અનુસરશે. આ બાબત એ ધર્મ પ્રકરણમાં નહિ લઈ જાય. (૧૭)

અઢારમો ગુણ ધર્મ, અર્થ અને કામને પરસ્પર અવિરોધપણે સાધવાની દક્ષતાનો છે. અહીં નવયુગના જૈનની બારીક અવલોકનશક્તિનો ખાસ ઉપયોગ થશે. એ પોતાના મગજમાં ધર્મ, અર્થ અને કામનાં ખાતાંઓ જુદાં પાડી શકશે. એ ધંધા વખતે પણ નીતિના નિયમોને વિસરી નહિ જાય. એ વ્યાખ્યાન સાંભળીને તરત જ પંચોતેર ટકા વ્યાજ લેવાનો વ્યવસાય નહિ કરે. પ્રમાણિકપણે મહેનતથી ધનઉપાર્જન કરવાને તે જોડાશે, પણ ધન પાછળ જીવન અર્પણ નહિ કરી દે. એ આદર્શ પતિ થશે પણ વિષયનો કીડો નહિ થાય. એ પરસ્ત્રી સાથે કામવિકારની નજરે સંબંધ નહિ કરે, પણ એ સ્ત્રીઓના સમાજમાંથી નાસી પણ નહિ જાય.

ધર્મ, અર્થ અને કામની સાધનામાં એ ખૂબ વિચારણા અને ચર્ચા કરશે. ગૃહસ્થજીવનમાં ધર્મ પુરુષાર્થ સાધવાની શકયતા એ બતાવશે અને છતાં ત્યાગીના ઉત્કૃષ્ટ જીવન તરફ એનો રાગ વિધાયક રહેશે. ગૃહસ્થ વ્યાપાર કરે ત્યારે નિરવદ્ય ધંધો સ્વીકારી ધર્મ સન્મુખ રહી શકે છે એ તે જરૂર બતાવી આપશે. એને સર્વ ત્યાગ તરફ બહુ આકર્ષણ રહેશે અને છતાં ગૃહસ્થધર્મ પણ બીજે નંબરે ઉત્કૃષ્ટ સાધન છે એ તે જોઈ જાણી બતાવી શકશે અને જીવી પણ શકશે. ગૃહસ્થ પોતાના સત્કાર્ય દ્વારા સમાજોપયોગી અનેક કાર્ય કરી શકે છે અને તદ્દ્વારા પોતાનો ઇષ્ટ માર્ગ આદરી શકે છે એની શકયતા તે બહુ સુંદર રીતે બતાવશે. એની દક્ષતા, વિદ્વત્તા અને કુશળતા આ ગુણના અનુવ્યક્તનમાં એ બહુ આકર્ષક રીતે બતાવવા પ્રયત્ન કરશે. (૧૮)

દીન, અતિથી અને સાધુનો સત્કાર. જેને કોઈ સાધન ન હોય તે સખ્ત હરિફાઈનો ભોગ થઈ પડેલા દીન, શરીરની નબળાઈથી અથવા હીન અંગથી અથવા ઓછી મગજશક્તિથી હતાશ

થઈ પડેલાં દુ:ખી માનવો, રોગી, દમલેલ અને ખાસ કારણસર સમાજ ઉપર પડેલા સાચા દીનની સેવા કરવી, એની જરૂરિયાતો પૂરી પાડવી, એને કપડાં, ઔષધ, આરોગ્યસ્થાન, રહેઠાણ આદિ પૂરાં પાડવાં એને નવયુગ ખાસ મહત્ત્વનું સ્થાન આપશે. એ સાચા દીનદુ:ખીની સેવા કરવામાં પોતાના જીવનની લ્હાણ સમજશે, એને માટે પદ્ધતિસરની યોજનાઓ તે રચશે અને પોતાની અનુકૂળતા પ્રમાણે તેમાં તે પોતાનાં ધન, આવડત અને સેવાનો ફાળો વગર સંકોચે ફરજ સમજીને આપશે.

દીન શબ્દમાં રોગી, અનાથ, નિરૂદ્યમી અશક્ત, અને વૃદ્ધનો એ સમાવેશ કરશે. એ આળસને ઉત્તેજન આપવાના કાર્યને ગુણ નહિ માને. ખાધેલાને ખવરાવી અકરાંતિયા કરવાના કોઈ પણ કાર્યને તે સ્વીકારશે નહિ. વ્યવસ્થાસર દવાખાનાં, આરોગ્યમંદિરો, સુવાવડખાનાં, બાળાશ્રમો, અનાથાલયો યોજવાં, બાંધવાં, ચલાવવાં—એને માટે નવયુગ મોટા પાયા ઉપર રચનાઓ કરશે. એનો વિશ્વદયાનો ખ્યાલ એને આયવ્યયની તુલના શીખવશે અને વિશેષ લાભ ખાતર નાનાં પાપો તે (આરંભસમારંભાદિના) કરવામાં શ્રી વીરના દશ ઉપાસકોને દૃષ્ટાંતે સરવાળે લાભ માનશે.

એ માનસિક દીનતાને અંગે વાચનાલયો, પુસ્તકાલયો, અભ્યાસમંદિરો, વિદ્યાર્થીગૃહો, વિદ્યામંદિરો, વિશ્વવિદ્યાલયો યોજશે અને તેને ચલાવવામાં પોતાની શક્તિ, આવડત અને અનુકૂળતાનો ઉપયોગ કરશે. આ ઉપરાંત સ્થૂળ, માનસિક કે હૃદયના દીનો માટે એ ભાષણો આદિ અનેક યોજનાઓ કરશે અને તેને વ્યવસ્થિત રીતે ચલાવવામાં બનતો રસ લેશે.

અતિથિની સેવા પણ એ જરૂર કરશે. પણ અતિથિની યોગ્યતા પણ સાથે બારીકીથી વિચારશે. આતિથ્યના તેના ખ્યાલ

ઉપર પાશ્ચાત્ય પદ્ધતિની થોડી અસર થશે, પણ તેમાં પૌર્વાત્ય પદ્ધતિનું સંમિશ્રણ થશે.

એનો સાહમીવાત્સલ્યનો ખ્યાલ તદ્દન જુદા પ્રકારનો થશે. અત્યારે જે પ્રકારે નવકારશી કે જમણવારો થાય છે, તેમાં જે રીતે જમનાર જમાડનાર વર્તે છે, સુંદર ચીજોનો બગાડ થાય છે, આરોગ્યના નિયમોનો નાશ થાય છે અને જમાડનાર આબરૂ રહેવાની ચિંતામાં રહે છે અને જમનાર ખૂટી જવાના ભયમાં રહે છે — આ પ્રકારના સ્વામીવત્સલ તદ્દન બંધ થઈ જશે. નવયુગ વર્તમાન જમણની પદ્ધતિને પૂર્વ કાળની ઉતરી આવેલી **જંગલી-પણા**ની એક અવશેષ ગણશે. નવયુગનું સાહમીવાત્સલ્ય સ્વધર્મી બંધુને સર્વ પ્રકારની સગવડો કરાવી આપવામાં, એને ધંધે લગાડવામાં, એને વ્યવહારમાં સ્થિર કરવામાં અને બંધુભાવ ખીલવવામાં સમાશે. અવારનવાર જમણ થશે તો તે પંગતથી રીતસર જૈન નામને છાજે તેવા જમનાર જમાડનારનાં અંતરના ઉમળકા થાય તેવા થશે, પણ એના ઉપર બહુ લક્ષ્ય નહિ રહે. નાનાં જમણો ઘણા સુંદર, ધર્મપ્રેમ વધારનાર અને બહુ આકર્ષક થશે.

સાધુની સેવા એ આ ગુણનો ત્રીજો વિભાગ છે, સાધુ કોને કહેવા તે નવયુગ ખૂબ વિચારશે. એ સંસ્થા કેવી હોવી જોઈએ તે પર ખૂબ પ્રકાશ પાડશે. માત્ર અમુક વેશ પહેરે તે સાધુ ગણાય એ વાત નવયુગ નહિ માને. ત્યાં વિલાસી, પટિયા પાડનાર, દોરાધાગા કરનાર અને જડીબુટ્ટી કરનાર પ્રચ્છન્ન વૈદ્યના ધંધા કરનારને સ્થાન નહિ રહે. ત્યાં સમાજ પર બોજો પાડનાર ઘરબાર વગરના નિરાશ્રિતને ખાસ જ્ઞાનાદિની વિશિષ્ટતા વગર સ્થાન નહિ મળે. સાધુ સંસ્થા કેવી હોવી જોઈએ તેને અંગે નવયુગના વિચારો સંબંધી આગળ ઘણો ઉલ્લેખ થવાનો છે.

એ કસોટિમાંથી પસાર થનાર તરફ અંતરના ઉમળકાપૂર્વક નવયુગ ભક્તિ કરશે. એના વાંચન, અભ્યાસ આદિનાં સ્થાનોને યોજશે. એનાં અભ્યાસક્રમ નવયુગ ગોઠવશે. એની પદવીઓની નવીન રચના કરશે અને આવડત પ્રમાણે એને વ્યાખ્યાતા, અધ્યાપક આદિ સ્થાનો આપશે. વીતરાગ દશાનું સાચું સાધુત્વ દેખશે ત્યાં ભાવપૂર્વક એ સેવા કરશે. એમાં પરસ્પર ઉત્કર્ષ વધારવાની અંદરખાનેથી સમજણ જેવું કાંઈ રહેશે નહિ. નવયુગ ધનવાન ગરીબનો ભેદ માન્ય કરશે નહિ. સાધુને સર્વ વર્ગ પર સમાન દૃષ્ટિ હોવી જોઈએ એમ તે ઇચ્છશે અને સાધુની નવયુગની વ્યાખ્યામાં સમાનભાવના પોષણનો આગ્રહ જોવામાં આવશે. અહીં સંક્ષેપમાં મુદ્દો એટલો જ છે કે સાચા સાધુને એ યોગ્ય માન આપશે અને તેની જરૂરિયાતો હોંશથી પૂરી પાડશે. (૧૯)

અનભિનિવિષ્ટ — એ સદાગ્રહી હોય. મતલબ એ સત્યાગ્રહી હોય. જે વાત સાચી લાગે તે ખાતર ભોગ આપવા–સહન કરવા તૈયાર હોય તેને સદાગ્રહી અથવા સત્યાગ્રહી કહેવામાં આવે છે. આ સત્યાગ્રહ સંબંધી એને એટલું શિક્ષણ મળેલું હશે કે એ પોતાના સુવિનિશ્ચિત નિર્ણય ખાતર કષ્ટ સહન કરવા તૈયાર થશે. એ પોતાની સારી રીતે નિર્ણિત કરેલી વાતને છોડશે નહિ. એને લોકો જક્કી, જડ કે આગ્રહી કહે તેની તે દરકાર નહિ કરે. આ આગ્રહથી નિર્ણયને વળગી રહેવાનું તેનું શિક્ષણ તેને સર્વ સદાચારોમાં અને ધર્મમાર્ગોમાં ઉપયોગી થઈ પડશે. નવયુગનો સત્યાગ્રહ તદ્દન અનેરું રૂપ લેશે. (૨૦)

ગુણપક્ષપાત-સદ્‌ગુણ તરફ આકર્ષણ—પ્રેમ અને તેનું બહુ મૂલ્ય. ગુણવાનને જોઈ નવયુગને આનંદ થશે. આમાં પક્ષપાત શબ્દ છે તે જરા કર્કશ લાગે છે. ગુણરાગ, ગુણનું મૂલ્ય, ગુણની બુઝ એવો કોઈ શબ્દ આ સ્થાને વધારે બંધબેસતો જણાય છે.

કોઈનામાં સૌજન્ય, વિવેક, ઉદારતા, મધ્યસ્થતા, દયા, સત્યવક્તૃત્વ આદિ ગુણ જોઈ તેની સેવા કરવી, એ ગુણી છે એમ વિચારી પ્રસંગ પ્રાપ્ત થયે એને હરકોઈ પ્રકારે ઉપયોગી થવું એ નવયુગમાં વિવેચક દૃષ્ટિપૂર્વક આવશે. ગુણને ઓળખવાનું તેનું ધોરણ વધારે આકરું રહેશે. દુનિયાના ઉપદેશક હોવાનો દાવો કરનારને એ પ્રાકૃતજનને ત્રાજવે નહિ તોળે. એનું તોલ કરવાનું ધોરણ સ્વભાવતઃ ઊંચું રહેશે અને ગુણની શોધનવૃત્તિ એની સવિશેષ થશે, દીર્ઘ થશે અને ઊંડી ઉતરનારી થશે. પણ એની સાથે એક કચવાટ થાય તેવી સ્થિતિ પણ જરૂર ઊભી થશે. એ દંભ–ઢોંગને જરા પણ માન નહિ આપે. એ એવા દંભીનો પક્ષપાત તો નહિ કરે, પણ એવાને ઊઘાડા પાડવાની પોતાની ફરજ સમજશે. ખાસ કરીને સમાજના આગેવાનો, ઉપદેશકો કે હોદ્દેદારો બોલવામાં મોટી મોટી વાત કરનારા હશે અને વર્તનમાં શૂન્ય અથવા શૂન્યથી પણ નીચા હશે તો તેને તેઓ ચલાવી નહિ લે. ધર્માધ્યક્ષનો હોદ્દો ભોગવનાર કામણટુમણ કરે, વશીકરણ કરે, કાવાદાવા કરે, અનુયાયીવર્ગને અથડાવી મારવાની રમતો રમે એ નવયુગ કદી નહિ સાંખે. એટલે એ દંભી, ઢોંગી, વેશધારી, કપટી અથવા ખાલી ભપકાદાસોને, અંતરના વળ વગરનાં ઉપર ઉપરનાં ભાષણ–વ્યાખ્યાનો કરનારાને જરા પણ નભાવી નહિ લે. બાકી જ્યાં શમ સંવેગાદિ સાચા ગુણો જોશે, ખરો ત્યાગ કે તપ જોશે, હૃદયનો વૈરાગ્ય અને તેને અનુરૂપ જીવન જોશે ત્યાં એ ઝૂકી પડશે અને તેવા ગુણીની સેવા કરવામાં પોતાની જાતને ભાગ્યશાળી સમજશે. સાચા ગુણ તરફ નવયુગની વિશિષ્ટ સંસ્કારી આદરણીય વૃત્તિ રહેશે અને તે ઝળહળી આવશે. (૨૧)

અદેશ અકાળ આચારને તજનાર થશે—આ ગુણનો એ સીધો સરળ અર્થ કરશે. દેશકાળને પ્રતિકૂળ આચાર ન કરવા

ઘટે એમ એ આ ગુણથી સમજશે. એવા બીજા તાણીખેંચેલા અર્થ તેને જૈનધર્મના રહસ્યથી ઉલટા અને જમાનાની અસરવાળા લાગશે. દાખલા તરીકે કોઈ એને પૂછે કે પેરિસ શહેરમાં સામાયિક કરવું હોય તો ખુરશી પર બેસીને થાય કે નહિ? તો તે તરત એ દેશનાં હવાપાણીનો અભ્યાસ કરી તેમ કરવામાં શાસ્ત્રના મૂળ ઉદ્દેશને વાંધો આવતો નથી એમ કહેશે. સામાયિક કરવાનો મુદ્દો છે. તે અમુક સંયોગોમાં સાધ્ય છે — અમુક જાતના આસન પર બેસવું એ વાતને એ ઉવેખી કાઢશે નહિ, પણ દેશકાળાનુસાર તેમ બને તેવું ન હોય તો સામાયિક ન કરવું એમ કહેવામાં એ જૈન ધર્મના રહસ્યનું પરિવર્તન દેખશે. જેલમાં કટાસણું મળે તેવું ન હોય તો ધોતલી પર કે કામળી પર બેસી પ્રતિક્રમણ કરવામાં તેને વાંધો નહિ દેખાય. આ તો તરત સમજી શકાય તેવી બાબત છે, પણ દેશકાળનું સૂત્ર તે ખૂબ વાપરશે અને તેનો ઘણે પ્રસંગે ઉપયોગ કરશે અને તેમ કરવું તે અનેકાંતમાર્ગને પોષણ કરનારું અને એના રહસ્યને અનુરૂપ છે એમ તે માનશે. (૨૨)

બળાબળને જાણનાર — શારીરિક બળને એ જાણશે, ઉપરાંત માનસિક અને હૃદયના બળનો અને નબળાઈઓનો એ બરાબર અભ્યાસ કરશે. એ પોતાની સર્વ પ્રકારની શક્તિઓને સમજશે અને બીજાની સર્વ શક્તિઓને પૃથક્કરણ કરીને જાણશે અને જાણીને તેનો ઉપયોગ કરશે. એને પરિણામે એ માત્ર સ્થૂળ બળથી ગભરાઈ કે લેવાઈ નહિ જાય. આત્મિક બળ—આંતરિક બળ શું છે અને તે કેવું આશ્ચર્ય કરી શકે છે તેનો બરાબર ખ્યાલ તેને આવશે અને તેથી સામાન્ય વ્યવહારની ટૂંકી નજરે અશક્ય બાબતો એ દેખાવમાં નબળો હશે તો પણ હાથ ધરશે. બળાબળની એની ગણતરી તદ્દન અર્વાચીન ધોરણે નવીન પદ્ધતિએ સાપેક્ષ દૃષ્ટિએ થશે. (૨૩)

વ્રતધારી અને જ્ઞાનવૃદ્ધની પૂજા. અહીં ધોરણ તદ્દન અભિનવ રૂપ લેશે. વ્રતધારી અને અમુક વેશ પહેરનારને એ પૂજવા મંડી નહિ જાય પણ વ્રત લઈ તેને પાળતા હશે તો તેના ત્યાગ માટે તેને માન આપશે. માત્ર જ્ઞાનવૃદ્ધને એ જરા પણ માન પૂજા આપશે નહિ. ગમે તેટલા ગ્રંથો વાંચી જનાર અથવા મોટાં ભાષણ કરનારને નવયુગમાં પૂજાસ્થાન મળવું અશક્ય નહિ તો દુર્ઘટ દીસે છે. ઘણું ભણેલ અને આગમોના પાઠ કટોકટ બોલી જનાર સાધુ જો પતિત હશે તો તેને નવયુગ એક ક્ષણ વાર પણ નભાવી નહિ લે. જ્ઞાનનો એ ખપી હોવાથી જ્યાં જ્ઞાન એ દેખશે ત્યાં જિજ્ઞાસાથી જશે અને જ્ઞાનનો લાભ લેવા પ્રયત્ન કરશે, પણ એ પૂજા તો ચારિત્રની જ કરશે. જ્ઞાન એની પ્રશંસા મેળવશે, એના મગજને ડોલાવશે, પણ એનું હૃદય ચારિત્રને જ નમશે. એ સાચા ત્યાગીને દુનિયાના ધર્મગુરુઓનાં શિખર પર બેસાડશે અને એનાં દૃષ્ટાંત દ્વારા જગતને ઉજ્જવળ કરશે. ત્યાગી વ્રતી–વિરતિધારીના નામ કે દેખાવ માત્રથી એ જરા પણ અંજાઈ નહિ જાય; બાકી વર્ત્તનની બાબતમાં સો ટચનો રૂપિયો હશે અથવા ચોવીશ કેરેટનું સોનું હશે ત્યાં એ ઝૂકી પડશે, નમી પડશે —પણ—એ સિવાય ગોટા દેખશે ત્યાં તે નમશે તો નહિ જ, પણ ગોટાળાવાળાને ઉઘાડા પાડવામાં એ ધર્મને, સમાજને કે વ્યક્તિ–સમષ્ટિને લાભ જ માનશે. (૨૪)

જે પોતાને આધારે પડેલા હોય; અજ્ઞાન બાળક, વૃદ્ધ માતપિતા, સાધ્વી સ્ત્રી વગેરે—એનું એ પોષણ કરશે—કુટુંબ કોને કહેવું એની આખી વ્યાખ્યા ફરી જશે. સંયુક્ત કુટુંબના આળસુને પાળવા–પોષવામાં તે ગુણહાનિ–તેજોહાનિ સમજશે. સંયુક્ત કુટુંબ-ભાવના નાશ પામશે. તે કક્ષામાં કે અન્યત્ર સાચા, દીન, દુઃખી,

રોગી કે અપંગને એ પોતાના પોષ્યવર્ગમાં ગણશે અને તેની સંભાળ કાળજીપૂર્વક લેશે. (૨૫)

દીર્ઘદૃષ્ટા—નવયુગ ખૂબ લાંબા વિચાર કરશે. એ આખા સમાજની નવીન રચના કરશે. એ આખી નવીન સંહિતા રચશે. તેમાં એનો મુદ્દો દીર્ઘ નજરથી જોવાનો જ રહેશે. સમાજબંધારણ દેશકાળને અનુરૂપ અને અનેક વર્ષો સુધી ચાલે તેવું ઘડવામાં તે પોતાના વિજ્ઞાનનો ઉપયોગ કરશે. નકામા અંતરાયોને તે ઘસીને ફેંકી દેશે, જ્યારે આદર્શને પહોંચી વળવા માટે તે અનેક નવીન સાધનો યોજશે. પ્રાચીન બાબતોમાંથી કઈ બાબતો રાખવી અને પુનર્ઘટનામાં કયાં નવાં સાધનો યોજવાં તેની ગોઠવણમાં તે દીર્ઘ-દૃષ્ટાપણું બતાવશે. અત્યારના નવીન વાતાવરણને અનુરૂપ પુનર્ઘટના પૂર્વપશ્ચિમના સંઘટન પછી અનિવાર્ય છે એમ તેને તેનું દીર્ઘદૃષ્ટાપણું બતાવશે અને તેની યોજના તે અત્યંત વિવેકપૂર્વક બને તેટલા ઓછા સંઘર્ષણથી પણ ખાસ જરૂરી બાબતમાં પૂર્ણ મક્કમતાથી કરશે અને તે પ્રત્યેક વિશેષણની યોજનામાં દીર્ઘદર્શી-પણું બતાવશે.

એકલી નવીન ઘટનાને અંગે જ નહિ, પણ સંસ્થાઓને રચવામાં, તેને વિશિષ્ટ આકારમાં અને સમાજશરીરને અભિનવ રૂપ આપવામાં તે ખૂબ દીર્ઘદૃષ્ટાપણું દાખવશે. એ ઉપરાંત એ સમાજના સવાલોના નિરૂપણ અને નિરાકરણમાં બહુ લાંબી નજરે જોશે અને તેમ કરવામાં પોતાના ઇતિહાસ અને વિજ્ઞાનના જ્ઞાનનો પૂરતો લાભ લેશે. એ માનસવિદ્યાનો ખાસ અભ્યાસી થશે અને તેને લઈને તેના દીર્ઘદર્શીપણાને ખૂબ અવકાશ મળશે. (૨૬)

એ વિશેષજ્ઞ જરૂર થશે—સ્વપરનો વિવેક કેમ કરવો, સમાજના હિત આગળ પોતાનો ભોગ કેમ આપવો, જનહિત

ખાતર પોતાનાં સુખસગવડ કે આરામનો વિચાર પણ ન જ કરવો એ ધોરણ પર એનો જીવનવ્યવહાર બંધાશે અને એનું કર્તવ્ય-અકર્તવ્યનું જ્ઞાન બહુ વિશાળ પાયા પર રચાશે. એનો અભ્યાસ અને અનુભવ, એના અનેક અટપટા પ્રસંગોનાં હૃદયચિત્રો અને અન્ય પ્રજાઓએ ભોગવેલી યાતનાઓ વગેરેનું જ્ઞાન અને બહોળાં સાધનોને લઈને એને વિશેષજ્ઞ થવાની તકો ઘણી મળશે અને તે પ્રત્યેક તકનો પૂરતો લાભ લઈ પોતાની ફરજ ક્યાં છે તેનો નિર્ણય કરવા અંતઃકરણથી પ્રયત્ન કરશે. તે અન્યના અનુભવનો લાભ લેવા તત્પર રહેશે અને અન્યના વિચારોને માન આપનારો, તેને તોળનારો અને સમાજમાં સર્વને યોગ્ય સ્થાન આપી પોતાનું સ્થાન નિર્ભર કરનાર વિશેષજ્ઞ થશે અથવા થવા સાચો પ્રયત્ન કરશે. (૨૭)

કરેલ ઉપકારને તે સ્વીકારશે અને તેનો બદલો વાળવા પ્રયત્ન કરશે—એ આ બાબતમાં પણ ઉપર ઉપરનો દેખાવ કરવાથી રાજી નહિ થાય, પણ ક્યારે તક મળે અને નાનાં કાર્યનો, પ્રેમનો, સેવાનો વધારે બદલો વાળું એમ ઇચ્છશે. નાનાં કાર્ય માટે એ આભાર માનવાની, સામાન્ય સ્ખલના માટે માફી માગવાનો ઉપચાર કરનારો પણ થશે, પણ સાચા કાર્ય માટે, અણીને વખતે કરેલા ઉપકાર માટે તે વિસ્મરણ નહિ કરે. એ વ્યક્તિગત ઋણ ચૂકવશે અને સમાજનું ઋણ સેવા કરીને વાળી આપવા પ્રયત્ન કરશે.

જેના ઉપર સમાજે ઉપકાર કર્યો હોય તે ઉપકારને વીસરી જઈ સમાજને ભાંડનારા પણ કોઈ કોઈ નીકળી આવશે ખરા, પણ એકંદરે ઋણ સ્વીકારનારા અને ફેડનારા વધારે મોટા પ્રમાણમાં નવયુગમાં નીકળશે. (૨૮)

સેવાભાવ તેનામાં ખૂબ ખીલવાને કારણે, સમાજની જરૂરિયાતોના પ્રખર અભ્યાસને પરિણામે અને પોતાનું જીવન જેમ

અને તેમ સાદું તથા ઉચ્ચગ્રાહી રાખવાને પરિણામે તે લોકપ્રિય બહુ થશે, પણ તે કોઈ પણ કાર્ય લોકોની પ્રશંસા મેળવવાના જ ઈરાદાથી નહિ કરે. લોકપ્રશંસા કરે તો તેને તે દૂર ફેંકી નહિ દે, લોકરૂચિ સમજતાં તે શીખશે, પણ લોકોને દોરવાની કળા પણ તેનામાં આવશે. એ લોકપ્રશંસા ખાતર પોતાના પુખ્ત વિચારોને પરિણામે ઘડાયલા નિયમોનો ભોગ નહિ આપે અને કોઈ વાર લોકપ્રશંસા ખોવાનો ભય વહોરીને પણ એના સ્વીકૃત સેવાકાર્યમાં એ પૂરતી ધગશ, સહિષ્ણુતા અને પ્રેમથી મચ્યો રહેશે. કેટલીક વાર તેને તેના યુગના લોકો બરાબર ન ઓળખી–સમજી શકે એવું પણ બનશે, પણ તેથી તે ગભરાશે નહિ. તેનો મુદ્દો વિશુદ્ધ રહેશે અને પોતાના સાધ્ય તરફ તે નિર્ભયપણે આગળ ધપશે. સેવાભાવ, સાદું જીવન અને નિર્ભયપણું એ ધીમે ધીમે એટલું ખીલવતો જશે કે એ લોકૈષણા વગર મોટા વર્ગને પોતાના વિચારના કરતો જશે. કીર્તિ–પ્રશંસાની વાત એવી છે કે તે માગનારને અને તેની પછવાડે દોડનારને ભાગ્યે જ મળે છે, જ્યારે તેની સ્પૃહા ન કરનારની પાછળ તે દોડે છે. એ પ્રશંસા સંબંધી નિરપેક્ષ તો નહિ રહે, પણ ખાસ તેની ખાતર કામ કરનાર નહિ નીવડે; તેથી ઘણી વાર તેના યુગમાં અને અસાધારણ દીર્ઘદૃષ્ટાના સંબંધમાં તેના પછીના આગામી યુગમાં ઘણી અને સાચી પ્રશંસા મેળવશે. આ તો એના સામાજિક જીવનને અંગે એની પ્રશંસા સંબંધી વાત થઈ, પણ એના પોતાના વર્તનની છાપ તો એવી સુંદર પાડી શકશે કે એમાં મિનમેષ કદિ થશે નહિ. એના વિશાળ જીવન-પ્રવાહમાં અનિષ્ઠ તત્ત્વ દેખાશે નહિ એટલે અત્યારે વ્યવહારમાં લોકપ્રશંસાનું જે લક્ષ્ય છે તેથી તો તે ઘણો આગળ નીકળી જશે અને તેના પ્રમાણિકપણા માટે, સત્યવાદીપણા માટે અને વિશ્વાસુ-પણા માટે તો તે ભારે નામના મેળવશે. એનું અંગત સદ્વર્તન

એને કીર્તિની કોટિમાં મૂકશે અને એનો સેવાભાવ અને સાદું જીવન એને લાક્ષણિક-અનુકરણીય બનાવશે. બહેન કે પુત્રીને એના નિયમન નીચે મૂકવામાં કોઈને શંકા સરખી પણ નહિ આવે અને તે વિશ્વાસનો એ કદિ દુરૂપયોગ નહિ કરે અને એ સંબંધમાં તેની આબરુ અને માનમહત્તાની ફોરમ પણ ચોતરફ સારી રીતે ફેલાશે. (૨૯)

એને હલકાં કાર્યની લજ્જા-શરમ ખૂબ રહેશે—અત્યારે ખોટા શરમાળપણાને લજ્જાળુપણું માનવામાં આવે છે તે તેના ખ્યાલથી દૂર થશે. એ નવયુગની જૈન સ્ત્રી હશે તો લાજ કાઢશે નહિ, લાજમાં માનશે નહિ અને છતાં વર્તનની બાબતમાં ખૂબ આગળ વધશે. એ સ્થૂળ બાબતની લજ્જાને નિરર્થકતાની કોટિમાં મૂકશે, નામર્દપણાની કક્ષામાં મૂકશે, અસ્ત્રીય વિભાગમાં ગણશે, પણ વર્તનની આંતરિક બાબતને લજ્જાળુપણા સાથે સંબંધ છે એમ માનનારો થશે. સ્ત્રી કે પુરુષના લજ્જાળુપણાના વર્તમાન ખ્યાલ અને નવયુગના ખ્યાલ વચ્ચે ભારે અંતર રહેશે સ્ત્રીઓ વર્તનની બાબતમાં વિશેષ વિચારશીલ થશે છતાં અત્યારે જેને લાજમર્યાદા કહેવામાં આવે છે તેને તે જરા પણ મોટા રૂપની નહિ ગણે. એ અંતરના વિચારને જણાવવામાં શરમાશે નહિ, વડિલ પાસે નવયુગના વિચારો મૂકવામાં સંકોચાશે નહિ અને છતાં પોતે નિર્લજ્જ થાય છે એમ માનશે પણ નહિ. દાખલા તરીકે વર્તમાન યુગની વાત ન કરીએ તો પૂર્વકાળમાં સ્ત્રીપુરુષ એટલે પતિપત્ની અરસ્પરસ નામ ન લે, એકબીજાને 'સાંભળ્યું કે?' એમ કહી બોલાવે અને ગેરહાજરીમાં 'છોકરાની મા' કે 'છોકરાના બાપા' કહે — આ સર્વ બાબતને નવયુગનાં સ્ત્રીપુરુષો બીનજરૂરી માનશે. નામનો લાજ સાથે સંબંધ શો હોઈ શકે તે પણ તેને બેસશે નહિ અને પૂર્વકાળના લોકો—આજીવન સંબંધવાળા—નામ લીધા વગર

વ્યવહાર ચલાવી શકતા હતા તે વાત તેમના મનમાં આશ્ચર્ય અને હાસ્ય ઉત્પન્ન કરશે. લાજ કાઢવાનો રિવાજ એમને કઢંગો લાગશે, સાસુસસરા સમક્ષ પત્નીપતિ વાત ન કરી શકે એમાં એને વિચિત્રતા લાગશે. આ સર્વ લજ્જાળુપણાની પદ્ધતિમાં મોટો ફેરફાર થશે. વર્તનની બાબતમાં લજ્જા–મર્યાદા સક્રિય રૂપ લેશે અને ઉન્નત પરિણામ બતાવી શકશે. (૩૦)

સદય–દયાવાન—એની દયાની વ્યાખ્યા અભિનવ રૂપ લેશે અને દયાને વિશાળ બનાવતાં એને એ તદ્દન નૂતન ઝોક આપશે. એ દયાના વિષયમાં મનુષ્યને પ્રથમ સ્થાન આપશે. દીન, અનાથ, રોગી, અપંગ, જરૂરિયાતવાળા તરફ અનેક પ્રકારે દયા બતાવવા માટે નવયુગ વ્યવસ્થિત સંસ્થાઓ કાઢશે અને વ્યક્તિગત પણ અનેક પ્રયત્નો કરશે. સમાજના ગાંડા મનુષ્યોને માટે પણ આશ્રમ-સ્થાનો કાઢશે, વૃદ્ધો માટે વ્યવસ્થા કરશે, માબાપ વગરનાં બાળકો માટે એ બને તેટલાં સ્થાનો યોજશે અને સમાજથી ત્યજાયેલા, દબાયલા અને હતાશ થઇ ગયેલાને પોષવા માટે તે વ્યવસ્થિત પ્રયાસ કરશે. અભણને ભણાવવા, નિરૂદ્યમીને ઉદ્યમે ચઢાવવા, અશક્તને પોષવા અને વિશેષ અભ્યાસ કરવા યોગ્યને વધારાની સગવડો પૂરી પાડવી એ આદિ અનેક વ્યવસ્થિત પ્રયોગો અને પ્રયાસો તે કરશે અને તે માટે તે ખૂબ ધ્યાન આપશે. એ ધર્માભ્યાસના ખાસ નિકેતનો જગતકલ્યાણ માટે સ્થાપશે. મનુષ્યજાતિમાં રાષ્ટ્ર-પ્રેમ, ધર્મપ્રેમ અને વિશ્વબંધુત્વ વધે તે માટે અનેક દિશાએ અનેક-વિધ પ્રયત્નો સક્રિય રૂપે કરશે. તેની દયા આ રૂપ લેશે. આળસુને ઉત્તેજન આપવામાં તે પાપ માનશે. દરેક સશક્ત યુવાન પોતાનું ગુજરાન ચલાવવાને શક્તિવાન થવો જ જોઈએ અને તેમ થાય ત્યારે જ તેને પરણવાનો અને પ્રજોત્પત્તિ કરવાનો હક્ક થાય છે એમ તે માનશે. સશક્ત છતાં મફતનું ખાનારને તે કોઈ પણ પ્રકારે

ઉત્તેજન નહિ આપે. આ વિચારણા તેને 'દયા' શબ્દના સાચા અર્થથી જ સૂઝી છે એમ તે માનશે.

મનુષ્યદયા ઉપરાંત પશુ માટે તે આર્થિક દૃષ્ટિએ નવીન રૂપે પાંજરાપોળની વ્યવસ્થા કરશે. આ સંબંધી અગાઉ પણ લખાઈ ગયું છે અને આગળ તે સંબંધી ઉલ્લેખ થવાનો છે. પશુરક્ષા એ મનુષ્યદયા પછી બીજે નંબરે એની કાર્યવાહીમાં સ્થાન લેશે.

એ માંસભક્ષણનો નિષેધ કરશે. મદ્યમાંસનિષેધ માટે એ તદ્દન નવીન પદ્ધતિએ કામ લેશે. એ મારવા માટે તૈયાર કરેલા જીવને છોડાવવા જતાં સરવાળે વધારે મરે છે એમ જોઇ શકશે અને તેથી માંસાહારી પ્રજા માંસભક્ષણ બંધ કેવી રીતે કરે તે માટે એ વ્યવસ્થિત રૂચિકર પણ અસરકારક પદ્ધતિએ કામ લેશે. પશુ, પક્ષી, માછલાં આદિની દયામાં તેનું વ્યવહારકુશળપણું જણાય અને ઓછે પ્રયત્ને વધારે પરિણામ નીપજાવી શકાય એ તેનું લક્ષ્ય રહેશે.

નાના રોપા, છોડવા આદિ વનસ્પતિની રક્ષા એ સ્વચ્છતાના અને સુઘડતાના જ્ઞાનથી, આરોગ્ય સંબંધી જ્ઞાનપ્રચારથી કરશે. એ કુમળા છોડોને પણ લાગણી હોય છે એમ બરાબર માનશે અને તેને દુઃખવવાનો મનુષ્યને અધિકાર નથી એવું માનશે અને તેવો ઉપદેશ કરશે. ટૂંકામાં અહિંસાને અને દયાને એ એવી રીતે સંમિશ્રણ કરી દેશે કે અગાઉ અહિંસા સંબંધી જે લખ્યું છે તે સર્વ અહીં લાગુ પડે તેવો સુંદર આકાર એ ગુણને આપશે. (૩૧)

સૌમ્ય—સામો માણસ જુએ તો તેને તરત જ એવી અસર થાય કે આ ભાઇ ધમાલિયા નથી, ધર્તિંગિયા નથી, ખરા શાંત છે. જેના આકારમાં ભય જેવું કાંઈ ન લાગે તે સૌમ્ય ગણાય. આ ગુણ સાર્વત્રિક થવો મુશ્કેલ છે. નવયુગનો માણસ શાંત

રહેશે, પ્રકૃતિ–મિજાજ ઠંડા રાખશે, પણ દરેક પ્રાણી સૌમ્ય દેખાવનો રહેશે એમ તો ન જ કહી શકાય. સમાજને અંગે ધગશપૂર્વક અનેક કાર્યો જેને કરવાનાં હોય છે તે દેખાવમાં તદ્દન ઠંડો રહે તો તેની ભલમનસાઈનો ઘણો ગેરલાભ લેવાય છે તેવા સંજોગોમાં તે મજબૂતીથી કામ લેનાર પણ થશે. એકંદરે અંદરની શાંતિ હોવા છતાં પરિસ્થિતિની અનુકૂળતા પ્રમાણે સાપેક્ષ દૃષ્ટિએ એ સખ્ત પણ થશે. એને બાહ્ય દેખાવ સાથે કામ જ નહિ રહે, અંદરથી એ તદ્દન શાંત રહેતાં શીખશે. બાહ્ય દેખાવ તેના કાર્ય-ક્ષેત્ર પર આધાર રાખશે. છતાં એકંદરે અંદરની દૃષ્ટિએ જોતાં સૌમ્ય–સમભાવ તેનામાં જામતો જશે. નવયુગના કાળક્ષેત્રનો વિસ્તાર ઘણો મોટો હોવાથી એની સૌમ્યપણાની વ્યાખ્યા જુદાં જુદાં રૂપ લેશે એવો આભાસ થાય છે. (૩૨)

પરોપકાર કરનાર—આ ગુણ માત્ર વ્યાખ્યાનમાં કે પુસ્તકમાં નહિ રહે. અનેક દિશાએ એનો સક્રિય વ્યવહાર થશે. નવયુગમાં અનેક રત્નો ખાસ સેવાભાવી નીકળશે. આખી મધ્યમ કક્ષા નીકળશે. સેવા કરવામાં આખું જીવન આપનાર નીકળશે. સેવાનાં ક્ષેત્રો તદ્દન અભિનવ, વ્યવસ્થિત અને જીવતાં માલૂમ પડશે. દાખલા તરીકે જેલના કેદીઓને સુધારવાનો વિચાર પણ કદિ નહિ આવ્યો હોય ત્યાં એ પહોંચી જશે અને દુનિયાથી તજાયલાને એ ઉપદેશ આપી કામે ચઢાવશે અને એનામાં એ જીવનપલટો કરવાના પ્રયત્નો ફતેહમંદ રીતે કરશે. આ તો દાખલા તરીકે એક પરોપકારનાં નવાં ક્ષેત્રોનો દાખલો આપ્યો, પણ એવાં તો પાર વગરનાં નવાં ક્ષેત્રો એ ખોલશે અને ખોલીને તેમાં કામ કરનારાઓના મોટા સમૂહને નાનાં મોટાં કાર્યો માટે આકર્ષશે અને તેમાં જોડાશે. નવયુગ એક માણસને લક્ષ્મી એકઠી કરવાનો હક્ક જ સ્વીકારશે નહિ અને છતાં લક્ષ્મી કે બીજી સગવડ આવડત

વિશિષ્ટતા હોય તેનો લાભ વધારે પ્રમાણમાં જનતાને આપવાની પોતાની ચોખ્ખી ફરજ જ સમજશે. એ પરોપકાર કરવામાં પાડ કરૂં છું એમ માનશે નહિ અને સામા પાસે પાડ મનાવવાના મનોરથ કે ઇચ્છા પણ નહિ કરે. પરોપકાર કરવો એ એનું અંગ બની જશે, એને એ પોતાનો ધર્મ જ માનશે અને એમાં એ રસપૂર્વક આનંદ લેશે. સામ્યવાદ આદિ પ્રચલિત નવીનવાદોમાં તે માનશે કે નહિ એ તદ્દન જુદો પ્રશ્ન છે અને તે તેને યોગ્ય સ્થાને વિચારાશે, પણ એ સર્વની અસરને લઇને જનસેવા કરવાનું અને તે દ્વારા પરોપકાર કરવાનું નવીન વાતાવરણ જ પ્રેરક રૂપે તેની આસપાસ ઊભું થશે. (૩૩)

અંતરંગ ષડ્રિપુનો પરિહાર કરવા તત્પર — છ રિપુ અનેક પ્રકારે ગણ્યા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ જાણીતાં છ નામો છે. શ્રી હેમચંદ્રાચાર્ય કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષને છ રિપુ ગણાવે છે. જેનાથી અંતર્વૃત્તિઓ સંસાર તરફ ઘસડાય એ અંદરના સર્વ પ્રકારના ચિત્તવિકારો શત્રુ જ છે. એ પ્રાણીને વિવેક ભૂલાવી અંધ કરી દે છે અને પછી દારૂની અસર નીચે આવ્યા પછી જેમ પીધેલ માણસ પરાધીન થાય છે તેમ મનોવિકારની અસર નીચે પ્રાણી પરવશ બની જાય છે. એ લાંબી નજરે જોઈ શકતો નથી, પોતાને થતી હાનિઓ સમજી શકતો નથી, ભવચક્રભ્રમણને પિછાની શકતો નથી અને પોતાના કાર્યનું સાધ્ય લક્ષ્યી શકતો નથી. આવા સર્વ પ્રકારના વિકારોનો ત્યાગ કરવા, તેમને ઓછા કરવા, તેની અસર નીચે જેમ બને તેમ ઓછું આવવા પ્રત્યેક પ્રાણીએ પ્રયત્ન કરવો જોઈએ. અહીં જો પ્રત્યેક મનોવિકારની ચર્ચા કરવા લાગી જઈએ તો લેખ ઘણો મોટો થઈ જાય. વળી અંતરંગ વિષયના આવિર્ભાવોનું પૃથક્કરણ યુગે યુગે ખૂબ ફરતું ગયું છે. તેને તો કોઈ અન્ય પ્રસંગ માટે

મુલતવી રાખી અહીં સામાન્ય રીતે એટલું કહી શકાય કે નવયુગનો માનવી માનસવિદ્યાનો અભ્યાસ કરી પોતાના પ્રત્યેક આચરણની કિંમત કરી શકે તે માટે ખૂબ સાધનો મેળવી શકશે. એ મનોવિકારનો અભ્યાસ કરી અટકશે નહિ, પણ તેના પર સામ્રાજ્ય મેળવવા બનતું કરશે. એ અંતરંગ રિપુનો પરિહાર કરવા તત્પર થશે, એટલું જ નહિ પણ એ વિષયને વૈજ્ઞાનિક પદ્ધતિ પર મૂકશે, પ્રત્યેક વિકારની વ્યાખ્યા બાંધશે, એના સૂક્ષ્મ સ્વરૂપનો અને એના ઊંડા તથા પ્રકટ આવિર્ભાવોને એ ઓળખતો થશે અને એને ઓળખીને ન અટકતાં એ એની સામે થવા બનતું કરશે. બાકી આ વિષય ઘણો વિશાળ હોઈ અત્રે વિરામ કરવો એ જ એને માટે શક્ય છે. પ્રત્યેક મનોવિકારને અંગે ખૂબ વક્તવ્ય છે અને નવયુગ પ્રત્યેકને અંગે નવીન દિશા દોરનાર છે એમ દેખી શકાય છે. મુદ્દાની બાબતમાં તે સાપેક્ષ રહેશે એટલું જણાવી આગળ વધીએ. મનોવિકારનું પૃથક્કરણ કેમ થાય તેનો એક દાખલો આપીએ. કોઈ નવયુગના માણસ પાસે આવી કહે કે 'ભાઈ! તમે તો આટઆટલું અંગ્રેજી ભણ્યા છતાં ધર્મશ્રદ્ધા રાખો છો તે હદ છે!' આના જવાબમાં તે કહે કે 'ભાઈ! આપણે તે કોણમાત્ર છીએ! દુનિયામાં અનેક રત્નો છે!' વગેરે. આ જવાબમાં માન પણ હોય, માન મેળવવાની ઇચ્છા પણ હોય, વધારે પ્રશંસા મેળવવાનું નોતરું પણ હોય અને હૃદયપૂર્વકની પોતાના સ્થાનની અલ્પતાના સજ્ઞાનપણાનું નિદર્શન પણ હોય. એ જવાબમાં અંતરરિપુનો વિજય છે કે રિપુ પર વિજય છે એ કહેવું મુશ્કેલ પડે. પણ પૃથક્કરણ કરતાં આવડે અને બોલનારની ભાષા હાવભાવ અને રાહઘાટ જોવામાં આવ્યા હોય તો ચોખવટથી એનું નિરૂપણ થઈ શકે. આવી અનેક ગૂંચવણો માનસક્ષેત્રમાં છે. પ્રત્યેક વિકારની તરતમતાનો પાર નથી, એના આવિર્ભાવ તિરોભાવના પ્રસંગોનો

પાર નથી અને એની સ્થિતિ નિરસન અને ગૂઢારોપણનો અંત–તાગ આવે તેમ નથી. મતલબ એ છે કે એ વિષય ઘણો વિશાળ છે, અભ્યાસથી વધારે વધારે સ્પષ્ટ થતો જાય તેવો છે અને નવયુગને તેના પર અંક કરવાના પ્રસંગો જ્ઞાન–પ્રકાશને કારણે વધારે લભ્ય છે. નવયુગ તેનો જરૂર લાભ લેશે એમ અત્યાર સુધીના પ્રયત્નોથી પણ દેખાય છે. (૩૪)

ઇંદ્રિયોને વશ કરનાર — આ છેલ્લો પાંત્રીસમો ગુણ છે. પાંચ ઇન્દ્રિયના વિષયો બાહ્ય છે. પ્રત્યેક ઇંદ્રિયનો વિષય એક એક છે. પણ એની તરતમતા અને એમાં ગાઢતા આંતરવૃત્તિ પર આધાર રાખે છે. બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારની અંતર-દશા સમજ્યા વગર તેને માટે નિર્ણય આપી શકાય તેમ નથી. જીવનની સાદાઈને કારણે, જરૂરિયાતોની અલ્પતા થવાને કારણે, મોજશોખ તરફ અલ્પ રૂચિ થવાનો ચાલુ ઉપદેશ રહેવાને કારણે નવયુગ ઇંદ્રિયોને અંગે ઓછો વધતો અંકુશ રાખનાર થવાનો સંભવ વધારે છે. અત્યારે ઓછો વધતો ત્યાગ બાહ્ય નજરે જોતાં આ સંબંધમાં સુંદર પરિણામ આવવું ઘટે. તેની સાથે જવાઆવવાનાં સાધનોના વધારાને કારણે, ઊંડી અભ્યાસવૃત્તિ સાર્વત્રિક થતાં સમય લાગવાને કારણે અને વિલાસને પ્રેરક સાધનો સુલભ થવાને કારણે આ સંબંધમાં એક સરખું ધોરણ નહિ રહે. કેટલાક ભારે ઈંદ્રિય-દમન કરનારા નવયુગમાં નીકળી આવશે અને કેટલાક ઈંદ્રિયને મોકળી મૂકી દેનારા પણ નીકળશે. પણ ઇંદ્રિયદમનનો વિષય સમજાવતાં મુશ્કેલી નહિ પડે અને પતિત થયેલાને ઠેકાણે લાવવાનું બની શકે એવું પણ રહેશે. (૩૫)

આ પ્રમાણે સંયમના વિષયને હાથ ધરતાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો સંબંધી વિસ્તારથી વાત કરી નાંખી. આ પ્રત્યેક

ગુણ પર લખવાથી અનેક બાબતોનો એમાં સમાવેશ થઈ ગયો અને હવે પછી લખવાનાં અનેક શિર્ષકોને આમાં સીધી અથવા આડકતરી રીતે સ્થાન મળી ગયું. સંયમમાર્ગના પ્રથમ પગથિયે નવયુગનો જૈન પોતાના સ્થાનનો આ પ્રમાણે નિર્ણય કરશે.

સંયમના માર્ગો અનેક છે. જે વસ્તુ પોતાને પ્રાપ્ત થઈ શકે તેમ હોય તે વિષયનો ત્યાગ સમજીને કરવો તે 'સંયમ' કહેવાય છે. અશક્ય વસ્તુના ત્યાગને પણ સ્વીકૃત ગણ્યો છે તે કાદાચિત્ક અને સંયોગવશાત્ છે. નવયુગનો જૈન બાર વ્રતોને અંગે સંયમપૂર્વક કાર્ય કરશે.

## નવયુગના જૈનનાં બાર વ્રત

પ્રાણાતિપાત વિરમણની ઘણીખરી હકીકત અહિંસાની ચર્ચામાં ઉપર થઈ ગઈ છે. વ્યવહારમાં શક્ય હશે તેટલી અહિંસા એ જરૂર સ્વીકારશે. પાણી ગળવાની, અનાજ શોધવાની નાની નાની બાબતોમાં એ અહિંસા અને આરોગ્ય બન્ને દૃષ્ટિએ જોશે. એની અહિંસા વ્યવહારુ રૂપ ઘણું લેશે. એ જીવવધને અટકાવવા સારુ મહાન યોજનાઓ કરશે અને અહિંસાને જગદ્ંદ્ય સિદ્ધાંત તરીકે રજૂ કરશે. સ્થૂળ હિંસાનો તે ત્યાગ કરશે એટલું જ નહિ, પણ માનસિક ક્ષેત્રમાં વિના પ્રયોજન અન્યની લાગણી દુઃખાવવાની બાબતને પણ હિંસાની કોટિમાં લાવશે. એ પરદ્રોહ, અસૂયા, નિંદા, કલહ, અભ્યાખ્યાન આદિ અંતર વિકારોને પણ આ વ્રતની નીચે લઇ આવશે અને તેનો બનતો ત્યાગ કરવા પ્રવૃત્તિ કરશે, ચર્ચા કરશે અને તે સંબંધી પ્રચારકાર્ય પણ કરશે.

બીજા મૃષાવાદ વ્રતને અંગે તે ખૂબ ચોક્કસ થશે. અસત્ય ભાષણ કે સૂચવન માટે તેને ઘૃણા થશે. તે જૂઠી સાક્ષી આપવાથી કે ખોટા દસ્તાવેજો બનાવવાના કાર્યથી દૂર રહેશે. તે સર્વ સત્ય

બોલવા અને સત્ય સિવાય કંઈ નહિ બોલવાની ભાવના કરશે. જૈનથી અસત્યના પાયા ઉપર વ્યાપાર કે ધંધો થાય જ નહિ એવી તેની માન્યતા રહેશે અને તે માન્યતાને તે સક્રિય રૂપ આપશે.

અચૌર્યવ્રત સત્યની પેઠે તે ખૂબ બહલાવશે. જે વસ્તુ પર પોતાનો હક્ક ન હોય તે ધણીની પરવાનગી સિવાય લેવાય નહિ એ તો સામાન્ય વાત થઇ, પણ તે ઉપરાંત ખોટી સૂચનાથી, સીફતથી, દંભથી, પારકા પૈસા પડાવી લેવાની બાબતને પણ આ વ્રત નીચે ત્યાજ્ય ગણશે. ખોટાં માપ, ખોટા તોલ, માલમાં ભેળસેળ—આ સર્વ ત્યાજ્ય ગણી તે રીતે પેટ ભરવાની કે ધન એકઠું કરવાની તેની વૃત્તિ નહિ થાય.

બ્રહ્મચર્ય વ્રતની બાબતમાં સ્ત્રીપુરુષને મળવાના પ્રસંગો વધશે અને અંતર ઘટશે. લાજ કાઢવાનો રિવાજ જંગલી ગણાશે અને સ્ત્રીઓ સ્વતંત્રતા મેળવશે, છતાં જાતીય પવિત્રતા અત્યારના કરતાં વધારે પ્રગટશે. એ નવયુગનો જૈન સ્ત્રીઓ સાથે મળી કામ કરશે, છતાં મર્યાદામાં રહી શકશે. બ્રહ્મચર્ય સંબંધી તેના વિચારો વધારે મક્કમ થશે અને એકંદરે સ્વદારા સંતોષની ભાવના પોષાશે. એ ઉપરાંત સેવાભાવી વર્ગ એવો પણ નીકળશે જે લગ્નગ્રંથીમાં જોડાવાથી સેવાભાવને ખલેલ પહોંચતી માનશે અને તેવો વર્ગ દીર્ઘ કાળ સુધી અથવા આજીવન અખંડ બ્રહ્મચર્ય પણ સ્વીકારશે. સ્ત્રી જાતિની સત્કીર્તિ વધશે અને તેને સ્વાતંત્ર્ય મળવા છતાં તે ઉદ્ધત ઉચ્છૃંખલ કે વિષયી ન બનતાં તે સ્ત્રીપદને ગૌરવાન્વિત કરનાર થશે. આ સ્થિતિ આવવા પહેલાં થોડો વખત એક કાળી લીંટીને ઉલ્લંઘન કરવી પડશે જ્યારે સ્ત્રીસ્વાતંત્ર્યની પદ્ધતિ સામે થોડો વખત પોકાર થશે, પણ અંતે તે સર્વ વ્યવસ્થિત થઈ જશે

અને સ્ત્રીજાતિની સત્કીર્તિ અનેક કાર્યક્ષેત્રમાં જામશે. માંદાની માવજત, અકસ્માતના ઈલાજો, પ્રાથમિક મદદ, બાળઉછેર આદિ કાર્ય સ્ત્રીવર્ગ સુવાંગ ઉપાડી લેશે જ્યારે સમાજપ્રવૃત્તિના બીજાં અનેક કાર્યોમાં એ પુરુષોની બાજુએ રહી સાથોસાથ કામ કરશે અને છતાં બ્રહ્મચર્યના વાસ્તવિક સ્વરૂપને વિશિષ્ઠ સ્થાન મળશે અને તે ઉત્તરોત્તર વધારે જળવાતું જશે. નવયુગમાં જાહેર સ્ત્રીનો વર્ગ સદંતર નાશ નહિ પામે. તે સંસ્થા પણ ચાલ્યા કરશે, પણ ધર્મભાવનાવાળો નવયુગનો જૈન એ વર્ગની સ્ત્રીઓનાં સ્થાનો તરફ નજર પણ નહિ કરે.

સામ્યવાદના વિચારો સમાજમાં સ્થિર થવા લાગ્યા છે. તે ઉપરાંત કોઈ પણ વ્યક્તિને પોતાની જરૂરિયાતથી વધારે સંચય કરવાનો હક્ક નથી એવા વિચારોનો પ્રચાર થવાની શરૂઆત થવા માંડી છે. જનતાનો મોટો ભાગ ધનીક વર્ગને અસ્પર્શ્ય ગણે તેવો સમય પાછો આવતો જાય છે. રૂશિયાનું બોલ્શેવિઝમ–મજૂર વર્ગનું રાજ્ય કદાચ હિંદમાં ચાલશે કે નહિ તે વાત બાજુએ રાખીએ, પણ પરિગ્રહને અંગે તો નવયુગ ભારે પ્રગતિ જરૂર કરશે. સમાજ ધનસંચયની વિરૂદ્ધ થતો જાય છે, કાયદાઓ ધનવાનને વધારે ચૂસે તેવા થતા જાય છે, આવકના કરો મોટા થતા જાય છે, મરણ પછી આપવાનો કર (ડેથ ડ્યુટિ) ઘણો વધતો જાય છે અને આવતા યુગનું આખું અર્થશાસ્ત્ર ધનસંચય વિરૂદ્ધ જનાર હોવાનાં સર્વ કારણો દિગંતમાં સ્પષ્ટ દેખાય છે એટલે પરિગ્રહની બાબતમાં નવયુગ ન ધારી શકાય તેટલી પ્રગતિ બતાવશે. આ સંબંધમાં રૂશિયાનો યુવાન વર્ગ અત્યારે શું કરી રહ્યો છે તેનો ખ્યાલ કરવાથી પરિગ્રહવ્રત કેટલું લોકપ્રિય થઈ પડશે તેનો કસ આવે તેમ છે.

ત્રણ ગુણવ્રતો પૈકી દિગ્વિરતિ વ્રત. અમુક દિશાએ અમુક હદ સુધી જ જવું. આ વ્રત નવયુગમાં લોકપ્રિય થવું અસંભવિત છે. નવયુગ એને ઉપયોગી ગણશે નહિ. (આમાં કાંઈ કેટલું પ્રમાણ રાખવું તે નિર્ણિત નથી.)

ભોગોપભોગમાં ભારે ચર્ચાઓ થશે. એક વાર ભોગવાય તે 'ભોગ' વસ્તુ કહે છે. એનાં દૃષ્ટાંતમાં તાંબૂલ, ધૂપ, આદિ છે. એમાં 'સ્ત્રી'ને ભોગની ચીજ ગણી છે જે સંબંધમાં નવયુગ ખાસ વાંધો નોંધાવશે. નવયુગના મનોરથ રાષ્ટ્રને સાધનસંપન્ન કરવાના, અન્ય દેશો સાથે હરીફાઈમાં ઉતરવાના અને અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જોવાના હોવાથી કર્માદાનની હકીકત સ્વીકારવા છતાં નિર્ણય ઘણો શિથિળ રહેશે. એની નજરમાં દેશની ઔદ્યોગિકતા મુખ્ય ધ્યાન ખેંચશે તેથી હિંસાના પ્રસંગને એ બનતી રીતે દૂર રાખશે, પણ યંત્રાદિકનો એ ત્યાગ કરી શકશે નહિ. આ બાબતમાં નવયુગ પાછળ પગલાં ભરશે. સાતમા વ્રતને અંગે એ ઉપરાંત બીજો પ્રશ્ન રાત્રિભોજનનો આવશે. એ રાત્રિભોજનનાં સ્થૂળ ગેરલાભ સમજશે, પેટને બાર કલાક રાહત આપવાના લાભો સમજશે, છતાં સમાજબંધારણ, કસરત રમતનો સમય, ભાષણ વ્યાખ્યાનના લાભો આદિ કારણે રાત્રિભોજનને અંગે નવયુગ શિથિળ થતો જશે. એને છઠ્ઠા મહાવ્રત જેટલું મહત્ત્વ આપવાનું કારણ તેના ધ્યાનમાં ઉતરશે નહિ, છતાં ત્યાગ તરીકે એ વાતને તે સ્વીકારશે અને તેનું મૂલ્ય પણ કરશે, પણ જૈન શબ્દની વ્યાખ્યામાં ન છોડી શકાય એવો એ ધર્મ છે એમ તે નહિ માને.

આ બે બાબત સિવાય ભોગોપભોગની બાબતમાં નવયુગ સુંદર પરિણામ બતાવી શકશે. મદ્યમાંસને એ છોડશે અથવા એનો સ્વીકાર નહિ કરે. એને દારૂ કોઈ પણ આકારમાં ઘૃણા ઉત્પન્ન

કરશે. માંસ મચ્છી ઈંડાંમાં એને હકનો સવાલ થશે. આપણને જીવવાનો હક છે તેવો સર્વને જીવવાનો હક છે અને જે પ્રાણ આપી શકે નહિ તેને પ્રાણ લેવાનો હક નથી એમ તે માનશે. અનંતકાયની બાબતમાં એ બહુ ઊંડો નહિ ઉતરે, પણ સામાન્ય રીતે જ્યાં એ અનંતજીવ જાણી શકશે ત્યાં ત્યાગ કરશે. એને ખાવાની બાબત કદિ રસ જ ઉત્પન્ન નહિ કરે. મળે કે તૈયાર હોય તે ખાઈ લેવું અને એની વિશેષ ઘડભાંજ ન કરવી એવી એની ઉદાસીન અથવા બેદરકાર સ્થિતિ રહેશે. છતાં મળે તે ખાવું તેનો અર્થ એમ સમજશે નહિ કે જે ખોરાક કે પેય પદાર્થ અભક્ષ્ય અપેય હોય તેનો વિવેક ન કરવો. એ ખાવાની બાબતમાં અમુક જ જોઈએ અને અમુક રીતે તૈયાર કરેલું જ જોઈએ એવી ચાપચીપ કરનારો નહિ થાય.

ભોગોપભોગને અંગે એક બે બાબત હજુ વિચારવાની રહે છે. આનો ઉપયોગ હજુ વધશે કે નહિ તે કહેવું જરા મુશ્કેલ છે. નવયુગનો એક ભાગ ચાનો ત્યાગ કરનાર નીકળશે, ત્યારે એક વિભાગ ચાને દિવસમાં અનેક વાર પીનાર નીકળશે. એ જ પ્રમાણે આઇસક્રીમનું સમજવું. એનો ત્યાગ કરનાર થોડા નીકળશે, એનો ઉપયોગ કરનાર વધારે નીકળશે. કર્માદાન સંબંધી છૂટાછવાયા અસ્તવ્યસ્ત વિચારો ઘણા ચાલશે, પણ શક્યતા એવી લાગે છે કે આર્થિક પરિસ્થિતિ વધારે આકરી થવાના કારણે, જીવનકલહ ભીષણ થવાને કારણે અને ઉદ્યોગ, કળા, હુન્નર અને વ્યાપારનાં નવીન ક્ષેત્રો નીકળવાને પરિણામે કેટલાંક કર્માદાનો સંબંધમાં નવયુગ છૂટ લેશે. શાસ્ત્રનો આદેશ સમજવા છતાં એ મિલ નહિ જ કરે કે ખેતીવાડી નહિ જ કરે અથવા કોલસા કે ધાતુની ખાણોને અડશે જ નહિ એમ લાગતું નથી.

'ઉપભોગ' એટલે જે એકની એક વસ્તુ અનેક વાર ભોગવાય તે. આ ભોગ અને ઉપભોગને અંગે ઉપર જણાવી તેવી સ્થિતિ રહેશે અને કેટલુંક અવ્યવસ્થિત રીતે ચર્ચા કરવાનું સ્થાન પણ પ્રાપ્ત થશે.

અનર્થદંડની બાબતમાં સ્થિતિ બગડશે. નાટક સિનેમાનો ઉપયોગ હદ પાર થશે. સિનેમાનો કેળવણીના કાર્ય માટે ઉપયોગ થશે તે અનર્થદંડની કોટિમાં નહિ ગણાય. પણ એ આનંદ-આરામનો વિષય પણ થશે. વ્યાપારધંધાને અંગે સલાહ આપવાનું થશે. મોટાં કારખાનાના શેરહોલ્ડર થવામાં સાતમા અને આઠમા વ્રતને વિરોધ આવશે. પ્રમાદ આચરણ ઓછાં થશે. નવયુગમાં અન્યની ટીકા કરવાનો નિંદા કરવાનો સમય જ અલ્પ મળશે. જનસમાજ જેમ જેમ વધારે સંકીર્ણ થતો જાય તેમ તેમ આર્ત રૌદ્ર ધ્યાનના પ્રસંગો વધારે આવે તેવો સંભવ છે. આ સંબંધમાં ઉપયોગ રહેશે, પણ પ્રસંગો ઘણા વધી જશે. એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે અત્યારના અનર્થદંડના પ્રસંગો કરતાં તદ્દન નૂતન પ્રકાર જ હસ્તીમાં આવશે.

આ રીતે ત્રણ ગુણવ્રતની હકીકત થશે. ચાર શિક્ષાવ્રતોને અંગે સ્થિતિ કેવી રહેશે તે સંક્ષેપમાં જોઈ જઈએ. સામાયિક તરફ નવયુગની રૂચિ રહેશે. તે યથાવકાશ સામાયિક કરશે અને તે વખતનો ઉપયોગ વાચન કરવામાં મુખ્યતયા કરશે. સામાયિક તરફ જનતાની રૂચિ વધશે. જૈનધર્મનું એ એક ઉત્તમ વ્રત ગણાશે. એ ઘડી સંસારને છોડી દેવાનો આદર્શ જ ઘણો સુંદર અને આકર્ષક લાગશે.

દેશાવગાશિક વ્રતને અંગે દિગ્પરિમાણવ્રતની સર્વ ટીકા લાગુ પડે છે. પૌષધવ્રતને ઉપરના સામાયિકવ્રતની સર્વ ટીકા લાગુ પડે

છે. પૌષધ તરફ રૂચિ રહેશે, પણ તે આખા દિવસનો સવાલ હોવાથી તેને જીવનકલહ આદિ આર્થિક પ્રશ્નો અસર કરશે. પૌષધમાં જ્ઞાનચર્ચા ઘણી સુંદર પ્રેરક અને ઉત્તેજક થશે. પડિલેહણાદિ વિધિમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર નવયુગ નહિ માગે.

ચોથું શિક્ષાવ્રત અતિથિ સંવિભાગનું આવે છે. ખરા અર્થમાં સાધુ હશે તેના ઉપર નવયુગ વારી જશે; પણ ખટપટી, ધમાલિયા, લગભગ એક નવા પ્રકારનો સંસાર માંડી બેઠેલા દુકાનદારી ચલાવનારને નવયુગ સાધુ માનશે નહિ અને તેના તરફ ઉપેક્ષા રાખશે અથવા તે વર્ગને સુધારી યોગ્ય ભૂમિકાવાળાને તેમાં સ્થાન આપવાનો આગ્રહ કરશે. સાધુનો આખો પ્રશ્ન આગળ વિચારવાનો છે ત્યાં આ સંબંધી વિશેષ ચર્ચા થશે. આ વ્રતમાં જૈન બંધુના વાત્સલ્યનો સમાવેશ થશે. જ્ઞાતિભેદ નહિ રહે. ગમે ત્યાં જન્મ્યો હોય, પણ જૈનધર્મને સ્વીકારનાર મારો બંધુ છે એવી ભાવના વધશે. જ્ઞાતિના તફાવત વગર સર્વ જૈનને પંક્તિભોજનમાં સ્થાન મળશે, જૈનની સર્વ સંસ્થાનો વગર સંકોચે લાભ મળશે અને ગચ્છના કે ફીરકાના ભેદ સિવાય બંધુત્વ ખૂબ વિસ્તાર પામશે. કોઈ પણ ગચ્છ કે ફીરકા માટે તુચ્છ ભાષામાં વાત કરવાનો કે ઉલ્લેખ કરવાનો પ્રતિબંધ થશે અને સ્વામીવાત્સલ્યનો જમણવાર અર્થ થાય છે તેમાં ઘણો વિસ્તાર કરવામાં આવશે અને તે એટલી હદ સુધી જશે કે જમણવાર તો અલ્પ થઈ જશે, પણ સ્વધર્મીબંધુને વિદ્યાદાન, ધંધામાં સ્થાપન, આપત્તિ વખતે સહાય કરવાના અનેક સફળ પ્રયત્નો નવી નવી દિશાએ થશે. અન્યનો ઉત્કર્ષ જોઈ જે અસૂયાવૃત્તિ અત્યારે જાગે છે તે પ્રાયઃ બંધ થઈ જશે. કોઈ પણ બંધુને ચઢેલો જોઈ બાકીનો વર્ગ રાજી થશે અને વધવાના માર્ગો તેને ભલામણ ગોઠવણ આદિ દ્વારા સુકર કરી આપવામાં આવશે.

સંયમના આ માર્ગો ખાસ પ્રસંગોને ધ્યાનમાં રાખી ચર્ચ્યા છે. આખા વિશાળ ક્ષેત્રને અવલોકવા માટે આ બાબતને ઇરાદાપૂર્વક વિસ્તૃત સ્થાન આપ્યું છે. એ ધોરણ પ્રમાણે દ્રવ્યશ્રાવકના તથા ભાવશ્રાવકના ગુણો તપાસી જવા.

સંયમના ક્ષેત્રમાં સાધુના ક્ષેત્રનો વિચાર પ્રસ્તુત છે તે આગળ તરતમાં જ કરવાનો છે ત્યાંથી જોઈ લેવો. એ વિષય જરા વધારે અટપટો હોઈ તેને સ્વતંત્ર સ્થાન આપવું યોગ્ય ધારવામાં આવ્યું છે.

# પ્રકરણ ૯ મું

## તપ

જૈનધર્મનાં મૂળ ત્રણ અંગો પૈકી અહિંસા અને સંયમ સંબંધી ઉલ્લેખ થયો. તપના સંબંધમાં નવયુગનું વલણ તપાસી આપણે આગળ વધીએ.

તપના મુખ્ય બે પ્રકાર: બાહ્ય અને અભ્યંતર.

બાહ્ય તપમાં ન ખાવું, ઓછું ખાવું, વસ્તુઓનો ત્યાગ કરવો, ઇષ્ટમિષ્ટ પદાર્થને તજવા, કાયાને પીડા ઉપજાવવી અને શરીર સંકોચ કરવો. આ સર્વ પ્રકારમાં પ્રથમ અનશનનો પ્રકાર તે વર્તમાન યુગના ઉપવાસ કે એકાસણાદિ તપ ગણાય છે. એનો મહિમા નવયુગમાં ઘણો વધશે. શારીરિક નજરે ઉપવાસને વૈજ્ઞાનિક પદ્ધતિ પર મૂકવામાં આવશે. એ ઉપરાંત ઓછું ખાવું આદિ સર્વ બાબતો સ્થૂળ દૃષ્ટિએ આરોગ્યની નજરે ઉચ્ચ સ્થાન પામશે. એમાં શ્રદ્ધા કરતાં આરોગ્યની અને વૈજ્ઞાનિક દૃષ્ટિ વિશેષ સ્થાન લેશે. એનું સ્થાન સમજણપૂર્વક ઉચ્ચ થશે. ઉપવાસાદિની પદ્ધતિ થોડી ફરશે, પણ મુદ્દો જળવાઈ રહેશે.

રસત્યાગ અને વૃત્તિસંક્ષેપને ખૂબ ઉચ્ચ સ્થાન આદરપૂર્વક મળશે. એની સાથે સાદા જીવનના પ્રશ્ન ગૂંથાઈ જશે.

અમુક વર્ગ જ્યાં સુધી ધનની મહત્તા માનશે ત્યાં સુધી આ બાહ્ય તપને પૂરું વજન નહિ મળે, પણ સામ્યવાદ સમાજવાદ અને સમાનતાવાદ ટૂંક વખતમાં એવું રૂપ પકડશે કે ધનવાનનો વર્ગ જુદો નહિ રહી શકે. અત્યારે સંસ્કારી પ્રજાનું વલણ સામ્યવાદ તરફ છે અને તેનાથી જૈન અલગ નહિ રહી શકે. સમાન ભૂમિકા ઉપર આવ્યા પછી સાદું જીવન સાધ્ય થશે અને બાહ્ય તપને સ્થાન મળશે. તપની બાબતમાં શરીરની શક્તિનો ખ્યાલ કર્યા વગર આઠ દશ પંદર ત્રીશ ઉપવાસ કરનાર કોઈ કોઈક જ નીકળશે, પણ તેમ થશે તે આશ્ચર્યકારક જ ગણાશે. ત્યાગભાવ અને સાદાઈની વિપુલતા થવાનો પ્રસંગ દેખાય છે તેથી તેમને સમજણપૂર્વકનું સ્થાન મળશે.

આ તો બાહ્ય તપની વાત થઈ. અભ્યંતર તપમાં સ્વાધ્યાય ખૂબ વધી જશે. એમાં એકલા ધર્મના વિષયોનો જ સમાવેશ થતો નવયુગ નહિ ગણે. નવી શોધખોળ, પરમાણુશાસ્ત્ર, વસ્તુવિજ્ઞાન (કેમિસ્ટ્રિ), ગ્રહવિદ્યા (એસ્ટ્રોનોમિ), પ્રકાશનો સિદ્ધાંત (લાઈટ), અવાજનો સિદ્ધાંત (સાઉન્ડ) આદિ અનેક વિષયોને સ્વાધ્યાયની કોટિમાં ગણવામાં આવશે. જૂના આકારમાં આ સર્વ શાસ્ત્રીય વિષયો જ છે, પણ નવા આકારમાં તેની શોધખોળો કરી નવાં સાધન દ્વારા જૂની બાબતોને ચર્ચવી એને પણ નવયુગ સ્વાધ્યાયની કોટિમાં ગણશે. વિનય, વૈયાવચ્ચ તે યોગ્યનો જ કરશે, પણ યોગ્યતાની પરીક્ષા પછી તેને આધીન થઈ જશે. સૈનિકવૃત્તિ એટલી કેળવાશે કે ઉપરી અધિકારીના હુકમનો અમલ કરવો એ લશ્કરીનું કર્તવ્ય છે, એણે આખી વ્યૂહરચનાના જ્ઞાનને અભાવે વ્યક્તિગત હુકમની તુલના કરવાની હોય જ નહિ. આ વૃત્તિ અત્યારે કેળવાતી જાય છે. પણ એવા અધિકારીનું પદ જેને તેને નહિ મળે. દીર્ઘ દષ્ટા, ઉચ્ચ ચારિત્રવાન પોતાનો

વિચાર ન કરનાર, સેવાર્થે–પરાર્થે જીવન અર્પનાર, સત્ય અને અહિંસામય જે વ્યક્તિ હશે તેને વિનય પણ મળશે અને વૈયાવચ્ચ પણ મળશે.

અને વિનય વૈયાવચ્ચ શબ્દ અમુક વર્ગ પરત્વે જ નહિ રહે. વિનય સાર્વત્રિક થશે અને વૈયાવચ્ચ સેવાભાવનાનું રૂપ લેશે. માંદાની માવજતથી માંડીને અનેક રીતે સેવાના અર્થીને સેવા આપવી એમાં અભ્યંતર તપ મનાશે. વચ્ચેના વખતમાં સુવાવડ પ્રસૂતિ કર્મ કરનાર કર્મબંધન કરે છે અને એમાં સેવા જેવું કાંઈ નથી એવી માન્યતા ચાલતી હતી તેને નવો યુગ નહિ માને. પ્રસૂતિકર્મ વખતે સેવાની ખાસ જરૂર છે અને તેની સેવા કરવી એ વૈયાવચ્ચની કક્ષામાં આવે છે એમ નવો યુગ માનશે. અને સેવાનાં ક્ષેત્રો તો પાર વગરનાં વધી જશે. મોટા મેળાવડામાં આવનારને પાણી પાવું, ભોજન સમારંભમાં પીરસવું, મોટા મેળાઓ વખતે પદ્ધતિસર વ્યવસ્થા કરવી, આવા આવા અનેક માર્ગો ખુલશે. શિસ્ત જાળવવું એ નવયુગનો નવો માર્ગ જ નીકળશે અને તેની અસર વારતહેવારે મોટે પ્રસંગે મેળાવડામાં અનેક રીતે થશે, એટલું જ નહિ પણ નાની નાની બાબતોમાં તેની છાયા પડશે. વિવેકસર કરેલી સેવા, જનસમાજની સગવડ અને અનેક યાતનાની અટકાયતના પ્રસંગોને નવયુગ અભ્યંતર તપ ગણશે.

એની ખરી બહાર તો મહામારી પ્લેગ, કોલેરા જેવા જીવ-લેણ વ્યાધિ ચાલતા હોય, ભયંકર આગ થઈ હોય, મેળામાં લાખો માણસો એકઠા થયા હોય–થવાના હોય, ગામેગામ ઘેર ઘેર જઈ પ્રચાર કાર્ય કરવાનું હોય ત્યારે જણાય. આ અનેક અભિનવ ક્ષેત્રોમાં પોતાના સ્થાન સંપત્તિ કે મોભાનો વિચાર કર્યા સિવાય નવયુગનો જૈન પોતાની ફરજ માનીને ઝંપલાવશે. આ સર્વ

સેવાઓ અભ્યંતર તપની કોટિમાં આવે છે એમ નવયુગ સમજાવવાનો પ્રયત્ન કરશે અને તે માટે પ્રમાણો રજુ કરશે.

પ્રાયશ્ચિત્તની બાબત તદ્દન અભિનવ વલણ લેશે. જાહેરમાં ક્ષમા માગવા જેવી સરળતા બહુ થોડામાં આવશે, પણ આવશે ત્યાં તે આશ્ચર્ય ઉત્પન્ન કરશે. પ્રાચીન પદ્ધતિએ પ્રાયશ્ચિત્ત લેવાની રીત ભાગ્યે જ ચાલુ રહી શકશે.

યોગનો અભ્યાસ વધશે. ધ્યાનનો આખો વિષય તદ્દન નવીન આકાર લેશે. એને અંગે શોધખોળ ખૂબ થશે. એ લગભગ ભૂલાઇ ગયેલો વિષય પ્રતિપાદન કરતાં જરા વખત લાગશે. પણ અંતે તે અસલ સ્થાને વ્યવહારૂ રૂપે અને પ્રાગતિક આકારે આવિર્ભાવ પામશે. યોગના માર્ગો, મુદ્રાઓ, આસનો આદિ નવ રૂપ લેશે અને એમાં પ્રાચીન પદ્ધતિને મૂળ સિંહાસન પર સ્થાપન કરવામાં આવશે. આ વિષયમાં રસ લેનારની સંખ્યા ઉત્તરોત્તર વધતી જશે. તદ્દન લુપ્તપ્રાય થઈ ગયેલા યોગના વિષયનો નવયુગ પુનરૂદ્ધાર કરશે.

કાયોત્સર્ગ તરફ રુચિ વધશે અને તેને સમજી જાણી તેનો યોગના એક પ્રકારમાં સમાવેશ કરવામાં આવશે.

આવી રીતે અહિંસા, સંયમ અને તપને અંગે નવયુગમાં ઘટના થશે. એના અવાંતર ભેદો અને પ્રકારો અનેક છે, આવિર્ભાવો પાર વગરના છે. સર્વને ચર્ચવાનું અસંભવિત છે. મુદ્દાઓ ચર્ચાયા છે. બાકી એ મુદ્દા અનુસાર નાની મોટી અનેક બાબતો થશે એટલું જણાવી ધર્મનાં બીજાં અંગો તરફ જઈએ.

## પ્રકરણ ૧૦ મું

# સાધુસાધ્વી — મધ્યમકક્ષા

ધર્મ સંબંધી વિચાર કરતાં સાધુઓનાં સ્થાન તરફ પ્રથમ વિચાર જાય તે સ્વાભાવિક છે. જૈન દર્શનની વિશેષતા એ છે કે એણે સાધુનું ચિત્ર અદ્‌ભુત ચીતર્યું છે. કંચનનો સર્વથા ત્યાગ કરવો અને સ્ત્રીસંસર્ગ (સ્ત્રીઓએ પુરુષસંસર્ગ) સીધી કે આડકતરી રીતે કરવો નહિ એ બે મુદ્દાને જ બરાબર લક્ષ્યમાં રાખવામાં આવે તો સાધુની વિશિષ્ટતાનો સાચો ખ્યાલ આવ્યા વગર રહે તેમ નથી. અન્યની સાથે સરખામણી કરી કોઇને ઉતારી પાડવાની ઇચ્છા નથી, પણ વિરોધના જરા પણ ભય વગર કહી શકાય તેમ છે કે સાધુનો—ત્યાગનો જે આદર્શ જૈન ધર્મે આલેખ્યો છે તે અપ્રતિમેય છે, અન્યત્ર કોઇ પણ સ્થાનકે એટલા ઉચ્ચ સ્થાને અપ્રાપ્ય છે અને મનુષ્યમાનસના અતિ ઉચ્ચ અભ્યાસ અને બારીક અવલોકનને પરિણામે ગોઠવેલી ત્યાગની ઉચ્ચ દશાને એ રજૂ કરે છે.

જૈનદર્શનનો આદર્શ ત્યાગનો છે. એના એકેએક વ્રતની વિચારણામાં, ભાવનામાં, સંવ્યવહારમાં ત્યાગ ઝળહળી રહે છે. સર્વથા

ત્યાગનો આદર્શ દૃષ્ટિ સમીપ રાખી મધ્યમ ત્યાગ પણ બતાવ્યો છે અને એ પણ ન સ્વીકારી શકે તેને માટે અલ્પ ત્યાગની રચનાઓ કરી છે. પણ એનો આખો નૈતિક વિભાગ બારીકીથી જોતાં ત્યાગની ભાવનાને પોષણ એક યા બીજે રૂપે અપાયેલું જોવામાં આવશે.

આથી ઘરસંસારનો ત્યાગ કરી સ્ત્રીપુત્ર કે સગાંસંબંધીને તજી દઈ ધન માલમિલ્કત અને સર્વ સંબંધને દૂર કરી અંતરવૃત્તિથી તેના ઉપર વિરાગ લાવી સર્વ સંબંધ અને વસ્તુઓનો અનિત્ય ભાવ વિચારી એનો ત્યાગ કરવા ઉપદેશ કર્યો. એની સાથે સાધુધર્મનું પાલન કરવા સારુ અને ત્યાગને તેની પરાકાષ્ઠાએ લઈ જવા શરીરનું પોષણ ન કરવા ફરમાવ્યું. શરીર માત્ર ધર્મ સાધનનું નિમિત્ત છે તેથી તેને ભાડું આપવા પૂરતું ખાવુંપીવું અને તે પણ સ્વાદથી, પ્રેમથી, ગૃદ્ધિથી નહિ, પણ માત્ર શરીર નભાવવા ખાતર જ ખાવાપીવાનો ઉપદેશ કર્યો. એની સાથે ભોજન અને પાનના એવા આકરા નિયમો બતાવ્યા કે એનો અમલ સર્વથા ભારે મુશ્કેલ દેખાય તેવો લાગ્યો. આખો આદર્શ ત્યાગ પર રચાયેલો હોઈ ચમત્કાર ઉપજાવે તેવો છે અને હૃદયને નમાવી દે તેવો છે.

એ ઉત્તમ આદર્શમાં માત્ર સ્થૂળ ત્યાગની વાત જ નથી. તેમાં અંતરંગ મનોવિકારોનો બારીક અભ્યાસ અને તે પર વિજય મેળવવાના સર્વ રસ્તાઓ રજૂ કર્યા છે. જૈન યતિ એટલે ક્ષમાવાન, નિરભિમાની, સરળ, નિષ્પરિગ્રહી, બ્રહ્મચારી, અસૂયા વગરનો, દ્વેષ વગરનો, મારાતારાની ગણના વગરનો, નિંદાને માર્ગે પણ ન જનારો, પારકી પંચાત નહિ કરનારો, પોતાના અભ્યાસક્રિયામાં પ્રવૃત્ત, જ્ઞાનક્રિયાનો મેળ મેળવનારો અને આદર્શ ચારિત્રવાન,

ભવભીરૂ, સંસારથી દૂર ગયેલ ઉત્કૃષ્ટ માનવી (Superman) સમજવો. એના અંતરંગ અને બાહ્યમાર્ગો, અનુષ્ઠાનો અને વિધિ-નિષેધો એવાં સુંદર યોજ્યાં છે કે એમાં કાંઈ વધારો કરવા જેવું તત્ત્વ બાકી રહેતું હોય તેમ લાગે તેમ નથી. લગભગ સર્વ સદ્‌ગુણોનું સ્થાન યતિ હોવા છતાં એ સંસારથી ન્યારો આત્મારામને સાધનારો અને દુનિયાની જંજાળથી મુક્ત મહાત્મા એના વિશિષ્ટ અર્થમાં છે એમાં કોઈને લવલેશ શંકા થાય તેવું નથી.

આ અતિ વિશિષ્ટ આદર્શ મુનિ–યતિ–સાધુને નમસ્કાર કરીને આપણે હવે એની વર્તમાન સ્થિતિ તપાસીએ.

સાધુધર્મનું ઉચ્ચ સ્થાન કાયમ રહે તે માટે અહીં એક આડકતરી વાત પ્રથમ કરી દેવાથી આખો વિષય સ્પષ્ટ થવા સંભવ છે. ઉચ્ચ આદર્શને કાયમ રાખી નવયુગ એમાં ઊંડા ઉતરી વિચારશે ત્યારે એને એમાં ઘણી મુશીબત જણાશે. નવયુગનું મુખ્ય ધ્યેય સેવાનું છે. એને જનતાની સેવા અનેક આકારમાં કરવી છે. એ સેવા ખાતર ભારેમાં ભારે સ્વાર્પણ કરવા તૈયાર રહેશે. આ સેવાભાવના ખ્યાલ સાથે એક બીજી પણ ગૂંચવણ ઉત્પન્ન થશે. સાધુધર્મ અતિ ઉચ્ચ કક્ષાનો હોઈ આદર્શ સ્થાને રહેવા છતાં તે સ્વીકારવાનો માર્ગ બહુ ઓછા લઈ શકશે. સાધુમાર્ગની કઠીનતાને અંગે એને મુસાફરી કરવાની અગવડ, સેવાસ્થાને તરત પહોંચવાના નવયુગના મોટર, રેલવે, વાયુયાન આદિ સગવડો લેવાની હકીકત છોડી દેવાનું નહિ પાલવે ખાનપાનના આકરા નિયમો તેને ગભરાવશે અને અમુક ક્રિયાઓ અમુક વખતે કરવી જ જોઈએ એ બંધન એને રૂચિકર નહિ લાગે. આ અને આવાં અનેક કારણોને લઈને એ સાધુ અને ગૃહસ્થ વચ્ચે એક નવી સંસ્થા ઊભી કરશે.

એ સંસ્થાને નવયુગ ‘મધ્યમ કક્ષા’ એવું ઉપનામ આપશે. એ સંસ્થાના જોડાનાર સભ્યોનો આદર્શ સેવાનો રહેશે. પોતાની જાતથી સમાજની અનેક પ્રકારે સેવા કરવા તે તત્પર રહેશે. સેવાનાં અનેક ક્ષેત્રો તે ઊભાં કરશે. માંદાની માવજતથી માંડીને રાષ્ટ્રસેવા ધર્મસેવા, સાહિત્યસેવા, શોધખોળ, ઉપદેશ, ભાષણ, જનતામાં કેળવણી, કેળવણી કેમ આપવી તેને માટે શિક્ષકો તૈયાર કરનારી સંસ્થા, પ્રસૂતિ સમયની સેવા, પુસ્તકપ્રચાર, જ્ઞાનસેવા, નાનાં મોટાં પુસ્તકો દ્વારા સાહિત્યની અભિવૃદ્ધિ, વૃદ્ધોને આશ્વાસન, દીન અનાથનો ઉદ્ધાર, અપંગ ઢોર માટે પાંજરાપોળ, દીન દુ:ખી માટે આશ્રમો, પત્તિયા ખહીવાળા માટે આશ્રમો, આરોગ્યભવનો, આદિ અનેક યોજનાઓ નવયુગ યોજશે. એને સમાજસેવાની તમન્ના લાગશે. તે ખાતર તે નીચે પ્રમાણે યોજના કરશે.

જેણે આ મધ્યમ કક્ષામાં સભ્ય તરીકે જોડાવાની ઈચ્છા હોય તેણે આજીવન સેવાભાવ સ્વીકારવો પડશે.

તેણે આજીવન બ્રહ્મચારી રહેવું પડશે.

તેણે સેવાનો કોઈ પ્રકારનો બદલો સેવાના ઉદ્દેશ તળે લેવાનો નહિ.

તેણે સેવા કેવા પ્રકારની ક્યાં અને ક્યારે કરવી તે તેને સંસ્થા તેની આવડત શક્તિ અને પરિસ્થિતિ અનુસાર વખતોવખત મુકરર કરી આપશે.

તેને નિર્વાહ અને મુસાફરી ખર્ચ માટે સર્વ વ્યવસ્થા સંસ્થા કરી આપશે.

તેણે ધનસંચય કોઈ પણ પ્રકારનો કરવાનો નહિ, પણ જરૂરી ખર્ચ કરવા પૂરતી રકમ પોતાની પાસે આગળપાછળ રાખવાની તેને છૂટ રહેશે.

તેણે મદ્યમાંસથી સર્વથા દૂર રહેવું પડશે.

ખાનપાનમાં તેણે તદ્દન સાદાઈ રાખવી પડશે.

દરરોજ કેટલી વસ્તુ ખાવી તેની સંખ્યાનો સવારથી નિર્ણય કરવો પડશે. દ્રવ્યગણના ( ખાદ્યપદાર્થને અંગે ) કરવી પડશે.

પોતાથી શું શું કાર્ય બની શક્યું તેની વિગતવાર રોજનિશી રાખવી પડશે. તેનાં સેવાકાર્યની પ્રત્યેક દિવસની ગણના ઉપરાંત સ્થૂળ કે માનસિક જે કાંઈ સ્ખલના થઈ હશે તેની વિગતવાર નોંધ રાખવી પડશે.

તેનું વર્તન આદર્શમય, દેવગુરૂ ધર્મ તરફ સમજણપૂર્વકની શ્રદ્ધા અને ત્યાગ ગૃહસ્થ કરતાં ઘણા વધારે રાખવા પડશે.

એણે રાત્રિભોજનનો ત્યાગ કરવો પડશે.

સત્ય, અહિંસા અને અસ્તેય એણે ખાસ જાળવવાં પડશે.

એણે દરરોજ સ્થૂળ કે માનસિક પૂજન અથવા ધ્યાન અથવા બન્ને એક કલાક અવશ્ય કરવાં પડશે, માત્ર જ્યારે તેના સેવાક્ષેત્રમાં તેની આખા વખતની હાજરીની જરૂર હોય અને તેને અવકાશ મળી શકે તેમ નહિ જ હોય ત્યારે તે પોતાની જાતને છેતર્યા સિવાય આ બાબતમાં અપવાદ કરી શકશે અને અપવાદ કરશે તો તેની નોંધ કારણ સાથે નિત્યનિશીમાં પોતાને હાથે રાખશે.

એણે પોતાનો આખો વખત સેવા માટે અર્પણ કરવો પડશે અને તેને જ્યારે સેવાકાર્ય માટે આહ્વાન કરવામાં આવે ત્યારે તરત જવું પડશે અને બાકી પોતાને માટે યોગ્ય સેવાક્ષેત્ર શોધી તેની યોગ્ય સાધના કરવામાં તે સમયનો ઉપયોગ કરશે.

કોઈ પણ સજ્ઞાન માણસ યોગ્ય અભ્યાસ કર્યા પછી આ સેવાસત્રમાં દાખલ થઈ શકશે અને અતિ વિશિષ્ટ ઉચ્ચ જીવન વહન કરવું પડશે.

/

અતિ વૃદ્ધ અથવા શારીરિક ખોડવાળો આ વર્ગમાં દાખલ નહિ થાય. દેવાદાર કુટુંબકબીલાવાળો આ વર્ગમાં જોડાવા પહેલાં પોતાનું દેવું આપીને અને કુટુંબીઓની સંમતિ મેળવીને આ વર્ગમાં જોડાઈ શકશે.

## સેવામંડળ

આવા અને આને મળતા નિયમો કરી એક સેવામંડળ નવયુગ ઊભું કરશે. એનો ઉદ્દેશ સેવાકાર્ય અનેક દિશાએ કરવાનો રહેશે અને તેની સાથે વર્તમાન પરિસ્થિતિને અનુકૂળ વ્યવસ્થા કરવાની તેને જરૂર લાગશે. એ ખાવાપીવાના, વસ્ત્રાદિના અને મુસાફરીના નિયમો મુદ્દામ હેતુ લક્ષ્યમાં રાખીને ઘડશે અને તેથી સેવાભાવી સાધુઓને ઘણી વાર જે અગવડ પડે છે તે આ રીતે નવયુગ દૂર કરશે. આ મધ્યમ કક્ષાનો ઉદ્દેશ સેવકસમાજ ઊભો કરવાનો હોઈ તે સંસારથી અમુક અંશે વિરક્ત રહેશે અને અમુક બાબતમાં સંસારમાં પણ રહેશે. એને લાયક થવાની કસોટિ સખ્ત રાખવામાં આવશે અને ગમે તેવા સગવડનો લાભ લેનારા પણ સેવાભાવિ નહિ હોય તેને દાખલ કરવામાં નહિ આવે.

આવા મંડળને તૈયાર કર્યા બાદ અનુભવથી એમ જણાશે કે એ મંડળના અમુક સભ્યને પરણવાની જરૂર છે અથવા પરણેલા સ્ત્રી સહિત સભ્યને મંડળમાં દાખલ કરવાની આવશ્યકતા છે તો પરણેલ ન હોય તેના મનની સ્થિરતા આદિ કેવા રહે છે તેનો ખ્યાલ કરી બારીક તપાસ કરી ખાસ જરૂર લાગશે તો નિયમમાં સુધારાવધારા પણ કરશે. એનું ધ્યેય સેવાનું હોઈ તે જે માર્ગે વધારે ઉપયોગી, વધારે અસરકારક અને સર્વોત્કૃષ્ટ પરિણામ જે રીતે લાવી શકનાર નીવડશે તે પ્રમાણે તેની યોજના થશે. આ બાબતનો છેવટનો નિર્ણય શું થશે તે કહેવું મુશ્કેલ છે.

એ સંસ્થાના સભ્ય સ્ત્રી તથા પુરુષ બન્ને થઈ શકશે.

તેઓ કેળવણી આદિ અનેક સેવાસ્થાનો ઊભાં કરશે, યોજશે, જમાવશે, ચલાવશે અને ભાષણથી પ્રચારકાર્યથી અને પોતાના દૃષ્ટાંતથી શ્રી મહાવીર પરમાત્માના સંદેશા જગત પાસે રજૂ કરશે અને નિઃસ્વાર્થ સેવાના જ્વલંત દૃષ્ટાંતો પૂરા પાડશે.

## આદર્શ સાધુ

એ સેવાભાવિ મધ્યમ કક્ષાવાળા આદર્શ સાધુધર્મની પરિપૂર્ણ ભાવના સન્મુખ રાખશે અને સર્વ ત્યાગ થઈ શકશે ત્યારે એ નવયુગનો સાધુ થશે.

સાધુ થયા પછી એ કોઈ જાતની ખટપટમાં પડશે નહિ. જ્ઞાન ધ્યાનમાં પોતાનો સમય વ્યતિત કરશે. એનો આદર્શ આનંદઘન થશે. એ યોગમાર્ગનો પુનરુદ્ધાર કરશે. એ નકામી વાતો, પારકી પંચાતી, શ્રાવક વર્ગની ગૂંચવણોમાં ભાગ નહિ લે. એ અમુક વાડા બાંધવા કે મારા તારા કરવાનાં કાર્યને સ્વીકારશે નહિ. એનામાં શાંતિનું સામ્રાજ્ય દેખાશે, સહિષ્ણુતાનો વેગ દેખાશે અને આત્મબળનું ઓજસ્ દેખાશે. તે વિના કારણ બોલશે નહિ, ખાવામાં અતિ મર્યાદિત થઈ જશે અને એનું મનોરાજ્ય અતિ વિશાળ ઓજસ્વી અને સ્વવશ થશે. એ આદર્શ સાધુની સ્થિતિએ પહોંચવા પ્રયત્ન કરશે. એ ગચ્છભેદ જેવું કાંઈ માનશે નહિ. એ સત્ય ગમે ત્યાં જોવામાં આવશે ત્યાંથી લેશે. એ સંકુચિતતામાં મિથ્યાત્વ માનશે. ધર્મપ્રચાર, વિશાળક્ષેત્રમાં વિસ્તાર અને નૈસર્ગિક આત્મવિભૂતિમાં સ્વયં તૃપ્ત રહેશે અને લોકસત્કારની વિચારણા પણ તેનામાં દેખાશે નહિ અને લોકૈષણાનું નામ પણ તેની પાસે જણાશે નહિ. અતિ વિશિષ્ટ ચારિત્ર વહન કરી એ પોતાના દૃષ્ટાંતથી જગતને સમૃદ્ધ બનાવશે. અવારનવાર ઉપદેશ

પણ આપશે અને વીતરાગ દશાનું નાનું દૃષ્ટાંત જગતને રજૂ કરશે. આવા આદર્શ સાધુઓ અતિ અલ્પ સંખ્યામાં થશે. સેવામંડળમાં જોડાનારની સંખ્યા બહુ મોટી ઉત્તરોત્તર થતી જશે.

## સાધુઓ પ્રત્યેનું વલણ

વર્તમાન યુગના સાધુઓ પ્રત્યે નવયુગ જુદું જુદું વલણ લેશે. ચારિત્રભ્રષ્ટ દુકાનદારી ચલાવનારા વૈદું કરનારા અને ગોરજી જતિ શ્રીપૂજ્ય આદિ નામ ધારણ કરનારાને એ વિજ્ઞપ્તિ કરી મધ્યમ કક્ષામાં જોડાવાની લાયકાત મેળવવા કહેશે અને જેઓ તેમ કરવા તૈયાર થશે અને તેને યોગ્ય અભ્યાસાદિ કરશે તેને જૈન સમાજનું સેવા અંગ જાળવવાના કામમાં રોકી દેશે.

જે યતિ ગોરજી આદિ મધ્યમ કક્ષાનો ત્યાગ પણ નહિ બતાવી શકે તેને ગૃહસ્થ થઈ પ્રમાણિક આવક ઉત્પન્ન કરવાનું જણાવવામાં આવશે. ચારિત્ર વગર ધર્મને નામે ભવાઈને દુકાન-દારીને કે ધંધાને સ્થાન નહિ રહે, પણ સમાજના કોઈ વિકૃત થયેલા અંગને કાપીને ફેંકી દેતા પહેલાં તેને જરા ઓછા દરજ્જાની તકો પૂરતી આપવામાં આવશે. નવયુગ સમાજને સન્નદ્ધબદ્ધ કરવાની યોજના કરનાર હોવાથી તેના હાથમાં પ્રત્યેક કક્ષાના માણસનો ઉપયોગ થઈ શકે તેમ રહેશે અને તેથી પ્રત્યેકને સમજાવી તેને યોગ્ય કાર્યમાં જોડવામાં આવશે. આળસુ, એદી, સુસ્તને સમાજ પર નભવાનો હક્ક નહિ રહે, તેની સાથે ખરા સેવાર્થી આત્માર્થી ભોગ આપનારને નાનાં મોટાં ક્ષેત્રોમાં અનેકવિધ કાર્ય કરવાનું મળશે અને તેના બદલામાં સમાજ તેને પોષશે. અતિ ઉચ્ચ વિશિષ્ટ ભોગ આપનાર આદર્શ સાધુને માટે તો સર્વદા સ્થાન ખુલ્લું જ રહેશે.

## ખટપટી સાધુઓ

પણ જે સાધુઓ માત્ર ખટપટ કરવા ખાતર સાધુવેશમાં ગયા હોય, જે જૈનધર્મનો આદેશ સમજ્યા ન હોય, જે ખટપટ કરવામાં રસ લેનારા હોય, જે વાડા બાંધવામાં મલકાતા હોય, જે ફીરકાઓને લડાવવામાં ધર્મ સમજતા હોય, જેને અસત્ય કે ભળતું બોલવામાં વ્રતને હાનિ અને પદને પતનશીલતા ન લાગતાં હોય, જેને જીવનનો આદર્શ જ કાંઈ ન હોય, જે ઉપર ઉપરની વાતો કરવામાં ભારે પક્કા હોય પણ જેના જીવનવ્યવહારમાં સરખાઈ ન હોય એવા મોહથી કે દુઃખથી વેશપલટો કરાયેલા સાધુઓને માટે આવતા યુગમાં સ્થાન નહિ રહે. સાધુમાં જ્ઞાન વિશિષ્ટ હોવું કે અલ્પ વધારે હોવું એ એના કબજાની વાત નહિ ગણાય, પણ ચારિત્ર તો મુદ્દામ હોવું જોઈએ એમ નવો યુગ માગશે. અને સાધુમાં સંકુચિત દૃષ્ટિ હોય, અસહિષ્ણુતા હોય, મારાતારાનો રાગદ્વેષ હોય, સમાજને છિન્નભિન્ન કરવાની ઉચ્છેદક આવડત હોય તો તેની જાતને ભારે કરે છે એટલું જ નહિ પણ સમાજની પ્રગતિને વર્ષો સુધી અટકાવે છે અથવા પ્રગતિને બદલે પશ્ચાદ્‌ગતિ કરે છે એમ સમાજ માનતો થતો હોવાથી એવા પ્રકારના સાધુને સમાજનું અંગ ગણવામાં નહિ આવે. ગમે તેવી ઓછી આવડત કે ત્યાગવાળો હોય અને કોઈ જાતની કસોટિમાંથી પસાર થયો ન હોય અને સાધુ થવા પહેલાં આદર્શ જીવનની ગંધ પણ ન બતાવી શક્યો હોય તે અમુક વેશ પહેરે માટે સાધુ કહેવાય અને શ્રાવકોએ તેની સર્વ યોગ્ય જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ અને તેને નમવું જોઈએ એ જાતની માન્યતા નવયુગ કબૂલ નહિ કરે. એ સાચા આદર્શને નમશે અને તેની ઉપર વારી જશે, પણ ધમાલ, ધામધુમ, બાહ્ય દેખાવ. પ્રચંડવાદ અને ખળભળાટને જરા પણ અવકાશ નહિ આપે.

## સાધુઓની પરીક્ષા

આ રીતે જોતાં આખો સાધુવર્ગ મહા પરિવર્તન પામશે એવું જણાય છે. આદર્શ સાધુ નહિ થાય એમ માનવાનું કારણ નથી, પણ ગમે તે સાધુમાં પસાર થાય એ સ્થિતિ નવયુગ કદિ નહિ સ્વીકારે. ભગવાનની આદર્શ વિશાળતા, દૃષ્ટિભેદ છતાં ઐક્ય, નયની અપેક્ષા અને જૈનદર્શનના મૂળ ગુણને વિરોધ દેખાય ત્યાં આખો જૈનધર્મ ઉડી જાય છે એમ નવયુગ માનશે અને દુનિયાના આદર્શ સ્થાને આવવાનો દાવો કરનારને તોળવાનું ધોરણ પણ નવયુગ ઘણું ઊંચું રાખશે. જે ગુણો માર્ગાનુસારી તથા શ્રાવકમાં હોય તે તો સાધુમાં હોવા જ જોઈએ એમ તે આગ્રહપૂર્વક માનશે (ઘટતા ફેરફાર સાથે), પણ એ ઉપરાંત અંતરંગ ગુણોમાં, શાંતિ સામ્રાજ્યમાં, રાગદ્વેષની અલ્પતા દાખવવામાં અને માત્ર ધ્યેય ખાતર જીવન ગાળવાની બાબતમાં મુદ્દામ રીતે સાધુની કસોટિ કરશે અને તેમાં જે લાયક નીવડશે તેને જ સાધુસ્થાનનું પૂજ્યત્વ આદિ પ્રાપ્ત થશે.

## સાધુઓના બે વિભાગ

સાધુના બે વિભાગ પડશે. એક વિભાગ સંસારનો સર્વથા ત્યાગ કરી જ્ઞાનમાં મસ્ત રહેશે. એ વિશિષ્ટ તત્ત્વજ્ઞાની થશે. એ શાસ્ત્રના વિશિષ્ટ સૂત્રો સમાજ પાસે વગર સંકોચે રજૂ કરશે. એ માત્ર ઉપાશ્રયમાં જ પોતાની કાર્યવાહીને પરિસમાપ્ત નહિ કરે, પણ જગતના ચોકમાં મહાન સત્યો લેખ અને વક્તૃત્વ દ્વારા વિસ્તારશે. એ તત્ત્વજ્ઞાનીમાં સત્યશોધનની બુદ્ધિ ખૂબ વિસ્તાર પામશે. એને વિજ્ઞાન (સાયન્સ)નું જ્ઞાન અનેકદેશીય પ્રાપ્ત થશે અને શોધકબુદ્ધિએ દૃષ્ટિબિન્દુ સમજવા યોગ્ય વિશાળ હૃદય એ દાખવશે. એ અંશ સત્યોને સર્વ સ્થાનકેથી સંગ્રહશે અને મહાન સત્યોનો

સમન્વય કરશે. એ વિધિમાર્ગના નિરર્થક ઝઘડામાં પડશે નહિ. પોતાની અનુકૂળતા પ્રમાણે ક્રિયા કરશે અને વિશેષ ધ્યાન જ્ઞાન-પ્રાપ્તિ અને જ્ઞાનપ્રસારમાં રોકશે. એનામાં વિવેચકશક્તિ એટલી ખીલશે કે અત્યાર સુધીના ઝઘડાને એ એકદમ પતાવી દેશે, દરેકને યોગ્ય સ્થાન આપશે અને નવીન પ્રશ્ન ઉપસ્થિત થતાં સર્વ દિશાએ દીર્ઘનજરથી વિચાર કરશે. એ શિષ્યમોહ કરશે નહિ, દેશ કાળના સૂત્રોને માન આપશે અને જૈનદર્શનનાં વિશિષ્ટ તત્ત્વો પ્રેરકભાવે પ્રસરાવશે. એને જ્ઞાનની જિજ્ઞાસા એટલી રહેશે કે એને નિરર્થક ઝઘડાઓ કરવાનો સમય જ નહિ મળે. એ સર્વ દર્શનના અભ્યાસી અને ઇતિહાસના જ્ઞાતા હોઈ નિર્ણિત બુદ્ધિથી નહિ પણ શોધકબુદ્ધિથી આગળ વધશે અને એનામાં સરળતા એટલી બધી આવશે કે કોઈ વાત નહિ સમજાતી હોય તો તેટલા પૂરતી અશક્તિ જાહેર કરતાં એ શરમાશે નહિ. શ્રાદ્ધવર્ગની ખટપટથી એ દૂર રહેશે, પણ સમાજનિયમન સંબંધી યોગ્ય સલાહ પોતાના વિશાળ જ્ઞાનથી આપશે. નાયક થવાના સર્વોત્તમ આદર્શ ગુણો તેનામાં આવશે અને જે અર્થમાં 'ગીતાર્થ' શબ્દ જૈન શાસ્ત્રકારે વાપર્યો છે તેને એ બરાબર સાર્થક કરનાર નીવડી કચવાટ ઉત્પન્ન કર્યા વગર, બળજોર વાપર્યા વગર, સ્વાભાવિક રીતે સમાજના દોરનાર સ્થાનને પ્રાપ્ત કરશે. સંસારથી અલિપ્ત રહ્યા છતાં માનસવિદ્યાના પ્રખર અભ્યાસી હોઈ સમાજની અંદર ભળ્યા સિવાય કે રાગદ્વેષને વિવશ થયા વગર સામાજિક પ્રશ્નોનો તોડ ઉતારવાનું ચાતુર્ય તેનામાં આવશે.

સાધુનો એક બીજો વર્ગ સંસારનો સર્વથા ત્યાગ કરી યોગમાં લીન થઈ જશે. એ અવધૂત જેવો થશે. એ વિસરાઈ ગયેલા યોગનો પુનરુદ્ધાર કરશે, એ સંસાર સાથે કોઈ પણ પ્રકારનો

સંબંધ નહિ રાખે, અવારનવાર વસ્તીમાં આવી એ ખોરાક લઈ જશે, પણ એ જરાયે જિવ્હાસ્વાદુ નહિ હોય. લોકથી દૂર રહી એ ચેતનરામને ધપાવશે. અનેક મુદ્રાઓને એ જમાવશે, મહા તપ કરશે અને સંસાર તરફ જોશે પણ નહિ. એને જોતાં આનંદ-ઘનજી કેવા થયા હશે તેનો તે સહજ ખ્યાલ આપશે. એને વસ્ત્ર-પાત્રની કે વસ્તીની પરવા રહેશે નહિ. એ તો આખો વખત અંતરાત્મામાં રમણ કરવામાં જ માનશે અને સંસારથી તદ્દન અલિપ્ત રહી એ કોઈ જાતના વ્યવહારમાં પડશે નહિ.

એ ઉપરાંત સંસારના ખરા ત્યાગી પણ સેવાભાવી એવા પણ કેટલાક સાધુઓ થશે, જેઓ તત્ત્વજ્ઞાનીની સહાયમાં રહેશે અને સેવા કરવામાં સાધનોને એકઠાં કરવામાં સમય ગાળશે.

## સંખ્યા નાની પણ સાધક

આ પ્રકારની સામાન્ય પરિસ્થિતિ નવયુગના સાધુની થશે. એની સંખ્યા નાની હશે તો પણ એની આત્મવિભૂતિ તેજસ્વી અને જાજવલ્યમાન હોઈ સમાજ એના તરફ પૂજ્યભાવ રેડશે. બાકી ખટપટ કરનારા અને સાધુતાને દુકાનદારી સમજનારાને કોઈ સ્થાન નહિ રહે. આખા સમાજને વિના કારણ પગભર રાખનાર વાદવિવાદના ઝઘડા ખડા કરનાર અને સુંઠને ગાંગડે ગાંધી થઈ બેઠેલાને નવયુગમાં સાધુસ્થાન નહિ રહે. જેને સાચું સ્થાન પ્રાપ્ત થશે તે આદર્શ સાધુતા પ્રાપ્ત કરશે અને માત્ર વેશથી ચલાવ્યે જનારને માન કે પોષણ મળવું અશક્ય થઈ પડશે. પ્રકાશનો લાભ લેનારી પ્રજા આગળ ગોટા વાળવાથી કાંઈ વળશે નહિ અને ઉપાશ્રયોને ઝઘડાસ્થાન કરનારાઓના કોઈ ભાવ પૂછશે નહિ એટલે એ વર્ગ ધીમે ધીમે ઓસરી જશે અને અંતે આથમી જશે. સાધ્વાભાસોનું સ્થાન આદર્શ સાધુઓ લેશે.

## સાધ્વીઓ

સાધ્વીનો પ્રશ્ન ઉપરના જ ધોરણે પતશે. સાધ્વીનું કાર્ય શ્રાવિકા વર્ગને ઉપદેશ આપવાનું અને તેમને શ્રદ્ધાળુ બનાવવાનું રહેશે. પવિત્ર સાધ્વીઓ જાહેરમાં ભાષણો પણ આપશે અને તેની નૈસર્ગિક છટાથી એ ખૂબ સુંદર પરિણામ નીપજાવી શકશે. એના ભાષણમાં સ્ત્રી અને પુરુષો ભાગ લેશે. ખરું કાર્ય સાધ્વીઓ પવિત્રતાના, સ્વચ્છતાના, સેવાના, સુઘડતાના, જીવરક્ષાના સંદેશા ફેલાવવાનું કરશે. એના આદર્શો વિશુદ્ધ રહી શકશે અને શ્રાવકગૃહ સંસ્કારી ઉન્નત વિશિષ્ટ દીવ્ય કેવી રીતે બને અને કઈ ચાવીઓ દ્વારા આદર્શ ગૃહિણીઓ મારફત ધર્મ, અર્થ અને કામ ત્રણે પરસ્પર અવિરોધપણે સાધી શકાય એની યુક્તિઓ તે બતાવશે. સ્ત્રીવર્ગનો સેવાભાવ તે પોષશે અને અનેક પ્રકારે સંસારને ઉજ્જવળ કરવા છતાં પોતે તદ્દન અલિપ્ત રહી શકશે. એનામાં જ્ઞાનનો પ્રકાશ ખૂબ જામશે અને એનું લક્ષ્ય સેવાભાવ તરફ વધારે મક્કમપણે, દૃઢપણે અને સાપેક્ષ સ્વરૂપે રહેશે.

સાધુઓને તૈયાર કરવાની, મધ્યમ કક્ષા માટે તૈયાર કરવાની અને સાધ્વી યોગ્ય થવાની વિશાળ આકર્ષક યોજના નવયુગ કરશે. એ કસોટિમાં જે પસાર થાય તેને જ સાધુ કે અન્ય કોઇ પણ વર્ગમાં જોડાવાની પરવાનગી મળી શકશે.

સમાજસંરક્ષણ, સંપ્રદાય જ્ઞાનની આવશ્યકતા, બાળપણમાં સંસ્કાર છાપની સુકરતા, વર્તમાન કાયદા અને સમાજનું હિત લક્ષ્યમાં રાખી દીક્ષાની વય નવયુગ મુકરર કરશે અને અસાધારણ સંયોગમાં વિશિષ્ટ લાભનો હેતુ તપાસણીને અંગે પ્રાપ્ત થશે તો તેમાં અપવાદ કરવાનો અધિકાર એના સૂત્રધારને કુલ સ્વાધીન રાખશે. એ નિર્ણયમાં સમાજહિત અને દર્શન પ્રગતિના લક્ષ્યો જ

રાખવામાં આવશે, પણ શિષ્યમોહ કે ખળભળાટનાં પ્રસંગોને દૂર કરવામાં આવશે.

શિષ્યચોરી, દોડાદોડ, દીક્ષા માટે ફોસલામણ, કોરટ–દરબાર અથવા ધર્મની ફજેતીના પ્રસંગો નવયુગમાં નહિ બને તેવી સુંદર સમાજરચના કરવાની આવડત નવયુગમાં આવશે. જ્ઞાન અનુભવ અને જરૂરિયાતના અભ્યાસીને સાધુમાર્ગને અવરોધ કર્યા સિવાય એ બાબતનો રસ્તો સંતોષકારક રીતે કરતાં આવડશે. સાધુ અને મધ્યમ કક્ષા માટે અન્ય બાબતો પ્રસંગોપાત આવશે. આપણે હવે ધર્મક્ષેત્રના બીજા પેટા વિભાગો તરફ નજર નાંખીએ. એ વિષય ઘણો વિશાળ હોઇ સર્વતોગ્રાહી છે તેથી તે પર મુદ્દામ લક્ષ્ય આપીએ.

# પ્રકરણ ૧૧ મું

## મંદિરો અને નવયુગ

નવયુગમાં મંદિરની પવિત્રતા અત્યારે જળવાય છે અને મનાય છે તેથી પણ વધારે મનાશે. મંદિરને ધર્મના લાક્ષણિક સ્થાન ગણવામાં આવશે. અત્યારે એક વર્ગ મંદિરને માનતો નથી તે મંદિરના બાળજીવના અવલંબનસ્થાન, સામાન્ય જ્ઞાનીના આશ્રયસ્થાન અને વિશેષ જ્ઞાનીનાં ધ્યાનસ્થાન તરીકે જોઈ શકશે. અત્યારે જે કચવાટ તેઓમાં એક વર્ગ તરફથી ફેલાવવામાં આવે છે અને મંદિરને અંગે ઝનૂન બતાવવામાં આવે છે તે દૂર થઇ જશે. જેને મંદિરે જવું હોય તે જાય, સાધન તરીકે જે એની ઉપયુક્તતા જાણે, માને, સ્વીકારે તે મંદિરે જાય. ન જવું હોય તેને આગ્રહ કરવો નહિ, તેની ટીકા કરવી નહિ એ નિયમ સાર્વજનિક થઇ જતાં મંદિરે જનાર અને સ્થાનકવાસી એવા વર્ગો રહેશે નહિ. સાધનને સાધન જેટલી જ અગત્ય અપાશે એટલે વૈમનસ્યનું કારણ નાશ પામી જશે અને ધર્મને નામે જે અપશબ્દપરંપરા અને વરઘોડાના હાલહવાલ થયા છે તે બંધ થઈ જતાં એકી ભાવ વધશે. મંદિરની ભવ્યતા અને પવિત્રતા નવયુગમાં ખૂબ વધશે.

અત્યારે એ લીલામખાનાં થઈ ગયાં છે તે સ્થિતિ દૂર થઈ જશે. મંદિરમાં કોઈ સ્થાને શાંતિ નહિ એ સ્થિતિ બંધ થશે. ખ્રિસ્તી પ્રજાના વિશાળ દેવળો જેવી શાંતિ મંદિરમાં પ્રવર્તશે. ખોટી ધામધૂમ અને શાંતિ વગરની પડાપડને બદલે પૂજનનો અંતર આશય સમજવામાં આવશે અને મંદિરો ભવ્ય દેવસ્થાન બનશે.

મંદિર માટે અનર્ગળ દ્રવ્યસંચય કરવામાં આવશે નહિ. મંદિર નિર્વાહ પૂરતી આવક જેટલું દ્રવ્ય એકઠું થયા પછી વધારાની સર્વ આવક મંદિરોદ્ધાર અને જરૂર હોય તેવાં સ્થાનકે મંદિર સ્થાપવામાં વાપરવાની રીત સ્વીકારવામાં આવશે. મંદિરના વહીવટદારો પોતાને શેઠ નહિ માને, પણ સેવક માનશે.

## પૂજન અને ધ્યાન

મંદિરમાં સ્વચ્છતા ઘણી વધારે થશે. ન્હાવાનાં સ્થાનો વ્યવસ્થિત સુઘડ અને સગવડવાળાં થશે. પૂજનમાં આડંબર કરતાં સાદાઈ આવશે. આંગી અને અલંકારો વીતરાગભાવને વિરોધી લાગશે. પ્રભુ–શરીરને–મૂર્તિને ભગવાનના આદર્શ બનાવવાની રીતિનો વધારે વધારે પ્રસાર થતો જશે. વિવેક વગરની અતિ પૂજાઓ જેમાં પુષ્પ ફળ આદિમાં જીવ છે કે નહિ એવી શંકા થઈ જાય તેવો અતિરેક ઓછો થશે. પુષ્પપૂજા શાસ્ત્રોક્ત પદ્ધતિએ અને વિવેકસર થશે. પુષ્પને કીલામના ન થાય તે માટે ઉપયોગ થશે. ટૂંકામાં આસ્થા, પ્રેમ અને ભક્તિ વધશે, પણ દરેકમાં વિવેક દેખાશે. શાંતિ એટલી બધી જળવાશે કે ધ્યાન વિઘ્ન કરનાર ઘંટાઓ અમુક આરાત્રિક વખતે જ વગાડવાના નિયમો રચાશે. મંદિરનિર્વાહની ફરજ પ્રજાને માથે પડશે તેને તે અતિ આનંદપૂર્વક વધાવી લેશે. અત્યારે શ્રુતિકટુ સ્વરે ઘીની ઉછામણી થાય છે તે

આખી પ્રથા મૂળથી નાબૂદ થઈ જશે. મંદિર શાંતિનાં સ્થાન થઇ જશે અને વીતરાગ દશા કેવી હોઇ શકે એનાં એ જીવતાં દષ્ટાંતો થઈ પડશે.

પૂજન કરનારાઓને માથે તે બોજો કે ફરજ હોય એવો ખ્યાલ નહિ થાય, પણ સ્વેચ્છા ઉપર તે બાબત છોડતાં પૂજન મહિમા વધશે અને દેખાવ કરતાં હૃદયંગત થશે. મહાપૂજાઓ થશે તો તેમાં તાલબદ્ધતા અને માનસવિદ્યાનો અભ્યાસ જોઈ શકાય તેવો અભિનવ આકાર તે લેશે. પૂજન કરનારમાં ગંભીરતા ઘણી આવી જશે અને મંદિર એ સ્વર્ગનાં સોપાન છે એવી ભાવના વધવા સાથે એનું સૌનું ગૌરવ વધશે.

મંદિરમાં ધ્યાન કેમ થાય, મુદ્રાઓ કેમ થાય, એનાં મૂળ કારણો અને હેતુઓ શાં છે, તેના પર મંદિરની આસપાસના ખુલ્લા ભાગમાં લાક્ષણિક પાઠો આપવામાં આવશે. તે સંબંધી સાહિત્ય ભાષણ અને પુસ્તકપ્રચાર ખૂબ વધતા જશે અને આશાતના આદિના સ્વરૂપો મૂળ મુદ્દાને અનુસરીને સુઘડતા આરોગ્ય અને સ્વચ્છતાના ધોરણ ઉપર એવી સુંદર રીતે મૂકવામાં આવશે કે એ બોજા રૂપ ન લાગતાં જનતા એને માનથી–પ્રેમથી–ગૌરવથી વધાવી લેશે.

## તીર્થસ્થાનો

તીર્થસ્થાનોનો મહિમા વધશે, પણ તીર્થો ઝઘડાનું રૂપ નહિ લે. ત્યાં જે જૈન આવે તે પૂજા કરી શકશે. એણે કયા વિધિ પ્રમાણે પૂજન કરવું તે પ્રત્યેકની ઇચ્છા ઉપર છોડવામાં આવશે અને જનતામાં પરસ્પરના તરફ માન અને સભ્યતાના આદર્શો એટલા વધી જશે કે એકબીજાને કચવાટ ન થાય તેમ રસ્તાઓ કરી લેશે. ઉદારતા જ્યારે વિચારમાર્ગમાં

આવે, વિશાળતા જ્યારે પ્રજાનો પ્રાણ બને, પાડોશીનું સન્માન એ સ્વભાવનો એક ભાગ જ બની જાય ત્યારે જે પરિસ્થિતિ થવી કલ્પી શકાય તે સર્વ મંદિરને અંગે થશે.

અત્યારે થાય છે તેવી ધમાલ ન થાય તેને અંગે પૂજન કરનારની સંખ્યા કે અંતરની ભક્તિ ઉપર ખાસ વિચારો થશે. સંખ્યા વધશે, અંતરનો પ્રેમ થશે અને વીતરાગ ભાવનું પોષણ થશે; પણ બાહ્ય દેખાવ ઘણો ઓછો થશે અને આદર્શો તદ્દન નવીન માર્ગ લેશે.

મંદિર અને તીર્થને અંગે વરઘોડા નહિવત્ થઈ જશે. વરઘોડાથી કોઈ અન્ય ધર્મી જૈન થઈ જશે અથવા જૈન ધર્મની પ્રશંસા કરશે એ વાત મનુષ્યસ્વભાવના અભ્યાસી નવયુગને ગળે નહિ ઉતરે. વરઘોડામાં એ ખોટો દેખાવ વધારે જોશે અને સમાજમાં ન હોય તેવી જાહોજલાલી બતાવવાનો દંભ તેને અકર્તવ્ય લાગશે.

મંદિર કે તીર્થનો કોઈ ઝઘડો કદાચ પડી જશે તો તેનો નિકાલ લવાદીથી લાવવામાં આવશે. દેવદ્રવ્ય કોને કહેવું તેની વ્યાખ્યા સર્વસંમત કરવામાં આવશે. તેનો ઉપયોગ નિયત કરવામાં આવશે. પૂર્વકાળના કોઈ પણ દેવદ્રવ્યને પૂર્વકાળના નિર્ણયથી અલગ પ્રકારમાં વાપરવામાં નહિ આવે. નવીન નિર્ણય જાહેર કરી તે અનુસાર નવું દ્રવ્ય આવશે તેનો તત્કાલીન વ્યાખ્યા પ્રમાણે ઉપયોગ કરવાનું ઠરાવવામાં આવશે.

## દિગંબર-શ્વેતાંબરો

દિગંબર બંધુઓ શ્વેતાંબર મંદિરમાં જશે અને નમશે. શ્વેતાંબરો દિગંબર મંદિરમાં જશે અને નમશે. દિગંબરો ધ્યાનસ્થ દશાને પૂજશે, શ્વેતાંબરો સમવસરણસ્થ દશાને કે રાજદશાને પૂજશે.

પણ બન્ને વીતરાગને જ પૂજશે અને વીતરાગપૂજનમાં તો સંપૂર્ણ સ્વતંત્રતા હોવી ઘટે — એટલા નૈસર્ગિક વિચારની પ્રરૂપણા અને પ્રચારને અંગે દિગંબર શ્વેતાંબરનો આખો સવાલ જ ઉડી જશે અને સ્થાનકવાસી ભાઈઓની સાથે તો સાધનધર્મને અંગે ભેદ પડવાનું કારણ જ નહિ રહે. જેને ઇચ્છા થાય તે આવે, વીતરાગને નમે–પૂજે; જેને ન ગમે તે હૃદયમાં ધ્યાન કરે. સાધનધર્મોમાં ઝઘડો કરવો એ તો તદ્દન અલ્પજ્ઞાન ઉપરચોટિયા જ્ઞાનની નિશાની છે એમ નવયુગ તુરત માની લેશે તેને પરિણામે મંદિરો અને તીર્થો ઝઘડાનાં કેંદ્રો થઈ પડ્યાં છે તેને બદલે શાંતિ-મંદિરો અને જીવનરસપ્રદ સરિત્પ્રવાહો બનશે.

## આદર્શનો પલટો

જિનપૂજાનો આખો આદર્શ ફરી જશે, અને તે મૂળ માર્ગને અનુરૂપ, વીતરાગદશાના પ્રતિનિધિરૂપ અને મુમુક્ષુ દશાને શોભે તેવા થશે એમ નવયુગ માનશે. એ મંદિરને ઉપરના નિયમો પ્રમાણે વ્યવસ્થિત કરી દઈ જૈનધર્મને અનુરૂપ બનાવવાનું કાર્ય કેળવણી પ્રચાર અને સમજાવટ દ્વારા જેમ બને તેમ જલદી પહેલી તકે નવયુગ કરશે. કોઈ પણ પ્રજામાં કેટલી પ્રગતિ થઈ છે તે તેનાં મંદિરો અને જમણો બતાવી આપે છે એવી માન્યતા થવાથી નવો યુગ આ મંદિરનો પ્રશ્ન ખાસ જલ્દી હાથ ધરશે. જમણવારને અંગે એ કેવું વલણ લેશે તે એને યોગ્ય સ્થળે વિચાર પર લેવાનું છે. અત્ર મંદિર તીર્થની બાબત પર સામાન્ય રેષાદર્શન કર્યું. તેની વધારે વિગતો મૂળ મુદ્દાઓ અનુસાર ગોઠવી લેવી. વીતરાગદશા, આદર્શો અને પૂજન દ્વારા અંતિમ ધ્યેય શું છે તે ખાસ લક્ષમાં રાખવાની નવયુગની ઇચ્છા વધારે રહેશે અને તે અનુસાર બાકીની સર્વ ગોઠવણ થશે એમ સમજવું. સામાન્ય રીતે

કહીએ તો નવયુગ મંદિરને ભક્તિ ઉપાસનાનાં કેંદ્ર બનાવશે, ત્યાં ધામધુમ ઓછી થશે, બાહ્ય દેખાવ અલ્પ થશે અને દુકાનદારી બંધ થશે. મંદિરની પેઢીને 'કારખાનું' કહેવામાં આવે છે તે શબ્દ ધ્વનિ અને અર્થમાં નવયુગને આઘાત કરશે અને તેના મૂળ ઉદ્દેશને અનુસરી એ કારખાનાને 'પ્રભુસ્થાન' બનાવશે. મૂળ આશય શો છે તે શોધી કાઢી આખી મંદિરની ભાવનામાં જબરદસ્ત ઉત્ક્રાંતિ કરશે અને તેમ કરવામાં તે જૈનદર્શનના રહસ્યને આગળ કરશે. સ્વચ્છતા, સાદાઈ, સભ્યતા અને વિવેક વધશે અને આખું વાતાવરણ વીતરાગ ભાવને પોષક દેખાશે. ઉક્ત સર્વ ફેરફાર જૈન આદર્શની મૂળ આમ્નાય અનુસાર છે એમ નવયુગ માનશે અને પ્રચારકાર્ય દ્વારા, ચર્ચા દ્વારા, ભાષણો દ્વારા એને અનુસરતો લોકમત એ ઘડશે.

## પ્રકરણ ૧૨ મું

## જ્ઞાનસત્રો

ઉપાશ્રયમાં અવારનવાર સાધુઓ અને સાધ્વીઓ ઉતરશે. એ ઉપરાંત ઉપાશ્રયનો ઉપયોગ ભાષણગૃહ, જૈનસંસ્કૃતિના કેંદ્રસ્થાન અને કેળવણીગૃહ તરીકે થશે. ત્યાં અનેક વિષયો પર જોસભરી ચર્ચાઓ થશે. ત્યાં નવયુગના બાળકો ધાર્મિક શિક્ષણનું જ્ઞાન તદ્દન નવીન પદ્ધતિએ લેશે. ત્યાંથી અનેક મૂળ તત્ત્વો, આદર્શો અને શોધખોળનાં પરિણામો જાહેર થશે. ત્યાં ધર્મધ્યાન કરનારા, સામાયિક પૌષધ કરનારને સ્થાન મળશે, પણ નિરૂદ્યમી, કુથલી કરનારા અને નવરા નકામા માણસોને સ્થાન નહિ મળે. નાના ઉપાશ્રયોમાં અને મોટી વિશાળ જગાઓમાં સ્થાનને અનુરૂપ નવયુગીન વ્યવસ્થા ગોઠવણપૂર્વક કરવામાં આવશે.

ઉપાશ્રયમાં સાધુ–સાધ્વીને શાસ્ત્રના આદેશ પ્રમાણે જ રહેવા દેવામાં આવશે. શેષ કાળે એક માસ અને ચાતુર્માસમાં ચાર મહિનાના કાળ મુકરર રાખવામાં આવશે. અમુક વ્યક્તિ કે શહેર તરફ સાધુ સાધ્વીને પ્રતિબંધ થઈ જાય એવા પ્રસંગો દૂર કરવામાં આવશે. અમુક ઉપાશ્રય ચોક્કસ સાધુ કે યતિનો છે એ વાત અસંભવિત બની જશે.

દરેક ઉપાશ્રય સાથે નાનું મોટું પુસ્તકાલય અનિવાર્ય ગણવામાં આવશે. તેનો વહીવટ સેવાભાવી નવયુગનો જૈન વગર વેતને કરશે. નાના મોટા પાયા ઉપર વાચનગૃહ ઉપાશ્રયને અંગે રાખવામાં આવશે. ગામની સ્થિતિ અને ઉદારતા પ્રમાણે પુસ્તકાલયનો આકાર વિવિધતા ધારણ કરશે.

## પુસ્તકાલયો

પુસ્તકાલયો ઠામ ઠામ ઉપાશ્રય સાથે અથવા અલગ સ્થાને થશે. એ પુસ્તકાલયોમાં વિવિધ પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવશે અને તેનો લાભ પુસ્તકના સંરક્ષણ અને પુનરાવર્તન માટે ચોકસી કરી સાર્વત્રિક કરવામાં આવશે. પુસ્તકસંગ્રહમાં જ્ઞાનવૃદ્ધિનું કેન્દ્ર સન્મુખ રાખવામાં આવશે. જ્ઞાનનો પ્રચાર જેમ વધારે બની આવે તેમ કરવાના પ્રયત્નો વ્યવસ્થિત રીતે કરવામાં આવશે. પુસ્તકાલયને વિશેષ આકર્ષક કરવા ખાસ પ્રયત્નો કરવામાં આવશે. ધર્મપ્રભાવનાનું રૂપ જ્ઞાનપ્રસારનો આકાર ધારણ કરશે. અત્યારે જે પ્રકારે પ્રભાવના કરવામાં આવે છે તેમાં આકર્ષણ કરવાનું તત્ત્વ રહેતું ન હોવાથી અને એકથી વધારે મનોવિકારને પોષનાર તે બને છે આવો અભિપ્રાય નવયુગનો થવાને પરિણામે એ પ્રકારની પ્રભાવનાઓ તદ્દન બંધ કરવામાં આવશે. નવયુગ એમ માનશે કે પ્રભાવનાને બદલે 'પરભાવના' થઈ ગઈ છે, એમાં 'પર' એટલે આત્મ વ્યતિરિક્ત પરભાવનું પોષણ થાય છે અને મૂળ ઉદ્દેશને હાનિકર્તા થવાનો આકાર તેણે લીધો છે. આથી પ્રભાવના બંધ થશે પણ એને બદલે જ્ઞાનપ્રસારના અનેક સત્રો મંડાશે. નાનાં નાનાં પુસ્તકોની વહેંચણી, મફત અથવા મફત જેવી નામની કિંમતે જ્ઞાન પ્રસાર કરવો તેને નવયુગ 'ધર્મપ્રભાવના' માનશે અને તેના પેટામાં પુસ્તકાલયો અને વાચનગૃહોનો સમાવેશ કરવામાં

આવશે. ગામેગામ અને શહેરેશહેર આવાં જ્ઞાનસત્રો મંડાય અને નભાવાય તેને માટે ખાસ યોજના નવયુગ કરશે. આ બાબતમાં તે ખૂબ રસ લેશે અને જ્ઞાનપ્રસારને ધર્મનું ખાસ અંગ ગણવામાં આવશે.

## ભાષણો

ધર્મપ્રસાર માટે ભાષણોને એક ઉપયોગી સાધન ગણવામાં આવશે. સાધુ મહારાજ જ્ઞાનનો પ્રસાર જાહેર સ્થાનોમાં વ્યાખ્યાન આપીને કરશે. તેઓની બોલવાની પદ્ધતિ અને ભાષા અસરકારક અને શૈલી તદ્દન નૂતન રહેશે. એનો વાક્યપ્રયોગ સાહિત્યની ભાષાને અનુરૂપ થશે. '**મહાવીર કહેતા હવા**' એવા વાક્ય પ્રયોગો બંધ થઇ જશે. ખડી ભાષામાં સર્વને ગ્રાહ્ય થાય તેવી પદ્ધતિએ ધર્મના ઊંડા વિષયો ઉપર પ્રવચનો થશે. તત્ત્વચિંતવન, સૃષ્ટિક્રમ, અનાદિત્વ, કર્મનો સિદ્ધાંત, નિગોદનો સિદ્ધાંત, નય-પ્રમાણનું જ્ઞાન, વ્રતપચ્ચખ્ખાણની વિશિષ્ટતા, દ્રવ્યપૂજન ભાવપૂજન વૈજ્ઞાનિક નજરે, ગૃહસ્થ ધર્મના આદર્શો, સુઘડતા ને ધર્મ સાથે સંબંધ, વિજ્ઞાન અને ધર્મની નજરે અવાજ, પ્રકાશ, વીજળી, ગુરુત્વાકર્ષણ, ધર્મ અને વ્યવહારનો સમન્વય, બાર વ્રતની કુંચીઓ, દ્રવ્ય શ્રાવકત્વ અને ભાવ શ્રાવકત્વના આંતરરહસ્યો, સમકિતનું સ્થાન, ગ્રંથીભેદનું રહસ્ય, ગુણસ્થાનક્રમારોહ, આઠ દૃષ્ટિઓ, પ્રથમની ચાર દૃષ્ટિ અને મિથ્યાત્વ, ઓઘ દૃષ્ટિમાં સંસ્થિતિ, નય-પ્રમાણ જ્ઞાનની અભિનવતા, સપ્તભંગીનું સ્વરૂપ, અનેકાંત મત છતાં નિર્ણયની સ્પષ્ટતા, અનેકાંતતાની મર્યાદા, અનેકાંત માર્ગ અને ગણિતનાં સત્યો, યોગનો પૂર્વકાળ, યોગમાં પ્રગતિ, ધ્યાનના ભેદ, શૈલેશીકરણની વ્યાપકતા, મોક્ષમાં ચેતનનું વ્યક્તિત્વ, શમ ભાવની વિશિષ્ટતા, સંવેદ અને નિર્વેદના તફાવત, હિંસાહિંસાદિનું

વિશિષ્ટ સ્વરૂપ, કષાયોની કાર્પણ્યતા, ઇંદ્રિયોની ઉચ્છૃંખળતા, વિકથાના આવિર્ભાવો, જ્ઞાનક્રિયાનો સહયોગ, અનુષ્ઠાનની મર્યાદા, આદિ અનેક વિષયો પર પ્રવચન થશે અને તૈયાર થયેલાં પ્રવચનો નાની પુસ્તિકાના આકારે ખૂબ વિસ્તાર પામશે.

અને આ ભાષણ દ્વારા અને પુસ્તક પ્રચાર દ્વારા ધર્મ-પ્રભાવનાના કાર્યમાં સાધુઓ ઉપરાંત ગૃહસ્થો પણ સારી રીતે ભાગ લેશે. પ્રત્યેક વિષય પર વ્યાખ્યાન આપવા પહેલાં તેનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવશે. શોધખોળ, મૂળમાર્ગ અને ઇતિહાસનો આશ્રય લઈ દરેક વિષયને ઝળકાવવામાં આવશે અને નિર્ગ્રંથ પ્રવચનને એના અસલ સનાતન સ્વરૂપે ચીતરવામાં ઉપલબ્ધ સાધનોનો પૂરતો ઉપયોગ કરવામાં આવશે અને કેટલાક વિસરાઈ ગયેલા સાંપ્રદાયિક જ્ઞાનની પુનઃપ્રાપ્તિ માટે અનેક દિશાએ ખંતથી, ચીવટથી અને બાંધી દીધેલા નિર્ણય વગર શોધકબુદ્ધિએ કામ લેવામાં આવશે અને તેનાં પરિણામો જનતા સમક્ષ પૂરતી સ્વતંત્રતાથી રજૂ કરવામાં આવશે.

ભાષણો કરનારામાં મધ્યમ કક્ષાના નવયુવકો સારી રીતે ભાગ લેનારા થશે. એ જેવું અંતરમાં વેદન કરશે તેવું બોલશે. એને દંભ અને દેખાવ સામે વાંધો રહેશે અને પોતાની નિર્બળતાનો સ્વીકાર કરવામાં તે તત્પર રહેશે. એ ઉપરાંત જે વાત તે નહિ સમજે તેનો સ્વીકાર કરવામાં તે કોઈ પ્રકારની હીણપત નહિ માને.

ભાષણોને અંગે મેગોફોન, લાઉડસ્પીકર વગેરે નવયુગના સાધનોનો પૂરતી છૂટથી ઉપયોગ કરવામાં આવશે. નવયુગના ઉપાશ્રયોમાં વીજળીના પંખા દાખલ થશે. વાંચવામાં કે બીજી રીતે વીજળીનો પોતાને અંગે ઉપયોગ થઈ શકે કે નહિ તેની વિચારણા માટે સાધુઓ વીજળીનો અભ્યાસ કરશે. તે નિર્વદ્ય માલૂમ

પડશે તો તેનો ઉપયોગ સ્વીકારશે. શ્રાવક વીજળી અને ઘીતેલના દીવા વચ્ચે વીજળીને પ્રમાણમાં નિર્વદ્ય ગણી તેને પ્રભુ દ્વાર સુધી મૂળ ગભારામાં પણ દાખલ કરશે અને ભાષણગૃહોમાં વીજળીનો ઉપયોગ પ્રકાશ અને પવન માટે નવયુગમાં થતો જોશે.

## જ્ઞાનભંડારો

જ્ઞાનપ્રસારને અંગે જ્ઞાનભંડારોને ખૂબ અગત્ય મળશે. પ્રાચીન ભંડારોને વૈજ્ઞાનિક પદ્ધતિએ જાળવવાનો પ્રબંધ થશે અને નવીન ભંડારોની સ્થાપના થશે. એના પુસ્તકોની નોંધ નવીન રીતિએ જરૂરી વિસ્તાર સાથે રાખવામાં આવશે અને એવા નિશ્ચિત ભંડારોમાં પ્રસિદ્ધ થતા મુદ્રિત મૂળગ્રંથોનો સંગ્રહ પણ સામેલ કરવામાં આવશે. પુસ્તકને ઊધઈ ન લાગે, શરદી ન લાગે, પાનાં ચોંટી જાય નહિ અને તેનું આયુષ્ય વધે તે માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કરી નિર્વદ્ય સાધનોનો ઉપયોગ ચીવટથી કરવામાં આવશે. અત્યાર સુધી અભ્યાસ તરફ જનતાની અલ્પરૂચિને કારણે, રાજ્યતંત્રની અસ્થિરતાને કારણે ગમે તેટલો વારસો ગુમાવી બેઠા છીએ તે વાતનો શોચ કરતાં અત્યારનાં ઉપસ્થિત સાધનો-માંથી એક પણ ગ્રંથનો નાશ નવયુગ થવા દેશે નહિ. વારસો જાળવી રાખશ.

અહીં સંક્ષેપમાં એક વાત પ્રસ્તુત હોવાથી કહી દેવી ઉચિત છે. એમ સમજાવવામાં આવે છે કે મુસલમાનના વખતમાં અનેક ભંડારોનો રાજ્યદુર્વ્યવસ્થાને કારણે નાશ થયો છે. આ વાત સત્યથી વેગળી છે. એ દુર્વ્યવસ્થાના સમયમાં તો સંરક્ષણ-વૃત્તિ એટલી મજબૂત હતી કે એક પણ પ્રતિનો સર્વથા નાશ થયો નથી. તે વખતના રક્ષકોએ ઠામ ઠામ પ્રતિઓ કરીને ભંડારમાં રાખી લીધી, એને માટે તાડપત્રો ભોજપત્રો યોજ્યાં અને એક

ભંડારનો નાશ થવાથી અમુક પ્રતિનો સર્વથા નાશ થયો નથી એ ટાંકેલા ગ્રંથોના વર્ગીકરણ પરથી જણાય છે. અમુક પ્રત ચાલી ગઈ હશે, પણ તેનો સર્વ સ્થાનકેથી નાશ થઈ ગયો એવો દાખલો મુસ્લીમ સમયમાં બન્યો નથી.

પુસ્તકોનો નાશ અલ્પ અભ્યાસથી થયો છે. છેલ્લાં બસો અઢીસો વર્ષ એટલાં ઠંડાં ગયાં છે કે તેમાં વિશિષ્ટ ગ્રંથો ઉઘાડવાની પણ કોઈએ દરકાર કરી નથી. વીસમી સદીમાં એક પ્રખર જૈન સાધુએ 'સન્મતિતર્ક' વાંચવા માંડ્યું ત્યારે તેમને ખબર પડી કે ઉપાધ્યાય શ્રીમદ્યોવિજયજીએ તે વાંચી તે પર નોંધ લખી બંધ કર્યું ત્યાર પછી બસોં વર્ષમાં કોઈએ તે ઉઘાડ્યું નથી. અભ્યાસની જરૂર ન રહી એટલે પ્રતો શુદ્ધ મળવી અટકી ગઈ અને અલ્પાભ્યાસીએ સમજ્યા વગર જ્યાં ત્યાં હરતાલ લગાવી દીધી. આ હરતાલની કથા પણ ભારે જબરી છે! કહેવાની વાત એ છે કે બહારના ત્રાસ કરતાં આપણા પોતાના પ્રમાદથી–બેદરકારીથી આપણે વધારે ગુમાવ્યું છે. એક બીજો પણ પ્રસંગ ભારે શરમાવનારો બન્યો છે. અભિપ્રાયભેદ થાય અથવા ઉત્તર આપવાની આવડત ન હોય તો પુસ્તકોને જળશરણ કરવાની ભયંકર કથા સત્તરમા સૈકામાં પ્રવર્તી છે. આવો અતિક્રમ પોતાના વર્ગ તરફથી જ થવાનો બનાવ અન્યત્ર અલભ્ય છે. આ તો મહાન વિષય છે, પણ અહીં તેને ઇતિહાસની નજરે સ્થાન મળે તેવું નથી. વાત એ છે કે નવયુગ બેદરકારીથી કે વિરોધને કારણે સર્વકાલીન ગ્રંથોનો નાશ થવા નહિ દે. અવ્યવસ્થિત કવનો ઢંગધડા વગરના લેખો તો ઘણા ચાલ્યા જશે. જે પુસ્તકની બીજી આવૃત્તિ થવા યોગ્ય ન હોય તે ગ્રંથ જાળવવાની જરૂર ભાગ્યે જ ગણાય. બાકી જે જાળવવા લાયક પ્રાચીન કે નવીન ગ્રંથ હશે તેનું સંરક્ષણ અમૂલ્ય વારસા પેઠે નવયુગ કરશે.

## ધર્મજ્ઞાનપ્રસારની વ્યવસ્થા

ધર્મજ્ઞાનના પ્રસાર માટે ટૂંકામાં નીચેની વ્યવસ્થા નવયુગ કરશે :

તત્ત્વજ્ઞાનને આકર્ષક ભાષામાં વાંચનમાળાના આકારમાં તૈયાર કરશે. નાના બાળક માટે પાઠ રૂપે, મધ્યમ માટે ભાષણ રૂપે અને વિશેષ રૂચિવાળા માટે ખૂબ વિસ્તારથી ધર્મ સાહિત્ય તૈયાર કરશે.

કથા સાહિત્યને સાહિત્યના પાસા સાથે અભિનવ આકર્ષક રૂપે મૂળ કથાઓનો ભાવ બગાડ્યા વગર બહાર લાવશે.

નીતિ વિભાગ ઉપર વધારે ભાર મૂકવામાં આવશે. માર્ગાનુસારીના ગુણોથી માંડીને ભાવશ્રાવક સુધીના :ગુણોની દેશકાળાનુરૂપ વ્યાખ્યા આકર્ષક રીતે તૈયાર કરવામાં આવશે.

વ્રતનું માહાત્મ્ય ખૂબ વધારવા માટે આખું નવીન તત્ત્વજ્ઞાન વ્રતની પદ્ધતિ આવશ્યકતા અને વિશિષ્ટતા પર રચાશે.

ગુણસ્થાન, દૃષ્ટિ, યોગ આદિ પ્રત્યેક વિષય પર વૈજ્ઞાનિક પદ્ધતિએ સાહિત્યકોને હાથે નૂતન પદ્ધતિએ ઉલ્લેખો તૈયાર થશે.

આત્માનું અસ્તિત્વ, પરભવ, કર્મ, મોક્ષ આદિ શાસ્ત્રીય વિષયો વૈજ્ઞાનિક પદ્ધતિએ લખાશે. દર્શન અને જ્ઞાનને અંગે મોટા મોટા નિબંધો તૈયાર થશે અને સમકિતને એના શુદ્ધ સનાતન સ્થાન પર અતિ બારિકાઈથી મૂકવામાં આવશે.

નીતિ ( Ethics ), આત્મશાસ્ત્ર ( metaphysics ) અને તત્ત્વજ્ઞાનને ( philosophy ) અનેક દિશાએ ખૂબ ઝળકાવવામાં આવશે. તે લોકો સમજી શકે તેવી સાદી ભાષામાં અનેક આકારમાં પ્રકટ થશે. નવયુગ જ્ઞાનયુગ થશે અને સર્વ શક્તિ, આવડત અને તર્કનો ઉપયોગ જ્ઞાનના પ્રકાશ માટે થશે.

એમાં સામાજિક સ્વાસ્થ્ય વધે તે દૃષ્ટિએ અનેક ચર્ચાઓ જાગશે, પ્રશ્નો ઉઠશે, મતભેદ પડશે, પણ તે કલેશ કે વિરોધ કરાવનાર નહિ થાય પણ સત્યશોધનને માટે થશે. જનતા મૂળમાર્ગ તરફ વધશે, મૂળ પુસ્તકો વાંચશે અને અસલ સાહિત્ય જે નજરે જોવાયું હશે તે પર અનેક પ્રકારે પ્રકાશ પાડશે.

જ્ઞાનપ્રકાશ માટે પુસ્તકો, પુસ્તિકાઓ ઉપરાંત ભાષણો પણ ઘણાં થશે અને તે આકર્ષક નીવડશે.

કથાનુયોગના પ્રસાર માટે રસભરી કથાઓ સંગીત સાથે અર્થ અને આશય સમજાવવાની પદ્ધતિએ જાહેર મેળાવડાઓમાં કરનારા તૈયાર થશે અને તે માટે રચનાઓ, કવિતો અને ગદ્યનું સંમિશ્રણ કરી નવીન સાહિત્ય પદ્ધતિસર ઊભું કરવામાં આવશે.

બાળપણથી ધર્મના સંસ્કારો પડે તેવું રસભરપૂર બાળસાહિત્ય ખાસ તૈયાર કરવામાં આવશે અને તેમાં એકદેશીયતા ન આવી જાય, રાષ્ટ્રીય ભાવના વિસ્તૃત થાય અને વિશ્વબંધુત્વ વધે એવી યોજના કરવામાં આવશે.

ધાર્મિક જ્ઞાનપ્રસાર માટે આ ઉપરાંત બીજી અનેક યોજનાઓ કરવામાં આવશે. વીતરાગના સંદેશા ઘેર ઘેર પહોંચતા કરવામાં આવશે.

# પ્રકરણ ૧૩ મું

## સંગઠન

ધર્મના વિષયના પ્રકરણ નીચે સંગઠનની યોજના નવયુગ કેવી રીતે કરશે તે વિચારવાનું સહજ પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી વ્યક્તિગત વાત થઈ, હવે ધર્મને અને સમાજને કેવો સંબંધ રહેશે તે આ શિર્ષક નીચે વિચારવાનું પ્રાપ્ત થાય છે.

સર્વથી અગત્યનો પ્રશ્ન દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, ફીરકાઓ વચ્ચેના સહકાર–સંગઠનનો છે. દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે હજાર વર્ષથી પણ વધારે વખતથી વિરોધ ચાલે છે અને સ્થાનકવાસી અને મૂર્તિપૂજક શ્વેતાંબરો વચ્ચે બસેં વર્ષથી વિરોધ ચાલે છે. એમાં અગવડ કરનારું તત્ત્વ અરસ્પરસના ભ્રાતૃભાવના અભાવનું છે. કલેશ, કડવાશ અને અવ્યવસ્થિત ટીકા એટલી અંગત રૂપ લઈ લે છે કે વર્ષોથી સત્ય શોધન માટે કોઇએ દરકાર કરી નથી કે સર્વને મળતા મુદ્દા ઉપર એકત્ર કરી એક વ્યાસપીઠ (પ્લેટફોર્મ) પર લાવવાનો સબળ પ્રયત્ન પણ કોઈએ કર્યો નથી. દુર્ભાગ્યે એ સંબંધમાં જ્યાંથી ઐક્યના ઉપદેશની આશા રખાય ત્યાંથી ભયંકર આક્રમણો ધર્મને નામે થતાં આવ્યાં છે. આથી

અંતર દહાડેદિવસે વધતું જ ગયું છે અને ધાર્મિક લાગણીએ ઝનૂનનું રૂપ લીધું છે. એક જ પિતાના પુત્રો છીએ, એક જ શાસનના સેવક છીએ, એક જ મહાન વૃક્ષની ડાળીઓ છીએ — એવો ખ્યાલ જ થયો નથી અને ઝઘડાઓએ નવા નવા આકાર એટલા ધારણ કર્યા છે કે એ ઝઘડામાં આપણે જુગના જુગ કાઢી નાંખ્યા છે અને તેને લઈને ખાસ મહત્ત્વનું કાર્ય આપણે કરી શક્યા નથી. એ ખાસ મહત્ત્વનું કાર્ય જૈન સંખ્યાબળ વધારવાનું છે તે મુદ્દા પર તરતમાં આવશું. ઝઘડાનું મૂળ જોઈએ તો જરા પણ તત્ત્વ વગરનું છે. કોઇ પણ ફીરકા વચ્ચે તત્ત્વનો ઝઘડો નથી, જીવ, જગત કર્તૃત્વ, મોક્ષ, કર્મ, નયનિક્ષેપ આદિ કોઈ પણ મહત્ત્વની બાબતમાં વાંધો કે મતભેદ નથી.

ત્યારે આ સર્વ ક્યા કારણે ચાલ્યું? જરા હસવા જેવું લાગે તેવી વાત છે પણ તદ્દન સત્ય છે અને તે એ છે કે તફાવતના મુદ્દા તદ્દન સાદા, સાધનધર્મોને અંગેના અને વસ્તુતઃ દૈવત વગરના છે. દિગંબર શ્વેતાંબરની માન્યતા પર અગાઉ લખાઈ ગયું છે. કેવળીને ભુક્તિ કે સ્ત્રીને મુક્તિ એમાં કાંઈ મુદ્દો નથી અને આ કાળમાં, આ ક્ષેત્રમાં કોઈને કેવળજ્ઞાન થવાનું નથી, અહીંથી સ્ત્રી કે પુરુષ કોઈ મોક્ષ જનાર નથી. ત્યારે ઝઘડા શેના? મૂર્તિ પર આભૂષણ ચડાવવાં કે નહિ, મૂર્તિ ને એની બનાવટમાં હોય તે ઉપરાંત ચક્ષુ ટીલાં લગાડવાં કે નહિ. આ મતભેદ શ્વેતાંબર-દિગંબરોનો. એક મોટા કેસમાં એક વિદ્વાન બેરિસ્ટર પાસે આ તફાવતો વિગતથી સ્પષ્ટ કર્યા, તે વખતે તે હસી પડ્યા ત્યારે જૈન કોમ કેટલી શરમાવનારી સ્થિતિએ ઉતરી પડી હતી એ ખ્યાલથી નીચું જોવું પડ્યું હતું. બીજા થોડા તફાવતો છે તે મુદ્દાના નથી, ઉપલક્રિયા છે અને શાંત પતાવટને આધીન થઈ જાય તેવા છે, અને પતાવટ એ માન્યતાના વિષયમાં ન ચાલે એમ ધારવામાં

આવે તો બન્ને વર્ગ પોતપોતાની માન્યતામાં કાયમ રહે તો તેમાં પણ સંગઠન કરવામાં વાંધો આવે તેમ નથી.

વાત એટલે સુધી છે કે તત્ત્વના ગ્રંથો અને સિદ્ધાંતો સામાન્ય છે અને બન્ને પક્ષને માન્ય છે. દિગંબરના ગ્રંથો ઉપર શ્વેતાંબર વિદ્વાનોએ ટીકાઓ રચી છે અને એકબીજાના ગ્રંથોના આધાર લીધા છે. શ્રી ઉમાસ્વાતિ વાચકના 'તત્ત્વાર્થાધિગમ' સૂત્રને બન્ને વર્ગ માન્ય કરે છે. એ આચાર્ય દિગંબર હતા કે શ્વેતાંબર હતા તે ભાંજગડમાં આપણે નહિ ઉતરીએ, પણ એમાંથી એક રહસ્ય તારવીએ કે તત્ત્વની બાબતમાં બન્ને વચ્ચે મુદ્દાનો એક પણ તફાવત નથી. આખા તત્ત્વાર્થમાં નગ્ન પરીષહ કહેવાય કે અચેલક પરીષહ પરીષહ કહેવાય એ સિવાય એક પણ મુદ્દાનો તફાવત જોવામાં આવતો નથી. ત્યારે ઝઘડા શેના? અને કોણે અંતરો વધાર્યાં જ કર્યાં છે? અને જૈન જેવી સમજુ કોમે એ વિષને અત્યાર સુધી કેમ પોષ્યું છે? આ પ્રશ્નો નવયુગને માટે સ્વાભાવિક છે.

સ્થાનકવાસી અને મૂર્તિપૂજક શ્વેતાંબરો વચ્ચે તો માત્ર મૂર્તિપૂજાની તકરાર છે. એ સાધનધર્મને અંગેનો ઉઘાડો પ્રશ્ન છે, તત્ત્વને ને એ પ્રશ્નને લેવાદેવા નથી. છતાં અછાજતી ભાષામાં અરસપરસ ટીકાઓ થઈ છે, પુસ્તકો લખાયાં છે અને ગૃહસ્થના મુખમાં ન શોભે તેવાં કવિતો એકબીજાને ઉતારી પાડવા લખાયાં છે અને જળવાયાં છે. આ તફાવત—અંતર તો માત્ર પ્રેમ દ્વારા તરત જીતી શકાય તેમ છે. ખરી રીતે દ્વેષોત્પાદક ભાષા વાપરી વિષને વધારવામાં સમય, બુદ્ધિ અને સાધનનો દુરુપયોગ કરવામાં આવ્યો છે અને ગામેગામ પ્રેમના ઉમળકાને બદલે ઝેરના પમરાટ પાથર્યા છે.

આ મોટા તફાવતોમાં કાંઈ દમ નથી. નવયુગ એકત્ર મળી એનો સપાટાબંધ નિકાલ કરી નાખશે. દિગંબર ભાઈઓ પોતાના મંદિરોમાં સાદાઈ વધારે રાખશે, શ્વેતાંબરો એ સાદાઈનું ઓછુંવત્તું અનુકરણ કરશે અને નવયુગમાં પરસ્પર એકબીજાનાં મંદિરોમાં છૂટથી જશે અને ભક્તિમાં ભાગ લેશે. ભગવાનની ભક્તિ ગમે તે પ્રકારે કરવામાં આવશે તે જોઈ પ્રકારને કારણે દ્વેષ બંધ થઈ જશે અને કોઈ તીર્થોમાં અમાનુષી દેખાવો, ચક્ષુ ઉતારવા ચઢાવવાના થાય છે એ સર્વ પ્રબંધ અટકી જશે. એક વખત પ્રેમ અને વિશ્વાસ ઉત્પન્ન થયો એટલે સર્વ ગૂંચવણના રસ્તા નીકળશે અને એવા રસ્તાઓ કાઢવાની આવડત નવયુગમાં આવશે. આ બન્ને ફીરકાઓ વચ્ચે પ્રેમ થશે અને સંગઠન થઈ શ્રી વીરના સંદેશા જગતભરમાં પહોંચાડવા બન્ને ફીરકાઓ હાથોહાથ મીલાવશે. તેમને લાગશે કે આપણે ખૂબ નકામા લડ્યા, નિરર્થક શક્તિ વાપરી અને ધન, બુદ્ધિ અને તકનો દુરુપયોગ કર્યો. એનો જ સદુપયોગ કરીને બન્નેનું સાધ્ય સાધશે. આ કાર્ય પહેલી તકે થશે અને તેમાં આડે આવનાર ઉપદેશક પંડિત વર્ગની ઉલટી સલાહની ઉપેક્ષા કરવામાં નવયુગ ધર્મ માનશે, વીતરાગ ભાવની વાનગી માનશે અને કર્તવ્યનું ઉદ્ઘાટન દ્વાર માનશે.

મૂર્તિપૂજક અને સ્થાનકવાસીનો તફાવત તો પ્રેમ, આદર અને વિવેકની પાસે બહુ અલ્પ પ્રયાસે પતી જશે. નવયુગ દરેકને ઇચ્છાનુસાર મૂર્તિપૂજા કરવા ન કરવાની છૂટ આપશે અને આગ્રહ દૂર થયો એટલે રસ્તો સરળ દેખાય છે.

આ ત્રણે ફીરકાઓના પૂજ્ય પુરુષ એક જ છે, આ ફીરકાનો ઇતિહાસ એક જ છે, જ્ઞાનની મહત્તા સર્વ સ્વીકારે છે, કષાયનું ત્યાજ્યપણું સર્વ માને છે અને સેંકડો બાબતોમાં, હજારો

બાબતોમાં એક જ જાતની માન્યતાવાળા છે. એક મુદ્દા ઉપર મતભેદ થયો તેથી બાપે માર્યા જેવા વૈરની ઉત્પત્તિ કેમ થઈ હશે અને તેને કઈ સમજણથી પોષણ મળ્યું હશે તે વાત પણ નવયુગના ગ્રાહ્યમાં નહિ આવે અને આ સંગઠન નવયુગ પહેલી તકે કરશે. એમ કરવામાં તેમને અડચણો પડશે તે દૂર કરવાની આવડત, ધીરજ અને શક્તિ નવયુગ પોતાના જ્ઞાનપ્રકાશથી સુવ્યવસ્થિત રીતે પ્રાપ્ત કરશે. પરિણામે ગામેગામના સ્થાનકવાસી મૂર્તિપૂજકના ભવાડા અને શ્વેતાંબર દિગંબરના પ્રિવિકાઉન્સિલ સુધીના ફજેતા અટકી જશે અને જનતાને એક બાપના દીકરાઓ લડે તેનું નાટક જોવાનું બંધ થશે.

આ ઝઘડા બંધ થયા પછી નવયુગે કરવાનું કાર્ય આગળ વિચારવાનું છે, પણ તે પહેલાં અંદર અંદરના ગચ્છના અને પેટા ગચ્છોના ઝઘડાનું સંગઠન અથવા તો ઝઘડાનો નિકાલ કેવી રીતે થશે તે જરા જોઈ જઈએ. નવયુગ એ ઝઘડાઓને તપાસી હસશે. એને એમ થશે કે આવી સામાન્ય બાબતોમાં વીર્યવ્યય શા માટે કરવામાં આવ્યો હશે? એ ઝઘડાનો ઇતિહાસ તપાસી એનો સમન્વય કરશે અને તે કેવી રીતે કરશે તેની રૂપરેખા શરૂઆતમાં વિગતવાર બતાવી છે. એ દરેકને પોતાની માન્યતા પ્રમાણે વર્તવા છૂટ આપશે. તમે વાર્ષિક પ્રતિક્રમણ કરી વૈરવિરોધ શમાવો એ મુદ્દો છે, પણ ચોથે કરો કે પાંચમે કરો એમાં કાંઈ મુદ્દો નથી, એ ઝઘડામાં કાંઈ વિચારવા જેવું પણ નથી. એવી જ રીતે ચાર થોઈ બોલવાથી કે ત્રણ જ બોલાવાથી મોક્ષ નજીક કે દૂર થઈ જાય છે એમ માનવાની નવયુગ જોરશોરથી ના પાડશે. આ પ્રમાણે નાના મોટા પ્રત્યેક મતફેર માટે સમજવું.

એ સર્વ વિરોધો ક્રિયાવાદના છે, સાધનધર્મના છે અને વિશાળ વીતરાગ દૃષ્ટિએ અકર્તવ્ય છે; આવો અભિપ્રાય બુદ્ધિશાળી

નવયુગનો થશે, અરસપરસ વર્ષો સુધી લક્ષ્મા અને શક્તિનો દુરુપયોગ કર્યો તે માટે અંતરવેદનાથી પરસ્પર ક્ષમાપન કરશે અને પ્રત્યેકને ક્રિયામાર્ગને અંગે તેની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ આપી એક ઓવારે પાણી પીશે, એક મૂળ પુરુષના નામનો જય-ધ્વનિ કરશે અને એક વ્યાસપીઠ પર બેસી શાંતિ અને અહિંસાના, તપ અને સંયમના, શ્રમણ દશાના અને શ્રાદ્ધ દશાના સંદેશાઓ જગતને પહોંચાડી 'શિવમસ્તુ સર્વ જગત:, પરહિતનિરતા ભવંતુ ભૂત-ગણા:; દોષા પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખીભવન્તુ લોકા:' એ સૂત્રનો સાક્ષાત્કાર કરાવવા મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્યનું જગતને પાન કરાવશે.

## સંગઠનનાં પરિણામ

(૧) આખી જૈન કોમનું અંદર અંદર સંગઠન કર્યા પછી નવયુગ બેસી નહિ રહે. એ સંગઠનને મજબૂત કરવા એક નિયમાવલિ ઘડશે. પ્રત્યેક પોતપોતાના ફીરકાને આધીન રહે અથવા અરસપરસ ગમે ત્યાં જાય તે તેની બુદ્ધિ પર રાખવામાં આવશે. નિયમાવલિમાં શિસ્ત માટે વ્યવસ્થા રાખવામાં આવશે. ભવિષ્યમાં શક્ય લાગતાં વૈમનસ્યોના પ્રસંગો માટે અગમચેતી વાપરી વ્યવસ્થા કરવામાં આવશે. ખાસ મતભેદના પ્રસંગોમાં લવાદીનો ઉપયોગ કરવાનું ઠરાવવામાં આવશે અને આખી યોજના વ્યવહારુ અને વ્યવસ્થિત ગોઠવવામાં આવશે. સંગઠન કાયમ રહે તે માટે પૂરતી ચીવટ અને સંઘર્ષણના શક્ય પ્રસંગોના નિવારણ માટે ખૂબ બુદ્ધિવ્યય કરવામાં આવશે. હૃદયનો પ્રેમ દિવસાનુદિવસ વધતો જશે અને ભૂતકાળમાં કંકાસથી કેટલું નુકસાન થયું છે તેના દાખલાઓ સામે રહેવાથી અનિષ્ટ પ્રસંગો કદાચ આવી પડશે તો વાત્સલ્યભાવે, બંધુભાવે, સમાજહિતની નજરે તેનો પ્રતિકાર કરવામાં આવશે. આવી રીતે ફીરકાઓ અને ગચ્છો વચ્ચેના સંગઠનને વાંધો ન આવે અને કોઈ

ખટપટ કરનારા તેમાં ફાવી જાય તેવું ન થાય તેની આગાહી કરવાનું કાર્ય એ સંગઠનનું પ્રથમ પરિણામ. એટલે કે સંગઠન કાયમ રહેવાના રસ્તાઓની શોધ અને તેને ગ્રહણ કરવાની તીવ્ર ઇચ્છા એ તેને કાયમ કરવામાં ખાસ સહાયભૂત થશે. સંગઠન ધર્મનો પ્રાણ છે એમ ગણવામાં આવશે અને તેની પવિત્રતા સાર્વત્રિક થઈ જાય તેમ વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) સંગઠનનું બીજું પરિણામ જૈનેતરને જૈન બનાવવાનું થશે. તે વિષય વધારે વિસ્તારવાળો હોઈ નીચે જુદા શિર્ષક નીચે ચર્ચ્યો છે. એ વિષયને ઘણી મહત્તા આપવામાં આવશે.

## સંઘબળનો ઉપયોગ

(૩) સંગઠનનું ત્રીજું પરિણામ સંઘબળને કાયમ કરવાનું થશે. સંઘબળ માત્ર ધાર્મિક બાબતને અંગે જ ઉપયુક્ત થશે. ધર્મક્ષેત્રમાં સન્નદ્ધબદ્ધ થઈ સર્વ જૈન તરફ બંધુભાવ વધે તેવી યોજના થશે, પણ તેમ કરવામાં જાતીય ભાવના વધે અથવા રાષ્ટ્રીય ભાવનાને વિરોધ થાય તેવું એક પણ પગલું ભરવામાં નહિ આવે. વાત એ છે કે ધર્મનો વિષય જ તદ્દન અલગ કરી દેવામાં આવશે. એમાં તત્ત્વજ્ઞાન અને મનુષ્યોના આંતર જીવનના પ્રશ્નો એવી રીતે ગુંથાઈ જશે કે એને રાષ્ટ્રધર્મ સાથે સંઘટ્ટન થવાનો પ્રસંગ જ નહિ આવે. નવયુગ પોતાના બુદ્ધિબળ અને જ્ઞાનશક્તિનો ઉપયોગ એવી રીતે કરશે કે એ દેખીતી અશક્ય લાગતી બાબત સિદ્ધ કરવા હામ ભીડશે અને તે પ્રયત્નમાં તે સમાજના સહકારથી મક્કમ ફતેહ મેળવી શકશે.

સંગઠનનો ઉપયોગ કોઈને કચરવા માટે નહિ થાય, પણ ધાર્મિક પ્રગતિ એના વિશાળ અર્થમાં સિદ્ધ કરવા સતત પ્રયત્ન અનેક દિશાએ ચાલુ થઈ જશે.

ઉપરના નિર્ણય પ્રમાણે કોઈ પણ વ્યક્તિને સંઘ બહાર કરવાનું ઉચ્છેદક પગલું સંગઠન લેશે નહિ. એ સજાને એ દેહાંત-દંડની સજા સરખી ગણશે અને જૈનની વિશાળ દયામાં દેહાંતદંડને સ્થાન હોય જ નહિ એમ નવયુગને તેમના વખતની ધર્મની માન્યતા શીખવશે. એને રચનાત્મક કાર્ય કરવાનું હોઈ એ સંઘ-બળ—સંગઠનબળ નબળું થાય એવો એક પણ માર્ગ સ્વીકારશે નહિ. આ તેમના નિર્ણયમાં સંઘબહાર કરવાનું કાર્ય આવી જશે.

સ્વાભાવિક પ્રશ્ન થાય કે કોઈ ખરેખર ધર્મને નુકસાન કરવાનો ગુનો કરે તો શું કરશે? અલબત સાંસારિક ગુના ખાતર, ધનવાનનો વિરોધ કરનારને અંગે અથવા ધર્મ સંબંધી શંકા કરનાર કે પ્રશ્ન કરનારને તો સંઘ બહાર કરવાની ઘેલછા નવયુગ નહિ જ કરે એ સમજી શકાય તેવી વાત છે અને તે બાબતનો અત્યંત શરમીંદગી ભરેલો ઇતિહાસ વધારે નહિ જ લંબાવે. દા. ત. કોઈ નવયુગની નવી સંહિતા રચે, પૂર્વકાળમાં વિકારો સાહિત્યને અંગે બતાવે કે વચ્ચેના મધ્યકાળમાં ખૂબ અંધકાર વ્યાપ્યો હતો એવું ઇતિહાસથી બતાવે તો તેને સંઘબહાર કરવાની સ્ખલના નવયુગ નહિ જ કરે પણ, પણ......... પછી કાંઈ રહેતું જ નથી. ધર્મને સમજવામાં આવે તો તેનો ગુનો અશક્ય છે. ઉપદેશ, સમજાવટને ધર્મમાં સ્થાન જરૂર છે, મતઐક્ય કરવાનું કાર્ય પ્રશસ્ય છે, પણ મિથ્યાત્વ જેવા ગાઢ અંધકારમાં જનતાનો મોટો ભાગ વ્યાપ્ત છે. તેને પણ સંઘબહાર મૂકવાની કદિ કલ્પના કરવામાં આવી નથી તો પછી કયા ગુના બદલ સંઘબહાર કરાય? એક આચાર્યનો વિચાર પ્રચલિત પ્રવૃત્તિ જોઈ સર્વ સાહિત્ય સંસ્કૃતમાં લખવાનો થાય, અત્યારે કોઈને સૂત્રોનાં ભાષાંતરો કરવાનું મન થઈ આવે તેને સંઘબહાર કરવાનો ઇતિહાસ

કાળો છે, પ્રાચીન તરફ માનની હાનિ ન થાય તેવી નરમ ભાષામાં નવયુગ એ આખી પદ્ધતિ સામે સખ્ત બળવો કરશે અને નવ-વિચારકને ફાંસીની સજા થાય તેમાં જૈનદર્શનના મૂળ મુદ્દાને ક્ષતિ અને પ્રગતિનો પ્રત્યક્ષ વિરોધ જોશે. આખા જૈનશાસનનું બંધારણ તપાસી તેની સમાચારી અને તત્ત્વના મુદ્દા જોતાં નવયુગ કોઈ પણ પ્રાણીનો તરવાનો માર્ગ છીનવી લેવાનું ધર્મસિદ્ધાન્તના મૂળ મુદ્દાને અને તેના અંતર આશયને પ્રતિકૂળ માનશે ટૂંકામાં સંઘબહારની સજા કોઈને થઈ શકે નહિ એવો નિર્ણય બહુ ચર્ચાને પરિણામે નવયુગ કરશે અને તે નિર્ણય સશાસ્ત્ર છે એમ બતાવવા માટે આધારો રજૂ કરશે.

સંગઠનને પરિણામે માત્ર મંદિરો શ્વેતાંબર દિગંબરનાં અલગ રહેશે, પણ તેમાં ધુરકાધુરકી જેવું કાંઈ નહિ થાય. પરસ્પર પ્રેમ જળવાઈ રહે તે રીતે અરસ્પરસ એકબીજાના મંદિરમાં મહાપૂજાદિ પ્રસંગે પ્રેમપૂર્વક જવાઆવવાનું થશે અને બંધુભાવે મંદિરો પડખોપડખ રહેશે. એકબીજાનાં મંદિરોને મસીદ અને મંદિર જેવાં માનવામાં નહિ આવે અને ધર્મના નામે આંખો વઢતી આળસી જશે.

આ સિવાય (મંદિર સિવાય) સર્વ જૈન સંસ્થાઓ સર્વ જૈનને માટે ખુલ્લી થશે. નવયુગની કોઈ પણ સંસ્થા શ્વેતાંબર કે દિગંબર નામ નીચે ચલાવવામાં નહિ આવે. જૈન એટલે જૈન—એક જ અર્થ થશે અને સર્વ ભેદભાવ વગર વિલંબે તૂટી જશે.

## નિર્વૈર સાહિત્યની રચના

સાહિત્ય અરસ્પરસ ફીરકાનું હશે તે ખુશીથી વાંચવામાં આવશે. નવીન સાહિત્ય તત્ત્વજ્ઞાન અને નીતિ વિષયક ખૂબ નીકળશે અને તે સર્વ સામાન્ય થઈ પડશે. માત્ર માન્યતાની

બાબત આવશે તો નીચે નોટમાં તફાવત ગૃહસ્થને યોગ્ય ભાષામાં બતાવવામાં આવશે. દાખલા તરીકે દેવલોકની વાત ચાલતી હશે, લેખક શ્વેતાંબર હશે તો ઉપર બાર લોકનું વર્ણન કરશે ત્યારે નીચે નોટમાં લખશે કે દિગંબર બંધુઓ સોળ દેવલોક માને છે. ગુણવ્રત શિક્ષાવ્રતની વાત લખશે તો કહેશે કે શ્વેતાંબર જેને ગુણ-વ્રત કહે છે તેને દિગંબર વિદ્વાનો શિક્ષાવ્રત કહે છે અને શ્વેતાંબરો જેને શિક્ષાવ્રત કહે છે તેને દિગંબર બંધુઓ ગુણવ્રત કહે છે. વ્રતો *એકનાં એક જ છે, માત્ર છ સાત આઠના સમુચ્ચયને એક અમુક* અપેક્ષાએ ગુણવ્રત કહે છે, બીજા તે જ વ્રતોને શિક્ષાવ્રતો કહે છે. એ જ પ્રમાણે નવ દશ અગિયાર અને બારમા વ્રત માટે સમજવું. આ પદ્ધતિએ કામ લેવામાં આવશે. પૂર્વકાળનું સર્વ સાહિત્ય જળવાશે અને પરસ્પરનો પ્રેમ વધતો જશે.

કેટલાક નિંદાગ્રંથો પરસ્પર ફીરકાને અંગે લખાયલા છે અને ગચ્છોને અંગે તથા નાની મોટી માન્યતાને અંગે લખાયા છે તેમાં શિષ્ટ શૈલી પણ જળવાણી નથી. એવા ગ્રંથો કોઈ છપાવશે કે પ્રસારશે નહિ એટલે સ્વયં તેનો નાશ થઈ જશે.

# પ્રકરણ ૧૪ મું

## જૈન સંખ્યાબળ

સંગઠન શબ્દની સાથે શુદ્ધિ શબ્દ ગૂંથાઈ ગયો છે. નવયુગ ‘શુદ્ધિ’ શબ્દ નહિ વાપરે. એ શબ્દ વાયડો થઇ જવાને કારણે અને બીજાં અનેક કારણોને લઈને એ શબ્દનો ઉપયોગ નહિ થાય. એ વટલાવવાનો શબ્દ પણ વાપરશે નહિ. એ કદાચ ‘ધર્માન્તર’ શબ્દ વાપરશે, પણ આપણે તો સંગઠનના પરિણામ તરીકે જૈન સંખ્યાબળનો જ વિચાર કરશું.

સંગઠનના વિચાર દ્વારા નવયુગ પ્રથમ જૈનોની અંદર અંદર ઐક્ય કરવાની વાત કરશે. એ ગચ્છના ભેદોને ભાંગી નાંખશે, સંઘાડાના ભેદો તોડીને ફેંકી દેશે અને ઉપર વર્ણવેલી રીતે સનાતન જૈનત્વનો પ્રસાર કરશે. શિસ્ત ખાતર અમુક ગુરુના ચેલા કે વર્ગ પડશે પણ અંદર અંદર સહચાર, મેળ અને પ્રેમ અસાધારણ વધશે એટલે આંતરો તૂટી જશે. ત્યાર બાદ ફીરકા ફીરકા વચ્ચેની એકતા સાધશે. અહીં દિગંબરો કે શ્વેતાંબરો પોતાની માન્યતા પ્રમાણે ક્રિયા–માન્યતા કરે એવી છૂટ રહેશે, પણ આપણે સર્વ મહાવીર પિતાના પુત્રો છીએ અને ભગવાનના

સમવસરણમાં વૈર વિરોધ ન હોય તે ન્યાયે સર્વ વિરોધ ટળી જશે અને કોઈ કચવાટનું કારણ રહેશે તો તેનો અંદર અંદર પ્રેમભરી ચર્ચાથી નિકાલ લાવશે અને ખાસ જરૂર જણાશે ત્યાં છેવટે લવાદીથી નિકાલ લાવશે. કોર્ટ દરબાર સર્વ બંધ થઈ જશે.

સ્થાનકવાસી ભાઈઓમાં જેને ફાવે તે મંદિરે જાય, ન મરજીમાં આવે તે આત્મસાધન કરે. એમાં પરસ્પર પ્રેમ ઓછો ન થાય એવી તત્ત્વ ચિંતવના કરવામાં આવશે.

આ અંદર અંદરની એકતા થતા એક વ્યાસપીઠ પર સર્વ જૈનો આવશે. ત્યાં સર્વથી પહેલું ધ્યાન સંખ્યાબળ ઉપર જશે. તેઓને એમ લાગશે કે છેલ્લાં સેંકડો વર્ષથી આપણે અંદર અંદર લડી પરસ્પરનો હ્રાસ કર્યો છે. રત્નપ્રભસૂરિએ લાખો ક્ષત્રિયોને જૈન બનાવ્યા અને હેમચંદ્રાચાર્યે અનેક બ્રાહ્મણોને ભોજક-પૂજક બનાવ્યા. ત્યાર પછી મોટા પાયા ઉપર જૈન ધર્મનો પ્રેમથી સ્વીકાર કરાવવાનાં પગલાં પદ્ધતિસર લેવાયાં નથી એમ તેમને લાગશે. ઇતિહાસની આરસીમાં તેમને દેખાશે કે કુમારપાળથી શ્રી હીરવિજયસૂરિ સુધી જે જૈન કોમની ગણના ઓછામાં ઓછી બે કરોડની હતી તેની સંખ્યા બાર લાખ આસપાસ આવી પડી અને પ્રત્યેક ગણતરીમાં હિંદની વસ્તી વધતી જાય છે ત્યારે આપણે વીસ લાખથી ઘટીને ૪૦ વર્ષમાં બાર લાખે આવી પહોંચ્યા તેનું કારણ શું?

આ ભડકામણા આંકડા જ સંગઠન કરવામાં સહાયભૂત થશે. પણ પછી જે વિચારણા થશે તે ખાસ અગત્યની છે. જૈનોને માટે એ મરણજીવનનો પ્રશ્ન છે અને એના વ્યવસ્થિત નિકાલમાં એના દીર્ઘદૃષ્ટિપણાનું મૂલ્ય છે.

## સંખ્યા ઘટવાનાં કારણો

પ્રથમ સંખ્યા ઘટવાનાં કારણો તપાસશે. ત્યાં નીચેનાં કારણો નવયુગની નજરમાં મુખ્ય લાગશે.

સંગઠનનો અભાવ.

લગ્ન સંસ્થાના પ્રશ્નનો નિકાલ કરવાની બિનઆવડત.

એકતા ખીલવવાને બદલે પ્રતિસ્પર્ધીત્વનો ખ્યાલ.

વર્તુળના કેંદ્ર થવાની પ્રત્યેકની ભાવના.

વિશાળ પ્રશ્ન વિચારવાને, જીરવવાને, ઉકેલવાને જોઈએ તેટલી વિચારશક્તિ, છનાવટ અને દીર્ઘદર્શિતાનો અભાવ.

આ પ્રશ્નની વિચારણામાં પ્રાચીનો તરફ ગૌરવ નહિ જળવાય, અને તેઓ ( નવયુગ ) ખુલ્લી રીતે કહેશે કે જે પ્રાચીનોએ વારસો ગુમાવ્યો છે અથવા સદંતર ગુમાવવાની અણી પર મૂકી દીધો છે તેને જે પ્રકારનું ઘટે તેટલું જ અને તે પ્રકારનું જ સન્માન અપાય. અંદર અંદરની લડતમાં પચી રહેલા પૂર્વજોને કોમ કે ધર્મનું નિઃસંતાન થઈ જાય તેની કે'દી પરવા હતી ! આવા આવા વિચારો તે બતાવશે.

## દાખલાદલીલ

તેઓ દાખલાદલીલથી બતાવશે કે અમદાવાદ અને આણંદ વચ્ચે ૨૫૦૦૦થી વધારે પાટીદારો જૈન હતા. ૪૦ વર્ષમાં હવે તે ઘટીને હજાર બે હજાર આસપાસ આવી ગયા છે. તેનું કારણ સમાજે કોઈ દિવસ વિચાર્યું હતું ? તપાસ કરશો તો જણાશે કે દીકરાદીકરીના વેવિશાળ લગ્ન ક્યાં કરવાં તેની અગવડે ઘણાં ઘરો જૈન મટી ગયાં. આવી વાત કરશો ત્યારે પ્રાચીનો કહેશે કે તો તેઓની આસ્થા–શ્રદ્ધા પાકી નહિ. જ્યાં તત્ત્વજ્ઞાન લગાડવાનું હોય ત્યાં ન લગાડે, પણ વ્યવહારનાં કૂટ પ્રશ્નોમાં તેનો દુરૂપયોગ

થાય તે પ્રકારનું કુ–યુક્તિશાસ્ત્ર જૈનોમાં એટલું ચાલે છે કે તમે પદ્ધતિસર દલીલ કરી શકો જ નહિ. એક વર્ગ તો લાકડી લઈને બેઠો જ છે કે નવયુગ જે બોલે તે સર્વ ખરાબ, માટે વર્જ્ય, માટે અકર્તવ્ય. એ દલીલની કિંમત નહિ કરે, પણ બોલનાર કોણ છે તે ઉપર જ ફેંસલો કરશે. નવયુગ આ વર્ગને બેસાડી દેશે. એ કહેશે કે સંસારમાં રહેનારને તો ધર્મ, અર્થ અને કામ ત્રણે સાધવાનાં છે તેથી તમારે લગ્ન અને ભોજનના પ્રશ્નનો નિકાલ કરવો જ પડશે.

શ્રીમાન હેમચંદ્રાચાર્યની જન્મભૂમિ ધંધુકામાં સેંકડો મોઢ જૈન હતા. એમણે અનેક પ્રતિષ્ઠા કરાવ્યાના શિલાલેખો મોજુદ છે. આખી કોમ જૈન મટી ગઈ તેનો યશ (?) સંઘવ્યવસ્થા કરનારને ઘટે.

આખી કપોળ કોમ જૈન હતી એમ આજે કોઈને કહેવામાં આવે તો માનશે પણ નહિ. છતાં તે ઐતિહાસિક સત્ય છે. એ કેમ થયું ?

પોરવાડ દશા અને વીસા કુલ જૈન હતા, આજે તેનો બાર આની ભાગ જૈન મટી ગયો. કારણો વિચારવાની, તપાસવાની કે તે પર કમિશન બેસાડવાની ફુરસદ મળી છે ?

અને વ્યવસ્થા (?) તો એટલી હદ સુધી કરી છે કે લાડવા શ્રીમાળીને જૈનધર્મ પાળતાં સેંકડો વર્ષ થયાં, છતાં એક કલ્પિત કિંવદન્તીને આધારે તેમની સાથે ભોજન વ્યવહાર નહિ, તેમને નવકારશીમાં નોતરું નહિ, તેમની વ્યવસ્થિત દલીલનો સભ્યતા ભરેલો જવાબ પણ નહિ. તેમણે ગમે તેટલાં મંદિરો સ્થાપન કર્યાં હોય, પ્રતિષ્ઠાઓ કરી હોય, પણ પ્રાચીનોની ગણતરીમાં તે જૈન નહિ.

કચ્છી દશા ઓશવાળ સાથેનું વર્તન તો નવયુગને ભારે અસહ્ય લાગશે. તેઓ અનેક મંદિરો બાંધે, સેંકડો વર્ષથી જૈન ધર્મ પાળે અને અનેક ક્રિયા અનુષ્ઠાન કરે, છતાં તેમને નવકારશીમાં નોતરું તો નહિ, પણ તેઓ જમણ આપે તેનો સ્વીકાર કરવાની પણ ના!

પ્રાચીનોએ સેંકડો ભાવસાર કુટુંબોને હીન માની અલગ જમાડ્યા, તેમણે પાંચા અને નીમા વાણિયા પૂરા જૈન હોવા છતાં તેમની દરકાર કરી નહિ, લુહાણા ઘાંચા સાચા જૈન હોવા છતાં તેમને પંક્તિમાં જમાડ્યા નહિ.

આવી તો અનેક કર્મકથાઓ છે. આવી વ્યવસ્થા થઈ હોય ત્યાં મોટો ભાગ જૈન મટી અજૈન થઈ જાય, આખી કોમોની કોમોને ગુમાવી બેસાય તેમાં જરા પણ નવાઈ જેવું નથી. જાણે જૈનને પરભવ સાથે જ સંબંધ હોય અને આ ભવમાં તો તેણે જૈન થવું હોય કે રહેવું હોય તો લગ્નની કે ભોજનવ્યવહારની વાત પણ વિચારવી ન ઘટે એવી નિર્વેદ દૃષ્ટિની વાત કરતાં વ્યવહારુ જૈનો તદ્દન અવ્યવહારુ બની ગયા, અને બાપની પૂંજી જાળવતાં ન આવડી એટલે વારસો ઉત્તરોત્તર ગુમાવતા ગયા; એવો ફેંસલો તેમને માટે નવયુગ આપશે. નવયુગને લાગશે કે આવા વિચિત્ર સંયોગોમાં મોટી સંખ્યા જૈન મટી જાય તેમાં નવાઈ જેવું કાંઇ નથી. નવાઈ તો આવા વિપરીત સંયોગો અને અંદર અંદરની કાપાકાપી હોવા છતાં બાર લાખ જૈનો છૂટાછવાયા પણ રહી ગયા છે એ જ છે! કારણકે જે રીતે શાસન ચાલ્યું છે તે રીતે તો એટલી સંખ્યા પણ રહેવી ન ઘટે એવી નિર્ઘાતક રીતે આખી દુર્વ્યવસ્થા કરવામાં આવી છે. એના અંદર અંદરના અર્થ વગરના ઝઘડા જોયા હોય કે એના સંઘના મેળાવડા જોયા હોય તો એ કોમ કેટલી નીચી હદે ઉતરી ગઈ છે એનો જરા ખ્યાલ આવે.

આ સર્વ બાબતનો ઉપાય નવયુગ પૂર્ણ મજબૂતીથી કરશે, પ્રાચીનોને ખળભળાવી નાંખે તેવા પાકા પાયા ઉપર કામ લેશે અને તેને અંગે કેવા ધોરણે કામ લેશે તે આ ઉલ્લેખમાં સ્પષ્ટ કરવાનું અહીં સપ્રયોજન પ્રાપ્ત થાય છે.

## નવયુગ પ્રાચીનોને શું કહેશે?

નવયુગ પ્રાચીનોને ખુલ્લા શબ્દોમાં કહેશે કે વ્યવહાર ચલાવવા માટે તમારે સમસ્ત જૈન શ્રાદ્ધ વર્ગ માટે જરૂરી નિયમો કરી આપવાની આવશ્યકતા હતી. તમે માત્ર એમ જ સમજ્યા લાગો છો કે જૈન થયો એટલે એણે લગ્નાદિ વ્યવહારની દરકાર જ કરવી ન જોઈએ. એ ઊંચી કક્ષાની વાતને તમે સામાન્ય ચાલુ વ્યવહાર સાથે જોડી નાંખી. તમે આ નિયમ ન ઘડવામાં મનુષ્ય-સ્વભાવનો અભ્યાસ ન કરવાનું પરિણામ બતાવ્યું.

બીજું તમે એક મુદ્દાની વાત વીસરી ગયા. જૈન એ બંધુ-સમાજ છે. જે કોઈ સમ્યકત્વને સ્વીકારે તે તે સ્વધર્મી બંધુ. તેનું વ્યાવહારિક વાત્સલ્ય કરવું ઘટે. આ પરમાત્માના ઉપદેશને તમે તદ્દન ભૂલી ગયા. તમે સ્વામીવાત્સલ્ય એટલે લાડવા કે જમણવાર જ સમજ્યા. આ સંબંધમાં શાસ્ત્ર શું કહે છે તે બતાવવા કદી તસ્દી લીધી છે? તમારો વ્યવહાર, તમારું વર્તન શાસ્ત્રના ઉપદેશથી તદ્દન વિરુદ્ધ હતું. તમે ચાલુ વ્યવહારમાં સ્વામીવાત્સલ્યનો અર્થ સમજ્યા નથી અને એનો ઉપયોગ તમારા કોઇ પણ વ્યવહારમાં તમે કેવાં ગોથાં ખાધાં છે તે બતાવે છે.

ત્રીજું—નવયુગ કહેશે કે વર્ણાશ્રમની વિરુદ્ધ સખત વાંધો જૈન ધર્મનો છે. એનો આખો ઇતિહાસ વર્ણને તોડનાર છે. એમાં મહાવીર પરમાત્માના ગંર્ભસંક્રમણમાં મહાન રહસ્ય છે એ પ્રાચીનો સમજ્યા નહિ. જે જૈનો એક બંધુભાવે રહેવા જોઈએ

તે હિંદુઓથી પણ વધારે વર્ણનો સ્વીકાર કરી રહ્યા, પાર વગરના પેટાભેદો ઉપભેદોમાં વહેંચાઈ ગયા અને આખો જૈન શાસનનો ત્રિકલાબાધિત મુદ્દો સમજ્યા નહિ, પરિણામે જૈનોમાં બંધુ-ભાવ જામ્યો નહિ. શ્રીમાળી, ઓશવાળ, પોરવાડમાં વળી અર્થ વગરના દશાવીશાના ભેદ, પ્રાંતના ભેદ અને વાણિયા સિવાય અન્યનો સ્વીકાર કરતાં આંચકો. ભોજનવ્યવહારમાં પંક્તિભેદ. આ સર્વ જૈન ધર્મના અસલ પાયાના મુદ્દાને હાનિ કરનાર અને સ્પષ્ટ રીતે કહેતાં, જે અધાર્મિક રીતિ જૈનને આંગણે દાખલ કરવામાં આવી તેને પરિણામે જૈન સંઘભાવનાનાં મૂળ સડી ગયાં. માત્ર દેવદર્શન–પૂજા માટે સંઘ અને બાકી સર્વત્ર અરાજકતા, એટલું જ નહિ પણ અન્યત્ર જૈનેતરના વટહુકમનો આશ્રય કરવો પડે એવી તદ્દન અકુદરતી સ્થિતિનો સ્વીકાર કરવો પડ્યો.

આને પરિણામે બંધુભાવ ન જામ્યો એટલું જ નહિ, પણ કેટલેક પ્રસંગે તો જૈનોને અજૈનના મોટા સમૂહ સાથે કન્યા-વ્યવહાર કરવાનો હોઈ તેમની સ્થિતિ ત્રિશંકુ જેવી થઈ પડી. દીકરીને અભ્યાસ જરા જરા કરાવ્યો હોય ત્યાં તો તેને અજૈનને આપવી પડે. ત્યાં તેનો તિરસ્કાર થતો જોઈ અંતે માબાપ થાક્યા અને આ મુદ્દામ કારણે જૈનનો છાંયડો ધીમે ધીમે મૂકી બે ત્રણ પેઢીએ અજૈન બની ગયા. ઉપદેશકો સર્વત્ર પહોંચી શક્યા નહિ એ પણ સંખ્યાહાનિનું એક મુદ્દામ કારણ છે, પણ પ્રબળ કારણ લગ્નસંસ્થાની ઉપેક્ષા કરવાનું અને બંધુભાવનો અમલ ન કરવાનું જ છે એનો આખો ઇતિહાસ સાક્ષી પૂરે છે.

આ ઉપરાંત જ્ઞાતિમંડળોની અવ્યવસ્થિત હાલત, જ્ઞાતિના આગેવાનોનો પક્ષપાત, તેઓની કેંદ્રસ્થ થવાની વૃત્તિ અને વિશાળતાનો ખ્યાલ કરવા કરતાં પોતાનાં ઘર કે કુટુંબીઓમાં જ

નજર કરવાની સાંકડી વૃત્તિને પરિણામે જે કોમ ધર્મબળે એક થવી જોઈએ તે છિન્નભિન્ન થઈ ગઈ અને શેઠિયાઓના ત્રાસથી, દીકરીઓના કલ્પાંતથી અને ઉપદેશકના અભાવથી આખી કોમો અથવા તેનો મોટો ભાગ જૈનેતર થઈ ગયો. આ સર્વ ઇતિહાસની બાબત છે, તેના દાખલા મોજુદ છે અને તેની વિગતો ત્રાસ ઉપજાવે તેવી ભયંકર છે. નવયુગ બતાવશે કે તમે કોઈ જ્ઞાતિના સાજનામાં ગયા હો, ત્યાં જે પદ્ધતિએ કામ લેવાય છે તે નિહાળ્યું હોય તો કોઈ સ્વમાની માણસ એમાં ચાલુ રહેવા ઇચ્છે નહિ એટલા બધા ત્યાં ગડબડગોટા છે.

આ સર્વ અજૈન દશા ફેલાવાને પરિણામે બંધુભાવ ખીલી શક્યો નહિ અને માત્ર દેવદર્શન કે પૂજાનો સંબંધ કેટલો વખત ચાલે? એ ઉપરાંત એવા ત્રાસનો ભોગ થઈ પડેલા જૈનોની ચાલુ અરજીઓ ઉપર ધ્યાન અપાયું નહિ અને તમે ઇરાદાપૂર્વક જૈનોને અજૈન થવા દીધા છે અને કપાળે હાથ મૂકી અજૈન થનારનાં કર્મોનો દોષ કાઢ્યો છે. વ્યક્તિગત ધર્મ ઉપરાંત સમાજનાં બંધનો, જરૂરિયાતો અને નિયમનનો તમને અભ્યાસ નથી, તમને એ વિષય પર રૂચિ પણ નથી થઈ અને આખી પ્રણાલિકાને તમે તોડી ફોડી મચડી નાખી છે.

## થોડા મુદ્દાના સવાલ

તમે એક વાતનો ખુલાસો આપી શકશો? થોડા મુદ્દાના સવાલ નવયુગ કરશે:

દશાવીશાનો ભેદ ક્યાંથી ઉદ્‌ભવ્યો? એનો કાંઈ અર્થ છે? એની જરૂરિયાત છે? એનો ઉપયોગ છે? એ કોઈ શેઠિયાના મગજના ફાંટામાંથી ઉઠ્યો હશે અને પછી તો આગુ સે ચલી આતી હૈ. તમે કાંઈ ખુલાસો આપી શકો તેમ છો?

પ્રાંત પ્રાંતના તફાવતનો આ રેલવે, તાર, ટેલીફોન, મોટરના યુગમાં કાંઈ અર્થ છે? છતાં એ કાળના જરીપુરાણા તફાવતો તમે શા માટે ચલાવી રાખ્યા છે?

જે જૈનો એક પંક્તિએ જમી શકે તે કન્યાવ્યવહાર શા માટે ન કરી શકે એનું શાસ્ત્રસંમત કાંઈ કારણ બતાવશો?

જૈનમાં જ્ઞાતિભેદ હોઈ શકે? જૈન થાય તે સર્વને પ્રભુમંદિર ખુલ્લાં હોય તો સંઘજમણ કેમ ખુલ્લાં ન હોય?

અન્ય કોમનું એક સૂત્ર છે 'ધર્મથી રૂઢિ બળવાન છે.' **धर्माद् रुढी बलियसी** આ સૂત્ર તમારે માન્ય છે? તમે અધાર્મિક રૂઢી અને ધર્મ સિદ્ધાંત વચ્ચે વિરોધ હોય તો કોને માન આપો? ખૂબ વિચારીને જવાબ આપશો. ગૂંચવણમાં પાડી નાંખે એવો આ સવાલ છે. ખાસ વિચાર કરજો, બન્ને જવાબમાં તમે જોખમમાં છો તે ખૂબ વિચારજો અને જવાબ આપતી વખતે તમે જૈન છો એ વાત જરા પણ વીસરતા નહિ.

આ આખા ઇતિહાસને ખૂબ લંબાવી શકાય તેમ છે, નવયુગ પાસે પુરાણપ્રિય મિત્રોને અનેક રીતે શરમમાં નાખે તેવા પાર વગરના પ્રસંગો છે. આપણે અહીં અટકી જઈએ. નાની નાની કોમોએ ધર્મને નામે વેપાર કર્યો છે, પ્રતિસ્પર્ધીપણાના તત્ત્વને ખૂબ અવકાશ આપ્યો છે અને જૈનસમષ્ટિ શરીરને પ્રત્યેક યુગે આઘાત પહોંચાડ્યો છે. એ કરુણકથા બંધ કરીએ.

નવયુગ એક સપાટે આ સર્વ પ્રત્યવાયો તોડી નાખશે.

કોઈ પણ જૈન તે પોતાનો બંધુ અને વ્યવહાર કરવા યોગ્ય. એ વીશા દશાના ભેદો, નાની નાની ન્યાતોના ભેદો તો પ્રથમ ઝપાટે કાપી નાખશે અને પ્રાંત પ્રાંતના ભેદોને પી જશે. એના વિરુદ્ધ ઉકળાટ તો ક્યારનો શરૂ થઈ ગયો છે.

પ્રથમ વાણિયા–વણિક સર્વ કન્યાવ્યવહાર કરી શકે તે ફેરફાર નવયુગ તરત કરશે. એક બે વર્ષમાં ત્યાર પછી કોઈ પણ જૈન સાથે કન્યાવ્યવહાર કરશે. એ જ્ઞાતિમાં માનશે જ નહિ. આવો નવો યુગ જ્ઞાતિસંસ્થાને ફેંકી દેશે. એ વર્તમાન યુગમાં બિલકુલ અર્થ વગરની, પ્રગતિને અડચણ કરનારી અને સમાજશરીરને વલોવનારી માલૂમ પડશે. અવ્યવસ્થાના–ભયત્રાસના સમયમાં એ સંસ્થાનો કદાચ સહજ પણ ઉપયોગ હશે એમ સ્વીકાર્યા વગર દલીલ ખાતર કદાચ માનશે, પણ અત્યારના યુગમાં તો એ નિરર્થક નુકસાનકારક છે એમ સમજી એને એક સપાટે રદ કરશે.

આ રીતે પ્રાંત પ્રાંતના, જ્ઞાતિ જ્ઞાતિના, દશા વીશાના—એ સર્વ તફાવતો ઉડી જશે અને જૈન સંઘભાવના—બંધુત્વ ખીલશે. તે બંધુત્વ પણ જો સમાજવાદને અનુરૂપ થઈ શકશે અને રાષ્ટ્રીય ભાવનાની વિરૂદ્ધ નહિ જાય તો જ એ બંધુભાવ પણ ટકશે. આ પ્રશ્ન જુદો છે તે આગળ ચર્ચવામાં આવશે. મુદ્દાની વાત એ છે કે જ્ઞાતિભેદો ટકી શકશે નહિ, જ્ઞાતિના શેઠિયાઓની પટેલાઈ ઊડી જશે અને જરા ફુંફાડા મારશે, પણ એમનું કાંઈ વળશે નહિ. આ રીતે જૈનોની સંખ્યા ટૂંકી થવામાં જે મૂળ મુદ્દામસરનો વાંધો હતો તે દૂર થઈ જશે. કન્યાવ્યવહારનું ક્ષેત્ર ઘણું વધી જશે. આ મુદ્દા પર વ્યાવહારિક સ્થિતિની વિચારણા નવયુગ કેવી રીતે કરશે તે સંબંધી આગળ વિગતવાર વિચારણા કરવાની છે.

## સંખ્યા વધારવા વ્યવસ્થિત પ્રયત્ન

આ ઉપરાંત જૈન સંખ્યાબળ વધારવા માટે વ્યવસ્થિત પ્રયત્ન થશે. નવયુગ તે કાર્ય કેવી રીતે કરશે તેની આ રૂપરેખા:

સર્વથી પ્રથમ આગમ ગ્રંથોના સ્પષ્ટ, સીધાં અને સરળ ભાષાંતર હિંદી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી વગેરે ભાષામાં

કરશે. એમાં પણ તત્ત્વના ગ્રંથો ઉપર ખાસ ભાર મૂકી તેને અગ્રસ્થાન આપવામાં આવશે.

એ દરેક આગમ ગ્રંથના ભાષ્ય ચૂર્ણિ નિર્યુક્તિને પ્રગટ કરવામાં આવશે અને ટીકાઓ ઉપર દેશકાળની કેટલી અસર થઈ છે તે નોંધ દ્વારા સ્પષ્ટ કરવામાં આવશે. પ્રત્યેક આગમ ગ્રંથ કોણે અને ક્યારે બનાવ્યો તેનો ઇતિહાસ શોધવામાં આવશે અને પ્રચલિત માન્યતા કે સંપ્રદાય પર આધાર ન રાખતાં અભ્યંતર પુરાવા ઉપર ખાસ લક્ષ્ય રાખવામાં આવશે અને જે પરિણામો સ્પષ્ટ જણાશે તે સત્યશોધનની નજરે નિર્ભયપણે પ્રકટ કરવામાં આવશે.

ન્યાયના ગ્રંથો ઉપર વિસ્તારપૂર્વક ભાષાંતરો અને ચર્ચાઓ પ્રકટ કરવામાં આવશે. મૂળ ગ્રંથો અને તે પર સંસ્કારી નોંધો પ્રકટ કરવામાં આવશે.

કોઈ ગ્રંથ વાંચવાનો અમુક વર્ગનો ઇજારો હોઇ શકે એ મતને દૂર કરવામાં આવશે. એ વિચારણા બતાવવાનું મૂળ શોધવામાં આવશે અને તેમાં જ્ઞાન અને ચારિત્રની કેવી ગૂંચવણ કરી નાંખવામાં આવી છે તે બતાવવામાં આવશે. ભગવાનની વાણી કે ગણધરની ગૂંથણી જે સાંભળી શકે તે વાંચી પણ શકે એવી માન્યતા થશે અને મૂળ ગ્રંથો—આગમો તરફ પ્રીતિ વધે તે માટે ખાસ યત્ન થશે.

એ ઉપરાંત કર્મ, નિગોદ, નયનિક્ષેપ, પ્રમાણ આદિ જુદા જુદા મુદ્દા પર, નવ તત્ત્વ પર, સપ્તભંગી પર ખૂબ વિસ્તારથી તેમજ પ્રાથમિક લેખો, પુસ્તકો, પુસ્તિકાઓ અને ચર્ચાઓ અનેક ભાષામાં પ્રકટ કરવામાં આવશે. અનેકાંત મતને અનેક દૃષ્ટિએ બહાર લાવવામાં આવશે. એની યુક્તિમત્તા, એનું દેશકાળને અનુરૂપ

સ્વરૂપ, એની ન્યાય–તર્ક પર આખી રચના, ભાષણ, લેખ અને અન્ય પ્રસંગો સાધી જનતા પાસે રજૂ કરવામાં આવશે.

છેદસૂત્રો જેવા ગ્રંથો ચર્ચાપૂર્વકની નોંધો સાથે જાહેર પાસે વિસ્તાર રૂપમાં અને સંક્ષેપ રૂપમાં રજૂ કરવામાં આવશે. જૈન-શાસ્ત્ર એ ઉઘાડું શાસ્ત્ર છે, સર્વ જનગ્રાહી વિશ્વતોમુખ શાસ્ત્ર છે અને એનો જે ઉપયોગ કરે તેને અહીં અને આગળ લાભ કરનાર છે એ વાત સ્પષ્ટ કરવામાં આવશે.

ખાસ કરીને આખા જૈન શાસનમાં પરસ્પર વિરોધ થાય તેવું એકે સૂત્ર નથી, એમાંથી દ્વૈત પણ નીકળે અને અદ્વૈત પણ નીકળે એવી એક પણ અચોક્કસ વાત જૈનના મૂળ ગ્રંથોમાંથી નીકળે તેમ નથી, એ બતાવવામાં આવશે અને પછી જે મતભેદ થયા છે તે ક્રિયાવાદને અંગે કે સાધનધર્મોને અંગે જ થયા છે, પણ આત્મા, તેનું અનાદિત્વ, સૃષ્ટિકર્તૃત્વ, ચેતનનો મોક્ષ—મોક્ષની સ્થિતિ આદિ અંતિમ મહા પ્રશ્નોને અંગે જરા પણ મતભેદ થયો નથી કે આખા શાસનમાં એને અંગે અરાજકતા થઈ નથી એ બતાવશે.

જૈન ધર્મ સંબંધી થયેલી ગેરસમજુતીઓ અનેક પ્રમાણોથી દૂર કરવામાં આવશે. એનું મૂળ સ્વરૂપ કેવું છે, એનો ઇતિહાસ કેટલો પુરાણો છે અને એનો વેદ સાથે સંબંધ કેવા પ્રકારનો છે, બૌદ્ધને અને એને ક્યાં સામ્ય અને પરસ્પરનો સંબંધ છે એ સંબંધી અનેક પુરાવા સિદ્ધ હસ્તે રજૂ કરવામાં આવશે.

આક્રમણની ભાષા, ભાંગતોડ કરવાની વિવાદ વૃત્તિ અને તુચ્છગાળીપ્રદાન જેવો અથવા અર્ધદગ્ધ શબ્દપ્રયોગ રદ કરવામાં આવશે અને રચનાત્મક પદ્ધતિએ, પ્રતિપાદક શૈલીએ, સમજાવટની રીતે સત્યશોધનને માર્ગે અને હોય તેટલું જ બતાવવાની રીતે લેખન અને ભાષણ દ્વારા ધર્મપ્રસાર કરવામાં આવશે.

ન્યાયનીતિના સિદ્ધાંતો, ગૃહસ્થ ધર્મો, સમ્યકત્વના સ્વરૂપ, વ્રત નિયમની આવશ્યકતા, શિસ્તની જરૂરિયાત, ગુણસ્થાન ક્રમારોહ, દૃષ્ટિ અને યોગનાં અંગો ને વિસ્તારથી લેખન-ભાષણ દ્વારા લોકો સમજી શકે તેવી રીતે દાખલા દલીલો સાથે રજૂ કરવામાં આવશે.

ધર્મ પરિષદો, કોન્ફરન્સો આદિ અનેક જાહેર પ્રસંગોમાં જૈન દર્શનનું આંતરિક સ્વરૂપ રજૂ કરી એ દર્શન ન્યાય (લોજીક) ની કસોટિમાંથી પસાર થઇ શકે તેવું અને વર્તમાન જરૂરિયાતને સર્વ પ્રકારે પહોંચી વળે તેવું અને છતાં વ્યવહારુ અને ત્યાગી એકી સાથે રહી શકે તેવું છે—તે ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવશે.

એ ઉપરાંત રાસાદિના વાચનથી, રચનાત્મક ચર્ચાઓથી, જાતજાતનાં દૃષ્ટાંતોથી અને આદર્શ સાધુજીવનના મહાત્યાગથી એ દર્શન સર્વ રૂચિકર થાય તેવા અનેક માર્ગો લેવામાં આવશે અને ક્રિયામાર્ગને બદલે તત્ત્વરૂચિને મુખ્યતા આપીને, ધામધુમ અને ધમાધમને બદલે શાંત આદર્શત્યાગના દાખલાઓથી અને વીતરાગનો આદર્શ સર્વસંમત જ હોઈ શકે એના નિષ્પક્ષપાત આલેખનથી સંખ્યાબળ અનેક દિશાએ વધારી મૂકવામાં આવશે.

આ કાર્ય કરવામાં મધ્યમ કક્ષાના સેવાભાવીઓ સારું કામ કરશે, સાધુવર્ગ દુનિયાદારીમાં નહિ પડતાં આદર્શત્યાગ રજૂ કરશે અને આદર્શધર્મમાર્ગ એની અનેક દિશાએ રજૂ કરશે.

આવા અનેક દિશાના પ્રયોગોથી સંખ્યાબળ વધશે. ખાસ પ્રયોગ તો સમાજવાદ, વિશ્વવાદ અને મૈત્રીને જૈનના મુદ્દાને અનુકૂળ બતાવવાનો કરવામાં આવશે. રૂશિયા જેવી ધર્મપરાઙ્મુખ સ્થિતિ આપણે ત્યાં શક્ય જ નથી અને આપણે જો દુનિયાને કોઈ મોટો ખરો અને સ્થાયી લાભ કરી આપી શકીએ તેમ હોય તો તે

ધર્મ જ છે એમ બતાવી મનુષ્યની સર્વ ભાવના ધર્મમય થઈ જાય એ બતાવવામાં આવશે. દુનિયાની અત્યારે જે ગૂંચવણભરી હાલત થઈ પડી છે તેનો નિકાલ જૈનના આદર્શો કરી આપશે. એના અહિંસાના સૂત્રથી જગતની લડાઈઓ જશે, એના બ્રહ્મચર્યના આદર્શથી સંતતિનિયમન થશે, એના સાદાઈના આદર્શથી અર્થ-શાસ્ત્રની મૂંઝવણ દૂર થશે, એના કર્મના આદર્શ સિદ્ધાન્તથી આપઘાતના પ્રસંગો દૂર થશે, એનાં પાંચ અણુવ્રતોથી ચોરી, લૂંટ, ખૂન, છેતરપીંડી, વિશ્વાસઘાત, બળાત્કાર આદિ મહાન ગુનાઓ દૂર થશે અને સમાજને સુવ્યવસ્થિત, સુઘટ્ટ અને પરસ્પર પ્રેમમય કરવાનું માન જૈનદર્શન ખાટી જશે. આ પ્રત્યેક મુદ્દાથી જગત પર શી અસર થશે તે પર અત્ર વિવેચન સ્થળસંકોચથી થઈ શકે તેમ નથી પણ ટૂંકામાં એક મહાન વ્યક્તિ નીકળશે અને તે દુનિયાને એ આદર્શો બતાવી શાંતિ, પ્રેમ અને ઉચ્ચ જીવનની ચાવીઓ બતાવશે. કંટાળેલી, ત્રાસ પામેલી, મુંઝાઈ ગયેલી દુનિયા એ આદર્શો ઝીલશે. આવું કાર્ય અત્યારે એક વ્યક્તિ કરી રહી છે તેના કાર્યને નવયુગ વધારશે, વિસ્તારશે અને એને ઉચ્ચતર કક્ષાપર મૂકશે.

પરિણામે નામધારી જૈન સંખ્યા વધે કે ન વધે તે વાત બાજુ ઉપર રાખતાં જૈન વાતાવરણ વિશ્વમાં પ્રસરશે અને એ જીવન જીવવાની ભાવના સર્વને નહિ તો દુનિયાના મોટા ભાગને થશે. છેલ્લા દશ વર્ષમાં જૈન ભાવના કેટલી વધી છે તેથી અહિંસા, ત્યાગ, સાદાઈ અને સેવાભાવ કેટલા વધ્યા છે તે બતાવી નવયુગ એ અધૂરા રહેલા કાર્યને અનેક દિશાએથી બહલાવશે અને શ્રી વીર પરમાત્માનો ઝુંડો જગતભરમાં ફરકશે

## પ્રકરણ ૧૫ મું

# નવયુગમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા

નવયુગમાં ધર્મક્ષેત્રને અંગે સાધુસાધ્વી અને શ્રાવકશ્રાવિકાની શી સ્થિતિ રહેશે તેનું સંક્ષિપ્ત નિવેદન નવયુગ નીચે પ્રમાણે રજૂ કરે છે:

## સાધુ: બે પ્રકાર

નવયુગનો સાધુ: એના બે પ્રકાર રહેશે: એક આત્મ-સાક્ષાત્કાર કરવા પાછળ લાગેલા યોગી જેવા. તેનું નામ આત્મ-પરિણતિમત્ અને તેનો પરિચય જંગલ સાથે વિશેષ. તે આહાર માટે વસ્તીમાં આવશે, પણ જનતા સાથે તે બહુ અલ્પ સંબંધ રાખશે. એની આસપાસ શાંતિનું વાતાવરણ જામશે અને તે બહુધા મૌન રહેશે. પ્રસંગે ઉપદેશ આપશે તો આત્મજ્ઞાન સંબંધી. એને અંતરાત્મા સાથે વધારે સંબંધ રહેશે. એ યોગનો પુનરુદ્ધાર કરશે, પોતાના તપ અને ત્યાગના દૃષ્ટાંતથી જગતને પવિત્ર કરશે અને આશ્ચર્યચકિત કરશે. એને ધૂન ધ્યાનની, જપની, અંતર-લક્ષ્યની લાગશે અને દુનિયાની નજરે તે અવધૂત જણાશે. આવા પ્રકારના સાધુ વિરલ થશે, પણ થશે ખરા. થશે ત્યારે જનતાને

છાપ પાડી જશે. એ જગતની પરવા ન કરનારા, આત્મારામમાં રમનારા અને સાધ્યને અનુલક્ષીને પોતાને ફાવે તેવો કાર્યક્રમ કરનારા થશે. એ ક્રિયાઅનુષ્ઠાન પણ અમુક વખતે મનમાં આવે તેમ કરશે. એનું ચારિત્ર–વર્તન અતિ વિશિષ્ટ અને એને જોતાં નવી પરિસ્થિતિના ઉમળકા આવે એવી એની નિઃસ્પૃહતા થશે. આ વર્ગ આનંદઘન જેવા યોગીને મળતો આવશે.

સાધુઓનો બીજો વર્ગ તત્ત્વજ્ઞાની થશે. એ પરિપૂર્ણ વૈરાગ્યવાન, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય બતાવનાર, સંસારથી પરાઙ્મુખ, તત્ત્વજ્ઞાનના અભ્યાસી, વિશિષ્ટ વ્યાખ્યાતા અને જનતા પર છાપ પાડનાર થશે. એનો અભ્યાસ શાસ્ત્રના ગ્રંથો ઉપરાંત વિજ્ઞાન ઇતિહાસ અને બીજા અનેક વિષયોમાં હશે. તે બહુશ્રુત થશે, ગીતાર્થ હોઈ ધુરા વહન કરવા સમર્થ થશે. એને રચનાત્મક રીતે સમાજને ચલાવતાં આવડશે. એ સામાજિક કાર્યમાં સલાહ આપવાનું કામ કરશે, શાસનને અંગે સાધુને અધ્યયન કરાવશે અને અનેક શોધખોળ પ્રેરશે, કરશે અને ઉપદેશ રૂપે વ્યાખ્યાનો ભાષણો જાહેરમાં આપશે. એનો આદર્શ અતિ વિશાળ રહેશે. એ જૈન દર્શનનું વિશાળ સ્વરૂપ સમજશે, અને સમજશે તેવું જનતાને બતાવશે. એ તદ્દન નિરીહ નિરાભિમાની અને મનોવિકાર પર વિજય કરવા તત્પર, જિતેંદ્રિય અને તપ ત્યાગના આદર્શ થશે. શ્રી વીરપરમાત્માના સંદેશા જગતભરમાં પહોંચાડવાનું પોતાનું કર્ત્તવ્ય તે સમજશે અને સનાતન શુદ્ધ જૈનત્વના આશયો શોધી કાઢી અધિકાર પ્રમાણે સર્વને યોજશે. એ સેવાભાવી થશે અને સેવાભાવ અનેક પ્રકારે આચરવાનો જૈન આદર્શ તે વ્યક્ત કરી બતાવશે. એ કંચનકામિનીના સર્વથા બરાબર ત્યાગી બનશે. એ ગૃહસ્થને આધીન કદી નહિ થાય. એને પોતાનું વર્તુળ જમાવવાની ભાવના નહિ થાય. એનામાં ખટપટ દંભ કે વિલાસનું

નામ નહિ હોય. ક્રિયાજ્ઞાનનો સહયોગ કરશે અને માત્ર ક્રિયારૂચિ થઈ નહિ જાય. અહિંસાનો આદર્શ જગતને સમજાવી વૈરવિરોધ જેમ બને તેમ અલ્પ કરાવશે અને શાસનના ડંકા દિગંતમાં વગડાવશે. એનામાં સહિષ્ણુભાવ ખૂબ થશે. એ પ્રત્યેક દર્શનના દૃષ્ટિબિંદુ સમજશે સમજાવશે અને અંશ સત્યને તેટલા પૂરતું માન આપશે. એની ભાષામાં કલીષ્ટતા નહિ આવે, એ અન્ય દર્શન ઉપર આક્રમણ નહિ કરે, પણ વસ્તુસ્થિતિનું યથાર્થ જ્ઞાન આપશે. એ જ્ઞાન મેળવવા માટે હમેશાં જિજ્ઞાસુ રહેશે અને સત્ય જ્યાં હશે ત્યાંથી શોધી તેનો સ્વીકાર કરશે. સમાજને સાચે રસ્તે મૂકવાની પોતાની ફરજ સમજશે અને તે માટે અનેક પ્રકારનાં સુપ્રયોગો કરશે, પણ તેમ કરવામાં તે જરા પણ અસભ્ય નહિ થાય. જૈનના આદર્શ ત્યાગનો દાખલો એ રજૂ કરશે અને આત્મસાધન કરતાં તેના એક વિભાગ તરીકે પરને તારવાનો રસ્તે પાડવાનો અને સંસારથી ઊંચા આવવાનો માર્ગ બતાવશે.

## સાધ્વી

સાધ્વીનું સ્વરૂપ નવયુગમાં તદ્દન અભિનવ થઈ જશે. એ નવો સંસાર નહિ માંડે. એ શ્રાવિકાઓની ખટપટનું કેન્દ્ર નહિ બને. એ શ્રાવિકાવર્ગને સેવાકાર્યમાં, અભ્યાસકાર્યમાં અને ઉદ્યોગ-કાર્યમાં જોડવા ખાસ પ્રયાસ કરશે. એનો આદર્શ બ્રાહ્મી અને સુંદરીનો રહેશે. અભ્યાસ વગરનું જીવન સાધ્વીનું શોભે જ નહિ તેમ તે માનશે. માયાળુતા નમ્રતા આદિ હૃદયના ગુણો તેનામાં ખૂબ ખીલશે અને તે જગતમાં ખીલાવશે, પ્રસરાવશે અને જગતની દયાદેવીનું સ્થાન લેશે. એ પોતે નિરર્થક વાતો કરશે નહિ અને ખાસ કરીને સ્ત્રીવર્ગ કુથલી શા માટે કરે છે તેનું કારણ શોધી કાઢી તેનો ઉપચાર કરશે. નવયુગની સ્ત્રીઓને ફુરસદ વધારે રહે

છે, તેમને સમય વધારે મળે છે, પણ શક્તિનો ઉપયોગ કરવાનું કાંઈ સાધન નથી—એ સર્વ સમજી એ સ્ત્રીવર્ગને સુધારવા ભારે મજબૂત પ્રયોગો કરશે. આદર્શ માતા ગૃહિણી કેમ થવાય, ધર્મ, અર્થ અને કામ ત્રણે કેમ સાધી શકાય એની નવી ચાવીઓ તે શોધી કાઢશે અને સમાજને શીખવશે. ખાસ કરીને સ્ત્રીવર્ગમાં તેમનું કામ વધારે રહેશે. જ્ઞાનનું સરસ્વતી સમ વર્ચસ્વ ધારણ કરતી એ સુશીલ આર્યા સતીજી સંસારને ધર્મસન્મુખ બનાવતી નવપલ્લવિત કરશે. એ પોતે જાહેરમાં ભાષણો આપશે, લેખો લખશે અને એનાં વ્યાખ્યાન પુરુષો પણ વગર વિકારે સાંભળી હૃદયવાન બનશે. સ્ત્રીઓ સંસ્કૃત ન બોલી શકે એ વાત તે સમજી નહિ શકે અને મોક્ષનો પોતાનો હક્ક બરાબર સ્થાપન કરશે. ગમે તે સાધ્વી નહિ થઈ શકે. જેને સાચો વૈરાગ્ય થયો હોય, જરૂરી જ્ઞાન હોય અને નિર્ણિત કસોટિમાં ઉમેદવારી કરી પસાર થયેલ હશે તે જ આ ગૌરવવાળું જવાબદારીથી ભરપૂર પદ પ્રાપ્ત કરી શકશે અને જે તેને પ્રાપ્ત કરશે તે પોતાના ત્યાગ ચારિત્ર અને તપથી દીપાવશે. એ પોતાના અસ્ખલિત પ્રયાસ આવડત અને ઉદ્યોગથી સાધ્વીપદ સાધુ જેટલું જ માન્ય અને પૂજ્ય છે એવું બતાવી આપશે અને એની નિઃસ્પૃહ સેવાથી જનતા એને વગર માગ્યે સમાજનું ઉચ્ચ સ્થાન આપશે. એ કોઈ પણ પ્રકારે સમાજ પર બોજા રૂપ છે એવી સ્થિતિ પોતાના કાર્ય અને ત્યાગ દ્વારા રહેવા દેશે નહિ.

સાધુસાધ્વીમાં આવનાર ગમે તે જ્ઞાતિમાં જન્મેલ હોય તેની સાથે આહાર થઈ શકે એ તો સાદી વાત છે. એ બાબતમાં નવયુગમાં તફાવત કરવાનો કે આંતરો રાખવાનો કોઈને ખ્યાલ પણ નહિ આવે.

## શ્રાવક

ભગવાનનું સમ્યગ્દર્શન જે સ્વીકારે તે જૈન. એમાં કોઈ પ્રકારનો ભેદ નહિ રહે. દેવ ગુરૂ ધર્મ—જ્ઞાન દર્શન ચારિત્રને જે માને, વીતરાગ ભાવનો આદર્શ રાખે અને ગુણપ્રાપ્તિની સ્થિતિમાં જે પોતાને મૂકે તે સર્વ શ્રાદ્ધ – તે સર્વ જૈન – તે સર્વ સ્વધર્મી બંધુ અને એક બાબતમાં બંધુ તે સર્વ બાબતમાં બંધુ. વ્યવહારમાં મદદ, પંક્તિભોજન, દીકરીદીકરાનાં લગ્ન અને આપત્તિ વખતે બાજુમાં અવસ્થિતિ એ સર્વ બંધુભાવને અંગે ઉત્તરોત્તર ચાલ્યું આવશે. ત્યાં પ્રાંતના કે વીશાદશાના ભેદનો સવાલ જ નહિ રહે, પણ ગમે તે જાતિમાં જન્મ્યા હોય પણ જૈન સાચા થયા એટલે એ બંધુભાવે વર્તશે. એ ઉપરાંત જૈનનો આદર્શ સંઘબળને મજબૂત કરવા તરફ જશે. એ ગચ્છના ને ફીરકાના ભેદોને ભાંગી નાખશે. ક્રિયાને અંગે યોગ્ય લાગે તેમ કરવાની સર્વને છૂટ આપવામાં આવશે. સંઘબળમાં સમસ્ત જૈનો એક સાથે થઈ જશે અને પોતાના વ્યવહારિક અને ધાર્મિક પ્રશ્નો બંધુભાવે એક વ્યાસપીઠ પરથી ચર્ચશે અને તેનો અમલ એક સમાજ તરીકે અન્ય સમાજ સાથે વિરોધ ન આવે અને રાષ્ટ્રહિતનો બગાડ ન થાય તે રીતે સાધશે.

બાકી વિકાસક્રમમાં તો શ્રાદ્ધવર્ગમાં તરતમતા ઘણી રહેશે. કેટલાક સંસાર તરફ રાગવાળા વિષયમાં મોજ માણનારા અને કામક્રીડામાં રસ લેનારા પણ નીકળશે અને કેટલાક સંસારમાં રહી નીતિને માર્ગે ધન એકઠું કરી 'ગૃહસ્થ' શબ્દની વ્યાખ્યામાં આવતા સર્વ ગુણોનું ઓછેવધતે અંશે પાલન કરનારા નીકળશે. અનેક શ્રાદ્ધો દેવગુરૂધર્મને ઓળખી જ્ઞાન દ્વારા શ્રદ્ધાવાળા થશે. માર્ગાનુસારીના ગુણો બતાવતાં અગાઉ તેમનાં દૃષ્ટિબિંદુઓ બતાવ્યાં છે તે અહીં સમજી લેવાં. તે ઉપરાંત દેશત્યાગી પણ અનેક

નીકળશે. એ ક્રિયા અનુષ્ઠાનમાં પરિપૂર્ણતા માનશે નહિ, પણ જ્ઞાનમાર્ગે મુક્તિ સાધવા સપ્રયત્નશાળી થશે અને તેને અંગે જરૂરી અનુષ્ઠાનો જરૂર કરશે. એ ક્રિયા કરતાં જ્ઞાનનો અને સમજીને ક્રિયા કરવાનો આગ્રહ રાખશે અને વીર પરમાત્માના આદર્શ શ્રાવક થવાના અભિલાષો કરશે.

એ ધર્મપ્રભાવક થશે. જૈનધર્મનો વિશ્વધર્મ તરીકે સ્વીકાર કરાવવા માટે તે યોગ્ય પગલાં ભરશે, સાહિત્યરસ તેના જીવનનો ભાગ બનશે અને શોધખોળના કાર્યને અને અસલ શુદ્ધ જૈનત્વનો ફરી ઉદ્ધાર કરવા તે ખૂબ યત્નો કરશે. એની ભાવના વિશેષ ઉન્નત, જગતમાં શાંતિ પ્રસરાવનારી અને સાપેક્ષ્ય થશે. એનો આદર્શ જગતમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્યના વિચારો ફેલાવવાનો અને તે પોતાના દૃષ્ટાંતથી સફળ કરવાનો રહેશે અને એનામાં કોમીવાદ નામ પણ નહિ રહે, સહિષ્ણુતા અસાધારણ આવશે અને સત્યની શોધ ચારે બાજુથી કરશે. એમાંના કેટલાક ઉત્કૃષ્ટ ગૃહસ્થજીવન જીવનારા અને ત્યાગીની કોટી સુધી આદર્શ રાખનારા પણ થશે.

એ નવીન રૂપમાં અત્યંત વિશાળતા સાથે અનેક સંસ્થા નવયુગને અનુરૂપ સ્થાપશે અને ત્યાં કેળવણી, તત્ત્વજ્ઞાન, નીતિ, યોગ આદિ અનેક બાબતોને આકર્ષક આકારમાં વિજ્ઞાનને અનુરૂપ બનાવશે. એનો એક મુદ્દો કેળવણી માટે આગ્રહપૂર્વકનો રહેશે. સર્વત્ર કેળવણી વધે, ભવિષ્યનો જૈન અતિ વિશાળ કક્ષાનો થાય અને ધર્મને આભૂષણ રૂપ બને, વ્યવહારમાં જૈન નામને દીપાવે, ગૃહસ્થ તરીકે આદર્શમય થાય અને ગૂંચવણવાળા પરસ્પર વિઘાતક પ્રસંગો વખતે બરાબર આરપાર નીકળી જાય તેવાને ઉત્પન્ન કરવાના કાર્ય પાછળ તે પોતાનાં ધન, આવડત અને શક્તિનો વ્યય કરશે.

એ જૈનસંખ્યાબળને જોઈ મુંઝાશે. એને લાગશે કે પ્રાચીનોએ એ સંબંધમાં ભારે અવ્યવસ્થા કરી છે. ધર્મને નામે દુકાનદારી થઈ છે અથવા ભવાડા થયા છે, સાહિત્યમાં બસો વર્ષમાં નામનો વધારો થયો છે અને શ્રાવકો પોતાની ફરજને અંગે નિરપેક્ષ બન્યા છે અને સાધુવર્ગ લગભગ બિનજવાબદાર બની ગયો છે. એ સર્વ બાબતને વ્યવસ્થિત આકારમાં મૂકતાં એ યુગધર્મને ખાસ લક્ષમાં લેશે. કોઈ જાતના આક્રમણ વગર એ જૈન ધર્મનો વિસ્તાર એવી સીફતથી વધારી મૂકશે કે સંખ્યામાં શ્રદ્ધામાં, વર્તનમાં, વિચારમાં જૈનમય જગત થઈ જાય અને છતાં આખી પદ્ધતિ જરા પણ આક્ષેપક ન થાય. એ સર્વને માટે એ પૂરતી આવડતથી ચાલાકીથી અને દીર્ઘ દૃષ્ટિથી કામ લેશે. એકંદરે જૈન એટલે ખરો જીતનાર છે એમ તે બતાવશે. એ માનસિક ખેડાણના સર્વ ક્ષેત્રોમાં આનંદથી ઘૂમશે અને એની પાસે પૂર્વ-પુરુષોનો અમૂલ્ય વારસો હશે તેનો પૂરતો લાભ લઇ, તેને બરોબર અનુરૂપ રહી અને તેને સર્વ બાબતમાં નવયુગનો આકાર આપી એ સર્વ ક્ષેત્રમાં ઘૂમતો જશે અને જય પ્રાપ્ત કરતો જશે.

એને ભૂગોળ આદિ કોઇ કોઈ વિષયમાં રસાયણશાસ્ત્રમાં પ્રાણિશાસ્ત્રમાં વર્તમાન જ્ઞાન સાથે સંઘટ્ટનના પ્રસંગો પણ આવશે. તે વખતે એ જ્યાં પોતાની નજર નહિ પહોંચે ત્યાં બન્ને સ્વરૂપો રજૂ કરશે, પણ પોતાની અમુક બાબતમાં અશક્તિ સ્વીકારતાં એને જરા પણ સંકોચ નહિ લાગે. એ કદી વિજ્ઞાનને તુચ્છકારશે નહિ અને જ્યાં વિરોધ પ્રાપ્ત થશે ત્યાં બન્ને પક્ષને સરખો ન્યાય આપશે. એનું ખરું સામ્રાજ્ય તો તત્ત્વમાર્ગમાં આવશે. ત્યાં આત્મા અને અજીવના અંતિમ પ્રશ્નો, પરમાણુના સિદ્ધાંતો, પરિણામીપણાનો અર્થ, આકાશપ્રદેશનો ભાવ, લેશ્યા અને અધ્યવસાય, મનોવર્ગણાનું સૂક્ષ્મ સ્વરૂપ, આત્મા અને મનનો

સબંધ, કર્મના અનેક પ્રકારો આદિ એ એવા સુંદર આકારમાં રજૂ કરશે અને નયનિક્ષેપ સપ્તભંગીને એ એવી સુંદર રીતે નૂતન યુગને બતાવશે કે ઘડીભર દુનિયા ચકિત થઈ જશે અને ત્યાં એની ઉચ્ચ કેળવણીનો ખરો ઉપયોગ કરી બતાવી નવયુગની પદ્ધતિના આવકાર-દાયક માર્ગોનો એ સાક્ષાત્કાર કરાવશે.

જૈન ધર્મના સર્વ પ્રદેશો અનેક રીતે ખેડાશે, ખેડવામાં શ્રાદ્ધો મદદ કરશે અને જાતે કરશે, અન્ય પાસે કરાવશે અને જનતાને અનેક નવાં લક્ષ્યબિંદુઓ વિચાર માટે આપશે.

એનો આદર્શ ધનપ્રાપ્તિને બદલે સેવાનો રહેશે. એ જનતાને પોતાની શક્તિનો લાભ આપવામાં જીવનસાફલ્ય માનશે અને એનો જીવનક્રમ સાદો, સરળ નિર્દંભ અને છતાં નવયુગને અનુકૂળ બનશે.

એ રાજદ્વારી, નૈતિક, વ્યાપારી આદિ અનેક બાબતોમાં કેવી રીતે કામ લેશે તે આ પુસ્તકમાં અન્યત્ર આવ્યું છે અથવા આવવાનું છે. ટૂંકામાં જૈનના ડંકા વાગશે અને તે નવયુગ વગાડશે અને છતાં તે એકદેશીય નહિ થાય, ટીકાપાત્ર નહિ થાય, અવ્યવસ્થિત નહિ થાય, કંટાળો આપનાર નહિ થાય.

## શ્રાવિકા

અને શ્રાવિકાઓ નવયુગમાં ભારે પ્રગતિ બતાવશે. એ ઘરમાં જ નહિ રહે. એ જાહેરમાં ભાગ લેશે, સેવાક્ષેત્રને પોતાનું બનાવશે અને ખાસ કરીને નમ્રતાના સદ્ગુણોનું કેંદ્ર બનશે. અનેક ઘરગથ્થુ દવાઓને અંગે, અકસ્માત વખતે, સેવાને અંગે, માંદાની માવજતને અંગે, પ્રસુતિ કર્મની અધિષ્ઠાત્રી તરીકે અને એવા એવા સેવાના અનેક માર્ગોમાં એ અનુકૂળતા પ્રમાણે ભાગ લેશે. એક ટકો સ્ત્રીઓ પણ ભણ્યા વગરની નહિ રહે અને કેળવણીના પ્રસાર સાથે

જવાબદારીનો ખ્યાલ અનિવાર્ય હોઈ એ પોતાનું સ્થાન બરાબર લઈ લેશે.

નવયુગની સ્ત્રીઓ મોટી સંસ્થાઓ પોતે ચલાવશે. પુરુષની સાથે છૂટથી ભળવા છતાં વર્તનની બાબતમાં શિથિલતા એકંદરે નહિ બતાવે અને જાહેર સેવા કરવા છતાં ઉત્તમ ગૃહિણી વત્સલતાભરેલી માતા અને પ્રેમી પત્ની બની શકશે.

વિધવાઓનો પ્રશ્ન નવયુગ કેવી રીતે પતવશે એ બાબત એના સ્થાને આવશે. પણ અત્ર જે વિધવાવસ્થા હોંશથી સ્વીકારશે તે સેવાકાર્ય વિશેષ કરશે એ બતાવવું પ્રાસંગિક છે. વિધવા એટલે જેમ ઘરને બોજા રૂપ ન લાગે તેવી આદર્શ બ્રહ્મચારી સ્ત્રીરત્ન બનશે, તેમ તે વિધવાનું સ્થાન એટલું ઊંચું કરશે કે જે વિધવા આજે અપશુકનભરેલી મનાય છે અને જેનો આજે સાસરામાં કે પિયરમાં આશરો નથી તે દયાની દેવી, શુભ શુકનવાળી અને સર્વત્ર માન પામનાર આદર્શ સ્ત્રી થશે. વિધવાઓ તરફનો આખો ભાવ જ ફરી જશે, જનતાની તેમના પ્રત્યેની આખી વલણમાં ભારે ફેરફાર થઈ જશે અને વિધવાના ત્યાગની કિંમત થશે. એની વ્યવહારૂ આવડતથી, કુલીન લજ્જા મર્યાદાથી અને અપરિમિત સેવાભાવથી એ હિંદની આર્યમૈયાઓ જનહૃદયમાં દેવીસ્થાન લેશે અને એના તરફ જગત અનન્ય પૂજ્યબુદ્ધિથી જોશે.

સંસ્થાઓ ચલાવવામાં હૃદયના ગુણો જે જોઈએ તે આ સ્ત્રીવર્ગ પૂરા પાડશે અને સંસ્થાઓ સ્ત્રી અને પુરુષના સહયોગ અને સહકાર્યથી ચાલશે જ્યારે કેટલીક આદર્શ સંસ્થાઓ માત્ર સ્ત્રીઓ જ ચલાવશે.

નકામી ખટપટ, કજિયા, કંકાસ, કપડાંની સ્પર્ધા, કુથલી અને કલેશ રહેશે નહિ. સ્ત્રીઓની શક્તિને માર્ગ મળતાં અત્યારે

જે વખતનો દુરૂપયોગ કાર્યને અભાવે થાય છે તે બંધ થઈ જશે અને સેવાનો આદર્શ જામતાં અનેક નવીન કાર્યદિશાઓ સ્ત્રીઓ માટે ખુલ્લી થઈ જશે. ઘરસંસાર બળતા અંગારા અને ક્લેશનાં ધામોને બદલે થાકેલના આશ્રયો અને ગૃહસ્થજીવનનાં કેંદ્રો બનશે અને એકંદરે સંસારવ્યવહાર ઉચ્ચ કક્ષા પર જતો જશે.

સ્ત્રીઓ વ્રત પચ્ચખ્ખાણ અધિક કરશે અને તે સમજીને કરશે. બાહ્ય દેખાવ તરફ એને મન ઓછું જતું જશે. ખાસ કરીને જીવનની સાદાઈ, ગૃહવ્યવસ્થા, સુઘડતા, સ્વચ્છતા આદિ ખૂબ વધશે. એનામાં રાષ્ટ્રીય ભાવના ખૂબ પોષાશે. એ રાષ્ટ્રીય સેવાસત્રોમાં વગર ભયે કામ કરશે, એ જેલ જવામાં પણ ડરશે નહિ અને પોતાના નૈતિક બળથી સંસારને ઉચ્ચ, ધર્મસન્મુખ અને સાપેક્ષ્ય સાધ્યગામી બનાવશે. કપડાં એ દેશી જ વાપરશે અને તેમાં પણ સાદાઈ ઘણી દાખવશે.

નવયુગની જૈન સ્ત્રીઓનો વર્ગ ચૈતન્યવાન, કર્મશીલ અને આદર્શવાહી નીકળશે. એ ગમે તેમ જીવન વહન કરનાર, મરવાને વાંકે જીવનાર નહિ થાય. એનામાં વિચારસ્વાતંત્ર્ય ખૂબ આવશે. એ નકામાં મેંણાંટોણાં ખમશે નહિ અને નકામા ઝઘડા વઢવાડ કરશે નહિ. આ આદર્શવાહી સ્ત્રીઓની છાયા ભવિષ્યની પ્રજા ઉપર ભારે સુંદર પડશે. કેળવાયલી આદર્શવાન માતાના ખોળામાં સેવા અને રાષ્ટ્ર, ધર્મ અને આદર્શનાં દૂધ પીનાર નવયુગનાં બાળકો કેવા થાય તે ચીતરવા કરતાં કલ્પવું વધારે સહેલું છે.

હવે કેટલાક મુખ્ય પ્રશ્નો સંબંધી નવયુગની વિચારધારા કેવા પ્રકારની રહેશે તે જોઈ લઈએ.

## પ્રકરણ ૧૯ મું

# દેવદ્રવ્ય, સાધારણદ્રવ્ય અને સાતે ક્ષેત્રો

દેવદ્રવ્યના પ્રશ્ને વીસમી સદીના છેલ્લાં વર્ષોમાં એક વખત ભારે ખળભળાટ મચાવ્યો હતો. એ પ્રશ્નના મૂળમાં નવયુગ ઉતરશે. એ દેવદ્રવ્યના સંબંધમાં શોધખોળ કરશે ત્યારે એને નવો જ ઇતિહાસ માલૂમ પડશે. એને મૂળ ગ્રંથોમાં પ્રાચીન પ્રાસાદિક વાણીમાં કોઈ જગ્યોએ દેવદ્રવ્ય માલૂમ જ નહિ પડે. એ શબ્દ જૈન પરિભાષામાં ક્યારથી વાપરવો શરૂ થયો એના ઊંડાણમાં ઉતરતાં તે બારસો વર્ષો સુધીનો ઇતિહાસ જોઈ જશે. શ્રી વીર-નિર્વાણાત્ બાર સૈકા સુધી એ શબ્દ પણ એના જોવામાં આવશે નહિ ત્યારે એની પ્રાથમિક શંકા મજબૂત બનશે. એને દેવ શબ્દ સાથે દ્રવ્ય પ્રત્યક્ષ વિરોધી જણાશે. દેવનું દ્રવ્ય તો હોઈ શકે નહિ, કારણ કે ભગવાન પોતે નિષ્પરિગ્રહી અને વીતરાગ હોઈ એની સાથે દ્રવ્ય જોડવું એ તો સંકર દોષ જેવું એ માનતો થતો જશે. ચૈત્યવાસના સમય નજીક એ આવશે ત્યારે એ દેવદ્રવ્ય શબ્દની ઉત્પત્તિ જોશે અને પછી તો એ સંબંધી અનેક ઉલ્લેખ એને માલૂમ પડશે છતાં સમાજમાં ખળભળાટ ન થાય તે દૃષ્ટિ નજરમાં રાખી તે નીચેનો રસ્તો કાઢશે.

પ્રત્યેક મંદિરે પોતાના ખર્ચનો અડસટ્ટો કરી તેટલી રકમની વ્યાજની આવક થાય તેથી વિશેષ દેવદ્રવ્ય હોય તેનો ઉપયોગ જિર્ણ મંદિરોદ્ધારમાં એ કરી નાંખશે.

નવીન દ્રવ્યસંચય દેરાસરની મરામત પૂરતો કરશે અને બાકીની આવક વ્યાજની કે બીજી રીતે થશે તે બીજા વર્ષમાં જરૂરી જિર્ણોદ્ધારમાં વાપરી નાંખશે.

પ્રત્યેક પ્રાણીને જેમ પરિગ્રહની મર્યાદા હોય છે તેમ મંદિરને પણ મર્યાદા હોવી જોઈએ એમ તે માનનારો થશે.

દેરાસરમાં બાહ્ય ભપકા કરતાં સાદાઈ કેમ પોષાય તે માટે તે વધારે ધ્યાન આપશે. મંદિરો ક્રીડાસ્થાનો, કેલીસ્થાનો કે રતિગૃહો નથી, પણ આત્મધ્યાનના એકતાનના હૃદયગુહાના આશ્વાસનો—આવાસો છે એ ભાવનાને એ પ્રત્યક્ષ કરશે એટલે અર્થ વગરની ચિત્રામણ, બિહામણા રંગો અને કળા વગરનાં સ્થાપત્યોને દૂર કરશે અથવા તન્નિમિત્તે દેવદ્રવ્ય વ્યય કરવાનું બંધ કરશે.

જે મંદિરને ખર્ચજોગી વ્યવસ્થા થઈ હોય તેમાં વધારે દ્રવ્ય-સંચય થાય એવા સર્વ માર્ગો એ બંધ કરી દેશે. છતાં સામાન્ય આવક થશે તેનો ઉપર પ્રમાણે વ્યય કરી નાંખશે.

મંદિર પાસે આરબોની ચોકી રાખવી પડે એવી મંદિરની પરિસ્થિતિ નહિ રહેવા દે. પૂર્વકાળમાં દેવમંદિરો અભંગદ્વાર હતા એ કેમ રહી શક્યા હશે એની ગોઠવણ વિચારી તે આદર્શે પહોંચવા વ્યવસ્થા કરશે. જૈન મંદિરો કળા અને સ્થાપત્યના નમૂના થાય અને છતાં સાદાં રહી શકે, અંતરનાદનાં પ્રેરક બની શકે અને ધ્યાન, જાપ અને એકતાનના પ્રેરક ઉત્તેજક અને ઉદ્ભવ-સ્થાન થઈ રહે એવી રીતનું વાતાવરણ એની આસપાસ ગોઠવવામાં

આવશે અને મંદિરના ગર્ભાગાર અને રંગમંડપ વીતરાગ દશાના પોષક બનાવવા નવયુગ પ્રાગતિક સુધારા અને ફેરફાર મક્કમપણે કરશે. આ સર્વ યોજના એ પૂર્વકાળના વર્ણનો અને વિચારોને વાંચી તે તદનુસાર ગોઠવશે અને પ્રભુમંદિરને દીવ્ય સૂચક અને શાંત વાતાવરણમય કરવા ઉદ્યમ કરશે.

તે દેવદ્રવ્યની મીમાંસામાં ઉતરશે ત્યારે એને જણાશે કે દેવસેવામાં આખો વખત રહેનાર પૂજારી સેવકને ધરેલ ચોખાનૈવેદ્ય વૃત્તિના બદલામાં લેવાનો રિવાજ હતો. જે વગર બદલે સેવા કરે તેની કક્ષા ઉચ્ચ ગણશે પણ જે તેમ ન કરી શકે તે પોતાની લાયકાત પ્રમાણે બદલો લે તે દેવદ્રવ્ય ખાનાર ગણાય એ વાત તે નહિ સ્વીકારે. મતલબ સેવાનો બદલો લેવામાં તેને વાંધો નહિ લાગે. એ એમ માનશે કે જો દેવસેવોના બદલામાં એ ચઢાવો લેવાનો ન હોય તો ચઢાવાનો કાંઈ અર્થ જ નથી. નિરર્થક મૂડી એકઠી કરવી અને કોઈ જાતની જાવક ન રાખવી એ આર્થિક બાબત જ ન ગણાય, એ યોજના સુવીહિત હોઈ શકે નહિ અને એ ધોરણે સમાજબંધારણ થઈ શકે નહિ. વચ્ચેના વખતમાં દેવદ્રવ્યની વ્યાખ્યા મુદ્દો સમજ્યા વગર થઈ છે તેમ તે માનશે અને તેને મૂળ આશય પર લઇ આવવામાં તે જૈન તરીકેની પોતાની ફરજ માનશે. આ પગલું લેવા પહેલાં એ સત્યશોધક દષ્ટિએ શોધન કરશે અને અસલ સ્થિતિ તે લઈ આવશે. મંદિરનો આશય અને ચઢાવાનો ઉદ્દેશ વિચારતાં તેને નિર્ણય ઉપર આવવા યોગ્ય પૂરતું સાહિત્ય મૂળ ગ્રંથોમાં મળી આવશે અને કોઈ પ્રકારના પૂર્વબદ્ધ વિચાર વગર આદર્શ જૈન મંદિર કેવાં હોય તેનો નિર્ણય કરતાં એ દેવદ્રવ્યના પ્રશ્નને ભારે સંતોષકારક રીતે છણી નાંખશે. એમ કરવામાં અત્યાર સુધી જેને દેવદ્રવ્ય માનવામાં આવ્યું છે તેને એ અડશે નહિ, તેનો ઉપયોગ એ મારવાડ, મેવાડ આદિ અનેક સ્થળોમાં આવેલા ભવ્ય

વારસાને જાળવવામાં કરશે અને નૂતન પ્રણાલિકા તદ્દન નવીન ધોરણસર પ્રાચીન પદ્ધતિ અનુસાર કરશે. એનો મુદ્દો મંદિરની મંદિરતા જાળવવામાં, એને અભંગદ્વાર કરવામાં અને એને તપ્ત થયેલ દુનિયાનાં આશ્રયસ્થાન કરવાનો રહેશે. આ સર્વ બાબતમાં મૂળ સાહિત્ય એને ખૂબ મદદ કરશે.

## જિનપ્રતિમા

આ બીજું અગત્યનું ક્ષેત્ર છે. એનું સાત ક્ષેત્રમાં પ્રથમ સ્થાન છે અને હોવું જ જોઈએ. મંદિર માટે મૂર્તિ નથી, પણ મૂર્તિ માટે મંદિર છે એમ તો ન કહી શકાય, પણ હોવું જોઈએ એમ સામાન્ય બુદ્ધિથી ભાસે છે. એમ નથી રહી શક્યું એ વચ્ચેના કાળની દુર્દશા, સંપ્રદાય જ્ઞાનનો નાશ, બાહ્ય આદર્શોમાં તલ્લીનતા અને અસલ ઉદ્દેશ સમજવાની અશક્તિને લઈને બન્યું છે એમ નવો યુગ માનશે.

નવયુગને એમ થશે કે પ્રશમરસનિમગ્ન દશા, પ્રસન્ન દૃષ્ટિ-યુગ્મનો આદર્શ, કામિનીસંગશુન્ય ખોળો — આવી વીતરાગ ભાવનાને પોષવાને બદલે એના ઉપર વાઘા, એને જાકીટ, એને ઘડિયાળ, એને માથે હીરાજડિત મુગટ, એની ઉપર સોનાચાંદીનાં ખોખાં (આંગી) થવા લાગ્યાં એ તે જૈનનો પાત કેટલો થઈ ગયો? વીતરાગ દશાથી માંડીને ચાલ્યા તે સરાગી પણ ભાગ્યે જ વાપરે એવાં વસ્ત્રો, એવાં આભૂષણો! આ તે કઈ વાત? અને પછી તો વિવેક ન રહેતાં પગ ચૂક્યા એટલે ઉતરતા જ ગયા. ઉપાશ્રયમાં એક દીવો ન કરનાર શ્રાવક મંદિરમાં હજારો દીવા કરે એમાં વીતરાગદશાની ભાવના રહી કેમ શકે? પુષ્પના થર કરતાં, એને વીંધતાં, એને છુંદતાં મૂળ મુદ્દા જ ઊડી જાય છે એવો ખ્યાલ

પણ ન થયો! અને રાત્રીને વખતે નવ દશ વાગ્યા સુધી ધમાલ વગેરેમાં એકંદરે વૈષ્ણવોના ભોગી દેવોનું અથવા તેમની કહેવાતી પૂજાનુ જૈન દ્રવ્યભાવપૂજાનો આશય કે આદર્શ સમજ્યા વગર અંધ અનુકરણ થયું છે અને એક બે પેઢી ગયા પછી એ અસલ ધર્મ હતો એવી અંધપરંપરા ચાલી છે એવો નવયુગનો સ્પષ્ટ મત થશે. એ આ સર્વ ધામધુમોને અજૈન ગણશે, એ રાજવહીવટને શહેનશાહી ગણશે, એ મહામૂલ્યવાન મોતી હીરાની માળાઓને કોઈ ઝાર કે નિઝામને લાયકની ગણશે. એને તો સંસારતાપથી બળેલા ઝળેલાના આશ્રય સરીખડા વીતરાગ પાસે જવું છે અને ત્યાં પોતાના નાનામોટા વૈભવને ત્યાગ કરવાના મનોરથ કરવા છે. ત્યાં તો એ સામે ચિત્ર જ જુદું જુએ. આખો જૈન મૂર્તિપૂજાનો આદર્શ તદ્દન ઉથલાઈ ગયો એને લાગે અને એ પંડિત ધનપાળે કર્યું હતું તેને મળતું કરે તો ના નહિ. ધનપાળ પંડિત ગમે તે દેવની પૂજા કરવા જાય છે. એક દેવને સ્ત્રી સાથે જોઈ તેની આગળ પડદો બાંધી ચાલી નીકળે છે. એક દેવના હાથમાં ગદાચક્રાદિ આયુધો જોઈ ત્યાંથી ભય પામ્યો હોય તેમ ગભરાટ બતાવી નાસી છૂટે છે. એ ધનપાળ જો અત્યારના વૈભવ વિલાસવાળાં જૈનમંદિરો જુએ તો એના મુખ્ય દરવાજા ઉપર ઉઘાડ દે થાય તેવા દરવાજા (કોલેપ્સીબલ ડોર્સ) અને ચારે તરફ લોઢાનો ગઢ બંધાવવાનો હુકમ આપે. આવા દૃષ્ટિબિંદુથી નવયુગ પુરાણી કથાઓ વાંચશે અને એને ઉપર ઉપરની ધમાધમ જૈન મૂર્તિપૂજાના આદર્શ વિરૂદ્ધ પછવાડેથી દાખલ થઈ ગયેલ અને ભક્તિમાં અક્કલ ન હોય તે ન્યાયે ચાલવા દીધેલી અને પચીસ પચાસ વર્ષે તે જાણે અનાદિ કાળથી ચાલી આવેલી હોય તેવું રૂપ લઈ લીધેલી માલૂમ પડશે. એ મંદિરની અને મૂર્તિની આખી વ્યવસ્થામાં અન્ય દર્શનોનું વગર વિચારતું અનુકરણ દેખશે.

એનો ઉપાય તદ્દન સાદાઈ, વીતરાગભાવનો સાચો ખ્યાલ આપે તેવી શાંત મૂર્તિ અને એ મૂર્તિ પાસે જતાં આપણા આદર્શ વીતરાગદશા સન્મુખ થાય એ પ્રકારનું આખું વિશુદ્ધ વાતાવરણ મૂર્તિ અને મંદિરને અંગે કરશે અને એને વિરોધ કરનારી જે કાંઈ પરિસ્થિતિ એ જોશે તેને એ વગરવાંધે મક્કમપણે અને બરાબર સમજીને તોડી ફોડીને ફેંકી દેશે. નવયુગ આ પગલું ભરવા પહેલાં શાસ્ત્રનું સારી રીતે અવગાહન કરશે. એને એમ જણાશે કે દેવો કે ઇંદ્રો પ્રભુના શરીર ઉપર ઘરેણાં પહેરાવતા નહોતા, ગળામાં હીરામાણેકની માળા નાખતા નહોતા અને મૂર્તિપૂજામાં પણ અનેક વનવિહારોમાં જઈ બડા આડંબરથી પૂજા કરતા હતા — એ સર્વ અસલ વાત શોધી તેનું પૃથક્કરણ કરી આગમાનુસાર દેવસેવા ગોઠવશે અને જૈન માર્ગનો વીસરાઈ ગયેલો આદર્શ પુનર્જીવન કરશે અને એમ કરવામાં એ પૂર્વબદ્ધ વિચારથી ન દોરવાતાં સાચો આદર્શ શોધશે, સંગ્રહશે અને અમલમાં મૂકશે.

## તીર્થો

તીર્થોને એ વારસો માનશે. ત્યાં સેવાપૂજા કરવાની સર્વને છૂટ રહેશે. તેની વ્યવસ્થા જે સેવાભાવી કામદારોના હાથમાં હશે તે તેની મરામત અને જાહોજલાલી રાખશે. એમાં દિગંબર શ્વેતાંબરના ઝઘડાને સ્થાન જ ન રહે એવી સુંદર વ્યવસ્થા ગોઠવશે અને અરસપરસ એકબીજાનાં તીર્થોમાં જવામાં આનંદ માનશે. એ વીતરાગભાવનો આદર્શ જ્યાં જળવાય ત્યાં ખૂબ પ્રેમથી જશે આવશે અને દૃષ્ટિની વિશાળતા થતાં ફીરકાના તફાવતો નામમાત્ર પણ નહિ રહે. નવયુગ આ સંબંધી જે વ્યવસ્થા કરશે તેમાં તેની દીર્ઘદૃષ્ટિ અને વ્યવહારૂ નિકાલ લાવવાની દક્ષતાનું બરાબર પ્રદર્શન કરશે અને એ નિકાલને સર્વ માન આપશે.

જૈનના મંદિરમાં કોઈ આવી શકે નહિ, પૂજન કરી શકે નહિ—એ વિચાર પણ નવયુગને હાસ્યાસ્પદ લાગશે, એવો ખ્યાલ પણ એને અજૈન લાગશે અને એ વિચારનો અમલ તે પૂરતી વ્યવહારૂ રીતે કરશે. એ પ્રત્યેક આત્માનો મોક્ષને રસ્તે પ્રગતિ સાધવાનો અધિકાર જૈન આદર્શને અનુરૂપ માનશે અને એ વિશાળતા દાખવ્યા પછી આવા પ્રશ્નમાં જૈન શું કરે તેનો નિર્ણય કરવામાં તેને બહુ સમય પણ નહિ લાગે અને તેવી ચર્ચાનો નિકાલ તે સત્વર લાવી શકશે. આમ કરવામાં એ સનાતન મૂળ આશયનો ઉપયોગ કરશે અને કોઈ જિજ્ઞાસાભાવે મંદિર જોવા કે મૂર્તિનો અભ્યાસ કરવા આવવા માગે તો તેને પણ અમુક શરતે ઘણી ખુશીથી દાખલ કરશે. એનો મંદિરના અભંગ દ્વારનો આશય એ આ રીતે વ્યવહારમાં મૂકશે અને તેનાથી બીજી અન્ય રીતે તેનો નિર્ણય થઈ શકે એમ તેની વિવેકદષ્ટિમાં નહિ આવે.

આ રીતે દેવદ્રવ્યનો પ્રશ્ન છણવામાં અનેક પ્રશ્નોનો નિકાલ નવયુગ સનાતન જૈનત્વને લક્ષ્યમાં રાખી કરશે અને તેમાં કોઈ જગાએ ચર્ચા કરવી પડશે તો શાંતિથી જૈનને શોભે તેવી ભાષામાં અને સત્યશોધકની દષ્ટિએ સર્વ એ કરશે. વિશાળ નજરે સત્ય શોધવું હોય, અસલ પૂર્વ સ્વરૂપ ખડું કરવું હોય અને આદર્શને અનુરૂપ પરિસ્થિતિનો ઝળકાટ કરવો હોય ત્યાં કોઈ વાતની મુશ્કેલી નથી, કોઈ આશય પાર પાડવાનો મુદ્દો નથી અને કોઈ ઘટના દુઃશક્ય કે અશક્ય નથી એમ એનું જ્ઞાન કેળવણી એને શીખવશે.

## સાત ક્ષેત્ર માટે પ્રકીર્ણ

સાત ક્ષેત્રો પૈકી હવે જ્ઞાનક્ષેત્રની ચર્ચા બાકીમાં રહે છે. શાસ્ત્રાંતર્ગત એનો ક્રમ નીચે પ્રમાણે છે:

જિનબિંબ, જિનમંદિર, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા

આ સાત ક્ષેત્રનું પોષણ જૈનોએ કરવું એવું ફરમાન છે. એમાં ક્રમ એમ બતાવ્યો છે કે એ અનુક્રમમાં આવેલ કોઈ પણ નીચેના ખાતાનું દ્રવ્ય ઉપરના ખાતા માટે વાપરી શકાય, પણ ઉપરના ખાતાનું દ્રવ્ય નીચેના ઉપયોગમાં ન આવે. આ તફાવત ન્યાયકોર્ટ સ્વીકારે તેમ નથી. તેના નિયમ પ્રમાણે તો જે ખાતાનું દ્રવ્ય હોય તેમાં જ તે ખરચી શકાય. અને એ જો સીપ્રેનો નિયમ લાગુ પડે તો બિનજરૂરી મંદિર દ્રવ્યનો ઉપયોગ શ્રાવક-શ્રાવિકા માટે કરવાની પરવાનગી આપે.

આ ગૂંચવણમાં નવયુગ નહિ પડે. એ પ્રાચીન દેવદ્રવ્ય જિર્ણોદ્ધારમાં જ વાપરી નાંખશે. અને જ્યાં ખર્ચ માટે જરૂર નહિ હોય ત્યાં એ નવીન ઉત્પત્તિ તદ્દન બંધ કરી દેશે અથવા નહિવત્ કરી દેશે. એ શોધ કરશે ત્યારે એને શાસ્ત્રનો આદેશ એવો પણ મળી આવશે કે પ્રથમથી જાહેર કરેલા સંકેત પ્રમાણે એ દ્રવ્યનો ઉપયોગ થઈ શકે છે. એ નિયમનો ઉપયોગ કરી એ નવીન ઉત્પત્તિ માટે નિયમો અને ખર્ચવાના ઉપયોગ જાહેર પણ કરી દેશે. મતલબ શાસ્ત્રમર્યાદામાં રહી એ આખો દેવદ્રવ્યનો પ્રશ્ન ઘણી સીફતથી પતાવી આપશે. એક વાત અહીં કરવાની છે. નવયુગના વિચાર પ્રમાણે જ્યાં જરૂર નહિ હોય ત્યાં નવીન દેરાસર બાંધવાનું નવયુગ પસંદ નહિ કરે. ખાનગી ખરચથી દેરાસર બંધાય તો પણ તેની જવાબદારી જૈન કોમ ઉપર જ છેવટે પડે છે તે વાતનો ખ્યાલ કરી તે જરૂર વગર દેરાસર વધારવાનો રિવાજ પસંદ નહિ કરે. અત્યાર સુધી જે જવાબદારી એને અંગે જૈન કોમને માથે છે તે પૂરતી ગણવામાં આવશે.

નાના ગામડાંઓમાં ટૂંકી વસ્તી હોય ત્યાં નીચે ઉપાશ્રય, ઉપર ગૃહ ચૈત્ય અને માથે છાપરું. ખર્ચ બન્નેનો થઈને બે હજાર રૂપિયાથી વધારે ન થાય એ શરતે નવીન દેરાસર કોઈ ગામમાં ન હોય તો કરવાનો પ્રચાર થશે. એમાં પણ સાદાઈ અને ઉપયોગિતા ઉપર વધારે ધ્યાન આપવામાં આવશે.

## જ્ઞાનક્ષેત્ર

એ સાત ક્ષેત્રો પૈકી જ્ઞાનક્ષેત્રનો વિચાર નવયુગ કરશે ત્યારે તેને પૂર્વકાળના વિચારકો માટે માન થશે અને છેલ્લાં વર્ષોમાં ચાલેલી અંધાધૂંધી માટે ખેદ થશે. જ્ઞાનદ્રવ્ય તે અલગ રાખશે. એનો ઉપયોગ પ્રાચીન ગ્રંથોના શુદ્ધ મુદ્રણમાં કરશે. એક ગ્રંથ છપાવવો હોય તો તેની અનેક પ્રતો એકઠી કરી સર્વ પાઠાંતરો નોંધી તે ઉપર જરૂરી નોટ કરી અને વિદ્વતાપૂર્ણ ઉપોદ્ઘાત સાથે તે બહાર પાડશે. તેમાં સૂત્રો માટે અનુક્રમણિકા, વિષયાનુક્રમ, ઐતિહાસિક બાબતોનાં તારણો વગેરે આપી એ ગ્રંથને અભ્યાસ યોગ્ય તૈયાર કરશે. કોઈ પાઠ પોતાને ન બેસે અથવા ન ગમે તો તેથી તેની સાથે છૂટ લેવાની જે રીતિ મધ્યકાળમાં ગ્રંથલેખન અને ગ્રંથમુદ્રણમાં સ્વીકારાઈ છે તે તે રદ કરશે. એ સર્વ ગ્રંથોની અનેક પ્રતો એકઠી કરી પ્રકટ કરશે અને તેની ઉપયોગિતા વધારવા માટે અનેક પ્રયત્નો કરશે. એને અંગે સેવાભાવે કામ આપનારનો તે સ્વીકાર કરશે, માનવેતન (ઓનોરેરિયમ) જ્ઞાનદ્રવ્યમાંથી આપશે અને શોધનકાર્ય, પ્રુફવાચન અને ગ્રંથના ફેલાવા માટે નોકરવર્ગને રોકશે તેને પગાર જ્ઞાનખાતામાંથી આપશે અને તે સ્વીકારવામાં સમાજ પણ વાંધો નહિ જુએ. પ્રત્યેક ગ્રંથને અનેક રીતે ઉપયોગી બનાવવાનું કરવામાં આવશે અને ઉપયોગી ગ્રંથો પ્રાકૃતમાં હશે તેની સામે તેનું સંસ્કૃત કરી બતાવવામાં આવશે અને અતિ ઉપયોગીનું અંગ્રેજી

અને દેશી ભાષામાં સ્પષ્ટ સાચું અને સમજાય તેવું ભાષાંતર કરશે. આ સર્વ કાર્ય જ્ઞાનખાતામાંથી ચલાવવામાં આવશે.

રાસો પ્રકટ કરવામાં આવશે, પ્રાચીન અપભ્રંશ આદિ ભાષાના ગ્રંથો તેનાં વ્યાકરણો અને તેનાં સાધનો મુદ્દાસરની નોંધ સાથે પ્રકટ કરવામાં આવશે. એ ઉપરાંત સાહિત્ય, છંદ, વૃત્ત, કાવ્ય, કોશ, વ્યાકરણ આદિ સર્વ ક્ષેત્રોને ખેડવા માટે પ્રયત્ન થશે, ન્યાયના ગ્રંથોને સહેલા કરવામાં આવશે પણ મૂળ ગ્રંથને ક્ષતિ લગાડવામાં નહિ આવે. એ ઉપરાંત પ્રાચીન ગુજરાતી ગદ્યગ્રંથોને પણ પૂરતો ન્યાય આપવામાં આવશે. ગુજરાતી ભાષાનો સાચો ઇતિહાસ નિષ્પક્ષ રીતે પ્રકટ કરવામાં આવશે અને તેમાં જૈન-જૈનેતર સાહિત્યનો પૂરતો ઉપયોગ કરી જૈન સાહિત્યને થયેલો અન્યાય દૂર કરવામાં આવશે.

આમાં ભૂગોળના ગ્રંથોને બાતલ રાખવામાં નહિ આવે. ગણિતાનુયોગનો અભ્યાસ કરી તેનાં પરિણામો પણ જાહેર કરવામાં આવશે. જૈન કાયદો હતો કે નહિ, હતો તો તેનો અમલ થયો હતો કે નહિ એ સર્વ બાબતમાં ઊંડી શોધખોળ કરી તેનું ઉપલબ્ધ સાહિત્ય ઐતિહાસિક અને ચર્ચાત્મક આકારમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

પ્રચલિત ભંડારોની નોંધ (કેટલગો) તૈયાર કરવામાં આવશે અને જ્યાં જરૂર હોય ત્યાં પ્રતો પુસ્તકો ધીરવામાં આવશે.

આ ઉપરાંત તત્ત્વજ્ઞાનના અનેક ગ્રંથો બાળ, મધ્યમાધિકારી અને વિદ્વાનને ઉપયોગ થાય તેવા તૈયાર કરવામાં આવશે. એક એક વિષય પર ભાષામાં ઉલ્લેખ કરવામાં આવશે. પુદ્દગલપરમાણુ, આકાશ, શબ્દ, વનસ્પતિ, સપ્તભંગી, નય, નિક્ષેપ, કર્મ, મોક્ષ આદિ અનેક વિષયો પર સમજી શકાય તેવી રીતે ચર્ચા કરવામાં

આવશે. જીવવિચાર, નવતત્ત્વ, ગત્યાગતિ, દેવલોકનો ખ્યાલ, કાળની ગણના, જુદા જુદા પ્રકારના ભાવો, મતિશ્રુત જ્ઞાનનો તફાવત, વ્યંજનાવગ્રહાદિની વર્તમાન તર્ક (લોજીક) સાથે સરખામણી એવા અનેક ઉલ્લેખો તત્ત્વમાર્ગમાં થશે. નીતિ-વિભાગમાં તો પાર વગરના વિષયો પર જુદા જુદા ઉલ્લેખો થશે. ભાવનાનાં સ્વરૂપ, અષ્ટપ્રવચનમાતા, અઢાર દૂષણ રહિતતા, ગુણ-સ્થાનક્રમ, કષાયનું સ્વરૂપ, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય, મોહનીય કર્મની વિષમતા, જૈનત્વને દરવાજે પાંત્રીશ માર્ગાનુસારીના ગુણો, વ્રતનિયમનો મહિમા, ગ્રંથીભેદ, બાર વ્રતો, પાંચ મહાવ્રતો, સામાયકનો મહિમા, અતિથિસંવિભાગનો આશય, સમ્યકત્વના લક્ષણો, પ્રભાવકનાં ચિહ્નો, અઢાર પાપસ્થાનક પૈકી પ્રત્યેક પર વિવેચન, આશાતના આદિ અનેક અનેક વિષયો પર પ્રૌઢ ભાષામાં ઉલ્લેખ કરવામાં આવશે અને તે પૈકી જે લેખો સંમાનનીય થશે તે જાળવી રાખવામાં આવશે.

કથાસાહિત્યને મૂળ આકારમાં તેમજ સાદાં ભાષાંતરોમાં પ્રકટ કરવા ઉપરાંત તેના ઉપર નવયુગની સંસ્કારી સાહિત્ય ભાષામાં સાદી રીતે સમજાય તેમ પણ આકર્ષક રીતે તથા કાવ્યકવિતામાં અનેક ભાષામાં સંસ્કાર થશે. અને લોકરુચિ જાગે તેવી રીતે કથામાં તત્ત્વની વાતને તથા નીતિ નિયમાદિને ગૂંથી નાખવામાં આવશે.

ક્રિયાના મૂળ આશય હેતુ બતાવનાર ગ્રંથો ખૂબ પ્રકટ થશે. ઘણી વિસરાઈ ગયેલી વાત પરત્વે શોધખોળ કરવામાં આવશે. અમુક સૂત્ર ઊભાં ઊભાં કેમ બોલવું, શરૂઆતમાં અમુક રીતે સ્થાપના કેમ કરવી, તથા મુદ્રાઓનાં કારણો શોધી પ્રકટ કરવામાં આવશે.

જૈન સાહિત્ય એના વિસ્તૃત આકારમાં જરા પણ અતિશયોક્તિ વગર એનું સાચું સાહિત્યસ્થાન લે અને તે વિશ્વને ગળે બંધાય એવી યોજનાથી એનો વિસ્તાર કરવામાં આવશે અને તે સર્વ કાર્ય જ્ઞાનખાતાંમાંથી થશે. જ્ઞાનખાતામાંથી સાહિત્ય અભિવૃદ્ધિ માટે ભાષણો ગોઠવાશે, નિબંધો મંગાવાશે અને હરિફાઈઓ કરાવવામાં આવશે. જ્ઞાનખાતાના દ્રવ્યનો મૂળ આશય શો હોવો જોઈએ તે શોધી તેને અનુરૂપ આખી યોજના કરવામાં આવશે.

## સાત ક્ષેત્ર-સામાન્ય

આ રીતે સાત ક્ષેત્રની યોજના નવયુગ કરશે. તેમાં તે સર્વથી વધારે ધ્યાન શ્રાવકશ્રાવિકા ક્ષેત્રને અંગે આપશે. સર્વ ક્ષેત્રને પોષક હોય તેની પોષણા કરવામાં બાકીના સર્વનું પોષણ થાય છે એમ તે માનશે. જે કાળે જે ક્ષેત્ર પાછું પડતું હોય, પરિભાષામાં કહીએ તો સીદાતું હોય, તેને પ્રથમ પોષવું જોઈએ એવા શાસ્ત્રાદેશને પ્રાચીનોએ અવગણ્યો છે તે અવગણના નવયુગ સુધારી લેશે. એમ કરવું તે તેને સ્વાભાવિક જ લાગશે. આથી જૈનો માટે અભ્યાસગૃહાદિ અનેક યોજના કરશે અને તેની રાજદ્વારી, વ્યાવહારિક, નૈતિક, ધાર્મિક પ્રગતિ થાય તેવા અનેક માર્ગો લેશે, અનેક સંસ્થાઓ સ્થાપશે અને અનેક કેળવણીપોષક સત્રો સ્થાપશે.

સાધુસાધ્વીને તે વર્ગમાં દાખલ કરવા પહેલાં પ્રાથમિક તૈયારી કરવા માટે સંસ્થાઓ શહેરના સંબંધમાં, પણ તેનાથી દૂર બાંધવામાં આવશે. ત્યાં યોગ્ય શિક્ષણ આપી સાધુસાધ્વી તરીકે રહી શકે તેવો ત્યાગ, વૈરાગ્ય અને અભ્યાસ જે બતાવશે તેને પ્રમાણપત્ર તે સંસ્થાઓ આપશે અને એવાં પ્રમાણપત્ર ધરાવનારને જ સાધુસાધ્વી બનાવવાનો ઠરાવ કરવામાં આવશે. સોળ વર્ષની અંદરના બાળકને

દીક્ષા આપવાનો પ્રશ્ન નવયુગમાં રહેશે જ નહિ. એવાં બાળક અથવા બાળાઓને આવી સંસ્થાના વ્યવસ્થિત વાતાવરણમાં તેમની ભાવના પોષાય અને તેમને કેળવણી મળે એવી સર્વ ગોઠવણો નવયુગ કરી આપશે.

સાત ક્ષેત્રની વ્યવસ્થા જૈનોની પ્રગતિમાં અસાધારણ ઝડપે વધારો કરનારી અને જૈન સંખ્યાબળના પ્રચારકાર્યમાં અને નવીન વાતાવરણ તૈયાર કરવામાં આગેવાન ભાગ લેનારી કરવામાં નવયુગ પોતાનાં સાધનો—ધન, આવડત, શક્તિ આદિ સર્વ—નો તેમની નજરે ઉત્તમ ઉપયોગ કરશે.

## સાધારણ દ્રવ્ય

ઉપરની વિચારણામાં સાધારણ દ્રવ્યને સ્થાન મળ્યું નથી. એ જૈનોનો ભવ્ય વિચાર છે, ખૂબ વિચાર કરીને ગોઠવેલ વ્યવહારૂ સંસ્થા છે અને નવયુગને તે ખૂબ આકર્ષક લાગશે અને તેને તે સારી રીતે વિકસાવશે. એને અંગેના નવયુગના ખ્યાલાતો સંક્ષેપમાં જોઈ જઈએ.

સાધારણદ્રવ્ય એટલે સર્વ ખાતામાં — ગમે તે બાબતમાં — ખર્ચી શકાય તેવું દ્રવ્ય. પારસીઓમાં જેવો પંચાયતી દ્રવ્યનો ખ્યાલ છે તેવું એ દ્રવ્ય છે. જિનબિંબથી માંડીને શ્રાવિકાના ઉપયોગમાં લઈ શકાય તેવા ધનને સાધારણ દ્રવ્ય કહેવામાં આવે છે. કોઈ પણ ખાતાને પોષણની જરૂર હોય અને તેની પાસે દ્રવ્ય ન હોય તો તેને અંગે આ સાધારણદ્રવ્ય ખરચી શકાય છે. એ ઉપરાંત ઉપરનાં ખાતાં (જિનબિંબ અને જિનમંદિર તથા જ્ઞાન) એનું દ્રવ્ય શ્રાવકના ઉપયોગમાં ન લેવાનો અસલ ઇરાદો જણાય છે એટલે કે એનાથી શ્રાવકના હિતનાં ખાતાં ન ચલાવાય. પણ સર્વથી વધારે જરૂર શ્રાવકશ્રાવિકાઓને અંગે દ્રવ્યની લાગી.

એમને જીવનક્રમમાં સ્થિર કરવા માટે એમના શિક્ષણાદિની વ્યવસ્થા કરવા માટે, એમનામાં વ્યવહારકુશળતાનાં, શરીરમરદાનગીનાં, જાહેર મિલનસ્થાનો કરવાનાં આદિ અનેક પ્રસંગોનો ખ્યાલ કરી સામાજિક અને વૈયક્તિક આવશ્યકતાને અંગે જે ધનનો ઉપયોગ કરવાનું યોગ્ય ધારવામાં આવ્યું તે સાધારણદ્રવ્ય.

એને સર્વસામાન્ય ગલ્લો પણ કહી શકાય. આપત્તિ, દુકાળ, નિરાધારતા, નિરાશ્રિતદશા આદિ પ્રસંગે શ્રાવકો આ દ્રવ્યનો ઉપયોગ કરી શકે, એમાંથી અભણને ભણાવી શકાય, નિરૂદ્યમીને ઉદ્યમે લગાડી શકાય અને એ દ્રવ્યનો દુરૂપયોગ કરવો હોય તો એમાંથી જમણ ઉજાણી ઊડાવી પણ શકાય. વચગાળાના વખતમાં દેવસેવા કરવા બદલ નોકરી કરનાર જૈનને દેવદ્રવ્યમાંથી જરૂરી પગાર લેતાં સંકોચ થયેલો ત્યારે તેમને પગાર પણ આ સાધારણદ્રવ્યમાંથી આપવાની રીતિ દાખલ થઈ હોય એમ જણાય છે. જે દ્રવ્યને જમણ માટે નિર્માણ કરવામાં આવ્યું હોય તેને તો તેમાં જ વાપરવું ઘટે, પણ એવું દ્રવ્ય નિર્માણ કરી ગયેલાના દ્રવ્યનો ઉપયોગ અન્ય સાધારણ કાર્યોમાં કરી નાંખેલો અનેક સ્થળે અનુભવાય છે.

આવી પરિસ્થિતિને કારણે સાધારણદ્રવ્ય ઉપર માગણીઓ ઘણી રહેતી આવી છે. નવયુગને એમ લાગશે કે સાધારણદ્રવ્ય ઉપર કેટલાક અણઘટતા બોજા પડ્યા છે અને કેટલીક વખત જે હેતુથી એ દ્રવ્ય નિર્માણ કરવામાં આવ્યું હતું તેને બદલે ખાડો પૂરવામાં એ દ્રવ્યનો ઉપયોગ થઈ ટ્રસ્ટની શરતોનો ભંગ કરવામાં આવ્યો છે. આ વિચિત્ર લાગતી બાબત એમ જણાય છે કે સાધારણદ્રવ્ય ઉપર ઘણું દબાણ થવાને કારણે, જે રકમો દેવદ્રવ્ય-માંથી વપરાવી જોઈએ તે રકમો સાધારણ ખાતે ઉધરવાને કારણે અને બની શકતી સર્વ આવકનાં સાધનો દેવદ્રવ્યમાં જમે

કરવાની પદ્ધતિએ સાધારણખાતાં લગભગ દરેક સ્થળે ડૂબતાં રહ્યાં અને એ ખાડાઓ પૂરવામાં બીનવારસ દાન આપનારાની રકમ સાધારણ ખાતાના ખાડા પૂરવામાં વપરાઈ ગઈ. આ તો ભૂતકાળની દુર્વ્યવસ્થા નવયુગની નજરે થઈ. નવયુગ સાધારણ ખાતાને મજબૂત કરવા ખૂબ પ્રયત્ન કરશે. એ કોઈ પણ ટ્રસ્ટને ડૂબાડશે નહિ, સાધારણ ખાતાની આવક વધારવા યોજનાઓ કરશે અને તે પંચાયતી દ્રવ્યને વધારવા ખૂબ રસ્તાઓ કાઢશે.

સાધારણખાતાનો ઉપયોગ જૈનોને વ્યાવહારિક શિક્ષણ આપવામાં, તેમને વેતન ( સ્કોલરશીપો ) આપવામાં, તેમની પાસે વ્યવહાર ઉચ્ચ પ્રકારનો થાય તેવા નિબંધો લખાવવામાં, કેળવણી-ગૃહો સ્થાપવામાં અને એકંદરે જૈનસમાજનો ઉત્કર્ષ થાય તેવા બાળાશ્રમો, વિધવાશ્રમો, વિદ્યામંદિરો, યુનિવર્સિટિ ( વિશ્વવિદ્યાલયો ) સ્થાપવામાં—ચલાવવામાં કરશે. જૈનોનો વ્યવહાર અતિ ઉચ્ચ કક્ષાએ મૂકાય તેવી રીતે તેને સન્નદ્ધબદ્ધ કરવામાં અને તેનું આખું ધોરણ પાયામાંથી મજબૂત કરવામાં તે દ્રવ્યનો વ્યય કરશે. નવયુગ એમ માનશે કે જૈનો હશે તો મંદિરો જળવાશે, જ્ઞાન વંચાશે, વીરના સંદેશા જગતને પહોંચાડી શકાશે, અહિંસા, સંયમ અને તપને બહલાવી શકાશે અને સર્વ ખાતાઓને પહોંચી શકાશે. તેઓના મતે અમુક અપેક્ષાએ પૂજા કરનારની આવશ્યકતા મોટો વારસો જાળવવાને અંગે વિશેષ જણાશે અને તેથી સંખ્યાબળ વધારવામાં અને હોય તેને મજબૂત કરવામાં એ સાધારણ દ્રવ્યનો ઉપયોગ કરવાની જરૂરિયાત વધારે માનશે. પ્રાચીનો એમ માનતા હતા કે મંદિરો હશે તો પૂજા કરનારા આવી પડશે, નવો યુગ માનશે કે મંદિરોની રક્ષા કરવા માટે જૈનોની આવશ્યકતા ખાસ છે. પૂજા કરનાર નહિ હોય અથવા પોતાના ઉદરનિર્વાહના કામમાંથી ઊંચા આવી શકે તેમ નહિ હોય તો મંદિરોનો ઉપયોગ શો છે?

મંદિરની જાળવણી, વૃદ્ધિ અને વિસ્તાર માટે શ્રાવકશ્રાવિકા ક્ષેત્રને ઉન્નત કરવાની, સ્થિત કરવાની, મજબૂત કરવાની જરૂર તેમના ધ્યાનમાં વધારે આવશે.

આવા અનેક વિચારો અને ચર્ચાને પરિણામે સાધારણ દ્રવ્યની વધારે ઉત્પત્તિ થાય અને તેને મજબૂત કરવાની આવશ્યકતા ખાસ જણાય તે નવયુગની નજરે તદ્દન સામાન્ય અથવા સ્વાભાવિક હકીકત ગણાશે. એ સાધારણ દ્રવ્યમાંથી અનેક શ્રાવકશ્રાવિકાના વ્યવહારને મજબૂત કરનારાં ખાતાંઓ જન્મશે, એમાંથી શ્રાવિકાઓને માંદાંની માવજત, પ્રસૂતિ સમયનું દાઈકર્મ, ઉદ્યોગથી ધન કમાવાની માનસહ યોજનાઓ થશે. સુંદર આરોગ્યમંદિરો, દવાખાનાં આદિ અનેક સગવડ થશે અને તેમાંથી ઉદ્યમગૃહો, કળાશાળાઓ, કૌશલ્યમંદિરો આદિ અનેક રચનાઓ થશે. ટૂંકામાં કહીએ તો નવયુગ આ પંચાયતી દ્રવ્યમાંથી શ્રાવકસંસાર ઉચ્ચ બનાવવા પૂરતો પ્રયાસ કરશે. એની આખી યોજના એવા પ્રકારની કરશે કે ઠામ ઠામ હજારો લાખો રૂપિયાની સંખ્યામાં સાધારણ દ્રવ્ય ઠામ ઠામ વધે અને તેની વૃદ્ધિને માટે નવીન નવીન યોજનાઓ થયા કરે.

જ્યાં ટ્રસ્ટથી ખાસ રકમ નિર્માણ કરવામાં આવી હશે તે સિવાયના સાધારણદ્રવ્યનો ઉપયોગ લાડવા જમવામાં કે સાકરનાં પાણી પાવામાં નવયુગ નહિ કરે. જ્યારે આખો સમાજ સડી જતો હોય, તેને ક્ષય રોગ લાગ્યો હોય અને તેની સંખ્યા અને તેનાં સમાજનાં સ્થાનો ભૂંસાતાં જતાં હોય તે વખતે મીઠાઈ ઉડાવવી એ અંતઃકરણના અટ્ટહાસજેવું લાગશે. આથી આગળ વિષય જાય ત્યારે તે વ્યાવહારિક સ્થિતિમાં લઈ જાય છે જ્યાં તે પર વિચાર થવાનો છે. ધાર્મિક નજરે તો ધર્મમાર્ગમાં સ્થિત કરવા માટે

વ્યાવહારિક તૈયારીઓને ધર્મનો ભાગ ગણવામાં આવશે અને તે પૂરતું એ વિષયને અત્ર સ્થાન છે.

નવયુગ ઉચ્ચ વ્યવહારને ધર્મનું અંગ ગણશે એટલે ઉપરનો દેખાતો વિરોધ તેમની નજરમાં મહત્ત્વનો નહિ લાગે.

સાધારણ ખાતામાંથી ભાષણગૃહો, પુસ્તકાલયો અને સભાસ્થાનો પણ બનશે. નવયુગ આવા પ્રકારના શિક્ષણને ધર્મનું અંગ માનશે. એ સાધારણ દ્રવ્યથી વ્યાયામશાળાઓ સ્થાપશે, શરીરની મજબૂતીને હૃદયમજબૂતીની સાથે સંબંધ કેટલો છે તેનો અભ્યાસ કરી તે આ બાબતનો નિર્ણય કરશે. જૈન સમાજની સમુચ્ચયે અને વ્યક્તિગત પ્રત્યેક જૈન પુરુષસ્ત્રીની ઉન્નતિના રસ્તા કરવાના કાર્યમાં આ સાધારણદ્રવ્યનો ઉપયોગ કરવામાં આવશે.

સાધારણદ્રવ્યનો વ્યય કરવા માટે એકાદ ધનપતિના હાથમાં સત્તા નહિ રહે, પણ મતાધિકાર પ્રમાણે ઠામ ઠામ એની વ્યવસ્થા કરનાર વિચારમંડળ અથવા વ્યવસ્થાપક મંડળ નિમાશે. એ મંડળ પોતાનાં ગામ કે શહેર પૂરતી વિચારણા કરી દ્રવ્ય ઉત્પત્તિના અને ખર્ચનાં માર્ગો નિર્માણ કરશે. નવયુગ એકહથ્થુ સત્તાની વિરુદ્ધ રહેશે. પ્રત્યેક સભ્યને જુદા જુદા વિભાગીય ક્ષેત્રો સોંપવામાં આવશે અને તેના નિવેદન ઉપર વ્યવસ્થાપક મંડળ છેવટનો નિર્ણય કરશે.

આ ઉપરાંત એક કેંદ્રસ્થ સાધારણ—પંચાયત ખાતું સ્થાપવામાં આવશે. તે સમસ્ત જૈન કોમના સામાન્ય હિતના પ્રશ્નોનો નિકાલ કરશે. વિશ્વવિદ્યાલય, કેંદ્રસ્થ કેળવણીમંદિર જેવાં ખાતાંઓની વ્યવસ્થા આ કેંદ્રસ્થમંડળ કરશે. આવા ખાતાનું ભંડોળ લાખો અને કરોડો સુધી વધારવામાં આવશે અને તે દેખાવ કરતાં ઉપયોગિતા અને ઉપર ઉપરની ટાપટીપ કરતાં જૈન સમષ્ટિના

હૃદય સુધી પહોંચવા પ્રયત્ન કરશે. આ વ્યવસ્થિત કેંદ્રસ્થ મંડળ સ્થાનિક સાધારણ ખાતાઓને સલાહ અને સહાય આપનાર તરીકે કાર્ય કરશે. એને સત્તાનો કે અધિકારનો લોભ નહિ રહે, પણ એની નજર વિશાળ જૈન કોમ તરફ અને તેના અન્ય સાથે તેમજ રાષ્ટ્ર સાથે સંબંધના ગૂંચવણવાળા પ્રશ્નો તરફ મુદ્દામ રીતે રહેશે અને જનતાને આશ્ચર્ય થાય તેવી સીફતથી એ આખી વ્યવસ્થાને સમાજહિતને માટે ધર્મને અવિરોધપણે અને રાષ્ટ્રહિત જાળવીને અપનાવવા શક્તિમાન થશે.

## પ્રકરણ ૧૭ મું

# સામાજિક

ધર્મને અંગે કેટલાક અગત્યના મુદ્દાનો નવયુગ સાથે સંબંધ જોઈ ગયા. ધર્મના વિષયને અંગે ઘણું વક્તવ્ય છે, કારણકે સર્વ મુદ્દાઓની વિચારણામાં ધર્મને સીધો કે આડકતરો સંબંધ તો રહેવાનો જ છે. પણ વિષય એકદેશીય ન થઈ જાય તે ખાતર આપણે સામાજિક બાબતો પર જરા વિચારધારા ફેરવીએ. દરેક વિચારમાં ધાર્મિક પરિસ્થિતિને કેંદ્ર સ્થાને રાખીને જ વિચારણા કરવામાં આવશે.

## પ્રાસ્તાવિક

સ્વાભાવિક પ્રશ્ન થાય તેવો છે કે ધર્મને આટલું મહત્ત્વ નવયુગ આપશે ખરો? એને કેંદ્રસ્થાને રાખશે? કે એને ગૌણ કરી દેશે? આ આખો ચાવીનો પ્રશ્ન છે અને પહોંચી શકે તેટલી કલ્પના કરતાં નવયુગ ધર્મને ઘણું વધારે મહત્ત્વ આપશે એમ ચોક્કસ દેખાય છે. અત્યારે જેમાં ધર્મ માનવામાં આવે છે તેનો ઘણો ભાગ ઉડી જશે અથવા પરિવર્તન પામી જશે અને આ યુગના ત્રાજવાથી તોળવામાં આવશે તો નવયુગમાં ધર્મ જેવું કાંઈ

રહેશે નહિ અથવા અતિ અલ્પ રહેશે. અત્યારે ધર્મ શેમાં મનાયો છે તે પર ઉલ્લેખ કરવાની ભાગ્યે જ જરૂર હોય. માત્ર બાહ્ય ક્રિયા થોડી જતાંઆવતાં કરવી, વ્યવસ્થા કે ધોરણ વગર અમુક ક્રિયાની ગંભીરતા કે તેનું હાર્દ સમજ્યા વગર તેમાં પસાર થઈ જવાનો દેખાવ કરવો, અમુક પ્રકારનો હોલમાર્ક (ઘણા માટે–સર્વ માટે નહિ) કપાળે કરવો અને થોડા નિયમ રાખવા – અમુક તિથિએ લીલોતરી ન ખાવી, રાત્રિભોજન ન કરવું – આ ધર્મ મનાયો છે. વિશેષ ચુસ્ત હોય તે બાહ્ય ક્રિયા સહજ વધારે કરે, થોડા ઉપવાસ એકાસણાં કરે — અહીં આખું લીસ્ટ પૂરું થાય છે. ક્રિયાનો ઉદ્દેશ શો, આત્મવિકાસનાં પગથિયાં કેવાં બંધાયાં છે, ક્રિયાનો વિકાસ સાથે સંબંધ શો, આત્મા કોણ છે, છે કે નહિ, હોય તો તેનું સ્વરૂપ શું છે, પ્રત્યગાત્માને જગત સાથે સંબંધ શો છે, કર્મથી મુક્તિ થયા પછી એની શી સ્થિતિ રહે છે એવા એવા અંતિમ પ્રશ્નો કે ચેતન અચેતનના સંબંધ, કારણો, નિમિત્તો આદિ મહાપ્રશ્નો સાથે જૈન કોમના ૯૯ ટકાને કાંઈ લાગતું વળગતું નથી. એ મહા તત્ત્વજ્ઞાન છે અને દુનિયાને ઝેબ કરી નાંખે એવું એનું તર્કજ્ઞાન છે, એવો એનો નયવાદ છે, એવો એનો કર્મનો સિદ્ધાન્ત છે, અનેક બાબતોથી ભરપૂર એ સન્નદ્ધબદ્ધ પરિપૂર્ણ દર્શન છે એનો વિચાર જૈનના ઘણા મોટા ભાગને નથી અને અત્યારે જે બાહ્ય દશાએ શાસન ચલાવવામાં આવે છે તેમાં એને સ્થાન પણ નથી. છેલ્લા બે ત્રણ સૈકાથી તો જ્ઞાન ઉપર જૈન કોમને વૈરાગ્ય–વિરાગ થઈ ગયો છે અને છતાં એનું ગાડું ચાલ્યું જાય છે. એ કાળમાં જે પ્રકારનો ધર્મ ચાલ્યો છે અને જેના સંબંધમાં પ્રખર વિચારકોએ સખ્ત ફરિયાદ કરી છે તેવા પ્રકારનો ધર્મ નવયુગમાં ટકવાનો જરા પણ સંભવ નથી. એ ધર્મ કેવા પ્રકારનો જામશે અને કયો આકાર લેશે તે આ આખા પુસ્તકની પંક્તિએ પંક્તિએથી

તારવવાનું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે એના વ્યવહારની વિચારણામાં પણ મુખ્ય સ્થાને તો ધર્મ જ રહેશે.

વ્યવહારનો સામાજિક બાબતોનો વિચાર કરતાં અનેક પ્રશ્નો એક સાથે ખડા થઈ જાય છે. એનો એક સાથે વિચાર ન થઈ શકે. પ્રથમ આખા સમાજને સન્નદ્ધબદ્ધ રાખવા માટે કયા ધોરણે કામ લેવામાં આવશે તે પર વિચાર કરીએ.

## સંઘબંધારણ

સમાજને સુનિયંત્રિત રાખવા માટે વ્યવસ્થિત મંડળ કેવી રીતે કરવું તેનો વિચાર કરતાં નવયુગ ચાલતા 'સંઘો' તરફ જોશે. ત્યાં તેને નીચેના વાંધાઓ માલૂમ પડશે.

સંઘવ્યવસ્થામાં ધનવાનોને જ સક્રિય કાર્ય કરવાનો અધિકાર રહે છે. સંઘવ્યવસ્થામાં ધનવાનો પૈકી પણ જેઓ ચોવટિયા, ખટપટી અને અંતરડંસ વગરના હોય છે તેમને જ સ્થાન મળે છે અથવા તેઓ તે સ્થાન પોતાને માથે આરોપ કરી લે છે.

સંઘવ્યવસ્થામાં ગરીબ વર્ગનો કોઈ પ્રતિનિધિ પણ હોતો નથી અને તેમના મતની કદિ ગણના પણ થતી નથી અને તેમને પૂછવાની જરૂર હોય એમ પણ ધારવામાં આવતું નથી.

સંઘવ્યવસ્થામાં જથાવાળો અથવા બહુ બોલ બોલ કરનારો માણસ ફાવી જાય છે જ્યારે શુદ્ધ પ્રમાણિક પણ ઓછું બોલનારને સ્થાન નથી.

સંઘવ્યવસ્થામાં પ્રતિનિધિ તત્ત્વ નામનું પણ નથી.

સંઘ કેટલીક વાર ચતુર્વિધ કહેવાય છે, છતાં સ્ત્રીઓની હયાતી પણ સંઘે સ્વીકારી હોય એમ કોઈ સ્થાને જોવામાં આવ્યું નથી. સર્વ સામાન્ય પ્રશ્નોમાં તો નહિ જ, પણ ખાસ સ્ત્રીઓને લગતા પ્રશ્નો પરત્વે પણ તેને સંઘમાં બોલાવી હોય એમ જણાતું

નથી. સ્ત્રી સંબંધી સર્વ પ્રશ્નોનો નિકાલ એકતરફી જ થાય છે અને છતાં ગણ્યાગાંઠ્યા વગરનિમાયેલા આગેવાનો જે ઠરાવ કરે તે સ્ત્રીઓ ઉપર, મતાધિકાર વગરના ગરીબ કે મધ્યમ વર્ગ ઉપર બંધનકર્તા ગણવામાં આવે છે. સમગ્ર સંઘના પ્રશ્નોને અંગે સાધુ-સાધ્વીને કદી પૂછવામાં આવ્યું હોય કે તેમને સંઘના મેળાવડામાં હાજર રહેવા આમંત્રણ થયું હોય તેવું જાણવામાં નથી. માત્ર કોઈ વાર તેમને આગેવાનો શેત્રંજની રમતના પ્યાદા કરી શક્યા છે, પણ તે અમુક મુદ્દાઓ સાધવા પૂરતા જ. સાધુસાધ્વીને સામાજિક વિધાનમાં કશું સ્પષ્ટ સ્થાન મળ્યું નથી.

સંઘના આગેવાનોના ફેંસલાએ દીર્ઘદષ્ટિત્વ બહુધા બતાવ્યું નથી. સદર ફેંસલાઓ તદ્દન નિષ્પક્ષપાતપણે અપાયા હોય એવું ઘણી વાર બન્યું નથી. એક સરખા પ્રસંગોમાં અરસપરસ વિરૂદ્ધ ફેંસલાઓ વ્યક્તિને લઇને અપાયા છે.

સંઘે એકઠા મળીને કદી પણ સામાજિક સ્થિતિનો વિચાર કર્યો નથી, સમાજની પ્રગતિના સંબંધમાં પોતાની કાંઇ ફરજ છે એવો ખ્યાલ પણ કર્યો નથી અને જૈન દર્શનની પ્રગતિ પ્રસાર કે વિસ્તાર માટે એમનું કાંઈ પણ કર્તવ્ય હતું એવો ખ્યાલ પણ કર્યો નથી.

એણે અવ્યવસ્થા એટલી હદ સુધી કરી છે કે કોઈ પણ સંઘની પાસે એના હાથ નીચે પુરુષસ્ત્રી, બાળકબાળિકાની સંખ્યા કેટલી છે તેના આંકડા કોઈ વખતે મેળવ્યા નથી. એના દર વર્ષે કે અમુક વર્ષને અંતરે આંકડા મેળવવા જોઈએ અને વ્યવસ્થિત રાખવા જોઇએ એ જરૂરી બાબત તરીકે પણ કોઇ સંઘે સ્વીકારેલ નથી. પરિણામે કોઈ પણ સંઘને પૂછવામાં આવે કે તેનો અધિ-કાર કેટલા પર ચાલે તો તેના આંકડામાં પચીસથી પચાસ ટકાનો

ફેર આવશે અને તે સર્વ અધરિયા જ વાત હશે. ૩૫૦૦ની સંખ્યાવાળા સંઘના આંકડા ૬૦૦૦ સુધી ગમે તે બોલાશે.

આંકડાની ગેરહાજરીમાં દશ વર્ષે કેટલા વધ્યા તેની સાથે સંઘને કાંઈ લેવાદેવા નથી એવી સ્થિતિ થઈ ગઇ અને તેથી સંખ્યા ઘટતી ગઈ તે વાતે સંઘના વિચારમાં કદી ચિંતા ઊભી કરી નથી. આર્થિક પરિસ્થિતિમાં વ્યાપારધંધામાં સંઘે સમુચ્ચયે પ્રગતિ કરી કે પશ્ચાદ્‌ગતિ કરી તે વિચારવાનું સંઘને હોય જ નહિ એવી નિર્વેદવૃત્તિ સંઘે ધારણ કરી એની પ્રાથમિક ફરજમાંથી મુક્તિ મેળવી છે.

સંઘ મળવાના બે જ પ્રસંગો બહુધા રહ્યા છે: કોઈ સંઘ જમણનું આમંત્રણ આપે તેનો સ્વીકાર કરવા અને અમુક ગુના બદલ અથવા અંગત દ્વેષથી કોઈને સંઘ બહારની સજા કરવા.

સંઘના ફેંસલાઓએ જનતામાં વિશ્વાસ ફેલાવ્યો નથી અને ભય ફેલાવ્યો છે તે માત્ર અંગત અગવડને અંગે, પણ વસ્તુપરીક્ષણ તેના ત્યાજ્યત્વ કે સ્વીકારના ધોરણે બહુધા ફેંસલા અપાયા નથી.

સંઘ પાંખમાં લેનાર વડીલ–પિતાના સ્થાનને બદલે વહીવટ કરનાર પેઢીનું રૂપક બની ગયો છે.

આ તો ઘણાં ઉપર ઉપરનાં કારણો અત્ર નોંધ્યાં છે. તે અને બીજાં અનેક કારણોને લઈને પ્રચલિત બંધારણ નવયુગને આકર્ષક લાગશે નહિ.

## સંઘની નવીન રચના

ઉપરનાં કારણોને લઈને સંઘબંધારણની રચના હાથ ધરવામાં આવશે.

અહીં એક વાત સ્પષ્ટ કરવાની જરૂર છે. અત્યાર સુધી 'સંઘ' શબ્દ એક ગામ અથવા શહેરના જૈનો અથવા વધારે

ચોખવટથી બોલીએ તો શ્વેતાંબર સંઘ, સ્થાનકવાસી સંઘ, એટલે એક ગામમાં એકથી વધારે સંઘ હોઈ શકે. મુંબઈ જેવામાં તો ઓછામાં ઓછા દશ બાર સંઘો મોજુદ છે, કદાચ તેથી ઘણા વધારે હશે. આથી વધારે વિશાળ સંઘ હોઇ શકે એવો ખ્યાલ પ્રાચીન જૈનોને આવ્યો નથી. આપણે હાલ એ જ અર્થમાં સંઘ શબ્દ વાપરશું.

ત્યાં નવયુગ એક શહેરના જૈનોનો એક જ સંઘ કરી શકશે. મંદિર કે સ્થાનકની વહીવટી બાબતો એ પેટાકમિટીને સોંપી એ અભંગ અખંડ એક સંઘની ભાવના પ્રથમ ગામ કે શહેર પ્રત્યે દાખલ કરશે અને પછી તેમાં વધારો કરશે.

સંઘનું બંધારણ વ્યવસ્થિત અને લેખિત કરવામાં આવશે.

મુદ્દાનો નિર્ણય એક ગામનો સમસ્ત સંઘ કરશે. યોજના પ્રમાણે અમલ કમિટી કરશે.

કમિટીની નિમણુક સંઘ ચુંટણીના ધોરણ પર કરશે. તેમાં સ્થાન કામ કરનાર સેવાભાવીને મળશે. ધનવાનનો અગ્ર હક રદ થશે. તે સેવાભાવી હશે તો સમિતિમાં આવી શકશે, પણ તેની સેવાને કારણે અને નહિ કે ધનને કારણે.

સંઘમાં સ્ત્રી અને પુરુષ સજ્ઞાનનો મત આપવાનો અને હાજર રહેવાનો તથા સમિતિમાં બેસવાનો સમાન હક રહેશે.

સાધુસાધ્વીને સંઘબંધારણમાં બિલકુલ સ્થાન નહિ રહે. ચતુર્વિધ સંઘ એ સમૂહ બતાવનાર જૈન વર્ગનું સમુચ્ચય નામ છે. સાધુસાધ્વીને વહીવટી બાબતમાં ઉતારવા એ એમના ગૌરવને હાનિ કરનાર છે એમ ધારવામાં આવશે અને નવયુગના ઉપર વર્ણવ્યા છે તેવા પ્રકારના સાધુ સંઘકાર્યમાં સક્રિય ભાગ લેશે પણ નહિ, તેમનું કાર્ય ઉપદેશ અને પ્રેરણા આપવાનું રહેશે અને તેમનું નિયત

સ્થાન ન હોવાથી તેમનો સંઘમાં સમાવેશ વસ્તુસ્થિત્યા અશક્ય ગણવામાં હશે.

જે સ્ત્રીઓને અત્યાર સુધી સંઘમાં બોલાવી નથી, બોલવા દીધી નથી, સાંભળી નથી, તે નવયુગમાં ખૂબ રસ લઈ સંઘકાર્યમાં ભાગ લેશે અને સમસ્ત સંઘનો મેળાવડો થશે ત્યારે પ્રમુખની આખી જમણી બાજુ સ્ત્રીઓ લેશે અને તે બાજુ ભરચક રહેશે, ડાબી બાજુ પુરુષોને આપવામાં આવશે.

સંઘ અને તેની સમિતિનું કામ બહુ મતના ધોરણે થશે.

સંઘ પોતાના શહેરના જૈનોનું વસ્તીપત્રક વગેરે જરૂરી સર્વ આંકડા વખતોવખત એકઠા કરશે. સંઘ સાધારણ ખાતાને વિશેષ પુષ્ટ કરશે. સર્વ ખાતાંઓ સંઘની દેખરેખ નીચે ચાલશે. નાની નાની ઉપસમિતિઓ પોતા યોગ્ય કાર્ય સેવાભાવે ઉપાડી લઈ તેનો ઠરાવ પ્રમાણે અમલ કરશે.

સંઘના ફેંસલામાં વિશાળતા દીર્ઘદૃષ્ટિતા અને માર્ગદર્શિતા આવશે અને મહત્ત્વના ફેંસલાઓનો સંગ્રહ કરવામાં આવશે.

સમૂહબળ એ શી ચીજ છે, પ્રત્યેક વ્યક્તિને સમૂહબળથી કેટલી હૂંફ રહે છે, સલાહ, સહાય અને સૌહાર્દનો શો મહિમા છે, સ્વામીવાત્સલ્યને ભગવાને શા માટે સાચામાં સાચું સગપણ કહ્યું છે એના જીવંત દાખલા સંઘ આપશે. એ પ્રત્યેક વ્યક્તિને ઓળખશે, એને ભણાવશે, રસ્તે ચઢાવશે, એની આપત્તિ વખતે યોગ્ય સહાય કરશે અને પ્રત્યેક અંગના ઉત્કર્ષમાં સમાજનો–સંઘનો ઉત્કર્ષ માનશે. સંઘ એ સત્તાધારી મંડળને બદલે પરસ્પર સહાય કરનાર મંડળ બની જશે અને એના કાર્યવાહકો પોતાને શેઠ નહિ પણ સેવક માનશે

સજ્ઞાન સર્વ જૈનને મતાધિકાર મળશે. સંઘના ફેંસલા એક નાની સમિતિ આપશે. તે નિષ્પક્ષ અને સાપેક્ષ રહેશે. સંઘના ફેંસલા તરફ જનતાની રૂચિ ઉત્પન્ન થશે અને લોકો તેને વધાવી લેશે.

સંઘ સ્થાનિક સર્વ પ્રશ્નો વિચારશે. સામાજિક પ્રશ્નો તે શહેરને લાગેવળગે તેટલા જ વિચારશે અને વિશેષ વિશાળ–મોટા પ્રશ્નો ઉપર પ્રાંતિક સંગઠનને લખી મોકલશે. પ્રત્યેક જૈન વ્યક્તિને કેવી રીતે અગવડમાંથી દૂર કરાય તે સંબંધી તે બનતી યોજના કરશે. તે માત્ર નોતરાં માનવાં કે સંઘબહાર કરવા જ નહિ મળે અને એ બન્ને બાબતો તો નવયુગમાં તદ્દન નહિવત્ થશે, પણ ખરું કાર્ય તો તે સહકારનું કરશે. આર્થિક પ્રશ્નો વિચારવા, વ્યાપારધંધો, ખેતીઉત્પત્તિ, સ્વદેશી, ઔદ્યોગિક એ સર્વ પ્રશ્નો સ્થાનિક દૃષ્ટિએ વિચારશે અને સહકારી મંડળ (કો-ઓપરેટીવ)ના ધોરણ ઉપર જેની પાસે વધારે ધન હશે તેનું જમે કરી જેને જરૂર હશે તેને યોગ્ય સલામતી સાથે ધીરશે. એકંદરે સંઘના સભ્યની સર્વ પ્રકારની અડચણો–અગવડો દૂર કરવા સ્થાનિક સંઘ મજબૂત પ્રયત્ન કરશે.

સંઘબંધારણના ઘણાખરા નિયમો સર્વ સ્થાને સામાન્ય રીતે એક સરખા રહેશે, પણ સ્થાનિક પરિસ્થિતિ પર લક્ષ્ય રાખી જરૂરી વધારાસુધારા કરવામાં આવશે. પ્રત્યેક સજ્ઞાન સ્ત્રીપુરુષ જૈનના મતાધિકાર સંબંધમાં કોઈ પ્રકારનો અપવાદ કરવામાં આવશે નહિ.

એ ઉપરાંત ઉપયોગી પ્રશ્નો વિચારવા અને પરસ્પર સહાય કરવા પ્રાંતિક સંઘ સંગઠનનો પણ આવિર્ભાવ થશે. તેમાં સ્થાનિક સંઘો પ્રતિનિધિ મોકલશે અને આખા પ્રાંતને લાગુ પડે તેવા પ્રશ્નો આ પ્રાંતિક સંગઠનો વિચારશે, નિરધારશે અને તેની અને સ્થાનિક સંઘોની વચ્ચે ખૂબ સહકાર અને આદર રહેશે.

## પરિષદ

સમસ્ત સંઘ—આખા હિંદના સંઘો ઉપર એક પરિષદીય બંધારણ થશે, જેના હાથ નીચે પ્રાંતિક સંગઠનો કાર્ય કરશે. આ પરિષદ તે અત્યારની કોનફરન્સોનું રૂપક લેશે અને સમસ્ત જૈન કોમનું પ્રતિનિધિ બનશે. દિગંબર, સ્થાનકવાસી, શ્વેતાંબર કોન્ફરન્સોની આવશ્યકતા નહિ રહેવાથી તે સર્વ બંધારણોનું એકતાના રૂપમાં પરિવર્તન થઈ જશે.

આ પરિષદ તે વર્ષમાં ત્રણ ચાર દિવસ મળનાર મેળાવડો જ માત્ર નહિ રહે, પણ તે આખા વર્ષમાં કામ કરનાર જીવતું સક્રિય રૂપ લેનાર મંડળ થશે. એના અધિવેશન વખતે સ્થાનિક સંઘો જૈન વસ્તીના પ્રમાણમાં ઠરાવવામાં આવશે તે સંખ્યામાં પ્રતિનિધિ મોકલશે. એ અધિવેશન વખતે અતિ અલ્પ સંખ્યાવાળું એક કાર્યવાહક મંડળ નીમવામાં આવશે જે વર્ષ દરમિયાન વ્યવહારુ અમલી કાર્ય કરશે અને અધિવેશનના ઠરાવોના અમલ કરાવશે. એને પ્રસંગ પ્રાપ્ત થતાં મહાસભા—પરિષદના મૂળ સ્વરૂપને અનુરૂપ ઠરાવો કરવાની સત્તા રહેશે. તાત્કાળિક સલાહ લેવા માટે સમસ્ત ભારતીય પરિષદ સમિતિ પણ નીમવામાં આવશે (અધિવેશન વખતે) અને તે ખાસ આવશ્યક પ્રસંગોમાં કાર્યવાહક સમિતિને સલાહ આપશે. કાર્યવાહક સમિતિ તથા અખિલ ભારતીય સમિતિના સભ્યોની સંખ્યા અધિવેશન મુકરર કરશે.

સમસ્ત ભારતસંઘ અથવા પરિષદમાં સર્વ ફીરકા, ગચ્છો કે જ્ઞાતિના ભેદ સિવાય વીતરાગનો ધર્મ સ્વીકારનાર સર્વને પ્રતિનિધિ મોકલવાનો અધિકાર રહેશે. એ પ્રતિનિધિની પસંદગીમાં વિદ્યા અભ્યાસ અનુભવને ખાસ પ્રાધાન્ય આપવામાં આવશે. સ્ત્રી અને પુરુષ બન્ને પ્રતિનિધિ થઈ શકશે અને ચુંટાશે તે સમિતિ પર

કામ કરી શકશે. સ્ત્રીઓ ખાસ પ્રતિનિધિત્વ માગશે નહિ. તેનો વિકાસ એટલો થઈ ગયો હશે કે પુરુષો તરફની કૃપાની તેમને જરૂર રહેશે નહિ, તેઓ પોતાના બળથી જ અધિવેશનમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લેશે.

અધિવેશનમાં સમસ્ત જૈન કોમને લગતા પ્રશ્નો ઉપર ચર્ચા અને ઠરાવો થશે. જૈનધર્મને વિશ્વધર્મ કરવાની અનેક નવી નવી યોજનાઓ વિચારી તે પૈકી જેનો વ્યવહાર શક્ય હોય તેનો અમલ કરવાનો નિર્ધાર કરવામાં આવશે અને ઠરાવ કરીને અટકી ન જતાં તેનો અમલ કરવામાં આવશે.

સાહિત્યનો પ્રસાર, જનોપયોગી સાહિત્યની રચના, પૂર્વકાળના સાહિત્યનો ઉદ્ધાર, ઔદ્યોગિક આર્થિક પ્રશ્નોની વિચારણા, જનતામાં જૈનોનું સ્થાન, દુનિયામાં ઉઠતા રાષ્ટ્ર તથા આંતરરાષ્ટ્રના પ્રશ્નો પર વિચારણા, વ્યાપાર–મજૂરીનો અરસપરસ સંબંધ એવા સર્વ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવશે. જૈનોના હાથમાંથી કોઈ વ્યાપાર ચાલ્યા જતા કે મંદ થતા જણાશે તો તેની તપાસ, જરૂરી બાબતો પર કમિશન આદિ અને વ્યાવહારિક પ્રશ્નો પર વિચારણા અને અમલ કરવામાં આવશે.

જૈનોનો સાંસારિક વ્યવહાર સુધરે, ઉચ્ચ કક્ષા પર જાય તેવા લગ્નની તથા રીતરિવાજના પ્રશ્નો પર નિર્ણય કરવામાં આવશે અને કેટલાક સલાહ આપનારા ઠરાવો પણ કરવામાં આવશે.

જૈન વસ્તીના આંકડા સ્થાનિક અને પ્રાંતિક સંઘો અને સંગઠનો તરફથી મળેલ હશે તેનો સમુચ્ચય કરી તેના ઉપર અનેક જાતના ઠરાવો કરવામાં આવશે. અને આગામી પ્રગતિના માર્ગો વિચારવામાં આવશે. સમસ્ત જૈન કોમમાં કોઈ અભણ ન રહે તેની પ્રથમ યોજના કરવામાં આવશે. ત્યાર પછી માધ્યમિક

અભ્યાસ, ઉચ્ચ અભ્યાસ, વ્યાપારી અભ્યાસ, વિજ્ઞાનનો અભ્યાસ—કેળવણીની અનેક દિશાઓ ખોલવા માટે સક્રિય ઠરાવો કરવામાં આવશે. કેળવણીગૃહો, બોર્ડિંગો અભ્યાસગૃહોને એવી રીતે યોજવામાં આવશે કે વ્યાવહારિક શિક્ષણ સાથે ધાર્મિક શિક્ષણ ગૂંથાઈ જાય અને પરિણામે સેવાભાવી સાદા જીવનને વહન કરવાવાળા ત્યાગસન્મુખ માણસો ઉત્પન્ન કરવા પણ તે નજર રાખશે.

કેળવણીની સંસ્થાઓ કરવામાં જૈન કોમની જરૂરિયાત અને આજુબાજુનું વાતાવરણ એ સર્વની સાથે ચાલવા પૂરતી ચિવટ રહેશે અને તે સર્વમાં જૈનની મૂળ ભાવના ઉપરથી લક્ષ્ય કદિ ખેંચી લેવામાં નહિ આવે. આખી યોજનાનો આશય એવો રહેશે કે જૈનમાં નિરાશ્રિત શબ્દ ન રહે અને સખત હરીફાઈના જમાનામાં જૈનો પોતાનું સ્થાન જાળવી રાખે અને આગળ ધપાવી શકે. આ દેખીતી મુશ્કેલ બાબત સર્વના સહકારથી સ્થાપવા જૈનો દાવો કરશે અને એક પિતાના પુત્રની માફક પરસ્પર પ્રેમથી તેને પ્રાપ્ત કરશે.

પરિષદમાં સમસ્ત જૈન કોમને લાગેવળગે તેવા સામાન્ય પ્રશ્નો જ વિચારવામાં આવશે. મંદિર અને તીર્થના પ્રશ્નો શ્વેતાંબરો પોતાની વિભાગી પેટા પરિષદમાં વિચારશે અને દિગંબરો પોતાની પેટા પરિષદમાં વિચારશે, પણ તીર્થ કે મંદિર અન્યને બાધા પીડા કરનાર ન થાય અને વીતરાગના શાસનમાં વૈરવિરોધ વધારવાનું નિમિત્ત સીધી કે આડકતરી રીતે બની ન આવે તેની ચીવટ રાખવામાં આવશે.

પરિષદ રાષ્ટ્રધર્મ ઉપર ખૂબ ધ્યાન આપશે. ધર્મ પરિષદ એકદેશીય કે કોમી ન થઈ જાય તે મુદ્દા પર ચીવટ રાખી અમલ કરશે. જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારથી જનતાને ખાસ લાભ છે અને

એના લડાઈ દારૂગોળાના પ્રશ્નના નિકાલ ત્યાં જ પ્રાપ્તવ્ય છે એ દૃષ્ટિએ અને જનતામાં મૈત્રીભાવ તથા અહિંસા ફેલાવવામાં જ તે પોતાનું અસ્તિત્વ સકારણ અને સફળ થયેલું માનશે. આ મુદ્દા પર ચીવટ રાખી ધ્યાન આપવામાં આવશે.

આવા અધિવેશનનું પ્રમુખસ્થાન અનુભવી વિદ્વાન અને સિદ્ધ દીર્ઘદૃષ્ટા જૈનને આપવામાં આવશે. એ યોગ્ય સન્નારી કે સજ્જન હોઈ શકે. ધનવાનને એ સ્થાન પર હક્ક નહિ રહે, છતાં ધનવાન પણ અનુભવીની કક્ષામાં આવી શકે તેવા હોય અને તે સ્થાનને આધિપત્ય કે શેઠાઈના સ્થાન તરીકે નહિ પણ સેવાનો ઉજ્જવળ પંથ ઉઘાડનાર તરીકે સમજનાર હશે તો ધનવાન હોવા ખાતર તેનો નિષેધ કરવામાં નહિ આવે.

સ્થાનિક સંઘોના તફાવતનો નિર્ણય પ્રાંતિક સંગઠન કરશે, પણ અતિ ગૂંચવણવાળી કે મુદ્દાની બાબત હશે તો તેનો નિકાલ કાર્યવાહક મંડળ કરશે.

આ પરિષદ મંડળનાં સ્થાનો જરૂરિયાત પ્રમાણે પ્રાંતેપ્રાંતમાં ગોઠવવામાં આવશે. એની મુખ્ય જગા એક વર્ષ માટે કોઈ મધ્યસ્થ સ્થળે અથવા કાર્યવાહક મંડળ ઠરાવે ત્યાં રાખવામાં આવશે.

કાર્યવાહક મંડળ લગભગ ૧૫ સભ્યોનું બનશે, ભારતીય સમિતિ લગભગ ૩૦૦ સભ્યોની બનશે. આ સંખ્યામાં ફેરફાર જરૂરિયાત પ્રમાણે વખતોવખત થયા કરશે. આખી યોજના યંત્રવત્ કાર્ય કરશે અને આખું મંડળ અને એનું પ્રત્યેક અંગ પોતાનું કાર્ય બરાબર બતાવી શકશે. સમસ્ત હિંદની, પ્રાંતની અને સ્થાનિક કાર્યોની, કાર્ય કરનારાઓની અને અમલ કરવાની પદ્ધતિની એવી સુંદર યોજનાપૂર્વકની વ્યવસ્થા કરવામાં આવશે કે આખી

યોજના કોઈ ઠેકાણે સંઘટ્ટન નહિ કરે કે પરસ્પર ગૂંચવાઈ નહિ જાય અને ક્ષેત્રમર્યાદાની કોઈ ગૂંચવણ થશે તો કાર્યવાહક મંડળના ફેંસલાને જનતા શિરસાવંદ્ય ગણશે. આખું સંઘ સંગઠન અને અને પરિષદનું આખું બંધારણ લેખીત કરવામાં આવશે અને તેમાં શંકા કે ગૂંચવણને સ્થાન ન રહે તેટલું તે સાદું, સ્પષ્ટ અને વ્યવહારૂ કરવામાં આવશે. આ પરિષદ આદિમાં વિચારવાના અનેક પ્રશ્નો અહીં નથી ચર્ચ્યા પણ લેખમાં તે તેના સ્થાન પર આવી ગયા છે અને હવે પછી આવશે. દરેક વિચારણા અને નિર્ણયમાં સાપેક્ષવૃત્તિ રાખવામાં આવશે અને ભગવાનનો માર્ગ જગતના હિતને માટે બતાવવા–વિસ્તારવા યોગ્ય છે એ નજરે અને નહિ કે મારો ધર્મ છે કે મારા બાપદાદાનો ધર્મ છે એ નજરે એના પર જોવામાં આવશે. હૃદયની નિર્મળતા, સાધ્યની સાપેક્ષતા અને પુરુષાર્થની પ્રચુરતા આગળ પર્વત જેવી મુશ્કેલીઓ પર દૂર થઈ શકે છે અને સેવાભાવે અપાયલા ભોગો કે કરેલાં કાર્યો કદિ નકામાં જતાં નથી એ નિશ્ચયના બળ પર નવયુગ ઝઝૂમશે.

સામાજિક સ્થિતિને અંગે આપણે શિખર પર એકદમ શરૂઆતથી જ ગયા. આ પરિષદ આદિ બંધારણો પર અવારનવાર વિચાર કરવાનો રહેશે તે આગળ આવશે. આપણે હવે સામાજિક પ્રશ્નો પર અને ખાસ કરીને વ્યવહારના પ્રશ્નો પર નવયુગનો શો નિર્ણય રહેશે તે સંક્ષેપમાં જોઈ જઈએ. નવયુગની વિચારધારાના મુદ્દાઓ આપણે ઓછેવધતે અંશે સમજી ગયા છીએ તેથી હવે ઘણો વિસ્તાર કરવાની જરૂર નહિ રહે. નવયુગનું ધોરણ અનેક પ્રશ્નને અંગે તદ્દન નૂતન થવાનું છે એટલી પ્રસ્તાવના સાથે આપણે વ્યવહારના થોડા પ્રસંગો વિચારી જઈએ.

## જ્ઞાતિ

સામાજિક પ્રશ્નો વિચારતાં સૌથી મહત્ત્વના બે પ્રશ્નો તરી આવે છે. તેમાં પહેલો પ્રશ્ન જ્ઞાતિનો છે. જૈનદર્શનનો આખો પ્રશ્ન જોતાં અત્યારે જે ઉપલબ્ધ સાહિત્ય છે તેમાંથી કોઈ ગ્રંથમાં અમુક માતપિતાને ત્યાં જન્મ થવાથી મોક્ષપ્રાપ્તિપ્રયાસ માટે બીનલાયકાત થતી હોય એવું નવયુગના જોવામાં આવશે નહિ. એ કર્મનો આખો સિદ્ધાન્ત તપાસી જશે તો તેને ઉચ્ચગોત્ર અને નીચગોત્ર નામક એક કર્મ મળશે, પણ તેના હાર્દમાં તે ઉતરશે ત્યારે અમુક વિભાગમાં ઉચ્ચનીચતા એટલે સરખામણીમાં વ્યવહાર-નજરે એ વિભાગ જણાશે પણ એનો આખો આશય તદ્દન જુદો જ છે એમ એ જોશે. એ તત્ત્વજ્ઞાનનો વિભાગ અત્ર ચર્ચવા નહિ રોકાઈએ. પણ એક વાત તેને સ્પષ્ટ મળી આવશે તે એ છે કે જન્મથી ઉચ્ચ કે નીચ ગોત્ર તેને સાંપડ્યું હોય તેથી તે ભવમાં મોક્ષ જવાની તેની યોગ્યતા ઉપયુક્ત સાધનો દ્વારા પુરુષાર્થસાધ્ય હોવામાં તેને વાંધો જોવામાં આવશે નહિ.

તેને મહાચોરી કરનાર મોક્ષે ગયેલા દેખાશે, તેને દરરોજ પાંચસે પાડાનો વધ કરનાર તદ્ભવ મોક્ષ સાધતા દેખાશે, મનુષ્યના મારેલા શરીરથી વિખૂટી પાડેલી ખોપરી હાથમાં રાખનાર ‘ઉપશમ વિવેક સંવર’ એટલા શબ્દો સાંભળી મોક્ષમાર્ગે ચઢી જતાં એ જોશે. ચંડાળ કુળમાં ઉપજેલ હરિકેશિ, તુચ્છ ઢેડ જેવા હલકા મેતાર્ય મુનિ, નાટક કરતા એલાયચી કુમારને વરનારી ડુંબકન્યા તદ્ભવ મોક્ષગામી દેખાશે અને અઠંગચોર રોહીણેય જેવાને રસ્તો સાંપડતો એને જણાશે. ખુદ મહાવીર પરમાત્માને એ ભવમાં નીચગોત્ર કર્મનો ઉદય ૮૨ રાત્રિ સુધી રહ્યો હતો, છતાં તેમને મોક્ષ જવામાં વાંધો આવ્યો નથી. આવા અનેક દાખલાઓ

નવયુગને શિક્ષણીય થઈ પડશે અને તેમાંથી એ જે પરિણામ તારવશે તે વર્તમાન યુગને અતિ ભયંકર લાગે તેવું છે.

શ્રી વીરપરમાત્માને અંગે કલ્પસૂત્રમાં જે પાઠો આપવામાં આવ્યા છે તે એને શું બતાવશે? "અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે અંતકુળ, તુચ્છકુળ. દારિદ્રકુળ, બ્રાહ્મણકુળમાં જન્મે નહિ. અરિહંત ચક્રી બળદેવ વાસુદેવ ઈક્ષ્વાકુકુળમાં, રાજકુળમાં, ભોગકુળમાં, હરિવંશકુળમાં જન્મે." આ આખા પાઠનો આશય સમજવા યોગ્ય છે. બ્રાહ્મણકુળને તુચ્છ શા માટે કહ્યું? દરિદ્રી શા માટે કહ્યું? એની પછવાડે મોટો ઇતિહાસ છે. બ્રાહ્મણોએ મળેલ અથવા ઓઢી લીધેલ સત્તાનો ખૂબ દુરૂપયોગ કર્યો હતો, તેઓએ યજ્ઞોને હિંસાનાં મોટાં સત્રો બનાવી દીધાં હતાં, સોમરસને નામે દારૂને પીવામાં મસ્તી બતાવી હતી અને નિયોગને ધર્મ્ય બતાવી તે કાર્ય વિદ્યાસંપન્ન બ્રાહ્મણને સોંપી તે દ્વારા વિષયલાલસા તૃપ્ત કરવાનાં ધતિંગો ઊભાં કર્યાં હતાં. આ સર્વ ઇતિહાસથી સિદ્ધ થયેલી બાબતો છે. એની સામે જૈનદર્શનનો મોટામાં મોટો વિરોધ હતો. બ્રાહ્મણોએ વેદાધ્યયન માટે એકહથ્થુ અધિકાર કરી તેનો દુરૂપયોગ કર્યો હતો અને ઉચ્ચ લોક અને યજમાન વચ્ચે 'એજન્ટ'નું સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું તે એટલે સુધી કે જરૂરી મંત્રો યજમાનને બોલાવતા હોય તે પણ બ્રાહ્મણો જ બોલે.

આ એજન્સીની પદ્ધતિ, હિંસા અને દારૂનો પ્રચાર અને ઇન્દ્રિયતૃપ્તિ માટે બ્રહ્મભોજન નિયોગ આદિ સર્વ વાત સામાન્ય બુદ્ધિને પણ વિરૂપ લાગી. જૈનદર્શને એ સામે ઉઘાડો આક્ષેપ કર્યો. હિંદમાં પ્રાચીન ધર્મ જૈન હતો, બ્રાહ્મણો મધ્ય એશિયામાંથી થોડાં કુદરતી સત્તાઓની પ્રશંસા કરનારા સૂક્તો લઈ આવ્યા હતા. જૈનોના સંબંધમાં આવ્યા પછી તેમણે જીવ, જગત અને ઈશ્વરનું તત્ત્વજ્ઞાન ઉપનિષદો દ્વારા વીકસાવ્યું—એ સર્વ પણ ઇતિ-

હાસની બાબત છે. અત્ર પ્રસ્તુત વાત એ છે કે બ્રાહ્મણની એકહથ્થુ સત્તા સામે અને વર્ણાશ્રમના ભેદ સામે જૈનોએ પ્રથમ ઝુંડો ઉપાડ્યો. જૈનદર્શનનો આખો મોક્ષવાદ કે ગુણક્રમારોહ એવો સ્પષ્ટ છે કે એમાં વર્ણ કે આશ્રમને સ્થાન હોઈ શકે નહિ. વર્ણ અને આશ્રમ તોડી સર્વ પ્રાણીઓને સમાન કક્ષા પર મૂકવા અને જેઓને પ્રયત્ન કરી પ્રગતિ કરવી હોય તે વય કે જન્મના વાંધા સિવાય કરી શકે એ મૂળ સિદ્ધાંત જૈનનો અને બૌદ્ધોએ પણ તુરત જ ત્યાર પછી તેને સ્વીકારેલો એ ઐતિહાસિક સત્યનું રહસ્ય વિચારતાં તેઓને જ્ઞાતિઓ જૈનદર્શનના મૂળ ઉદ્દેશ અને પાયાની તદ્દન વિરુદ્ધ લાગશે.

પણ તેમને સવાલ કરવામાં આવશે કે જૈન ધર્મ માનનાર તો અનેક જાતિઓ છે. ઓશવાળ, શ્રીમાળ, પોરવાડ—તેમાં વળી વીશા અને દશા અને કાંઈ નાની નાતોનો પાર નથી. એનો એ તપાસ કરી જવાબ આપશે કે હિંદુ સાથેના ગાઢ સહવાસનું એ પરિણામ છે. ધીમે ધીમે હિંદુ સાથે ભાઈચારો વધતાં તેમના વ્રતો–પર્વો કરવા માંડ્યા અને જ્ઞાતિઓ જૈનમાં પણ દાખલ થઈ ગઈ અને કાળક્રમે એણે એવું રૂપ લઈ લીધું કે હિંદુઓ કરતાં પણ જૈનો જ્ઞાતિના ચક્કરમાં વધારે સપડાઈ ગયા. પણ મૂળ મુદ્દો અને આખા દર્શનના વિકાસનું રહસ્ય અને તેનો ઇતિહાસ વિચારતાં કોઈ પણ રીતે જ્ઞાતિભેદ જૈનદર્શનને પાલવે નહિ, પોષાય નહિ, એના સુસ્પષ્ટ સિદ્ધાંતોની સાથે કોઈ પણ રીતે મેળ ખાય નહિ. આ નિર્ણય એ ખૂબ ચર્ચા કરી શાસ્ત્રગ્રંથો જોઈ અનેક ઐતિહાસિક પ્રસંગો અવલોકી જૂની શોધખોળ કરી જાહેર કરશે.

અને તેમાં હાલમાં જે રીતે જ્ઞાતિઓ ભાંગીતૂટી રીતે ચાલે છે તે બાબત એના નિર્ણયોને પુષ્ટિ આપશે. જ્ઞાતિ વ્યક્તિ

વિકાસની આડે આવનાર થાય છે, એ જ્ઞાતિજનના વિકાસ માટે કદી વિચાર કરતી નથી, એની કર્તવ્યતા જમણ અને લગ્નની પરવાનગીમાં અને નિરર્થક પરિણામશૂન્ય ઝઘડા કરવામાં સમાઈ જાય છે અને પૂર્વકાળમાં તેણે કદાચ શંકાસ્પદ સેવા બજાવી હોય કે ગમે તેમ હોય, પણ આ નવયુગમાં તેને ચાલુ રાખવી એ પાપ છે, દોષ છે, પ્રગતિ વિરોધક છે અને વગર અર્થનો ગળે બાંધેલો પથ્થર છે. નવયુગનો માણસ પ્રાચીન કાળના નાતોના મેળાવડાઓ, તેમાં થતા ન્યાયો, વિધવાઓની હાલાકીઓ અને ગરીબોને થતા ત્રાસોનાં નાટકો કરશે. ન્યાય, વાત્સલ્ય, પ્રેમ, લાગણી કે ભ્રાતૃભાવ જેવું એ નાત—જ્ઞાતિમાં એક તત્ત્વ પણ જોશે નહિ. એના મેળાવડાની અનિયમિતતા, એમાં ભાગ લેનાર પોતાને માનતો વડીલવર્ગ અને એની આખી સંકલના અર્થશૂન્ય, વિચારશૂન્ય, વિવેકશૂન્ય થઈ ગયેલી નવયુગને લાગશે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તૂટું તૂટું થઈ રહેલા આ જ્ઞાતિ સાજનાઓને નવયુગ એક ધડાકે બેસાડી દેશે. એની સામે સખત વાંધાઓ તો લેવાયા છે અને લેવાશે, પણ એની રહીસહી સત્તા નવયુગમાં ચગદાઈ જશે. ખાસ કારણ કે પરિણામનો વિચાર કર્યા વગર નવયુગ કોઈ સંસ્થા કે બંધારણ માત્ર પ્રાચીન હોવાને કારણે ભાંગી નાખવાની ધૃષ્ટતા કે મૂર્ખતા નહિ કરે, પણ જ્ઞાતિને અત્યારના આકારમાં ચાલુ રાખવાનું તેને એક પણ કારણ જણાશે નહિ. સમષ્ટિ કે વ્યક્તિને એનાથી લાભ થવાનો સંભવ પણ એ જોશે નહિ અને એનો છેલ્લા કાળનો સોએક વર્ષનો ઇતિહાસ એના જીવનને વધારે લંબાવવામાં સહાયભૂત થવાને બદલે એને જેમ બને તેમ જલદી જમીનદોસ્ત કરવા જ પ્રેરશે. આ જ્ઞાતિની તૂટતી સ્થિતિ એકલી જૈન કોમને જ લાગુ પડે છે એમ સમજવાનું નથી; એનો એ જ અથવા એવો જ ઇતિહાસ અન્યત્ર પણ છે અને ત્યાં એની

પડતી દશા શરૂ થઈ ગઈ છે અને તે વર્તમાન ઇતિહાસથી અજાણ્યું રહ્યું નથી. જ્ઞાતિઓને સ્વીકારવામાં જૈનોએ હિંદુઓનું અનુકરણ કર્યું છે તો તેને ઓળવાણે ચડાવવામાં તેને પગલે ચાલે તો તેમાં નવાઈ જેવું નથી એમ નવયુગને લાગશે.

જ્ઞાતિની બાબત ચાલે છે ત્યારે એક વાત વિચારવા જેવી છે. જેવી નાની નાની નાતો, પ્રાંતિક ભેદો ગુજરાત કાઠિયાવાડમાં છે તેવાં અન્યત્ર હિંદમાં કોઈ સ્થાને નથી. ગુજરાતમાં કેટલીક આખી નાતની પુરુષ, સ્ત્રી અને બાળકોની સંખ્યા ૨૩૦ની છે. આ જ્ઞાતિમાં પરણવા યોગ્ય કન્યાને લાયક પતિ મળતો નથી અને રમતા ખપતા લાયક યુવક ગ્રેજ્યુએટને કન્યા મળતી નથી. જ્ઞાતિના પ્રશ્નને લગ્નના પ્રશ્ન સાથે અતલગનો સંબંધ છે તે આગળ જોઈશું.

દીર્ઘદૃષ્ટિ વગરના, અજ્ઞાનતાને કારણે પોતાની અતિ નાની બુદ્ધિને દુનિયાની અક્કલનો ઇજારો માનનારા જ્ઞાતિના આગેવાનોએ નાતનો વહીવટ એટલો ખરાબ કરી નાંખ્યો છે કે એ શબ્દ જ ઘૃણાસ્પદ થઈ ગયો છે. સંઘબંધારણનો ઉદ્ધાર સુધારો અને પ્રગતિ નવયુગમાં થશે ત્યારે તેના પોતાના જ ભારથી જ્ઞાતિઓ ફટાઈ કુટાઈ ખલાસ થઈ જશે.

અને તેમ થાય તેમાં જૈનદર્શનની નજરે જરા પણ શોચ કરવા યોગ્ય નથી એમ નવયુગને લાગશે. નાતો ભ્રાતૃભાવ અંદર પોષી શકતી નથી અને બહારના ભ્રાતૃભાવની આડે આવે છે. સંસ્કારી જૈન પોતે દશાશ્રીમાળી હોવાથી પોરવાડની કન્યા લઈ શકે નહિ કે આપી શકે નહિ એ આખી વાત એવી વિચિત્ર છે કે નવયુગને એ આખી વ્યવસ્થામાં કાંઈ પણ પસંદ કરવા યોગ્ય કે ચર્ચા કરીને રસ્તો કાઢવા યોગ્ય પણ પ્રસંગ લાગશે નહિ. આ

રીતે વ્યવહારમાં પ્રથમ અગત્યનો જ્ઞાતિનો પ્રશ્ન પૂરો થાય છે અથવા નવયુગમાં જ્ઞાતિ પર ઢાંકણું પડે છે અને તે જૈનદર્શનના ઊંડા રહસ્યને તદ્દન અનુરૂપ છે એવી નવયુગની માન્યતા સાથે તે ઉપર પડદો પડે છે.

## લગ્ન

પણ જ્ઞાતિના પ્રશ્નના નિકાલથી લગ્નના પ્રશ્નનો નિકાલ થઈ જતો નથી. આ પ્રશ્નના સંબંધમાં ખૂબ ચર્ચા નવયુગમાં થશે. એ પ્રશ્ન નવયુગના અતિ મહત્ત્વના બે પ્રશ્નોમાંના એકનું રૂપ લેશે. લગ્ન અને મિલ્કત (Marriage and property) આ બે પ્રશ્નો હિંદમાં એના અનેક આકારમાં ચર્ચાશે.

બાળલગ્નનો પ્રતિબંધ ત્યાં સુધીમાં પૂરો થઈ ગયો હશે. અષ્ટવર્ષની ગૌરી અને રજસ્વલા કન્યાને પિતા જુએ તો સાત પેઢી રૌરૌ નર્કમાં જાય એ સનાતન હિંદુ માન્યતાના ફુડચા ત્યાં સુધીમાં ઊડી ગયા હશે. ઢીંગલાઢીંગલીના લગ્નના પ્રસંગો દૂર થવાથી એક મોટા પ્રશ્નનો લગ્નને અંગે સુધારો થઈ ગયો હશે, પણ લગ્નને અંગે કન્યાસંબંધ ક્યાં કરવો તેના ક્ષેત્રની વિચારણા ભારે ચર્ચા ઉત્પન્ન કરશે.

વર્તમાન કાળમાં નાની જ્ઞાતિઓને કન્યા લઈને કેળવણીને ભારે મોટો આઘાત થાય છે. માબાપો સંસ્કારી હોય, કન્યાકેળવણીમાં જાતે રસ લેનારા હોય અને કન્યાને કેળવણી આપવી જોઈએ એ મતના હોય, છતાં પણ કન્યાને કેવો પતિ મળશે, તે ભણેલ હશે કે થોડું ભણેલ હશે, આદિ અનેક ગૂંચવણને કારણે કન્યાને ઉચ્ચ કેળવણી આપતાં અચકાય છે. કેટલાક તો પ્રાથમિક દેશી ભાષાનો અભ્યાસ કરાવી કન્યાને ગૃહોપયોગી કાર્ય કરતાં શીખવવા લાગે છે અને એક કન્યાનો જન્મ થાય ત્યારથી એને ઠેકાણે ક્યાં

પાડવી તેની ચિંતા કર્યા કરે છે. અનેક સંસ્કારી માબાપોને પોતાની પ્રિય પુત્રીઓ ખાટી છાશને ઉકરડે નાખે તેવી સ્થિતિમાં મર્યાદિત ક્ષેત્રને કારણે ગમે તેને આપવી પડે છે. કોઈ સંસ્કારી માબાપને આ વાત ગમતી નથી. છતાં હૃદયબળની ખામીને કારણે તેનો ઉપાય વિચારી શકતા નથી. એક વિદ્યાગૃહના સંચાલક ઉપર યોગ્ય પતિ શોધી આપવા માટે એટલા ભલામણપત્રો કે સલાહ માગનારા પત્રો આવે છે કે એને લગ્નાલય કાઢવું જ બાકી રહે.

એ દરમિયાન નાના મોટા બળવાઓ થવાના અનેક પ્રસંગો બને છે. કોઇ હિંમતવાન માબાપ મર્યાદાની હદ મૂકી દે છે, કોઈ સંસ્કારી કન્યા પોતા યોગ્ય પસંદગી કરી માબાપને ઘેર રાખી લગ્ન કરી નાંખે છે અને આવા અનેક પ્રસંગો પરિવર્તન કાળમાં બને છે. સંસ્કારી કન્યાઓ જૈન ધર્મ છોડી દેતી અનુભવાય છે અને તેનાં કર્મને ઠપકો આપવાને બદલે સમાજબંધારણને વિચારવાનું કે તેમાં દેશકાળાનુસાર ફેરફાર કરવાનું પ્રાચીનોને પાલવ્યું નહિ કે સૂઝયું નહિ તે ગમે તે હો, પણ તેથી સમાજને ઘણું નુકસાન થયું છે તે વગર શંકાની વાત છે—એવો ફેંસલો આખા પરિવર્તન-કાળના પ્રસંગો પર નવયુગ મુક્ત કંઠે આપશે.

છતાં પરિવર્તન કાળમાં જ્ઞાતિનાં બંધારણો ભાંગવાની અણી ઉપર આવવા છતાં ગમે તેમ ટકી રહ્યા છે, પણ તે તો નવયુગમાં ટકી શકે તેમ નથી તે ઉપર આપણે જોઈ ગયા. એ સંબંધી નવયુગનો નિર્ણય કોઈ પ્રકારનો અર્ધ માર્ગ સ્વીકારે તેવું પણ લાગતું નથી. એટલે પરિવર્તન કાળના દાખલાઓને દિશાસૂચક ગણી નવયુગ લગ્નના પ્રશ્નનો નીચે પ્રમાણે નિકાલ કરશે.

આ સંબંધમાં અનુભવીના મતો એમ થાય છે કે નવયુગ પ્રથમ પ્રાંતિક તફાવત દૂર કરશે. એટલે દાખલા તરીકે વીશા-

શ્રીમાળીની જ્ઞાતિમાં અત્યારે માત્ર ગુજરાત કાઠિયાવાડમાં ચૌદ અલગ વિભાગો છે તે પ્રથમ જોડાશે. ત્યાર પછી દશાવીશાનો ભેદ ટળશે. પછી ઓશવાળ, શ્રીમાળી, પોરવાડ સર્વનો ભેદ જઈ વણિક જૈન કન્યા આપતા લેતા થશે. ધીમે ધીમે સુધારા કરનારાઓનો આ મત છે. આ હિસાબે કન્યાના છૂટથી લગ્ન થવામાં ઓછામાં ઓછા સો વર્ષ લાગે, અને સો વર્ષની આખરે વાણિયાઓમાં પરસ્પર લગ્ન વ્યવહાર થઈ શકે એવી સ્થિતિ કલ્પી શકાય.

વધારે માનસશાસ્ત્રના અભ્યાસી અને પશ્ચિમના સંસ્કારને સમજનાર અને પચાવનાર વિચારકોનો મત એવો છે કે નવયુગમાં એક સપાટે હલ્લો થશે. સુધારાઓ ભાઈબાપુ કરીને થતા નથી. એમ કરતાં તો જમાનાઓ પસાર થઈ જાય અને દરમ્યાન અનેક નિર્દોષોના ભોગ અપાઈ જાય. સુધારા બળવાથી જ થાય છે. અને જ્યારે વાત મૂળથી ખોટી લાગે છે અને દીકરીનો જન્મ જ સુધારવો છે તો પછી અર્થ વગરની મર્યાદા શા માટે ઘડીભર પણ ચલાવવી જોઈએ? એક વસ્તુને ત્યાજ્ય જાણ્યા પછી તો તે ખાતર સહન કરવું પડે તો થોડી અગવડ વેઠીને પણ વાતને ફેરવી નાખવી ઘટે અને નવયુગમાં જ્યારે જવાઆવવાનાં સાધનો માત્ર રગશિયાં ગાડાં નહિ પણ રેલવે મોટર અને વાયુયાન થયાં છે તેવા વખતમાં સોળમી સદીના સૂત્રો—મુસલમાન યુગના રિવાજો કેમ ચલાવી લેવાય? અને કેમ ચલાવવા દેવાય?

ટૂંકામાં આ વર્ગનો નિર્ણય કન્યાને ગમે તે જૈન ધર્મ માનનારને આપી શકાય તેવો રહેશે. એને ધર્મ માટે જરૂર ગૌરવ રહેશે, એ પોતાની કન્યાને અન્ય ધર્મી સાથે લગ્ન કરતી ઇચ્છશે નહિ, પણ સંસ્કારી સમાનવયસ્કને આ બાબતમાં પૂરતી છૂટ

મળવામાં કોઈ પણ પ્રકારનો દોષ થતો તેની નજરમાં નહિ આવે. આવા પ્રચંડ ફેરફાર—સુધારા સામે જ્ઞાતિઓ ઉગ્ર રૂપ બતાવશે, પણ તે માત્ર નામનું જ રહેશે. જ્ઞાતિઓ ભાંગવાની અણી ઉપર જ છે, એનો બારીક અભ્યાસ કરવામાં આવે તો એને ભાંગી ગયેલી જોઈ પણ શકાય છે, પરંતુ લગ્નના પ્રશ્નથી એના ઉપર છેલ્લો કડાકો પડશે એવો આ વર્ગનો મત છે.

લગ્નના પ્રશ્નને અને જ્ઞાતિના અસ્તિત્વના પ્રશ્નને ગૂંચવી નાખવા જેવો નથી. જ્ઞાતિ તો લગ્નના પ્રશ્ન વગર પણ મરણ-પથારીએ પડેલી છે. એને જ્ઞાતિજનોના હિત સાથે બહુધા સંબંધ જ નથી. એણે જ્ઞાતિના પુત્રપુત્રીઓને ભણાવવા વિચાર કર્યો નથી અને લગ્નનો પ્રશ્ન એ મગજને ઠેકાણે રાખી ગોઠવી શકે એવી એની સ્થિતિ નથી. જ્ઞાતિસમૂહમાં એવું એક પણ તત્ત્વ નવયુગના દૃષ્ટિબિંદુથી શોધ્યું જડી શકે તેમ પણ નથી કે જેની ખાતર જ્ઞાતિના જીવનને લંબાવવા પ્રયત્ન કરવાની પણ જરૂર રહી શકે. એ જીવનકાળ એ ઉલ્લંઘી ગઈ છે, નવયુગમાં એ ઇતિહાસ વૈપરિત્ય જ ગણાશે અને લગ્નનો પ્રશ્ન એનો મૃત્યુઘંટ બનશે.

દીકરાના જેવું શિક્ષણ આપી નવયુગના સંસ્કારથી વાસિત કરેલી સુઘડતા, સ્વચ્છતા સેવાભાવનાના વાતાવરણમાં ઉછરેલી કન્યાને ગમે તેવા મૂર્ખને આપવી અને તે જ વખતે યોગ્ય પતિ એને સહધર્મી સમાનવયસ્ક સંસ્કારી મળતો હોય તેને ન આપવી એ કયા નિયમથી નવયુગ માન્ય રાખે તેની કલ્પના પણ બેસતી નથી અને આ દૃષ્ટિ હજુ સુધી પ્રાચીનો જોઈ શક્યા નથી એ તેમની લાંબી નજર પહોંચાડવાની શક્તિ અશક્તિનો જ નિર્દેશ કરે છે એવો મત નવયુગનો થશે.

## પુત્રીનાં લગ્નને અંગે ત્રણ પ્રશ્નો

પણ લગ્નના પ્રકરણમાં જ્ઞાતિને મૂંઝવનારા બીજા ચાર પ્રસંગો બનશે તે પૈકી ત્રણને વિચારવાનું અત્ર સ્થાન છે. પ્રથમ પ્રશ્ન: અત્યાર સુધીની માન્યતા એવી છે કે કન્યાનું લગ્ન માતપિતા કરે અને તે કન્યાએ માન્ય રાખવું પડે. 'દીકરી ને ગાય—જ્યાં દોરે ત્યાં જાય.' આ મત પ્રચલિત હતો. નવયુગની દીકરીઓ ગાય જેવું જનાવર પ્રાણી નહિ રહે અને તે દોરવણી સ્વીકારશે નહિ અને તેને દોરવી શકાશે નહિ. આ ભારે મૂંઝવણનો સવાલ છે.

દીકરી સંસ્કારી થશે એટલે કોને પરણવું, ક્યારે પરણવું તે નક્કી કરવાનો માબાપનો હક્ક લઈ લેશે. દીકરીને ગાય ધારવામાં આવતી હતી તે વિચારમાં પણ તેને અપમાન લાગશે અને તે પોતાનો પતિ શોધવાનો અને નિર્ણય કરવાનો હક્ક કાયમ કરશે. અને માતપિતા તો વધારેમાં વધારે તેને સલાહ આપી શકે તેટલું જ કરી શકશે. માબાપ લગ્નની બાબતમાં વધારે માથું મારી શકે એવી સ્થિતિ જ નહિ રહે. જ્ઞાતિજનોની આ પહેલી મુંઝવણ થશે. સંસ્કારી છતાં નાતજાતના સંસ્કારમાં ઉછરેલા માબાપો નાતને જવાબ આપશે કે દીકરી એની ઇચ્છા પ્રમાણે કરે અને છતાં પૂછવું હોય તો તેને પૂછો. અત્યાર સુધીના જ્ઞાતિ વહીવટમાં દીકરીને પૂછ્યું નથી, હવે ન પૂછે તો ચાલે તેવું નથી અને દીકરીને પૂછતાં નાતનો વટ જાય—આ પ્રથમ મૂંઝવણ.

બીજી મૂંઝવણ જ્ઞાતિને એ થશે કે અનેક કન્યાઓ ભણીગણી પત્ની તરીકેની જવાબદારી લેવા જ ના પાડશે. સંસાર માંડવો કે નહિ તે તેના કબજાની—મરજીની વાત છે. 'ડોસો કુંવારો સાંભળ્યો છે, ડોશી કુંવારી સાંભળી નથી.' આ આખું સૂત્ર

નાતના આગેવાનોને દીવા જેવું લાગશે અને છતાં ઇચ્છાવિરુદ્ધ સંસાર માંડવાની સજ્ઞાન છોકરીને ફરજ પાડી શકશે નહિ એ જ્ઞાતિજનોની બીજી મુંઝવણ.

અને ત્રીજી મુંઝવણ નવયુગની છોકરીઓ જ્ઞાતિમાં આવીને કહેશે કે 'અમારા પ્રશ્નનો નિકાલ કરનારા તમે કોણ? તમે વહીવટ કરવામાં બરાબર અર્ધી સંખ્યામાં સ્ત્રીઓને સ્થાન આપો, ચૂંટણીના ધોરણ પર જ્ઞાતિનો વહીવટ કરો અને બહુમતને ધોરણે પ્રજાસત્તાક રાજ્યપદ્ધતિ સ્વીકારો. સત્તામદમાં અંધ થયેલા પ્રાચીનોને આ ભારે આઘાતક દલીલ લાગશે, પણ એનો કશો જવાબ આપી શકશે નહિ. જ્ઞાતિના પ્રશ્નોનો નિકાલ અમુક પટેલિયા અને તે પણ પુરુષો જ કરે એવો તાંબાને પતરે કરી આપેલો કોઈ લેખ નીકળશે નહિ અને આવી મૂળ બાબતમાં ચાલી આવતી 'રૂઢિ'ને દલીલને સ્થાનકે મૂકી શકાશે નહિ. આ ત્રીજા પ્રશ્નથી ભારે ગૂંચવણ થશે. એ દેખીતો અશક્ય લાગતો પ્રસંગ નવયુગ બેસે તે પહેલાં પણ આવી જશે. ચારે તરફ એની ઝણઝણાટી થઈ રહી છે, દિગંતમાં એનું વાતાવરણ જામવા માંડ્યું છે અને સેંકડો વર્ષથી સ્ત્રીજાતિને થયેલા અન્યાયોની નોંધ તૈયાર થવા માંડી છે. આ ગૂંચવણમાંથી પ્રાચીનો કેવી રીતે પાર પડશે તે જોવા જેવું થશે. નવયુગ તો આ પ્રત્યેક પગલાં, એ દરેકની કિંમત અને અંત પરિણામ બરાબર જોઈ રહ્યો છે અને એને પરિણામ માટે શંકા નથી.

આ સર્વ કારણો ધ્યાનમાં રાખી નવયુગ ઠરાવ કરશે કે માતપિતાની સંમતિથી અથવા પોતાની ઇચ્છાથી કન્યા કોઈ પણ જૈનને પરણે તેમાં તેણે સલાહ તરીકે નીચેના નિયમો ઉપર લક્ષ્ય રાખવું. એણે પતિની પસંદગીમાં ધર્મને અગ્રસ્થાન આપવું, પોતાનો ભવાંતર બગડી ન જાય અને બાળકાળની કેળવણીને

લાંછન ન લાગે એટલું જરૂર લક્ષ્યમાં લઈ ધર્મ, અર્થ અને કામ પરસ્પર અવિરોધીપણે સધાય એ સાપેક્ષ દૃષ્ટિએ પસંદગી કરવી.

બાકી વય, સ્વભાવ, ગુણ, શીલ, સતીત્વ, કેળવણી, સંસ્કાર, આદર્શ આદિ બાબતો જાણીતી હોઈ એ ભલામણોનું અહીં પુનરાવર્તન કરવાની ભાગ્યે જ જરૂર હોય. મુદ્દાની વાત એ છે કે લગ્નની સંસ્થા નવયુગમાં તદ્દન નવીન આકાર ધારણ કરશે. માબાપની ફરજ માત્ર સલાહ અથવા તો વિવેકસરની પરવાનગી આપવા પૂરતી જ રહેશે અને લગ્ન એટલે જેને નજરે જોયેલ પણ ન હોય તેની સાથે લાકડેમાંકડું વળગાડી દેવાના ઉન્માદને બદલે ગુણ સ્વભાવ અભ્યાસના સહવાસને પરિણામે થયેલ સહચાર થશે. પ્રાચીનોને એમાં ઉન્માદ લાગશે, નવયુગને પ્રાચીન પદ્ધતિમાં અનેક વાંધા જણાશે. આ સંબંધમાં પ્રાચીનોની ધમકી કે સમજાવટ કોઈ રીતે નવયુગને કારગત થઈ નહિ પડે. નવયુગ લગ્નનો પ્રશ્ન ઘણો સ્વતંત્ર રીતે વર્તમાન કાળને અનુસરી તદ્દન જુદાં જ સૂત્રો પર નિર્ભર કરશે અને તે નિર્ણય પણ વખત જતાં ફેરફારને આધીન રહેશે. લગ્નનો પ્રશ્ન નવયુગમાં અતિ મહત્ત્વનો ગણાશે અને એની વેદી ઉપર જ જ્ઞાતિઓ ભાંગીને ભૂક્કા થઈ જશે. નવયુગના લગ્નપ્રસંગનો પ્રાચીનોને વધારે મુંઝવણ કરાવે તેવો એક મુદ્દો આગળ આવશે તે તેના યોગ્ય સ્થાને વિચારવાનો રહે છે.

મહાસભા જૈન કોમમાં લગ્નનો પ્રશ્ન વિચારશે. તેની વિચારણામાં જ્ઞાતિ અને ધર્મ વચ્ચેનો તફાવત સ્પષ્ટ રહેશે. જૈનને કેટલાક કોમ (કાસ્ટ) ધારે છે તે ગેરસમજુતી તે દૂર કરશે. જૈન ધર્મ છે અને જૈનો વચ્ચે ધર્મ તત્ત્વ જ સામાન્ય છે એ વાત જનતા જાણશે ત્યારે એને નવાઈ લાગશે. મહાસભા અથવા પરિષદ સાંસારિક સંબંધ માટે દિશાસૂચન જરૂર કરશે. એની નજર ઘણી વિશાળ

રહેશે. એ જૈન જૈન વચ્ચે લગ્ન કરવાની વાતને ખૂબ ઉત્તેજન અને પ્રેરણા આપશે. એનો મુદ્દો પણ એક શાસન નીચે રહેનાર પર બંધુભાવના વધારવાનો જ રહેશે. એ ગૃહસ્થ ધર્મને અંગે લગ્નની સંસ્થાને ગૃહસ્થના આદર્શમય બનાવવાની, એને વિશાળ પાયા પર રચવાની અને એના અમલ દ્વારા એકતા સાધવાની તક બરાબર સાધશે.

સમાન ધર્મીઓમાં લગ્ન સંસ્થા દ્વારા એકતા લાવવાનો સંપ અને સહકાર વધારવાનો અને તેમ છતાં રાષ્ટ્ર ધર્મ અને વિશ્વ-બંધુત્વને વિરોધ ન આવે તેનો એ ભીષ્મપ્રયોગ કરશે અને તેમાં તે જેટલે અંશે ફતેહ મેળવશે તેના પ્રમાણમાં જૈનત્વની પ્રગતિ થતી જશે અને બહુ થોડાં વર્ષમાં એ એવા પ્રકારની એકતા સ્થાપી સમસ્ત જૈનોમાં લગ્નવ્યવહાર ખુલ્લો કરાવી શકશે. આ વિચારણા અને અમલથી થનારા લાભ અને તેની જુદી જુદી પાયરીઓનો અત્ર વિચાર કરવાનું સ્થળ નથી, પણ એને પરિણામે સન્નદ્ધબદ્ધ જૈન આદર્શ એની ઘણી મોટી સંખ્યામાં પ્રગતિના દ્વારે ખડો થઈ જશે.

# પ્રકરણ ૧૮ મું

## સામાજિક (ચાલુ)

### વિધવાનો પ્રશ્ન

લગ્નના વિષયની સાથે સંબંધ ધરાવનાર વિધવાનો પ્રશ્ન છે. અત્યારે તો એ પ્રશ્નને જ્ઞાતિઓ સાથે સંબંધ છે, પણ નવયુગમાં જ્ઞાતિને સ્થાન નહિ રહે એ ધોરણે જૈન જનતાની નજરે એ સવાલ વિચારવાનું અત્ર પ્રાપ્ત થાય છે. આ વિધવાના આખા પ્રશ્નને નવયુગ તદ્દન જુદી જ રીતે ચર્ચશે તે આપણે જોઈએ.

### અત્યારની વિધવા

વિધવા એટલે અપશુકન કરનાર તજાયલી હીણાયલી સ્ત્રી. જેની સર્વ આશા ઇચ્છા અને સ્વપ્નો મરી ગયાં હોય, જેને આ જીવનમાં કોઈ જાતનો રસ ન રહ્યો હોય, જે સાસરીઆમાં હડધૂત થતી હોય અને પિયરમાં પોષાતી ન હોય, જેને એથી પાંચ રૂપિયાનો મહિનો કરી આપવામાં આવા આર્થિક ગૂંચવણવાળા સમયમાં જ્ઞાતિના નેતાઓ મોટો ઉપકાર સમજતા હોય—એનું નામ અત્યારે વિધવા છે. એને હૃદયની ગૂંચવણ ઠાલવવાનું સ્થાન નથી, એને ઉપર આકાશ અને નીચે ધરતી છે, એના વેશ અને

વિચારમાં ખિન્નતા છે, એના શરીરની કોઇને દરકાર નથી, એનાં આક્રંદ કોઈને સાંભળવાં નથી, એને આશ્વાસન કોઈએ આપવાનાં નથી, એને કોઈ મહોત્સવમાં જોડાવાનું નથી અને હેતુ ઉદ્દેશ અને સાધ્ય વગરનું જીવન પૂરું કરી મોત આવે ત્યારે ચાલ્યા જવા સિવાય આ જીવનમાં એને કાંઈ રસ નથી. અસાધારણ અપવાદ જે બહુ થોડા છે તે બાદ કરતાં આ વિધવાઓની વર્તમાન સ્થિતિ છે. એને માટે કોઈ માર્ગ નથી. માત્ર પતિ સાથે વિલાસ કરતી કોઈ રમણી પતિ સાથે નવા નવા આનંદ કરતી હોય તેમાં અનેક પ્રકારના વ્યાધિઓ અથવા મરકી ન્યૂમોનિયા ક્ષય આદિ કોઈ પણ રોગ થતાં અથવા અકસ્માત આવતી કાલે પતિ મરણ પામે તો બીજા દિવસથી એ સર્વત્યાગી બની જાય છે અને ધર્મની વિમળજ્યોતિ બને એમ લોકો તેને માટે ધારે છે. એક આનંદ કરતી ખીલતી કુમળી કળીને આ પરિવર્તન કેવું આઘાતક થતું હશે તે તો તેની સ્થિતિમાં મૂકાવા જેટલી વિશાળ કલ્પના હોય તે વિચારી શકે.

## સ્ત્રીજાતિનો સેવાભાવ

એ ધર્મમાં રસ લેતી થાય અને ત્યાગવૃત્તિ કેળવે એ જૈન ધર્મની નજરે મૂલ્યવાળી ચીજ છે. જૈન ધર્મનું આખું બંધારણ ત્યાગધર્મ ઉપર રચાયેલું છે, આ જીવનમાં પરભાવનો જેટલો ત્યાગ થાય તેટલા પૂરતી તેની ફતેહ છે અને વિકાસક્રમમાં તેને અચૂક સ્થાન છે એ દૃષ્ટિ પ્રથમ ધ્યાનમાં રાખવાની છે. આ દૃષ્ટિએ જે વિધવાઓ ત્યાગનો માર્ગ સ્વીકારી શકે એને નવયુગ ઘણી સગવડો કરી આપશે. અત્યારે મોટી અગવડ શક્તિને માર્ગ આપવાના રસ્તાઓ નથી તેને પરિણામે થયેલ છે તે નવયુગ જોઇ લેશે. સ્ત્રીઓમાં વાત્સલ્ય, પ્રેમ, નમ્રતા આદિ નૈસર્ગિક ગુણો

છે અને ખાસ કરીને 'સેવા'નું તેનામાં કુદરતી તત્ત્વ એના બંધારણમાં ભરેલું હોય છે એ નવયુગ અભ્યાસ કરીને જોઈ લેશે. ઉપલકિયા નજરે ગૃહવ્યવસ્થાનો બારીક અભ્યાસ કરવામાં આવશે તો જોઈ શકાશે કે સ્ત્રીઓને પોતાની જાત ઉપર ઘણો વધારે અંકુશ હોય છે. એ પોતાની સગવડ ભાગ્યે જ જોશે. એ પતિ પુત્ર કે સસરાની રાહ જોવામાં અનેક પ્રકારની સગવડોનો ત્યાગ કરશે. આ તો સામાન્ય વાત છે, પણ સ્ત્રીમાનસના અભ્યાસ પછી ઘણું જાણવા જેવું મળે તેવું ત્યાં ભરેલું છે.

## કોઈ તક આપતું નથી

દુઃખની વાત એ બની છે કે એને તક મળી નથી. એ હજારો વર્ષથી છૂંદાઈ ગયેલી છે, એનું વ્યક્તિત્વ કચરાઈ ગયું છે, એની શક્તિને અવકાશ મળ્યો નથી, એની સેવાભાવનાને યોગ્ય પરિસ્થિતિ પુરુષોએ નીપજાવી નથી, નીપજવા દીધી નથી; સ્ત્રીવર્ગના દૃષ્ટિબિંદુથી કોઇ પ્રશ્ન હજુ સુધી વિચારાણો નથી. આથી વિધવાને ભારે વિપત્તિ થઈ છે. એને પતિ સાથેના પ્રસંગો દૂર થયા તેને બદલે તેનું માનસ રોકે એવો વ્યવહાર કે પ્રયોગ તેને માટે તૈયાર નથી અને પરિણામે નવરા માણસ અનેક પ્રકારે શક્તિનો દુર્વ્યય કરે છે તેમ સામાન્ય રીતે આખો સ્ત્રીવર્ગ અને વિધવાવર્ગ ખાસ કરીને પોતાની શક્તિનો ઉપયોગ નિંદાકુથલી, ગૃહકંકાસ વગેરે બાબતોમાં સામાન્ય રીતે કરે છે.

## વૈધવ્યનાં કારણો

નવયુગ વિધવાના પ્રશ્નને હાથ ધરતાં પ્રથમ તો વૈધવ્યના પ્રસંગો શાં કારણોથી આવે છે તેની તપાસ કરશે. ત્યારે તેને માલૂમ પડશે કે તેનો મોટો ભાગ બાળલગ્ન કે વૃદ્ધવિવાહને કારણે બને છે. બાળલગ્ન એ તો હસવા જેવી વાત લાગશે. લગ્ન

એટલે શું રમવાનાં રમકડાં છે? કે એ તે કાંઈ બચ્ચાના ખેલ છે? અને વૃદ્ધો તે કેટલી વાર પરણે? અને ક્યાં સુધી પરણ્યા જ કરે? આ બન્ને બાબતનો એકદમ છેડો આવી જશે. ચાળીશ વર્ષની વય પછી કોઈ કુમારી કન્યાને પરણી શકે નહિ અને પુરુષના લગ્ન પહેલાં ઓછામાં ઓછી તેની વય વીસ વર્ષની તો હોવી જ જોઈએ એ અત્યારના શરીરબંધારણ અને કેળવણીને અનુરૂપ બાબત ઠરાવવામાં આવશે.

## વિધવાશ્રમો

ઉક્ત ઠરાવથી વિધવાઓની સંખ્યા ઘણી ઓછી થઈ જશે. છતાં વિધવા ન થાય એમ તો ન જ કહેવાય. યુવાન માણસો પણ અનેક મરે છે અને વિધવા પૈકી જે ભરજુવાનીમાં હોય તેનો જ પ્રશ્ન આગળ આવે છે. તેમની શક્તિને રોકવા અને તેનો ઉપયોગ કરવા વિધવાશ્રમો ઠામઠામ સ્થાપવામાં આવશે એ આશ્રમોમાં વિધવાને અપૂર્ણ કે અધૂરી રહેલી કેળવણી પૂરી કરાવવામાં આવશે. ત્યાં એને જનસેવાના અનેક કાર્યો શીખવવામાં આવશે: બાળઉછેર, માંદાની માવજત, સ્ત્રીઓની કેળવણી, પ્રસૂતિકાર્ય, અકસ્માત સમયે તાત્કાળિક મદદ, આરોગ્ય (સેનિટેશન) આદિ અનેક ઉપયોગી સેવાશ્રયી કાર્યનું તેને શિક્ષણ આપવામાં આવશે. આને લઈને જે વિધવા બહેનોને શક્તિ હોવા છતાં સેવાનો અવકાશ ન મળતો હોય તેને અનેક દિશાઓ ખુલ્લી કરવામાં આવશે. આ તો સાધનસંપન્ન વિધવાઓને પાલવે. સાધન વગરની વિધવાઓને શીવણ, ભરત, ગૂંથણકામ, સાંચાકામ, વાંસ-કામ, વણાટકામ આદિ અનેક ઉદ્યોગો શીખવવામાં આવશે. દરેક ઉદ્યોગમાં એક બાબતનું ખાસ લક્ષ્ય રાખવામાં આવશે અને તે એ કે તેમાં નિષ્ણાત થયેલ વિધવા સાધનહીન હોય તો તે ઓછામાં ઓછું ઘરમાં રહીને ઉદરનિર્વાહ જેટલું રળી શકે. ગૃહ ઉદ્યોગની

બાબતો પાર વગરની છે. મોજાં તૈયાર કરે કે કેનવાસ ઉપર ભરતકામ કરે, સારી કોર ભરતકામમાં કરે તો કોઇ પણ વિધવા પોતાનો નિર્વાહ જરૂર કરી શકે. એ ગૃહઉદ્યોગનું લિસ્ટ આપવાની જરૂર નથી. જાપાનમાં પ્રત્યેક સ્ત્રી ઘેર રહીને મોટી રકમ પેદા કરે છે. આ ઉદ્યોગકાર્યમાં બીજી કરામત એ છે કે શક્તિને અવકાશ મળતાં નવરાશ રહેશે નહિ એટલે કંકાસકુથલીનો નાશ થઈ જશે અને 'ચાર મળે ચોટલા ત્યાં ભાંગે એક બે ઓટલા' એ આખી કહેવત અસત્ય થઈ જશે.

## ભવિષ્યનું કાર્યક્ષેત્ર

આવી રીતે સેવાના અને ઉદ્યોગના ક્ષેત્રો ખુલ્લાં કરવાને પરિણામે વિધવાનો આખો પ્રશ્ન સહેલો કરી નાખવામાં આવશે. અત્યારે અવકાશને માર્ગ આપવાના વાંધાને કારણે સ્ત્રીજાતિ અધમ દશામાં સરી પડી છે. તેને માટે સેવામાર્ગ ઘણો વિશાળ છે. પરિવર્તન કાળમાં સ્ત્રીઓએ જે અજબ ધૈર્ય સેવાભાવ અને ત્યાગભાવ બતાવ્યો છે તેથી તેમનું ભવિષ્યનું ક્ષેત્ર નિર્માણ થઈ ચૂક્યું છે અને ત્યાં માનભરેલી રીતે તેઓ જીવન સફળ કરી શકે અથવા નિરાધાર સ્થિતિમાં તેના ઉપર આધાર રાખી શકે એવી સ્થિતિ નવયુગની સ્ત્રીઓ જ ઊભી કરશે અને તે માગશે તેવા સંયોગોમાં પુરુષવર્ગ તેમને સલાહ સહાય અને સહકાર આપશે.

આશ્રમો એવી વ્યવસ્થા કરશે કે સ્ત્રીઓએ તૈયાર કરેલ વસ્તુઓ તે સંસ્થા જ વેચાતી લઈ લે. વળી મોટા મોટા હાથ-ઉદ્યોગના સ્ટોરો સ્ત્રીઓ જ કાઢશે અને ચલાવશે. રોકડ નાણે વ્યાપાર ચલાવશે અને વેચવાનું કાર્ય સ્ત્રીઓ વધારે અસરકારક રીતે કરી શકશે તે તો તેણે પશ્ચિમની દુનિયામાં સામાન્ય રીતે અને હિંદમાં અત્રતત્ર સારી રીતે બતાવી આપ્યું છે.

એ સિવાય સેવાભાવી વિધવાઓ પૈકી અનેક કેળવણીનું કાર્ય કરશે. એમની શિક્ષણપદ્ધતિ હૃદયને અસર કરનારી જ નીવડે છે. પ્રાથમિક વર્ગોમાં તો સ્ત્રીશિક્ષકો વધારે સુંદર પરિણામ બતાવી રહી છે. એ ઉપરાંત ભાષણો, ગૃહવર્ગો, આરોગ્યવિચારનો પ્રચાર આદિ અનેક નાનાં મોટાં ક્ષેત્રો સ્ત્રીઓ માટે ખૂલશે અને તેમાં તેની બચતશક્તિનો ઉપયોગ થશે. વિધવાઓને સેવામાર્ગમાં જોડવાથી તેઓને ઉદ્યમે ચડાવવાથી અને તેમને સર્વ સગવડ મળવાથી વિધવાનો પ્રશ્ન અત્યારે જે ગંભીર બની ગયો છે તેવો નવયુગને નહિ લાગે. વિધવાના પ્રશ્નનો નિકાલ સ્ત્રીઓ જ કરી લેશે. નવયુગમાં સ્ત્રીઓ પોતાનું સ્થાન શોધી લેશે, તેમની આવડત અને હૃદયશક્તિનો ઉપયોગ કરી એ પુરુષોની પડખે બેસશે અને વિધવાની શક્તિનો ઉપયોગ થવાનો રસ્તો તેમને સાંપડ્યો એટલે વિધવાનો પ્રશ્ન સ્વતઃ નીકળી જશે અથવા તેના સંબંધમાં ઘણો-ખરો નિકાલ થઈ જશે.

વિધવા પૈકી જે તપ ત્યાગ કરી શકે તેમ હોય, જેનું ધર્મ તરફ વલણ હોય તેને તે માટે સર્વ સગવડ નવયુગ આપશે. એ ધર્મની જ્યોતિ બને અને આત્મગુણોને પ્રગતિમાન બનાવી વિશ્વના વિકાસમાં પોતાના વિકાસ સાથે લાભ આપે તે માટે અનેક સગવડો નવયુગ યોજશે. ધર્મ માર્ગમાં સ્ત્રીઓ ઘણું ઉપયોગી કાર્ય કરી બતાવશે અને જનતાના હાર્દિક ગુણો ખીલવવામાં અગ્રગણ્ય ભાગ લેશે.

## મહાન પરિવર્તનની આશા

જનતાનો સ્ત્રીજાતિ તરફની વલણમાં મોટો ફેરફાર થઇ જશે. સ્ત્રીઓ પદવી પામશે, કેળવાયલી થશે, પોતાની જવાબદારી સમજનારી થશે એટલે સમાજમાં પોતાનું સ્થાન માગી જ લેશે.

પુરુષવર્ગનું વલણ આથી મોટું પરિવર્તન પામશે. સ્ત્રીસંબંધી પ્રશ્નમાં એ બન્નેના હક્કો અને જવાબદારીઓ વિચારતો થઈ જશે. વિધવાઓને અપશુકન કરનાર કે ભારભૂત માનવાને બદલે એને એ સતીત્વનું આદર્શ, આર્યભાવનાનું જીવંત સ્વરૂપ, મહાકલ્યાણી, મહાત્યાગી અને વંદન કરવા યોગ્ય માનશે. આર્ય ભાવનાના એ ઉચ્ચ આદર્શને જૈન જનતા કદી નિર્ભત્સ્યશે નહિ, ઉપેક્ષશે નહિ, વિસારી મૂકશે નહિ. દાંપત્ય ભાવનાનું જે વિશાળ સ્વરૂપ આર્ય દેશમાં ચીતરાયું છે તે અન્યત્ર અપ્રાપ્ય છે. એ આદર્શનું પર્યવસાન વિધવાજીવન છે. એનો પોષાક સાદો રહેશે પણ એની સેવા-ભાવના એને વિશાળ આકાશમાં ઉડ્ડયન કરાવશે.

નવયુગ સંકીર્ણ થઈ ગયેલા વિધવાના પ્રશ્નને ઘણી સુકરતાથી ઉકેલશે. સ્ત્રીસત્કીર્તિને યોગ્ય ક્ષેત્રો તૈયાર થયા પછી વિધવાનો પ્રશ્ન આકરો રહેશે નહિ. આર્ય લોહીમાં જે તપ અને ત્યાગ ઉતર્યાં છે, જૈન હૃદયમાં જે અહિંસા અને સંયમ ઉતર્યાં છે તે વિધવાને સ્થિર રાખશે. છતાં કોઈ બાળવિધવા હશે અથવા કોઈ પોતાની જાત ઉપર અંકુશ રાખવા જેટલું સૌહાર્દ બતાવી શકે તેવી નહિ હોય તો તેને કુકર્મ કરી ગર્ભપાત કરાવવાને બદલે એને પરણી જતી અટકાવવામાં આવશે નહિ. આવા કેસો બહુ ઓછા બનશે. સમાજ ફરજિયાત વૈધવ્યની વાત ચાલુ રાખશે નહિ. એ આદર્શ ઉચ્ચ રાખશે, પણ છૂટાછવાયા કેસમાં કોઈ પરણવા માગશે તો તેને અપરિહાર્ય આપત્તિ ગણી તેના તરફ પરાઙ્મુખ રહેશે. આવી રીતે ફરજિયાત વૈધવ્યનો સિદ્ધાંત છોડી દેવા છતાં આર્ય આદર્શને નબળો ન પડવા દઈ અને જૈન ત્યાગનાં દ્વાર ખુલ્લાં કરી તદ્દન અકલ્પ્ય સહેલાઈથી વિધવાનો પ્રશ્ન સમાજને જરા પણ નીચે ઉતાર્યા વગર નવયુગ ઉકેલશે. એની નજરમાં બાળહત્યા ગર્ભપાત અને એકાંતમાં અનિષ્ટ કુકર્મ વધારે મહત્ત્વનાં

લાગશે અને એને બદલે ઢોંગ કરીને દેખાવ જાળવવામાં એ આખા સમાજને નુકસાન માનશે. આવા કેસો એટલા ઓછા બનશે કે એનું પ્રમાણ નહિવત્ આવશે. વિધવાવિવાહનો પ્રતિબંધ કર્યા વગર લગભગ ઈષ્ટ પરિણામ નવયુગ લાવી શકશે અને તેની સાથે પંચેન્દ્રિય જીવઘાત અને એકાંતમાં ગુપ્ત વિષયસેવનથી થતાં નિકાચિત કર્મબંધનના પ્રસંગોને પણ એ દૂર કરી શકશે.

આ વિધવાવિવાહના પ્રશ્ને વર્તમાન યુગમાં ભારે ચર્ચા ઉત્પન્ન કરી છે તેથી નવયુગ એ સંબંધમાં સ્પષ્ટ મત ઉચ્ચારશે. એ આદર્શ આર્ય ભાવનાનો જ રાખશે, છતાં એ દલીલ કરશે કે જેમ સતી થવાની રીતિ બંધ કરવાથી આર્ય ભાવનાનો લોપ થયો નથી, તેમજ અતિ નાની વયવાળી અક્ષતયોની લગભગ સ્થિતિની બાળા અથવા ગૃહ માંડવા પહેલાં ગૃહ ઊપાડી મૂકેલ અપૂર્ણ-મનોરથા જેનું વલણ ત્યાગ કે સેવામાર્ગે ન જઈ શકે તેવું હોય તે એકાંતમાં કુકર્મ કરી મહા તીવ્ર કર્મબંધ કરે તેને બદલે લગ્ન-ગ્રંથીથી એક પતિ સાથે જોડાય તેમાં તેના પૂરતો ભાવનાનો આદર્શ જરા નરમ પડે છે ખરો, પણ એ આપત્તિમાંથી ઓછી આપત્તિ વહોરવાનો એ એક જ માર્ગ છે. આ નિર્ણયમાં નવયુગ એક મત જ રહેશે, પણ તે અપવાદનો સ્વીકાર આપત્તિધર્મ તરીકે જ કરશે.

વિધવાવિવાહના પ્રસંગો અટકાવવા માટે બાળલગ્ન અને વૃદ્ધ-લગ્ન અટકાવવામાં આવશે એ વાત ઉપર થઈ ગઈ છે. એવા જ કેટલા રિવાજો આ સામાજિક પ્રશ્ન સાથે સંકળાયેલા છે તેના નિર્ણયને અંગે વિધવાવિવાહનો પ્રશ્ન મોટા પાયા ઉપર ઉપસ્થિત તો નહિ જ થાય. એ પ્રશ્નો પણ આ ચર્ચામાં ઘણાખરા છૂટા-છવાયા ચર્ચાઈ જશે.

## કન્યાવિક્રય

છેલ્લાં સો બસો વર્ષથી આ ભયંકર રિવાજ દેશમાં પેસી ગયો છે. પ્રથમ બાળલગ્ન કેટલાંક ઐતિહાસિક કારણે દાખલ થયા, પછી ધરડાંઓને પણ પરણવા ઇચ્છા થઈ. ત્યાં દીકરીને ગાય સાથે સરખાવવાની પ્રથા વધતી ચાલી. પછી એને મનુષ્ય ન ગણતાં એક વસ્તુ તરીકે ગણવાની રીતિ દાખલ થઇ. પછી એ વેચવાની વસ્તુ ગણાણી. પછી લીલામમાં એને માટે જે વધારે રકમ આપે તેને આપવાની—વેચવાની રીતિ દાખલ થઈ. સમાજનો ધાત થાય છે ત્યારે કાંઇ હિસાબ રહેતો નથી. જે માબાપો કષ્ટ વેઠીને દીકરીને ઉછેરે તેને એક વેચવાની ચીજ ગણે, વય આવડત કે શક્તિનો ખ્યાલ ન કરતાં મડાં સાથે પણ ગાંઠ બાંધતાં લજવાય નહિ અને દીકરીને આપવાના બદલામાં સેંકડો હજારો રૂપિયા લે અને તેના દ્વારા પોતાનો વસીલો વધારવા ચાહે એ તો નૈસર્ગિક પાતની પરાકાષ્ઠા કહેવાય.

આ રિવાજ પ્રથમ વિવાહખર્ચને અંગે શરૂ થયો. અસલ ઠીક ઠીક કે કહેવાતા ખાનદાનને અમુક વરા જમણવાર તો કરવાં જ પડે, એ ખર્ચને પહોંચી વળવા સાધારણ રકમ લેવાથી વાત શરૂ થઈ. પછી વિવેકનો સર્વથા નાશ થયો. તેર વર્ષની કુમળી બાળાને પાંસઠ વર્ષના મરણને કાંઠે બેઠેલા પાંચમી વાર પરણનારને આપવાના સેંકડો દાખલા બન્યા. આ સર્વમાં માબાપની અને ખાસ કરીને બાપની સ્વાર્થવૃત્તિ અને સમાજના આગેવાન પટેલિયાઓની અધમ નીતિ જ કારણભૂત છે. માબાપ સારા ગૃહસ્થ સાથે સગપણ થતાં પોતાના અનેક સ્વાર્થ સાધવા લલચાય અને આ રીતે દીકરીની દોરવણી થવા માંડી.

કન્યાની દૃષ્ટિથી કદિ સવાલ વિચારાયા નથી. મૂર્ખ, અભણ, પોતાનો નિર્વાહ પણ ન કરી શકનાર, કદરૂપા, નિસ્તેજ માણસો

કોઈ પાસેથી પૈસા મેળવી દેવું કરી દીકરીના બાપને રકમ આપી દીકરીને લઈ આવવા લાગ્યા અને આવાં અધમ કજોડાંને પરિણામે વિધવાવિવાહના પ્રસંગો વધી પડ્યા. અસમાન પતિ પત્નીથી સંસાર ખારો ધુધવા બન્યો. વૃદ્ધલગ્નને પરિણામે ઉગતી યુવતીની મનકામના પૂર્ણ ન થઈ અને સમાજના સીતમનો ભોગ થઈ પડેલી એ અબળાને કોઈ આશરો ન રહ્યો.

આ કન્યાવિક્રયના અનેક ભયંકર પરિણામ આવ્યાં છે. એથી સમાજમાં ગૃહજીવન, દાંપત્ય, આદર્શ પ્રેમ—એનું નામ ઊડી જવા લાગ્યું છે અને તે ઉપરાંત વિચારધારામાં વિવેક સભ્યતા કે વાત્સલ્યનાં ઝરણાં સુકાઈ જવા માંડ્યાં. કલ્પના કરતાં ન બેસે તેવી વાત છે, પણ સત્ય વાત છે કે વર્ષો સુધી દીકરીને એક ક્રયવિક્રયની ચીજ ગણવામાં આવી છે.

નવયુગ એક સપાટે કન્યાવિક્રયને અટકાવી દેશે. એને એ ફોજદારી ગુનો ગણાવવા માટે પણ પ્રયત્ન કરશે. અને નવયુગમાં કન્યા એટલી આગળ વધેલી સુશિક્ષિત અને પોતાનું સ્થાન સમજનારી થશે કે એ પિતા સામે ઊભી રહી પોતાના લગ્નની વાતો કરશે. આવા સંયોગોમાં કન્યાવિક્રયને સ્થાન રહેવાનું નથી એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. જ્ઞાતિ નહિવત્ થઈ જતાં મોટી ઉમરે લગ્ન કરવાનો રિવાજ દાખલ થતાં અને કન્યાની સંમતિ વગર લગ્ન સંબંધ કરી શકાય નહિ એ નિયમનો સ્વીકાર થતાં કન્યાવિક્રય તો જશે, પણ તેના આડકતરા પરિણામ તરીકે વિધવાવિવાહના પ્રસંગો પણ ઉત્તરોત્તર ઓછા જ થઈ જશે, નવયુગ સ્ત્રીવર્ગમાંની કોઈને 'વસ્તુ'—વેચવાની ચીજ તરીકે ગણવાનું પાપ કે ગણવાની ધૃષ્ટતા કરશે નહિ, કરી શકશે નહિ અને કરવાનો પ્રસંગ જ્ઞાનયુગને પ્રતાપે અને સ્ત્રીસમાજની ચાળવણીને પરિણામે અને લોકસમાજના અભિપ્રાયને પરિણામે મેળવી પણ શકશે નહિ.

## વરવિક્રય

કન્યાવિક્રયના જેવો જ એક વિચિત્ર રિવાજ વરવિક્રયનો છે. આ શબ્દ અપરિચિત જણાશે. મોટા શહેરના ધનવાનો પોતાને કુળવાન માની કન્યા લેવાના સ્વીકારવાના બદલામાં 'પૂરત'ની મોટી રકમ લેતા આવ્યા છે. આ પણ એક જાતનું સાટું છે. એમાં પણ દુર્ભાગ્યે વરનું સાટું નહિ, પણ કન્યાનું જ સાટું છે. મોટા શેઠિયાનો છોકરો હોય તો તેને ત્યાં અનેક કન્યાનાં માબાપો સગપણ કરવાની દરખાસ્ત મોકલે. આમાં પૂરતની રકમ અગત્યની ગણાય. જે વધારે રકમ આપે તેને ત્યાં સોદો પતે. કન્યા કરતાં ભવિષ્યનો પતિ બે ત્રણ વરસ નાનો હોય તો પણ ચાલે. અને એ સોદામાં જે કન્યાને ભવ કાઢવાનો છે તેનો અવાજ સરખો પણ નહિ. આ વરવિક્રય શબ્દ એક રીતે તદ્દન ખોટો છે. એમાં પણ કન્યાનો જ વિક્રય થાય છે, માત્ર એમાં રકમ લેવાને બદલે દેવાની હોય છે, પણ એના બીજા સર્વ પરિણામો તો એક સરખા જ હોય છે. કન્યા વેચવાની વસ્તુ ન હોઈ નવયુગમાં આ રીતે કન્યા લેવા માટે રકમ સ્વીકારવાની આખી પ્રથાનો પણ ઉપરને કારણે નાશ થશે.

## વરકન્યા પસંદગી

અમુક કન્યાનાં લગ્ન કોની સાથે કરવા તેનો નિર્ણય મુસલમાની સમય પછી માબાપો કરવા લાગ્યા. કન્યાને અમુક પરિસ્થિતિને અંગે નાનપણમાં પરણાવી દેવાનું યોગ્ય ધારવામાં આવ્યું અને બે ત્રણ યુગ જતાં એ ઐતિહાસિક કારણે થયેલો રિવાજ વજ્રલેપ થઈ ગયો.

આ કાર્યમાં માતાને તો નામનું જ પૂછાતું. પિતા એ કાર્ય કરે તેમાં ક્વચિત્ લાભ પણ થતો. પિતાના નિર્ણયમાં જો કોઈ

જાતનો ધન, લાગવગ કે બીજો કોઈ સ્વાર્થ ન હોય તો કોઈ કોઈ લગ્ન સુખકર પણ થઈ જતું. પણ પરણનાર સ્ત્રીપુરુષને પૂછવું એ તો ધીમે ધીમે તદ્દન ઉડી ગયું. પ્રાચીનકાળના સ્વયંવરો ઉડી ગયા, પ્રાચીનકાળની કોઈ કોઈ કથામાં આવતી દીકરીની ઇચ્છા જાણવાની વાત ચાલી ગઈ અને પછી તો ઘોડિયામાં વેવીશાળ સંબંધ થવા માંડ્યા, અને કોઈ કોઈ સ્થાને તો પેટમાં છોકરાછોકરી હોય ત્યાં સંબંધો થવા માંડ્યા. દાંપત્યને સ્થાને લગ્ન એ એક જાતનો વ્યવહાર થઈ પડ્યો અને માબાપને લ્હાવો લેવાનું, પોતાની સમૃદ્ધિ બતાવવાનું અને વ્યવહાર વધારવાનું સાધન થઈ પડ્યું. જે પ્રજામાં લગ્નને સંસ્કાર ગણવામાં આવે, જ્યાં દાંપત્યના ઉચ્ચ ખ્યાલ હોય, જ્યાં એકપત્નીત્વ અને સતીત્વના આદર્શ હોય ત્યાં લગ્નની આખી સંસ્થા આટલી હદ સુધી કેમ ઉતરી ગઈ હશે તે કલ્પવું નવયુગને ભારે પડશે. થોડાં ઇતિહાસનાં કારણો, બાકી અવ્યવસ્થિત માનસિક દશા, અગ્રેસરોની શેઠાઈ કરવાની લોલુપતા અને કોઈ પણ પ્રશ્ન ઉપર સળંગ વિચાર કરવાની અશક્તિ, બિનઆવડત અને ચાલી આવતી પ્રથાને હેતુને અભાવે પણ વળગી રહેવાની ચીવટને કારણે કે ગમે તે કારણે આખી લગ્નની સંસ્થામાં ભારે અવ્યવસ્થા ચાલી.

નવયુગ આ સર્વ ઘડભાંજમાં ઉતરવાનું માંડી વાળશે. તે નીચેની રીતે કામ લેશે.

લગ્નની હકીકત મનુષ્યના આખા જીવનનો પ્રશ્ન છે. એમાં પરણનાર પતિપત્નીને જ લાગેવળગે છે. એમને સલાહ ગમે તે આપી શકે, પણ એનો નિર્ણય સ્ત્રીપુરુષ જ કરી શકે. વય, અભ્યાસ, યોગ્યતા, સ્વભાવ, રસ, વલણ અને બીજા માનસિક અને હાર્દિક અનેક સવાલો એમાં એવી રીતે ગૂંચવાઈ જાય છે કે એકને માટે બીજો નિર્ણય કરનાર પાલવે નહિ. એના મિત્રો, માબાપ કે

બીજા અન્ય વડિલો સલાહ આપી શકે, પણ છેવટનો નિર્ણય તો પરણનાર–જીવનભરને માટે જોડાનાર જ કરે.

નવયુગના આ નિર્ણયથી ઘણા સુધારા સ્વતઃ જ થઈ જશે. પછી દીકરીને ગાયની ઉપમા આપવાનું નહિ રહે. એને જ્યાં દોરે ત્યાં તે જાય એ આખો સિદ્ધાંત ઉડી જશે, બાળલગ્નનો તો પ્રશ્ન જ નહિ રહે. નિર્ણય કરવા યોગ્ય વય, અનુભવ, અભ્યાસ અને આવડત વિના લગ્ન થઈ શકે જ નહિ. વૃદ્ધ વિવાહનો પ્રશ્ન પણ નહિ રહે. કન્યાવિક્રય કે વરવિક્રયનો સવાલ નહિ રહે. પછી તો પ્રેમલગ્ન થતાં પતિપત્ની વચ્ચે ગાંઠ એવી મજબૂત થશે કે વિધવાવિવાહનો પ્રશ્ન પણ લગભગ નાશ પામી જશે. કોઈ અસાધારણ સંયોગોમાં તાજી પરણેલ યુવતીને એવો પ્રસંગ કદાચ આવશે તો સમાજ એના તરફ દયાની નજરે જોશે. બાકી સાચું દાંપત્ય જામશે. કજોડાં દૂર થઈ જશે. ગુણ, અભ્યાસ અને વયની ગૂંચવણ નીકળી જશે. દીકરી જન્મે ત્યારથી માબાપને એક જાતની ચિંતા રહ્યા કરે છે તે વાત દૂર થઈ જશે અને જે ગૃહસ્થજીવન અત્યારે કંકાસ, ક્લેશ અને ઉકળાટ કરનાર થઈ પડેલ છે તેને બદલે ઘણા મોટા ટકાઓના પ્રમાણમાં સાચું આદર્શ ગૃહસ્થજીવન ઠામ ઠામ મળી આવશે. લગ્નના પ્રશ્ન ઉપર જ્ઞાતિઓમાં ઝઘડા થાય છે તે વાત પૂર્વના ઇતિહાસની જ થઈ જશે. સવેલીનો પ્રશ્ન આખો ખલાસ થઈ જશે અને સમાજ શાન્તિના શ્વાસ લે તેવા સારા દિવસો સાંપડશે.

## વેવિશાળ

લગ્નનો પ્રશ્ન સામાજિક પ્રસંગોમાં હાથ ધર્યો તો તેને લગતા એક બે નાના પ્રશ્નોનો નવયુગ કેવો નિર્ણય કરશે તે પણ અત્રે જ વિચારી લઈએ. વેવિશાળને કેટલીક જગ્યાએ 'વિવાહ' કહેવામાં

આવે છે. કેટલીક જગાએ લગ્નને વિવાહ કહેવામાં આવે છે. સ્પષ્ટતા ખાતર આ ઉલ્લેખમાં લગ્ન અને વેવિશાળ શબ્દપ્રયોગ કર્યો છે. વેવિશાળ એટલે પિતા નિર્ણય કરે તેની સાથે લગ્નસંબંધ કરવાને જાહેર નિર્ણય. એમાં જ્ઞાતિને સંબંધ નોંધ કરવા પૂરતો આવે છે. એ વાગ્દાન છે, ભવિષ્યમાં લગ્ન કરવાનો નિર્ણય છે. પ્રચલિત રીતિ પ્રમાણે એમાં વરકન્યાને પૂછવામાં આવતું નથી. એ ઉપરાંત અસલ તો ઘણી નાની વયે ઘોડિયામાં બાળકો પોઢેલાં હોય ત્યારે આ સંબંધનો નિર્ણય કરી નાંખવામાં આવતો હતો.

આ વેવિશાળની પ્રથાથી ઘણું નુકસાન થતું હતું. બાળવયથી લગ્ન થતાં સુધીમાં શરીરસ્થિતિ કેવી રહેશે તેનું અચોક્કસપણું, શીળી, ઓરી આદિથી થતી ઘાતક શારીરિક વિડંબનાઓ, અભ્યાસ અને આવડત વરકન્યાના કેવાં થશે તેનો વિકલ્પ અને વિકાસની તરતમતાને કારણે અનેક જાતની ગૂંચવણ થતી હતી; છતાં ઉંઘતા વરને ચોંટિયાભરી માંયરામાં બેસાડી તેના ગળામાં ધુંસરી નાંખવામાં આવતી હતી. લગ્ન ધુંસરી તુલ્ય જ થઈ ગયાં હતાં. એમાં વરકન્યાના હૃદયમિલન કરતાં માબાપની કહેવાતો લ્હાવો લેવાની વૃત્તિ, પોતાનું ગૌરવ બતાવવાને પ્રસંગ અને અવ્યવસ્થિત વિચારણાને સ્થાન મળતાં હતાં.

બાળપણના વેવિશાળથી થયેલ અનિષ્ટ સંબંધોના પાર વગરના દાખલા નોંધાયલા છે. વેવિશાળથી એક પણ પ્રકારનો લાભ જણાતો નથી. અભણ અથવા અક્ષરજ્ઞાનવાળા યુગમાં તે નભી ગયાં હોય, પણ પસંદગી લગ્ન, પ્રેમલગ્ન અને દાંપત્ય યોગ સમજનાર જ્ઞાનયુગમાં વેવિશાળને સ્થાન જ નથી. જ્યાં માબાપના હાથમાંથી લગ્ન સંબંધ કરવાની આખી વાત જ ઉડી જતી હોય ત્યાં વેવિશાળનો સવાલ જ અશક્ય છે.

વેવિશાળને કારણે કન્યાવિક્રયને મોટો અવકાશ મળતો હતો. એમાં પાછા ગોટા પણ વળતા હતા. એનાથી સવેલીનો પ્રશ્ન પણ ઘણીવાર ઊભો થતો હતો. સવેલીનો પ્રશ્ન આ પ્રમાણે છે :—

એક કન્યાનું વેવિશાળ અમુકની સાથે થયું હોય, પછી તેનો નાતને ત્યાં નોંધ થયો હોય, આગળ જતાં વરને ક્ષય જેવો વ્યાધિ થતાં, અસાધ્ય રોગ થતાં એ કન્યા પતિના પિતાની પરવાનગી વગર અન્યને આપવાના કાર્યને 'સવેલી ગઈ' એમ કહેવામાં આવતું હતું. આ સવેલી આપનાર પિતા કે વડિલોને જ્ઞાતિ નાતબહાર મૂકે, ન્યાતમાં પાર વગરના ઝઘડા થાય અને પાર વગરની ગૂંચવણો થાય.

આ ઉપરાંત કન્યાવિક્રય કરવાવાળા પિતા કે વડિલો વધારે લાલચ મળતાં દીકરીને દૂર દેશ કે બુઢ્ઢા સાથે પરણાવી સ્વાર્થ ખાતર મડાને મીંઢળ બંધાવે. આ સર્વથી અનેક તકરારો, ગૂંચવણો, કલેશ, ચર્ચા અને બખેડાને જન્મ મળતો હતો.

અને વેવિશાળથી કોઈ પ્રકારનો લાભ છે નહિ. આખી સંસ્થા બિનજરૂરી છે. એનાથી કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી, એનાથી કોઈ જાતનો લાભ થતો નથી. પૂર્વકાળનો એક જૂનો સિદ્ધાંત ચાલ્યો આવે છે કે "વરની મૂકી કન્યા જાય, પણ કન્યાનો મૂકયો વર ન જાય." આ નિર્ણય સત્તાશાળી પુરુષોએ જ કર્યો હશે. જે સમયમાં કન્યાને વેચવાની ચીજ ગણવામાં આવતી અને જ્યારે તેને ગાયની ઉપમા અપાતી ત્યારે એના હક્ક માટે ચિંતા કરનાર કોણ? સ્ત્રીઓ નાતજાતના મેળાવડામાં આવતી નહોતી, એના પુરુષ જેટલા જ હક્ક છે, હોવા જોઈએ—એવી કલ્પના પણ નહોતી ત્યારે આવા જ સૂત્રો અનાદિ સત્ય સિદ્ધાંત તરીકે જન્મે પ્રસરે અને મૂળ ઘાલે એમાં નવાઈ જેવું નથી.

આ રીતે વેવિશાળની સંસ્થાથી કોઈ જાતનો લાભ ન હોવાને કારણે, એમાં સ્ત્રીસન્માનને મહા હાનિ થતી હોવાને કારણે અને એવો વીમો કરવાનું કાંઈ કારણ ન હોવાથી નવયુગ એક સપાટે આખી વેવિશાળની સંસ્થાને રદ કરી નાખશે. યોગ્ય ઉંમરના યુવાન સ્ત્રીપુરુષ પરસ્પરના સ્વભાવ ગુણ આવડતનો અભ્યાસ કરી જે નિર્ણય કરે તેના પછી થોડા વખતમાં લગ્ન થશે, પણ ન્યાતોમાં કલહ કરાવનાર કન્યાના હક્કને વીસારનાર વેવિશાળ જેવી સંસ્થાને નવયુગમાં સ્થાન નહિ રહે.

આ સ્થળે જ્ઞાતિનું અસ્તિત્વ અને તેની સત્તાનું નાસ્તિત્વ આદિ અનેક સવાલો અગાઉ નવયુગની નજરે ચર્ચાઈ ગયા છે તેનો અત્ર ગોટાળો ન કરવો. જ્ઞાતિ ઉડી જ જશે. અહીં જે વિચારણા કરી છે તે વર્તમાન યુગની નજરે છે એ ધ્યાનમાં રાખવું. એની સાથે એટલું પણ ધ્યાનમાં રાખવું કે અત્યારે પરિવર્તન યુગ ચાલે છે, પ્રાચીન યુગ પૂરો થઈ ગયો છે અને નવયુગ ક્યારે બેસશે તે આ ઉલ્લેખના પૃષ્ટોમાંથી શોધી કાઢવાનું છે.

## બે સ્ત્રી

સ્ત્રી–કન્યાની પરવશતાની પરાકાષ્ટા બે પ્રસંગે દેખાઈ આવે છે. એક એના વૈધવ્યમાં અને બીજી એના ઉપર શોક્ય ઠોકી બેસાડીને એને જીવતાં મરેલી પ્રાયઃ કરવામાં. વૈધવ્યમાં તો પ્રાચીન યુગ કર્મવિધિનો દોષ કાઢતો, પણ એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રીને કરવી એનો બચાવ કેવી રીતે કરી શકે તે નવયુગને ગળે કોઈ રીતે ઉતરે તેવી બિના નથી. એને સ્ત્રીઓની અજ્ઞાન દશાનો પૂરતો લાભ તેમાં લેવાયેલો લાગશે. સંતતિ ન થાય તે માટે બીજી સ્ત્રી કરવી એ તો તદ્દન વાહિયાત વાત લાગશે. દીકરાઓ સ્વર્ગે પહોંચાડે એ સિદ્ધાંત જૈન ધર્મને માન્ય નથી. એ

શ્રાદ્ધ પિતૃતર્પણમાં માને નહિ. એ પોતાનાં કર્મનો સારો કે ખરાબ વિપાક ભોગવવો પડે એવો સિદ્ધાંત માન્ય કરનાર દર્શન હોઇને કોઈની દરમ્યાનગીરી (એજન્સી) કે પછવાડેથી મોકલાયલી તર્પણામાં માનતો નથી. છોકરાઓ છોકરાનાં કર્મ ભોગવે છે, પિતૃઓ પોતાનાં કર્મ ભોગવી રહ્યા છે તેમાં સંતતિ હોય કે ન હોય એ પ્રશ્નને અવકાશ જ નથી.

નવયુગ તો એક બાજુ વિધવાની પરાધીન દશા, દુઃખ, દરદ, અગવડો અને માનસિક વ્યાધિઓ, વેદનાઓ, હીસ્ટીરીઆ અને ખાવા જેટલી રકમ આપવા-અપાવવાના અખાડા જોશે અને બીજી બાજુ ન્યાય કરવા બેઠેલાનો દાવો કરનારા એક વાર પરણે, બે વાર પરણે, ત્રણ વાર, ચાર વાર, પાંચ વાર અને છ વાર પરણે, યુવાન પણ પરણે અને વૃદ્ધ ડોસા ખડખડ બોરડી મરણને કાંઠે બેઠેલા ઉધરસ ખાતાં ખાતાં પણ પરણે એ બે કેસોને સામસામા રજુ કરશે. પુરુષ ન્યાયાસનના માલેકો-જ્ઞાતિના પટેલો, મોટી પાઘડીવાળા શેઠીઆઓ અનેક વાર પરણે અને સ્ત્રીને ફરજીઆત વૈધવ્ય અને છતાં તેને નાતરીતના દાગીના પણ ન મળે, તેને રહેવા ઘર નહિ, ખાવા સગવડ નહિ અને તેનાં પગલાં અનિષ્ટ મનાય — આ અન્યાય ધરતી ક્યાં સુધી સહન કરશે? એણે કેમ સહન કર્યો? — આવા સવાલ પૂછશે.

તેઓ વૈધવ્યમાં ઉચ્ચ આર્ય આદર્શ જોશે, પણ તે સાથે એમ માગશે કે સ્ત્રી અને પુરુષ સમાન છે. પુરુષ અને સ્ત્રીના હક્કો સરખા છે. માત્ર જીવનવ્યવહારમાં બન્નેનાં કાર્યક્ષેત્રો જૂદાં છે, પણ બન્ને મળીને એક આખું અંગ પરિપૂર્ણ થાય છે. અર્ધાંગના શબ્દનો એજ ભાવ અસલ હતો. સ્ત્રી એ અર્ધું અંગ છે. બન્ને પચાસ પચાસ દોકડાના માલીક છે. એકની ગણના

એકથી શરૂ કરી પચાસ સુધી કરવાની છે તો બીજાની એકાવનથી શરૂ કરી સો સુધી પહોંચવાનું છે. બન્ને મળીને એક–અખંડ–સંપૂર્ણ થાય છે. નંબર એકથી પચાસ સુધીના દોકડાનાં કાર્યો ભલે જૂદાં હોય, પણ એ પચાસ ન હોય તો એકાવનથી સંખ્યા શરૂ જ થતી નથી.

તો સામાન્ય બુદ્ધિથી અર્ધા અંગને એક પતિવ્રત રાખવાનું દુરસ્ત ધાર્યું તે ઘણું યોગ્ય છે, આદર્શમય છે, વંદ્ય છે, ત્યાગ જીવનને પુષ્ટ કરનાર છે, સંસાર ધુસરીના વહન કરનારને બરાબર ભાગ પાડી આપનાર છે. તો જેમ સંસારનો ભાર ઉપાડનાર એક બળદ આખી જીંદગી સુધી એ ધુરાને છોડે નહિ અને કદાચ બાજુનો બળદ ન હતો થઈ જાય તો તેની ખાતર ઝુરી તેનું સ્મરણ કરે, તેમ બીજા બળદને માથે પણ તેવી જ ફરજ હોવી ઘટે. એક પતિવ્રત સામે એક પત્નીવ્રત એ તો સહજ પ્રાપ્ય નિયમ છે. આ દલીલનો જવાબ પ્રાચીન યુગ શો આપશે તે નવયુગ કલ્પી શકે તેવું નથી. જો સાધ્ય આદર્શ આર્યત્વ વગેરે ઉચ્ચ ભાવો સ્ત્રીને લાગતા હોય તો તે જ દલીલો પુરુષને કેમ ન લાગે અને તેજ પ્રશ્ન પુરુષની બાજુએથી ચર્ચાતાં આદર્શ ઉપર પાણી કેમ ફેરવવામાં આવે છે તે નવયુગની સમજમાં ઉતરશે નહિ. વિધવાને જીવનભર બ્રહ્મચર્ય ફરજીઆત તો જ હોઈ શકે કે જો પુરુષ એકપત્નિવ્રત જીવનભર પાળવા અને સ્ત્રીને અભાવે બ્રહ્મચારી રહેવા કબૂલ થતો હોય તો. એ સિવાય કરેલ એક-તરફી નિર્ણયમાં નવયુગ અન્યાય અને સ્ત્રીઓની પરવશ દશાનો ગેરલાભ લેવાયલો જ જોશે. આર્ય આદર્શ રાખવો હોય તો નવયુગને ના નથી, એમાં અનેક સગવડો છે, પણ રામ સીતાને જંગલમાં મોકલ્યા પછી બીજી પરણ્યા નહોતા એ ખરો આર્ય આદર્શ છે.

પણ એ સર્વ બાબત ઉપરાંત એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રીને પરણવાની બાબતનો તો કોઈ પણ રીતે બચાવ થઈ શકે તેમ નથી. એમાં મદારીઓએ સ્ત્રીઓને રમકડાં જ ગણેલ છે. એમાં ન્યાયાસનના સ્થાનનો દુરૂપયોગ કરીને ન્યાયાધીશ તરીકે ચાલુ રહેવાને માટે પુરુષોએ પોતાને સ્વતઃ અયોગ્ય જાહેર કરેલ છે અને એનો કોઈ પણ રીતે બચાવ ન થઈ શકે એવું ગંભીર પાતક આજ સુધી ચાલવા દીધું છે.

સ્ત્રીને છોકરાં નથી થતાં એ તો દલીલનું હાસ્ય જ છે. એક ખેતરમાં પાક ન થાય તેમાં જમીનનો જ દોષ હોય એમ સમજવાનું કારણ નથી. આ સંબંધમાં વધારે દલીલ કરવા જેવી નથી. એ અર્થ વગરની દલીલ છે. એની સાથે જે ખેડૂતને ખેતરનો પાક કરતાં આવડતો ન હોય તેની જમીન ખુંચવી લઈ બીજા લાયક ખેડૂતને આપવાનો ઠરાવ સામેલ હોત તો એ દલીલનું સાર્થકય નવયુગને જરા પણ લાગત, પણ માત્ર ભૂમિ જ ઉપર છે એમ ધારી લેવામાં માત્ર ગેરવ્યાજબી જૂલમનું જ તત્ત્વ દેખાઈ આવે છે.

પુરુષને અસાધ્ય રોગ હોય, પરણવાના દિવસથી એ વિષમ જ્વરમાં સબડતો હોય, એને સારાં પુસ્તકમાં જેનાં નામ લખવાં પણ અનુચિત ગણાય એવા રોગ હોય, છતાં તેનું સૌભાગ્ય અખંડ અને તે ગમે તેટલી વાર પરણે અને સ્ત્રીને કોઈ પ્રકારની છૂટ નહિ, વિચારવાનું સ્થાન નહિ, દિલાસાની ઘડી નહિ અને ભોગયોગે સામાની અશક્તિ કે ગુપ્ત રોગોથી સંતતિ ન થાય તો તેના ઉપર શોક્યનું સાલ આવી પડવાની ચાલુ ચિંતામાં રહેવું પડે, એ સ્થિતિ ભયંકર, એકતરફી અને અન્યાયી છે એમ નવયુગની નજરમાં લાગશે. અને નવયુગમાં તો સ્ત્રીઓ બહાર આવી પોતાના સ્થાનનો નિર્ણય

કરાવશે તે વખતે એના ઉપર સદીઓથી વીતેલાં વીતકોના જવાબ આપવા પડશે. એ જવાબ નવયુગ લેશે. આર્યત્વનો ફાંકો રાખનાર અને સ્ત્રી પાસે આર્ય આદર્શ બરાબર પળાવવામાં પ્રવીણ પુરુષો ત્રણ અને ચાર ચાર સ્ત્રીઓ સુધી એકીસાથે કરવાની હદે પણ પહોંચી ગયા છે. તેઓને મનુષ્યસ્વભાવ શું છે તેનો ખ્યાલ નહિ, તેઓને કુમળી બાળાના દિલમાં શી શી ઘટનાઓ થતી હશે તેને માટે એક નાનકડો ખૂણો પણ નહિ — નહિ તો આ વાત આર્ય આદર્શમાં સંભવી શકે? અને જૂની કથાઓ વાંચો તો તેમાં ક્ષત્રિયો તો સ્ત્રીઓ પરણવાનો ધંધો જ લઈ બેઠેલા જણાશે. એમાં આર્ય-આદર્શને સ્થાન ક્યાં રહ્યું? સાઠ હજાર ને બોંતેર હજાર સ્ત્રીઓ એક પુરુષ પરણી શકે એના જીવનનું—સ્ત્રીની મનોવેદનાનું શું થતું હશે તેનો કદિ પુરુષે ખ્યાલ કર્યો નથી.

આ ભયંકર અન્યાય સામે ઘણું લખી શકાય તેવું છે. મયણાસુંદરી જેવી સાધ્વી સ્ત્રી શ્રીપાળને વિદાય આપતાં શાં વચનો કહે છે તે વિચારોઃ 'પ્રાણનાથ! પરદેશમાં આપને અનેક સ્ત્રીઓ સાંપડશે, પણ રખે ને મને વીસરી જતા.' આદર્શ સતીને આવું બોલવું પડે એ ઓછી દિલગીરીની વાત છે? નવયુગની છોકરીઓ ખૂણે બેસી રડવાની વાત નહિ સ્વીકારે. એ આર્ય આદર્શને પુરુષ પાસે પળાવવાનો આગ્રહ કરશે. તમે એકપત્નીવ્રત કબૂલ રાખો તો અમારે એકપતિવ્રત કબૂલ છે, નહિ તો પ્રેમ, સંયમ અને ઇચ્છા પર બન્નેને છોડી દો. ઘણી હકીકત લખતાં લેખ લાંબો થઈ જાય. નવયુગ કોઈ પણ જાતના અપવાદનો સ્વીકાર કર્યા વગર એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રીને ન પરણવાનો પાકો નિશ્ચય કરશે અને તે નિયમનો ભંગ કરનારને ફોજદારી કોર્ટમાં ઘસડાવું પડે એવો પાશ્ચાત્ય દેશ જેવો અહીં પણ કાયદો કરાવશે.

લગ્નના ઉપરના સર્વ પેટા વિષયો સંબંધમાં મહાસભા-પરિષદ વિચારણા કરી માર્ગદર્શન કરાવશે અને મહાસભાના નિર્ણયો નવયુગને—સમસ્ત જૈન સમાજને માન્ય થશે.

## જમણવાર

લગ્નના પ્રશ્નની સાથે જમણવારનો સવાલ ગાઢ સંબંધ ધરાવે છે. સામાજિક પ્રશ્નોનો વિચાર ચાલે છે ત્યારે જમણવારની વાત કરી નાખીએ. પ્રથમ લગ્નને અંગે વિવેક વગરનો વધારે પડતો ખર્ચ થાય છે અને લગ્નની ગંભીરતામાં વધારો કરવાને બદલે નાટક ફારસનું રૂપ લે છે તે નવયુગ ચર્ચા દ્વારા અટકાવી દેશે. જમણવારને અંગે તેને બહુ વિચારો થશે. તમે કોઈ જમણ-વારમાં ગયા છો? અંતરંગને પૂછજો. ત્યાં આપણે માણસની જેમ જમીએ છીએ? ત્યાં જે રીતનું વર્તન થાય છે તે જૈનને યોગ્ય થાય છે?

ખાનાર માને છે કે લૂંટાઇ જશે માટે ખાઈ નાખો. ખવરાવ-નાર પોતાની કલ્પનામાં માનેલી આબરૂના વિચારમાં રહે છે. એને થાય છે કે આ લૂંટનારા મારી ટીકા કર્યા વગર ઘેર જાય તો સારું.

ખાનારને ખાતાં આવડતું નથી, પંગતે બેસતાં આવડતું નથી, ઉઠીને દોડાદોડ કરવામાં સભ્યતા રહેતી નથી, ઉચ્છિષ્ટ (એઠું) મૂકવામાં ધર્મનો લોપ દેખાતો નથી, બેસવાની જગ્યા કેટલી ગલીચ છે તેનો ખ્યાલ નથી, આરોગ્યનો એક નિયમ જળવાતો નથી, વરસાદ હોય તો ઉભડક બેસવામાં વાંધો નથી, એક થાળીમાં ચાર પાંચ સાથે જમે એની અડચણ નથી, વાતાવરણમ શાંતિ નથી. અવ્યવસ્થિત હોકારા, ખાનારની લપાલપ, પીરસનારાના ઘાંટા અને પાંચસોને નોંતર્યા હોય ત્યાં એક હજાર આવી શકે એવી સમાજની

વ્યવસ્થા અને ગૃહસ્થાઈ! અને જૈનના તો અભંગ દ્વાર હોય એવો પડારો!

આ સર્વને પરિણામે જૈનો સાથે કેટલાયે તો ભોજનવ્યવહાર બંધ કર્યો છે. એ સવાલ અપ્રસ્તુત છે. એના ગર્ભમાં તો બીજાં કારણો છે અને ટીકા કરનારનાં જમણો પણ બહુ સારાં કે આદર્શમય તો નથી જ. નવયુગ તો વસ્તુસ્થિતિ જોશે અને તેમાં અજૈન તત્ત્વ દેખાશે તેને દૂર કરશે.

પ્રથમ તો નિરર્થક જમણો ઓછાં કરશે. લગ્ન પ્રસંગે સ્થિતિ અનુરૂપ જમણ કરશે. જેટલાંને નોતરવા હશે તેટલા જ આવશે. તેમને આમંત્રણપત્રિકા મોકલાશે. તેમને માટે પૂરતી રસોઈ, થાળો અને પીરસવાનાં શુદ્ધ પાત્રો તૈયાર રાખશે. જમનાર નિરાંતે આનંદથી જમશે. યોગ્ય સુગંધી વાતાવરણ બનાવશે. જમાડનાર જમાડીને રાજી થશે. જમનાર વિવેકપૂર્વક જમશે. એઠાંના ઢગલા નહિ થશે. ખાવાનું ઉચ્ચ પ્રતિનું થશે. અનિમંત્રિત સજ્જનો અંદર આવી શકશે નહિ. જમી ઊઠ્યા પછી એઠાના ઠામો કે પાણીના રેલા ચાલશે નહિ. ટૂંકામાં આરોગ્ય–તંદુરસ્તી જળવાય, વાતાવરણ શુદ્ધ થાય અને પરસ્પર ધર્મસ્નેહ, બંધુભાવ પ્રીતિ વધે તેવાં જરૂરી પણ સુંદર જમણો થશે. રાષ્ટ્રની સ્થિતિ પોતાની આર્થિક પરિસ્થિતિ અને વસ્તુનું ઔચિત્ય વિચારી વિવેક પૂર્વક જમણવાર થશે અને ખાસ કરીને અત્યારે જંગલીપણું જે પ્રકારનાં જમણવારમાં જોવામાં આવે છે તેવાં જમણોનો તિરસ્કાર કરવામાં આવશે અને તેને એકદમ બંધ કરવામાં આવશે.

મોટા શહેરોમાં નવકારશી અથવા સંઘજમણ કોઈએ જોયા હોય તો સ્વમાન સમજનાર ત્યાં ભાગ લેવા ઇચ્છા કરે નહિ એવું નવયુગને લાગશે. આઠસો માણસ બેસી શકે તેવા સ્થાનમાં ત્રણ

હજારને બેસવાનું હોય છે. બેસવાની જગ્યા કચરાપુંજાથી ભરેલી હોય છે. અવ્યવસ્થાનો, અવાજનો, બગાડનો હિસાબ નથી. એ જમણવારથી કઈ ભાવના પોષાય છે તે સમજવું નવયુગને મુશ્કેલ પડશે. આવાં જમણ નવયુગ બંધ કરશે. એ જમણવાર કરશે તો આદર્શ યુક્ત જ કરશે.

સ્વામીવાત્સલ્ય જેને કહેવામાં આવે છે તેમાં જમનાર કે જમાડનારને ધર્મબંધુભાવ જાગી શકે એવી પરિસ્થિતિ જ રહી શકે તેમ નથી. જમણવારને બદલે જમણધાડ થઈ પડી છે અને વિવેકને બદલે ગાંડપણ દેખાય છે. આવો અભિપ્રાય નવયુગ અત્યારનાં કહેવાતા સ્વામીવચ્છલ માટે આપશે.

એ સર્વને એ ઉચ્છેદી નહિ નાખે, પણ સુધારશે. તદ્દન જૂદાજ પાયા ઉપર મૂકી દેશે અને ધર્મવાત્સલ્ય વધે તેવા પ્રેરક પોષક અને આનંદપ્રદ જમણવારને બનાવી દેશે. આ સર્વમાં ખર્ચ કરતાં વિવેકની જરૂર છે, ખોટા દેખાવ કરતાં આવડતની જરૂર છે, અને ખાસ સંખ્યા કરતાં વાતાવરણની વિશુદ્ધતાની જરૂર છે. એ સર્વ વ્યવસ્થાને પરિણામે લભ્ય થઈ શકે છે અને તે નવયુગ કરી બતાવશે. એ સંબંધમાં સંસ્કૃતિવાળી પ્રજાઓ અને કોમો કેવી સગવડથી જમણ કરે છે તેનો અભ્યાસ કરી તે ઓછી સંખ્યાને પણ પૂર્ણ આદરથી પ્રેમથી વ્યવસ્થાથી જમણની જરૂર દેખાશે ત્યારે આપશે.

આ જમણવારનો આખો સવાલ ધાર્મિક પરિસ્થિતિમાં પણ જાય છે અને વ્યાવહારિક પરિસ્થિતિમાં પણ આવે છે. વર્તમાન પરિસ્થિતિ એક દિવસ પણ ચલાવી લેવા યોગ્ય નથી. જે ધર્મ પંચેદ્રિય અસંજ્ઞી જીવની ઉત્પત્તિ બતાવે, જે અસંખ્ય લાળીઆ જીવ ઉપજતાં બતાવે, જે શૌચ ધર્મને અગ્રપદ આપે, જે

પ્રત્યેક કાર્યમાં વિવેકને અગ્રપદ આપે તેના અનુયાયીઓ બાર આની જમણનો ભાગ ગટરમાં નાખે અને ટોપલે ટોપલા ભરી એઠજુઠનો વિચાર પણ ન કરે એ સ્થિતિ કેમ થઈ હશે અને કેમ ચલાવી લેવામાં આવી હશે તેનો ખ્યાલ કરીને નવયુગ વગર ગભરાટે મહાન ફેરફાર કરી નાખશે. આ સમસ્ત કાર્ય સમાજને અંગે કરવાનું હોઈ સાંસારિક અથવા વ્યાવહારિક રીતરિવાજની સુધારણાના વિષયને અંગે મહાસભાનું સારુ ધ્યાન ખેંચશે. આ બાબતમાં ફેરફાર અને જરૂરી સુધારા કરાવવામાં નવયુગને બહુ પરિશ્રમ પણ કરવો નહિ પડે. એને માટે આરોગ્ય સુઘડતા સ્વચ્છતા સમજનાર નવયુગ આખા સમાજને તુરત વિચારવંત અને અમલ કરનાર કરી શકશે.

## લગ્નવય

નવયુગમાં આ બાબત અનેક આકાર લેશે. બાળલગ્ન સદંતર બંધ થશે. કન્યાના લગ્નની વય શરૂઆતમાં પંદર વર્ષની ઠરાવવામાં આવશે, પણ નવયુગના સંકીર્ણ જીવનમાં તે વય વધારીને અઢારથી વીશ સુધી લઈ જવામાં આવશે. પુરુષની વય શરૂઆતમાં અઢારની કરી વીશ વર્ષ મુકરર કરી તરતમાં બાવીશ સુધી લઈ જવામાં આવશે. આ તો ઓછામાં ઓછી વયની વાત થઈ.

વૃદ્ધલગ્ન તદ્દન બંધ કરવામાં આવશે. ચાળીશ વર્ષ પછી કોઈ લગ્ન ન કરી શકે એવો નિયમ કરવામાં આવશે.

વિધવાવિવાહનો પ્રસંગ મોટે ભાગે નહિ જ આવે. કારણો ઉપર જણાવ્યાં છે. કોઈ નાની વયની પરણ્યા છતાં ન પરણ્યા જેવી સ્ત્રીના સંબંધમાં એવી આપત્તિ ઊભી થશે તો ઉપરની વય ધ્યાનમાં રાખીને જ લગ્ન કરવાની બાબત સમાજ આંખ આડા કાન કરશે.

ત્રીશ વર્ષથી વધારે વયની કોઈ પણ વિધવા પરણશે નહિ.

આખી જિંદગી સેવા કરનાર સ્ત્રીઓ કુમારી રહી શકશે.

કન્યાવિક્રય કોઈ પણ આકારમાં થઈ શકશે નહિ. લગ્નખર્ચ ઘટાડવામાં આવશે. આપવા લેવાની રીતભાતમાં યોગ્ય સુધારા કરવામાં આવશે.

## વિધવા માટે સગવડો

લગ્નનું પ્રકરણ પૂરું કરતાં વિધવાઓને માટે નવયુગ કેવી સગવડો કરશે તેનો ખાલી નામનિર્દેશ કરીએ. વિગતો વિચાર કરતાં પ્રાપ્ત થઈ જશે.

લગ્ન કરતી વખતે પતિનો પૂરતી રકમનો વીમો ઉતરાવવામાં આવશે. એને માટે ભરવી પડતી રકમ માટે વ્યવસ્થા પ્રથમથી કરવામાં આવશે. એ જિંદગીના વીમાની પોલિસિ સ્ત્રીના નામ પર લગ્ન પહેલાં ફેરવી આપવામાં આવશે. ન્યાત રીતે ઘરેણું અથવા વરણું અમુક કરવું જ પડે તે રિવાજને બદલે જિંદગીનો વીમો વિધવાનું ભરણપોષણ ચાલે તેટલું વ્યાજ આવે તેટલી રકમનો ઉતરાવવો જ પડે એમ ઠરાવવામાં આવશે.

વિધવા માટે આશ્રમો ઉઘાડવામાં આવશે. ત્યાં તેમને સેવાના અનેક માર્ગો ઉઘાડી આપવામાં આવશે. તેનું તેઓને ખાસ શિક્ષણ યોગ્ય શિક્ષિકાઓ દ્વારા આપવામાં આવશે.

સ્ત્રીઓને સારુ ઉદ્યોગમંદિરો ખુલ્લાં કરી તેમાં દરેક સ્ત્રી પોતાનો ગુજારો કરી શકે તેટલો ઉદ્યોગ ઘેરબેઠાં કરી શકે એવું સફળ ઉદ્યોગનું જ્ઞાન આપવામાં આવશે.

ત્યાગનો મહિમા સાધ્વીઓ તેમને ગાઈ બતાવશે. આદર્શ-જીવન વિષયકષાયની મંદતામાં છે તે તેમને સમજાવવામાં આવશે.

વિષયો ભોગવવાથી તૃપ્તિ થતી નથી પણ સંયમમાં તૃપ્તિ છે એ વાત બહુ મર્મભેદક રીતે શાંતિથી, સમજાવટથી ગળે ઉતારવામાં આવશે. મનુષ્યભવની દુર્લભતા, સેવાની વિશિષ્ટતા, પરોપકારની આદેયતા અને ઘસારામાં ચળકાટતાનું લાક્ષણિક ચિત્ર એવી સફાઈથી રજૂ કરવામાં આવશે કે સ્ત્રીઓ હોંશથી–પ્રેમથી આદર્શને વળગી રહી જીવન સફળ કરશે.

મોટો ફેરફાર વિધવા તરફ સમાજની ભાવનાના ફેરફારનો થશે. અત્યારે એને તિરસ્કૃતા, નિંદ્યા અને સાસરાપિયરમાંથી ઘરબાર વગરની અપશુકનિયાળ માનવામાં આવે છે તેને બદલે એને સેવિકા, બ્રહ્મચારી, ધર્મની વિમળજ્યોતિ, આર્યઆદર્શની ઉચ્ચ ભૂમિકા માનવામાં આવશે. એની પાસે તિલક કરાવવામાં અહોભાગ્ય માનવામાં આવશે, એને હાથે અપાયલી વિજયમાળા ખરેખરી વિજયવાહિની ગણાશે. શુભ પ્રસંગે એને અત્યારે દૂર રાખવામાં આવે છે તેને બદલે તેને હાજર રહેવા આગ્રહપૂર્વક વિજ્ઞપ્તિ અને આમંત્રણ થશે. એનાં સાદાઈ, સેવાભાવના, બ્રહ્મચર્ય, વર્તન એને સ્ત્રીવર્ગના મોખરા ઉપર મૂકશે અને એ સાંસારિક, રાજકીય અને નૈતિક તેમજ ધાર્મિક બાબતમાં ખૂબ પ્રગતિ કરશે.

## જૈન વિધિ પ્રમાણે લગ્ન

અત્ર લગ્નનો વિષય પૂરો થાય છે. પ્રસંગોપાત એક બાબત અહીં લગ્નને અંગે કહી નાંખવા જેવી છે. **જૈન વિધિ** પ્રમાણે લગ્ન થશે. એનો હેતુ મુખ્ય એક છે. પરણનાર દંપતીને ધર્મ-ભાવના બરાબર રહેવા માટે એક લક્ષ્ય રાખવાની જરૂર સ્વીકારવામાં આવશે. જૈન આગમોમાં માત્ર સંન્યાસ જ પોષ્યો છે અને ગૃહસ્થધર્મની વાત જ નથી એ ભ્રમણા દૂર કરવાની જરૂર માનવામાં આવશે. યતિધર્મ જેટલું મહત્ત્વ બીજે નંબરે ગૃહસ્થ-

ધર્મને છે અને એ સર્વ ઉપયોગી ક્ષેત્રને પોષક હોઈ એનું યોગ્ય સ્થાન ગૃહસ્થપણાના ઉંમરા પર આવતાં પહેલે પગથિયે ખાસ લાક્ષણિક રીતે મન પર લાવવું ઘટે એ વાત ધ્યાનમાં રાખી જૈન વિધિ અનુસાર લગ્નસંસ્કાર કરવાનો નિર્ણય કરવામાં આવશે.

આમાં એક કોમિક થવાની ભાવના નહિ રહે, અને આદર્શ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂરને અંગે ભેદ વધે તે પ્રકારે નહિ, પણ સાપેક્ષ દૃષ્ટિએ એ નિર્ણય કરવામાં આવશે. વિધિનું બરાબર શોધન કરવામાં આવશે અને તે કરાવનાર ખાસ તૈયાર કરવામાં આવશે. 'ભવતુ'નું ભવસ્તુ કરી દે તેવા કે અર્થ સમજવા જેટલી શક્તિ વગરના અભણના હાથમાં એ વાત રાખવામાં નહિ આવે. ધર્મભાવના વધે અને ગૃહસ્થાશ્રમના દ્વારના પ્રવેશ વખતે નિર્મળ સાધ્યનું વિસ્મરણ ન થાય એવી રચનાત્મક રીતે એ નિર્ણયનો અમલ કરવામાં આવશે અને તેની અસર ઘણી સુંદર થશે. એ વિધિની ગંભીરતા એને લોકપ્રિય બનાવશે અને બહુ જૂજ વખતમાં એ વિધિ સાર્વત્રિક થઈ જશે.

## છૂટાછેડા

લગ્નનો પ્રશ્ન આટોપતાં છૂટાછેડાનો પ્રશ્ન વિચારવાનો છેવટે રહે છે. લગ્ન સંબંધ નવયુગમાં જે આકાર લેશે તેમાં છૂટાછેડાને સ્થાન નહિ રહે. પસંદગીથી લગ્ન થાય, યોગ્ય વયે લગ્ન થાય, વરકન્યાની સંમતિપૂર્વક લગ્ન થાય એટલે છૂટાછેડાને એમાં અવકાશ રહેતો નથી. છૂટાછેડાનો પ્રશ્ન પતિની હયાતીમાં તેને છોડી દેવા અને અન્યત્ર પરણવાને અંગે ઊભો થાય છે.

અન્ય કોમમાં એ પ્રશ્ન ઉઠે છે ત્યાં ઘાતકી વર્તણુક, જનાકારી (પરસ્ત્રીસંગ) અથવા સ્ત્રીત્યાગને કારણે ઉઠે છે.

આપણે એની બારીકીમાં નહિ ઉતરીએ. છૂટાછેડા મેળવવાના પણ બે પ્રકાર છેઃ એકને કાયદેસર છૂટકારો અને બીજાને છૂટાછેડા કહે છે. કાયદેસર છૂટકારામાં અન્યને પરણવાની પરવાનગી મળતી નથી. છૂટાછેડામાં પરણવાની રજા છે.

લગ્નનો જૈન આદર્શ ગૃહસ્થધર્મ ચલાવવાનો છે. એની ભાવનામાં વિષયાનંદને મુખ્ય સ્થાન ન જ મળે. સાથે ઉપરના નિયમો સમાજમાં થઈ જાય અને એક સ્ત્રીની હયાતીમાં બીજી સ્ત્રીને પરણવાની બાબત ગુન્હા સમાન અથવા ગુન્હો ગણવામાં આવે અને પ્રેમલગ્ન સમાજમાં ઘર કરે એટલે પછી છૂટાછેડાનો કે જુદા પડવાનો પ્રશ્ન આવતો નથી. એવો પ્રસંગ તો માત્ર સ્વભાવ-ભેદમાં આવે. પણ પસંદગીથી સમજીને લગ્ન થતાં એ પ્રશ્નને પણ અવકાશ રહેતો નથી. પ્રેમલગ્ન અને છૂટાછેડાને દેખીતો વિરોધ છે. પાશ્ચાત્ય દેશોમાં સ્વભાવ ભિન્નતાને લઈને છૂટાછેડાના પ્રસંગો આવે છે. મૂળ કારણો વાહિયાત હોય છે. પછી તે પર રચના કરવામાં આવે છે. આખી આર્ય લગ્નભાવના તદ્દન જુદા ધોરણ પર જ રચાયેલી છે. ત્યાં લગ્ન સગવડ ખાતર થતાં નથી, પણ એને ધાર્મિક સંસ્કારનું રૂપ અપાય છે. આ ભાવના વિશેષ બળવત્તર થતી જશે. આ સંબંધમાં પશ્ચિમનું અનુકરણ જૈન નવયુગ નહિ કરે.

રશિયામાં તો અત્યારે લગ્નની સંસ્થા જ લગભગ નાશ પામતી જાય છે. ત્યાં દેહસંબંધ અવ્યવસ્થિત દશાએ પહોંચી ચૂક્યો છે. આપણી ભાવના તદ્દન જુદી છે, આપણો સમાજવાદ પ્રખર, પૂર્વકાળનો અને અતિ સુદૃઢ છે. લગ્નની સંસ્થામાં જે અનિષ્ટ તત્ત્વ દાખલ થઈ ગયાં હતાં તે દૂર થઈ જતાં છૂટાછેડાને સ્થાન નહિ રહે. નહિ મળે.

નવયુગમાં કોઈ વધારે પડતા વિચાર બતાવનારા સ્ત્રીઓની સમાનતાના વિચારો બતાવતાં છૂટાછેડાની વાતો કરે છે, પણ તે સર્વ લગ્નને અંગે ઘૂસી ગયેલાં અનિષ્ટ તત્ત્વો તરફ અરુચિનું પરિણામ છે. એ તત્ત્વો દૂર થતાં છૂટાછેડાનું નામ કે સ્થાન નહિ રહે. અસ્પષ્ટ વિચારણામાં પાડાની પીડાએ પખાલીને ડામ દેવા જેવી વાતો થાય છે, પણ બરાબર પૃથક્કરણ કરી વિવેક સાથે વિચાર કરતાં છૂટાછેડાની વાત નવયુગ રદ કરશે.

## પ્રકરણ ૧૯ મું

# સામાજિક (ચાલુ)

### રડવાકૂટવાનો રિવાજ

સામાજિક પ્રશ્નો વિચારતાં રડવાકૂટવાનો પ્રશ્ન બહુ મુંઝવણુ કરાવનારો નહિ થાય. પ્રાચીનોને ન ગમે તેવા ફેરફાર કેળવણી કરી રહી છે. સ્ત્રીઓને અમર્યાદ રીતે કૂટવું, મ્હોં વાળવાં, પછાડી ખાવી, ન રડતાં આવડતું હોય તો ગમે તેમ કરી રડવાનો દેખાવ કરવો—આવો રિવાજ તો માત્ર ગુજરાત કાઠિયાવાડમાં જ છે. એ કેમ દાખલ થઈ ગયો હશે તે કલ્પવું મુશ્કેલ છે, પણ એમાં સ્ત્રીઓને માથે જે સંસ્કાર થાય છે તે તો હદ બહારના છે. એણે તો જાણે રડવાનો ધંધો જ લીધો હોય એમ ઓળખાણવાળી સ્ત્રીઓ આવે એટલે એને રડવું જ પડે. "પણ નારીને રોવા વિના નથી ભાગ્યમાં બીજું કંઈ." એક માસ સુધી રાતદિવસ રાગડા તાણવા અને ત્યાર પછી પણ કૂટ્યા કરવું, મનમાં ઉકરાટો હોય કે ન હોય પણ ઠૂંઠવો વાળવો અને સભ્યતા—મર્યાદા મૂકી જાહેર રસ્તા પર છાતી ખુલ્લી મૂકી કૂટવું—આ સર્વ પ્રેમ સ્નેહ કે અંદરનો વળ નથી બતાવતું, પણ માત્ર એક જાતનો વહેવાર થઈ પડ્યો છે.

જે પ્રજા રડતા રડતા આવનાર કાણભંગુઓને કહી શકે કે શેઠ! ઉઠો, જમવાનો વખત થઈ ગયો છે અને પાંચ મિનિટમાં મિષ્ટાન્ન આરોગી શકે તે વિધવાઓ પાસે રડાવે જ. સ્ત્રીઓને તો દેદો કૂટવા જઈને એની તાલીમ લેવી પડે અને બરાબર ન રડે તો વૃદ્ધાઓ કહે કે 'માણસ મૂઉં છે કે લાકડું ભાંગ્યું છે. જરા હાથ વાળો.' આ વિચિત્રતા તો અભ્યાસ કરવા જેવી છે. રડવાની હકીકતને શિક્ષણનું રૂપ અપાય, બપોરે મ્હોં વાળવા જવું એ એક કામ ગણાય અને સામાને મને કમને રડાવવા એ વ્યવહાર ગણાય એ તો સ્ત્રીજાતિની સત્કીર્તિની ઉપર પડદો નાખવા જેવું છે. માત્ર એના 'રાજિયા'માં કવિત્વ ઝળકે છે એટલો સાહિત્યનો ભાગ બાદ કરીએ તો આખી પ્રથા સ્ત્રીઓની કમતાકાત પરાધીનતા અને અબળાપણાનું પ્રદર્શન જ છે.

નવયુગ આ આખી પ્રથા ઉપર છીણી મૂકી દેશે. મરણને એ પૂરતું ગંભીર બનાવશે. એમાં દંભ અને ફરજિયાતપણાને સ્થાન ન હોય. સાંસારિક જીવ રાગને વશ થાય તે સમજી શકાય તેવી બાબત છે, પણ એમાં પદ્ધતિસર બેસી, માગે ત્યારે રડવું આવે—એ તો ભારે વિચિત્ર વાત છે. એમાં મરણની ગંભીરતા જળવાતી નથી. એમાં પણ જાણે વ્યવહાર જ ચાલે છે. એ ઉપરાંત સ્ત્રીઓની તંદુરસ્તીને એ કેટલી હાનિ કરે છે એ તો વળી જુદો જ સવાલ છે. આ સર્વ રીતસર રડવાનું, કૂટવાનું, મ્હોં વાળવાનું એકદમ બંધ થઇ જશે.

પુરુષોના રડવામાં—પોક મૂકવામાં જરા પણ ગંભીરતા નથી. એ પણ એક જાતનો વ્યવહાર થઈ પડ્યો છે. એ સર્વ અટકી જશે. મરણ વખતે મરણયોગ્ય ગંભીરતા જળવાય, વૈરાગ્ય-નિર્વેદના વિચારોને ઉદ્ભવ મળે એવું વાતાવરણ ઉત્પન્ન કરવામાં

આવશે. શાંતિમાં કેટલું ગાંભીર્ય છે તેનો સાક્ષાત્કાર થશે. પછી સ્મશાનમાં વિલાયત અમેરિકાની વાતો નહિ થાય. ત્યાં સંસારની અસ્થિરતા, સ્નેહસંબંધની અસારતા વગેરે ગંભીર ભાષામાં રજૂ થશે અને મરણને યોગ્ય લાક્ષણિક નિરવ શાંતિ પ્રસરશે.

આ આખો ફેરફાર મહાસભા સામાજિક પ્રશ્નોની ચર્ચામાં કરશે અને એને યોગ્ય પ્રચારકાર્ય કરીને અલ્પ સમયમાં એનો અમલ કરી શકશે.

## ઉત્તરકાર્ય

આ એક સામાજિક ખોટો રિવાજ છે. અસલમાં કોઈ વૃદ્ધ ગૃહસ્થના મરણ વખતે શરૂ થયેલ રિવાજ ધીમે ધીમે કાળક્રમે ફરજિયાત થઈ ગયો છે. કોઇ મરણ પામે એની પછવાડે રહેનાર વારસોએ જમણ કરવું જોઈએ. જમણ એટલે મિષ્ટાન્ન. એમાં વિવેક એટલો બધો ભૂલાઈ ગયો કે ગરીબને માથે પણ એ રિવાજ ફરજ રૂપ થઈ ગયો. લગ્નપ્રસંગ તો ધાર્યો આવે. દીકરાદીકરીના જન્મથી એ ખર્ચ કરવા પહેલાં માબાપને વર્ષો સુધી તૈયારી કરવાની રકમ બચાવાની તક મળે, પણ મરણ તો અણધાર્યું આવે અને 'મરણું માતપિતા તણું એ વાતે દુ:ખદાઈ; શોક કરાવે સામટો, અને મરતું મારતું જાય'—આ સ્થિતિ થઈ પડી.

પછી તો જુવાનજોતના મરણ ઉપર પણ ઘી અને મીઠાઈ ઉડવા લાગી અને ઉત્તરકાર્ય કરવું એ આબરૂનો—નાકનો સવાલ થઈ પડ્યો. પછી ઘરબાર ઘરેણે મૂકીને પણ નાતને તો રાજી રાખવી પડે એવી પ્રથા ચાલી. પછી તો પંદર વીસ દિવસમાં નાતનું 'ઋણ' પતાવવું જોઈએ એમ વાત થઈ પડી અને અંતે એ રિવાજ કષ્ટકર માનભંગ કરનાર અને અત્યંત અમર્યાદિત થઈ ગયો. પછી તો 'કાંધિયાની કાંધ ધોશો નહિ, તો તમારાં મડદાં

રખડશે.' એટલી હદ સુધીની અધમ વૃત્તિ બોલવામાં પણ આવી ગઇ. અને વડીલો મોટેરાઓ અને પટેલિયાઓ પ્રત્યેકના મરણ વખતે અતિ ગંભીર ચહેરે ગોળપાપડી દાબવાની અને યથાશક્તિ વરો કરવાની સલાહ આપવા લાગ્યા; સલાહમાંથી એ ફરજ થઈ અને વાત વધતાં કાંઇ મર્યાદા કે વિવેક ન રહ્યો.

નવયુગ આ આખી પ્રથાને મૂળમાંથી ઉચ્છેદી નાંખી કોઈ પણ આકારમાં કોઈ પણ મરનાર માટે — પછી તે વૃદ્ધ કે યુવાન કે બાળક હોય કે તે સ્ત્રી કે પુરુષ હોય — સર્વને માટે જમણ બંધ કરી દેશે. મરણ વખતે કે મરણને ઉદ્દેશીને મીઠાઈ ઉડે એ વાતને તેમની નજરમાં વદતો વ્યાઘાત લાગશે. આ બાબતમાં કોઈ પ્રકારનો અપવાદ કરવામાં આવશે નહિ અને કોઈ એને મન મનાવવા ખાતર ધાર્મિક આકાર આપવા માગશે તો પછી એને એના સાચા આકારમાં ઓળખી એમાં અક્કલમાં ઉતરે તેવો કોઈ પણ જાતનો રસ્તો કરવામાં આવશે. મરણ નિમિત્તે કોઈ પણ પ્રકારનાં જમણ નવયુગમાં થઈ શકશે નહિ.

## લાજ

રીતરિવાજના પ્રશ્નો પૈકી એક સવાલ સ્ત્રીઓ ઘુમટો તાણે છે એ બાબત છે. એ રિવાજનું મૂળ શું હશે તે સમજાતું નથી. અસલના કોઈ પણ ગ્રંથમાં સ્ત્રીઓ લાજ કાઢે કે બુરખો ઓઢે એવું જોવામાં આવતું નથી. ગૂજરાતી રાસોમાં ક્વચિત્ એવો ભાવ આવે છે તે રાસના કર્ત્તાના સમયની છાયા છે. મૂળ સંસ્કૃત પ્રાકૃત ચરિત્રોમાં ઘુમટાની વાત આવતી આ લેખકના ધ્યાનમાં નથી. સ્ત્રીઓમાં શરમાળપણું હોય છે, પણ એ જાહેરમાં જાય ત્યારે ઘુમટો કાઢે એવું પૂર્વગ્રંથોમાં હોવાનું સ્મરણમાં નથી. જે પ્રજા સ્ત્રીજાતિની સત્કીર્તિમાં માને, જે એને અર્ધાંગના પદ આપે, જે

એને મંત્રી અને રંભાનાં પદ આપે તે એના મ્હોં પર બુરખા નાંખે કે એને જાહેરમાં આવતાં લાજ કઢાવે તે વાત અશક્ય છે.

શક્ય વાત અનુમાનથી એ બેસે છે કે મુસલમાની વખતમાં કાંઇક અંધ અનુકરણ અને કાંઈ અવ્યવસ્થિત પરિસ્થિતિને તાબે થવાની જરૂરિયાતમાં એનું મૂળ ઘટે. કોઈ પણ રીતે ઘુમટો અને 'લાજ' એ બે શબ્દોને પર્યાય શબ્દો તરીકે વાપરવા યોગ્ય નથી, ન હોવા જોઇએ. સ્ત્રીઓની તદ્દન પરાધીન દશા બતાવનાર, એને રેલવે સ્ટેશને ઉતરતા બોજા-મુદ્દાની કક્ષામાં મૂકનાર અને એને અર્થ વગરની અગવડ કરનાર આ રિવાજ અજ્ઞાન દશામાં નભે ગયો, પણ આ જ્ઞાનયુગમાં એ નાશ પામતો જાય છે. સ્ત્રીઓ સમાજમાં જે કાર્ય કરવા લાગી છે અને તેની જે પ્રગતિ થઇ રહી છે, તેના હકોની જે સમાનતા નવશિક્ષણ તેને બતાવતી રહી છે અને નવયુગે તેનાં આવાગમનનો જે સત્કાર કર્યો છે તે જોતાં નવયુગમાં આ રિવાજ એક જંગલી સમયના અવશેષ તરીકે ગણાશે. એ ચાલુ રાખવાની પ્રાચીનોની ચીવટ તરફ નવયુગ જરા ગમ્મત પણ ઉડાવશે. આ રિવાજ તદ્દન દૂર થઇ જશે. એને માટે ઠરાવો કરવાની કે પ્રચારકાર્ય કરવાની જરૂર પણ નહિ રહે. સ્ત્રીઓ જ પોતાનું સામાજિક સ્થાન સમજી લઇ એ હસવા જેવા રિવાજ ઉપર આઘાત કરશે અને અત્યારે ઘરના માણસને અપરિચિત બનાવનાર, વૃદ્ધોનાં જ્ઞાન અને અનુભવના લાભની આડે આવનાર અને લાજને નામે અનેક અમર્યાદા અને અગવડોને વસાવનાર આ રિવાજ બંધ કરશે.

## ભોજન કન્યાવહેવાર

આ સંબંધી આડકતરી રીતે વિવેચન ઉપર થઈ ગયું છે. કોઈ પણ જૈન જૈન સાથે ભોજનવ્યવહાર કે કન્યાવ્યવહાર કરવામાં

કોઈ પણ પ્રકારનો ધાર્મિક કે વ્યાવહારિક સંકોચ સ્વીકારશે નહિ. એના સ્વીકારથી થયેલ અગવડ કે હ્રાસનો એ ઇતિહાસ રજૂ કરશે ત્યારે જૈન સમાજની આંખો ઉઘડી જશે. આ સર્વ લગ્નના પ્રકરણમાં બતાવાઈ ગયું છે.

જૈનો જૈનેતર સાથે કન્યા અને ભોજનવ્યવહાર કરશે કે નહિ તે બાબત આ લેખના વિષયની મર્યાદા બહાર જાય છે. જૈનેતર સુશિક્ષિત કન્યાને જૈન ખુશીથી પરણશે અને તેને જૈન સંસ્કારથી વાસિત કરશે. જો જૈન માલ વગરના કેળવણી વગરના સ્વમાન વગરના આવડત વગરના દક્ષતા વગરના થશે તો જૈન કન્યા અન્ય ધર્મમાં સ્વતઃ જશે. એમાં માબાપની પરવાનગીનો પ્રશ્ન નહિ રહે. માબાપોનું એ સંબંધમાં બહુ ચાલશે પણ નહિ, અને માબાપો પોતાની ફરજ કેળવણી આપવા પૂરતી જ ગણશે. કેવા શિક્ષણથી જૈનકન્યાઓ અન્ય ધર્મમાં જતી અટકશે તેની ચર્ચાની ભાગ્યે જ જરૂર રહે છે, પણ છતાં તેનો ઉલ્લેખ કેળવણીના શિર્ષક નીચે આવશે. ભોજનવ્યવહારની બાબતમાં તો અત્યારથી જ જે ચિહ્નો જોવાય છે તે આંખ ઉઘાડીને જોવામાં આવે તો દરવાજા ખુલ્લા થઇ જશે એમ સ્પષ્ટ દેખાય છે. ફક્ત તફાવત માંસ ખાનાર અને અન્નફળશાક ખાનાર વચ્ચે રહેશે. તેમાં પણ એક ટેબલ પર ચા વગેરે લેવામાં કોઈ પણ જાતિના મનુષ્ય સંબંધી વાંધો નહિ રહે.

આ ભોજન અને કન્યાવ્યવહારનું ક્ષેત્ર જેટલું દાબી રાખવામાં આવ્યું છે તેટલા જ જોરથી સામો ઉછાળો મારશે અને એનું પરિણામ સંખ્યાબળ ઉપર ન થવાનો એક જ ઉપાય કેળવણીના પ્રસારમાં રહેશે. નવયુગ આ સંબંધમાં ખૂબ સ્પષ્ટ રીતે કામ લેશે અને તેની ગતિ પણ એટલી ઉતાવળી રહેશે કે આજના પ્રાચીનોની

સમજણમાં ન ઉતરે તેવા બનાવો બનતા જશે અને ન ધારેલા ટૂંક સમયમાં પ્રાચીનોની નજરે કમાન છટકી જશે.

## જૈન સંખ્યાબળ

સામાજિક વિચારણામાં જૈનધર્મના અનુયાયીની સંખ્યા વધારવાની બાબત ખાસ અગત્યનું સ્થાન લેશે. નવયુગ આ પ્રશ્નના સંબંધમાં કેવા વિચારો કરશે તે આગળ ચર્ચાઈ ગયું છે. સમુચ્ચયે સંખ્યાબળ વધારવા કેવાં પગલાં નવયુગ ભરશે તેનો નામનિર્દેશ માત્ર કરી આ બાબત પૂરી કરી નાખીએ.

જૈનધર્મ માનનારમાં કન્યાવ્યવહાર અને ભોજનવ્યવહારની છૂટ કરવામાં આવશે.

જે જ્ઞાતિઓ કન્યાવ્યવહારની અગવડે જૈન મટી ગઈ છે તેને તેના ઇતિહાસનું પૂર્વસ્મરણ કરાવવામાં આવશે.

જૈન કોમ નથી, પણ ધર્મ છે એ વાત પાકી કરવામાં આવશે.

જૈન તત્ત્વજ્ઞાન ન્યાયના પાયા પર રચાયલું છે તે બતાવવામાં આવશે.

જૈનનો અનેકાંતવાદ અદ્‌ભુત છે તે પર સુંદર રચના કરવામાં આવશે, જૈનનો કર્મનો સિદ્ધાંત અત્યંત સૂક્ષ્મ અને અન્યત્ર અનવાપ્ય છે, એ બન્ને એની વિશિષ્ટતા સાથે રજૂ કરવામાં આવશે.

નયવાદ સપ્તભંગી અને નવ તત્ત્વ પર ભારે અજબ રચના કરવામાં આવશે. પ્રત્યેક બાબતને લોકગ્રાહ્ય ભાષામાં વૈજ્ઞાનિક અને તાર્કિક પદ્ધતિએ રજૂ કરવામાં આવશે.

વસ્તુસ્વરૂપ અકાટ્ય પદ્ધતિએ જિનવર રજૂ કરી ગયા છે તે બતાવવામાં આવશે. તેને દુનિયાને ખોળે બેસાડવામાં આવશે અને તેને પરીક્ષાની કસોટિએ ચઢાવવામાં આવશે.

આખો નીતિવાદ–એથિકસ સુંદર રીતે રજૂ કરવામાં આવશે સર્વવિરતિનો આદર્શ કાયમ રાખી ગૃહસ્થ ધર્મને બહલાવવામાં આવશે.

ગુણસ્થાનકમારોહ–પ્રગતિનાં પગથિયાં રજૂ કરવામાં આવશે.

આઠ દૃષ્ટિનો વિસ્તાર પ્રકટ કરવામાં આવશે.

જ્ઞાન અને ક્રિયાનો સહચાર બતાવવામાં આવશે. જ્ઞાનની મુખ્યતા કરવા સાથે ક્રિયાનું આદેયપણું બતાવવામાં આવશે.

અહિંસાના આદર્શથી જગતના મહાન સવાલોનો નિર્ણય થતો બતાવવામાં આવશે.

પરિગ્રહપ્રમાણમાં સમાજવાદ સામ્યવાદ અને વર્તમાનકાળના સર્વ વાદોનો અંતિમ નિર્ણય રજૂ કરવામાં આવશે.

અભય, અદ્વેષ અને અખેદની આદ્ય ભૂમિકામાં રહેલા નિર્ભયતા મૈત્રીભાવ અને સેવાભાવના રહસ્યો રજૂ કરવામાં આવશે.

વીતરાગભાવ દેવનું આદર્શ ઉત્કૃષ્ટ સ્વરૂપ છે એ અન્ય કોઈને ઉતારી પાડ્યા વગર પ્રખર રીતે રજૂ કરવામાં આવશે

આવા આવા અનેક પ્રયત્નો કરી જૈન ધર્મનો જગતની ગૂંચવણના નિકાલ માટે પ્રચાર કરવામાં આવશે. અનેક જનોને મોટી સંખ્યામાં જૈન બનાવવામાં આવશે, અસ્પૃશ્ય વર્ગને મંદિરમાં સ્થાન આપવામાં આવશે, તેને જૈન બનાવી પ્રભુપૂજનના માર્ગોએ જોડી ભક્તિના આદર્શથી વશ કરવામાં આવશે, વિદ્વાનોને જ્ઞાન-માર્ગ બતાવવામાં આવશે, વૈરાગ્યવાસિતને યોગ–ધ્યાનનો મહા-માર્ગ બતાવવામાં આવશે અને એ રીતે લાખો મનુષ્યોને અંતરાત્મ દશાએ લઈ આવી જૈન બનાવવામાં આવશે. સમ્યગ્ દર્શન–સમકીતની ચાવી દ્વારા શુદ્ધિનો માર્ગ અજવાળવામાં આવશે અને આખું વાતાવરણ વીતરાગના જયજયકારથી વાસિત કરવામાં આવશે.

આ સંબંધી નિયમસર પદ્ધતિસર પગલાં ભરવામાં આવશે અને રાષ્ટ્રભાવનાને પુષ્ટિ આપવા ઉપરાંત આખા વિશ્વની અનેક ગૂંચવણોનો નિકાલ કરી, હિંસામય વાતાવરણ દૂર કરી, શસ્ત્ર અને વાયુયાનોની હરીફાઈ દૂર કરાવી, જગતને શાંતિના પાઠો પઢાવવામાં આવશે અને વિશ્વને વિચારવાતાવરણમાં જૈન બનાવવાના સફળ પ્રયત્નો કરવામાં આવશે. જે વસ્તુ પ્રાચીનો અંદર અંદરના કલહમાં વિસરી ગયા હતા તેને અસલ સ્થાને લઈ આવવામાં આવશે અને રત્નચંદ્રસૂરિ અને હેમાચાર્યના જીવનસંદેશાને ફરી વાર જીવતા કરવામાં આવશે. પ્રત્યેક વસ્તીપત્રકમાં જૈન સંખ્યા ઘટતી જાય છે તેને બદલે કૂદકે ને ભૂસકે વધતી જશે અને નામની સંખ્યા કરતાં પણ વિચારમાં અને અંતસ્વર્રૂપે (સ્પિરિટમાં) જૈનો મોટી સંખ્યામાં વધતા જ જશે અને જૈન ધર્મના ઘંટા દિગંતમાં વાગતા જશે.

જૈનોના સંખ્યાબળનો પ્રશ્ન પ્રત્યેક પરિસ્થિતિમાં આવશે. ધાર્મિકમાં એ પર જરા ચર્ચા કરી છે. આગળ પણ આ જુદા જુદા રૂપમાં આવશે. મહાસભા—પરિષદ આ પ્રશ્નને ઘણું મહત્ત્વ સકારણ આપશે અને તેમ કરવામાં જનતાનાં ભવિષ્ય સુખ સગવડ શાંતિ ઉપર ખાસ નજર રાખશે. એ પ્રશ્નના નિકાલને અંગે કોઈ જાતનું જોર કે જબરદસ્તી કરવામાં નહિ આવે. શાંતિથી પણ મક્કમપણે સંખ્યાબળ વધારવાના મુદ્દામ પગલાં સમસ્ત જૈન કોમ સંગઠિત થઈ ને લેશે.

## પંચાયત ફંડ-સાધારણ ભંડોળ

સામાજિક પરિસ્થિતિની વિચારણામાં પંચાયત ફંડની યોજનાને મુખ્ય સ્થાન છે. ધર્મવિચારણામાં એ વિષય પૃ. ૧૮૩–૮૮ માં વિચારાયો છે તેથી અત્ર તેનું પુનરાવર્તન કરવાની

આવશ્યકતા નથી. માત્ર એના સ્થાનનો નિર્દેશ કરી એ વિચાર તરફ અત્ર ધ્યાન ખેંચી વિરમીએ. નવયુગ આ પંચાયત ફંડને અતિ મહત્ત્વનું સ્થાન આપશે અને એને વધારવા પૂરતો પ્રયત્ન કરશે.

આ ફંડમાંથી સેવાભાવી કાર્યકરને પોષણ મળશે. આજીવન કામ કરનારા હવા ઉપર જીવી શકતા નથી એ નવા યુગના ધ્યાન પર આવશે. જો સમાજ સેવા માગે તો સેવા કરનારને સાદાઈથી પણ ખાવું પીવું અને રહેવું તથા પહેરવું પડે છે અને અખંડ સેવા સાથે આજિવીકા માટે પર ઉપર આધાર રાખવો પડે એ પરસ્પર વિરોધી વાત છે. પ્રાચીનોમાં સેવાભાવી નીકળતા હતા, પણ ત્યાં આજીવન કામ કરનાર બહુ અલ્પ અને ઘણે ભાગે વૃદ્ધ માણસો મળી શકતા. તેઓને આજિવીકાનો પ્રશ્ન નહોતો. પોતાનું સાધન તૈયાર કરી કામ કરતા. તે વખતે કામ કરવાનાં ક્ષેત્રો પણ ઘણાં જ થોડાં હતાં, નવયુગમાં તો પાર વગરનાં ક્ષેત્રો ઉઘડતાં જશે, તેને પહોંચી વળવા સેવાભાવી યુવકોની ખાસ જરૂર પડવાની અને સમાજે તેમને નિશ્ચિંત કરવા જ પડે. આ સંબંધી આખી વિચારણા જુદા જ પ્રકારની થઈ જશે. સેવાનો આધાર સેવા કરનાર પર છે અને સેવા કરનારની એકલીનતા નિશ્ચિંતતા પર નિર્ભર રહે છે. પાર વગરનાં પ્રચારકાર્ય અને જનસેવાના વિવિધ ક્ષેત્રોને અંગે આ આખી બાબત ખૂબ વિચારવા યોગ્ય રહેશે.

પ્રાચીનોનો વિચાર આવી જાહેર સેવા કરવાનો બદલો લેનારને 'ધર્માદા દ્રવ્ય ખાવાના દહાડા આવ્યા' ગણી તેની ટીકા કરવા તરફ હતો. આ વિચારધારા અને નિર્ણય ચાલુ રહે તો સમાજસેવક કદી પ્રાપ્ત થાય જ નહિ. વધારે પડતો બદલો ન લેવો એ સમજી શકાય તેવી બાબત છે, પણ જાહેર દ્રવ્ય અખંડ સેવા કરનારે

ન લેવું એ વ્યાખ્યા સેવાના પગ ભાંગી નાખવા બરાબર હોઈ આખી વિચારણા તદ્દન ફેરવાઈ જશે. આવા સેવાના માર્ગો માટે પંચાયત દ્રવ્ય–સાધારણ ભંડોળ ઘણું ઉપયોગી થશે. એનો ઉપયોગ નિર્મિત દ્રવ્ય અલગ કાઢેલ ન હોય ત્યાં થશે.

પંચાયત ફંડ ઠામ ઠામ કરવામાં આવશે અને તેનું કેંદ્ર પણ કરવામાં આવશે. એની યોજના કરવામાં અને અમલ કરવામાં સારામાં સારાં મગજો રોકાશે અને જૈન કોમનું મુખ્ય કેંદ્ર આ દ્રવ્યસંચય દ્વારા થશે. એ કેળવણીની પ્રગતિના સામાજિક અનેક ખાતાઓને ઉપયોગી તત્ત્વ પૂરું પાડશે અને એ દ્વારા અત્યારે જે ભારે ખોટ જણાય છે તે પૂરી પડશે. એ ઉપરાંત પ્રત્યેક કાર્ય માટે ફંડો તો થશે, પણ જ્યાં પુરવણીની જરૂર પડશે ત્યાં પંચાયત દ્રવ્યનો વિશાળ હાથ લંબાવવામાં આવશે. હોસ્પિટલો, માવજત કરનાર મંડળ, સ્ત્રીઉદ્યોગખાતાં આદિ અનેકાનેક કાર્યો આ ફંડનો પુરવણી તરીકે ઉપયોગ કરશે અને એ રીતે એક સાથે ચારે તરફ જૈન ધર્મનો પ્રસાર સ્થીરીકરણ અને દઢીભવન થતું જશે.

પરિષદ નાના મોટા સમસ્ત જૈન કોમને લગતા સામાજિક પ્રશ્નો હાથ ધરશે. પરિષદમાં સર્વ ફીરકાઓ અને સર્વ ગચ્છો હશે. પરિષદનું સ્થાયીસમિતિમંડળ નિરંતર ધર્મોત્કર્ષનો સામાજિક દૃષ્ટિએ વિચાર કર્યા કરશે. પરિષદ ત્રણ દિવસ મળીને બેસી જાય એમ નહિ બને, એ આખું વર્ષ સ્થાયીસમિતિ દ્વારા કામ કરશે. એ પ્રચારકાર્ય માટે પ્રાંતિક અને સ્થાનિક મંડળો સ્થાપશે અને આખી યોજનાને વ્યવહારૂ બનાવશે. જરાપણ કચવાટ થાય એવો પ્રસંગ આવવા દેશે નહિ અને આવશે તો સમજાવટ અને ખુલાસાદ્વારા નિકાલ લાવવામાં આવશે. જ્યાં ધર્મ-દૃષ્ટિએ પ્રગતિ કરવાની હોય ત્યાં નવયુગ પોતાની જાતને સમસ્તમાં

અંતર્ધાન કરવાની કળા શીખી જશે. સમાજવાદના વાતાવરણમાંથી એ વ્યક્તિત્વને બાદ કરવાનું શિક્ષણ મેળવશે અને બહુમતને માન આપતાં શીખશે. આ રીતે આખો સમાજ આગળ ચાલશે અને પરિષદ નવા નવા પ્રશ્નો લઈ તે પર પૂરતો વિચાર કરી કોમને નેતૃત્વ આપશે. આ રીતે સામાજિક પ્રશ્નોની વિચારણા થશે અને વિચારવિનિમયને પરિણામે જરૂર હોય ત્યાં તપાસ નિવેદન કમીશન સમિતિ આદિ નવયુગનાં સાધનો દ્વારા પૂરતી માહિતી મેળવી સમાજપ્રગતિના પ્રસંગો ઉભા કરશે અને તેનો ભવ્ય અમલ કરશે.

પરિષદ અને સમિતિમાં ધનવાન કરતાં વિચાર કરનારને અગ્રસ્થાન મળશે, બહુમતવાદનો સાર્વત્રિક સ્વીકાર થશે, પોતાના અભિપ્રાયને બહુમત આગળ છોડી દેવાની સરળતા સમાજજીવનને અંગે લોકોને આવડી જશે અને કાર્યકર સમિતિઓમાં નામ ખાતર નામ લખાવવાને બદલે સાચી સેવા કરનાર અને નિરંતર હાજર રહેનારને સ્થાન મળશે. પ્રત્યેક અધિકારની જવાબદારી હોદ્દેદારો સમજતા થઈ જશે અને શીઘ્રતાથી ચપળતાથી કામ કરવાની આવડત કામની ધાટીમાં પડતાં સહેજે પ્રાપ્ત થઈ જશે.

## મિલકત

નવયુગમાં મિલકત (પ્રોપરટી)નો પ્રશ્ન તદ્દન નવા આકારમાં સામાજિક દૃષ્ટિએ પ્રાપ્ત થશે. સમાજવાદ, સમૂહવાદ, વિશ્વબંધુત્વ-વાદ આદિ જે નવયુગના સામાજિક વિચારો નવા જ ઉત્પન્ન થયા છે તેની અસર હીંદ ઉપર તુરત આવી પહોંચશે. એનો મુખ્ય મુદ્દો એ છે કે મિલકત—ધનની—ઉત્પત્તિ કરનાર મજૂરવર્ગ—શ્રમજીવીઓ છે, પણ ધનપતિઓએ પોતાના ધનના બળથી સમાજની વ્યવસ્થા એવા પ્રકારની કરી છે કે એને લઈને ખરું

નવનીત ધનવાનોના હાથમાં જાય છે, જ્યારે તેને ઉત્પન્ન કરનાર મજૂરને વધારેમાં વધારે બહુ તો સાદું ખાવાનું મળે છે, પણ એ અજ્ઞાનથી આચ્છાદિત રહે છે, એને રહેવાનાં સ્થાનો તદ્દન બીસ્માર અને અનારોગ્ય હોય છે, એને ઘણા કલાક કામ કરવાનું હોઈ એશઆરામનું સ્વપ્નું પણ આવતું નથી, જ્યારે એની મહેનતને પરિણામે પૈસાવાળા ચમન કરે છે, આરામ કરે છે, મોટા મહેલોમાં વાસ કરે છે, ભાત ભાતનાં ભોજન આરોગે છે અને એના કપડામાં હરવાફરવામાં અને જીવનના નાદોમાં અનેક સગવડો ભોગવે છે.

એક મીલમાં કામ કરનાર હજારો મજૂરોની દશા અનુભવી હોય તો એના પર પ્રકરણો લખાય. સ્ત્રીઓને પણ દેહનિર્વાહ માટે કામ કરવું પડે છે, એના બાળકોને ધવરાવવાનો સમય પણ મળતો નથી અને સૂર્યોદય થાય ત્યાં સુધીમાં તો રાંધી ખાઈને સીસોટી વાગે તે પહેલાં હાજર થવું પડે છે. વળી એ શ્રમજીવી માંદો પડે ત્યારે એની સંભાળ કરનાર કોઈ નથી, જીવતાં એને દિલાસો નથી, મરી જાય તો એની પાછળ એના ઘરના માણસોમાંથી કોઈને આંસુ પાડવાનું નથી અને એને ઉંચે આભ અને નીચે ધરતી છે. એના પરસેવાથી મેળવેલ લક્ષ્મીમાં એનો ભાગ નથી, એની વહેંચણીમાં એનો અવાજ નથી, એના ઉપભોગમાં એને કાંઈ લેવાદેવા નથી.

આ વાત તો ઘણી લંબાવાય તેમ છે. મતલબ શ્રમજીવી અને ધનવાન વચ્ચેનો આ વિચાર માત્ર પુસ્તકમાં રહેનાર નથી, પણ નવયુગમાં તે સખ્ત આકાર ધારણ કરશે. ધનવાનોને મિલકત ધરાવવાનો બીલકુલ હક્ક નથી એ રીતે ચર્ચા થઈને ન અટકતાં આખા મિલકતના જુથ—મિલકતની સંસ્થાપર આક્રમણ થશે.

શ્રમજીવીઓ પોતાના શ્રમથી ઉત્પન્ન કરેલ મિલ્કત પર પોતાનો હક્ક સ્થાપન કરશે. ધનવાનોનું સમાજમાં સ્થાન છે ત્યાંથી તેને તોડી નાખવા પ્રયત્ન થશે અને અત્યારે અવ્યવહારુ અથવા વાહિયાત લાગે તેવા વિચારો ધન મિલ્કત અને સંચયને અંગે થશે. એની વાતો તો ત્રીશ વર્ષથી ચાલવા લાગી છે, પણ એનો થોડો ઘણો અમલ યુરોપમાં થવા લાગ્યો છે અને રશિયામાં એ આખો પ્રશ્ન એટલી હદ સુધી પહોંચ્યો છે કે ત્યાં ધનસંચય કરવો એ ગુન્હો ગણાય છે. ધનવાન એ સમાજમાં સર્વથી અધમ પંક્તિનો ગણાય છે. આ સર્વ વિચારોનો અત્ર સંગ્રહ કરવા જેટલું પણ સ્થળસંકોચથી બને તેમ નથી. આખા યુરોપમાં અને અમેરિકામાં જે ધમસાણ મચી રહ્યું છે તે અન્યત્ર ચીતરવા યોગ્ય છે અને દીર્ઘ નજર કરનારે એનો અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. એ બાબતનું સાહિત્ય ખૂબ વિસ્તારથી અનેક આકારમાં અન્યત્ર પ્રકટ થતું જાય છે તે વાંચવાની ભલામણ કરી આપણે નવયુગનો જૈન એને અંગે શું વલણ લેશે તે પ્રસ્તુત બાબત પર આવી જઈએ.

નવયુગ એ સમાજવાદ આદિ નવા વિચારોથી દૂર છટકી શકે તેમ નથી. એ વિચારોનું પ્રાબલ્ય ઘણું વધનાર છે. એ સવાલનો નિર્ણય કરતાં નવયુગને નવનેજા પાણી ઉતરનાર છે એટલી ઉપોદ્ઘાત સાથે નવયુગનું વલણ એને અંગે વિચારી જઈએ. હકીકત એમ બનતી જાય છે કે એક બાજુએ ગરીબાઈ અનારોગ્ય અને જીવનકલહ ખૂબ વધતા જાય છે અને બારે માસ યંત્રની માફક માણસને સખ્ત મજૂરી પેટ ભરવા માટે કરવી પડે છે અને આરામ આરોગ્ય કે મોજને એના જીવનમાં સ્થાન રહેતું નથી, એનો રસ તદ્દન સૂકાઈ જાય છે, ત્યારે બીજી બાજુએ મોટી રકમ વધતી જાય છે. કોઈ મહેનત કરનાર પ્રવીણ પિતાના પુત્રો

અથવા સાધારણ સ્થિતિવાળા પણ સાહસિક નરો એ જ શ્રમજીવીના ભોગે બીજી ટોચ પર જતા જાય છે. બન્ને વચ્ચેનો આંતરો એટલો વધતો જાય છે કે ઘણા શેઠો પોતાની ગીરણીમાં કામ કરનાર મજૂરને જોતા નથી, ઓળખતા નથી, દિલાસો આપી શકતા નથી અને એનામાં પ્રેરણા ઉત્પન્ન થાય તેવી પરિસ્થિતિ નીપજાવી શકતા નથી.

આને પરિણામે અસાધારણ પરિસ્થિતિ ઉત્પન્ન થવાનો પૂરતો સંભવ છે. નવયુગને આ પ્રશ્નનો નિકાલ ખાસ કરવો પડશે. જૈન કોમ વ્યાપારી કોમ હોવાથી, જૈનોના હાથમાં કેટલીક સત્તા હોવાથી, આવડત હોવાથી અને બીજા અનેક ઐતિહાસિક કારણે જૈનોને આ 'મિલ્કત'નો પ્રશ્ન સર્વથી પહેલો અસર કરશે. કમિશનને નામે લાખો રૂપિયા એજન્ટો લઈ જાય અથવા મોટી યોજનાના ચાલકો અસાધારણ મોટા નફા કરે એ વાત નભી શકે એમ નથી, આ વાત આપણી પસંદગીની નથી એ ખાસ ધ્યાનમાં રાખવું. એની સામે કર્મ-પૂર્વ જન્મના શુભ કર્મ આદિની દલીલો કરવી નકામી છે. એ પ્રશ્ન ઉડવાનો જ છે અને આખા દેશમાં ઉઠવાનો છે.

નવયુગ એનો મુખ્યતયા આ રીતે નિકાલ કરશે. પરિગ્રહ-પરિમાણ એ જૈનનો આદર્શ ગુણ છે, પાંચ અણુવ્રતમાં પાંચમું વ્રત છે અને એના ધાર્મિક દૃષ્ટિએ ઇચ્છારોધ વગેરે લાભ ઉપરાંત આ ભવમાં પણ ઘણા ફાયદા છે. નવયુગનો તરવરાટ રોકનાર અને શક્તિના અર્થ અને હેતુ વગરના ઉપયોગને અંકુશમાં રાખનાર ઐહિક નજરે આ નિયમન અતિ ઉપયોગી ભાગ ભજવશે. આ નિયમનને પરિણામે શ્રમજીવી અને માલેકો વચ્ચે પ્રેમભાવ વધશે, શ્રમજીવીઓનાં રહેઠાણો મનુષ્યને રહેવા લાયક થશે, એનાં

બાળકોને માટે પોષકગૃહો (નર્સરી) ગીરણીની સાથે તૈયાર થશે, ત્યાં શિક્ષણની રચના થશે, કામદારોમાં મનુષ્યત્વ પોષે એવા રસયુક્ત પ્રસંગો યોજાશે અને અનેક રીતે શેઠ અને કામ કરનાર વચ્ચે મીઠો સંબંધ જળવાય એવા પ્રસંગો ઉપસ્થિત કરવામાં આવશે.

આ તો ગીરણી કામદારોની વાત થઈ. એ જ મિસાલે ખેડૂત અને વ્યાપારી વચ્ચે સંબંધ વધારવા માટે શાહુકારીની આખી રીતભાતમાં મોટો ફેરફાર થશે અને સહકારી મંડળની યોજનાને અનુરૂપ વ્યવસ્થા થશે જે વ્યાપારના શિર્ષક નીચે આગળ વિચારવામાં આવશે.

નવયુગ આખું સમાજબંધારણ એવી રીતે ફેરવી નાખશે કે ધનવાન અને શ્રમજીવી વચ્ચે ઘર્ષણના પ્રસંગો દૂર થઈ જશે. એમ કરવામાં પરિગ્રહપરિમાણ નિયમન ખૂબ અગત્યનો ભાગ ભજવશે.

ઔદ્યોગિક સંસરણમાં આગળ વધેલા દેશની અંદર અત્યારે જે ખરાબી થઈ રહી છે તેનો અનુભવ લઈ એ જ વાત હિંદમાં પણ શરૂ થાય એ સ્થિતિ નવયુગ નહિ રહેવા દે. નવયુગની દીર્ઘદૃષ્ટિ આ વિષયમાં બરાબર કામ કરશે. હિંદની સ્થિતિ એવી છે અને ખાસ કરીને જૈનનો વ્યવસાય એવા પ્રકારનો છે કે જો આ સંબંધમાં ધ્યાન ન આપે તો અનવસ્થા કે અવ્યવસ્થા થતાં ગામડાંઓમાં એ પહેલો ભોગ થઇ પડશે. પણ અગમ બુદ્ધિ વાપરી એ એવા પ્રકારની સ્થિતિ થઈ જાય તેટલી હદે વાતને જવા નહિ દે.

'મિલકત' ની વૃદ્ધિમાં જો નિયમન મૂકવામાં નહિ આવે તો બહુ ભયંકર પરિણામ આવશે. અત્યારે જે જાતના વિચારો ફેલાતા

જાય છે, જે જાતનું વાંચન વિશેષ રસથી વંચાય છે અને જીવન-કલહની જે કઠિણતા વધતી જાય છે, તેને અંગે ચેતવાનો રસ્તો પાંચમા વ્રતમાં જ છે. એ બાબતમાં જે સ્ખલના કરશે તે નવયુગના સમાજમાં ખત્તા ખાશે, સ્થાન ખોઈ બેસશે અને હાથે કરીને આપત્તિ વહોરી લેશે.

ધનની વહેંચણીને અંગે બીજી અનેક ઘટનાઓ થશે તે વ્યાપારના પ્રકરણમાં વિચારવામાં આવશે.

## પ્રકરણ ૨૦ મું

# સામાજિક સંસ્થાઓ

નવયુગ સામાજિક સંસ્થાઓ જુદા જુદા ઉદ્દેશથી અનેક સ્થાનકે અને અનેક વિવિધતા પૂર્વક સ્થાપશે. પૂર્વ કાળમાં પ્રાચીનોના સમયમાં મંદિર કે ઉપાશ્રય ઉપરાંત કોઈ સંસ્થા લગભગ નહોતી. રીતસરનું બંધારણ પ્રાચીનોની બુદ્ધિમાં નહોતું. આ સ્પષ્ટ ઉલ્લેખ જરા કચવાટ કરે તેવો છે, પણ નવયુગ કહેશે–ભાર મૂકીને કહેશે કે તે સત્ય છે. છૂટીછવાઈ કોઈ સંસ્થા હશે તો પણ તેમાં બંધારણ જેવી વસ્તુ નહિ, મધ્યમ કે ગરીબ વર્ગનો અવાજ નહિ અને મારતે મીંયાનો કોરડો તેમાં ચાલતો. સામાજિક જીવન જેવું પૂર્વ કાળમાં કાંઈ હતું જ નહિ. ત્યાં વધારેમાં વધારે મોટો સમાજ મળે તો એક સંઘ, પણ તેમાં પણ બંધારણ કે ધોરણું નહોતું. નવયુગની સંસ્થાઓનો પાર રહેશે નહિ. તેના ઉદ્દેશો સુસ્પષ્ટ રહેશે અને તેનું બંધારણ સરનશીર આવશે. નવયુગની થોડી સંસ્થાઓનો નિર્દેશ કરીએ.

### વિદ્યાર્થીગૃહો

સહજ વિવેચન ઉપર થઈ ગયું છે. એ માધ્યમિક કેળવણીને અંગે રહેશે. ઉચ્ચ કેળવણીને અંગે રહેશે.

એની સ્થાપના પ્રત્યેક મોટા શહેરમાં થશે. વગર તફાવતે સર્વ જૈનને ત્યાં સ્થાન આપવામાં આવશે. સર્વ વિદ્યાર્થી સહભોજન કરશે. ધાર્મિક અભ્યાસ એ સંસ્થાઓનો ખાસ વિષય થશે. શિસ્તને વિદ્યાર્થીઓ આનંદથી સ્વીકારશે.

આ વિદ્યાર્થીગૃહો સાથે 'અભ્યાસગૃહો' જોડાશે. ત્યાં ધાર્મિક અને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવશે.

આ અભ્યાસગૃહો અને વિદ્યાર્થીગૃહો નવયુગનાં કેન્દ્રો થશે. ત્યાં હાઇસ્કુલ કોલેજની કેળવણીની સગવડ ઉપરાંત અનેક પ્રવૃત્તિઓ થશે. જૈન સંસ્કૃતિના એ માત્રિકાગૃહો થશે. ત્યાં જૂની શોધ-ખોળો થશે, સુંદર પુસ્તકાલયો થશે, પ્રાચીન ગ્રંથરત્નોનો સંગ્રહ થશે, પ્રાચીન સીક્કા, શિલાલેખો અને સંસ્કૃતિના અવશેષોના સંગ્રહાલયો થશે. ત્યાંથી ચર્ચા દ્વારા અનેક નવા વિચારો, નિર્ણયો અને રહસ્યો બહાર પડશે.

પાઠશાળાઓ પણ અનેક નાનાં મોટાં સ્થળોએ થશે. ત્યાં તદ્દન નવીન પદ્ધતિએ ધાર્મિક શિક્ષણ, પ્રાકૃત–સંસ્કૃત–ભાષા શિક્ષણ, સાહિત્ય શિક્ષણ, ન્યાયનો અભ્યાસ અને નયનિક્ષેપનો અભ્યાસ કરાવવામાં આવશે. ત્યાં સર્વ ભાષાનાં વ્યાકરણોને સ્થાન મળશે. ત્યાં કાવ્યો અમર થશે.

એ ઉપરાંત વિદ્યાલયો–કોલેજો થશે. જૈન કોમની એ ખાસ જરૂરીઆત પૂરી પાડશે. એમાં ઉચ્ચ ભાષાઅભ્યાસ ઉપરાંત ગણિત, ભૂગોળ અને વિજ્ઞાનને ખાસ સ્થાન મળશે. જૈન તત્ત્વજ્ઞાન અને નીતિ વિભાગને તદ્દન નૂતન સ્વરૂપ આ સંસ્થા આપશે. ત્યાં પૂર્વકાળનાં મહાન રહસ્યો તદ્દન નવા આકારમાં રજૂ કરવામાં આવશે. ત્યાં જૈન ધર્મની સ્થિરતાના પાયા રોપાશે.

જૈન વિશ્વવિદ્યાલય (યુનિવર્સિટિ) પણ તરતમાં નવયુગ સ્થાપશે. જૈન સંસ્કૃતિને કેંદ્રિત કરવા અને દુનિયાના મહાન વારસોને જાગાવી રાખવા વિશ્વવિદ્યાલયની જરૂરીયાત નવયુગ તરતમાં જોશે. તેમાં આત્મત્યાગી, સેવાભાવી, મધ્યમકક્ષાના જૈન યુવક-રત્નો અનેકદેશીય કાર્ય કરી વિશ્વને ચમત્કાર ઉપજાવશે અને કોમીયભાવના ઉત્પન્ન ન કરતાં વિશ્વબંધુત્વનો વિસ્તાર આહ્લાદક-રીતે કરશે. શિક્ષણની અનેક શાખાઓનું ત્યાં મીલન થશે. ઇતિહાસ ભૂગોળ અને ગણિત તથા જ્યોતિષ, નાટક અને છંદ, કાવ્ય અને ન્યાય આદિ અનેક વિષયોની ભારે પ્રગતિ કરવાની કેંન્દ્ર-સંસ્થા આ વિશ્વવિદ્યાલય થશે અને તેમાં અનેક છાત્રવૃત્તિઓ, માન્યવેતનો અને ભાષણ–શોધખોળ આદિની યોજના થશે એ સંસ્થા સર્વ ધર્મનો સમન્વય કરી બતાવશે અને મુંઝાતી દુનિયાને અનેક રીતે માર્ગદર્શક થઈ શાંતિ ભ્રાતૃભાવ અને વ્યવહારૂતાને વિસ્તારશે. આ વિશ્વવિદ્યાલયને અંગે સ્થાનિક વિદ્યાલયો (કોલેજો) વિગેરે સર્વ યોગ્ય વ્યવસ્થા નવા બંધારણથી અને નૂતન પદ્ધતિએ નવયુગ કરશે. એના કાર્યમાં સેવાભાવી અનેક જૈનો ઉત્સાહથી ભાગ લેશે અને પરોપકારી સાધુઓ એને સેવાથી, ભાષણોથી, ઉપદેશથી અને પ્રેરણાથી નવાજશે. આ વિશ્વવિદ્યાલયના કાર્યમાં ધનવાન વર્ગ બહુ રસ લેશે, પણ એની આંતરવ્યવસ્થા તેને યોગ્ય તંજ્ઞોને (ઍક્સપર્ટોને) સોંપી દેશે. નવયુગના બે વિશિષ્ટ ગુણો વ્યવસ્થા અને શિસ્ત થશે. તેનો ઉદ્‌ભવ આ વિશ્વવિદ્યાલયમાંથી થશે, તેને પોષણ કોલેજો આપશે અને તેને નવયુગના યુવકો અને યુવતીઓ વહન કરશે.

## કેળવણીમંડળ

સમસ્ત જૈન કોમની કેળવણી વિષયક નીતિ મુકરર કરવા અને તેને યોગ્ય વિચાર વાતાવરણ ફેલાવવા 'કેળવણી મંડળ' થશે.

એને કોઈ એજ્યુકેશન બોર્ડ એવું પણ નામ આપશે. બહુધા પરરાજ્યની અથવા પરદેશી ભાષામાં કોઈ સંસ્થા ઓળખાશે નહિ. આ કેળવણીમંડળ ખૂબ વિચાર કરી સમસ્ત જૈન કોમની કેળવણીવિષયક નીતિ મુકરર કરશે. એ બાળ ધોરણથી માંડીને વાચનમાળા જેવી નાની લાગતી બાબતોથી તે અનેક મહાપ્રશ્નો ચર્ચી તેને જાહેર કરશે અને તે રીતે જાહેર થયેલા વિચારો પણ સારી રીતે ચર્ચા કરવાની તક સર્વને આપી છેવટે નિર્ણયો જાહેર કરશે. આ કેળવણી મંડળનું કાર્ય માત્ર કેળવાયેલાના જ હાથમાં ન સોંપતાં જે જૈન બંધુઓએ કેળવણીના શાસ્ત્રનો વૈજ્ઞાનિક પદ્ધતિએ અભ્યાસ કર્યો હશે તેને સોંપવામાં આવશે અને તેના કાર્યમાં ગમે તેવો માણસ હાથ ઘાલશે નહિ. ચર્ચા કરવાને ઉપર જણાવ્યું તેમ છૂટ રહેશે, પણ નિર્ણય તો સેવાભાવી તજ્ઞોના હાથમાં જ રહેશે. આ મધ્યસ્થ મંડળ તો માત્ર નીતિ જ મુકરર કરશે, વિચાર ફેલાવવાનું કાર્ય કરશે, બાકી તેનો અમલ તે તે સંસ્થાઓ કરશે. આ મધ્યસ્થ કેળવણી મંડળ એક વાત મુકરર કરીને અનેક રીતે સમજાવશે કે જૈન કોમનો નિસ્તાર એકસંપમાં, નાના તફાવતો ભૂલી જવામાં, પૂર્વ કાળના મહાન વારસાને કાયમ કરવામાં અને તે સર્વને ખાતર 'કેળવણી'ના સવાલને ખાસ મહત્ત્વ આપવામાં છે. કેળવણીના નિકાલમાં સર્વ પ્રશ્નોનો નિકાલ છે એમ નવયુગ આ મધ્યસ્થ મંડળ દ્વારા જાણશે અને એ પ્રકારે એનો અમલ કરશે.

એ ઉપરાંત સાધન વગરના બાળકો અને બાળાઓ માટે **બાળાશ્રમો** ઠેકાણે ઠેકાણે સ્થાપવામાં આવશે. એ બાળાશ્રમોમાં માત્ર સાધનહીન જૈનને જ સ્થાન મળશે. ધનવાન કે મધ્યમ વર્ગને માટે વિદ્યાર્થીગૃહોમાં યોજના થશે. ખાસ કેંદ્રસ્થાનોએ **ગુરુકુળ**ની યોજના કરવામાં આવશે. એનો ઉદ્દેશ સેવાભાવી

જૈનોને ઉત્પન્ન કરવાનો અને ખાસ ધર્મશિક્ષણમાં પારંગત થયેલ બ્રહ્મચારી ઉત્પન્ન કરવાનો રહેશે.

**સાધુને તૈયાર કરનાર સંસ્થા** સ્થાપવામાં આવશે. ત્યાં ધાર્મિક જ્ઞાન તદ્દન જુદી જ પદ્ધતિએ આપવામાં આવશે. તેનું વાતાવરણ વૈરાગ્યમય બનાવવામાં આવશે. તેમાં જોડાનાર પર આડકતરી પણ ચોક્કસ નજર રાખવામાં આવશે. તેમાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ યોજાશે. એ અભ્યાસ કરનાર અને દરમિયાન વૈરાગ્યનો દેખાવ નહિ પણ હૃદયભાવ ધરાવનારને દીક્ષા લેવાની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવાની યોજના કરવામાં આવશે.

સહશિક્ષણ ક્યારે અને કોને આપવું અને ક્યારે બાળ અને બાળાને શિક્ષણ અલગ આપવું તેની આખી નીતિ મધ્યસ્થ કેળવણીમંડળ મુકરર કરશે.

સ્થાને સ્થાને ઉપાશ્રયોને અંગે **પુસ્તકાલય** તે ગામની સ્થિતિ અને વસ્તીને અનુરૂપ સ્થાપવામાં આવશે અને દરેક પુસ્તકાલય સાથે વાચનગૃહ જરૂર સ્થાપવામાં આવશે. અનેક જૈન સાપ્તાહિકો, માસિકો અને ત્રૈમાસિકો નીકળશે. તેમાં તત્ત્વજ્ઞાન કથા આદિ અનેક વિષયો આવશે. એ પ્રત્યેક વિષય પર પણ ખાસ માસિકો બહાર પડશે. તે પૈકી અમુક અમુક માસિકોને રસ અને સ્થિતિ પ્રમાણે આ વાચનગૃહોમાં સ્થાન મળશે. સામાન્ય ભાષાજ્ઞાનની માહિતીને પણ એમાં સ્થાન રહેશે.

## સેવાસંઘો

આ તો મુખ્ય સંસ્થાઓની વાત થઈ. એ ઉપરાંત નાની નાની તો અનેક સંસ્થાઓ બંધારણપૂર્વક નીકળશે. કોઈ પુસ્તકપ્રચારનું કામ ઉપાડી લેશે, કોઈ ગ્રંથપ્રકાશનનું ઉપાડી લેશે, કોઈ ગ્રંથવિવેચનનું કાર્ય કરશે, કોઈ વિદ્યાર્થી–સહકારી મંડળ

થશે, કોઈ સાધુસહાયક મંડળ થશે, કોઈ વસ્તીપત્રક તૈયાર કરનાર મંડળ થશે, કોઇ જૈન ધર્મ પ્રચારક મંડળ થશે, કોઈ ભૂતદયા મંડળ થશે, કોઈ સ્વચ્છતા પ્રચારક મંડળ થશે—આદિ અનેક દિશાએ પ્રયત્નો ચાલશે અને આખો સમાજ વિવિધ ક્ષેત્રો દ્વારા કાર્ય કરશે અને પ્રગતિનો ઉદ્દેશ ખાસ લક્ષ્યમાં રાખી ધર્મ-સ્થિરીકરણ અને ધર્મપ્રચાર કરી શ્રી વીર પરમાત્માના સંદેશા જગતભરને સંભળાવશે. વિશ્વબંધુત્વનો ખ્યાલ ન છોડતાં રાષ્ટ્ર-ભાવનાને પોષી સાપેક્ષ દૃષ્ટિએ દીર્ઘદૃષ્ટિપૂર્વક કામ લેશે અને તેમાં ભૂલ થશે તો જાહેર કબૂલાત કરવામાં કે ક્ષમા યાચવામાં જરા પણ સંકોચ ન રાખતાં આગળ ધપાવવા પોતાની આવડત, અનુ-કૂળતા અને પરિસ્થિતિ પ્રમાણે કામ લેશે. વાતો કરતાં અમલ તરફ, ટીકા કરતાં કાર્ય તરફ અને ઉપર ઉપરની તાળીઓ કરતાં પરિણામે ધારેલી અસર થાય તે પદ્ધતિએ કામ લેવા પ્રયત્ન કરશે.

જરા વિગતોમાં ઉતરીએ તો સેવાસંઘો અનેક પ્રકારના બંધારણપૂર્વકની સમિતિઓના નામથી નીકળશે અને તેની સભ્ય-સંખ્યા પ્રચંડ થતી જશે. નાનામાં નાની બાબતથી માંડીને અનેક પ્રકારના સેવાના પ્રબંધો થશે. મેળાવડામાં પાણી પાવા જેવી બાબતથી લઈને મોટા મેળા વખતે નિયમન રાખવું, અકસ્માત વખતે મદદ કરવી—આવી અનેક સેવાસમિતિઓ નીકળશે. એ સર્વ ધોરણસર અને ઉદ્દેશ લક્ષ્યમાં રાખીને કામ લેશે અને સામા-જિક શિસ્તમાં સુંદર ફાળો આપી વ્યવસ્થા અને પ્રગતિમાં ખૂબ ફાળો આપશે. લોકોમાં અપૂર્વ સેવાભાવના ખીલશે. દરેકને પોતાના ઉદરનિર્વાહ ઉપરાંત કાંઈક કરવાની વૃત્તિ રહેશે. કોઈ સંસ્થા બાળઉછેર તો કોઈ માંદાની માવજત, કોઈ સંસ્થા દારૂ-નિષેધ તો કોઇ સ્વદેશીપ્રચાર, કોઇ સંસ્થા ભાષણશ્રેણીની વ્યવસ્થા

તો કોઈ રાત્રીશાળા, કોઈ આંધળાંની શાળા તો કોઈ મૂંગાબહેરાને શિક્ષણ, કોઈ ચૂંટણી કાર્યમાં સહાય તો કોઈ પુસ્તકપ્રકાશનને ઉત્તેજન — આવી સેંકડો સેવાભાવી સંસ્થાઓ નીકળશે અને તેમાં અનેક યુવકો, બાળકો અને વૃદ્ધો પોતાની આવડત, ઉત્સાહ અને શક્તિ પ્રમાણે ભાગ લેશે. આ પ્રમાણે નવયુગ સંસ્થાનો આખો નવો યુગ સ્થપાશે અને પ્રાચીનોમાં વ્યવસ્થા, ધોરણ, બંધારણ અને શિસ્તની મોટી ખામી તેમની નજરમાં જડી આવશે તે દૂર કરશે અને તેની પાછળ વિચારશક્તિ અને ધનનો વ્યય કરવાની ખાસ જરૂરિયાત સ્વીકારશે અને તેને માટે જરૂરી પ્રચારકાર્ય પણ કરશે.

સામાજિક કાર્યક્ષેત્રોનો પાર નથી. સામાજિક રૂઢિબંધનોમાંથી આવશ્યક હોય તેને સુધારવાના અને નિરર્થક હોય તેને ઉચ્છેદવાના પ્રસંગોનો પાર નથી. નાની નાની બાબતો લઈને આ વિષયને હવે વધારે લંબાવવો જરૂરી નથી. નવયુગ અનેક સામાજિક બાબતો ઉપાડશે, સુધારશે અને બિનજરૂરીને ફેંકી દેશે અને જરૂરીને કાયમ કરશે તો તેને નવયુગ ઓપ આપશે. તે પ્રત્યેકનું ધોરણ કેવું રહેશે તેના મુદ્દા અત્રે ચર્ચ્યાં છે. નવયુગ પાશ્ચાત્ય ધોરણોનો તથા તેની સમાજ પર થયેલી અસરનો અભ્યાસ કરી આખા સમાજશરીરને તદ્દન નવો ઝોક આપશે. મુખ્ય મુદ્દાઓ અત્ર ચર્ચાઈ ગયા છે. બાકીના મુદ્દાઓ એ મિસાલે સમજી લેવા.

## વિચારનિર્ણય કેમ થશે?

ઉપરની સર્વ બાબતોનો વિચારનિર્ણય મહાપરિષદની શાખાઓમાં, પ્રાંતિક સમિતિઓમાં અને ગ્રામ્ય સમિતિઓમાં થશે. બહુમતિનું ધોરણ સ્વીકારવામાં આવશે. એ ધોરણથી સમાજ કેવો સુવ્યવસ્થિત થાય છે તે સમજી તેને માન આપવામાં આવશે. કોઈ બાબતમાં બે મત થાય તો પણ અંતે બહુમતીને માન આપતાં જનતા શીખી

જશે અને પરિણામે અરાજકતા નહિ રહે, તેમજ એકહથ્થુ સત્તા કે સ્થાપિત હકોને સ્થાન નહિ રહે. સમાજનું સુકાન ગણ્યાગાંઠ્યા શેઠિયાઓની પાસેથી ચાલ્યું જશે અને વ્યવસ્થિત બંધારણવાળી સમિતિઓના હાથમાં આવશે. તેઓ ઘણી કુનેહથી કામ લેશે. તેની નિમણુકમાં જ્ઞાનને સ્થાન મળશે અને ગરીબ તથા મધ્યમ વર્ગનો અવાજ પૂરતા જોશથી નીકળશે; તે વર્ગને પ્રાચીનકાળમાં દબાવી દેવામાં આવ્યો હતો તેને બદલે તે પ્રકટી નીકળશે અને તેને પૂરતો અવકાશ જાતે અથવા તેણે નીમેલા પ્રતિનિધિ દ્વારા મળી આવશે.

## આ પ્રશ્નોમાં સ્ત્રીઓનું સ્થાન

આ સર્વ પ્રશ્નની ચર્ચામાં સંસ્થાના સંચાલકોમાં, વિચારણામાં અને મંત્રણામાં સ્ત્રીઓને પૂરતું સ્થાન મળશે. તેઓના આદર્શ અને સેવાભાવ વગેરે અનેક બાબતો એમના પ્રકરણમાં આવશે અને અગાઉ કેટલીક બાબતો ચર્ચાઈ ગઈ છે. સ્ત્રીઓનો અવાજ નવયુગમાં કોઈ ગૂંગળાવી શકશે નહિ અને કોઈ તેવો પ્રયત્ન કરવા જશે તો તે નવયુગમાં ફાવશે નહિ. સ્ત્રીઓ સેવાભાવી અનેક નીકળશે, વિચારક પાર વગરની નીકળશે, વક્તાનો પાર નહિ રહે અને તે પોતાનું સ્થાન પુરુષોએ આપેલું નહિ લે, પણ તે સ્થાન જાતે જ પ્રાપ્ત કરશે. પુરાણપ્રિયોને આ પલટાયલો આખો રંગ તરંગ જેવો લાગશે, પણ નવયુગમાં તે તરતમાં સિદ્ધ થશે. સ્ત્રીઓમાં આખા આદર્શો જ બદલાઈ જશે અને તેને લઇને સામાજિક પરિવર્તન તદ્દન વિલક્ષણ પ્રકારનું થશે.

અને એ સર્વ વ્યવસ્થામાં ધર્મને સન્મુખ રાખવામાં આવશે. મૂળ મુદ્દાને જરા પણ વિરોધ ન આવે અને અત્યારની માંયકાંગલી નિર્માલ્ય પ્રજા ભિખારી કે ગુલામોની સંખ્યામાં વધારો ન કરે એ

મુદ્દો ખાસ લક્ષ્યમાં રાખવામાં આવશે. સમાજમાં મગજના બળવાનને સ્થાન છે અને સમાજ હૃદય બળવાનના ઉપર જ નભે છે એ વાત આગળ આવશે. અનેક કુમારિકાઓ આદર્શ સેવાભાવી થશે, અનેક યુવકો ધર્મ અને સમાજસેવામાં પોતાની જાતને લગભગ વીસરી જશે અને લગભગ પચીસસે વર્ષથી બેઠેલો ભસ્મગ્રહ[1] ઉતારવાના મનોરથ નવયુગના વિચાર, વર્તન અને આચારમાં રહેશે.

સામાજિક બાબતો આગળ આવશે ત્યાં જરૂરી સૂચનાઓ થશે, પણ ઘણાખરા મુદ્દાઓ મુખ્યતયા અત્ર ચર્ચાઈ ગયા છે. આ વિષય બંધ કરતાં એક બાબત પર ખાસ ધ્યાન ખેંચવાની જરૂર જણાય છે.

## ધનવ્યય

સામાજિક બાબતોને અંગે નવયુગ દ્રવ્યવ્યય કઈ રીતે કરશે, એ મુદ્દો સામાજિક બાબતો સાથે ખાસ સંબંધ ધરાવે છે; તેથી નવયુગનું તેને અંગેનું વલણ સીધી રીતે ચર્ચવાનું આ સ્થાન છે. તમે સને ૧૯૦૦ ની સાલ પહેલાંનાં હાઈકોર્ટમાં રજીસ્ટર થયેલાં વીલો વાંચો અને વીશમી સદીનાં વીલો (વસીયતનામા) વાંચો તો કહેવાનો મુદ્દો બરાબર સમજાઈ જશે. એ બન્નેમાં ઘણો મોટો તફાવત છે અને તે દાનના પ્રકાર અને રીતિને અંગે છે.

---

૧. ભસ્મગ્રહની વાત એવી છે કે શ્રી વીર ભગવાનના નિર્વાણ વખતે તેમના માથા પરથી ભસ્મગ્રહ જતો હોવાનું જાણી ઇંદ્રે ભગવાનને બે ઘડી આયુષ્ય વધારવા કહ્યું. તે વાત કોઈથી બની શકતી નથી એવો ભગવાને ઉત્તર આપ્યો. આ ભસ્મગ્રહનો કાળ ૨૦૦૦ વર્ષનો અને એની છાયા પાંચશે વર્ષની. એ સર્વ સંવત ૨૦૩૦માં ઉતરી જાય છે. અત્યારે આપણે ભસ્મગ્રહ અને તેની અસર ઉતરી જવાના કાંઠા પર બેઠા છીએ. આ સંબંધી વધારે હકીકતના જિજ્ઞાસુએ શ્રી દિવાળીકલ્પગ્રંથ જોવો.

માણસ મરવા પડે અથવા મરણનો વિચાર કરે એટલે જે ધન સાથે કોઈ પણ રીતે લઈ જઈ શકાય તેવું ન હોય તેની વ્યવસ્થા કરવી જ પડે છે. આમાં વિવેક કેવા પ્રકારનો થતો જાય છે અને નવયુગમાં કેવા પ્રકારનો થશે એ નવયુગ વિચારશે.

જે વખતે હિંદમાં સમૃદ્ધિને મર્યાદા નહોતી, જ્યારે દેશનું ધન દેશમાં જ રહેતું, જ્યારે આર્થિક પ્રશ્નો અને હરિફાઈ પરસ્પર ગૂંચવાઈ ગયેલા નહોતા અને જ્યારે દેશમાં ધન ધાન્યની વિપુળતા હતી ત્યારે ગમે તે રીતે ધનવ્યય થઈ જાય તે કદાચ ચલાવી લેવા જેવું ગણાય, પણ અત્યારે તો મહત્વના પ્રશ્નો દેશ સામે ઉભા થયેલા છે, આખા વિશ્વ સાથે વ્યવહાર ચલાવવાનો છે, આપણા દેશના આર્થિક પ્રશ્નો પર આપણો હક્ક કે આપણી સ્વાધીનતા નથી, ત્યારે નિરર્થક ધનવ્યય પાલવે નહિ; અત્યારે તો એક વાવીએ ત્યાં સો ઉગે તેવો વિવેક દાનપદ્ધતિમાં રાખવો જ પડે.

નવયુગ તેથી દાનપ્રવાહને ઝોક આપશે. એ જરૂરીઆતવાળાં ક્ષેત્રોને શોધી કાઢશે. એ ભરતામાં ભરતી કરવામાં અવિવેક માનશે. એ ધરાયલાને ખવરાવવામાં પરિણામે થતું અજિર્ણ જોઈ શકશે. એ દેશ અને સમયને વિચારી ઉદારતાનો ઝરો જ્યાં પાણીની જરૂર હોય તેવા પ્રદેશ તરફ ફેરવી નાખશે. એની નજરમાં પોષ્યખાતા કરતાં પોષક વર્ગ વધારે ધ્યાન ખેંચશે. નવયુગની દાનપ્રથામાં નીચેની બાબતો નવી પ્રણાલિકા દોરશે.

કેળવણી–જ્ઞાન–પ્રકાશ સર્વથી અગત્યનું સ્થાન લેશે.

કેળવણીનાં સાધનો, વિદ્યાર્થીગૃહો, વાચનમાળા, જરૂરી પુસ્તકો, ધર્મજ્ઞાનનો પ્રચાર, વિજ્ઞાનમાં પ્રગતિ આદિ કેળવણીની બાબતો મુખ્ય સ્થાન લેશે.

શ્રાવક અને શ્રાવિકાક્ષેત્રને સમૃદ્ધ કરવાની બાબત વિશેષ અગત્ય ધરાવશે. શ્રાદ્ધવર્ગની શારીરિક, માનસિક, વ્યાવહારિક

ઉન્નતિના કાર્યમાં નવયુગ ઔદાર્યનો ઝરો વહેવરાવવાની વધારે જરૂર માનશે.

જનસમાજનું સેવાનાં કાર્યો અનેક આકારમાં ધ્યાન ખેંચશે. રાષ્ટ્રહિત સમાજ ઉત્કર્ષ એની નજરમાં ખૂબ આકર્ષક લાગશે.

અભણને ભણાવવા અને નિરૂદ્યમીને ઉદ્યોગે ચઢાવવા એ પ્રાથમિક ફરજ માનવામાં આવશે.

શારીરિક પ્રગતિ માટે વ્યાયામમંદિરો કરાવવામાં નવયુગ ધનનો ઝરો ખાસ વહેવરાવશે.

માંદા માટે હોસ્પીટાલો, પ્રસુતિગૃહો, માવજતગૃહો, સેવાભાવી માવજત કરનારાને ઉત્પન્ન કરનારાં ગૃહો, આરોગ્યમંદિરો, મોટા શહેરમાં સસ્તા ભાડાની ચાલીઓ. આવાં આવાં ખાતાંઓને ખાસ અગ્રસ્થાન આપવામાં આવશે.

ભાષણગૃહો, પુસ્તકાલયો, પ્રકાશનમંદિરો, સંગ્રહસ્થાનો ઉપર વિચાર સારી રીતે ખેંચાશે.

અનેક ખાતાંઓમાં નામો લખવાની જરૂર ભાગ્યે જ હોય. ટૂંકામાં વર્તમાન યુગમાં જે ખાતાને પોષવાની જરૂર દીર્ઘ નજરે દેખાશે તેવા ખાતા તરફ–તેવી બાબતો તરફ નવયુગ વિવેક વાપરી ઔદાર્યને વાળશે. તેઓને પ્રાચીન કાળની કોઈ સંસ્થા તરફ દ્વેષ નહિ થાય, પણ જરૂરિયાતનું મૂલ્ય તેઓ આંકશે. મંદિરમાં જરૂર હશે તો નવું મંદિર પણ બનાવશે, પણ જરૂર ન હોય, ખાતું સમૃદ્ધ હોય ત્યાં એ વિચાર કરી જશે. એને મળેલા જ્ઞાનથી એની સમજણ પ્રમાણે એ વિવેક વાપરવાનો વિચાર ધનવ્યયને અંગે ખાસ કરશે અને એને યોગ્ય લાગશે તે પ્રમાણે ખાવાપીવાની બાબતો કે જમણવારમાં પ્રચલિત યુગમાં ધનવ્યય એ જરૂરી નહિ માને.

અને ધનવ્યય કરવા સાથે એ અનેક નવાં ખાતાંઓ પણ ખોલશે. એ પ્રત્યેક શહેર કે ગામની જરૂરિયાત જોશે. એ પાંજરાપોળ કરશે તો તેને પણ આર્થિક દૃષ્ટિએ પોષક બનાવશે. એનો દયાનો પ્રવાહ એને વ્યાધિગ્રસ્ત જનાવરો માટે તેના નિપુણ ડાક્ટરો રાખવા પ્રેરશે. અને ખાસ કરીને ચાલુ કે નવા ખાતા બંધારણપૂર્વકના થાય, ધોરણસરના થાય, ઉપયોગી થાય, એમ કરવાની એને ચીવટ રહેશે. વ્યવસ્થા ધોરણ (સ્કીમ) કે ટ્રસ્ટ વગર એ એક પણ જૂના કે નવા ખાતાને ચલાવી નહિ લે અને ખાતાને ધોરણસર કરવા માટે થયેલ ખર્ચને એ જરૂરી ખર્ચમાં ગણશે.

દાન પ્રવૃત્તિમાં એ જૈન સમસ્તને ફીરકાના ભેદ સિવાય પ્રથમતઃ ધ્યાનમાં લેશે. વધારે વિશાળ પાયા પર હાથ લંબાવી શકાશે ત્યાં એ જનતાને લાભ જરૂર આપશે. એના ઔદાર્યનો ઝરો સંકુચિત કે કોમીય નહિ થાય, પણ જૈન તરફ એની મીઠી દૃષ્ટિ પ્રથમ તો જરૂર પડશે.

દાખલા તરીકે એને સ્ત્રીકેળવણીની ખાસ જરૂર લાગશે તો તે સાર્વજનિક નજરે પ્રશ્નને ઉકેલશે, પણ જૈનને આકર્ષક થાય તેવું માન–વેતન આપવા લલચાઇ જશે. બંધારણ અને ધોરણસર કામ કરવાની અને લેવાની વૃત્તિ આ દાનપ્રવાહમાં ખાસ જણાઇ આવશે. તે ઉપરાંત વિશાળતા એનું ખાસ કેંદ્ર થશે. મનુષ્યજાતિ માટે એ જેટલું બને તેટલું કરવા લલચાશે અને જરૂરિયાતની વિચારણા, નિર્ણય અને અમલમાં ખૂબ લાંબી નજરે અને જનતાની વિશાળ દૃષ્ટિએ જોશે.

## પ્રકરણ ૨૧ મું

### વ્યાપાર

સામાજિક બાબતોનો છેડો નથી. કોઈ જરૂરી બાબતો આગળપાછળ ચર્ચવા પર રાખી વ્યાપારના ક્ષેત્રને અંગે નવયુગનું વલણ ટૂંકામાં જોઇ લઇએ. એમ કરતાં થોડી પ્રસ્તાવનાની જરૂર પડશે. અત્યારે જે પ્રકારે જૈન કોમ રચાયેલી છે તે રીતે જૈન કોમનો મુખ્ય આધાર વ્યાપાર ઉપર છે. વસ્તુસ્થિતિ કેવી હોવી જોઇએ તેના વિચાર સાથે વર્તમાન સ્થિતિને ગૂંચવી નાંખવી ન જોઇએ. સર્વ કે ઘણા જૈનો વ્યાપારી જ શા માટે હોવા જોઇએ એ અલગ પ્રશ્ન છે. એની ચર્ચા કરવાનો અત્રે પ્રસંગ નથી. વસ્તુસ્થિતિ છે તે જોતાં વ્યાપારનો પ્રશ્ન આ વિચારમાળામાં ખાસ અગત્ય ધરાવે છે,

જૈનોમાંથી કોઇ વકીલો, ડાકટરો કે વ્યાપાર સિવાયની નોકરીમાં હશે, પણ મોટા વિભાગનો અત્યારનો વ્યવસાય તો વ્યાપાર જ છે એ બાબતની ના પાડી શકાય તેમ નથી.

અને જૈનોનો વ્યાપાર એટલે માલની વહેંચણી. એક સ્થાનનો માલ બીજે મોકલવો, તે સ્થાનનો માલ અન્યત્ર મોકલવો અને માલ

વાપરનારને પૂરો પાડવો એ કાર્ય વ્યાપાર કરે છે. આ આખો પ્રશ્ન વહેંચણી ( distribution )ની કક્ષામાં આર્થિક નજરે આવે છે. આ ધંધાને કમિશન એજન્ટનું કાર્ય ગણવામાં આવે, ડેલ ક્રેડેરી એજન્ટનું કામ ગણવામાં આવે કે જથાબંધ ખરીદી પરચુરણ વેચવાનું કામ ગણવામાં આવે. પણ એ સર્વમાં માલની વહેંચણીને જ લાગેવળગે છે. આમાં ઉત્પત્તિનો પ્રશ્ન આવતો નથી. થોડોક મિલવ્યવસાય ઉત્પત્તિના વિભાગમાં આવે તે પ્રમાણમાં અલ્પ હોઇ તે પર આગળ વિચાર કરવામાં આવશે.

જૈનોનો મોટો ભાગ જથાબંધ માલ વેચનાર, પરચુરણ વેચનાર અને તેવાને ત્યાં નોકરી કરનાર એટલે કે મુનીમ, મહેતા કે નામું લખનાર–એટલામાં મોટે ભાગે રોકાયેલો હોય છે. આમાં ધ્યાન રાખવાની બાબત 'વહેંચણી'ની છે અને નફો માત્ર ધીરધાર કરવાની કુનેહ, ખરીદ કરવાની આવડત અને ઘરાકને રીઝવવાની ચાલાકી ઉપર આધાર રાખે છે. આમાં મુદ્દાની વાત **વહેંચણી** શબ્દ પર છે તે લક્ષ્યમાં રાખવું. સટાને વ્યાપાર ગણવો એ ભૂલભરેલું હોઈ તેનો અલગ વિચાર નવયુગની નજરે આ જ વિભાગ નીચે આગળ કરવામાં આવશે.

## વહેંચણી સામેના બે પોકાર

અત્યારે આ વહેંચણીના વ્યાપારપ્રકાર તરફ બે મોટા પ્રસંગો ઉઠયા છે તે પ્રત્યેક ખાસ વિચારવા યોગ્ય છે.

૧. આર્થિક વિચારકો કહે છે કે માલ ઉત્પન્ન કરનાર અને વાપરનાર એ બે છેડાઓ છે તેની વચ્ચે રહેનારા વ્યાપારીઓનો નફો કાઢી નાખવો જોઈએ—નહિવત્ કરવો જોઈએ, માલ વેચનારાનો આખો વિભાગ વચ્ચેથી કાઢી નાખવો જોઈએ, કારણ કે તેઓનો ઉત્પત્તિમાં હાથ નથી, તેઓ માલનો વપરાશ કરતા નથી,

માત્ર આડતીયા તરીકે તેઓ એક ઠેકાણેથી બીજે માલ પહોંચાડે છે. અને ઉત્પન્ન થયેલો માલ વપરાશ કરનારના હાથમાં પહોંચે તે પહેલાં ચાર પાંચ છ અથવા તેથી વધારે વ્યાપારીના હાથમાં પસાર થઇ પચાસ ટકા જેટલો નફો તે પર અનેક વખત ચઢી જાય છે. ચાર આને વાર કપડું વાપરનારને પહોંચવા પહેલાં ઓફીસવાળાનો, મોટા શહેરના જથાબંધ વેપારીઓનો, દેશના નાના વેપારીઓનો, ગામડાના વેપારીઓનો અને દલાલોનો તે પર નફો ચઢે છે. આ સર્વ નફો બંધ થવો જોઈએ.

આ ઉદ્દેશથી ઠામઠામ સહકારી સંસ્થાઓ સ્થાપવામાં આવે છે, તેનો ઉદ્દેશ મૂળ ઉત્પત્તિ સ્થાનેથી માલ મેળવી નામના નફાએ વાપરનારને પહોંચાડવાનો હોય છે.

૨. રશિયામાં આ વચગાળેના નફા કાપી નાખવા માટે પદ્ધતિસર પ્રયત્ન કરવામાં આવે છે. ત્યાં માલને એક હથ્થુ કરી તે પર અમુક નફે સીધો વપરાશ કરનારને આપવામાં આવે છે.

## પરિવર્તનની દિશા

આમાં એકલા કાપડની હકીકત નથી. દરરોજના ઉપયોગની નાની મોટી અનેક ચીજોમાં આ વચ્ચેના વ્યાપારીનો નફો રદ કરવાના પ્રબંધ શરૂ થઈ ચૂકયા છે અને તે આગળ વધે તેવા અનેક ચિહ્નો દેખાય છે. આ પ્રશ્ન નવયુગને મુંઝવનાર થઈ પડે તેવો છે. જૈનો ઉત્પત્તિના કામમાં બહુ ઓછો રસ લે છે. ખેતીવાડી કે મોટાં કારખાનાંઓ જુજ અપવાદ બાદ કરતાં જૈનોનાં વ્યવસાયક્ષેત્રો નથી. નવયુગને વચગાળેના માણસોના નફાની દલીલ અસરકારક લાગશે. માલની હેરવણી ફેરવણી કરવામાં અથવા તેને અંગે નાણાની ધીરધાર કરવાને અંગે માલ ઉપર પચાસ ટકા નફો જુદી જુદી વ્યક્તિઓ દ્વારા ચઢી જાય અને તે સર્વનો અસહ્ય બોજો વાપરનારને માથે પડે એમાં ન્યાય નહિ લાગે.

આ વિચારને પરિણામે આખી વેપારની પદ્ધતિમાં મહાપરિવર્તન થઈ જશે. જૈનોએ માત્ર મ્હેતાગીરી કે મુનીમગીરી ન જ કરવી હોય તો ઉત્પત્તિનાં અનેક ક્ષેત્રો હાથ કરવા જ પડશે. એ સિવાય એમનો છૂટકો નથી. એ સંબંધમાં પસંદગીનો સવાલ પણ રહી શકે તેવું નથી. પસંદ હોય કે ન હોય, પણ આર્થિક પ્રશ્નો તો અન્ય સમાજો સાથે રહીને જ છેડવા પડશે.

આ વિચારને પરિણામે વિજ્ઞાનનો અભ્યાસ વધારી જરૂરિયાતની નાની મોટી ચીજો ઉત્પન્ન કરવામાં જૈનોએ લક્ષ્ય આપવું જ પડશે અને તે આપશે. તે માટે અભ્યાસ કરવા દૂર દેશમાં અનેક અભ્યાસીને મોકલશે અને પદાર્થવિજ્ઞાનમાં રસ લઈ અનેક ચીજો ઉત્પન્ન કરવાના કામમાં જૈનો પડશે. જૈન કોમને સમયને અનુકૂળ થતાં આવડે છે. એ મુસલમાની સમયમાં વાઘા પહેરી શકતા અને કેડ ઉપર ભેટ બાંધી શકતા, તો અંગ્રેજ યુગમાં કોટ પાટલુન પણ પહેરી શકે છે. સમયધર્મનો વિચાર તો દરેક યુગે વ્યવહારૂ જૈન કરતો જ આવ્યો છે. અને આર્થિક હરીફાઈમાં આરપાર કેમ નીકળી જવું એ તો એનો પોતાનો અંગત વિષય છે.

બીજી વાત એ છે કે વહેંચણીનો ધંધો હાથમાંથી જતા વખત લાગતો નથી. એને માટે મુંબઇના થોડા જાણીતા દાખલા આપવા પ્રાસંગિક છે. મુંબઈ શહેરમાં વીશ વર્ષ પહેલાં રૂનો વ્યાપાર ૮૦ ટકા જૈનોના હાથમાં હતો, અત્યારે પૂરા દશ ટકા રહ્યો નથી. આમાં માત્ર વહેંચણીનું કામ છે એટલે આડતિયા ફરતાં વખત લાગતો નથી. (આમાં તૈયાર વેપારની જ વાત છે.)

ઝવેરાતના વ્યાપારના બે મોટા વિભાગ: મોતી અને હીરા આદિ પરચુરણ ઝવેરાત. મોતીનો વ્યાપાર સુવાંગ જૈનોનો હતો.

અત્યારે બાર આના વ્યાપાર તો અરબસ્તાનથી સીધો પારિસ ચાલ્યો ગયો અને બાકીના ચાર આનામાંથી લગભગ અરધો જૈનોના હાથમાં રહ્યો છે, પણ સમૂહવ્યાપારની પદ્ધતિની આવડત ન હોવાથી થોડાં વર્ષમાં જૈનો માત્ર પરોણીગર કે સરૈયા થઈ જાય તો ના નહિ એવી પડું પડું સ્થિતિ એ વ્યાપારની થઈ રહી છે.

હીરાનો વ્યાપાર કુલ જૈનોના હાથમાં હતો. અત્યારે ભાગ્યે જ પચાસ ટકા જૈનો પાસે રહ્યો છે. તે જ પ્રમાણે અન્ય ઝવેરાતનું સમજવું.

કાપડ બજારમાં જે પેઢીઓ વીશ વર્ષ પહેલાં જૈનોની હતી તેની અરધી પણ રહી નથી અને નવી થઈ નથી.

ખાંડ બજારનો ચૌદ આના વ્યાપાર જૈનોના હાથમાંથી પસાર થતો હતો ત્યાં અત્યારે નામ ગણાય તેટલી એક બે પેઢીઓ માત્ર જૈનોની રહી છે. આ વાત કોમીય ભાવના વધારવા લખી નથી. મુદ્દો એટલું જ બતાવવાનો છે કે વચગાળેનો વેપાર— આડતીયા જેવો કે કમીશન એજન્ટને મળતો વ્યાપાર ખસી જતાં વખત લાગતો નથી. બીજા અનેક વ્યાપારનું અને અનેક સ્થળોનું આ પ્રમાણે બતાવી શકાય તેમ છે, પણ તે તો વ્યાપારનો વિષય લઈને બેસીએ ત્યારે શક્ય છે. અત્યારે તો ઉત્પત્તિ વ્યાપારને અંગે ક્ષેત્રો પ્રથમથી હાથ કરવાની બાબત ઉપર લક્ષ્ય છે તે પૂરતું નવયુગની નજરે ધ્યાન ખેંચવામાં આવે છે. નવયુગમાં ખેતીવાડીને મોટા પાયા ઉપર જૈનો ઉપાડશે. મોટા ખેતરો, નવાં યંત્રો, પાણીની સગવડ, ખાતરની વિપુલતા અને ખેતીખાતાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી અનેક જૈનો આ ખેતીપ્રધાન દેશનાં બાગબગીચા અને ખેતીનું કામ કરશે. તે ઉપરાંત મીલોની વાત તો જાણીતી જ

છે. રંગની ઉત્પત્તિ, રસાયણોની ઉત્પત્તિ, અને એથી અનેક મોટા પાયા ઉપરની ઉત્પત્તિથી સાબુ રમકડાં જેવી નાનીનાની ચીજો ઉપર પણ એ પહોંચી જશે.

આ સંબંધમાં આરંભ સમારંભના વિચારોમાં મોટો ફેરફાર થશે અને જૈનો મોટી જવાબદારીઓને પહોંચી વળવા અને સમાજમાં સ્થાન જાળવી રાખવા અપવાદનો માર્ગ પણ સ્વીકારશે.

ઉત્પત્તિનાં ક્ષેત્રોની—વ્યાપારની કે તેની પદ્ધતિની વિગતો અત્ર સ્થળ સંકોચથી આપી નથી. એ સર્વમાં જે મુદ્દો કામ કરશે તેની ચર્ચા નવયુગની નજરે થઈ છે.

## વ્યાપારી કેળવણી

નવયુગ વ્યાપારી કેળવણી તરફ ખાસ ધ્યાન આપશે. એની નજરમાં વ્યાપારનાં ક્ષેત્રમાં ચાલતી સખત હરીફાઈને પહોંચવાના પ્રશ્નનો નિકાલ વ્યાપારી શિક્ષણમાં આવશે. એક મહાપ્રયાસે મીલનો ઉદ્યોગ જમાવનારનો છોકરો બાપની ગાદી પર બેસતાં પહેલાં નાના કારકુનની જગ્યાથી માંડી ખરીદી ખાતાં, વેચવાનાં ખાતાં, યંત્રોનું જ્ઞાન આદિ અનેક અભ્યાસમાંથી પસાર થવો જોઈએ. આ અગત્યની બાબત વીસરી જવાથી અનેક ધંધાઓ ખોઈ બેઠા છીએ. ઉત્તરોત્તર ચાલ્યો આવતો ધંધો કરનારને તો બહુદેશીય શિક્ષણ જરૂર મળવું જોઈએ. એને કાગળની પ્રેસકોપી સુદ્ધાં હાથે કાઢતાં આવડવી જોઇએ, નહિ તો કોઇ અટીકટીના પ્રસંગે સિપાઈ કે કારકુન હાજર ન હોય તો કામ અટકી પડે.

સર્વથી શરૂઆતમાં જરૂરી સામાન્ય જ્ઞાન તો માનસિક વિકાસ માટે જોઈએ. સ્વભાષા મારફત કે પરભાષા મારફત અત્યારે મેટ્રીક્યુલેશન સુધીનો અભ્યાસ ગણાય છે તેટલા પૂરતો

અભ્યાસ તો જરુર હોવો જોઇએ, પણ ત્યાર પછી ખાસ જ્ઞાન વ્યાપારી લાઈનનું આપવું જોઈએ. વ્યાપારી લાઈનમાં કેટલાક સર્વ સામાન્ય પ્રશ્નો છે તેનું સામાન્ય જ્ઞાન પ્રથમ મળવું જોઈએ. દાખલા તરીકે સોદા કેમ થાય, તેમાં માગણી અને સ્વીકાર, વેચાણના નિયમો, આડતના સવાલો, ભાગીદારીના પ્રશ્નો, ખોળા-ધરીના સવાલો, સોદા ક્યારે રદ થાય, શામાટે રદ થાય, જાહેર-નીતિનો સોદાઓ સાથેનો સબંધ, સટ્ટો અને જુગાર આદિ પ્રત્યેક વ્યાપારીએ જાણવા જ જોઈએ. વીમા પૈકી જીંદગીનો, દરિયાના જોખમનો, આગપાણીના જોખમનો પ્રશ્ન મુદ્દામ વિગતવાર સમજવો જોઈએ.

એ ઉપરાંત અર્થશાસ્ત્ર રાજ્યદ્વારી નજરે અને આંતરરાષ્ટ્રીય નજરે, સ્વરાષ્ટ્રને અંગે અને પરરાષ્ટ્રને અંગે, તેની ઉત્પત્તિ વહેંચણી અને વપરાશના અનેક સવાલ, ભાવ–મૂલ્યને અંગે જરૂરીઆત અને પૂરણીના સવાલો, જમીન, મજૂરી અને નાણાંનો પરસ્પર સંબંધ આદિ અનેક પ્રશ્નો વિગતવાર ખાસ જાણવા જોઇએ અને નાણાંની લેવડદેવડનો પ્રશ્ન બહુ બારીકીથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિ-બિંદુઓથી સમજવો જોઈએ.

એ ઉપરાંત હિસાબ રાખવાની પદ્ધતિ, વ્યાજ ગણવાની રીતિ, હવાલાની રીતિ, સરવૈયાની પદ્ધતિ તેનાં મૂળ તત્ત્વો સાથે સમજવી ઘટે અને તેમાં દેશી નામાની રીતિ અને પાશ્ચાત્ય પદ્ધતિના અભ્યાસ સાથે તે બન્ને વચ્ચેના તફાવત અને તેનાં કારણો તથા પરિણામો આવડવાં જોઈએ.

આટલી સામાન્ય વ્યાપારી કેળવણી મળ્યા પછી પોતાને જે લાઈન લેવાની ઇચ્છા હોય તેની વિગતમાં ઉતરી તેનો અભ્યાસ કરવો જોઈએ અને સાથે તે અભ્યાસમાં આવેલા સિદ્ધાન્તોનો વ્યવહારૂ ઉપયોગ કેમ અને કેવી રીતે થાય છે તે જાતે જોવું જોઇએ.

દાખલા તરીકે રૂનો વ્યાપાર કરનારે એની ઉત્પત્તિનાં સ્થાનોની ભૂગોળ, એ પ્રત્યેકમાં થતા રૂના પ્રકાર, એ રૂની જાતોની વિવિધતા, એની હાથપરીક્ષા, વેચવાનાં ક્ષેત્રો, તેની ભૂગોળ, તેનો ખપ અને આ સર્વ સંબંધી અનેક વર્ષોના આંકડાઓ, પાક પર હવાની અસર, પાકમાં થતી જીવાતો આદિ અનેકાનેક બાબતો ટૂંકામાં પણ મુદ્દામ રીતે જાણવી જોઈએ.

એ ઉપરાંત ઘરાકને સમજાવવાની રીત, વ્યાપારની જુદી જુદી પદ્ધતિઓ, નાણાંની જોગવાઈનો વ્યાપાર સાથે સંબંધ, આબરૂ ( ક્રેડિટ ) જાળવવાની–વધારવાની રીતિઓ, ગૂંચવણ વખતે રસ્તા કરવાની બારીકીઓ અને મીઠાશથી મુદ્દાસર હસીને વાત કરવાની આવડત પર ખૂબ અભ્યાસ કરવો જોઈએ.

આ પ્રમાણે એક વ્યાપારી થઈ શકે. વ્યાપારી થવું એટલે કોઈ જાતની તૈયારી વગર ગાદી ઉપર બેસી જવાથી વ્યાપારી થવાતું નથી. આવડત અને અભ્યાસ વગર લાખોની પૂંજી થોડાં વર્ષમાં ખોઈ બેસવાના અનેક દાખલાઓ બની ચૂકેલા છે અને હરિફાઈના આ યુગમાં કોઈ મહેરબાની કરીને ખટાવી જશે એ આશા રાખવી નિરર્થક છે. અત્યારે તો લોકોને જોઈએ તે ચીજો પૂરી પાડવાની તાલીમ, જનસ્વભાવનો અભ્યાસ અને વિજ્ઞાનનું પોતાના ધંધા પૂરતું જ્ઞાન હોય તો જ નભી શકાય તેવું છે.

આ સર્વ વાત નવયુગ જોઈ જાણી વ્યાપારી કેળવણી માટે અનેક દિશાએ યોજના અને અમલ કરશે, સારા વ્યાપારી પાસે ઉમેદવારોને અભ્યાસ કરવા મૂકશે, રાત્રિશાળાઓ કાઢી ત્યાં નાણા-વિષયક દક્ષો આર્થિક વિષયોમાં ભાષણો અપાવશે, હિસાબી જ્ઞાન માટે રાત્રિશાળાની દેશી અને પાશ્ચાત્ય બન્ને રીતિને અંગે વ્યવસ્થા કરશે અને પારિભાષિક વિષયોને અંગે વ્યાપારી મહાવિદ્યાલયની,

પરદેશ મોકલી અભ્યાસ કરાવવાની અને દરેક વિષયમાં વિશિષ્ટ વ્યવહારૂ અભ્યાસીઓને બહાર પડવાની ગોઠવણ કરી આપશે.

વ્યાપારને અંગે કેળવણી આપવાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. એમાં સર્વ દક્ષ ન થઇ શકે એ વાત નવયુગના ખ્યાનમાં રહેશે. ઓછી વધતી આવડત અને શક્તિ પ્રમાણે વ્યાપારી વિષયોનું સામાન્ય જ્ઞાન તો વ્યાપારમાં પડનારે લેવું જ પડશે. હવે કાંઇ સોળ આંક, કક્કો, બારાક્ષરી, નામાં ને હિસાબ આવડ્યાં એટલે નભી જવાનો સમય રહી શકે તેમ નથી અને માત્ર સોંઘે ભાવે ખરીદવું અને મોંઘે ભાવે વેચવું એટલા સાધારણ જ્ઞાનભંડોળે ચાલી જાય તેવો વખત નથી. વ્યાપારી કેળવણી અનિવાર્ય છે અને કોમે અથવા સમાજે વ્યાપાર ઉપરનો કાબૂ રાખવો અને વધારવો હોય તો કેળવણી લીધે જ છૂટકો છે.

વિશેષ મોટા વ્યાપારને અંગે પદાર્થવિજ્ઞાન અને ઇજનેરી જ્ઞાનની પણ જરૂરિયાત રહેવાની છે. અન્ય દેશોની વ્યાપારપદ્ધતિ ઘણી સમજવા યોગ્ય છે. મોટા પાયા ઉપર વ્યવસ્થાસર વ્યાપારી બંધારણો કેવાં થઇ શકે છે તેનો અભ્યાસ કરી આપણા દેશની જરૂરિયાત અને હવાપાણીને અંગે યોગ્ય ફેરફાર સાથે તેની મિલાવટ કરવાની જરૂર છે. સમૂહવ્યાપાર ( સિન્ડીકેટ ), નાણાંનું રોકાણ સહકારી બંધારણ આદિ અનેક બાબતોનો અભ્યાસ કરવાની અને અભ્યાસનો અમલ કરવામાં વિશાળ અનુભવ અને વ્યવહારદક્ષતા બતાવવાની જરૂર છે. એ સર્વ નવયુગે કરવાનું છે, નજીક આણવાનું છે અને અમલમાં મૂકવાનું છે. આ કાર્ય નવયુગ બહુ સાવધાનીથી, આસાનીથી અને કુશળતાથી બરાબર પાર પાડશે અને પ્રત્યેક શાખા, પ્રશાખા અને ઉપશાખા માટે સાધનો યોજશે અને એ બાબતમાં ખરી કુશળતા અને દીર્ઘદર્શિતા દાખવશે.

## વ્યાપારનાં ક્ષેત્રો અને પદ્ધતિ

નવયુગ વ્યાપારનાં કયાં ક્ષેત્રો ઉપર ધ્યાન વધારે આપશે તેનો નિર્ણય કરવાની જરૂર નથી. પણ એ જ્યાં લાભ દેખાશે ત્યાં માથું મારશે. વ્યાપારનાં ક્ષેત્રોને અંગે કયા ધોરણે કામ લેશે અને શું શું નહિ કરે તે બાબત ખાસ ધ્યાન આપવા યોગ્ય હોઈ તેના થોડા મુદ્દા હકારાત્મક અને નકારાત્મક નવયુગની નજરે જોઈ જઈએ.

નવયુગ સાહસિક થશે. એને વ્યાપાર નિમિત્તે પરદેશ ખેડવામાં જરા પણ સંકોચ આડો નહિ આવે.

નવયુગ મોટા પાયા પર વ્યાપાર કરવા માટે સમૂહપદ્ધતિ અને સહકારપદ્ધતિનો સ્વીકાર કરશે.

નવયુગ પ્રમાણિકપણે વ્યાપાર કરવામાં ઘરાકી જામે છે, વ્યાપાર વધે છે અને લાંબે પાયે સ્થાયી લાભ થાય છે તે વાત સમજી તેનો ઇહલોક પરલોકની નજરે સ્વીકાર કરશે.

નવયુગ થોડો નફો કરવાથી વધારે ઘરાકી જામે છે એ વાત સમજી થોડા નફાથી સંતોષ પામશે અને વ્યાપાર વધારી 'બોરના બમણા'ની નીતિ ન રાખતાં પ્રાચીનકાળની 'લાખની પાણ'ની નીતિ સ્વીકારશે.

ભાગીદારી, સમૂહવ્યાપાર અને અનેક સ્થાને વ્યાપાર કરવાની મોટી યોજનાઓ એ કરશે.

નવયુગ મોટા વ્યાજ ખાવાની 'સાવકારી' નહિ કરે. એ ધંધાને એ ચુસણી કરનાર અને અન્યનો તિરસ્કાર વહોરી લેનાર ગણશે. નવયુગના મહાઆરંભ અને કર્માદાનના વિચારો નરમ પડશે. એ બનતો ઉપયોગ રાખશે. જીવરક્ષા યથાવિત્ કરશે, પણ

ધંધાને અંગે મિલ કરતાં, રંગનું કારખાનું કરતાં એ મુંઝાશે નહિ. એ કોઈ નવીન પ્રકારે પોતાની જાતને સમજાવી લેશે.

નવયુગમાં કુટુંબભાવના મંદ પડશે, વ્યક્તિવાદ વધી પડશે અને તેથી તે ભાગીદારી કરશે, પણ કુટુંબના આળસુઓને પોષનારા વ્યાપારની પદ્ધતિ નહિ સ્વીકારે.

જે વ્યાપાર કરશે તે પૂરતી હીકમતથી, આવડતથી, જોમથી, આંકડાઓના અભ્યાસથી, ગણતરીથી અને મન લગાડીને કરશે અને ગભરાઈ જશે નહિ, મુંઝાઈ જશે નહિ અથવા એકને એક સ્થાને પડી રહી રહ્યા કરશે નહિ. 'ફરે તે ચરે' એ ન્યાયે કામ લેશે.

છેતરપીંડી, દંભ કે ખોટા હિસાબ, ઘરાકને ઊંધુંચત્તું સમજાવવું, ઇરાદાપૂર્વક ખોટા દસ્તાવેજ કરવા—આવી બાબતો નવયુગ નહિ કરે, પણ તેને બદલે કુશાગ્રબુદ્ધિથી ઘરાકની જરૂરિયાતનો અભ્યાસ કરી માલ પૂરો પાડવા–બનાવવા તે ગોઠવણ કરશે.

ઉપરની સર્વ બાબતો એકંદરે સમજવી. કોઈ કાળાં મોઢાં પણ નીકળશે, પણ તેના ટકા બહુ જૂજ રહેશે. દીવાળું કાઢવું અને મરવું બરાબર ગણવામાં આવશે અને નાક આબરૂ માટે ખાસ ચીવટ રાખવામાં આવશે.

ધનિકવર્ગ અને ગરીબ વચ્ચે અંતર છે તેથી પણ વધારે બનશે પણ ધનવાન થવાની તક સર્વને મળશે અને વ્યવહારૂ અભ્યાસવાળો અંતે વધારે ફાવશે, જ્યારે બાપદાદાની પૂંજી ઉપર તાગડધિન્ના કરનારા બહુ થોડા વખતમાં પાછા પડી જશે.

નાણાના રોકાણનો સવાલ નવયુગમાં ખૂબ અગત્યનો બનશે અને તેને અંગે આવડત વગરના ધનવાનના નબીરાઓને ગરીબ અથવા તદ્દન સામાન્ય કે મધ્યમ થઈ જતાં વખત નહિ લાગે.

વ્યાપારની પદ્ધતિઓને અંગે ખાસ નવી બાબત એ થશે કે ધનવાનો તરફ શ્રમજીવીનો અણરાગ વધારે મક્કમ બનતો જશે.

હિંદમાં રશિયા જેવી સ્થિતિ નહિ થાય, ધનવાનોનો દરજ્જો તદ્દન ઉતરી નહિ જાય, પણ અંતર તો અત્યારે છે તેથી સહજ વધશે. એમાં જરા આશ્વાસન લેવા લાયક હકીકત માત્ર એક જ રહેશે અને તે એ કે ધનવાનો પોતાના ધનનો એક ભાગ શ્રમજીવીની કેળવણી અને ઉન્નતિમાં વાપરવાની પોતાની ફરજ સમજશે. અહીં સમાજવાદ તો ચાલી રહેલો જ છે, પણ તે હિંદભૂમિને અનુકૂળ છે. તેની અને પાશ્ચાત્ય પદ્ધતિ વચ્ચે સામ્ય નહિ થઈ શકે.

હિંદમાં નૈતિકવાદ (philosophical anarchism)ની પ્રવૃત્તિ વધતી જશે. ધનવાનો રહેશે તો ખરા, પણ સમાજમાં શ્રમજીવીનું સ્થાન ઉન્નત બનશે. એનો મોટો આંચકો પરિવર્તનકાળ પૂરો થતા આવશે. અત્યારે તેનાં વાજાં વાગી રહ્યાં છે.

નવયુગ ધર્મભાવનાથી આ સર્વનો પ્રતિકાર કરશે, પણ ધનવાનોને એમાં ઘણા ફેરફારો જોવા અનુભવવા પડશે.

અહીં આપણે સટ્ટાના વ્યાપારનો પ્રશ્ન નવયુગની નજરે ચર્ચીએ.

## સટ્ટો

સટ્ટાના પ્રથમ બે વિભાગ છે. એકમાં માલની લેવડદેવડનો દેખાવ કરવા પૂરતી પણ શરત હોય છે અને બીજો ચોખ્ખો જુગાર.

જેમાં માલ લેવાદેવાની શરત હોય છે તે રૂના વાયદાનો વ્યાપાર, અળસી–એરંડાના વાયદાનો વ્યાપાર, સોનાચાંદીના વાયદાના સોદા, કોઈ વખત કપૂર જેવી ચીજના, કપાસના પણ

વાયદા નીકળે છે. આવી શરતમાં વાયદાની મિતિએ માલ લેવા દેવાની શરત હોય છે. વ્યાપાર કરનારા હજારો લાખો ગાંસડી અથવા ટનના વ્યાપાર કરે છે, પણ મિતિ આવવા પહેલાં સોદા સરખા કરી નાખે છે. માલની ડીલીવરી આપવાની એને સગવડ પણ હોતી નથી, તેની પાસે તેટલું નાણું પણ હોતું નથી અને માલ ભરવાનાં ગોડાઉન પણ હોતાં નથી. એમાં સોદા કરનાર કરાવનારનો ઇરાદો બજારની વધઘટનો લાભ લઈ નફો તારવવાનો હોય છે, પણ કાયદાની ચુંગાલમાંથી બચવા માટે માલ લેવાદેવાની શરત દાખલ કરેલી હોય છે. આને પ્રથમ પ્રકારનો સટ્ટો ગણવામાં આવે છે.

બીજા પ્રકારમાં ચોખ્ખો અને ઉઘાડો જુગાર હોય છે. દર અઠવાડિયે કાચી ખાંડીનો ધંધો થાય છે અથવા આંકફરકનો જુગાર રમાય છે તેમાં દરરોજ મુંબઈ જેવા એક શહેરમાં લાખો રૂપિયાની હેરફેર થાય છે. અમેરિકાના ન્યુયોર્કમાં વાયદાના સોદાના એક રતલ રૂના ભાવની વધઘટના દોકડાના આંકડા ઉપર હિંદુસ્તાનના લોકો દરરોજ લાખો રૂપિયાનો જુગાર રમે છે. આની આખી વિગત આપતાં તો પાનાં ભરાય તેમ છે, પણ તે ચોખ્ખો જુગાર જ છે.

એ ઉપરાંત ઘોડાની શરતોમાં અમુક ઘોડો પહેલો (વીન) આવશે કે બીજો ત્રીજો (પ્લેસ) આવશે તે પર ત્રણ મહિના સુધી દર શનિવારે અથવા રજાના દિવસોએ લાખો રૂપિયાનો જુગાર રમાય છે.

આ ઉપરાંત પાનાંનો જુગાર, વરસાદનો જુગાર આદિ અનેક પ્રકારના જુગાર રમાય છે. વિકટોરિયા ગાડીનો નંબર એકી આવશે કે બેકી તેના ઉપર શરતો બકાય છે. આ સર્વ જુગાર છે.

કમનસીબની વાત એવી બની છે કે અત્યારના જૈનોનો એક મોટો ભાગ આ બન્ને પ્રકારના સટ્ટાના માર્ગે ચઢી ગયો છે.

ઉપર જણાવેલા પ્રથમ પ્રકારના વાયદાના સોદામાં શેર અને નોટના વાયદાના સોદાઓનો પણ સમાવેશ થઈ જાય છે.

નવયુગ આ સર્વ પ્રકારના સટ્ટા અથવા જુગારને દેશના હિતની ખાતર, શ્રમજીવીઓના લાભની ખાતર અને ભયંકર લતમાંથી બચાવવા ખાતર એકી અવાજે બંધ કરી દેશે. અત્યારે કેટલાક તેનો વ્યાપારના હિતની નજરે બચાવ પણ કરે છે અને કાયદા ખાસ કરીને સટ્ટાને અનુકૂળ છે. જુગાર પૈકી ઘણાખરા ગેરકાયદેસર છે, પણ ઘોડાની શરતને હિંદના દુર્ભાગ્યે કાયદેસર ઠરાવેલ જુગાર ગણવામાં આવ્યો છે. આનાથી અનેક આપઘાતો, નિઃસાસાઓ અને તોફાનો થયાં છે, થાય છે અને માણસની સ્થિતિ વિના કારણે પલટાઈ જાય છે. સોએ એકાદ માણસ અન્યનાં લોહી ચૂસી ધનવાન બને છે પણ રમનારાની નજર તેના ઉપર જ રહે છે એટલે ભારે મોટી ભૂલ થાય છે.

આ વ્યાધિમાં જૈન કોમ ખૂબ સપડાયેલી અને સંડોવાયેલી હોઈ તેને આ બાબત પર સર્વથી વધારે ધ્યાન આપવું પડશે. આ સટ્ટો કે જુગાર રમનાર વ્યાપારી કેમ કહેવાય તે પણ નવયુગના ધ્યાનમાં નહિ ઉતરે. આવા સટ્ટો કરનારને સમાજમાં સ્થાન હોવું ન ઘટે, એવાના હાથમાં મોટાં ટ્રસ્ટોનો વહીવટ કદી સોંપી શકાય નહિ અને તેવાઓ ઉપર કોઈ જાતની સ્થિરતાની આશા રાખી શકાય નહિ. આ સંબંધમાં કાયદાની મદદ લઈ સર્વ પ્રકારના વાયદાના સોદા બંધ કરાવવામાં આવશે અને તેમ કરવામાં કદાચ અમુક વ્યાપારને સહન કરવું પડશે તો સમાજ સહી લેશે, પણ અત્યારે ચાલે છે તેવી સટ્ટા ખેલવાની સગવડ નવયુગ કદી નહિ આપે અને છતાં કોઈ વગરમહેનતે વગરપરસેવે માત્ર બજારની

વધઘટથી ધનવાન થવા માગતા હશે તો તેમને સમાજ પોતાના અંગના નહિ ગણે.

આ આખી હકીકત સટ્ટા અને જુગાર બન્ને પ્રકારને લાગુ પડે છે. આર્થિક દૃષ્ટિએ એવા વ્યાપાર પર ગુજરાન કરનાર દેશના દ્રવ્યમાં વધારો કરનારા ન હોઈ અને એમાંથી આળસ, વ્યસન અને બેદરકારીપણું વધવાનાં અનેક ઉદાહરણો હોઈ એને જરા વખત ચાલુ રાખવામાં હિંદની ગરીબ પ્રજા પર નકામો બોજો ગણાશે અને દેશનો વહીવટ હાથમાં આવતાં આખો સમાજ આવા ભયંકર જીવનસાધનો પર છીણી મૂકશે અને તે કાર્ય કરવામાં, તેની હીલચાલ કરવામાં અને તે અનુસાર નવીન કાયદા કરાવવામાં નવયુગની જૈન પ્રજા અગ્રેસર ભાગ ભજવશે. એમ કરવા જતાં એવી આડત દલાલી કરનારા અનેક જનો અથવા જૈનો રખડી જશે એવો વિચાર નવયુગ નહિ કરે, પણ દેશ પરનો મહાઅનર્થ-કારક બોજો ઉડાવી દેવાનું પુણ્ય હાંસલ કરવાની તકનો પૂરો ઉપયોગ પોતે કરે છે એમ નવયુગ માનશે.

આ સટ્ટાનો વ્યાપાર જેને ખોટી રીતે 'વ્યાપાર' કહેવામાં આવે છે તેની સાથે આવતા માલના સોદાને ઘુંચવી નાખવા નહિ. કેટલાક માલને આવતાં જ વખત લાગે છે, તેના સોદામાં સટ્ટાનું સહજ તત્ત્વો તો રહે છે, પણ એની કક્ષા જૂદી છે. પરદેશી માલ ન લેવાના ખ્યાલને અંગે આવા સોદા ઉપર અંકુશ પડશે તે વળી જૂદો જ સવાલ છે, પણ એને સટ્ટા કે જુગારની કક્ષામાં મૂકવામાં આવશે નહિ.

આવા આવતા માલના સોદામાં પણ ખાંડના ધંધામાં અનેક લોકો પાયમાલ થઈ ગયા છે અને જૈન કોમ તો હતાશ થઈ ગઈ છે. એ સર્વ બાબત ધ્યાનમાં લઈ તેના ઉપર પણ નવયુગ અંકુશ

મૂકશે. વ્યાપાર જ્યાં સુધી વેપારની મર્યાદામાં રહે છે ત્યાં સુધી તેમાંથી જરૂરી લાભો ગેરલાભો થાય છે, પણ જ્યાં તેમાં સટ્ટાનું તત્ત્વ દાખલ થાય છે ત્યાં એ વેપાર મટી જાય છે.

નવયુગનું ધ્યાન તો આર્થિક નજરે 'ઉત્પત્તિ' તરફ વધારે રહેશે. એ વચગાળેના નફા રદ્દ કરવા પ્રયત્ન કરશે, ત્યાં બજારની વધઘટનો લાભ લેનારા સટ્ટો કરનારને કોઈપણ પ્રકારનો લાભ લેવા દે એ આર્થિક નજરે અસંભવિત વાત છે, શ્રમજીવીની નજરે ભયંકર વાત છે અને સમાજવ્યવસ્થાના ધોરણે એક પણ દિવસ ન ચલાવી લેવા યોગ્ય વાત છે. ખાસ જરૂરી પ્રસંગમાં તૈયાર માલ લેવાનો હોય તેવા પ્રમાણિક સોદાઓના સંબંધમાં પણ ઘટતો અંકુશ તો જરૂર મૂકવામાં આવશે, પણ તે ઉપરાંત સટ્ટો કે જુગાર કોઈ પણ આકારમાં હિંદમાં તો ન જ જોઈએ એમ નવયુગ ઠરાવશે અને તેની સામે સ્વાર્થને અંગે ઉભો પાડશે તે ઉપર ધ્યાન આપ્યા વગર સમાજ એ કામ આટોપી લેશે અને સટ્ટાને અને જુગારને મૂળથી હાંકી કાઢશે. તેવો ધંધો કરનારને કોઈ પ્રમાણિક ઉદરનિર્વાહનું સાધન શોધવું પડશે.

## પ્રકીર્ણ

વ્યાપારના અનેક પ્રશ્નોને અંગે નવયુગને બહુ વિચાર કરવો પડશે. નવયુગનો વ્યાપાર એક પરગણા કે હિંદમાં મર્યાદિત થવાનો ન હોઈને અનેક આર્થિક પ્રશ્નો તેને ઉકેલવા પડશે, આખી દુનિયાના આર્થિક પ્રશ્નોનો બારીક અભ્યાસ કરવો પડશે, નાણાપ્રકરણી સવાલો, નાણું મોકલવાનો દર (રેટ ઑફ એકસચેંજ), સોનાનો નાણા સાથે સંબંધ વગેરે તથા ઉત્પત્તિ વહેંચણી અને વપરાશના અનેક સવાલો આવી પડશે. એ સર્વનો નિકાલ તે પૂરા અભ્યાસથી કરશે અને હિંદ જેવા કુદરતની કૃપાવાળા દેશને

એ ભારે આબાદ કરશે. એ પોતાના દેશના આર્થિક પ્રશ્નો પોતાના હાથમાં લેશે, એમાં પરરાજ્ય કે પરદેશીઓની દરમિયાનગીરીને એ દૂર કરશે અને ઔદ્યોગિક પરિસ્થિતિનાં હલકાં તત્ત્વો દેશમાં દાખલ થવા ન દેતાં પાશ્ચાત્ય અને પૌર્વાત્ય સમાજવાદનું સંમિશ્રણ બનાવી એ હિંદ માટે ભારે આશ્ચર્યકારક આર્થિક ઘટના ઊભી કરશે.

એ પ્રમાણે કરવા માટે એને રાજદ્વારી બાબતમાં ભાગ લેવો પડશે. તેને અંગે આર્થિક સ્વરાજ્ય પ્રાપ્ત કરવું પડશે અને તેને માટે ભોગો પણ આપવા પડશે. એ સર્વ ઘટના રાજ્યદ્વારી સ્થિતિમાં વિચારશું. અહીં તો વ્યાપારી કોમે વ્યાપારની સ્થિતિ જાળવી રાખવા શું શું કરવું પડશે તે વ્યાપારી નજરે જ જોઈ જઈએ છીએ તે લક્ષ્યમાં રાખવું.

અત્યારે જૈન કોમના હાથમાં જે ધંધા છે તે સર્વ લગભગ ચાલ્યા જશે, પણ એની વ્યાપારને અંગે જોઈતી હિસાબ ગણવાની આવડત સાહસ અને વ્યાપારની ધૂન તેનામાંથી જશે નહિ. નવા સંયોગોને તાબે થઈ વ્યાપારનાં નવાં ક્ષેત્રો અને નવી પદ્ધતિમાં એ સાહસથી ઝંપલાવશે.

અત્યારે ગામડામાં શાહુકારી ઘણે ભાગે જૈનોના હાથમાં છે તે સહકારી સમિતિઓને અંગે નાશ પામી જશે, પણ શરાફી વ્યાપાર જૈનો તદ્દન નવીન પદ્ધતિએ વધારે ખીલવી શકશે. વહેંચણીના ધંધા ઓછા થઈ જશે અને તેમાં કસ પણ નામનો થઈ જશે, પણ તે જ વખતે ઉત્પત્તિનાં ક્ષેત્રો અનેક પ્રકારનાં ઉઘડશે અને ત્યાં નવયુગ પ્રવેશ કરી દેશે. એને માટે શિક્ષણ જોઈતું ધન આદિ અનેક નાની મોટી વ્યવસ્થા નવયુગ આગળ પડીને કરશે અને તેમાં તે અગ્રભાગ લઈ જૈનનું વ્યાપારમાં અગ્રસ્થાન જાળવી રાખશે.

એમાં એણે બે વાત ખાસ કરવી પડશે. એક તો એણે પ્રમાણિકપણું ખાસ કેળવવું પડશે અને 'વણિક તેહનું નામ, જેહ જૂઠું નવ બોલે' વગેરે કાવ્યમાં અમર થઈ ગયેલ વણિકત્વને તેણે સાર્થ કરવું પડશે. નવયુગનો નૈતિક વિકાસ એ માર્ગે બરાબર થશે. એ સંબંધમાં વચગાળેના વખતમાં જે શિથિલતા આવી ગઈ છે તે નવયુગ સીધા ઉપચાર અને પ્રયોગથી દૂર કરશે.

અને બીજી બાબત એણે લોભ ઓછો કરવો પડશે. મારવાડીઓ મોટાં વ્યાજ લે છે તે પ્રથા દૂર કરવી પડશે અને વ્યાપારી દૃષ્ટિ ખીલવવી પડશે. વ્યાપારી દૃષ્ટિ એ છે કે ટૂંકે કોળિયે વધારે જમી શકાય છે. ઓછો નફો લેવાના પ્રબંધથી વ્યાપાર વધારે થાય છે અને નફાના ટકા ઓછા આવે પણ સરવાળે આવકની રકમ મોટી થાય છે. એ ઉપરાંત પ્રમાણિકપણે અને ઓછે નફે કામ કરનાર ઘરાકી જમાવી શકે છે અને ઘરાકી વાળવાની કળા વણિકમાં સ્વાભાવિક હોય છે તે ઉપરનાં બે સૂત્રો દ્વારા વધારે કેળવી લાંબી નજરે કામ લેવાનું શીખશે.

કેટલીક મળેલી તકો વચગાળેના કાળમાં લોભને વશ થઈને ગુમાવી છે તે નવયુગને માર્ગદર્શક થઈ પડશે. બંગભંગ વખતે સ્વદેશીનો જુવાળ ઉછળ્યો ત્યારે કેટલાક વેપારીઓ ભારોભાર ભેળ માલમાં ભરીને 'ધુએ એટલે રૂએ' એવી સ્થિતિ ઊભી કરવાને પરિણામે થોડો વખત જરા નફો કરી શક્યા, પણ ચાલુ ઘરાકી ખોઈ બેઠા અને આવતા પ્રવાહને વાળવાનો સીધો માર્ગ લઈ શક્યા નહિ. એવી સ્ખલના નવયુગ નહિ કરે. એની નજર પોતાના નફા પર નહિ રહે, પણ હેન્રી ફોર્ડની માફક માલ વાપરનારની સગવડ કેમ જોવી એ દૃષ્ટિબિંદુ રહેશે અને પરિણામે સરવાળે નફો પણ ઘણો થશે.

હિસાબ નામાની કુશળતા, બજારો પસંદ કરવામાં વ્યવહારૂતા, ઘરાકને રીઝવવાની કળા અને બજારોનો અભ્યાસ કરવાની ગણતરીની કળાનો વારસો નવયુગ મેળવશે અને તેનો ઉપયોગ ઉત્પત્તિના ક્ષેત્રમાં પણ સારી રીતે કરશે.

વચગાળેના વખતમાં બીન આવડત અનભ્યાસ અને પ્રમાદથી જે સ્થાન ગુમાવવા માંડયું છે તે પુનઃ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય નવયુગને મળશે. વ્યાપારમાં આર્થિક પ્રશ્નોમાં, નાણાના વિષયોમાં, બજારોના અભ્યાસમાં, મોટા પાયા પર વ્યવસ્થા કરવામાં, મોટા ખાતાઓ ચલાવવામાં, ઓછે ખરચે વહીવટ ચલાવવામાં અને નાણાના હિસાબ સરવૈયા નવીન ધોરણે રાખવાની બાબતમાં અનેક નિષ્ણાતો–દક્ષો નીકળી આવશે અને તેઓ સમાજને તદ્દન નવા ધોરણ પર સુવ્યવસ્થિત કરશે. વ્યાપારમાંથી સટ્ટા કે જુગારનું તત્ત્વ બીલકુલ કાઢી નાખશે, વાયદાના તૈયાર માલના પ્રમાણિક સોદા પણ જરૂર પૂરતા જ કરશે, પણ ભાવના ફેરફાર કરી વહેંચણીને બદલે ઉત્પત્તિનો ઝોક આપી અને પ્રમાણિકપણાનો આશ્રય કરી ઓછે નફે કામ કરવાનો વ્યવહારમાર્ગ લઈ વ્યાપારને અનેક દિશાએ નવયુગ ખીલવશે, વધારશે અને આજે ન કલ્પી શકાય તેવા સાહસો ખેડશે.

## સાહસ

વ્યાપારને અંગે સાહસના પ્રકારો લખવાની કે તેની પદ્ધતિઓ વર્ણવવાની ભાગ્યેજ જરૂર હોય. દૂર દેશ ખેડવા, ત્યાંની બજારોનો અભ્યાસ કરવો, ત્યાં વેપારની કોઠી (પેઢી)ઓ નાખવી એ તો એનું પ્રકટ સ્વરૂપ છે. તે ઉપરાંત વ્યાપારના અભ્યાસ માટે દૂર દેશ અભ્યાસીઓને મોકલવા, મોટા પાયા ઉપર વ્યાપારને અંગે ઉત્પત્તિ કરવી અને ખાસ કરીને મોટાં ખાતાંઓ ચલાવવાં એ

સર્વ સાહસના પ્રકાર છે. પુરાણકાળથી જાવાસુમાત્રા જવાના સાહસો વણિકપુત્રો કરતા હતા. નવયુગમાં તેના પ્રકારો ફરશે પણ એને પ્રેરનાર સાહસવૃત્તિ દૂરદર્શિતા અને સફરનો મોહ એ સર્વ આગળ આવશે. હવે પછી જે વાત થવાની એમાં ગણતરી, અભ્યાસ અને દીર્ઘ નજરને ખાસ સ્થાન મળશે અને તેથી વ્યાપારના લાભ સાથે આનુષંગિક લાભો ઘણા થશે. જગતભરમાં શાંતિ અને અહિંસાના સંદેશા આ વ્યાપારીઓ વહેવારુ રીતે પહોંચાડશે, સ્થાને સ્થાને શાંત ભાવનાના પ્રરૂપક પરમાત્માના સ્થાનો બિરાજમાન કરશે અને વિશ્વબંધુત્વ ખીલવવા દ્વારા પોતાનો વ્યાપાર પણ આગળ વધારશે, ધપાવશે અને આગળ આણશે.

વ્યાપારી બાબતના મુખ્ય મુદ્દા જ નવયુગની દૃષ્ટિએ અત્ર ચર્ચ્યાં છે. પ્રત્યેક ધંધાની વિગતમાં ઉતરવું અશક્ય છે. પણ ઉપરનું ધોરણ લક્ષ્યમાં રાખી નવયુગનું નિશાન નિર્ધારાશે એટલું કહેવું પ્રસ્તુત અને પૂરતું ગણવામાં આવ્યું છે.

## પ્રકરણ ૨૨ મું

# કેળવણી

નવયુગની રચનાનો મુખ્ય પાયો કેળવણી ઉપર રચાશે. તે કેળવણીની બાબતોને સર્વથી વધારે મહત્ત્વ આપશે. કેળવણીના પ્રતાપે જ પ્રકાશ પ્રાપ્ત થાય તેમ છે તેમ નવયુગ માનશે અને એની સર્વ કાર્યપદ્ધતિમાં કેળવણીને અગ્રસ્થાન મળશે.

કેળવણીનો વિષય આખી ચર્ચામાં ઓતપ્રોત થયેલો છે છતાં તે વિષયની મહત્તાને લઇને એ વિષયને સીધો ચર્ચવાની જરૂર લાગી છે. બાકી તો નવયુગનો જૈન એટલે કેળવણીનો બાળ, કેળવણીનું ફળ, કેળવણીનું પરિણામ અને કેળવણીનો ઉપાસક. નવયુગમાંથી કેળવણીનું તત્ત્વ બાદ કરી નાખવામાં આવે તો બાકી કંઇ રહે તેમ નથી. પ્રાચીનોમાંના ઘણા કેળવણી શબ્દથી ભડકે છે તેનું કારણ ઉઘાડું છે. જે નવીન ભાવના, નવા આદર્શો અને દૃષ્ટિકોણો કેળવણીએ રજૂ કર્યા છે તે પ્રાચીનો જીરવી શકે તેમ નથી, તેને પહોંચી શકે તેમ નથી અને તેની સામે ટકી શકે તેમ નથી. આવા આવા વિચારનિર્ણયો નવયુગ કરશે અને તેના દાખલાઓ માટે આ પરિવર્તન કાળનો વર્તમાન ઇતિહાસ રજૂ

કરશે ત્યારે આવતો યુગ વિચારી હસશે કે કેળવણી વિરુદ્ધ આવા મહાપુરુષો (!) પણ જૈન કોમમાં થઈ ગયા છે. આ ટીકા બાજુ ઉપર રાખી નવયુગની નજરે કેળવણીના ક્ષેત્રને ટૂંકામાં અવલોકી જઈએ. આ સર્વથી મહત્ત્વનો વિષય આખા ઉલ્લેખને પાને પાને છે એમ સમજી લેવું.

## પ્રાથમિક કેળવણી

પોતાની માતૃભાષાનું લખવાવાંચવાનું જ્ઞાન અને સામાન્ય હિસાબ ઉપરાંત દેશની ભૂગોળ, સામાન્ય ઇતિહાસનું જ્ઞાન અને વ્યવહાર પૂરતું નામાનું જ્ઞાન એટલાનો સમાવેશ પ્રાથમિક જ્ઞાનમાં થાય છે. પોતાની માતૃભાષા બરાબર સમજતાં વાંચતાં અને તે ભાષામાં સાંભળનાર સમજી શકે તેવા આકારમાં વિચાર બતાવતાં આવડે અને સામાન્ય વ્યવહાર સમજીને થાય એ આ પ્રાથમિક જ્ઞાનનો ઉદ્દેશ છે.

પ્રત્યેક જૈન બાળક તે સ્ત્રી હોય કે પુરુષ હોય તેને લખતાં વાંચતાં તો ફરજિયાત આવડવું જ જોઈએ. સોએ સો ટકા ને એમાં અપવાદ વગર મનુષ્યત્વ પ્રાપ્તિના હક્ક સાથે મળેલો એ વારસો ગણાવો જોઈએ. આ દૃષ્ટિએ નવયુગ પ્રાથમિક કેળવણી ફરજિયાત કરશે. માત્ર જન્મથી ગાંડાનો જ આ બાબતમાં અપવાદ રહી શકશે. નાના ગામડામાં પણ કોઈ અભણ બાળક કે બાળિકા ન રહે એનો પ્રબંધ કરવાનું પ્રત્યેક ગામ શહેર કે નગરને માથે આવશ્યક રહેશે અને આ નિયમ સાર્વત્રિક કરવામાં જરા પણ સમય ગુમાવવામાં આવશે નહિ.

અત્યારે મોટાં શહેરો અને ગામોમાં આ સ્થિતિ તરફ પ્રયાણ થઇ રહ્યું છે, પણ ગામડામાં અજ્ઞાન ઘણું છે અને છોકરીઓના જ્ઞાન માટે પૂરતો પ્રબંધ નથી એ સ્થિતિ વધારે વખત નભાવી

લેવામાં નહિ આવે. જેટલી ખોરાકની આવશ્યકતા મનાય છે તેટલી જ પ્રાથમિક શિક્ષણની જરૂર ગણવામાં આવશે.

એની સાથે રસપૂર્વક પ્રાથમિક ધાર્મિક જ્ઞાન આપવાની યોજના નવયુગ કરશે. ચોવીસ તીર્થંકરોનાં નામ, નવકાર, સામાયકનો મહિમા, જીવસ્વરૂપ, તત્ત્વ, કર્મ અને જીવનો સંબંધ— આ મુદ્દાઓનું તદ્દન પ્રાથમિક પણ જરૂરી જ્ઞાન સરળ રીતે સરસ ભાષામાં આકર્ષક થાય તેમ આપવામાં આવશે અને તેને નાની પણ સુંદર કથાઓથી પ્રિય બનાવવામાં આવશે. આ માટે જરૂરી અભ્યાસનાં પુસ્તકો નવયુગ તૈયાર કરશે. આવો પ્રયત્ન સર્વ માતૃ-ભાષામાં થશે.

## માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ

માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં મોટાં શહેરો અને નગરોમાં પ્રબંધ કરવામાં આવશે. આ શિક્ષણની શરૂઆતમાં હિંદી ભાષાનો અભ્યાસ સર્વને ખાસ કરાવવામાં આવશે. વિજ્ઞાન ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે અને માનસિક વિકાસ ક્રમસર કેમ થાય છે તેનો કેળવણીકારની દૃષ્ટિએ વૈજ્ઞાનિક અભ્યાસ કરી આખો કાર્યક્રમ ગોઠવવામાં આવશે. ગોખણપટ્ટી ઓછી થાય અને મગજનો વિકાસ સારી રીતે થાય તેના ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે.

માધ્યમિક અભ્યાસમાં ઇતિહાસ, ભૂગોળ, ગણિત અને સાહિત્યને મુખ્ય સ્થાન આપવામાં આવશે, વિજ્ઞાનને ખાસ મહત્ત્વનું સ્થાન આપવામાં આવશે અને સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના અભ્યાસને ખાસ ઉત્તેજન આપવામાં આવશે.

માધ્યમિક અભ્યાસને અંગે જે સગવડો કરવામાં આવશે તેનો લાભ જૈનેતરને જરૂર આપવામાં આવશે. અહીં ધાર્મિક

અભ્યાસ તત્ત્વાર્થના મૂળ સૂત્ર અને અર્થની નજરે તથા બારવ્રત, શ્રાદ્ધગુણ, કથાવિભાગ અને ભક્તામર કલ્યાણમંદિરનો ભાવ-સમજણ આ રીતે કરાવવામાં આવશે. માનસિક વિકાસ સાથે આંતરવિકાસ થાય તેની ગોઠવણ એવી રીતે કરવામાં આવશે કે ભણનાર કોમીય કે ઝનૂની ન થઈ જાય, પણ ધીમે ધીમે ધર્મમાં સ્થિતપ્રજ્ઞ થતાં જાય અને જૈનદર્શનમાં સર્વમતસંગ્રહની જે અસાધારણ વિભૂતિ છે તે સમજતા થઈ જાય અને ખાસ કરીને એનાં અહિંસા, સંયમ અને તપને ઓળખતાં અને વ્યવહાર કરતાં થઈ જાય. ફતેહમંદીથી કરાવેલો માધ્યમિક અભ્યાસ બહુ ફળગ્રાહી નીવડે છે એના સુંદર પ્રયોગો નવયુગ કરશે અને સ્ખલના દેખાશે તે સરળભાવે સુધારવાની નમ્રતા બતાવશે.

અને ઉચ્ચ અભ્યાસની સગવડ મોટા શહેરમાં વિશિષ્ટ અભ્યાસીના હાથ નીચે યોગ્ય વેતન આપી કરશે. એમાં વળી ધાર્મિક તત્ત્વજ્ઞાન વધારે ઊંડાણથી કરાવવાનો પ્રબંધ થશે અને ખાસ કરીને નવયુગની મહત્તા એ થશે કે એ કોઈ પણ અભ્યાસમાં ધર્મજ્ઞાનને ફરજિયાત અરુચિકર કે અપ્રિય થાય તેવું નહિ કરે. મનુષ્ય સ્વભાવ ફરજિયાત બાબતથી દૂર નાસે છે અથવા ફરજ તરીકે કરીને ફેંકી દે છે—એ સ્થિતિ ન થાય તેની ચીવટ રાખશે.

## પાઠશાળાનું કાર્ય

વ્યવહારૂ શિક્ષણની પૂરવણી કરનાર પાઠશાળાઓને તદ્દન નવીન ધોરણ પર રચવામાં આવશે. જ્યાં ક્રમિક શિક્ષણમાં ધાર્મિક જ્ઞાન આપવાની અગવડ પડશે ત્યાં એ કાર્ય પાઠશાળાઓ કરશે. પાઠશાળાઓના ક્રમમાં અત્યારે ગોખવાનું કામ જ થાય છે તેનું સ્થાન સમજણ લેશે, માત્ર ક્રિયાજ્ઞાનને બદલે તત્ત્વરૂચિ આદરપૂર્વક

થાય તેવો પ્રબંધ થશે અને કથા, રાસો, પદો, સ્તવનો, સઝાયોથી એને વધારે રસપ્રદ કરવામાં આવશે.

એમાં અભ્યાસનો આખો ક્રમ ગોઠવાશે અને અભ્યાસ નિષ્પ્રાણ ન થતાં ઉપયોગી થશે, અરૂચિકર ન થતાં આકર્ષક થશે અને ભણતર અને જીવતરને સંબંધ નથી રહી શકતો તેને બદલે માત્ર જીવનને ઉપયોગી થાય તેવું જ જ્ઞાન તદ્દન નવીન પદ્ધતિએ આપવામાં આવશે.

પાઠશાળા એ આળસુનો આશ્રમ કે નવરાનો વિનોદ નહિ રહી શકે. એ જીવતી સંસ્થાઓ રહેશે. એના અધ્યાપકો ઉત્તમ ચારિત્રવાન અને શિક્ષિતો પર છાપ પાડે તેવા થશે અને અનેક સેવાભાવી યુવકો એમાં રસ લઈ વગર વેતને–અલ્પ વેતને પોતાનો સમય આવા વિદ્યાવિલાસના કાર્યમાં આપશે. નવયુગ જેમ બદલો આપવા ઉત્સુક રહેશે તેમજ સેવાભાવીને શોધી યોજવામાં અને કાર્યકરને જોડવામાં પણ ઉદ્યુક્ત રહેશે.

## કેળવણીગૃહો

આ વિષય ચર્ચતાં (જુઓ પૃ. ૫૨–૫૭) એ બાબતનું સ્વરૂપ કાંઈક નોંધ્યું છે. નવયુગનું વિશિષ્ટ કાર્ય તે આ વિદ્યાર્થી-ગૃહો થશે. ત્યાંથી નવયુગના સંદેશા નીકળશે. ત્યાંથી જે વિદ્યાર્થીવર્ગ બહાર પડશે તે ધર્મની અને સમાજની સેવા કરનાર નીકળશે. કોલેજમાં તેમને અનેક માનસિક તથા વ્યવહારૂ વિષયનું જ્ઞાન મળશે તેની નૈતિક અને ધાર્મિક વિષયની પૂરવણી આ વિદ્યાર્થીગૃહોમાં કરવાની યોજના નવયુગ કરશે.

આ વિદ્યાર્થીગૃહોને એવી રીતે સુસજ્જ કરવામાં આવશે કે સાથી ઊંચામાં ઊંચા વર્તનશાળી આદર્શ જૈનો ઉત્પન્ન કરવાનું તે કેંદ્ર બનશે. માતાપિતાના સંસ્કારમાં કુટુંબપ્રેમનો લાભ મળે છે

અને સાંપ્રદાયિક અનુષ્ઠાનો કરવાની રીતિનો અભ્યાસ થાય છે તે બન્ને બાબતોને જરા પણ વિરોધ ન થાય એટલે કે ગૃહોમાં કુટુંબ જેવું વાતાવરણ વર્તે અને અનુષ્ઠાનનું સુંદર સમજણપૂર્વકનું જ્ઞાન અને તેનો અમલ થઈ જાય તે ઉપરાંત પરસ્પર સહયોગ અને સેવાભાવી ગૃહપતિની છત્રછાયા નીચે વિશાળતાના પાઠો વિદ્યાર્થીઓ ત્યાં શીખશે. આખા ગૃહમાં એક જાતનો બંધુભાવ વિકસાવવાનું વાતાવરણ ખીલવવાની ખાસ ચીવટ રાખવામાં આવશે.

સાધારણ રીતે ગૃહોમાં પક્ષો પડી જાય છે, અરસ્પરસ ઇર્ષ્યા ખીલે છે અને પક્ષીના મેળા જેવું થાય છે, પણ ગૃહપતિ કાર્યદક્ષ અને સેવાભાવી હોય તો વાતાવરણમાં તે મોટો ફેરફાર કરી શકે છે. તે પોતાની સત્તાનો દોર બતાવ્યા સિવાય પ્રેમથી વિદ્યાર્થીઓમાં સંપ, એકતા અને ત્યાગ લાવી શકે છે. જે વિશાળ સેવાભાવી જીવન જીવવાનું છે તેના પાયા આ સંસ્થામાં જામશે.

ત્યાંની આંતર વ્યવસ્થામાં ફરજિયાત કરતાં મરજિયાત તત્ત્વ વધારે રહેશે. એવી સંસ્થાના નિયામકો પણ વિદ્યાર્થી પર વાત્સલ્ય રાખશે અને આ સંસ્થા ઉપર ઘણી ગણતરીઓ કરીને નવયુગ તેને બહલાવવા ખૂબ યત્ન કરશે. ત્યાં ધાર્મિક શિક્ષણ તદ્દન નવીન પદ્ધતિએ રસપ્રદ રીતે આનંદથી લેતા વિદ્યાર્થીઓને જોઈ, તેમની ચર્ચાઓ સમજી સાંભળી સમાજ એને નવાજશે.

મોટાં ગામો, સર્વ શહેરો અને નગરોમાં વિદ્યાર્થીગૃહો થશે અને ત્યાં માનસિક નૈતિક અને ધાર્મિક ખીલવણી સાથે શારીરિક ખીલવણીની પણ યોજના કરવામાં આવશે. આની વિશેષ ચર્ચા અખાડાઓને અંગે શારીરિક પરિસ્થિતિની વિચારણામાં થશે.

આ ગૃહોને અંગે સંગ્રહસ્થાન થશે, પુરાણા વિષયોની શોધખોળો થશે અને તદ્યોગ્ય સુંદર પુસ્તકાલય થશે. વિદ્યાર્થીને સારી

રીતે તૈયાર કરવાનું આખું વાતાવરણ ત્યાં નીપજાવવામાં આવશે અને એનો લાભ સર્વ વર્ગના લોકો નાતજાતના તફાવત વગર લેશે અને જિંદગીમાં આગળ વધતાં ધનથી, સેવાથી, પ્રેરણાથી એ સંસ્થાને લાભ આપશે.

## કેંદ્રસ્થ સંસ્થાઓ

કેળવણીની કેંદ્રસ્થ સંસ્થાઓમાં સર્વ વિદ્યાર્થીગૃહોને સૂચના આપનાર અને તેના ઉપર દેખરેખ રાખવા દ્વારા સલાહ આપનાર વિદ્યાર્થીગૃહોનું સંયુક્ત યૂથ તૈયાર થશે. ત્યાં વખતોવખત ગૃહ-પતિઓ અને નિયામકો એકઠા મળી અનેક મહત્ત્વના વિષયોની ચર્ચા કરશે, તેમાં ભાગ લેવા બહારના તજ્જ્ઞ કેળવણીકારને બોલાવશે અને તે રીતે ધોરણની સરળતા એકત્વતા અને સાધ્યની સાપેક્ષતા સાધશે.

કેળવણીની અનેકવિધ પ્રવૃત્તિઓને પહોંચી વળવા, તેને સૂચનાઓ આપવા અને જરૂરી મૌલિક કાર્ય કરવા કેળવણીની કેંદ્રસ્થ સંસ્થા બનાવવામાં આવશે. ત્યાં કેળવણીની સંસ્થાઓ સંબંધી, શિક્ષણ સંબંધી, ધાર્મિક અભ્યાસની રીતિ સંબંધી, સાહિત્ય સંબંધી, પ્રચાર સંબંધી અને સામાન્ય રીતે આખા જ્ઞાનના ક્ષેત્રની બહુ લાંબી નજરે ચર્ચા કરવામાં આવશે. જે સંસ્થાને સાધનો નહિ હોય તેને પૂરા પાડવામાં આવશે અને સંસ્થાઓનો પરસ્પર સહકાર રહે અને વધે તેવી રીતે આખી યોજના કામ કરશે.

એ જ કેંદ્રસ્થ કેળવણી મંડળને જરૂર જણાશે ત્યારે જૈન કોલેજ અને વિશ્વવિદ્યાલય સ્થાપશે અને ચલાવશે. જ્યાં સુધી જૈન રેસીડન્ટ યુનિવર્સિટી નહિ થાય ત્યાં સુધી સાહિત્ય અને શોધખોળ ઇતિહાસ અને કળાના વિષયમાં જૈન કોમને જે અન્યાય

બહારથી તેમજ અંદરથી થયો છે તે દૂર થઈ શકશે નહિ અને એ બાબત નવયુગના ધ્યાન પર આવતાં એ યોજનાનો અમલ કરશે.

જૈન સાહિત્યની એક વાત અહીં જરા નવયુગની નજરે કરવાની છે. પ્રાચીનોએ તો સામાન્ય (જનરલ) સાહિત્યના ક્ષેત્રમાં લગભગ ભાગ જ લીધો નથી એટલે જૈન સાહિત્યને થયેલ ભારે ગેરઈન્સાફનું તેને ભાન પણ નથી. નીચેની બાબતો વસ્તુસ્થિતિ દર્શાવનાર છે. તે દર્શાવવાનો હેતુ કોમી ભાવના વધારવાનો નથી, પણ જે થયું છે તે રજૂ કરી તેનો ઉપયોગ કરવાની સૂચના રજૂ કરવામાં છે.

ગુજરાતી સાહિત્યનો દાખલો લઈએ તો જૈનોનું પ્રાચીન પદ્ય-સાહિત્ય સામાન્ય સાહિત્ય કરતાં ઓછામાં ઓછું દશ ગણું હોવા છતાં હજુ 'પ્રેમાનંદ યુગ' અને 'શામળ યુગ' જ ગણવામાં આવે છે. નરસિંહ મ્હેતા પહેલાં પાંત્રીશ કવિઓની રચના હોવા છતાં આદ્ય ગુજરાતી કવિ નરસિંહ મ્હેતા જ ગણાય છે.

જૈન સાહિત્ય ધાર્મિક છે એમ ગણી તેની ઉપેક્ષા થાય છે, પણ ગુજરાતી કવિઓએ ધર્મને જ મોટે ભાગે આળેખ્યો છે અને જૈન રાસોમાં તો ધર્મની વાતો કરતાં વ્યવહારની વાતો, નવલો, અદ્ભુત ચરિત્રો ૯૬ ટકા આવે છે. ગુજરાતના લગભગ સર્વ કવિઓએ ધાર્મિક વિષયને જ મહત્ત્વ આપ્યું છે. આના સેંકડો દાખલા મોજુદ છે. વિશાળતાના જમાનામાં પણ જૈન સાહિત્યની ચર્ચા કરતાં વિદ્વાનો સમભાવ રાખી શકતા નથી, તેઓ સ્થાન આપવામાં જાણે મહેરબાની કરતા હોય એવો દેખાવ જાણેઅજાણે કરી નાખે છે અને કોઇ જગ્યાએ સહેજ સ્વીકાર કરે છે તો તે પણ પ્રસાદનું રૂપ ન લેતાં નછૂટકે વાત થાય છે.

એવી જ રીતે પ્રાચીન જૈન મંદિરોને અંગે, પ્રાચીન શીલા-લેખોને અંગે, સિક્કાઓને અંગે, ગુફાઓને અંગે જૈનોને ઘણો ગેરઈન્સાફ થયો છે.

આવી અનેક બાબતો છે તે શોધખોળ માગી રહી છે, નિષ્પક્ષપાત સમાલોચના યાચી રહી છે અને અતિશયોક્તિ કર્યા વગર યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવાનો પોકાર કરી રહી છે. એનો ઉપાય કેળવણીની રચના કેંદ્રસ્થ થાય તે જ રીતે શક્ય છે. જૈનને નૈતિક અનેક સંદેશા દુનિયાને આપવાના છે, શ્રી મહાવીર આદિ મહાપુરુષોને યોગ્ય સ્થાન અપાવવું છે અને અહિંસાનો પ્રચાર યોગ્ય રીતે કરી દુનિયાની મુંઝવણો દૂર કરવી છે.

આ અનેકવિધ પ્રવૃત્તિને અંગે શિક્ષણ સાથે વિશ્વવિદ્યાલયની આવશ્યકતા જૈનદર્શનને અંગે નવયુગને તુરતમાં લાગશે એની દૃષ્ટિ એમાં જરા પણ સંકુચિત એકદેશીય કે રાષ્ટ્ર ભાવનાની *વિરોધી નહિ રહે, પણ જગતના ઉદ્ધાર માટે શાંતિના પ્રસાર માટે* એને જૈન વિશ્વવિદ્યાલય અનિવાર્ય લાગશે.

અને નવયુગને જે વાત ખાસ આવશ્યક લાગશે તેનો તે અમલ કરશે. આ રીતે કેળવણીના અનેકવિધ પ્રયત્નો નવયુગ કરશે અને તે કાર્ય મહાસભા દ્વારા લેશે. મહાસભા વિચાર વિનિમય કરી વાતાવરણ ફેલાવશે અને કેંદ્રસ્થ કેળવણી મંડળ એનો અમલ કરશે.

## કેળવણીનાં સાધનો

કેળવણી પ્રાપ્ત કરવાનાં સર્વ સાધનોનો નવયુગ વગર સંકોચે ઉપયોગ કરશે. પ્રવર્તમાન સર્વ સાધન ઉપરાંત કેટલાંકની વક્તવ્યતા ખાસ જરૂરી હોઈ નીચે નોંધી છે.

જ્ઞાન પ્રાપ્ત કરવામાં આંખ અને કાન એ ખાસ ઉપયોગી બાબતો સિદ્ધ થઈ ચૂકી છે. જ્ઞાન પાંચે ઇંદ્રિય દ્વારા પ્રાપ્ત થાય છે, પણ કેળવણીનો ખાસ સંબંધ આંખ અને કાન સાથે સવિશેષ છે. તેને મદદ કરનાર સાધનો પૈકી 'સિનેમા'નું સાધન કેળવણી-

કારો ખૂબ ઉપયોગી માને છે. સિનેમા દ્વારા વનસ્પતિ, જંતુઓ અને પરમાણુના વિકાસના અનેક પ્રકારો સમજી શકાય છે. આરોગ્યના અનેક પ્રકારનું લાક્ષણિક જ્ઞાન સિનેમાથી આપી શકાય છે. ચામડીના તથા અનેક ગુહ્ય રોગોનું જ્ઞાન સિનેમા દ્વારા આપી શકાય છે. એ ઉપરાંત કથાઓની વાતો કરતાં લાક્ષણિક ચિત્ર આંખ સન્મુખ હોય તો તે બાળ તથા મધ્યમ અધિકારી પર સીધી અને લાંબો વખત નભે તેવી અસર કરી શકે છે. આ વગેરે અનેક કારણોથી સિનેમાનો ઉપયોગ નવયુગ શિક્ષણ માટે ખૂબ કરશે. અષાડાભુતિનું નાટક અને ભરતનો વૈરાગ્ય, ગજસુકુમાળની ધીરજ અને ધન્ના શાળિભદ્રના વૈરાગ્ય પ્રસંગો, વાંસ પર નાચતાં કૈવલ્ય પ્રાપ્ત કરનાર એલાયચીકુમાર અને 'વીરા મારા ગજ થકી ઉતરો' ગાઇ બતાવી માનમતંગજ પરથી બાહુબળીને ઉતારનાર બ્રાહ્મી અને સુંદરી, આરિસાભુવનમાં કૈવલ્ય પામનાર ભરતરાય અને હાથીની અંબાડીએથી સીધા મોક્ષ જનાર મરૂદેવા માતા, પાંચસો સ્ત્રીઓના હાથમાં એક સૌભાગ્યકંકણ રહેતાં બોધ પામેલ નમિ રાજર્ષિ અને ઘરડા વૃષભથી બોધ પામનાર કરકંડુ, કામદેવના ઘરમાં જઈ કામને જીતનાર સ્થૂળિભદ્ર અને ફાંસીના લાકડા પરથી કૈવલ્યને સિંહાસને બેસનાર સુદર્શન શેઠ—આ સર્વનાં ચિત્રપટ થાય તે વિદ્યાર્થી અને મધ્યમ વય પર કેવી અસર કરી શકે છે તે નવયુગ સમજશે અને કેળવણીના એક અગત્યના વિભાગ તરીકે સિનેમાનો સ્વીકાર કરશે.

તેવી જ રીતે નાટકો બોધદાયક થઇ શકે છે એ ધોરણ પર ચાલી સદર પ્રયોગો રંગભૂમિ પર દાખલ કરશે. નાટક અને સીનેમાથી અન્ય ધર્મોને એકંદરે નુકશાન થયું છે કે લાભ તેનો અભ્યાસ નવયુગ કરશે અને એ સંબંધ નૂતન વિચારપ્રણાલિકા બતાવશે.

દેલવાડાના સુંદર ચિત્રો, કારીગરીના અસાધારણ નમુના, રાણકપુરની બાંધણીના રમ્ય પ્રસંગો, અતિવિશાળ સ્થાપત્યના તારંગા શત્રુંજય પરના નમુનાઓ, મોટી ટુંક જેવા મારવાડ મેવાડના ભવ્ય દેરાસરોનાં ચિત્રોની ઘેરઘેર આલ્બમો રહેશે અને ચિત્રપટથી ફોટોગ્રાફથી ઝીંકોપ્લેટની પ્રતિકૃતિથી આશાતનાનો ખ્યાલ છે તેની લાભદષ્ટિએ તુલના કરી મોટો ફેરફાર તેને અંગે નવયુગ કરશે અને પરિણામે અનેક માસિકો અને પોસ્ટકાર્ડ પર આ મહાન કારીગરીઓ સ્થાયી સ્થાન લેશે.

આશાતનાનો આખો ખ્યાલ નવયુગમાં ફરી જશે અને નવા ધોરણે આ સર્વ બાબતમાં મૂળમાર્ગને આધારે વિચારી શ્રાવક અધિકારીની મર્યાદા વિચારી તેને અંગે નિર્ણય કરવામાં આવશે. ટુંકામાં અનેક પ્રકારે ફોટા અને ચિત્રપટોનો પ્રચાર શિક્ષણદષ્ટિએ અને કલાવિકાસની દષ્ટિએ થશે.

આ તો કેળવણીનાં જરા આડકતરાં સાધનો છે, પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાથી એ બહુ લાભપ્રદ બનાવી શકાય છે એવો ઉપરની સર્વ બાબતોને અંગે નવયુગનો વિચારનિર્ણય થશે. બાળજીવોનો મોટો ભાગ આ રીતે જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અને તે રીતે અપાયલું જ્ઞાન ઊંડી અસર કરી શકે છે એવા નિર્ણયને પરિણામે સહજ અપવાદ સેવવો પડતો હશે તો તેટલા પૂરતું જોખમ ખેડીને પણ નવયુગ ઉપર પ્રમાણે નિર્ણય કરશે.

કેળવણીનાં સાધનો પૈકી પ્રયોગશાળા અને વેધશાળાનો ઉપયોગ નવયુગ ખાસ કરશે. ભૂગોળના સંબંધમાં એ પોતાની જાતને સમજવા માટે ખુલ્લી રાખશે અને પ્રયોગો અને અવલોકનો વિશાળ પાયા પર કરી સત્યનું શોધન કરવા પ્રયત્ન કરશે. જે પૂર્વપુરુષો હજારો વર્ષ પહેલાં પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવો

કહી શક્યા અને આંખ મીંચીને ઉઘાડવા જેટલા સૂક્ષ્મ સમયમાં અસંખ્યાતા સમય જાય છે એટલી બારીક વિવક્ષા કરી શક્યા અને પુદ્ગળ પરમાણુની શક્તિ સંબંધી અતર્ક્ય ભવ્ય કલ્પના બતાવી શક્યા તેઓનું ખગોળનું જ્ઞાન ખુલ્લા હૃદયથી તપાસવાની તક લેવી જોઈએ એવો તે નિર્ણય કરશે. કોઈપણ વાતને ‘ગપ્પ’ ગણી ઉડાવી દેશે નહિ અને અમુક ગ્રંથમાં કહ્યું છે તેથી માન્ય પણ કરી લેશે નહિ. જ્યાં પ્રયોગસિદ્ધ જ્ઞાન હશે, જ્યાં અવલોકનને અવકાશ હશે, ત્યાં પૂરતા ઉત્સાહથી તેનો ઉપયોગ કરશે અને એ રીતે સત્યનું શોધન કરવા લાગી જશે.

કેળવણીનાં સાધન તરીકે વાચનમાળાની હકીકતને નવયુગ ખાસ અગત્ય આપશે. ભાષાજ્ઞાન ખાસ તૈયાર કરેલી વાચનમાળા દ્વારા મળવાનો તેને આગ્રહ રહેશે. તેને માટે કેળવણીના પ્રખર વિદ્વાનોને રોકી સર્વ પ્રકારના અભ્યાસીઓ માટે વાચનમાળા તૈયાર કરાવશે. સ્ત્રીશિક્ષણ માટે પણ વાચનમાળા તૈયાર કરાવશે અને પ્રત્યેક પ્રકારના અધિકારીને અનુરૂપ ગ્રંથો તૈયાર કરાવશે. વાચનમાળામાં કથાસાહિત્ય, કાવ્યસાહિત્ય, નીતિવિભાગનું સાહિત્ય, તત્ત્વજ્ઞાનનું સાહિત્ય એ સર્વને અધિકારીની યોગ્યતા પ્રમાણે અવકાશ આપશે અને બાળકોને સંસ્કાર આપવાથી થતા લાભો સમજીને આવી ગ્રંથમાળા તૈયાર કરાવવા પાછળ થયેલો ધનવ્યય કે શ્રમ સાર્થક ગણશે. આવી વાચનમાળાને લઈને અનેક રાસો પ્રકાશમાં આવશે, અનેક સ્તવનોને તદ્યોગ્ય સ્થાન મળશે, સ્વાધ્યાયો ( સઝાયો )ને પ્રકાશ મળશે અને તે ઉપરાંત દૂહા, પદો, પ્રભાતીઆઓ, વિલાસો, ધનો, ગુંહળીઓ, ચોપાઈઓ, અભંગો વગેરે અમર થઈ જશે. ટુંકામાં સર્વ પ્રકારના અધિકારીઓને ઉપયોગી થાય, તેમનો ધર્મરાગ મજબૂત થાય અને તેમનામાં

અહિંસા. સંયમ અને તપનાં તત્ત્વો વિકસે એ દૃષ્ટિએ કેળવણીનાં અનેક સાધનો યોજશે, સ્ત્રીશિક્ષણની યોજનાઓ કરશે, સહ-શિક્ષણની મર્યાદા મુકરર કરશે, ધાર્મિકશિક્ષણનો ક્રમ અધિકારીની વય યોગ્યતા અને સ્થાનને આધારે પૃથક્ પૃથક્ મુકરર કરશે અને એ રીતે નવયુગ વ્યવહારુ અને ધાર્મિક બાબતોથી રંગાઈ જાય તેવી યોજના કરશે અને કોઈપણ વાતને યોજનાની કક્ષામાં ન રહેવા દેતાં તેનો અમલ કરશે. મધ્યકાળમાં — પરિવર્તન સમયમાં વિચારો ઘણા કરવામાં આવે છે, પણ અમલ બહુ થોડો થાય છે–તેને બદલે નવયુગમાં જે નિર્ણય વિચારણાપૂર્વક થશે તે યોજનાના રૂપમાં રહી ન જતાં તેનો તુરત અમલ થશે.

કેળવણીનાં અનેક સાધનોનાં નામો લખવાની જરૂર નથી. પ્રચલિત સર્વ સાધનો અને આગળ ધપતી દુનિયા જે જે સાધનો ઊભાં કરશે કે શોધશે તેનો લાભ નવયુગ લેશે. એને વાયુયાનમાં વિહાર કરી અવલોકન દ્વારા જ્ઞાન આપવાનું યોગ્ય લાગશે તો તે સાધનને એ વધાવી લેશે અને શિક્ષણપદ્ધતિમાં મોન્ટીસોરી કે બીજી કોઈ પદ્ધતિ શોધાય તો તેને તક આપશે. તેને (નવયુગને) પ્રાચીન એટલે સર્વ સારું કે ખરાબ એમ નહિ રહે. તે સારાં પ્રાચીનોનાં તત્ત્વ સ્વીકારશે. નવયુગનાં સાધનોને એ તુરત ઉપાડી લેશે. એને નવા તરફ અણરાગ તિરસ્કાર કે અવગણના કદી નહિ થાય. આ સંબંધમાં એ પ્રાચીનોના વલણથી ઊલટું જ વલણ લેશે અને છતાં તે પરિણામદર્શક અને ધર્માનુરૂપ હોઈ નવયુગને જરૂર સ્વીકાર્ય થઈ પડશે.

ટૂંકામાં કહીએ તો માસિકો, પુસ્તિકાઓ, સાપ્તાહિકો, ચર્ચા કરનારાં પુસ્તકો, અંતિમ પ્રશ્નોની ચર્ચા કરનાર લેખો, પુરાતત્ત્વની શોધખોળ કરનાર ગ્રંથો તથા સાહિત્યવિકાસનાં અનેક સાધનો,

પ્રકાશનો, ચર્ચાઓ. ભાષણો એ સર્વને કેળવણીનાં સાધન ગણી નવયુગ એની ચર્ચા કરશે, એનો પ્રચાર કરશે, એનો વિસ્તાર કરશે.

કેળવણીના સર્વ વિષયોમાં ખાસ કરીને સ્ત્રીવિભાગ માટે પૂરતી સગવડ કરવામાં આવશે, સ્ત્રીઓનો સહકાર સ્વીકારવામાં આવશે અને યોગ્ય સ્થળે સ્ત્રીઓને નેતૃત્વ આપવામાં આવશે. સહ-શિક્ષણની શક્યતા આવશ્યકતા અને ઉપયુક્તતાનો નિર્ણય પૂર્વ-કાળના અનુભવોને આધીન રહીને કરવામાં આવશે. સ્ત્રીશિક્ષણ સંબંધી જ કેટલીક ચર્ચા સ્ત્રીઓના સંબંધમાં પૃથક્ ઉલ્લેખમાં તુરતમાં જ કરવાની છે ત્યાં નવયુગની નજરે સ્ત્રી સંબંધી અનેક પ્રશ્નો ચર્ચવાના હોઈ કેળવણીનો વિષય ત્યાં ચર્ચાશે.

# પ્રકરણ ૨૩ મું

## રાજકારણ

જૈન સમાજ મુખ્યત્વે વ્યાપારી હોઈ રાજદ્વારી બાબતોમાં તેનું સ્થાન ઘણું મોડું આવે છે એ પરિસ્થિતિનો અભ્યાસ કરીને નવયુગ રાજકીય પરિસ્થિતિને અંગે તદ્દન નવીન પ્રકારનું વલણ લેશે.

પ્રથમ તો રાજદ્વારી બાબતને અને વ્યાપારને ગાઢ સંબંધ છે એ નવયુગ જોઇ લેશે. અત્યારનો વ્યાપાર દેશપરદેશ સાથે છે અને ભાવની વધઘટ આખી દુનિયાની અનેક પરિસ્થિતિ પર આધાર રાખે છે. પ્રત્યેક રાષ્ટ્રો સ્વતંત્ર હોવા છતાં અરસ્પરસ એકબીજા પર ઘણો આધાર રાખે છે. તેના આયાત નિકાસના ધોરણો અને તેમાં વખતોવખત થતા ફેરફારો સમજ્યા વગર વ્યાપાર થઈ શકે નહિ એ નવયુગ જોઈ શકશે. અત્યારે પ્રધાનમંડળ આર્થિક પ્રશ્નો પર અવલંબે છે અને તેમાં ફેરફાર પણ આર્થિક મુદ્દા પર થાય છે. દેશપરદેશનાં નાણાં તથા ચલણના પ્રશ્નો વ્યાપારીઓએ તો બરાબર સમજવા જ પડે અને આ સર્વ પ્રશ્નોને રાજકીય બાબતો સાથે એટલો બધો અતલગનો સંબંધ છે કે જે લોકોએ વ્યાપારમાં અગ્રસ્થાન લેવું હોય તેણે રાજકીય બાબતોમાં ઉપેક્ષા રાખવી

પાલવે તેમ નથી. એ સંબંધમાં ઉપેક્ષા રાખવાથી વ્યાપારનું સ્થાન દિવસાનુદિવસ ઘસાતું જાય તેમાં જરા પણ આશ્ચર્ય નથી. આ વિચાર નવયુગને પ્રેરક નીવડી તેને રાજદ્વારી બાબતમાં ભાગ લેતો કરી દેશે.

## આર્થિક અને રાજકારણની કેળવણી

આને પરિણામે આર્થિક પ્રશ્નોની કેળવણી લેવાની નવયુગ ખાસ સગવડ કરશે. રાજકારણમાં ભાગ લેવા માટે આખું વહીવટી બંધારણ સમજવાને યોગ્ય પ્રબંધ કરશે. આયાત–નિકાસના આંકડાઓ, તેનો વ્યાપાર સાથે સંબંધ, ઉત્પત્તિને લગતાં નિવેદનો, રેલવેને અંગે સરકારની નીતિ, તેના ધોરણમાં ફેરફાર થવાની અગત્ય, મજૂરપક્ષનું ધોરણ, એનો સમાજવાદ, એ સ્થિતિ થવાનાં કારણોનો ઇતિહાસ આદિ અનેક પ્રશ્નો નવયુગ ખૂબ વિગતથી સમજશે. અને રાજકીય પ્રકરણમાં તો અભ્યાસના મુદ્દાઓનો પાર નથી. ચૂંટણીના બંધારણથી માંડીને કાયદા કરવાના ધોરણો, વરિષ્ઠ અને પ્રાંતિક મંડળોમાં કાયદાઓ ઘડવાની ચર્ચા કરવાની અને પ્રશ્નો પૂછવાની રીત, ઓર્ડરના સવાલો, સ્થાનિક સ્વરાજ્યના નામથી ઓળખાતી મ્યુનિસિપાલિટીઓથી માંડીને અનેક રાજકીય મંડળના બંધારણોનો અભ્યાસ આદિ અનેક પ્રશ્નોનો અભ્યાસ કરવા નવયુગે તૈયાર રહેવાનું છે અને તે કામ તે કરશે. અર્થશાસ્ત્ર અને રાજકારણની કેળવણી માટે રાત્રીના અનેક સેવાભાવી તજ્જ્ઞો ભાષણો આપશે અને સામાન્ય જનતાને પણ સર્વ પ્રશ્નોમાં રસ પડે તેવી રીતે અર્થશાસ્ત્રની અને પ્રચલિત રાજ્યદ્વારી પ્રશ્નોની ચર્ચા કરવાનાં સાધનો તે પૂરાં પાડશે.

## રાષ્ટ્ર અને સમાજ

નવયુગના જૈનમાં આ રાજકીય વિષયમાં ભાગ લેવાને પરિણામે એક જાતની ભારે વિશાળતા આવશે. એ કોઈ પણ પ્રશ્નની ચર્ચા

પોતાની નજરે કે જૈનોની નજરે નહિ કરે પણ રાષ્ટ્રના હિતની નજરે જ કરશે. જાહેર સેવાના કાર્યમાં ભાગ લેનારને આ વિશાળતા પ્રાપ્ત કરવાની ખૂબ તક મળે છે અને તે તક પ્રમાણે ન વર્તતાં જે જાહેર પુરુષ એકદેશીય થઈ જાય છે તે અંતે જાહેરનો વિશ્વાસ ખોઈ બેસે છે. જેઓ પોતાનો કે પોતાના નાના સમાજમાત્રનો ઉત્કર્ષ સાધવા જાહેરના વિશ્વાસનો ઉપયોગ કરે છે તે અંતે સ્થાનભ્રષ્ટ થાય છે. જાહેર પ્રશ્નમાં મનુષ્યે પોતાની જાતને કે કોમને ભૂલી જતાં અને વિશાળ દૃષ્ટિબિંદુ ખીલવતાં શીખવું જ જોઇએ. નવયુગ એવા સંસ્કારમાં ઉન્નત થશે કે એનામાં આ વિશાળતા જરૂર આવી જશે. આથી નવયુગનો જૈન જૈનસમાજનો જ ખાસ પ્રતિનિધિ નહિ થાય, પણ અમુક શહેરની મ્યુનિસિપાલિટીમાં તે શહેરનો, પ્રાંતિક સભામાં પ્રાંતનો અને મધ્યસ્થ સરકારમાં સમસ્ત હિંદનો પ્રતિનિધિ થશે.

આ વિશાળ દૃષ્ટિબિંદુ નવયુગના મતાધિકારીઓ પણ શીખી જશે અને મત આપતી વખતે જૈન હોવા ખાતર કોઈને મત નહિ મળે, પણ સેવા કરવાની ધગશવાળાને મળશે. આ રીતે પ્રાપ્ત થયેલી વિશાળતા મતસહિષ્ણુતાનો ભાગ બની જૈનને એક શહેરી તરીકે અનેક લાભનું કારણ નવયુગમાં થશે.

## ખાસ પ્રતિનિધિ

જૈન કોમને કેટલાક પ્રશ્નો ખાસ અલગ છે. એનાં તીર્થોનો બચાવ–રક્ષણ, એના સાહિત્યનો પ્રચાર, એના તહેવારોની ભિન્નતા આદિ નાનાં મોટાં કારણો છે, છતાં નવયુગ ખાસ પ્રતિનિધિ જૈન કોમ માટે માગવાની ભૂલ કદિ નહિ કરે. પ્રવર્તમાન મધ્યયુગમાં જૈનો આ લાલચમાં ન પડ્યા તે બાબતની તેની દીર્ઘદૃષ્ટિ નવયુગ પ્રશંસશે અને તે બાબતમાં નીતિનો ફેરફાર કદિ નહિ કરે.

જૈનોની સંખ્યા, તેમની વ્યાપારના ક્ષેત્રમાં લાગવગ, તેમની ગામડાંઓમાં સ્થિતિ, તેમનું હિંદસમાજમાં સ્થાન અને તેના કેળવણીના મનોરથ જોતાં તેમને એવું પગલું ભરવું લાજીમ પણ નથી અને તેમ કરી સમાજથી જુદા પડવામાં લાભ પણ નથી. એને બદલે એનાં બાળકોએ એવી લાયકાત કેળવણી દ્વારા મેળવવી રહી કે જેથી એ જે માગે તે એને જરૂર મળે. અત્યારે કેટલાંક સ્થાનો જૈનોએ શરૂઆત કરી લેવા માંડ્યાં છે, પણ તે તેઓ જૈન હોવાના કારણે નહિ, પણ જે બાબતમાં પડે તેમાં સેવાભાવે કામ કરનારને એ મળે છે એ ધોરણે તે સાંપડ્યાં છે. આ નીતિ તદ્દન યોગ્ય છે. પારસીઓ જો પોતા માટે અલગ પ્રતિનિધિત્વ ન માગે તો તેનો હેતુ સમજવા યોગ્ય છે અને તે જ મિસાલે જૈનોએ તેનું અનુકરણ કરવા યોગ્ય છે. નવયુગ આ મુદ્દો વ્યવહારૂ રીતે સમજશે અને રાષ્ટ્રહિતના પ્રશ્નમાં જૈનત્વને કદિ વચ્ચે નહિ લાવે, પણ તેને બદલે પોતાની લાયકાત વધે, શિક્ષણ પ્રાપ્ત થાય અને કેળવણીને પરિણામે મોટા વર્તુલમાં નામના કરે એ તેની ભાવના રહેશે. રાષ્ટ્રના પ્રશ્નોને અંગે જૈન કદિ સંકોચભાવ નહિ બતાવે. અમુક ધારાસભામાં કે સરકારી નોકરીમાં કે સ્થાનિક સ્વરાજમંડળમાં અમુક બેઠકો જૈન માટે રાખવાની વાત તે ઉપરના ધોરણે કરવાનો વિચાર કદિ નહિ રહે.

## પસંદગીમાં વિશાળતા

આટલા મુદ્દાઓ લક્ષ્યમાં રાખી વિશાળ જીવનને યોગ્ય અભ્યાસ અને ખાસ તાલીમ પ્રાપ્ત કરી નવયુગનો જૈન ભારતના વિશાળ ક્ષેત્રોમાં ખૂબ ફરશે. એ વિધાનપૂર્વક રાજદ્વારી પ્રશ્નો ચર્ચશે, એ સમાજના સેવક બનવાનો મનોરથ રાખશે, એ નેતા થશે તો પણ નમ્ર થશે, એ અમલ પર આવશે તો પણ અહિંસા, સંયમ અને તપનો પૂજારી થશે, એ જવાબદારીના સ્થાન પર આવશે તો પોતાની ફરજ બરાબર સમજી તેનો અમલ કરશે.

એનામાં પક્ષભેદ, પ્રાંતભેદ, જાતિભેદ, સગાસંબંધીભેદ જરા પણ નહિ રહે. કેટલીક કોમો એ રસ્તે ચડી ગઈ છે અને કોઈ કોઈ એ એ રીતે તાત્કાળિક લાભ પણ ભોગ આપ્યા વગર પ્રાપ્ત કર્યો છે એ તે જોશે, પણ તેથી તેની કાર્યદિશામાં ફેર નહિ પડે. એનો માર્ગ તો સેવાભાવી જ રહેશે અને રાષ્ટ્રના પ્રશ્નને ગૂંચવી નાખવા જેવી પરિસ્થિતિ એ કદાપિ થવા દેશે નહિ.

## સેવા અને બદલો

છતાં નવયુગ સમાજ અને દેશપ્રવૃત્તિમાં સ્થાનિક અને પ્રાંતિક જાહેર પ્રવૃત્તિમાં ખૂબ રસથી ભાગ લેશે. ભાગ લેશે એટલે અભ્યાસ કરી એ સ્થાનિક, પ્રાંતિક તથા હિંદી સર્વ પ્રવૃત્તિમાં ઊંડો ઉતરશે. અસલ અભ્યાસ વગર આ કાર્યો જાણે માનના હોદ્દા હોય એવો ભાસ થતો હતો. નવયુગ એને સેવાનાં કેંદ્રો બનાવશે અને એ વિષયોમાં ભાગ લેવા દ્વારા સેવાભાવને પોષણ આપશે.

નવયુગને પણ નિઃસ્વાર્થ સેવા કરનારા મેળવવામાં મુશ્કેલી તો પડશે, પણ તેનું સાધ્ય નિઃસ્પૃહી સેવાભાવીને મેળવવાનું રહેશે. કોઈ સ્થાન મેળવીને ત્યાં પોતાનાં સગાં, મિત્રો કે સ્નેહીઓને દાખલ કરવા અથવા ધનપ્રાપ્તિનો આશય રાખવો એને અહીં સ્વાર્થ ગણવામાં આવ્યો છે. પોતાની વૃત્તિ પૂરતો બદલો લેવો કે કામની જવાબદારી પૂરતો પગાર લેવામાં વાંધો નથી, પણ ગેરવ્યાજબી લાભ લેવાની વાત નવયુગ તિરસ્કારશે. પગાર અથવા બદલાનું ધોરણ પણ ઘણું સાદું રહેશે. અત્યારે રશિયામાં બહુ ઓછા પગાર અથવા બદલા આપવામાં આવે છે તેને મળતું ધોરણ નવયુગનું રહેશે. જાહેર સેવા કરનારને પોતાના નિર્વાહની ચિંતા નહિ રહે, પણ એ મોટી રકમ એકઠી કરે કે સેવાને કારણે ધનવાન થઈ જાય એવો તે નહિ બની શકે.

પ્રવર્તમાન યુગમાં સમાજ સેવા માગતો થઈ ગયો છે, પણ જાહેર પુરુષો પોતાનો નિર્વાહ કેમ કરતા હશે તેનો વિચાર બહુ થોડા કરે છે. સમાજમાં અસાધારણ સેવા કરનાર નિઃસ્વાર્થભાવે કામ કરનારને કેટલીક વખત રેલવેની ટીકીટના પૈસાના સાંસા પડે છે એવો અનુભવ સંભળાય છે. એવી મુસાફરી સમાજના કાર્ય માટે હોય તો પણ અત્યારે જાણે એ પૈસા લેવા એ પણ ગેરવ્યાજબી ગણાય છે. જો નવયુગને આખો વખત સેવા કરનારા જોઈતા હશે તો આ ખ્યાલ છોડી દેવો પડશે. આખો વખત સેવા કરનારા મળશે, સાદા જીવનના સાધ્યવાળા મળશે, સેવા ખાતર લગભગ સંન્યાસી જેવા થઈ ગયેલા વિશુદ્ધ આત્માઓ પણ મળશે, પણ એવા સેવાભાવીને ખાસ જરૂરી ખર્ચ માટે ચિંતામાં રહેવું પડે એ ન પાલવે એવી વાત છે. સમાજે એમને માટે યોગ્ય વ્યવસ્થા કરવી જ રહી. આ મુદ્દાની વાત નવયુગ બરાબર સમજશે અને આખો વખત સેવાભાવી મહાન સત્ત્વોને તે પૈસાના સંબંધમાં સર્વ પ્રકારે નિશ્ચિત કરશે એટલું જ નહિ પણ થોડો વખત સેવા કરનાર પણ બીજી રીતે પોતાના ખર્ચ આદિ માટે વ્યવસ્થા કરી શકે તેમ નહિ હોય તો અથવા સેવાનો સામાન્ય બદલો લેવાની તેની ઇચ્છા હોય તો કોઈ પણ જાતની ટીકા કે ગણગણાટ વગર યોગ્ય કાર્યનો બદલો ખુશીથી આપશે અને લેનાર વગર સંકોચે તેનો સ્વીકાર કરશે.

સામાજિક કે ધાર્મિક કોઈ પણ કાર્ય કરનારને પોતાની અંગત ચિંતા ન જ રહેવી જોઈએ અને તેની હિલચાલ અપ્રતિબદ્ધ ચાલુ રહેવી જોઈએ. એટલો બદલો લેવા આપવાના વર્તમાન ખ્યાલમાં અને નવયુગના તે સંબંધી વર્તનમાં મોટું અંતર પડી જશે. નવયુગ આ સંબંધી મનુષ્યના માનસિક હલનચલનનો અભ્યાસી અને વ્યવહારૂ થઈ જશે.

રાજકીય અને સામાજિક કાર્ય સેવાભાવે કરનાર તરફ નવયુગ માન અને પ્રેમની નજરે જોશે. જેને કોઈ કામધંધો ન હોય અથવા જેને કોઈ સંઘરતું ન હોય તેવા માણસો જાહેર સેવામાં જોડાશે નહિ અને જે હૃદયશુદ્ધિથી જોડાશે તેના તરફ આવા પ્રકારનો આક્ષેપ કરવાનું કારણ પણ બનશે નહિ. આવા સેવાભાવી સમાજસેવકો નેતાનું સ્થાન પ્રાપ્ત કરશે છતાં તેઓ પોતાને સમાજના સેવકો જ ગણશે. તેમને શેઠાઈ કરવાની કે મડકમદારી કરવાની ઇચ્છા પણ નહિ થાય અને તેમનું વર્તન ઉઘાડું નિર્દંભ સરળ અને સેવાભાવી રહેવાથી લોકો એવા નેતાઓને અથવા સેવકોને યોગ્ય માન સત્કાર જરૂર આપશે.

નવયુગને રાજકીય ક્ષેત્ર ખીલવવાના પ્રસંગો પણ ખૂબ મળશે. આખા રાષ્ટ્રમાં જે મહા પરિવર્તન ચાલી રહ્યું છે તેની અસર સર્વત્ર જણાશે. આર્થિક સ્થિતિ સુધારવા, સ્થિર રાખવા અને દેશપરદેશ સાથે સંવ્યવહાર કરવા જે અનેક પ્રશ્નો ઊભા થશે તેને સમજી આવેશમાં આવ્યા વગર લાંબી નજરે નિર્ણય કરનાર વિશિષ્ટ અભ્યાસકોની ખાસ જરૂર પડશે અને તેથી એવો વર્ગ ઉત્પન્ન કરવા નવયુગ ઉદ્યુક્ત થશે.

## રાષ્ટ્ર ભાવના

રાષ્ટ્રભાવનાને જાગ્રત કરવી એ સામાજિક તથા રાજકીય બન્ને પરિસ્થિતિનો વિભાગ ગણાશે અને તે એવી રીતે ઝળકાવવામાં આવશે કે જેથી પાડોશી રાષ્ટ્રના ભોગે લાભ લેવા વૃત્તિ નહિ થાય પણ આર્થિક પ્રશ્નોની ચર્ચામાં આંકડા વિગતો અને મૂળ મુદ્દાઓને સમજી દેશનું હિત સાધવાની નજરે એ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. રાષ્ટ્રભાવના ખીલવવામાં સ્વાર્થની દૃષ્ટિ નહિ રહે પણ સમાજસ્વાસ્થ્યની જ ભાવના રહેશે. અંતે અન્ય રાષ્ટ્રો

પણ આ દષ્ટિબિંદુ સમજતા થઈ જશે અને સર્વનું સાધ્ય અખંડ શાંત અહિંસાભાવનાના પ્રચાર અને અમલનું અને આંતરરાષ્ટ્રીયતા ખીલવવાનું થઈ જશે. આંતરરાષ્ટ્રીય ભાવનાનો વિકાસ કરવા માટે પ્રથમ રાષ્ટ્રીય ભાવના ખીલવવી પડશે, પણ તેનું અંતિમ ધ્યેય રાષ્ટ્રના સ્વાર્થનું નહિ રહે, પણ સમસ્ત વિશ્વમાં પ્રેમભાવ અને શાંતિ વધારવાનું રહેશે. આ સ્થિતિ આવતાં વખત લાગશે, પણ સાધ્ય સમજવામાં નવયુગ ગફલતી નહિ કરે અને તેને નિરંતર લક્ષ્યમાં રાખી અન્ય રાષ્ટ્રોને તેમ કરતાં શીખવશે, તેમને પણ અહિંસાભાવનાથી ઓતપ્રોત કરશે અને ધીમે ધીમે એ સાધ્યે સર્વને સાથે લઈ પહોંચાડવાનાં મંડાણ કરશે.

આ મહાન કાર્ય કરવા માટે આત્મત્યાગી નિઃસ્વાર્થ સેવા કરનાર અનેક વિભૂતિઓની જરૂર પડશે અને જરૂર પડશે તેવી વ્યક્તિઓ ઉત્પન્ન પણ થશે. એ સ્વતઃ નીકળી ન આવે, એને તૈયાર કરવી પડે, એને યોજવી પડે, એને સાધનસંપન્ન કરવી પડે અને એને નભાવવી પડે, આ સર્વ કાર્ય નવયુગ કરશે.

## કાર્યકર્તાઓ

આવા પ્રકારનું કાર્ય કરનાર અનેક નરરત્નો નવયુગને સાંપડશે. તેઓ પોતાની જાતને, પોતાના કુટુંબને, પોતાના સમાજને વીસરી જઈ માત્ર અહિંસામય દુનિયા થાય, શસ્ત્રાગારો મર્યાદિત થઈ જાય, લડાઈ વિગ્રહ દ્વારા મનુષ્યના લોહી પડવાના અને કમોતે મરવાના પ્રસંગો બનતા અટકી જાય અને ઉચ્ચગ્રાહ સમસ્ત વિશ્વનો થાય, એવા સાધ્યથી કામ કરનાર મોટી સંખ્યામાં નવયુગ ઉત્પન્ન કરશે. પછી સેવાભાવે કામ કરનારા તરફ આક્ષેપના પ્રસંગો નહિ રહે, ટીકાની જરૂરિયાત નહિ રહે. જાહેરનાં નાણાંની સલામતી માટે ચિંતા નહિ રહે અને હિસાબ પ્રગટ

કરાવવા માટે ન્યાયાસન સન્મુખ ફરિયાદ લાવવાની જરૂર નહિ રહે.

રાજકીય વિષયનું સાહિત્ય ઘણું વિશાળ છે. આંકડાઓનો પાર નથી, રાજનીતિની સ્પષ્ટતા અને કુટિલતા સમજવા યોગ્ય છે અને જે જાહેર પ્રશ્નો પર વિચારણા અને અમલના કાર્યમાં ઉતરે તેને આખો વખત તેના અભ્યાસ અને ચર્ચા પાછળ કાઢવો પડે એવી અત્યારે આપણા દેશની સ્થિતિ છે. રાષ્ટ્રનો અંતિમ મુદ્દો (સ્વાતંત્ર્ય) સ્પષ્ટ થઇ ગયો છે, પણ ત્યાં પહોંચવાના માર્ગો ઘણા વિષમ છે, સ્થાપિત હક્કો બહુ આડે આવે તેમ છે અને આજીવન સેવાભાવી મનુષ્યો વગર પરાધીનતાની બેડી જાય તેમ નથી. ઊંડા ઉતર્યા વગરના ધર્મના ભેદો આંતરો વધારતા જાય છે, જીવનકલહ વધતો જાય છે અને કાર્યનું ક્ષેત્ર ઘણું વિશાળ દીર્ઘ અને દીર્ઘ સેવા માગે તેટલું મોટું છે અને વધારે મોટું થતું જાય છે. આ સર્વને પહોંચી વળે અને રાજકીય સેવા દ્વારા અહિંસાનો પ્રચાર કરે, સત્યનો ઉપદેશ કરે, પોતાના દૃષ્ટાંતથી સમસ્ત વિચારક દુનિયા પર છાપ પાડે અને વસ્તુના ઉપર ઉપરના ખ્યાલથી લેવાઈ ન જતાં મૂળ સુધી ઉતરી જાય અને નિદાન મુદ્દામ સમજી ચિકિત્સા કરે તો જ અત્યારે મહા કષ્ટસાધ્ય કોટિમાં પડેલી આર્યમૈયાને પુષ્ટ કરી શકાય તેમ છે. પાછળના અનુભવોનો અભ્યાસ કરી, પોતાની જાતને વિસરી જવાની રીત શીખી, સમાજને પોતામય કરી દેનાર અથવા પોતાની અને સમાજની વચ્ચે એકતા સાધનાર આવા વિશાળ હૃદયના આર્ય સંતાનો નવયુગ ઉત્પન્ન કરશે. એ પાર્થિવમાં સર્વસ્વ માનનાર પાશ્ચાત્ય પ્રજાને ઉન્નતિના, અહિંસાના, એકતાના પાઠો શીખવશે, એ પાશ્ચાત્ય પ્રજાની વ્યવસ્થા અને શિસ્ત આ દેશમાં દાખલ કરશે અને ધર્મના મજબૂત પાયા ઉપર ચણતર કરી અસ્ખલિત પ્રગતિ કરી ભારતમૈયાને ચીરસ્થાયી બનાવશે. એમાં શ્રી મહાવીરની અહિંસા, શ્રી બુદ્ધનો ત્યાગ, શંકરા-

ચાર્યનું અદ્વૈત સુંદર ભાગ ભજવશે. આ ભૂમિકા ઉપર હિંદ અંદર અંદરની એકતા કરી આંતરરાષ્ટ્રીયતા સાધશે. અહિંસાના પાયા ઉપર હિંદમૈયા માટે વિશાળ ભવિષ્ય પડેલું છે અને તેની સિદ્ધિ નવયુગને શ્રીહસ્તે થવાની છે.

## રહસ્ય સ્વરૂપ

આ વાતની શક્યાશક્યતા પર, ધર્મની આદેયતા પર, નવયુગનો ધર્મ સાથે સંબંધ રહેશે કે નહિ એ પ્રશ્ન પર ઘણું વક્તવ્ય છે, પણ અત્ર તો તેનું પરિણામ જ બતાવ્યું છે. આ રીતે જ ભવિષ્યનો ઇતિહાસ અત્યારે ઘડાતો જાય છે એ બાબત શંકા કરવા જેવી નથી અને ધાર્મિક ભાવના ઘણી ઊંડી ઉતરતી જાય છે તે અભ્યાસ કર્યા વગર સમજાય તેવું નથી. ધર્મનું બાહ્ય ક્રિયાસ્વરૂપ જુદું છે અને ધર્મનું આંતર હાર્દ તદ્દન જુદું છે. અત્યારે બાહ્ય ધમાલો દેખાવો કે આડંબરો ઓછા થાય અથવા ધર્મના બાહ્ય સ્વરૂપમાં જમાનાને યોગ્ય ફેરફાર થતો જાય તેમાં ગભરાવાનું નથી, દશ વર્ષ પર ઢેડ કે ચમારને અડી જતાં સ્નાન કરનાર અત્યારે તેમનાં વાસસ્થાનોમાં જઇ અનેક પ્રકારે કાર્ય કરવા લાગી ગયા છે તેથી પ્રાચીનોને ધર્મ ચાલ્યો જતો લાગે તો તેથી પણ મુંઝાઈ જવાનું નથી. બારીક અવલોકન કરી અભ્યાસ કરનાર અત્યારે જોઈ શકે છે કે ધર્મ ભાવના ખૂબ જડ ઘાલતી જાય છે, વધારે મક્કમ થતી જાય છે અને શેષનાગને માથે ખીલા ઠોકાતા જાય છે. આ વિશાળ ભાવનાને — આ જગદ્વાત્સલ્ય ભાવને — આ વિશ્વબંધુત્વને રાજ્યદ્વારી ભૂમિકા ઉપર ખૂબ અવસર મળવાનો છે, એને નામ ગમે તે આપો, પણ તેના હાર્દમાં સેવા ધર્મ અને સંયમ જ છે. નવયુગ એને ખૂબ પોષશે, એને ખૂબ બહલાવશે, એને ખૂબ સત્કારશે.

## પ્રકરણ ૨૪ મું

# નવયુગની નારી

### એને માટે જુદા ઉલ્લેખની જરૂર ખરી?

નવયુગના પુસ્તકમાં સ્ત્રીઓ સંબંધી જુદું પ્રકરણ લખવાની ખાસ જરૂર ન હોય. કારણ કે સ્ત્રીઓના સમાન હક્કનો જે યુગ સ્વીકાર કરે તેવા યુગમાં સ્ત્રીઓ સંબંધી જુદો ઉલ્લેખ થાય તો તે સ્ત્રીઓ જ સહન ન કરે. આ વાતમાં અતિશયોક્તિ નથી, સત્ય છે તે આ પ્રકરણ વાંચતાં સહજ જણાઈ આવશે.

સ્ત્રીઓમાં આવડત વિચારશક્તિ અને કાર્યનો અમલ કરવાની કેટલી શક્તિ છે તે બતાવવાની તક મહાવિગ્રહે સ્ત્રીઓને યુરોપમાં આપી તો તેઓમાં સ્વાતંત્ર્ય હિમત જુસ્સો અને સહનશક્તિ કેટલી છે તે સિદ્ધ કરવાની તક હિંદના રાષ્ટ્રીય યુદ્ધે તેમને આપી. એવા એવા દાખલાઓ બન્યા છે કે એક એક કિસ્સો વાંચી રોમ વિકસ્વર થાય. ન કલ્પેલું બન્યું છે અને ઉઘાડી આંખ્યે તે જોયું અથવા વાચ્યું છે. એ દાખલાનું પુનરાવર્તન કરવાની જરૂર નથી, પણ એનું નિદર્શન એટલા માટે કર્યું છે કે એનાથી એમ બતાવાય કે સ્ત્રીશક્તિ હવે ખરેખર જાગી ઉઠી છે.

## સ્ત્રીઓને અન્યાય

સ્ત્રીઓને અન્યાય કરવામાં બાકી રાખેલ નથી. આ વિચારણામાં તેનું સ્થાન આલેખાઈ ગયું છે. એને વેચવાની વસ્તુ ગણી છે, એના મનુષ્યત્વના સાદા હક્કો ઉપર છીણીઓ મારી છે, એનામાં જાણે લાગણી કે આત્મા નથી, એને વ્યવહારમાં કાંઈ સ્થાન નથી—એ રીતે પ્રાચીનોએ એની સાથે વર્તન ચલાવ્યું છે અને એ પણ પરાધીનતા અજ્ઞાન અને મૂર્છામાં એટલી કચરાઈ ગઈ હતી કે એને માટે બીજા પ્રકારના જીવનની શક્યતા પણ તે પોતે કલ્પી શકતી નહોતી. ગુલામોને ગુલામગીરીમાંથી છોડયા ત્યારે તે રડયા હતા, કારણ કે એને ગુલામગીરી સિવાય બીજી વસ્તુનું ધ્યાન કે જ્ઞાન નહોતું. સ્ત્રીઓને એટલી કચરી છે કે એકની હયાતીમાં બે ત્રણ ચાર અને હજારો પણ પરણી શકાય એ ધોરણ માન્ય થયું, માત્ર એની મર્યાદા મૂકવી હોય તો તેમાં પણ પુરુષનો અધિકાર, સ્ત્રીને બોલવાનો અધિકાર નહિ, અભિપ્રાય આપવાનો હક્ક નહિ અને વાંધો રજુ કરવાની આવડત નહિ.

સ્ત્રીઓને કદિ જ્ઞાતિ કે સંઘ સમક્ષ કદિ બોલવા દીધી નથી, તેમને હાજર રહેવાની તક આપી નથી, તેમના પ્રતિનિધિને પણ સ્થાન નથી મળ્યું અને તેમના સંબંધીના સર્વ ઠરાવો હુકમનામાઓ કે ફેંસલાઓ તદ્દન એકતરફી થયા છે અને તેમ કરવાનો પુરુષ-વર્ગનો અનાદિસિદ્ધ હક્ક હોય તે સંબંધમાં પ્રાચીનોને કદિ શંકા પણ પડી નથી. આવી રીતે વંશપરંપરાગત ઉતરી આવેલું સામ્રાજ્ય ભોગવવા ભાગ્યશાળી થયેલો પુરુષવર્ગ એટલો તો પોતાના સ્વાર્થમાં ઉતરતો ગયો કે એણે જે જે ઠરાવો કર્યા તે સર્વ માત્ર પુરુષની સગવડ લક્ષમાં રાખીને કર્યા, એણે સ્ત્રીઓનાં દષ્ટિબિંદુથી

કદિ જોયું નહિ, અને જોવાની જરૂરીઆત તેમને પરિસ્થિતિને અંગે લાગી પણ નહિ.

એ પરિસ્થિતિ બે કારણે ઉત્પન્ન થઈ હતીઃ એક તો સ્ત્રીઓને અજ્ઞાન રાખવાની પ્રથા. છોકરીએ ભણીને શું કરવું છે? એને ક્યાં નોકરી કરવા જવી છે? આ દલીલની પછવાડે રહેલ સ્વાર્થ અને તુચ્છતા બહુ વિચારવા જેવા છે. જ્ઞાનનો ઉદ્દેશ નોકરી જ હોય તો કોઈ દલીલને અવકાશ જ નથી. વિવેકચક્ષુનું સ્થાન ભૂલી જવાયું અને સ્ત્રીને અભણ રાખવામાં પુરુષ વર્ગને ખાસ સગવડ જણાઈ.

અને બીજું સ્ત્રીઓએ અમુક મર્યાદા—લાજ રાખવી જોઈએ એવો સમજ્યા વગરનો, પૃથક્કરણ કર્યા વગરનો અને નર્યો સ્વાર્થી વિચાર. આથી પોતાની સ્થિતિ સંબંધી વાંધો ઉઠાવનાર સ્ત્રીને સમાજમાં સ્થાન ન રહે, એ ઉદ્ધત ઉચ્છૃંખળ કહેવાય અને એને ઉખડી ગયેલી કહેવાની નિર્મર્યાદિત ધૃષ્ટતા પણ પુરુષો કરે. એટલે આ લાજમરજાદાના ઓઠા નીચે સ્ત્રીઓને તદ્દન નિર્વાક્ બનાવી દીધી.

આ બે બાબતને પરિણામે સ્ત્રીઓની શી દશા થઈ તેનું વર્ણન નવયુગની નજરે લખ્યું જાય તેમ નથી. એનું વર્ણન કરતાં આંખમાંથી આંસુ પડે એવી સ્થિતિ થઈઃ સમાજે તેને ચલાવી લીધી, પુરુષવર્ગે તેને વધાવી લીધી, મૂર્ખ અક્કલ વગરના અભણ છોકરાઓ પરણવા મંડી ગયા, ધનવાનો બે ત્રણ ચાર સ્ત્રીઓ પરણવા મંડી ગયા અને વિધવાઓને ફરજિયાત બ્રહ્મચર્ય છતાં એના ભરણપોષણ કે રહેઠાણની સગવડ કરવામાં પણ ગલ્લાંતલ્લાં થવા માંડ્યાં.

જ્ઞાતિઓએ જે કાયદાઓ કર્યા એમાં પણ સ્ત્રીઓનું પ્રકરણ નહિ, એની અવદશા માટે એક મીઠો શબ્દ નહિ, એની સગવડ

માટે એક પણ વ્યવસ્થા નહિ. હૃદયને ભેદી નાખે એવા રાતાં સાળુઓની પછવાડેનાં દુઃખોને કોઈ નો દિલાસો પણ નહોતો અને અપશુકન રૂપે ગણાતી છપ્પરપગીને પિયરમાં માન નહિ અને સાસરામાં પેટ ભરીને ખાવાનું નહિ. ઓશિયાળી અપશુકનિયા જિંદગીમાં ઉદ્દેશ ન રહેતાં જીવનરસ ઉડી ગયા અને એની સંખ્યા વધતાં દેશ દરિદ્રી અને હોસકોસ વગરનો અને મંદ થઈ ગયો.

આ આખી કર્મકથા ભારે જબરી છે. અહીં અટકી જઈએ. આ બાબતની ખાતરી કરવી જ હોય તો એક વાત જોવાથી તેનો પાકો નિશ્ચય થશે. તમે જાણતા હશો કે પરિવર્તન-કાળની શરૂઆતમાં જ્ઞાતિઓ સન્નદ્ધબદ્ધ થવા માંડી. શેઠિયાઓએ પોતાની સત્તા ચાલી જવાનાં પગરણો જોયાં એટલે કેટલાક લેખિત ઠરાવો 'નાતના ધારા'ને નામે કરવા માંડ્યા. અનાદિ કાળથી જે લખાયું નહોતું તે લખાવા માંડ્યું, પણ એ લખેલું કે છાપેલું ધારાના નામથી આગળ ધરાતું ચિત્ર વાંચશો તો તેમાં એક પણ ધારો સ્ત્રીના દૃષ્ટિબિંદુથી ઘડાયેલો નહિ જણાય. અને જ્યારે જ્યારે કોઈ નવયુગની આગાહી કરનારા યુવકે સ્ત્રીનો પક્ષ લીધો હશે ત્યારે એની વગોવણી કેવી થઈ છે તે આખો ઇતિહાસ ઉખેળવા યોગ્ય છે. મતલબ એ છે કે સ્ત્રીની નજરે કોઈ પણ કાયદો અત્યાર સુધી થયેલો જાણવામાં નથી.

આવા અનેક કારણોથી સ્ત્રીશક્તિ દબાઈ ગઈ, વિકૃત થઈ ગઈ, ચૂપ થઈ ગઇ અને પરિણામે એનો ન્યાય કરનાર કે એને માટે વિચાર કરનાર પુરુષો જ હોઈ શકે એ વાત સિદ્ધ થઈ ગઈ. આ વાત તો હજારો વર્ષથી ચાલે છે એટલે એથી ઉલટી વાત હોઈ શકે એમ સ્ત્રીઓને પણ લાગ્યું નહિ અને પુરુષોનું નિષ્કંટક રાજ્ય ચાલ્યા કર્યું.

પરિવર્તનકાળની શરૂઆતથી વાજું ફરવા માંડ્યું. છોકરીઓ વિનોદમાં ભણવા લાગી, પણ ભણી એટલે એની આંખો ઉઘડવા માંડી. છતાં બાપદાદાથી ઉતરી આવેલા લાજના વારસાએ એને નિર્વાહ્ ચાલુ રાખી. પણ અંદરખાનેથી ધનધનાટ શરૂ રહ્યો.

## સ્ત્રીશક્તિ અને જાહેર સેવા

દરમ્યાન ગુજરાતના ગામડેગામડાને ઢંઢોળી એક મહાત્મા ડાંડી સુધી પહોંચી ગયા. આખું હિંદુસ્તાન જાગ્યું. મહાત્માએ સ્ત્રીશક્તિને આહ્વાન કર્યું, તેને જાપતા—પિકેટીંગનું કામ સોંપ્યું. એ કાર્યમાં સ્ત્રીઓએ અસાધારણ સહનશક્તિ, શૌર્ય અને આવડત દાખવ્યાં, ન કલ્પી શકાય તેવા ભોગો આપ્યા, કારાવાસને મહેલ-નિવાસ માન્યાં અને આખી જનતાને જગાડવા સાથે સ્ત્રીસામર્થ્ય શું છે તેનો દાખલો બેસાડ્યો. ઠામ ઠામ ન માની શકાય તેવાં દૃષ્ટાંતો બન્યાં અને સ્ત્રીઓ પોતે ન માને તેવી શક્તિ તેનામાં ગુપ્ત છે અને હજુ પણ તેને માટે ભવિષ્ય છે એમ સિદ્ધ થયું.

## નવયુગની નારી

આટલી હદે તો હજુ પરિવર્તનકાળમાં જ સ્ત્રીઓ આવી છે. નવયુગમાં તેનું સ્થાન શું રહેશે તે નવયુગની નજરે હવે જોઈએ. નવયુગમાં સ્ત્રીઓ ખૂબ ભણશે. પુરુષ જે ભણે તે સ્ત્રી પણ ભણી શકે એવું ધોરણ રહેશે. સ્ત્રીઓનું કાર્યક્ષેત્ર જુદું હોઈ તેને જુદા પ્રકારની કેળવણી આપવી જોઈએ એ આખો સિદ્ધાન્ત ઉડી જશે. પ્રાથમિક શિક્ષણ સર્વ બાળાઓ લેશે. ત્યાં સહશિક્ષણ ચાલશે. ત્યાં શીવણ, સ્વચ્છતા, રસોઈ અને ગૃહઉદ્યોગને પ્રાધાન્ય મળશે. મધ્યમ અને ઉચ્ચ અભ્યાસ અનેક સ્ત્રીઓ કરશે. તેઓ પુરુષ સાથે અનેક બાબતમાં હરિફાઈ કરશે.

સ્ત્રીઓનાં ભાષણોમાં રસ વધારે આવશે. તેમની સ્વાભાવિક કોમળતા અને નૈસર્ગિક પારખશક્તિ તેમને વધારે આકર્ષક બનાવશે. તે કોઈ પણ સંસ્થાની વ્યવસ્થામાં પુરુષવર્ગ પર આધાર નહિ રાખે. એ સ્ત્રીઉપયોગી અનેક નવીન સંસ્થાઓ ખોલશે. ત્યાં અનેક સ્ત્રીઉપયોગી કાર્યો ગોઠવશે, તેની યોજના કરશે અને તેનો અમલ કરશે.

સ્ત્રીઓની સંસ્થા તદ્દન નવીન રૂપ લેશે. એની પદ્ધતિમાં મૌલિકતા જણાઈ આવશે. એ વ્યવસ્થા કરવામાં બરાબર પારંગત નીવડશે. એ પુરુષોના અનુભવનો લાભ લેશે, પણ તે તેની પરવાનગી અને ઇચ્છા ઉપર આધાર રાખશે. પુરુષોએ એને સ્વાતંત્ર્ય આપવામાં કાંઈ મહેરબાની કરી એવો સ્વીકાર સ્ત્રીઓ નહિ કરે.

## સ્ત્રીસેવાના પ્રકાર

સમાજસેવાની નજરે જોઈએ તો કેટલાંક ક્ષેત્રો સ્ત્રીઓ સુવાંગ હસ્તગત કરી લેશે. માંદાની માવજત, આરોગ્યગૃહોની વ્યવસ્થા, પ્રસૂતિને લગતી સંસ્થાઓ વગેરે સ્ત્રીઓ હસ્તક જ રહેશે. એ ઉપરાંત સ્વયંસેવિકા તરીકે રાષ્ટ્રહિતના કામમાં સ્ત્રીઓ ભોગ આપીને આગળ પડતો ભાગ લેશે. એ મ્યુનિસિપાલિટીઓમાં મોટી સંખ્યામાં આવશે. એ પ્રાંતિક અને મધ્યવર્તી ધારામંડળમાં પૂરતો લાભ લેશે. એ મતદારમંડળ સ્થાપશે. એ મતદારનો વર્ગ વધારશે. એ જાતિભેદને વીસરાવશે. અને બહુ જુજ વખતમાં પુરુષો જેટલી જ સંખ્યામાં પોતાના મતના બળથી અને કામ કરવાની સીફતથી આવી પહોંચશે. એ સ્થાનિકસ્વરાજ્યમાં કે પ્રાંતિકમાં કે મધ્યસ્થમંડળમાં મહેરબાનીથી સ્ત્રીઓ માટે જુદી જગ્યા રાખવાની વાત પસંદ નહિ કરે.

એ ઉપરાંત અનેક જાહેર સેવાના પ્રસંગો એ હાથ ધરશે. એ પોતાના વખત અને ધનનો વ્યય કરીને પણ સેવાકાર્ય પ્રેમથી કરશે અને એની કામ કરવાની સ્ફુર્તિ હિમત અને દક્ષતાથી એ સર્વનાં મન હરી લેશે.

પ્રાથમિક શિક્ષણ પુરુષવર્ગનું પણ સ્ત્રીઓ ચલાવશે અને તે વધારે સારી રીતે અસરકારક રીતે ધોરણસર ચલાવશે. એ ઉપરાંત એ સર્વ ધંધાઓમાં પ્રવેશ કરશે. ખાસ કરીને એ દાક્તરી લાઈનમાં સર્વથી વધારે ફતેહ મેળવશે અને અહીં તહીં વકીલાત ઇજનેરીમાં પણ એ માથાં મારશે.

વ્યાપારમાં પણ એ ભાગ લેશે અને વેચવાનું કાર્ય પુરુષ કરતાં વધારે બાહોશીથી ચલાવશે.

આવી રીતે પુરુષના ક્ષેત્રોમાં સ્ત્રીઓ ભાગ લે તેથી કેટલોક વર્ગ ખળભળી ઉઠશે તેની સ્ત્રીઓ દરકાર નહિ કરે. તે મક્કમતાથી—ચીવટથી—જોસથી આગળ ધપશે અને જેમ આગળ વધતી જશે તેમ તેને નવીન દિશા સૂઝી આવશે.

એ જ્ઞાતિના અને સંઘના મેળાવડામાં બરાબર ભાગ લેશે અને પુરુષવર્ગને શિક્ષણીય પાઠ આપશે. નાતના પ્રાચીન શેઠીઆઓ આ જાતનું આક્રમણ સહન નહિ કરી શકે, એમાં એને પોતાની સત્તા જતી લાગશે, એ સ્ત્રીઓ ઉપર ઉદ્ધતાઈનો આરોપ કરવા પણ લાગી જશે, પણ અંતે એની સર્વ દલીલો એના ગળામાં જ પાછી આવશે. પ્રચંડ શક્તિ એક વાર જાગ્યા પછી એને શેઠીઆઓનો દમ કે આગેવાનોનો ભય નહિ રહે અને એની દલીલો એટલી મજબૂત આવશે કે આંખમાં આંસુ લાવીને પણ એના ઠરાવો સાથે સંમતિ બતાવવી પડશે. સ્ત્રીઓ સાથેના વર્તનને અંગે સ્ત્રીઓ એટલું કહી શકે તેમ છે કે એને બોલવાની દલીલ

શોધવા જવું નહિ પડે અને આખો જીવનપ્રવાહ એને થયેલા અન્યાયથી સણસણતો હોઈ માત્ર એને તો કોઈ કાર્ય ઉપાડવાની જ વાત રહેશે. સ્ત્રી પોતાની સત્કીર્તિને અને પ્રગતિને લગતું ગમે તે નાનું કે મોટું કામ હાથ ધરશે તેમાં તેને પાછા પડવાનો પ્રસંગ નહિ આવે. સ્ત્રીના આગમનને વધાવવા નવયુગ ઉદ્યુક્ત રહેશે અને કોઈ કોઈ રહ્યાસહ્યા પ્રાચીનો બૂમ પાડશે તો તે અરણ્યરૂદન જેવું થશે.

ઉચ્ચ અભ્યાસમાં સહશિક્ષણનો તેમ જ અલગ શિક્ષણનો ક્રમ ગોઠવાશે. અનુકૂળતા પ્રમાણે બન્નેનો લાભ સ્ત્રીવર્ગ લઈ શકશે. મોટાં મોટાં વિદ્યાર્થીગૃહો સ્ત્રીઓ માટે અલગ કાઢવામાં આવશે. ત્યાં ગૃહપતિ તરીકે સેવાભાવી સ્ત્રીઓ જ રહેશે અને સર્વ આંતર વહીવટ સ્ત્રીઓ જ ચલાવશે.

એ ઉપરાંત મોટી હોસ્પીટાલો પણ સ્ત્રીઓ નભાવશે અને ચલાવશે. ત્યાં માંદાની માવજત એ તેનો વિશિષ્ટ અને અંગત વિષય રહેશે. પ્રસૂતિગૃહો આદર્શ બનશે. સુવાવડમાં અથવા સુવાવડને પરિણામે મરણસંખ્યા નહિવત્ થઈ જશે.

વ્યાપાર આદિ જાહેર સર્વ સ્થાનોમાં સ્ત્રીઓને પૂરતો અવકાશ મળશે અને તેનો તે પૂરતો લાભ પણ લેશે. જ્ઞાનથી વંચીત રહેલી સ્ત્રીઓ જ્યારે એકવાર અભ્યાસ કરશે, કેળવણીની આરપાર ઉતરી જશે, એટલે સેવાના તથા ધંધાના, નોકરીના તથા અમલદારીના સર્વ કાર્યમાં એ દાખલ થશે.

જાહેર સેવા અને જાહેર જીવનમાં સ્ત્રીઓને મળવાના અવકાશ પૂરતી વાત સામાન્ય પ્રકારે નવયુગની દૃષ્ટિએ થઈ. હવે ગૃહજીવન કેવું થશે તે પર નવયુગ ખાસ ધ્યાન આપશે અને સ્ત્રીઓ સ્વતઃ જ નવીન પરિસ્થિતિ ઉભી કરી લેશે. તેનો નિર્દેશ નીચે પ્રમાણે પ્રાપ્ત થયો છે :—

## ગૃહજીવન

નવયુગની સ્ત્રી ઘણી સુઘડ થશે, ખૂબ સ્વચ્છ થશે. તે દરરોજ સ્નાન કરશે. દરરોજ બાલ સાફ કરશે. એના કપડાંમાં રાષ્ટ્રીય ભાવના, અને સાદાઈ આવી જશે. મધ્યયુગમાં ચાર રૂપીઆના કપડાં પર પચાસ રૂપીઆના તીનમીનીઆ અને દોરીઓ લટકતી એ સર્વ ખલાસ થઈ જશે. એને બદલે અતિ અલ્પવ્યયી તદ્દન સાદો પણ આકર્ષક સ્વદેશી પોષાક સ્થાન લેશે.

સ્ત્રીઓમાં રસોઈ તૈયાર કરવાની કરાવવાની ખાસ આવડત આવશે. વાનીઓના પ્રકાર અને વિવિધતા ખૂબ વધશે. દેશ પરદેશની ચીજો નવીન નવીન રીતે તૈયાર થશે અને વસ્તુઓ ધોરણસર તૈયાર કરવાનું જ્ઞાન એક કેળવણીના પ્રકાર તરીકે ફેલાવવામાં આવશે. વિવિધતા તથા અલ્પ વ્યય, વિશાળતા સાથે કરકસર, નૂતનતા સાથે સંયમ, આવા અકલ્પનીય દ્વંદ્વો નવયુગની સ્ત્રીઓ સાધશે. અને તેમ કરવામાં તેની નૂતન શિક્ષણપદ્ધતિ તેને ખૂબ મદદ કરશે.

'ઘર એ ઘર નથી પણ ગૃહિણી એ ઘર છે' એ પ્રાચીન કાળનું સૂત્ર જે વચગાળેના વખતમાં ભૂલાઈ ગયું હતું તેને એ જીવતું કરશે. સ્ત્રીઓ માત્ર ગૃહકાર્ય જ કરશે એવું તો નહિ રહી શકે, પણ ઘરને આકર્ષક સ્વચ્છ વ્યવસ્થિત બનાવશે. કેળવણીનું જે અનિવાર્ય પરિણામ આવવું કલ્પી શકાય તે ગૃહમાં દેખાશે. ઓછા ખરચે ગૃહઉપસ્કર વ્યવસ્થિત દેખાશે, ચીજોની ગોઠવણમાં સુઘડતા દેખાશે, સાદાઈની અંદર કળા દેખાશે, આરોગ્યની વ્યવસ્થામાં વિવેક દેખાશે.

પારણામાં બાળકોને યોગ્ય શિક્ષણ મળશે. બાળઉછેરની કળા નવા ધોરણ પર થશે. ઘરમાં બાળકો 'રોયા પીટયા'

સાંભળવાને બદલે 'ભાઈ, બાપુ' એવા શબ્દો સાંભળશે અને હાલરડામાં જ્ઞાન મેળવતાં થઈ જશે. ભણેલી માતાઓના બાળકોમાં જે ભાત પડતી પરિવર્તન કાળમાં દેખાય છે તેના કરતાં પણ વધારે વધારે પ્રગતિ થતી જશે.

રસોઈમાં વિવિધતા આવશે, બોલીચાલીમાં સભ્યતા આવશે, ઘરે જતાં કંટાળો નહિ આવે, પણ જવાનું મન થાય તેવું ત્યાં સુંદર વાતાવરણ જામશે, ક્લેશકંકાસ ઘણા ઓછા થઈ જશે પણ વ્યક્તિવાદ ઘણો વધી જશે. નવયુગની નારીઓ પરાધીનતામાં બહુ નહિ માને. એને અંગત ઘર જોશે અને એ જે કરી શકે તેવું હશે તેજ પરણવાનો વિચાર કરશે. સંયુક્તકુટુંબનો આખો ખ્યાલ તદ્દન તૂટી જશે અને વ્યક્તિસ્વાતંત્ર્ય ઘણું વધી જશે.

બાકી કોઈ એમ ધારે કે નવયુગમાં આ મૃત્યુલોક સ્વર્ગ થઈ જશે તો તેવું તો કાંઈ થવાનું નથી, પણ અત્યારે સોએ પંચાણું ટકા કજોડાં છે, લાકડે માંકડાં વળગાડી દીધેલાં છે અને ક્લેશકંકાસ અને ત્રાસના વાતાવરણનો મોટો ભાગ જોવામાં આવે છે તેને બદલે ઘર આરામની વસ્તુ થશે.

અત્યારે આદર્શ દાંપત્યના દાખલા રડયાખડયા મળી આવે છે તેને બદલે નવયુગમાં તેના ટકા ઘણા વધી જશે. મધ્યમ વ્યવહારુ જીંદગી કાઢનારા પણ સારી સંખ્યામાં મળશે; પણ સાથે કુંવારા રહેવાનો શોખ બન્ને વર્ગમાં વધતો જશે. નવયુગના ઘણા રિવાજો હેતુસર બંધાતા જશે. પૂર્વકાળની સામે સખ્ત બળવો થશે અને સુકા સાથે કેટલુંક લીલું પણ બળી જશે. મહાન ફેરફાર થાય ત્યારે અમુક ભાંગતોડ અનિવાર્ય છે તે ધોરણે સમાજનું આખું બંધારણ નવરચના પામતાં કેટલીક વાતો ગમે કે ન ગમે પણ ફરી જ જશે અને તેનાં કારણોમાં સ્ત્રી જાતિ તરફ બતાવેલી ઉપેક્ષા અને ઘણા અગત્યની દલીલો થઈ પડશે.

સ્ત્રીજાતિનું નીતિનું ધોરણ ઉન્નત થશે. લાજઘુમટા નીકળી જતાં ગૂઢ તત્ત્વ દૂર થઈ જશે અને તેથી થતાં પ્રચ્છન્ન સ્ખલનો ઓછાં થઈ જશે. સ્ત્રીઓ પુરુષની સમાન કક્ષાએ ઊભી રહે ત્યાં પછી સ્ખલના ઓછી થવાનો જ સંભવ રહે. આ માનસશાસ્ત્રનો ઊંડો સિદ્ધાંત છે. ઘુમટામાં કે પડદા પાછળ રહેલ કોણ હશે, કેવું હશે તે જાણવાની જિજ્ઞાસા થાય છે અને જિજ્ઞાસા કલ્પના દ્વારા વિકાર લાવે છે, પણ ઉઘાડી રીતે ચાલુ રીતે જનાર આવનાર કોણ છે તે જાણવાની કે જોવાની કોઈને દરકાર પણ રહેતી નથી. એકંદરે નીતિનું ધોરણ વધારે સારું રહેશે.

બ્રહ્મચર્યને અંગે વિચારમાં આર્થિક કારણે મોટો ફેરફાર થશે. સંતતિનિયમનના વિચાર વધારે ફેલાશે. સ્ત્રીઓને પ્રજોત્પત્તિ કરવાનો સંચો માનવાના દિવસો ચાલ્યા જશે અને સ્ત્રીની વૃત્તિ વધારે અંકુશવાળી હોઈ તેને સ્થાન મળશે, તેના વિચારને આદર મળશે અને તેનો પ્રચાર વધતો જશે.

એકંદરે સ્ત્રીઓનું માનસિક વાતાવરણ ફરી જતાં તેમની સાથે કામ લેવાની પદ્ધતિમાં મોટો ફેરફાર થઈ જશે અને તે એટલો મોટો શઈ જશે કે નવયુગના મંડાણ થયા પછી વીશેક વર્ષ પછી આખા સમાજની જે પરિસ્થિતિ થશે તે આજે કોઈ માને નહિ તેવી થઈ જશે, ગૃહજીવન કેવું થશે તે આ ધોરણે વિચારવું.

## પ્રકીર્ણ

સ્ત્રીઓના સંબંધી છૂટક છૂટક ઘણું ચર્ચાઈ ગયું છે. કેટલીક અગત્યની બાબતમાં નુકતેચીની કરી આ વિષયને બંધ કરીએ.

અત્યારે જેમાં લાજ મર્યાદા સ્ત્રીઓમાં મનાય છે તેવો પડદો કે લાજ નવયુગમાં નામનિશાન માત્ર પણ નહિ રહે. નવયુગની

છોકરીઓ એ રિવાજને જંગલીપણાનો અવશેષ ગણશે. સ્ત્રીઓની પરાધીન દશાના નમુના તરીકે એનાં નાટકો વિનોદ માટે ભજવાશે. એનો અર્થ એમ ન થાય કે સ્ત્રીઓ લાજશરમ છોડી દેશે. સ્ત્રીઓ લાજમર્યાદા બરાબર રાખશે, પણ ઘુમટા તાણવામાં લાજનો થઈ રહેલો ધ્વંસ, મર્યાદાનો હ્રાસ અને ઢોંગની ભવાઈ અભરાઈએ ચઢાવવામાં આવશે.

સ્ત્રીઓ રાજકારણના સર્વ વિભાગોમાં ભાગ લેશે તે ઉપર જોયું છે. એ ઉપરાંત સામાજિક સંસ્થાઓમાં પૂર જોસથી એ કામ લેશે. ત્યાં સુધીમાં જ્ઞાતિઓ ખલાસ થઈ ગઈ હશે, છતાં એના કાંઈ અવશેષો રહ્યાં હશે તો તેઓ સ્ત્રી વગર સ્ત્રી સંબંધી ફેંસલો નહિ કરી શકે, એકતરફી હુકમનામું પસાર નહિ થઈ શકે. નવયુગની છોકરીઓ જ્ઞાતિના આગેવાન પુરુષોના ફેંસલા આપવાના હક્ક સામે સખ્ત વાંધો અને બળવો ઉઠાવશે અને ત્યારે અનેક ગૂંચવણવાળા પ્રશ્નો ઉભા થઈ પરિણામે ભાંગી પડતી જ્ઞાતિઓને છેલ્લો મોટો કડાકો સાંભળવો પડશે.

સંઘના બંધારણોમાં સ્ત્રીઓ સ્થાન લેશે. એ પોતાના બળથી જ એ સ્થાન પ્રાપ્ત કરશે. નવયુગની કેળવાયલી છોકરીઓ પુરુષની મહેરબાનીથી કોઈ વાત નહિ સ્વીકારે. એ પોતાના હક્કનો સવાલ આગળ કરી પોતાનું સ્થાન માગી જ લેશે અને તેમના હક્કનો સ્વીકાર પુરુષોએ ફરજીઆત કરવો જ પડશે.

વિધવાઓનો પ્રશ્ન નવયુગને જરા પણ નહિ મુંઝાવે. એનો નીકાલ કેવી રીતે થશે તેની આખી રૂપરેખા સામાજિક પ્રશ્નોની વિચારણામાં આવી ગઈ છે તે અત્ર પ્રસ્તુત છે. (જુઓ પૃ. ૨૧૫ અને આગળ). વિધવાઓને માટે કાર્યક્ષેત્રો એટલાં ઉભાં થશે અને તેનો લાભ તે એવી સુંદર રીતે લેશે અને નવયુગમાં સેવા-

ભાવનો એટલો પ્રસાર થશે કે અત્યારે એ પ્રશ્ન મુંઝવણ કરે છે તેવું નવયુગમાં કાંઈ નહિ રહે. વિધવાને પરણવું જ હોય તો તેને છૂટ આપવામાં આવશે, પણ તેવા દાખલા બહુ ઓછા બનશે.

રશિયા વગેરે દેશોમાં લગ્નનું બંધન નામનું રહ્યું છે, છૂટાછેડા વધતા જાય છે અને નીતિનો સવાલ લગભગ ઉડી ગયો છે. તેમાંનું હિંદમાં કાંઈ થવાનું નથી. નવયુગમાં હિંદનો વિકાસ તદ્દન નવીન ધોરણ પર થનાર છે. એક દેશમાં બન્યું તે અહીં પણ બનશે એમ ધારવાનું કારણ નથી. કેળવણીનો પ્રસાર થયા છતાં પૂર્વ કાળના વારસા તદ્દન પ્રજાઓ મૂકી શકતી નથી એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે અને નવયુગનું ધોરણ ભાંગતોડનું તો રહેવાનું જ છે, પણ એની ભાંગતોડ અક્કલવાળી–ધોરણવાળી સમજણ પૂર્વકની થવાની છે એ પણ સાથે ધ્યાનમાં રાખવું.

સ્ત્રીઓનો વિકાસ ખૂબ થશે તેટલો જ પુરુષનો થશે તોજ જૈન કન્યાઓ જૈનને પરણશે, નહિ તો ભારે વિસંવાદ ઉભો થશે. કેળવણીના પ્રચાર સાથે અંતે સમાનવયશીલ અને ધર્મવાળા મળી જશે. આ સ્થિતિ અમુક ભાંગતોડ થયા પછી સુવ્યવસ્થિત રીતે ગોઠવાઈ જશે.

સ્ત્રીઓની લાગણી અને પુરુષોની સાહસવૃત્તિ, સ્ત્રીઓની નરમાશ અને પુરુષોની પ્રેરકવૃત્તિ, સ્ત્રીઓની સ્વભાવ પારખવાની શક્તિ અને પુરુષોની કામ પાર પાડવાની શક્તિ — આવી અનેક શક્તિઓના સહયોગથી એક તદ્દન અભિનવ બંધારણ થશે. ઘરમાં સાદાઈ સ્વચ્છતા અને વ્યવસ્થા આવશે, ખરચમાં કરકસર આવશે, ઉદ્યોગમાં બન્નેનું જોડાણ થશે અને બન્નેનું સાધ્ય ઉત્તમ પ્રકારનો વિશિષ્ટ આનંદ અનુભવવાનું રહી ધર્મના નૈતિક તત્ત્વોનો પ્રસાર વધારનાર અને દીપાવનાર નીવડશે. શરૂઆતમાં મોટા નાના પાયા

પર ભાંગતોડ થશે જ, પણ રચના ભાંગતોડ વગર શક્ય નથી અને સેંકડો વર્ષના ગુલામગીરીના પટ્ટા તૂટવા સહેલા નથી, પણ બહુ થોડા વખતમાં જનતા નવીન રંગ દાખવશે, સેવાનાં સત્રો મંડાશે અને આર્યમહિલા એના અસલ સ્વરૂપે દીપશે.

નવયુગમાં પુરુષ એક સ્ત્રીની હયાતીમાં બીજીને પરણે તે ફોજદારી ગુન્હો ગણાશે. સ્ત્રીઓને મારવાનો સંકલ્પ પણ પુરુષોથી થઈ નહિ શકે અને તેવી જરૂર પણ નહિ પડે. બાળકો સંસ્કારી થતા જશે અને એકંદરે ગૃહજીવનના ટકા ઉત્તરોત્તર સુખસાધ્ય-સાન્નિધ્ય અને સેવામાર્ગાવલંબનમાં વધતા જ જશે.

આ રીતે સ્ત્રી સંબંધી પરચુરણ વિચારો રજુ કર્યા. એ વિષય છૂટોછવાયો આખા લેખમાં આવ્યો છે તે પર ધ્યાન ખેંચી આગળ વધીએ.

## પ્રકરણ ૨૫ મું

## શારીરિક

નવયુગને તુરત ધ્યાન આપવા યોગ્ય શારીરિક વિષય છે. જૈનધર્મના પ્રરૂપક ક્ષત્રિય, એમાં મુખ્યત્વે રસ લેનારા અસલ ક્ષત્રિય, પણ પછી વાણીઆ બની ગયેલા અને વાણીઆ બન્યા તે એટલી હદ સુધી કે તે પોતાનું ક્ષત્રિયત્વ વિસરી જ ગયા. જેના મુંજાલ મ્હેતા, વિમળ મંત્રી, શાંતુ આદિ બબે હાથમાં તરવારો લઈ લડાઈમાં લડયા અને જેનાં વડીલો કર્મશત્રુઓ સામે અનેક પરિષહ ઉપસર્ગ વેઠી લડયા તેના વારસો શરીરે તદ્દન સામાન્ય, અનેક પ્રસંગે નિર્માલ્ય એક સાધારણ પ્રતિસ્પર્ધીથી ડરી જનારા થઈ ગયા.

### અંતઃપર્યંત બેદરકારી

અત્ર જનતાની સામાન્ય સ્થિતિ ચીતરવાની વાત ચાલે છે તેથી કોઈએ ખાસ ખોટું લગાડવાનું નથી. જૈન ધર્મ ઉપર વાણીઆઓનો એકલાનો અધિકાર નથી. એ સર્વની મિલ્કત અને વારસો છે. અત્ર જે સ્થિતિ વર્ણવવાની છે તે વણિકવર્ગને જ લાગુ પડે છે અને અત્યારે તેની બહોળતા જૈન તરીકે હોવાથી

તેમને ઉદ્દેશીને કેટલીક વાત લખાઈ હોય કે હવે લખાય તો તેને અંગે અન્ય બહાદુરોએ ક્ષમા આપવાની છે.

જે મનુષ્ય પોતાનું રક્ષણ ન કરી શકે, જે પોતાના આશ્રિતોનું રક્ષણ ન કરી શકે, જે પોતાના ઘરની સ્ત્રીઓની મર્યાદા સાચવી ન શકે અને જે 'પડે ઉગમણી બુમ, આપ આથમણો ધાયે' એ સ્થિતિમાં હોય તે મહા આકરી જવાબદારીઓ કેવી રીતે વહન કરી શકે એ મોટો કોયડો છે. આને પરિણામે જનતામાં એક કહેવત થઈ પડી છે 'એ બનીએ કા ખેતર હૈ—લૂંટ લો; એ મિયાભાઈકા ખેતર હૈ—જાને દો.' નાના ગામડામાં શેઠ કે સાહુકારના નામથી પ્રસિદ્ધ થયેલો એ બંધુ જ્યારે ધીંગાણું થાય છે ત્યારે ક્યાં અને કેવો સંતાઈ બેસે છે એ એની શારીરિક સંપત્તિ અને હૃદયની હિંમત બતાવે છે.

અને એનો વિદ્યાર્થીવર્ગ એકંદરે શક્તિહીન માંયકાંગલો જ જણાશે, એ રમતગમતમાં ઉતરશે જ નહિ અને ઉતરશે તો નામ કાઢશે નહિ. અત્યાર સુધી ક્રીકેટ ટેનીસ આદિ અનેક જંગો થયા છે એમાં એના કોઈ સાહેબજાદાએ નામ કાઢ્યાં જાણ્યાં નથી. એ અખાડામાં જશે નહિ, કસરતશાળાનો લાભ લેશે નહિ અને પછી 'મેટ્રીક માંદા ના મટે, બી. એ. થયા બેહાલ; એમ. એ. મરણ પથારીએ, એ વિદ્યાના હાલ' જેવું થાય એમાં નવાઈ નથી. સ્વર્ગસ્થ અમૃત કેશવ નાયકે 'એમ. એ. બનાકે ક્યું મેરી મિટ્ટી ખરાબ કીયા?' નામક સુપ્રસિદ્ધ પુસ્તકમાં માણેકચંદ નામનું મુખ્ય પાત્ર મૂકી તેને ઈન્તિહામચંદ આદિ ઉપનામો આપ્યા છે તે વાણીઓ જ છે. તે જૈન છે. આવી શારીરિક સ્થિતિ થઈ ગઈ છે. એક તો સમસ્ત પ્રજા નિઃશસ્ત્ર અને તેમાં વાણીઆની જાત એટલે એનો ચારે તરફથી બોરકુટો થાય તેમાં નવાઈ નથી. આ

સંબંધમાં પ્રાચીનોએ બહુ બેદરકારી બતાવી છે. વ્યવહારનજરે આ ભવમાં ફતેહ મેળવવા માટે મજબૂત શરીરની જરૂર છે, પરમાર્થ નજરે સંયમ તપ અને અહિંસા સાધવા માટે મજબૂત શરીરની જરૂર છે. મજબૂત શરીરવાળો બ્રહ્મચર્ય સાધી શકે છે, મજબૂત શરીરવાળો વખતબેવખત ઇંદ્રિયાધીન થઈ જતો નથી, મજબૂત શરીરવાળો સાહસિકવૃત્તિ કેળવી શકે છે, ધન સંપાદન કરી શકે છે, યમ નિયમાદિ યોગો સાધી શકે છે.

## એને સુધારવાનાં પગલાં

અત્ર શારીરિક પરિસ્થિતિનો અભ્યાસ કરી નવયુગ એને અંગે કેવાં પગલાં ભરશે એ હકીકત સંક્ષેપમાં જણાવી દઈએ.

નવયુગ અખાડાને બહુ ઉપયોગી ગણશે. દશ ઘરની વસ્તી હોય તેવા નાના ગામડામાં પણ એ અખાડા કાઢશે. તેમાં તાલીમ લઈ શરીરને સુઘટ્ટ રાખવાની પોતાની ફરજ ગણશે. એ ઠામ ઠામ લાઠીના પ્રયોગો, કવાયતો, કસરતોને ખાસ અગત્ય આપશે. એના મેળાવડા કરશે. એના ઉપર અનેક રીતે ખાસ ધ્યાન આપશે અને જે જે પ્રયોગ દ્વારા શરીરબળ પ્રાપ્ત થાય તે પર ચીવટ રાખશે.

અખાડાઓ લગભગ વગર ખરચે ચલાવી શકાય છે. સેવાભાવી સુશીક્ષિત નાના ગામોમાં પણ અખાડા કરી શકે છે. ત્યાં દરરોજ એક કલાકનો સમય થોડા માસ આપે તો સ્વબચાવ કરી શકે એવા માણસોની ટુકડી તૈયાર કરી શકે છે અને એવી રીતે તૈયાર થયેલા પૈકી એનું કામ ઉપાડી લેનાર પણ નીકળી આવે છે.

પ્રત્યેક વ્યક્તિ પોતાનો બચાવ કરી શકે એટલી તાલીમ પામશે અને તે માટેની વ્યવસ્થા નવયુગ નાનાં મોટાં ગામ, શહેર અને નગરમાં જરૂર કરશે.

કસરતશાળા, મરદાનગીના પ્રયોગો, મરદાનગીપોષક રમતો, હવા ખાવાનાં સ્થળો અને ક્રીડામંદિરો નવયુગ અનેક પ્રકારે રચશે, એને સન્નદ્ધબદ્ધ કરશે અને એના સંબંધમાં ખૂબ પ્રયત્ન કરશે.

## પૂર્વકાળમાં શારીરિક તાલીમ

પૂર્વકાળનું કોઈ પણ ચરિત્ર વાંચતાં શારીરિક તાલીમને કેટલું મહત્ત્વ અપાતું હતું તે ધ્યાન પર આવ્યા વગર રહે તેમ નથી. શ્રી કલ્પસૂત્રમાં સિદ્ધાર્થ રાજા સભામાં બેસવા જાય છે તે પહેલાં કેટલાક શારીરિક પ્રયોગો કરે છે તે સુપ્રસિદ્ધ વાત છે. એના સ્નાન પહેલાં એ મોટી વયે પણ અનેક કસરતો કરે છે, તૈલાભ્યંગ તથા મર્દન કરાવે છે—આ સર્વ શારીરિક સ્થિતિ મજબૂત રાખવાની વાત જ બતાવે છે. શ્રી શ્રીપાળનો આખો વૈભવ શારીરિક બળમાંથી ઉદ્‌ભવે છે. એનું બળ હજારોની સામે થાય તેટલું હતું, એના સાહસમાં ખામી નહોતી, એની આત્મશ્રદ્ધા અસાધારણ હતી અને પ્રત્યેક પ્રસંગે એ આગળ ધપ્યા જ રહ્યા છે તેનું મૂળ શારીરિક બળમાં છે. એ એકલા બળથી કામ થતા નથી, પણ એના વગર નભતું જ નથી એ વાત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. પૂર્વકાળમાં લગભગ દરેકને શરીર મજબૂત રાખવાની જરૂર પડતી હતી. વચ્ચેના વખતમાં એ વાત વીસરાઈ ગઈ. એને પરિણામે આ ભવ અને પર ભવનું સાધવામાં ઘણી મંદતા આવી ગઈ.

શ્રી આદીશ્વર ભગવાનના પુત્ર બાહુબળિએ કેવું શરીરબળ પ્રાપ્ત કર્યું હતું તે તેનું આખું ચરિત્ર વિચારતાં સમજાય છે. દૂતને એણે આપેલ ઉત્તર એના સાહસિકપણાને શોભાવે છે અને યુદ્ધમાં પાંચે પ્રકારના યુદ્ધમાં એનો વિજય એને વધારે દીપાવે છે. એ મજબૂત શરીરમાં મજબૂત આત્મા બેઠો હતો. ઉપાડેલી

મુઠ્ઠી પાછી ફરે નહિ એ નિશ્ચય વીરનો જ હોય! એણે એ જ સ્થાન પર ઘોર તપસ્યા કરી કૈવલ્ય પ્રાપ્ત કર્યું. 'જે કમ્મે શૂરા તે ધમ્મે શૂરા' એ વાત એમના આખા ચરિત્રમાં જોવાય છે. એ અસાધારણ તાકાત ધરાવનાર સંસારમાં રહે તો ધણીપતું કરે અને સંસાર બહાર જાય તો કર્મો સાથે લડી નિરાબાધ સુખ મેળવે.

જૈન ધર્મ કાચાપોચા માટે નથી, માયકાંગલા માટે નથી, બેઠાં બેઠા ખાવાવાળા માટે નથી; એ વીરનો ધર્મ છે, બહાદુરનો ધર્મ છે, શૂરવીરનો ધર્મ છે. રમતાં રમતાં સર્પ આવે તો ફેંકી દે અને સાત તાડનું રૂપ કરે તો એના વાંસામાં એક હાથ મારે ત્યાં દેવતા પણ નાસી છૂટે. જેના વસ્તુપાળ તેજપાળો લડાઈમાં લડ્યા, જેના ચક્રવર્તીઓએ છ ખંડ પૃથ્વી સાધી, જેના કુમારપાળ જેવા રાજાએ બાર બાર વર્ષ સુધી એક નગરીને ઘેરા ઘાલ્યા—એને માટે આ ધર્મ છે. બાવીશ પરિષહ વાંચીને ડરી જાય તે આગળ કેમ વધે? એને તો જંગ જમાવવાનો છે, એને નિર્ભય થઈ વધવું છે, એને દુનિયાને અભય આપવું છે, લેવું નથી.

એટલે શારીરિક સંપત્તિ વધારવાની જરૂર નવયુગને તુરત લાગશે. એ અનેક યોજનાઓ તે માટે કરશે. સાધનોની વ્યાખ્યા આપવાની જરૂર નથી. પરિણામે શારીરિક સ્થિતિ ખૂબ મજબૂત થાય તેવા પ્રયોગોનો અમલ એક ખાસ મહત્ત્વની બાબત તરીકે કરી નવયુગ પ્રત્યેકને કસરતબાજ તાલીમદાર અને પોતાનો અને પોતાનાઓનો બચાવ કરી શકે એવા સશક્ત બનાવશે.

## શારીરિક તાલીમના લાભો

આવા ખડતલ માણસો સ્વયંસેવકો થશે. એ અનેક પ્રસંગે સેવાભાવ સાધશે. સમાજના કાર્યોમાં ઊભા રહેશે. જનતાને

શિસ્ત શીખવશે અને પોતે શિસ્તનો માર્ગ સરળ કરી આપવામાં સહાયભૂત થશે.

નિયમસર એક પછી એક ચાલવાથી, પદ્ધતિસર ગોઠવણ કરીને સીધી પંક્તિ ( કયુ ) કરીને અનેક કાર્યમાં ભાગ લેવાથી કામમાં સરળતા શીઘ્રતા અને વેગ આવે છે અને તે શારીરિક બળવાળાને સુસાધ્ય છે. આ અગત્યની બાબતમાં થયેલ સ્ખલનાનું પ્રાયશ્ચિત્ત કરવાનું પ્રાચીનોને માથે રાખી નવયુગ તેના બદલામાં એકદમ પ્રગતિ કરશે. એ કામ ઉપાડી લેશે અને આગળ ધપાવશે. અખાડા વગેરે કસરત તાલીમનાં સર્વ સાધનો સ્ત્રી તથા પુરુષને બન્ને માટે સરજાવવાનાં છે. નવયુગમાં સ્ત્રીને પ્રત્યેક બાબતમાં સમાન સ્થાન છે.

વિદ્યાર્થી વર્ગ હિંદની તેમજ પરદેશી રમતોમાં ભાગ લેતો થઈ જશે, સ્વયંસેવકોમાં એ જોડાશે, રાષ્ટ્રીય સેવાદળો ઠામ ઠામ થઈ જશે, સામુદાયિક સેવાનું મહાન ક્ષેત્ર સામુદાયિક સેવકોને પણ ઉત્પન્ન કરશે, રાષ્ટ્રને માટે અનેક ભોગ આપવા વિદ્યાર્થી વર્ગ બહાર પડશે. એ દેશસેવાના કાર્યોમાં ખૂબ રસ લેશે. વિદ્યાર્થી અવસ્થામાં રાજકારણમાં ભાગ ન લેવાનું તેમને સૂચવવામાં આવશે તે ખાતર જ તે તેમાં ખૂબ રસ લેશે. નવયુગની એ એક નૂતનતા રહેશે કે જ્યાં એને દબાણ કે નીતિ ( પોલિસિ )નો ચમકારો પણ દેખાશે ત્યાં એ સામે પડશે.

અને જે તે માણસો સામે પડી શકતા નથી. સામે પડવા માટે માનસિક બળ અને માનસિક સમૃદ્ધિની જરૂર પડે છે અને તેને માટે શરીર સુઘટ્ટ અને મજબૂત તથા તાલીમદાર હોવાની જરૂર પડે છે અને તાલીમદાર શરીર માટે વ્યવસ્થાપૂર્વકની યોજનાની જરૂર રહે છે.

સેવાભાવને આગળ કરનાર નવયુગમાં પુરુષો તેમજ સ્ત્રીઓ અનેક મંડળો સેવા માટે યોજશે અને પ્રત્યેકમાં તાલીમનું તત્ત્વ ખાસ દાખલ કરવામાં આવશે. સ્ત્રીઓ પણ શરીરને કસીને સહનશીલ બનાવશે અને સંયમવાન બની જનતાને ખૂબ મજબૂત કરશે. વિદુષી માતાનાં બાળકો નાનપણથી શરીરે પણ સુંદર મજબૂત અને સહનશીલ થશે. આ સર્વ બાબતોને અંગે શરીર કસવા સંબંધમાં પૂરતી સગવડો અને વ્યવસ્થાઓ કરવામાં આવશે.

પરિવર્તન કાળની શરૂઆતમાં જેમ ધર્મ સંબંધી ભ્રમ થયો તેમ શરીર સંબંધી પણ ભારે બેદરકારી થઈ. ભણનારા ઊંધું ઘાલી વાંચતાં જ ગયા અને શરીરને તદ્દન વિસરી ગયા. પરિણામે એક આખો યુગ મેટ્રીક માંદાની કવિતામાં ઉપર વર્ણવ્યો છે તેવો આવી ગયો. નવો યુગ એથી તદ્દન ઉલટો જ આવશે.

## ફેરફારને અંગે વિચારો

કોઈ પણ ફેરફાર કરવામાં આવે તેમાં આ તત્ત્વ તરફ ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. ફેરફાર શબ્દ અહીં ઇરાદાપૂર્વક વાપર્યો છે. 'સુધારો' શબ્દ કેટલીક વાર કચવાટ ઉત્પન્ન કરે છે. પરિણામ એક જ છે. જ્યારે ચાલુ પ્રણાલિકામાંથી ફેરફાર સૂચવવામાં આવે ત્યારે તેને એક કાળી રેષા પસાર કરવી પડે છે. એ રેષા અનિવાર્ય છે, પણ એનાથી ડરી જઇ ફેરફારને અટકાવાય નહિ. દાખલા તરીકે સ્ત્રીશિક્ષણ શરૂ કરવામાં આવ્યું ત્યારે કેટલીક સ્ત્રીઓ ઉપર સાચા ખોટા આક્ષેપો થયા હતા, કોઈ સ્ત્રી નવીન વિદ્યાને લીધે અભિમાની પણ થઈ હશે અને એકાદ ટકાએ સ્વતંત્રતાનો કદાચ દુરૂપયોગ પણ કર્યો હશે. સ્ત્રીશિક્ષણ સર્વ-સામાન્ય થતાં એ સર્વ વાત હવે દૂર થઈ ગઈ છે. પણ શરૂઆતમાં અમુક સ્ખલનના પ્રસંગને આગળ કરીને તે કારણે

પ્રગતિનો રોધ કરી ન શકાય. એવી કાળી રેષા દરેક ફેરફારની શરૂઆતમાં આવે છે, તે રેષાથી ડરી જવા જેવું નથી. તેનું ઉલ્લંઘન કર્ત્તવ્ય છે. સમાજશાસ્ત્રનો આ અતિ મહત્ત્વનો નિયમ છે તે ન સમજવાને પરિણામે કોઈ વાર પ્રગતિ અટકી પડે છે.

બીજી વાત એ છે કે થોડા પતિતના દાખલા કદી આગળ કરવા નહિ. એમ કરવાથી સર્વ પ્રગતિ અટકી જાય છે. એમાં એટલું ધ્યાનમાં રાખવાનું કે 'કળશીનું રાંધીએ તો બે પાંચ માણાનો બગાડ જરૂર થાય.' વિચારશીલ માણસ ૯૫ ટકાના સદુપયોગ તરફ જ ધ્યાન આપે છે, જ્યારે દોષગ્રાહી સ્ખલનાના દાખલાઓને આગળ કરી નાની વાતને મોટું રૂપ આપે છે. આવો વિચાર કરવામાં આવે તો સમાજ કદી પ્રગતિ કરી શકે જ નહિ. કોઇ પણ બાબતનો નિર્ણય કરવામાં લાભાલાભની તુલના કરવી અને તેમાં જો લાભનો ભાગ ઘણો મોટો જણાય તો થોડા ભોગે તેનો સ્વીકાર કરવો. ખાસ કરીને અપવાદદાયક થોડા દાખલા અને નવીન માર્ગ કે પ્રથાની શરૂઆતની સ્ખલનાઓને કદી આગળ કરવી નહિ. નવા ધોરણોને નવીન રીતિઓને નવા ફેરફારોને પણ નાના બાળકની પેઠે ચાલતાં અને સ્થિર રહેતાં શીખવું પડે છે; પણ બાળક ચાલવાનું શીખતાં પડી જાય તે કારણે જ તેને બેસાડી રાખવાનું કહેવાની ધૃષ્ટતા કોઈ ભાગ્યે જ કરે.

અને એક મહત્ત્વની વાત એ છે કે સમાજમાં ડાહ્યા માણસો વધારે પ્રમાણમાં હોય છે. એ લોકોના ડહાપણનો એક જ ઉપયોગ થાય છે અને તે એ કે દરેક બાબત થવાની હોય તેને અંગે પ્રથમથી કકળાટ કરી રાખવો. એમાં શું થવાનું છે? એમાં શી સારી વાત છે? આવી વાતો કરવી અને પછી શરૂઆતમાં કાંઈ થાય એટલે કહેવું કે ભાઈ! અમે નહોતા કહેતા? પણ

આ જુવાનિયા વગેરે વગેરે. આ સર્વ દરરોજના અનુભવનો વિષય છે. અને સારું થાય ત્યારે તે સર્વ ભૂલી જાય છે. આ જાતનું ધોરણ કે દલીલ વગરનું ડહાપણ સમાજપ્રગતિમાં ઘણું આડું આવે છે. આવા ડહાપણથી જેમ દૂર રહેવાય તેમ સારું.

છતાં નવયુગ સર્વ કરે તે સારું એમ પણ ધારી લેવું નહિ. એને અંગેની દલીલો વિચારવી, ગણતરી ધ્યાનમાં લેવી, બન્ને બાજુની દલીલોની તુલના કરવી અને પરિણામે જેમાં વધારે લાભ જણાય તે માર્ગને ટેકો આપવો.

આ સર્વ સૂત્રો જેમ શારીરિક શિક્ષણને અંગે ઉપયોગી છે તેમ આખા સમાજના સર્વ પ્રશ્નોને અંગે વિચારવા યોગ્ય છે. ઘણા માણસો જરા પણ ફેરફાર થાય તેથી વિરુદ્ધ હોય છે. તે જેમ નિરર્થક છે તેમ જ જેઓ ખાલી દોડધામ અને અથડા-અથડીમાં માનનારા હોય તે પણ નકામા છે. દેશકાળ ફેરફાર માગી રહ્યો છે પણ ગાડું ગમે તેમ ગબડાવવા જેવું નથી. હિસાબ, ગણતરી, દીર્ઘદૃષ્ટિ અને સમાજહિત લક્ષ્યમાં લીધા વગર નાટકના ખેલની જેમ જીવનને અફળાવવા જેવું નથી, તેમજ પડી પથારીએ બેસી રહેવા જેવો આ કાળ નથી.

## પ્રકરણ ૨૬ મું

# નૈતિક

નૈતિક બાબત બે રીતે વિચારી શકાય: એક સમસ્ત પ્રજાની નજરે અને બીજી વ્યક્તિગત નજરે.

પ્રત્યેક વ્યક્તિનું નીતિ સંબંધી ધોરણ કેવું રહેશે તે ધોરણુસર કહી શકાય તેવી બાબત નથી. સામાન્ય રીતે જનતાનું નવયુગમાં નીતિ સંબંધી ધોરણ કેવું રહેશે તે વિચારવું શક્ય છે.

નૈતિક પ્રશ્નો વિચારતાં તેનો પાર આવે તેમ નથી. બહુ મુદ્દાનાં દૃષ્ટિબિંદુઓ વિચારવાં શક્ય છે.

વ્યવહારની નજરે જોઇએ તો પ્રથમ નજરે આ વિષયોમાં બે બાબત પર ખાસ ધ્યાન ખેંચાય. પ્રમાણિકપણું અને સત્ય.

## પ્રમાણિકપણું

નવયુગનું આ બન્ને બાબતો તરફ ખાસ સારું ધ્યાન ખેંચાયેલું રહેશે. એ બની શકે તેટલો પ્રમાણિક વ્યવહાર કરશે અને વ્યાપારમાં લેવડદેવડમાં લેણદેણમાં હિસાબની સમજાવટમાં પ્રમાણિકપણા અને સત્યને સ્થાન બહુ સારી રીતે આપશે.

ખોટા તોલાથી માલ તોળવો, ખોટા ગજ કે વારથી માલને ભરવો, ધારણ ખોટી રાખવી, આપવાનાં અને લેવાનાં ત્રાજવાં જુદાં રાખવાં એ સર્વ અપ્રમાણિક વર્તન કહેવાય છે.

નવયુગને આવી બાબતો ઉપર ઘણી ચીડ રહેશે. હિસાબ કરતાં સોળ પંચાં બાશી અને બે મેલ્યા છૂટના—આવા ગોટા નહિ વાળે. સામો લેનાર વિશ્વાસુ હોય તેનો એ લાભ નહિ લે.

ભાવતાલને અંગે એ પાશ્ચાત્ય વ્યાપારીનું અનુકરણ કેટલીક રીતે કરશે. યુરોપના મોટા શહેરમાં એક એક એવી દુકાનો છે જેમાં હજારો નાની નાની દુકાનો હોય. દરેક વસ્તુ પર ભાવ લખેલા હોય છે. નાનો છોકરો જાય તો તેને એ ભાવે માલ મળે છે અને મોટો માણસ કે સ્ત્રી જાય તો તે જ ભાવે માલ મળે છે. અજાણ્યાને છેતરી દેવાની કે માલનો તોલ ઓછો આપવાની વૃત્તિ થતી નથી. ભાવ લખવામાં એને મરજી આવે તો તે પચીશ ટકા નફો કરે, પણ ભાવ બે નહિ અને વ્યક્તિગત જુદા જુદા ભાવતાલ નહિ. આવા ચોખ્ખા વ્યવહારથી દરેક પેઢીમાં દરરોજ પરચુરણ વેચાણ લાખો રૂપિયાનું થાય છે એટલે નીતિના ધોરણે કામ કરવાથી પરભવનો સવાલ બાજુ ઉપર રાખતાં વ્યાપારની નજરે મોટો વ્યાપાર થાય છે અને નફાનો આધાર વ્યાપારના વિસ્તાર પર રહે છે તે તો ઉઘાડી વાત છે.

ઉપર પ્રમાણે લખેલા ભાવોમાં મોટી ખરીદી કરનારને કમિશન આપવામાં આવે છે, પણ તે સર્વ ઉઘાડી સોદાની વાત છે. કોઈને છેતરવાનો રસ્તો એવી રીતે કરે નહિ. વ્યાપાર વધારવાનું એ મુદ્દામ ધોરણ હોઈ ઘરાકી વાળનાર અને જાળવી રાખનારની એ પદ્ધતિ હોઈ એ રીતે નવયુગ કામ લેશે.

## સત્ય

સત્યને માટે પણ એ જ રીતે સમજવું. માણસ થોડા લાભ ખાતર પોતાની જાતને અસત્યથી છેતરે અને તે રીતે બીજાને છેતરવા પ્રયત્ન કરે એ ભયંકર વાત છે એમ નવયુગને લાગશે. એ પોતાના શિક્ષણથી એ ધોરણ સ્વીકારશે નહિ. જે લાંબી નજરે જોતાં શીખે છે અને વ્યાપાર વધારવાના સીધા રસ્તાનો અભ્યાસ કરી જાણે છે તે જુએ છે કે અપ્રમાણિકપણે કે અસત્ય માર્ગે અંતે જય ન જ થાય. 'સત્યમેવ જયતે' આ મુદ્રાલેખ વિચારશીલ માણસોનો થશે.

આ તો વ્યાપારને અંગે અને આર્થિક દૃષ્ટિએ પ્રમાણિકતા અને સત્યની વાત થઈ, પણ એ ઉપરાંત સામાન્ય વ્યવહારમાં મનુષ્યો વધારે પ્રમાણિક અને સત્યશીલ બનશે. એકંદરે નૈતિક ધોરણ ચડતું જશે. કોરટમાં જૂઠી સાક્ષી આપવાની બાબતમાં સત્યનો આશ્રય કરવાનું ધોરણ નવયુગ સ્વીકારશે. એવી જ રીતે સાધારણ વાતચીતમાં, ભૂમિ સંબંધી મતફેરોમાં અને લેવડદેવડમાં એ બન્ને બાબતોમાં ધોરણ ઊંચું થતું જશે.

નવયુગ નૈતિક સર્વ બાબતોમાં પ્રગતિ જ કરશે એમ કહેવું મુશ્કેલ છે, પણ એનું ધોરણ ઉચ્ચ રહેશે એમ કહી શકાય તેમ છે. શિક્ષણ અને કેળવણીને પરિણામે લોકોમાં દીર્ઘ નજર, તર્ક કરવાની શક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત આવે છે અને અભ્યાસને પરિણામે અંતે પ્રમાણિક માણસો જ ફાવે છે એ વાત જનતા પાસે મૂકવામાં આવે તો તે સહજ સમજી જશે. નવયુગમાં આ દુનિયા સ્વર્ગ તો નહિ થઈ જાય પણ એકંદરે પ્રગતિ જરૂર કરશે એમ માનવાનાં ઘણાં કારણો રહે છે.

પ્રમાણિકપણું વધશે કે નહિ એ વાત બાજુ ઉપર રાખતાં એકંદરે લોકોને 'કાળું' અસત્ય બોલતાં આંચકો આવશે,

અંતઃકરણના ડંખ જે કેટલાંક વર્ષોથી દબાઈ ગયા છે તે જાગશે. સ્વાર્થ પાસે ગમે તેવું જૂઠું બોલી શકાય એ ધોરણ અત્યાર સુધીમાં વધારે પ્રસરેલું છે તે ઓછું થઈ જશે.

## બીજા અનેક ગુણો

આ સિવાય નીતિને અંગે અનેક સદ્‌ગુણોનો વિચાર કરી શકાય. એ સર્વ ધર્મના વિષયો પણ બની શકે છે, પણ નીતિના ધોરણે પણ એનો વિચાર કરી શકાય. સદ્‌ગુણોને અંગે મોટી મોટી થોડી બાબતોનો વિચાર કરવો અહીં પ્રાસંગિક છે.

નીતિવાળા માણસને અંગ્રેજીમાં 'જેન્ટલમેન' કહે છે. તેના ધોરણમાં અનેક સદ્‌ગુણોનો સમાવેશ થાય છે. એ સર્વ ગુણો સ્ત્રી અને પુરુષને સરખી રીતે લાગુ પડે છે.

દાખલા તરીકે સભ્યતાપૂર્વક બોલવું, માનસહિત બોલવું, દુઃખ ન લાગે તેવું બોલવું, સામાને હિત કરે તેવું બોલવું, ગાળાગાળી કરવી નહિ, પારકી નિંદા કરવી નહિ, જે હકીકત આપણે જાણતા ન હોઈએ તેવી બાબતમાં અન્ય ઉપર આળ ચડાવવાં નહિ, પોતાના નાના ગુણોને મોટા કરી બતાવવા નહિ, દંભ–કપટ ન કરવાં, ખોટો દેખાવ ન કરવો, ધન મેળવવાની તૃષામાં વિવેકને ભૂલવો નહિ, વિકથા કરવામાં વખતની બરબાદી કરવી નહિ, કજિયાકંકાસ કરવા નહિ, મારામારી કરવી નહિ, વિના કારણ કોઈને કંટાળો આપવો નહિ, પરસ્ત્રીને માબેન સમાન ગણવી, દ્યુત ખેલવું નહિ, સટ્ટો ખેલવો નહિ, વેશ્યા વારાંગનાનો પરિચય કરવો નહિ, માંસ ખાવું નહિ, કોઈ પણ આકારમાં દારૂ પીવો નહિ, કોઈ જીવને વિનાકારણ મારવો નહિ, શિકાર કરવો નહિ, નિયમિત થવાની ટેવ ચૂકવી નહિ, પોતાને પચે તેથી વધારે ખોરાક લેવો નહિ, મિત્ર સ્વજનનો યોગ્ય સત્કાર કરવો, ઘરના માણસોને સર્વ

પ્રકારનાં સાધનોથી સંપન્ન કરવા, અતિથિનું યોગ્ય આતિથ્ય કરવું, પોતાની સંપત્તિ હોય તેથી વધારે દેખાડવાનો મોહ રાખવો નહિ, પોતાની આવડતનો ગર્વ કરવો નહિ, કોઈ ઉપર ગુસ્સે થવું નહિ, હમેશાં અસંતુષ્ટ થઈ કકળાટ કર્યા કરવો નહિ, કોઈની અદેખાઈ કરવી નહિ, જાહેર કાર્યોમાં પોતાની જાતને હમેશા ખુલ્લી રાખવી, દલીલો સમજાય તો દુરાગ્રહ કરવો નહિ, આળસુ થવું નહિ, પારકી આવક ઉપર નિર્વાહ કરવાની દાનત રાખવી નહિ, ચોરી કરવી નહિ, પાપકાર્ય કરવાનો વિચાર કે સંકલ્પ પણ કરવો નહિ, સાધુ મહાત્માનું યોગ્ય સન્માન કરવું, વિદ્વાનની પૂજા કરવી, દુઃખી નિરાધાર ઉપર દયા કરવી, પોતાના ઉપર અપકાર કરનાર ઉપર ઉપકાર કરવો વગેરે અનેક સદ્‌ગુણોની વિશેષ પ્રતિષ્ઠા નવયુગમાં થશે. લોકોને વિચાર કરતાં આવડશે એટલે સાચા ખોટાનો વિવેક વધશે અને જોકે સર્વ લોકો સદ્‌ગુણી થઈ જશે એમ તો બનવાનું નથી, પણ એ સદ્‌ગુણ પ્રાપ્તિનું ધોરણ ઉચ્ચ ઉચ્ચતર થતું જશે.

## ધર્મ અને નીતિ

આમાંના કેટલાક ગુણો ધાર્મિક નિયમોમાં પણ આવે છે. કેટલાક ને અંગે શરૂઆતમાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોની વિચારણામાં વિચારી પણ ગયા છીએ. અહીં એક વાત ખાસ જણાવી દેવી પ્રસ્તુત છે: નીતિ અને ધર્મ એ સહભાવી છે, બન્નેને વિરોધ નથી, એટલું જ નહિ પણ નીતિની પરાકાષ્ઠા ધર્મમાં જ આવે છે. બીજા દષ્ટિબિંદુથી જોઈએ તો જૈનદર્શનમાં તત્ત્વજ્ઞાન અને નીતિ એ પરસ્પર એવી રીતે વણાઇ ગયેલા છે કે ધર્મ અને નીતિને છૂટા પાડવા એ અશક્ય વાત છે. નીતિના સૂત્રોને આત્મદષ્ટિએ, વિવેકબુદ્ધિએ, ત્યાગની નજરે અથવા સ્વીકારની નજરે અનુસરવામાં આવે છે ત્યારે તે મનુષ્યના ધાર્મિક જીવનનો

એક ભાગ બની રહે છે. નીતિની પરાકાષ્ઠા ધર્મમાં થાય છે એ સમજવા માટે જૈનદર્શનનો આખો યોગમાર્ગ સમજવા જેવો છે. યમનિયમમાં એ મહાન ત્યાગને સ્થાન જરૂર આવે છે, પણ નાના સદ્ગુણોથી પ્રારંભ કરે છે અને એ રીતે જૈનદર્શનનો આખો વિકાસમાર્ગ વિચારવામાં આવે તો નીતિ અને ધર્મ વચ્ચેનો તફાવત રહેવા છતાં નીતિ સાપેક્ષ દૃષ્ટિએ ધર્મનો એક વિભાગ બની રહે છે. જ્ઞાનનો વિકાસ થતાં, પ્રકાશ એ નવયુગનું મુખ્ય અંગ થતાં, એ વિવેકની આવશ્યકતા અજ્ઞાન દૂર કરવા અને આત્મહિતનો આદર કરવા માટે જણાતા, નીતિ નવયુગમાં કયું સ્થાન લેશે તે કલ્પી લેવું મુશ્કેલ નથી.

પ્રથમ થોડી ભાંગતોડ જરૂર થશે, થોડો વખત અવ્યવસ્થિત આદર્શો અને જીવનક્રમ વચ્ચે જરા સંઘર્ષણ પણ દેખાશે અને તુલના કરવાના પ્રશ્નોને અંગે દેખીતી ગૂંચવણો પણ થશે, પણ જ્ઞાન એ દીવો છે અને દીવાનો પ્રકાશ વધતાં નીતિના ફેલાવામાં એનું નિઃસંદેહ પરિણામ આવશે.

## નવીન પ્રશ્નોની મુંઝવણ

તુલનાત્મક પ્રશ્નોની ગૂંચવણ નવયુગમાં ઘણી થશે એમ જે અત્ર જણાવ્યું તે જરા સ્પષ્ટ કરવાની જરૂર છે. મનુષ્યના જીવનમાં 'આ કરું કે તે કરું' એવી પ્રમાણિક ગૂંચવણ ઘણી થાય છે. દાખલા તરીકે શ્રી ભારતચક્રવર્તીને એક બાજુથી સમાચાર આવ્યા કે શ્રી આદિનાથ ભગવાનને કૈવલ્ય જ્ઞાન થયું છે અને નગર બહાર તેમનું આગમન થયું છે અને બીજી બાજુથી તે જ વખતે સમાચાર આવ્યા કે આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે. આ બેમાંથી પ્રથમ પૂજન કોનું કરવું એ મોટો સવાલ ભરત-ચક્રવર્તીને ક્ષણભર થઈ ગયો. આવી ગૂંચવણ અનેક વખત

પ્રાણીને થાય છે અને તેનો નિકાલ કરવામાં એની આવડત, લબ્ધ લક્ષ્યતા અને સન્મુખવૃત્તિની કિંમત થાય છે. નવયુગમાં જીવન વધારે વધારે સંકીર્ણ થતું જવાનો પૂરતો સંભવ છે. જીવનકલહની આકરાશને લીધે, સંવ્યવહાર વધતો જતો હોવાને લીધે, આંતરરાષ્ટ્રીય પ્રશ્નો અનેક નવીન આકારમાં આવી પડવાના હોવાને કારણે અને નવા પ્રસંગો નવીન વિચારણાનાં સાધનો દોરતા હોવાને લઇને આવા નૂતન પ્રસંગો અનેક નવા સવાલો ઊભા કરશે. નવી નવી જાતના ઉદ્યોગો, નવા પ્રકારના કામધંધા, સરકારી નોકરીને અંગે જાહેર પ્રશ્નો, મ્યુનિસિપાલ પ્રશ્નો, ધારાસભાના પ્રશ્નોને અંગે અનેક સંકીર્ણ પ્રશ્નો ઊભા થશે. પણ એ સર્વનો નિકાલ કરી શકે એટલી શક્તિ પણ વિશિષ્ઠ નાયકોમાં આવી જશે. આવા પ્રશ્નોથી ગભરાવાનું કારણ નથી. જીવનમાં ગૂંચવણો આવે છે અને આવે તેનો નિકાલ થાય છે. માત્ર કાર્યવાહક બુદ્ધિ, વિચારશક્તિની ચોખવટ અને સાધ્યનું લક્ષ્ય હોય તો સુંદર પરિણામ જરૂર આવે છે.

## જીવનનું રહસ્ય અને નીતિ

વ્યવહારૂ ગુણો ખીલવવા—એમાં જીવનનું રહસ્ય છે. આ લેખ ઉપદેશ માટે લખાયલો ન હોઇ એ આખા વિષયના આદરણીયપણા સંબંધી લખવું અસ્થાને ગણાય, પણ એક વાત ખાસ લક્ષ્યમાં રાખવા જેવી છે કે આ જીવનનું ફળ મોટી સંપતિ એકઠી કરવામાં નથી, કે મોટી નામના મેળવવામાં નથી. ગુણપ્રાપ્તિમાં કેટલી પ્રગતિ થઈ એજ એનો હિસાબ છે અને એના સરવૈયાના આંકડાનો મેળ ત્યાં જ મળે છે. જેમ જીવન ઉચ્ચ, આદર્શ ઉચ્ચ, આદર્શે પહોંચવાની તાલાવેલી વિશેષ અને વર્તનમાં નૈસર્ગિક નિર્મળતા સુકોમળતા અને વિશાળતા પ્રાપ્ત થાય તેમ તેમાં ફળ બેસતું જાય છે.

જીવનના વિકાસક્રમની દિશા સમજવા માટે, એમાં નીતિના માર્ગોને કેટલો અવકાશ છે તેનો સ્પષ્ટ ખ્યાલ લેવા માટે શ્રી હરિભદ્રસૂરિનો યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ અથવા તેના અગત્યના વિભાગનું ગુજરાતી પદ્યભાષાંતર શ્રીમદ્યશોવિજયજી કૃત આઠ દૃષ્ટિની સઝાય જોવામાં આવશે તો નીતિના આખા વિભાગને ધર્મ શરીરના વિકાસમાં કયું સ્થાન છે તેનો ખ્યાલ આવશે. આ દૃષ્ટિ પૂર્વપુરુષોમાં હતી, વચ્ચેના કાળમાં જનતામાંથી બહુ ઓછી થઈ ગઈ તે નવયુગમાં બરાબર સમજાશે અને સમજાયા પછી તેનો અમલ થશે.

## પ્રકીર્ણ

નાના નાના સદ્‌ગુણોનો તો પાર નથી. એનાં નામો લખીએ તો પણ પૃષ્ટો ભરાય તેમ છે. ઉલ્લેખની જરૂર નથી. જરૂર એ છે કે આ પ્રાણી ચારિત્રશીલ થઈ સ્વાભાવિક રીતે જ તે માર્ગે ચાલે. એને ગમે તેવા વિષમ પ્રસંગોમાં પણ જૂઠું બોલવાનો ખ્યાલ પણ ન આવે, કોઈ પણ આક્ષેપ કરવા પહેલાં એને અંતરમાં ધ્રૂજારો થાય અને તે ત્યાં અટકી ન જતાં અંતે એને દુર્ગુણમાં પડતા અટકાવે અને સદ્‌ગુણોને પ્રતાપે તાત્કાલિક અગવડ કે નુકસાન થાય તે તે બહુ આનંદથી વહોરી લે — આવી નૈસર્ગિક ચારિત્રશીલ વૃત્તિ થઈ જાય તો આ જીવનનો મોટો પ્રશ્ન પતી જાય છે, ગૂંચવણનો નીકાલ થાય છે અને કોયડો ઉકલી જાય છે.

આવી સામાન્ય સૂચના સાથે આ અતિ મહત્વનો નૈતિક વિષય આટોપી લઈએ. બાકી તો ચાર કષાય ન કરવા કે બ્રહ્મચર્ય ઉપર વિશેષ ધ્યાન આપવું—એના સમર્થનમાં આવડું પુસ્તક લખાય તેમ છે. અન્યત્ર તેવો પ્રયાસ થયો છે અને થશે. અત્ર કહેવાનો મુદ્દો એ છે કે આવા પ્રશ્નોનો નિકાલ કરવા માટેનાં

સાધનો નવયુગને બહુ મોટા પ્રમાણમાં મળશે; પુસ્તકો, ચર્ચાઓ, ભાષણો અને વાતાવરણ એને અનુકૂળ થતું જશે, દેશમાં વ્યાપેલ નવીન જાગૃતિ એને સહાય કરશે, સેવાભાવના એને તેમાં મજબૂત રાખશે, રાષ્ટ્રીય ભાવના સાથે એ અનેક પ્રકારના ભોગ આપતાં શીખશે અને એ ભોગોના આંતરમાં એને વિચારણા અને જીવનક્રમ સાથે અનેક અનુસંધાનો પર તુલના કરવાની તકો મળશે. નવયુગ આ સર્વનો ઉપયોગ સારી રીતે કરશે. અત્ર આ અતિ વિશાળ રસિક વિષયને આટોપી લઈએ.

નવયુગે એક વાત ખાસ લક્ષમાં રાખવાની છે અને તે તેના જ્ઞાનના પ્રકાશથી તે જાણી શકશે. જૈનનો નીતિ માર્ગ (Ethics) બહુ દુર્ઘટ છે. એ જેટલો દુર્ઘટ છે તેટલો જ તે સંગત (logical) છે. એનું ચણતર અહિંસાના પાયા પર ચણાયેલું છે, એનું શરીર સંયમ પર બંધાયલું છે અને એનો ઝોક તપ – ત્યાગ પર છે. આ વાત આખો નીતિમાર્ગ વિચારતી વખતે લક્ષ્યમાં રાખવાની છે. જ્યાં સેવાભાવ દિવસાનુદિવસ વધવાનો છે, જ્યાં સાદું જીવન અને ઉચ્ચ વિચાર માત્ર આદર્શમાં ન રહેતાં વ્યવહારૂ થવાના છે, જ્યાં આખા જીવનનો મુદ્દો અન્યની સગવડ અને સુખના વિચાર પર બંધાવાનો છે તે નવયુગમાં આ વિષમ પણ આકર્ષક માર્ગ આદરણીય વ્યવહારૂ અને પ્રગતિશીલ બનવાનો. એમાં શંકા રાખવા જેવું નથી.

# પ્રકરણ ૨૭ મું

## પ્રકીર્ણ બાબતો

### પુરાતત્ત્વ

થોડી પ્રકીર્ણ વાતો નવયુગની જણાવી વિષયને પૂરો કરીએ. એક મહત્ત્વની બાબત **પુરાતન બાબતોની** શોધખોળની છે, જેને માટે પુરાતત્ત્વ શબ્દ વાપરવામાં આવ્યો છે. જૈનોને આ વિષય ખાસ મહત્ત્વનો છે કારણ કે તેને અનેક બાબતો પુરાણી દૃષ્ટિએ શોધવાની છે. અસંખ્ય જીવો પાણીના એક બિંદુમાં રહી શકે, વનસ્પતિમાં જીવન છે, આદિ કેટલીક વાત વિજ્ઞાનથી સાબિત થઇ છે, કેટલીક હજુ શોધવાની છે, ભૂગોળ સંબંધી ઘણું વિચારવા જેવું છે. એ ઉપરાંત પ્રાચીન સાહિત્ય, એનો ઇતિહાસ, અનેક ઠેકાણે પ્રાપ્ત થયેલા શિલાલેખો વગેરે અનેક બાબતો કરવા જેવી છે. આ બાબતમાં પ્રાચીનોએ ઘણી ઉપેક્ષા કરી છે. છતાં ઉપલબ્ધ સાધનોથી આ આખો વિષય ખૂબ જમાવવા જેવો છે. આ કાર્ય કરવા માટે અનેક સાધનોનો અને વ્યવસ્થિત બંધારણોનો ખપ પડશે. આ કાર્ય ખાસ મહત્ત્વનું છે એ તરફ નવયુગનું ધ્યાન ખેંચવાની ખાસ જરૂર નથી, પણ સૂચના કરવા

જેવી છે. નવયુગ આ કાર્ય પહેલી તકે ઉપાડી લેશે એમાં શંકા નથી. અત્યાર સુધી જૈનદર્શન માટે, જૈનો માટે, જૈનના ત્યાગ-માર્ગ માટે અને જૈનોની રહેણીકરણી માટે અનેક ગેરસમજુતો ચાલે છે તે દૂર કરવાની જરૂર છે. એ પદ્ધતિસર કામ તુરતમાં નવયુગ ઉપાડી લેશે એવી આશા રાખી શકાય.

## ભાષાંતરો

એટલું જ મહત્ત્વનું કાર્ય અનેક **ગ્રંથરત્નો**ના અંગ્રેજી ભાષામાં અને દેશી ભાષામાં **તરજુમા** થવાની આવશ્યકતા સ્વીકારવાનું અને તેનો અમલ કરવાનું છે. અસલ જૈન સાહિત્ય વિદ્વદ્ભોગ્ય થાય તેવા આકારમાં ઘણું ઓછું પ્રકટ થયું છે. કેટલાક મૂળ પ્રકટ કરવાના પ્રયત્નો થયા છે તેમાં ધોરણ વગરનું કામ થયું છે. એ આખું કાર્ય વિશાળ પાયા પર કરવાની જરૂર છે અંગ્રેજી ભાષામાં ભાષાંતરો કરવાનો હેતુ એ છે કે હિંદની અત્યારની પરિસ્થિતિમાં અંગ્રેજી ભાષા અનેકના ઉપયોગમાં આવી શકે તેવી સ્થિતિ છે, એમ થવું કે હોવું જોઈએ કે નહિ એ ચર્ચા કરવાનું આ સ્થાન નથી. જે વસ્તુસ્થિતિ છે તે સમજી સ્વીકારીને આ વાત અત્ર રજુ કરી છે. એ સંબંધમાં જર્મન ભાષામાં ઘણો પ્રયાસ થયો છે તેનો લાભ લેવાની પણ જરૂર છે. સાહિત્યનો જેમ બને તેમ વધારે વિસ્તાર થાય, સામાન્ય પ્રતિના વાચકથી માંડીને તત્ત્વગવેષણ કરનારને તેમાં રસ પડે તેવી સામગ્રી તૈયાર થાય એ કાર્ય નવયુગે મુદ્દામ રીતે ઉપાડી લેવાનું છે.

## સેવાભાવી આજીવન સભ્યો

કાર્યનાં ક્ષેત્રોનો નવયુગમાં પાર રહેશે નહિ. જૈન ધર્મને વિશ્વ ધર્મ કરવાના ઉદાર આશયથી નીકળેલ નવયુગ કંઈ સાધારણ પ્રયત્ને એ કામ સિદ્ધ કરી શકે નહિ. વ્યાપારની વૃદ્ધિ કરવી,

રાજદ્વારી બાબતોમાં આગળ પડતો ભાગ લેવો, રાષ્ટ્રીય હીલચાલને પોતાની બનાવવી, સાહિત્યનો વિકાસ ધોરણસર કરવો અને સખ્ત હરીફાઈના આંતરરાષ્ટ્રીય યુગમાં આગળ નીકળવું એ કાર્ય ઘણું આકરું છે. આકરું છે પણ અશક્ય નથી. પણ એને કરનારા જોઈએ. એને માટે સેવાભાવી સેવકો ઉભા કરવા પડશે. એને ખાતર જ આજીવન **સેવા કરનાર મધ્યમ કક્ષા** ઉપર આધાર રાખવો પડશે.

પણ સેવાભાવી માણસો તો જોઇશે જ. સાધુ નવયુગમાં થશે તે કાંઈ સર્વ કામને પહોંચી વળશે નહિ. આખું જીવન સેવા માટે આપે તેવા સેવાભાવી અનેક માણસોનો ખપ પડશે. સાધુજીવનની મુસાફરી, પૈસા રાખવાનો પ્રતિબંધ અને વખતસર જરૂર હોય ત્યાં પહોંચી જવાની પ્રતિકુળતા આદિ અનેક કારણોને લઈને સેવાભાવી મધ્યમકક્ષાનો વર્ગ ઉભો કરવાની ખાસ આવશ્યક્તા છે. એ વર્ગ ઉપર જ નવયુગની અનેક યોજનાઓનો આધાર રહેશે. છૂટાછવાયા કામ કરનારા તો વિવિધ ક્ષેત્રોમાં અનેક નીકળશે, પણ ધર્મસેવકોને ખાસ તૈયાર કરવા પડશે. અનેક કાર્યો છે, અનેક સાધનો છે અને વિધવિધ યોજનાઓ છે. એ સર્વને માટે સેવાભાવી મહાશયો ઉભા કરવાની પહેલી તકે આવશ્યક્તા છે. જીવન સેવા કરનારને માનવેતન એના ભરણપોષણ પૂરતું જરૂર આપવું, એને નિશ્ચિંત કરવા અને એમનાં કાર્યમાં પ્રેરણા થાય તેવું વાતાવરણ ઊભું કરવું. આ નવયુગની મુખ્ય આવશ્યક્તા રહેશે.

એ જરૂરિયાત પૂરી પાડવા એ બંધારણો કરશે. જૈન સેવકો કે 'સર્વન્ટસ ઓફ જૈન ઓર્ડર' નવયુગ તૈયાર કરશે અને તેને જુદી જુદી કાર્યદિશાઓ મુકરર કરી ગોઠવી આપશે. નવયુગ માટે આ અતિ મહત્ત્વનો વિષય રહેશે.

## સુસંપ

છેવટે એક બે અતિ મહત્ત્વની વાત કરી નાખવાની છે. જૈનોમાં અંદર અંદર **સુસંપ**–ઐક્ય તુરત કરવા પગલાં ભરવાની આવશ્યકતા છે. ઉપર જણાવ્યું છે તેમ ફીરકાઓમાં કે ગચ્છોમાં તત્ત્વનો તફાવત જરા પણ નથી, સર્વ પોતપોતાને માર્ગે મોક્ષ સાધે તેમાં વાંધો આવે તેમ નથી અને કોઈ હક્ક કે માલિકીના પ્રશ્નો ઊભા રહે તેમ હોય તો તેનો અંદર અંદરની સુલેહથી અથવા છેવટે લવાદીથી નિકાલ થઈ શકે તેવું છે. અત્યારનો સમગ જૈનો માટે અમૂલ્ય છે. આખી જનતા અહિંસા તરફ ઉતરતી જાય છે, દોરાતી જાય છે. અહિંસામાં દુનિયાની ગૂંચવણનો નિકાલ છે. જૈન તત્ત્વોમાં અસાધારણ ગૌરવ છે. એના એકે એક સિદ્ધાંતો ન્યાયની કોટિ પર રચાયલા છે. એણે મગજમાં ન ઉતરે તેવું કાંઈ સ્થાપન કરેલું નથી. એની સપ્તભંગી અને નયવાદ જગત સાંભળશે ત્યારે ત્યાં શિર ઝૂકાવશે. પણ એ સર્વ માટે અંદર અંદરના નિરર્થક ઝઘડા એક સપાટે બંધ કરવા જોઈએ. એ સંબંધમાં જેટલો બને તેટલો તાત્કાલિક પ્રયાસ કરવો જોઈએ અને બંધુભાવને સાર્વત્રિક કરવો જોઈએ. આ અતિ મહત્ત્વનું કાર્ય નવયુગ પહેલી તકે કરશે. ફીરકાના મતભેદો અને ગચ્છના તફાવતો ઉપર ધડ વાળશે. સર્વને ક્રિયાઅનુષ્ઠાનમાં પોતાની માન્યતા પ્રમાણે વર્તવાની છૂટ રહેશે. નાના તફાવતો જે પૂરા એક ટકા જેટલા પણ નથી અને જે વળી તત્ત્વની મૂળ બાબત સાથે સંબંધ ધરાવતા નથી તેના ઉપર ભાર મૂકવાને બદલે નવયુગ નવાણું ટકા મેળ ખાય છે તેવી બાબતને આગળ કરશે. આ સંબંધમાં સ્થાપિત હક્કવાળા પ્રાચીનો જરા ધમપછાડા કરશે, પણ એમની ભેદનીતિ નવયુગને પસંદ નહિ આવે. એ નીતિને નવયુગ આત્મઘાતી ગણશે અને તેનો ઉઘાડો અસ્વીકાર કરશે.

## પંચાયત ફંડ

નવયુગ સમસ્ત જૈનો માટે એક મોટા પાયા ઉપર પંચાયત ફંડ ગોઠવશે. ઉદારતાનો ઝરો એ ફંડમાં ઠાલવવા પ્રેરણા થશે. એ ફંડમાંથી અનેક નવયુગનાં મનોરાજ્યો પાર પડશે. એનાથી બાળ–અનાથનો બચાવ થશે, માત્ર ધનને કારણે ધર્મ છોડી જનારને ટેકો મળશે, પુરાતત્ત્વને, કેળવણીને, સાહિત્યવિકાસને માર્ગ મળશે અને જૈન સમાજ પર ખાસ સીધો લાભ કરનાર એ ફંડ થઈ પડશે. એ સાધારણ ખાતા જેવું ખાતું થશે. એ સ્થાનિક તેમજ કેંદ્રસ્થ એમ અનેક પ્રકારનું થશે. કેંદ્રસ્થ ફંડ ઘણી મોટી રકમનું થશે. એનો વહીવટ સેવાભાવી નિષ્પક્ષ આત્મયોગી સજ્જનોને હાથે ટ્રસ્ટના ધોરણ પર થશે અને તેનો હિસાબ જોવા માટે સર્વને ખુલ્લો રહેશે અને છપાવીને બહાર પાડવામાં આવશે. મંદિરોમાં નિષ્પ્રયોજન દ્રવ્યવૃદ્ધિ અટકી જશે અને સમસ્ત જૈન કોમની તાત્કાળિક જરૂરીઆતો પર દક્ષતાથી દીર્ઘ દૃષ્ટિથી ધ્યાન આપવામાં આવશે. નવયુગના અનેક પ્રશ્નોનો આધાર આ પંચાયત ફંડ પર હોઈ તેના સંબંધમાં નવયુગ તુરત ધ્યાન પહોંચાડશે. એના વહીવટમાં અને ઉપયોગમાં સર્વ જૈનોનો એક સરખો અધિકાર અને હક્ક રહેશે. એમાં ફીરકા કે ગચ્છનો કોઈ ભેદ સ્વીકારવામાં નહિ આવે. એનો લાભ નવા થનાર જૈનોને પણ આપવામાં આવશે.

## વ્યાપાર–ખેતી

વ્યાપારને અંગે ચાલતી સ્થિતિનો અભ્યાસ કરી વ્યાપારને નવો ઝોક આપવામાં આવશે. સમાજવાદ સમાનતા અને વિશ્વ-બંધુવાદના ચાલ્યા આવતા નવાજુના મતો ચબરાક નવયુગ ઓળખી લેશે, સમજી લેશે અને નવા સંયોગો પ્રમાણે પોતાની પદ્ધતિમાં

મોટો ફેરફાર કરી નાખશે. એને ઔદ્યોગિક નેતૃત્વ મળ્યું છે તે એ જાળવી રાખશે, પણ તેમ કરવામાં તેણે અત્યારની રીતિ અને પદ્ધતિમાં મોટો ફેરફાર કરવો પડશે અને તે એ કરશે. એ નવયુગને શોભે તેવા ફેરફાર તુરત કરશે. એ કારીગર વર્ગનાં રહેઠાણો મનુષ્યને રહેવા લાયક બનાવશે, એ અજ્ઞાન કારીગરને શિક્ષણ આપશે, એ એનાં બાળબચ્ચાંના ઉછેર અને શિક્ષણ માટે ગોઠવણ કરશે અને અત્યારે માનુષી તત્ત્વની જે ગેરહાજરી ત્યાં જણાય છે તે તે સુધારી લેશે. ઉત્પન્નમાં દોલતનો ભાગ છે, આવડતનો ભાગ છે, તેથી વધારે ભાગ મજૂરનો છે એ વાત સ્વીકારીને ચાલશે અને તેથી ઘણી અગવડો પતશે. છતાં સમયાનુકુળ થવાની તેનામાં શક્તિ છે તે બરાબર અમલમાં મૂકશે. સમય-ધર્મને માન આપ્યા વગર કોઈ યુગમાં કોઇ પ્રજાને ચાલ્યું નથી અને આખા જૈન ક્રિયા અને નીતિવિભાગની તો તે પર જ રચના થયેલી છે અને તેમાં ફેરફાર થયા છે. તેનો અનુયાયી જરૂર વખતે એ સત્ય કદી વીસરશે નહિ. વળી ઉત્પત્તિના બીજા અનેક માર્ગો તે ઉઘાડશે. મોટા પાયા ઉપર ખેતી, સ્વદેશી ઉદ્યોગો, નાની મોટી દરરોજની જરૂરની ચીજોની ઉત્પત્તિ અને વેચાણનું કામ એ ઉપાડી લેશે. આ સંબંધી કેટલીક વિચારણા પુસ્તકમાં થઇ ગઈ છે પણ અંતમાં એ તુરતમાં કરવાની બાબત તરીકે નવયુગ સમક્ષ રહેશે એ રજૂ કરવું પ્રાસંગિક ધારવામાં આવ્યું છે.

## સ્ત્રીશક્તિ–નવયુગમાં

નવયુગનું મહાબળ નવયુગની સ્ત્રીઓ રહેશે. એ પ્રચંડ શક્તિ જાગૃત થઈ ગઇ છે. એ શું શું કરશે એ કહેવાની જરૂર નથી, એ શું નહિ કરે એ જ પ્રાચીનોએ વિચારવાનું રહેશે. નવયુગની પ્રત્યેક પ્રગતિમાં સ્ત્રી અને પુરુષોનું સમાન સહસંચરણ થશે. આ બાબતમાં નવયુગ જરા પણ સ્ખલના નહિ કરે. એ સ્ત્રીઓને

સાથે જોડવામાં એના ઉપર કોઈ જાતની કૃપા કરે છે એવો ખ્યાલ પણ એને નહિ આવે. પણ સ્ત્રીઓ પોતાના શિક્ષણબળથી બહુ થોડા વખતમાં એ સ્થાને આવી જશે. એને મુક્ત કંઠે પૂરતા ઉત્સાહથી હાથ લંબાવી સ્વીકાર કરવાની નવયુગની ધારણાનો આ સમુચ્ચયકરણમાં માત્ર અંગુલીનિર્દેશ છે.

## સાધુઓનું સ્થાન

જે સાધુઓ સમયધર્મ સ્વીકારશે તે જૈન ધર્મના પ્રબળ સિદ્ધાંતને માર્ગ આપશે. જેઓ ધર્મનું રહસ્ય સમજ્યા વગર ધમપછાડામાં માનશે તેને સમાજ ઉવેખી મૂકશે. જેઓ જ્ઞાનરત, ઉપદેશપરાયણ અને જૈન ધર્મને વિશ્વધર્મ કરવાના કામમાં જોડાશે તેને પૂજનારા લાખો થશે. જે ખટપટમાં ન પડતાં એકાંતમાં આત્મધર્મ સાધશે તેને સમાજ ઓળખશે. નવયુગના આદર્શસાધુ સંખ્યામાં અલ્પ થશે પણ અસર ઉપજાવવામાં ગીતાર્થ થશે. સાધુના ચારિત્ર ઉપર જનતા વારી જશે, એના ભવ્ય ત્યાગને જનતા નમશે અને એના વિશાળ આત્માને દુનિયા વધાવી લેશે. તદ્દન પ્રાચીનો ઉપાશ્રયમાં બેસી માળા ફેરવશે. તેમના ત્યાગને લોકો નમશે પણ પ્રેરણા માટે જનતા અન્યત્ર આત્મશોધન કરશે. સાંસારિક ખટપટમાં પડનાર, પૈસા આપી પદવી મેળવનાર, પદવી માટે પડાપડી કે લડાલડી કરનાર, યેન કેન પ્રકારેણ પ્રસિદ્ધ થવાની લાલસાવાળા, આધિભૌતિક બાબતોથી જરા પણ ઉપર ન ગયેલા, દંભી, ઉપર ઉપરના વાચાળ પણ અંતરમાં વૈરાગ્યરંગ વગરનાને નવયુગ સાધુ તરીકે નહિ માને. સાધુઓને સાધુતાને માર્ગે રાખવા માટે મોટા મેળાવડા કરવા નહિ પડે, મહાસભા બોલાવવી નહિ પડે અને વારસો નક્કી કરવા કે પટ્ટધરના કાવાદાવામાં સાધુઓએ પડવું નહિ પડે. જનતા સમજદાર થતાં આવા પ્રશ્નોનો સ્વતઃ નિકાલ થઈ જશે,

## સામાન્ય વ્યાસપીઠ

નવયુગમાં સમસ્ત જૈનને માન્ય એવું એક પ્રભાવશાળી વ્યાસપીઠ (પ્લેટફૉર્મ) થશે. સમસ્ત જૈનો એક ઓવારે પાણી પીશે. આખી દુનિયાને જન્મમરણની ઉપાધિમાંથી મુક્ત કરાવવાના સાચા વ્રત લીધેલા સમાજસેવકો અને તપત્યાગની મૂર્તિ સરીખડાં મહા વ્રતધારીઓ એ વ્યાસપીઠનો સારો સાચો અને પદ્ધતિસરનો ઉપયોગ કરશે. એવી પરોપકારપરાયણ વિભૂતિઓ જનતાને ખૂબ લાભ આપશે, દુનિયાને પ્રવર્તમાન ત્રાસમાંથી છૂટવાના માર્ગો બતાવશે અને કલેશકંકાસ દૂર કરવાની આત્મશક્તિ બતાવશે. આવા સર્વસામાન્ય વ્યાસપીઠ પર શ્રાદ્ધો અને શ્રાવિકાઓ પોતાના સેવાભાવના મનોરથો સાધશે અને શ્રી વીરપરમાત્માના અહિંસા આદિ તત્ત્વોને વિસ્તારશે. આવાં વ્યાસપીઠો થતાં અંદર અંદરના ક્લેશોનો છેડો આવી જશે અને સામાજિક ઉન્નતિ સમાજની નજરે સમાજના હિત દ્વારા કેમ સાધવી તે પર પર્યાલોચન થશે અને કોઇ પણ બાબતનો નિર્ણય થતાં એનો વ્યવહારૂ અમલ કરવાની ગોઠવણ થશે. આવા સામાન્ય વ્યાસપીઠ પર શ્વેતાંબર દિગંબર—સર્વ જૈનો બંધુભાવે મળશે, સેંકડો વર્ષનાં અંતરો કાપી નાખશે અને એકનિષ્ઠાએ શ્રી વીરપરમાત્માના સેવકો છીએ એમ સમજી સહકારથી કાર્ય ઉપાડી જયજયકાર બોલાવશે. એમની આ ભાવી માર્ગગવેષણામાં સાચા સંતસાધુઓ અંતરથી આશીર્વાદ આપશે.

## જૈનોનું સંખ્યાબળ

નવયુગ ઘણાં વર્ષોથી જૈનોને વધારવાની વિસરાઈ ગયેલી વાત તાજી કરશે. આ સંબંધમાં એ ખૂબ સમજણપૂર્વક કામ લેશે. એ આગ્રહથી કોઈને જૈન ધર્મમાં લઈ આવવાનું કામ

નહિ કરે, એ સામાન્ય જનતાને જે જોઇએ છે તે પ્રકારનો ધર્મ અને ખાસ કરીને ન્યાયની કોટિને સર્વ પ્રકારે પહોંચી વળે તેવું જૈન દર્શન છે એ બતાવી શકશે. વચગાળેના સમયમાં જૈન થનારને પડેલી આપદા અથવા અગવડોને તે દૂર કરશે, તેના ઉપાયો સૂચવશે અને જનતાની કલ્પના અને તર્ક- શક્તિ પર અસર કરતાં જૈન ધર્મનાં તત્ત્વોને એ આગળ લઈ આવશે. એની નયનિક્ષેપ સપ્તભંગીની લક્ષણાઓથી અને સ્યાદ્વાદની વિશિષ્ટ શૈલીથી એ વિદ્વદ્વર્ગને ખેંચશે અને વીતરાગ ભાવ અને તપત્યાગના જીવંત નિયમોથી જનતાને આકર્ષશે. એ વિચારવાતાવરણમાં અહિંસાના સાધનથી એટલું પરિવર્તન કરી બતાવશે કે જનતા એ દર્શનને બહુ ખુશીથી વધાવી લેશે. મનુષ્ય સદાચાર અને યમથી વિકાસ પામીને નિરાબાધ સુખ પામી શકે છે, જીવ આદર્શ ભૂત ઈશ્વર—પરમાત્મા થઇ શકે છે અને એનો મોક્ષ સાધવો એ એના સ્વાધીનમાં છે, એને હસ્તગત છે અને એના પોતાના પ્રયાસથી સાધ્ય છે; વળી એ મુક્ત સ્થિતિમાં પણ એનું વ્યક્તિત્વ જરૂર રહે છે—આવું આકર્ષક નિર્વાણ જૈન દર્શન બતાવે છે અને તેને માટે એ દર્શન આબાલવૃદ્ધ વિદ્વાન અને સામાન્ય જનતાનું ધ્યાન ખેંચે તેમાં નવાઇ નથી. મનુષ્ય દેવ થઇ શકે, પરમાત્મા થઈ શકે એ હકીકત અન્યત્ર અપ્રાપ્ય છે. આ સંબંધમાં કામ કરનાર સેવાભાવી સેવકો અને સેવિકાઓ જોઈશે તે નવયુગ પૂરાં પાડશે.

નવયુગ જૈનની સંખ્યામાં બહુ મોટો વધારો કરી શકશે. જૈન એ કોમ નથી, બિરાદરી નથી, જ્ઞાતિ નથી, પણ વિચાર-વાતાવરણને ફેરવનાર આત્મસાક્ષાત્કાર કરાવનાર મહાન સત્ય છે એ વાત તે જગતની આગળ ધરશે અને લડાઈઓથી કંટાળેલી, આર્થિક પ્રશ્નોથી ગૂંચવાઈ ગયેલી, મતમતાંતરથી સપડાઈ ગયેલી

અને જીવનકલહથી ત્રાસી ગયેલી દુનિયાને એ ધીરજ આપશે, આશ્વાસન આપશે અને ગૂંચવણના કોયડા ઉકેલી આપશે. નવયુગ સંખ્યા જેટલું જ મહત્ત્વ ગુણસંદર્ભને આપશે એ પણ સાથે જ ધ્યાનમાં રહે.

## મહાસભા અને રાષ્ટ્રભાવના

અને મહાસભા એ સમસ્ત જૈન કોમનું મંત્રમંડળ અને પ્રેરક બળ બનશે. ત્યાં અનેક જાતના પ્રયત્નો કેંદ્રિત અને સુવ્યવસ્થિત થશે. ત્યાં જમાનાની ગૂંચવણોના નિકાલ થશે. જૈન બંધુભાવ ત્યાં જાગૃત દેખાશે, દાષ્ટાંતિક દેખાશે, વ્યવહારૂ આકારમાં દેખાશે. અનેક પ્રેરણાઓ અને સુધારાઓ એ સંસ્થા સક્રિય રૂપે સૂચવશે અને કરશે અને ખાસ કરીને રાષ્ટ્રભાવનાને વિરોધ ન આવે તે રીતે સમસ્ત જનતામાં બંધુભાવને ફેલાવશે, વિસ્તારશે અને જીવંત બનાવશે. નવયુગ રાષ્ટ્રભાવનામાં અગ્રેસર ભાગ લેશે તેનું કારણ પણ ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે. અહિંસાને રાજદ્વારી વલણ આપનાર જે મહાન તત્ત્વ રાષ્ટ્રે વિકસ્વર કર્યું છે તે મૌલિક હોઈ જૈનના ઘરનું છે. યુગો પછી રાજ્યકારણમાં અહિંસા ઉતરે એ વાત અભિનવ હોઇ જૈનહૃદયને મલકાવે તેવી છે. એના વધારે વર્ણનમાં અત્ર નહિ ઉતરતાં એક વાત ખાસ સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે અને તે નવયુગના કેંદ્ર તથા સાધ્ય તરીકે રહેનાર હોઈ ખાસ નિદર્શનને પાત્ર છે અને તે એ છે કે રાષ્ટ્રના પદ્ધતિસરના આશયોને ધર્મ સાથે વિરોધ નથી, વિરોધ હોઈ શકે નહિ. આ સર્વ કારણે જેઓને ધર્મ ઉન્નતિમાં રસ હશે તે પણ રાજકારણમાં રાષ્ટ્રીય પક્ષે રહી દેશને મજબૂત કરશે. નવયુગ નવા રાષ્ટ્રવાદમાં તદ્દન અહિંસક રહી ખૂબ મ્હાલશે અને શાંત ધર્મ શું કરે છે તેના અનેક દાખલાઓ પૂરા પાડશે. આ સર્વ વિચારધારા મહાસભામાંથી સંપૂર્ણ ચર્ચાને પરિણામે રૂપ લેશે.

## સેવાસંઘો

મહાસભાએ મુકરર કરેલા પ્રગતિના ધોરણને અંગે ઠામ ઠામ સેવાસંઘો અને સેવિકાસંઘો નીકળી આવશે. તે અનેક પ્રવૃત્તિઓમાં સેવાભાવે પોતાની આવડત અને શક્તિનો ફાળો આપશે. જનતાની જરૂરિયાતો અનેક હોઈ જેને જે જાતનું કાર્ય ફાવશે તે ઉપાડી લેશે. એમાં મુદ્દાની વાત બે થશે: એક તો આવાં મંડળો અથવા સમિતિનું કાર્ય ધોરણસર અને વ્યવસ્થાસર ચાલશે અને બીજું સ્ત્રીવર્ગ જે અત્યાર સુધી ઘરમાં રહેલ હતો તે પૂર બહારમાં બહાર આવશે અને પુરુષો સાથે સેવાકાર્યમાં હરિફાઈ કરશે અને કોઈ કોઈ બાબતોમાં પુરુષોથી પણ આગળ વધી જશે.

## બ્રહ્મચારિણી-કુમારિકાઓ

નવયુગમાં સ્ત્રીવર્ગ બહુ આગળ પડતો ભાગ લેશે તેની સાથે કુંવારા રહેવાનો ભાવ વધશે. અનેક સ્ત્રીઓ આજન્મ બ્રહ્મચારિણી બનશે. આવી સ્ત્રીઓ સર્વ સાધ્વીઓ નહિ થાય, પણ સેવિકાઓ બનશે. સાધ્વીધર્મ આકરો છે, વિષમ છે અને એની ભાવના જરા પણ નરમ પાડવા જેવી નથી—આ સત્ય નવયુગ સ્વીકારશે. પણ નવયુગના ધોરણે સાધુ સાધ્વીધર્મમાં કેટલીક અડચણો લાગશે. નવયુગના આરોગ્યના ખ્યાલ પ્રમાણે દરરોજ સ્નાન કરવાની બાબત, દાતણ કરવાની બાબત અને સ્વચ્છ કપડાં રાખવાની બાબત વધારે અગત્યની લાગતાં જેઓ વિશિષ્ટ માર્ગ નહિ સ્વીકારી શકે તેને માટે આ મધ્યમકક્ષા કાઢશે. પુરુષને ગૃહસ્થગુરુ અથવા મધ્યમકક્ષા કહેવામાં આવશે અને સ્ત્રીઓને દેવી, કુમારી અથવા **સેવિકા** કહેવામાં આવશે. આ સેવિકાવર્ગને રેલવેમોટરમાં મુસાફરી કરવામાં વાંધો નહિ આવે, આદેશ ઉપદેશની છૂટ રહેશે અને ઘણી રીતે સાધ્વી જેવું જીવન ગાળવા

છતાં મધ્યમ માર્ગે રહી શકશે. પરિણિત સ્ત્રીઓ પણ સેવિકા થઈ શકશે. સમસ્ત મધ્યમકક્ષાનું ચારિત્ર જરાપણ શંકા વગરનું અને આદર્શમય થશે અને તે બાબત પર ખાસ ભાર મૂકવામાં આવશે.

નવયુગનું આખું વલણ ક્રિયા કરતાં ચારિત્ર ઉપર વધારે રહેશે. મનુષ્યની કિંમત બાહ્ય દેખાવ કરતાં આંતરરાજ્ય પર થશે અને જરા પણ પિત્તળ જણાનારનું નવયુગમાં સ્થાન ઉતરી જશે અને ખાસ કરીને સેવક સેવિકા કે એવા સ્થાનનો દરજ્જો ધરાવનારનું વર્તન ટીકાપાત્ર પણ ન જ રહેવું જોઈએ, શંકાવાળું પણ ન હોવું ઘટે એ બાબત પર ખાસ લક્ષ્ય આપવામાં આવશે. સમાજના સેવક હોવાનો દાવો કરનાર કે દરજ્જો ધરાવનારને તોળવાનું ધોરણ પણ ઊંચું જ રહેશે. એ સામાન્ય કાટલાથી નહિ તોળાય.

## પુસ્તકનો હેતુ

આખા સમાજને લાગુ પડે તેવા વિષયોનો પાર નથી. નાની વિગતોમાં ઉતરીએ તો વિષય મર્યાદા બ્હારનો થઈ જાય. આ લેખને સંપૂર્ણ બનાવવાની અભિલાષા ઇષ્ટ ગણાય, પણ શક્ય નથી. અહીં નવયુગના વિચાર અને ક્રિયાના પ્રેરક મુદ્દાઓ બનતા સુધી સર્વાંગે રજુ કરવાનો આશય હતો તે જો બની શક્યું હોય તો જે મુદ્દા આ લેખમાં ચર્ચવા રહી ગયા છે એમ માલૂમ પડે તે ઉપરના ધોરણે ગોઠવવા. એ કાર્ય નવયુગની સંસ્થાઓએ કરવાનું છે. એક કેળવણીનો વિષય લઈએ અને બાળશિક્ષણ, મોન્ટીસોરીપદ્ધતિ, શિક્ષણ રચનાનાં ધોરણ, માધ્યમિક શિક્ષણ, પારિભાષિક શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, ઉચ્ચશિક્ષણ, વિદ્યાર્થીગૃહો, શિક્ષક તૈયાર કરવાના પ્રબંધો, ગ્રામ શિક્ષણસંસ્થાઓ આદિ

અનેક વિષયો પર ઉલ્લેખ કરવાનું થાય. તેવીજ બાબત પ્રત્યેક વિષયમાં આવે. આ સર્વ અત્ર રજુ કરવી અશક્ય છે અથવા બીનજરૂરી છે. પણ કેળવણીને અંગે પ્રેરક તત્ત્વો કયા નીવડશે એ નવયુગની નજરે અત્ર રજુ કરવા પ્રયાસ કર્યો છે. આ મુદ્દા પરજ આખો ઉલ્લેખ રજુ થયો છે તે ધ્યાનમાં રહે. થોડીક પ્રેરક વાતો રજુ કરી હવે સર્વ મંગલ માંગલ્યં કરીએ.

### યુગપ્રધાન

નવયુગને ભરોંસો છે કે થોડા સમયમાં એક પ્રબળ **યુગપ્રધાન** પુરુષ જૈન મહામંદિરમાં પ્રકટ થશે. એ નવીન કાળના વિજ્ઞાન અને સંસ્કારથી પરિપૂર્ણ હશે. એની પૃથક્કરણ શક્તિ વિચારસરણી અને તર્કશક્તિ અદ્ભુત થશે. એનું વક્તૃત્વ છટાદાર અને પ્રેરક થશે. એ મહા દીર્ઘદૃષ્ટિવાળો, અત્યંત ત્યાગી, વ્યવહાર નિશ્ચયનો સમન્વય કરનાર અને આખા શાસનની ધુરાને વહન કરવા સમર્થ નરવૃષભ સાધુવૃષભ પુરુષ થશે. એ ધર્મનાં રહસ્યોને ઉકેલશે. એ દેશ કાળને સમજશે. એ આખી નવી સમાચારી રચશે. એ અત્યારના મહાન સાધુઓને માનભરી ગૌરવવાણીથી અને પોતાના તેજપ્રભા અને આત્મબળથી સર્વને બેસાડી દેશે. એ જ્યારે શાસ્ત્રના ઉંડા આશયોને ઉકેલશે ત્યારે જનતા એને નમશે, સાધુઓ એને મહાન પદ આપશે અને એ જૈન સમાજના સર્વ સડાઓ એ દૂર કરશે. એ સાધુઓના મતભેદ ટાળશે, ગચ્છાભેદોને એ ઉપાડી મૂકશે અને સમસ્ત જૈનને એક પરમાત્માના સેવક તરીકે એક સાથે કરશે. એ પૂર્વ અને પશ્ચિમનો સંયોગ સાધશે. એ મૂળ બાબતને બરાબર પકડી રાખશે. એ જ્ઞાન અને ક્રિયાને મહત્વ સરખું આપશે પણ જ્ઞાનને ઉચ્ચ સ્થાને મૂકશે અને સર્વની ઉપર ચારિત્રને એ સુવર્ણકળશ સ્થાને મૂકશે. અત્યારે લોકો બીજા તરફ જુએ છે, બીજાની ટીકા કરવા તૈયાર થઈ જાય છે તેને બદલે એ

સર્વને પોતાના પગ તરફ નીચે જોનાર બનાવશે, એ સર્વને અંદર જોનાર બનાવશે, એ આત્મનિરીક્ષણ કરતાં શીખવશે. એ જૈન કોમની ગયેલી સંપત્તિ ઘેર લાવશે, એ જૈન દર્શનનું યોગ્ય સ્થાન વિશ્વમાં પ્રાપ્ત કરાવવા યોગ્ય પ્રબંધ કરશે અને તપત્યાગની આદર્શ મૂર્તિ બનશે.

પ્રાચીન માન્યતા પ્રમાણેનો ભસ્મગ્રહ ઉતરી ગયો છે. એનો ઉત્તરકાળ પણ વિક્રમ સંવત ૨૦૩૦માં પૂરો થાય છે. એની આગાહી કરનારા મોરચા મંડાઈ ચૂક્યા છે. સંવત ૨૦૩૦માં થનાર ઉદયકાળનાં દ્વાર પર નવયુગ ઊભો રહેશે અને ત્યાં ઊભા રહી યુગપ્રધાનની પ્રેરણા દ્વારા અસાધ્ય લાગતું સાધશે, અકલ્પ્ય વ્યવહાર કરશે અને નવયુગનાં સ્વપ્નાંને સાચાં કરી બતાવશે. વીતરાગ ધર્મના વિજયનાં મંડાણ મંડાઇ ચૂક્યાં છે. માત્ર એને પ્રેરનાર પ્રતાપી પુરુષની રાહ જોવાય છે અને દરમ્યાન પરિવર્તનકાળ પોતાનો બાકીનો સમય પૂરો કરે છે.

ઉપરોક્ત યુગપ્રધાન મહાત્માને દેશકાળ ઇતિહાસ વિજ્ઞાન અને મહત્ત્વનાં સર્વ વિષયોનું જ્ઞાન હશે. એ અર્થશાસ્ત્ર અને રાજકારણ સમજશે. એ સમાજની જરૂરિયાત જાણશે. એની પાસે પ્રાચીનો હાથ જોડી ઊભા રહેશે. એના પ્રબળ તેજ પાસે સાધુ વર્ગ મૂક થઈ જશે. એના પ્રેરકબળથી સમાજ અસાધારણ ઝડપે અનેક દિશામાં પ્રગતિ સાધશે. જે બાબત સમજે નહિ તે બાબતનો ઉપદેશ કરવાની સાધુઓને એ મના કરશે. દંભી માની સાહસ તરીકે સમાજની શ્રદ્ધાનો ગેરલાભ લઇ બેઠેલા બજારૂ સાધુઓના એ વેશ લઈ લેશે. જૈનદર્શન એ બચ્ચાના ખેલ નથી કે રમત કરવાનાં રમકડાં નથી, એ અગાધ તત્ત્વજ્ઞાન છે અને એની પછવાડે જમાનાના યુગોના અહેવાલો છે—એને એ શાંતિથી વિકસાવશે અને બળવત્તરપણે વિસ્તારશે.

## પૂજા-પ્રાર્થના

છેવટે નવયુગને બહુ અગત્યની બાબતમાં પ્રેરણા સૂચના કરી વિરમીએ. તાત્કાળિક જરૂરિયાત સમસ્ત જૈન કોમને લાગુ પડે એવું પ્રાર્થના સત્ર—પૂજા વિશેષ તૈયાર કરવાની છે. નમસ્કાર-મંત્રથી એની શરૂઆત થાય. સમસ્ત જૈનો એ પૂજા પ્રાર્થના પ્રકાર ત્રિકાળ સાધ્ય કરે. એની જરૂરિયાત સુસંપ સાધવાને અંગે ખાસ પ્રાપ્ય છે. મતમતાંતર ભેદો ભૂલી જવા માટે સર્વસામાન્ય સર્વસંમત પ્રાર્થના તૈયાર કરવાની જરૂર છે. એ સર્વસંમત આગમ ગ્રંથ અનુસાર અને સર્વ સમજી શકે તેવી હિંદી ભાષામાં હોવાની સૂચના કર્ત્તવ્ય લાગે છે.

## સ્થાનકવાસીઓને

અમારા શ્વેતાંબર સ્થાનકવાસી બંધુઓને વિજ્ઞપ્તિ કરીને કહીશું કે સામાન્ય જનતા જેમાં મોટો ભાગ આવી રહે છે તે નિરાલંબન ધ્યાન નહિ કરી શકે. કોઇ જાતના આલંબનને અભાવે જનતા અન્ય ધર્મમાં ઢળી જવાનો ઘણો ભય છે તે ઇતિહાસ વિચારવાથી અને આજુબાજુની કોમોનો ઇતિહાસ જોવાથી માલૂમ પડશે. ઉત્કૃષ્ટ નિરાલંબન ધ્યાનની કક્ષા આ કાળમાં લગભગ અશક્ય છે અને મોટો ભાગ જો અન્ય દેવદેવીને માનતો થતો જતો હોય એમ તમારા નિરીક્ષણથી તમે જોઈ શક્યા હો અથવા શકો તો જરા આગળ આવો અને કાંઈ રસ્તો બાળ અને મધ્યમ અધિકારી માટે કાઢો.

## શ્વેતાંબર મૂર્તિપૂજકોને

અમારા શ્વેતાંબર મૂર્તિપૂજક બંધુઓને કહીશું કે તમારી ભક્તિમાં દેખાદેખીથી ઘણું વૈષ્ણવીય તત્ત્વ દાખલ થઇ ગયું છે.

તમારી વીતરાગ ભાવના સાથે તમારા ઘણા આડંબરો તાલભંગ કરનારા છે. પ્રભુભક્તિના જોમમાં તમે ઘણી જગ્યાએ વિવેક અહિંસા અને શાંતિ વીસરી ગયા છો. પ્રભુના શરીર પર મોટો શણગાર કરવો, હજારો ફૂલો ચઢાવવાં વગેરે અસલ ભાવનાથી દૂર ગયેલું તમને નથી લાગતું? તમે જરા પાછા હઠો. વીતરાગ ભાવનાને અનુરૂપ થાઓ.

## દિગંબરોને

અમારા દિગંબર બંધુઓને કહેશું કે બાળ જીવો લિંગ-બાહ્ય દેખાવ જુએ છે અને બાળજીવો ઓછામાં ઓછા ૯૫ ટકા હોય છે. તેઓને જે જોશે તે નહિ આપો તો એકલા વિદ્વાનોથી સમાજ ટકવાનો નથી, વીતરાગ શરીર પર આભૂષણોની વાત તમારી સ્વીકારાય તો થોડો બાહ્યોપચાર થાય તેમાં વાંધો કાઢશો નહિ.

## જૈન મહામંદિર ચણતરનાં સૂત્રો

આવી રીતે થોડી છૂટછાટ કરીને સર્વ એક બીજાની નજીક આવે તો **જૈન મહામંદિર** જામે. ગૃહશુદ્ધિ થયા વગર, ગૃહમાં કકળાટ દૂર થયા વગર, ઘરમાં એકસંપ થયા વગર, એકદિલ થયા વગર, પ્રગતિ થશે તો પણ નામની થશે. તમારે અહિંસાના સંદેશા ઘેર ઘેર મોકલવા છે અને વિશ્વભરમાં મોકલવા છે તે કરવા ઘરમાં શાંતિ અને સ્થિરતા પ્રથમ આવશ્યક છે.

બાકી ટૂંકામાં કહીએ તો પ્રત્યેક જૈન પુરુષ અને સ્ત્રીએ સેવક ભાવે બહાર આવવાની અત્યારે તક છે. દર્શન પ્રભાવનાનો આવો અવસર નહિ આવે. અત્યારે આખા હિંદમાં જૈન ધર્મ પ્રસરતો જાય છે. એનાં અંગો પકડી લેવાની ખાસ જરૂર છે. આ બાબત ખાસ મહત્ત્વની ગણશો.

સેવાભાવે સેવા કરજો, આત્મસાક્ષીએ સેવા કરજો, પરમાર્થ દૃષ્ટિએ સેવા કરજો.

દંભ પાખંડને સ્થાન કદી ન આપશો.

પોતાની કીર્તિને વીસરી જશો. આપણે અહીં કેટલું બેસી રહેવું છે અને મરી ગયા પછી નામનો શો મહિમા છે?

કર્તવ્ય બુદ્ધિએ આત્મવિકાસ માટે કામ કરવાની બલિહારી છે, એની મજા ઓર છે, એનું બળ અસાધારણ છે, એની અસર દીર્ઘ છે, એનાં પરિણામ લાંબા વખત ચાલે તેવાં હોય છે.

જે કોઈ સમાજસેવાનાં કાર્યો આદરો તેમાં સ્ત્રીવર્ગને બરાબર સાથે રાખજો. એના વગર એક પણ પ્રગતિ ચીરસ્થાયી નહિ થાય. સમાજશરીરને પક્ષઘાત થયેલો હોય તો આખું શરીર નકામું છે એ સૂત્ર ખાસ ધ્યાનમાં રાખજો. એમ કરવામાં સ્ત્રીઓ ઉપર મહેરબાની કરો છો એમ કદી ધારતા નહિ.

સર્વથી મહત્ત્વનો મુદ્દો કેળવણીનો છે, એનાં અનેક ક્ષેત્રો છે, એને ખીલવતાં બીજાં ક્ષેત્રો આપોઆપ દીપી જશે. આ ચાવીને ખૂબ લક્ષ્યમાં રાખશો.

કેળવણીથી માનસ ખીલે છે એ સાચી વાત છે એમ જરૂર માનજો. કેળવાયેલો વર્ગ કોઈ કોઈ વાર સ્વાર્થી થઈ જાય છે એવો આક્ષેપ છે તે કાઢી નાખજો. સાચી કેળવણી વગર આપણો ઉદ્ધાર નથી એ નિરંતર લક્ષ્યમાં રાખજો.

ઐહિક સંપત્તિ કરતાં આંતર સંપત્તિ પર સમાજ ટકે છે એ ખૂબ વિચારમાં—ધ્યાનમાં રાખજો. સદાચાર સદ્વર્તનનું સાધ્ય કદી ચૂકતા નહિ. કેળવણીનું પરિણામ સેવા અને ધર્મમાં જ આવવું ઘટે. મોટાં અમલનાં સ્થાનો કે સત્તાસ્થાનોની લાલચથી દૂર રહેજો.

જે સમાજની સાથે આપણું જીવન જોડાયલું છે, જેના એક એક સિદ્ધાંત ન્યાયની અંતિમ કોટિમાંથી આરપાર નીકળે તેવા છે અને જેનો ચરણકરણાનુયોગ સર્વ પ્રકારના અધિકારીને સ્થાન આપે અને વિકસાવે તેવો છે તેનો આપણા ઉપર, આપણી આવડત ઉપર ખાસ હક્ક છે તે કદી વીસરશો નહિ.

પત્રકારીત્વનો નવયુગમાં ખાસ ઉપયોગ છે. એ સેવાભાવે આત્મઅર્પણાની અપેક્ષાએ અને શુદ્ધ સમાજઉત્કર્ષને હિસાબે ખીલવજો, દીપાવજો, બહલાવજો.

પંચાયત ફંડ ઉપર તમારો મુખ્ય આધાર છે, સમાજ-સમુદ્રનો એ સેતુ છે એ ખાસ ધ્યાન પર લેજો.

સ્થાપિત હક્કો—પછી તે દુન્યવી હોય કે દેશમાં દુનિયાથી અતીત થવાનો દાવો કરનારના હોય તેનાથી જરા પણ ડરશો નહિ. નવયુગમાં સેવાને જ સ્થાન છે, ધર્મને જ સ્થાન છે, હક્કને ઊભા રહેવાનું ઠેકાણું નથી એમ ચોક્કસ માણજો અને તદ્દન નિર્ભય થજો. અંતરના અવાજને કદી છુપાવશો નહિ. અંતરમાંથી સાચો અવાજ આવે એવું જીવન કરી દેજો.

ભૂમિકાશુદ્ધિ માટે 'અભય અદ્વેષ અખેદ'—આ ત્રણ શબ્દો યોગીરાજ બતાવી ગયા છે, એ ત્રણે તમારે માટે સોનાનાં સૂત્રો છે. એ પર ખૂબ વિચાર કરશો તો તેમાંથી મહા ભવ્ય જીવન-માર્ગો સાંપડશે.

વગર સંકોચે આત્મપ્રગતિ અર્થે નિર્ભય થઈને તમને જે સેવામાર્ગ અનુકૂળ લાગે તેમાં લાગી જજો. અંતે વિજય કોનો તેને નિર્ણય માટે એક જ સૂત્ર છે—'યતો ધર્મ સ્તતો જય:'

## પ્રેરણા અને ભાવના

અત્યંત વિશાળ ધર્મ તમને સાંપડ્યો છે. એમાં મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવ છે, એમાં શમ સંવેદ નિર્વેદ

આસ્તિક્ય અને અનુકંપા છે, એમાં મનુષ્ય દેવ બની શકે છે, એમાં મનુષ્ય અજરામર બની શકે છે, એમાં મનુષ્ય નિરાબાધ સુખ નિરંતરને માટે મેળવી શકે છે—એમાં જાતિને વેશને ઢોંગને દંભને સ્થાન નથી, એમાં વિચારવંત વિવેકી ઉત્તરોત્તર પ્રગતિ કરી ગુણસ્થાને ક્રમે ક્રમે આરોહ કરતો જાય છે, એને યોગ્ય થવાનું આપણું સર્વનું કર્તવ્ય છે. કર્તવ્યાભિમુખ થવા પ્રેરણા કરી શ્રી મહાવીર પરમાત્માની જય ઉચ્ચારી એના શાસનનો જય ઇચ્છીએ અને છેવટે બહત્શાંતિના શબ્દોના ગાનપૂર્વક વિરમીએ.

शिवमस्तु सर्व जगतः परहीतनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

"સર્વ જગતનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણીઓ પરહિત કરવામાં રત થાઓ, દોષો નાશ પામી જાઓ અને સર્વ સ્થાનકે સર્વ લોકો સુખી થાઓ."

પ્રત્યેક જૈનની આ અંતરની ભાવના હોય.

## ક્ષમાયાચના

આખા પુસ્તકમાં કોઈને દુઃખ થાય તેવું લખાયું હોય તો અંતરથી ક્ષમાયાચના છે. આશય સ્પષ્ટ છે. એ આશયથી સર્વ આ આખા ઉલ્લેખને વિચારે એ જ અંતિમ પ્રાર્થના. યોગ્ય વિચારણા, રીતસરનું નેતૃત્વ, સમાજની સેવાભાવના અને વિશ્વના વર્તમાન વલણને લક્ષ્યમાં લેતાં ભવિષ્ય ઉજ્જવળ છે અને તેને પ્રાપ્ત કરવું તે સમાજના હાથમાં છે.

વિચારની પૂર્ણતાનો દાવો ન જ હોઈ શકે. માર્ગદર્શનનો આશય છે. નિર્ણયો છેવટના ન હોય તો વિચારને માટે થોડું ઘણું સાધન પૂરું પાડે તો પ્રયાસ તેટલા પૂરતો સફળ ગણાય.

પ્રેમભાવે, સ્નેહભાવે, મિત્રભાવે ઉચ્ચારેલ આ ભવિષ્યકથન સાર્થ થાઓ એટલા પ્રેમોદ્‌ગાર સાથે અત્ર વિરમીએ.

## દીવ્ય બગિચો

છેવટે એક સૂચના કરવી જરૂરી છે. નવયુગને એક ભલામણ કરવાની કે અબ્રાહમ લીંકને કહ્યું છે તેમ કાંટા કાઢીને ફૂલ વાવજો, ખાત્રીપૂર્વક ગણતરી કરીને ફૂલને વસાવજો અને કાંટા કાઢવા જતાં તમે તેમાં ફસાઈ જતા નહિ, અથવા કાંટાથી ખરડાઈ જતા નહિ એ ધ્યાનમાં રાખજો. કાંટા આકરા છે, ખસે તેવા નથી અને તમે ભૂલથાપમાં રહેશો તો તમને ચોંટીને વીંધી નાખશે. પણ નિર્ભય થઈને એક એકને ઉખેડીને ફેંકી દેશો તો સમાજ તેને માટે તૈયાર થઈ ગયો છે. પણ કાંટા કાઢવા જતાં આખા બગિચાને ઉખેડી નાખતા નહિ. બગિચો તો તમારે મન જીવસટોસટની વાત હોવી જોઈએ. આટલો નિર્ણય હોય તો માર્ગ સરળ ને સીધો છે, કાર્યક્ષેત્ર રાહ જોઈ રહેલ છે અને પરિણામ સુસ્પષ્ટ અને સુસાધ્ય છે.

## शिवास्ते पंथानः सन्तु

એટલા નિરોપ સાથે અત્ર સર્વમંગલમાંગલ્યંનો ઉચ્ચાર કરી શ્રીવીર પરમાત્માની જય બોલાવીએ.

ઇતિશમ્

# જૈન જ્યોતિ

( સાપ્તાહિક )

તંત્રી : ધીરજલાલ ટોકરશી શાહ.

વાર્ષિક લવાજમ ભેટના પોસ્ટેજ સાથે દેશમાં ૩-૧૫-૦

" " " " " પરદેશમાં ૫-૧૪-૦

—આ સાપ્તાહિક દર શુક્રવારની સાંજે અમદાવાદમાંથી પ્રગટ થાય છે.

—તેની લેખન સામગ્રી ઉચ્ચ કોટિની અને વિવિધતાથી ભરપૂર હોય છે.

—ઝડપી સમાચાર અને જૈન સમાજના સળગતા પ્રશ્નોની નિર્ભય મીમાંસા એ એની ખાસ વિશિષ્ટતા છે.

—તેમ છતાં બીજાં સાપ્તાહિક કરતાં લવાજમનો દર ઘણોજ ઓછો છે.

—દર વર્ષે એક સુંદર પુસ્તક ભેટ આપવામાં આવે છે.

—જો હજી સુધી આપ આ પત્રના ગ્રાહક ન બન્યા હો તો આ બધા લાભો ધ્યાનમાં લઇ આજેજ ગ્રાહક બની જાઓ.

## જ્યોતિ કાર્યાલય

શેઠની પોળ, રતનપોળ :: અમદાવાદ.